યુદ્ધ '૭૧

ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા

■ નગેન્દ્ર વિજય



VISIT…

LANZAROTE
Caliente.COM

અનુક્રમ

યુદ્ધ '૭૧

YUDDH-'71

By Nagendra Vijay

■

યુદ્ધ '૭૧

પ્રથમ આવૃત્તિ (સપ્ટેમ્બર, ૨૦૦૭)

બીજી આવૃત્તિ (એપ્રિલ, ૨૦૧૩)

ત્રીજી આવૃત્તિ (જુલાઇ, ૨૦૧૮)

■

લેખક :

નગેન્દ્ર વિજય

■

■

મુદ્રક અને પ્રકાશક :

હર્ષલ પબ્લિકેશન્સ

૪૦૧-૪૦૪, આર્યન ગ્લોરિયા

કમર્શિયલ કોમ્પ્લેક્સ, SBTCની

બાજુમાં, ગાલા જીમખાના લેન,

સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮

■

મુદ્રણસ્થાન :


ગુજરાત ઓફસેટ


'ઓફસેટ હાઉસ', સ્ટેશન રોડ,

વટવા, અમદાવાદ-૩૮૨૪૪૦

■

કિંમત : ₹૩૫૦/-





ઇતિહાસ કરવટ બદલે ત્યારે તેના નકશેકદમ પર ભૂગોળના નકશા પણ બદલાય એવું વારંવાર બનતું નથી. ભારતીય ઉપખંડમાં ૧૯૪૭ પછી બીજી વાર એવો પ્રસંગ લગભગ પચ્ચીસ વર્ષે ૧૯૭૧માં બન્યો, જ્યારે અખંડ ભારત સાથેનો છેડો ફાડી ચૂકેલા પાકિસ્તાનનાં બે ફાડિયાં પણ હંમેશ માટે છૂટાં પડ્યાં અને બાંગલા દેશ નામનું એક નવું રાષ્ટ્ર બન્યું.

ઇતિહાસે મૂળ તો ભારતીય જવાનોની શૂરવીરતાના પ્રતાપે લીધેલા એ શકવર્તી પલટાનો બનાવ આજે જૂની પેઢીને હજી કદાચ યાદ હોય, પરંતુ નવી પેઢી માટે તે યાદગાર બનવો રહ્યો. વિચારપ્રેરક બોધપાઠ પણ બનવો રહ્યો. પ્રસ્તુત છે પાકિસ્તાનને બે ભૌગોલિક ફાડિયાંમાં વહેંચી દેનાર ૧૯૭૧ના સંગ્રામનું વર્ષો લાંબા રિસર્ચને અંતે તૈયાર કરાયેલું સચિત્ર, રોમાંચક અને સિલસિલાબંધ ફ્લેશબેક.

આ યુદ્ધકથા વાચકો સમક્ષ રજૂ કરતી વખતે લેખક આપણા સંરક્ષણ મંત્રાલયનો તેના સહકાર બદલ આભાર માને છે. વિશેષ આભાર ૧૯૭૧ના યુદ્ધમાં ભાગ લેનાર એ ફૌજી અફસરોનો કે જેમણે યુદ્ધકથાને ખરેખર એક થ્રિલરકથાના સ્વરૂપે ગૂંથવા માટે કડીબદ્ધ માહિતી ઉપલબ્ધ કરી આપી.

--અને છેલ્લે યુદ્ધ '૭૧ની દાસ્તાન ભારતના એ ૫૪ વતનપરસ્ત છતાં વિસરાયેલા જવાનોને અર્પણ કે જેઓ (અથવા તો તેમાંના હયાત હોય તેઓ) આટલાં વર્ષ પછી આજે પણ સરહદની પેલી તરફ પાકિસ્તાનની ભૂગર્ભ જેલોમાં કેદ છે. જિંદા લાશ જેવા એ જવાનો અંગે ભારત સરકારો બિલકુલ લાચાર અને વધુ તો લાપરવાહ રહી, જ્યારે પથ્થરદિલ અને કિન્નાખોર પાકિસ્તાન તો તેમનું અસ્તિત્વ પણ કબૂલવા તૈયાર નથી.

આ યુદ્ધકથાના દરેક વાચક હિંદુસ્તાની વતી એક સલામ એ સૌ રાષ્ટ્રસપૂતોને નામ !


--નગેન્દ્ર વિજય

પત્રકારિત્વ દ્વારા રાષ્ટ્રવાદ અને દેશભક્તિનું

અભિયાન ચલાવવાના આદેશ તેમજ આશીર્વાદ

સાથે જેમણે પહેલી વખત મારા હાથમાં કલમ

મૂકી તે મારા સદ્‌ગત પિતાશ્રી



વિજયગુપ્ત મૌર્ય ને

ભારતમાતાના સપૂતોની આ ગાથા અર્પણ...

--નગેન્દ્ર વિજય



૧૯૬૫ : એક રુકા હુઆ ફૈસલા

પાકિસ્તાનને ૧૯૬૫ના યુદ્ધમાં મરણતોલ ફટકો મારી દેવાનો ચાન્સ લાલ બહાદુર શાસ્ત્રીએ ગુમાવ્યો, જેને લીધે ૧૯૭૧નું યુદ્ધ અનિવાર્ય બન્યું

વર્ષ ૧૯૭૧નું નહિ, પણ ૧૯૬૫નું હતું. એ વર્ષના 'જય જવાન, જય કિસાન' યુદ્ધનો જાયજો પહેલાં લેવો જોઈએ, કેમ કે પાકિસ્તાન નામના અમીબાનું બે ટુકડે વિભાજન કરનાર ૧૯૭૧ના વિગ્રહનું બીજ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના ટૂંકા શાસન વખતે ૧૯૬૫માં રોપાયું હતું. આ યુદ્ધ કોણ જીત્યું અને કોણ હાર્યું તે આજે પણ બન્ને દેશોમાં રાજકીય તથા લશ્કરી નિરીક્ષકો માટે ચર્ચાનો તથા ચકચારનો મુદ્દો છે. પૂર્વભૂમિકા સાથે વાત કરો તો--

ઈંગ્લેન્ડની સેન્ડહર્સ્ટ મિલિટરી કોલેજમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અખંડ ભારતના બે હોનહાર અફસરોએ સાથે લશ્કરી તાલીમ લીધી અને ત્યાંના એક જ ફૌજી રસોડે લગભગ રોજ સાથે જમ્યા ત્યારે જતે દહાડે બે અલગ દેશોના સેનાપતિઓ તરીકે ભાવિ યુદ્ધમાં તેમણે સામસામા ટકરાવાનું થાય એ વાતનો તેમને સ્વપ્નેય ખ્યાલ ન હતો. મહમ્મદ અયુબ ખાન તથા જે. એન. ચૌધરી નામના બે જીગરી દોસ્તો આશરે બે દાયકા પછી ૧૯૬૫માં ખેલાનારા નિર્ણાયક યુદ્ધમાં એકમેકના જાની દુશ્મનો બનવાના હતા.

ઊંચા હોદ્દાઓ પર બઢતી મેળવવામાં અયુબ ખાન જરા આગળ રહ્યા, કેમ કે ભાગલા પછી તેમણે નવા રચાયેલા પાકિસ્તાનના નવાસવા લશ્કરમાં જોડાવાનું પસંદ કર્યું. આલા કિસમના અફસરોની ત્યાં સ્વાભાવિક રીતે કમી હતી, માટે એક પછી એક સિનિઅર દરજ્જો પામવામાં અયુબ ખાનને પ્રમાણમાં ઓછો સમય લાગ્યો. પાકિસ્તાનની ત્રણેય લશ્કરી પાંખોના સર્વોચ્ચ સેનાપતિનું પદ તેમને

■ પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અયુબ ખાન (ડાબે) અને ભારતના જનરલ જે. એન. ચૌધરી







■ હિમાલયમાં ચીન સામેના યુદ્ધ વખતે પંડિત નેહરુની પંચશીલ નીતિ દેશ માટે વાસ્તવિક્તાનો હિમડંખ નીવડી

જાન્યુઆરી, ૧૯૫૧માં મળી ગયું, જ્યારે બીજી તરફ ભારતમાં જે. એન. ચૌધરીએ કાબિલે તારીફ એવાં બે લશ્કરી મિશનો બજાવ્યાં હોવાં છતાં ૧૯૬૨ સુધી તેમને માત્ર નાયબ ખુશ્કી સેનાપતિનો હોદ્દો મળી શક્યો હતો.

ચૌધરીનું એક પરાક્રમ ૧૯૪૭માં હૈદરાબાદના નિઝામને લશ્કરી પરચો દેખાડી સ્વતંત્ર ભારત સાથે એ રાજ્યને હંમેશ માટે જોડી દેવાનું હતું. આઝાદ ભારત સાથે હૈદરાબાદના વિલિનિકરણનો દસ્તાવેજ તેમણે જાતે નિઝામ પાસે ફલકનુમા પેલેસમાં લખાવ્યો હતો. એ પછી ૧૯૬૧માં તેમણે ભારતના છેલ્લા વિદેશી (પોર્તુગિઝ) શાસકોને હાંકી કાઢવા ગોવા પર સશસ્ત્ર હલ્લો બોલાવ્યો હતો. પંડિત નેહરુનું ગ્રીન સિગ્નલ મળ્યા પછી લેફ્ટનન્ટ-જનરલ ચૌધરીના સૈન્યએ ગોવાને એટલી ઝડપે સર કર્યું કે યુરોપમાં પોર્તુગાલ સરકારને યુદ્ધ માટે ત્યાં શસ્ત્રસરંજામ કે સૈનિકો મોકલવાનો પણ સમય મળ્યો નહિ. આ બેવડી તેમજ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પછીયે ચૌધરી ભારતીય ખુશ્કીદળના માત્ર સધર્ન કમાન્ડનું સેનાપતિપદ હાંસલ કરી શક્યા હતા.


દરમ્યાન પાકિસ્તાનમાં અયુબ ખાનના તકદીરે ઑક્ટોબર ૨૭, ૧૯૫૮ના રોજ તેમને એ દેશના સર્વોચ્ચ તખ્ત પર સ્થાપિત કરી દીધા. ઇસ્કંદર મિર્ઝા નામના વીસ દિવસના સુલતાનને લશ્કરી બળવામાં પદભ્રષ્ટ કરી જનરલ અયુબ ખાન પાકિસ્તાનના સરમુખત્યાર બન્યા. પાકિસ્તાનમાં વસ્યા હોય એ બધા મુસ્લિમો પાક યાને કે પવિત્ર અને બાકીના સૌ નાપાક એવી વિકૃત માન્યતાની બુનિયાદ પર મહમ્મદ અલી ઝીણાએ સ્થાપેલા નવા રાષ્ટ્રનો માહોલ રાજકીય કતલો અને કાવતરાં વડે કલુષિત હતો. ૧૯૫૧માં પ્રથમ વડા પ્રધાન લિયાકત અલીના ખૂન પછી આઠ સત્તાપલટા થયા હતા, માટે નવમા રાજકર્તા તરીકે અયુબ ખાન પણ કેટલું ટકે તે પ્રશ્ન હતો. આ સંજોગોમાં લાંબો સમય હકૂમત ચલાવવા માટે અયુબ ખાનને ભારત સામે કાશ્મીરના મુદ્દે લડત ચલાવવાનું જરૂરી લાગ્યું. વિનામૂલ્યે શસ્ત્રસરંજામ મેળવવા રશિયા વિરૂદ્ધ અમેરિકાની લશ્કરી છાવણીમાં તેઓ બેસી ગયા. આ નિર્ણય ગણતરીપૂર્વકનો હતો. અમેરિકા સાથે દોસ્તી કેળવવામાં અયુબ ખાનના સામટા બે હેતુ સચવાતા હતા. પહેલો એ કે અમેરિકાનો ટેકો હોય ત્યાં સુધી તેમની સરમુખત્યારીને મામૂલી આંચ પણ આવે તેમ ન હતી. અમેરિકાનું જાસૂસીતંત્ર પોતાના દોસ્ત સામેના રાજકીય ષડ્યંત્રોને કદી સફળ થવા ન દે. બીજો હેતુ પાકિસ્તાનને લશ્કરી રીતે મજબૂત બનાવવાનો હતો, કારણ કે ભારતને કાશ્મીરના મામલે ખરેખર દમ મારવો હોય તો પાકિસ્તાનનો અવાજ ખોખલી

ભાદરવાના ભીંડાઓ અને આયુષ્યમાન અયુબ ખાન

શાસકનું નામ	શાસનનો સમયગાળો
લિયાકત અલી ખાન	ઑગસ્ટ, ૧૯૪૭ થી ઑક્ટોબર, ૧૯૫૧
ખ્વાજા નઝીમુદ્દીન	ઑક્ટોબર, ૧૯૫૧ થી એપ્રિલ, ૧૯૫૩
મોહમ્મદ બોગરાં	એપ્રિલ, ૧૯૫૩ થી ઑગસ્ટ, ૧૯૫૫
મોહમ્મદ અલી	ઑગસ્ટ, ૧૯૫૫ થી સપ્ટેમ્બર, ૧૯૫૬
સુહરાવર્દી	સપ્ટેમ્બર, ૧૯૫૬ થી ઑક્ટોબર, ૧૯૫૭
ચુંદરીગર	ઑક્ટોબર, ૧૯૫૭ થી ડિસેમ્બર, ૧૯૫૭
ફિરોઝખાન નૂન	ડિસેમ્બર, ૧૯૫૭ થી ઑક્ટોબર, ૧૯૫૮
ઇસ્કંદર મિર્ઝા	ઑક્ટોબર, ૧૯૫૮
જનરલ અયુબ ખાન	ઑક્ટોબર, ૧૯૫૮ થી માર્ચ, ૧૯૬૯

કાગારોળને બદલે સિંહગર્જના જેવો બુલંદ હોવો જોઇએ. અખંડ ભારતનું વિભાજન કરી અંગ્રેજો વિદાય થયા ત્યારે ભારતનું સૈન્ય પણ વિભાજન પામ્યું. શસ્ત્રસરંજામનો બટવારો ૩:૧ના ધોરણે થયો હતો. નવી દિલ્હીની લશ્કરી તાકાત ૩ હોય તો રાવલપીંડીની (ઇસ્લામાબાદની) તેના કરતાં ત્રીજા ભાગની હતી. સંખ્યાબળની નહિ, પરંતુ બળાબળની દૃષ્ટિએ અયુબ ખાને જોતજોતામાં અમેરિકન શસ્ત્રો વડે એ સમીકરણને અવળું કરી નાખ્યું. શસ્ત્રોની સંખ્યા ભારતના પ્રમાણમાં ઓછી હોવા છતાં આપણાં જૂનવાણી હથિયારો સામે તે આધુનિક શસ્ત્રોની પ્રહારશક્તિ સરેરાશ ત્રણ ગણી વધુ હતી. બન્ને દેશોનાં ઘણાંખરાં લડાયક વિમાનો, યુદ્ધજહાજો, રણગાડીઓ અને તોપખાના વચ્ચે એકાદ પેઢી જેટલો તફાવત હતો.

કોઇ પણ સેનાપતિને એકાદ યુદ્ધ ખેલી લેવા માટે ચટપટી થાય એટલાં શસ્ત્રો અયુબ ખાન પાસે આવ્યાં પછીયે તેમના મનમાં કશોક ખંચકાટ હોય તો એ ૧૯૬૨માં ભારત પર ચીનના આક્રમણે દૂર કરી નાખ્યો. આ યુદ્ધે ભારતને સાવ માયકાંગલું પૂરવાર કરી બતાવ્યું. પંડિત નેહરુએ અપનાવેલી વિશ્વશાંતિની તથા પંચશીલની નીતિએ ભારતીય લશ્કરોને કેટલી



■ ઉત્તર સરહદે ચીને અચાનક શરૂ કરેલા યુદ્ધનો ખ્યાલ નેહરુને હુમલાની આખરી ઘડી સુધી ન હતો તેમ ચીને યુદ્ધ-વિરામ જાહેર કર્યો એ સમાચાર પણ તેમને છાપાં દ્વારા જાણવા મળ્યા હતા

હદે વિકલાંગ કરી મૂક્યા તેની હિમડંખ જેવી વાસ્તવિકતા હિમાલયના એ યુદ્ધે જોતજોતામાં ખુલ્લી પાડી દીધી. લદાખની તથા નેફાની સરહદ પર ભારત-ચીન વચ્ચે થયેલાં સંખ્યાબંધ છતાં સામાન્ય છમકલાંને બાદ કરો તો રીતસરનું સશસ્ત્ર યુદ્ધ માત્ર ૧૩ દિવસ ચાલ્યું. આમાં કેટલા ચીના સૈનિકો મરાયા તે કોને ખબર, પરંતુ ભારતના પક્ષે ૧,૪૨૩ જવાનો તથા અફસરો શહીદી પામ્યા. બીજા ૩,૦૭૮ ઘવાયા અને ૩,૫૮૭ જણા યુદ્ધકેદી તરીકે પકડાયા. આ સિવાય ૧,૬૫૫ જવાનો તેમજ અફસરો હંમેશ માટે લાપત્તા બન્યા; એટલે કે સંભવતઃ તેઓ પણ માર્યા ગયા. સ્પષ્ટ વાત છે કે આમ જ બને. નેહરુની શાંતિલક્ષી સરકારે આપણા અનેક જવાનોને તદ્દન જૂનવાણી .૩૦૩ રાયફલો આપી હતી, જે કદાચ પોલીસ કોન્સ્ટેબલના હાથમાં પણ શોભે નહિ. ચીનાઓ ઑટોમેટિક મશીનગનો વડે સજ્જ હતા. લડાઇમાં નેફાના તથા લદાખના પહાડી મોરચે સક્રિય ભાગ લેનાર ભારતીય લશ્કર કુલ ૨૪,૦૦૦નું હતું, માટે જાનહાનિ તથા જખમની રીતે જોતાં કુલ ખુવારીનો આંક ૪૦%ના શરમજનક લેવલનો હતો. બીજા વિશ્વયુદ્ધના કેટલાક ભીષણ સંગ્રામોમાં પણ આટલી ખુવારી જોવા મળી ન હતી ! સૌથી આઘાતજનક વાત એ કે ભારતનો ૩૭,૫૫૫ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ ચીને હંમેશ માટે આંચકી લીધો.

આઘાતના માર્યા નેહરુ શારીરિક તથા માનસિક રીતે ભાંગી પડ્યા. વાસ્તવમાં તેમણે માનભેર રાજીનામું મૂકી દેવાની જરૂર હતી. કોઇ બીજા દેશનો રાજકર્તા ભૌગોલિક અખંડિતતા જાળવવામાં આટલી હદે નિષ્ફળ ગયો હોત તો ઘડીના છઠ્ઠા ભાગમાં તેને રૂખસત મળી જાત, પરંતુ અહીં નેહરુને બદલે કેટલાક લશ્કરી સરદારો હકાલપટ્ટી પામ્યા. એ સરદારો કે જેમણે ટાંચાં સાધનો વડે લડીને ચીન સામે ભારતનો ડંકો વગાડી બતાવવાનો હતો. બલિના પ્રથમ બકરા તરીકે ઇસ્ટર્ન કમાન્ડના (પૂર્વ મોરચાના) ખુશ્કી સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ બી. એમ. કૌલનો ભોગ લેવાય એ લગભગ નક્કી વાત હતી. આમેય પંડિત નેહરુના પિતરાઇ હોવાના નાતે તેમને પાણીચું મળવું અનિવાર્ય હતું. આમ છતાં ઘણું કરીને એ જ નાતે બી. એમ. કૌલનો હોદ્દો બરકરાર રહ્યો. નામોશીની શૂળીએ ચડવામાં પહેલો વારો સમગ્ર ખુશ્કીદળના વડા સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ થાપરનો આવ્યો, કેમ કે જરીપૂરાણા શસ્ત્રો વડે ચીનને જડબાતોડ પ્રત્યુત્તર આપવામાં છેવટે તો તેઓ નાકામિયાબ રહ્યા હતા. નવેમ્બર ૨૯, ૧૯૬૨ના રોજ નેફાના સરહદી મોરચાની છેલ્લી મુલાકાત લીધા બાદ દિલ્હી ઍરપોર્ટ પાછા ફરેલા થાપર પરબારા વડા પ્રધાન નેહરુના નિવાસસ્થાને હંકારી ગયા અને હારેલા સેનાપતિ તરીકે રાજીનામું આપવા માટે તૈયારી દેખાડી. ચીની આક્રમણ પછી હંમેશાં ગમગીન રહેતા નેહરુ ઘણા વખતે પહેલી વાર સહેજ મલક્યા. સેનાપતિનો હાથ પકડીને તેઓ બોલ્યા : 'નિખાલસતા માટે આભારી છું, પરંતુ આમાં તમારો બિલકુલ દોષ નથી.'



■ ચીની આક્રમણ વખતે ભારતીય ખુશ્કીદળના વડા લેફ્ટનન્ટ-જનરલ પ્રેમ નાથ થાપર

નેહરુના હળવા મલકાટ પાછળ એક કારણ હતું. વૉશિંગ્ટન ખાતેના ભારતીય રાજદૂત બી. કે. નેહરુને તેમણે પ્રમુખ જ્હૉન કેનેડીના નામે લખાયેલો શસ્ત્રસહાયનો સાંકેતિક મેસેજ પાઠવ્યો હતો. આ સંદેશામાં તેમણે સામ્યવાદી ચીન સામે લડવા માટે અમેરિકન શસ્ત્રો માગ્યાં હતાં એટલું જ નહિ, પણ ભારતનાં વિમાનો તિબેટ ખાતે ચીનના પુરવઠા મથકો પર બોમ્બમારો કરે એ દરમ્યાન અમેરિકન વાયુસેના નેફામાં અને લદાખમાં હવાઇછત્ર રચે એવો પ્રસ્તાવ મૂક્યો હતો. વૉશિંગ્ટનમાં બી. કે. નેહરુ 'બિનજોડાણવાદી' વડા પ્રધાનના કોડેડ મેસેજનો અંગ્રેજી તરજુમો વાંચીને ચોંકી પડ્યા. આ વડા પ્રધાન એ જ કે જેમણે અમેરિકન મૂડીવાદને અછૂત ગણ્યો હતો અને રશિયાનું પીળું એવું બધું જેમને સોનું લાગ્યું હતું! અને હવે આફતનો રેલો પગ નીચે આવ્યા પછી શાંતિદૂત નેહરુ અમેરિકા સમક્ષ કેવા શિયાંવિયાં થતા હતા!

વૉશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસે સાંકેતિક મેસેજ રાત્રે નવ વાગ્યે ઉકેલ્યો. વ્હાઇટ હાઉસમાં પ્રમુખ જ્હૉન કેનેડી જમી-પરવારીને તેમના આવાસમાં જતા રહ્યા હતા, એટલે બી. કે. નેહરુએ તાકીદનો સંદેશો પ્રમુખના આસિસ્ટન્ટને વાંચી સંભળાવ્યો. ઉતાવળે મદદ રવાના કરવા પર ખાસ ભાર મૂક્યો ત્યારે અડતાલીસ કલાક થોભી જવાનું કહેનાર આસિસ્ટન્ટે રોકડું પરખાવ્યું : 'આટલી બધી જલ્દબાજી શેની કરો છો ? બે દિવસ પણ તમે લડી શકતા નથી ? (બ્રિટનના) ચર્ચિલ તો અમેરિકન શસ્ત્રો વગર બીજા વિશ્વયુદ્ધમાં બે વર્ષ સુધી ટકી રહ્યા હતા!'

અમેરિકન પ્રમુખનો આસિસ્ટન્ટ પણ જો આટલી હદે તડ ને ફડ કરી શકતો હોય તો ભારત પર અમેરિકન શસ્ત્રસહાયનાં સાવનભાદોં વરસે એ જરાય શક્ય ન હતું. અમેરિકન

પ્રમુખ જહૉન કેનેડીનો પણ છેવટે એ જ પ્રત્યુત્તર આવવો રહ્યો. બીજે દિવસે વડા પ્રધાન નેહરુએ લેફ્ટનન્ટ-જનરલ થાપરને ફરી વખત બોલાવ્યા અને કહ્યું : 'ગઈ કાલે તમે મૌખિક રીતે જણાવ્યું તે મને લેખિત શબ્દોમાં આપી દો !'

સેનાપતિ થાપર તરત ઘરે પહોંચ્યા અને પોતાની દીકરી પાસે રાજીનામાનો પત્ર ટાઈપ કરાવ્યો. બે કલાક પછી બલિના પ્રથમ બકરાનું માથું પંચશીલપ્રેમી વડા પ્રધાનનાં ચરણોમાં હતું. દરમ્યાન સંરક્ષણ મંત્રી કૃષ્ણ મેનન પણ રાજીનામું આપીને છૂટી પડ્યા.


ઊંચી પ્રતિભાના કહેવાતા પંડિત નેહરુનું મૂલ્યાંકન આપણે ભારતના નાગરિક તરીકે શી રીતે કરવું અને શો ચૂકાદો આપવો ? અગાઉ ૧૯૪૭માં તેમના શાસન દરમ્યાન પાકિસ્તાને કાશ્મીરનો ૭૮,૧૪૪ ચોરસ કિલોમીટર પ્રદેશ હડપ કરી લીધો હતો, જેના માટે કાશ્મીરના મહારાજા હરિસિંહ વધુ જવાબદાર હોય તો પણ એ પ્રદેશને મુક્ત કરાવવામાં નેહરુ નિષ્ફળ ગયા હતા. હવે ૧૯૬૨માં વળી તેમના અમનપ્રેમને લીધે ભારતનો ૩૭,૫૫૫ ચોરસ કિલોમીટર જેટલો બીજો પ્રદેશ ચીની દૈત્યનો કોળિયો બન્યો હતો. મોહનદાસ કરમચંદ નામના બેરિસ્ટર આઝાદી પહેલાં જેમ મહાત્મા બન્યા તેમ જવાહરલાલને કદાચ આઝાદી પછીના મસીહા બનવું હતું. એક વાત તેઓ ભૂલી ગયા કે આઝાદી પહેલાંનો અને પછીનો સમય જુદો હતો.



■ ચીનનું લાલ સૈન્ય નેફામાં પ્રવેશ્યું ત્યારે લેફ્ટનન્ટ-જનરલ બી. એમ. કૌલ શ્રીનગરમાં વેકેશન ગાળી રહ્યા હતા. દુશ્મનની ઘૂસપેઠ વિશે જાણ્યા છતાં રજા ટૂંકાવીને તેઓ ડ્યૂટી સંભાળી લેવા દિલ્હી પાછા આવી ન ગયા

હીણપત અને હતાશા વડે નાસીપાસ થયેલા નેહરુએ ખુશ્કીદળના નવા સેનાપતિને પસંદ કરવાનો વખત આવ્યો ત્યારે એ કામ તેમણે પોતાના કેબિનેટ સચિવ ખેરાના માથે નાખી દીધું. ભૂતકાળમાં સધર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ ચૌધરીએ બજાવેલી પ્રશંસનીય કામગીરી જોતાં ખેરાએ તેમને ખાસ પ્લેન દ્વારા તાબડતોબ દિલ્હી આવવાનું કહેણ મોકલ્યું. ચૌધરી તેમનો નવો ચાર્જ સંભાળવા તૈયાર હતા, પરંતુ પંડિત નેહરુ સમક્ષ તેમણે ખુમારીભેર ત્રણ શરતો મૂકી : (૧) ખુશ્કીદળનું સેનાપતિપદ મળવા સાથે તેમને જનરલનો હોદ્દો પણ મળવો જોઈએ. (૨) હવાઈદળને પણ યુદ્ધ વખતે ફરમાનો આપવાની તેમને સંપૂર્ણ છૂટ હોવી જોઈએ. (૩) ઈસ્ટર્ન કમાન્ડના સરદાર લેફ્ટનન્ટ-જનરલ બી. એમ. કૌલ પાસે નેહરુએ તત્કાળ રાજીનામું માગી લેવું અને લેફ્ટનન્ટ-જનરલ સામ બહાદુર માણેકશાને એ જ ઘડીએ ઈસ્ટર્ન કમાન્ડનો સંપૂર્ણ હવાલો સોંપી દેવો.

કેબિનેટ સચિવ ખેરાને ત્રણેય શરતો આકરી લાગી. નેહરુ તેમના માનીતા બી. એમ. કૌલને હાંકી કાઢવા તૈયાર ન હતા. હવાઈદળે ખુશ્કી સેનાપતિના હુકમોનો અમલ કરવાનો થાય એ ધારો પણ યોગ્ય ન હતો. અગાઉના બધા સેનાપતિઓ લેફ્ટનન્ટ-જનરલ હતા, એટલે ચૌધરીને કશા દેખીતા કારણ વગર જનરલના દરજ્જે બેસાડી દેવા એ પણ નવો ચીલો પાડવા બરાબર હતું. આ ત્રણ શરતો અંગે કેબિનેટ સચિવ ખેરાએ નેહરુને જાણ કરી હોય અથવા ન કરી હોય, છતાં સરવાળે નવેમ્બર ૨૦, ૧૯૬૨ના રોજ જે. એન. ચૌધરી જનરલ તરીકે ખુશ્કીદળના નવા વડા બન્યા. હોદ્દો સંભાળ્યાના પહેલે જ દિવસે સરહદી કમાન્ડરોને તેમણે સંદેશો પાઠવ્યો કે, 'મોકાની જગ્યાઓ પસંદ કરીને ત્યાં મજબૂત હરોળ રચી દો. સંજોગો ગમે



■ નેહરુએ કાશ્મીરમાં જે ભૂલ કરી તેનું લગભગ અક્ષરશઃ પુનરાવર્તન લાલ બહાદુર શાસ્ત્રીએ કચ્છના મોરચે કર્યું

તે હોય, પરંતુ આજ પછી તમને પીછેહઠ કરવાની છૂટ નથી.'

આ તરફ જનરલ ચૌધરીને તેમની બઢતીના પગલે એક લાંબો શુભેચ્છા સંદેશો મળ્યો, જે તેમના જૂના મિત્ર જનરલ અયુબ ખાનનો હતો. બેઉની દોસ્તી ૧૮૦°ના ખૂણે પલટી મારીને દુશ્મનીમાં ફેરવાય એ સમય હવે બહુ દૂર ન હતો. પંચશીલનો તાજમહાલ નર્યા પત્તાંના મહેલ તરીકે ધરાશયી બન્યા પછી રોજેરોજ ભાંગી રહેલી તબિયતના કારણે વડા પ્રધાન નેહરુ હંમેશ માટે અલવિદા થાય અને ભારતમાં નેતૃત્વનો મોટો શૂન્યાવકાશ સર્જાય એટલી જ વાર હતી.

ઈતિહાસના યોગ્ય ફોકસમાં નેહરુને મૂકો અને પછી બિલકુલ તટસ્થ રીતે તેમને મૂલવો તો તેમનો ફેવરેટ ઐતિહાસિક હીરો સમ્રાટ અશોક હોય એવું લાગે. નેહરુની જેમ અશોક પણ અમનનો ફરિશ્તો બનવા માગતો હતો. દુશ્મનોને પણ અહિંસાનો બોધ આપવા જતાં અશોકે પોતાના મૌર્ય સામ્રાજ્યના લશ્કરી પાસાનો અનાદર કર્યો. ઈતિહાસમાં સમ્રાટ અશોકનું નામ શાંતિદૂત તરીકે સોનેરી અક્ષરે શિલાલેખ પર કોતરાયું, તો બીજી તરફ શાંતિની એ જ નીતિ પ્રાચીન ભારતના સૌથી પ્રચંડ એવા મૌર્ય સામ્રાજ્યનું પતન લાવવામાં પણ નિમિત્ત બની. સમ્રાટ અશોક સાથેનું એ સામ્ય જો કે નેહરુ માટે ગર્વ લેવા જેવું ન હતું. નામોશીભર્યા પરાજયનો આઘાત તેઓ સહન પણ કરી શક્યા નહિ. તબિયત લથડતી રહી અને મે ૨૭, ૧૯૬૪ના રોજ તેઓ અવસાન પામ્યા. લાગલગાટ ૧૭ વર્ષ સુધી શાસન ભોગવ્યા બાદ સત્તાનો બહુ મોટો શૂન્યાવકાશ તેઓ મૂકતા ગયા, જેને યથાશક્તિ પૂરવાનું દાયિત્વ નીચી શારીરિક કાઠીના લાલ બહાદુર શાસ્ત્રીના માથે આવ્યું.

આ શૂન્યાવકાશ પૂરાય કે કેમ તે અંગે જનરલ અયુબ ખાનને સો ટકા શંકા હતી, એટલે તેમણે મક્કમપણે ધારી લીધું કે 'આઝાદ' કાશ્મીર પછી બાકીના કાશ્મીરને આંચકી લેવાનો મોકો હવે આવી પહોંચ્યો હતો. આમ છતાં પરબારું આંધળુંકિયું કરવાને બદલે એક બાહોશ ફોજી અફસર તરીકે સૌ પહેલાં ભારતનાં શસ્ત્રોનું તથા શાસ્ત્રીના મનોબળનું પારખું લેવા માટે તેમણે પ્રથમ કાંકરીચાળો સિન્ધ-ગુજરાત સરહદે કચ્છના રણમાં કર્યો. આ રણના ૨૩,૩૦૯ ચોરસ કિલોમીટર વિસ્તાર પૈકી ૯,૦૬૫ ચોરસ કિલોમીટરના પ્રદેશને તેમણે પાકિસ્તાનનો ગણાવ્યો. પાકિસ્તાને તો ખરેખર ૧૯૫૬માં અહીં છાડબેટ ખાતે પોતાની લશ્કરી ચોકી સ્થાપવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અયુબ ખાનના ફરમાન હેઠળ પાક લશ્કરે એપ્રિલ ૯, ૧૯૬૫ના રોજ એવું જ સાહસ ફરી વખત ખેડ્યું. સરદાર પોસ્ટ નામની ભારતીય ચોકી પર વહેલી સવારે પાક સૈનિકો ચડી આવ્યા. (ચોકીનું નામ સરદાર પટેલની યાદમાં નહિ, પરંતુ કેન્દ્રિય રિઝર્વ પોલીસની શીખ ટુકડી તેનું રક્ષણ કરતી હોવાને લીધે સરદાર પોસ્ટ રાખવામાં આવ્યું હતું.) પાકિસ્તાનની શસ્ત્રસજ્જ ફોજ સામે લડવાનું ભારતીય પોલીસદળનું ગજું ન હતું. સમ ખાવા પૂરતી ઝપાઝપીના અંતે પોસ્ટ કમાન્ડર સરદાર કર્નાલસિંહે પોતાની આખી પલટણ સહિત પાકિસ્તાનના બખ્તરિયા દળની શરણાગતિ સ્વીકારી લીધી.

રાષ્ટ્રની સુરક્ષાના મામલામાં પંડિત નેહરુ જો પોતાની ગાફેલિયત માટે કસૂરવાર હોય, તો લાલ બહાદુર શાસ્ત્રીને એ વિષયમાં કેટલા માર્ક્સ આપવા ? પ્રચલિત ખ્યાલ એ છે કે શાસ્ત્રી

લોખંડી પુરુષ હતા. નેહરુ કરતાં તદ્દન જુદી માટી વડે બન્યા હતા. પંડિતજીની ભૂલોને તેમણે પોતાના માટે બોધપાઠ ગણી દેશના સંરક્ષણને હંમેશા પ્રાધાન્ય આપ્યું હતું. પરંતુ આવા ખ્યાલમાં જો ખાસ્સું તથ્ય હોય તો એ કચ્છના મોરચે જોવા ન મળ્યું. લગભગ બે મહિના સુધી કચ્છમાં સામસામા દળો વચ્ચે લડત ચાલ્યા પછી એ વખતના બ્રિટિશ વડા પ્રધાન હેરોલ્ડ વિલ્સનના સૂચન અનુસાર શાસ્ત્રીએ તે મોરચે યુદ્ધવિરામ સ્વીકારી લીધો. જુલાઇ ૧, ૧૯૬૫ના દિવસે ગોળીબારો શમ્યા ત્યારે પાકિસ્તાની ભૂમિદળનું પલ્લું ભારે હતું. કોઇ ત્રીજો દેશ ભારત-પાક મામલામાં દરમિયાનગીરી કરે અને તેના દબાણ હેઠળ આપણે નમતું જોખવાનું થાય એ વાત પર ભારતમાં શાસ્ત્રીને માથે ટીકાની ઝડી વરસી, જ્યારે પાકિસ્તાનમાં અયુબ ખાનનો એ ભ્રમ વધુ પાકો થયો કે ભારતના નવા વડા પ્રધાન તેમના પૂરોગામી કરતાં બહુ જુદા ન હતા.

દેશને 'જય જવાન...'નું સદાબહાર એવું સૂત્ર આપનાર લાલ બહાદુર શાસ્ત્રી અંગે કશું ઘસાતું લખવું, બોલવું કે સાંભળવું ગમે કે ન ગમે, છતાં બીજી હકીકત એ પણ છે કે કચ્છનો દ્વિપક્ષી મામલો ત્યાર બાદ આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલને તેના ચુકાદા માટે સુપરત કરવામાં આવ્યો. વર્ષો પછી ટ્રિબ્યુનલના પક્ષપાતી સભ્યો કચ્છનો આશરે ૭૭૫ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ ઇસ્લામાબાદના નામે ટ્રાન્સફર કરતો ચુકાદો આપવાના હતા! કાશ્મીરની બાબતમાં નેહરુએ પણ આવા જ છબરડા વાળ્યા હતા. પાકિસ્તાનના રઝાકારો ૧૯૪૭માં પહેલી વખત કાશ્મીર પર ચડી આવ્યા તથા કાશ્મીરનો લગભગ ૧/૩ પ્રદેશ (કુલ ૨,૨૨,૨૩૬ પૈકી ૭૮,૧૪૪ ચોરસ કિલોમીટર પ્રદેશ) હડપ કરી લીધો એ પછી લશ્કરી તાકાતના જોરે એ પ્રદેશ ખાલી કરાવવાને બદલે નેહરુએ યુનોના દરવાજા ખખડાવ્યા. પરસ્પર બે દેશો વચ્ચેના કાશ્મીર પ્રશ્નને એ રીતે તેમણે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપી દીધું, જેના નતીજારૂપે કાશ્મીરમાં હંમેશ માટે બ્રિટન-અમેરિકા જેવા દેશોનો (અને ત્યાર બાદ રશિયાનો પણ) આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપ શરૂ થયો. નેહરુએ કાશ્મીરમાં જે ભૂલ કરી તેનું લગભગ અક્ષરશઃ પુનરાવર્તન શાસ્ત્રીએ કચ્છના મોરચે કર્યું.



■ અયુબ ખાનના માથે કાશ્મીરનું ભૂત સવાર થયા પછી ભારત-પાક યુદ્ધ ફાટી નીકળવું અનિવાર્ય હતું

હવે જનરલ અયુબ ખાન ઝાલ્યા રહે તેમ ન હતા. લશ્કરી બળાબળની અને રાજકીય મનોબળની કચ્છ સરહદે લેવાયેલી પ્રાયોગિક લિટમસ ટેસ્ટમાં ભારત તેમની દૃષ્ટિએ નાપાસ થયું હતું. આ જાતનો અભિપ્રાય બાંધી લેવામાં અયુબ ખાન જો કે ઐતિહાસિક ભૂલ કરી રહ્યા હતા, છતાં તેમની એ માન્યતામાં પાકિસ્તાનના સેનાપતિ જનરલ મહમ્મદ મુસાએ તથા વિદેશમંત્રી ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ પણ સૂર પૂરાવ્યો. પાકિસ્તાનના જાણીતા હિલ સ્ટેશન મુરે ખાતે લશ્કરી કેન્ટોન્મેન્ટમાં ત્રણેય જણા વચ્ચે મસલતો ચાલી. સિનિઅર અફસરોને પણ હાજર

રાખવામાં આવ્યા. કચ્છના મોરચે ભારતનો માયકાંગલો દેખાવ જોતાં હવે ભારત પર ખુલ્લું આક્રમણ કરવાના પ્રસ્તાવ અંગે મતભેદ પડવાનો સવાલ જ ન હતો. ૧૯૬૫ના જુલાઇનું એ છેલ્લું સપ્તાહ હતું. સશસ્ત્ર હુમલા માટે 'ઑપરેશન જિબ્રાલ્ટર' તથા 'ઑપરેશન ગ્રાન્ડ સ્લામ' નામના બે વ્યવસ્થિત અને વ્યૂહાત્મક પ્લાન ઘડી કાઢવામાં આવ્યા. 'ઑપરેશન જિબ્રાલ્ટર'ના નેજા હેઠળ પાકિસ્તાનના મેજર-જનરલ મલિક ૮,૦૦૦ ગેરિલા સૈનિકોને અદ્યતન શસ્ત્રો સાથે કાશ્મીર ખીણમાં દોરી જવાના હતા, જ્યારે એ પછી શરૂ થનાર 'ઑપરેશન ગ્રાન્ડ સ્લામ' મુજબ મેજર-જનરલ યાહ્યા ખાનના બખ્તરિયા દળે છામ્બ સરહદે ત્રાટકી આખા કાશ્મીરને બાકીના ભારત કરતાં અલગ પાડી દેવાનું હતું. સૌ પહેલાં અખનૂરને જીતી લેવાય અને પંજાબ દ્વારા કાશ્મીર તરફ જતી ભારતીય સપ્લાય લાઇનને કાપી નખાય તો કાશ્મીરમાં વિખૂટું પડી જનાર ભારતીય લશ્કર પુરવઠાના અભાવે ઝાઝો સમય લડી શકે નહિ.



■ પેટન તરીકે જાણીતી એમ-૪૮ રણગાડી

યોજના ટકોરાબંધ હતી. બન્ને દેશોના શસ્ત્ર-સરંજામ વચ્ચેનો દેખીતો તફાવત જોતાં યોજનાની સફળતા માટે જનરલ અયુબ ખાન સહિત તેમના બધા સલાહકારો આશાવાદી હોય એ પણ સ્વાભાવિક હતું. આ તફાવત વારાફરતી શસ્ત્રવાર તપાસો તો ભારતીય લશ્કર ૮ લાખનું અને પાક લશ્કર માત્ર ૨.૫૦ લાખનું હોવા છતાં ભૂમિયુદ્ધમાં મુખ્ય શસ્ત્ર ગણાતી ટેન્કો વચ્ચેની અસમાનતા ભારત માટે ખરેખર વિપરીત હતી. પાકિસ્તાનને અમેરિકાએ એમ-૪૭ તથા એમ-૪૮ પ્રકારની ૪૬૦ આધુનિક પેટન ટેન્કો આપીને ન્યાલ કરી દીધું હતું. આ દરેક રણગાડી નિશાન લેવા માટે સ્વયંસંચાલિત સિસ્ટમ વડે સજ્જ હતી. નિશાન પસંદ કર્યા બાદ કેટલાંક બટન દાબવા સિવાય તોપચી માથે બીજી કશી જફા નહિ. પેટનની ૯૦ મીલીમીટરના વ્યાસવાળી તોપનો ગોળો ૨,૦૦૦ મીટર છેટે ગમે તેટલી મજબૂત ભારતીય ટેન્કનું બખ્તર તોડી નાખે, જ્યારે ખુદ પેટનનું (એમ-૪૮નું) મજબૂત બખ્તર ૧૭૮ મીલીમીટર જાડું હતું. આ રણગાડીનું પેટ્રોલ એન્જિન તેને કલાકના ૫૦ કિ.મી.નો વેગ આપવા માટે ૮૨૦ હોર્સપાવર જેટલી શક્તિ પેદા કરતું હતું.



■ મૂળ બ્રિટિશ બનાવટની સેન્ચુરિઅન

આની સામે એ વખતે સારામાં સારી ગણાતી ભારતીય રણગાડી સેન્ચુરિઅનને લગતા આંકડા જુઓઃ મહત્તમ વેગ કલાકના માત્ર ૩૨ કિલોમીટર, હોર્સપાવર માંડ ૬૫૦ અને બખ્તરની જાડાઇ ૧૫૨ મીલીમીટર! પેટનના ૪૫ ટન વજન સામે સેન્ચુરિઅન ૫૦ ટનનું ભારેખમ માળખું ધરાવતી હતી. આ વજનને ધકેલવા માટે એન્જિન જ્યારે હળવી પેટન કરતાં પણ ઓછું શક્તિશાળી હોય ત્યારે સામસામી ગોલંદાજી વખતે સ્ફૂર્તિલા દાવપેચ ખેલવાનું પણ સહેજે મુશ્કેલ બને. સેન્ચુરિઅનનું એકમાત્ર જમા પાસું એ કે તેની ૧૦૫ મીલીમીટરના વ્યાસવાળી (અને ૯ કિલોગ્રામનો ગોળો ફેંકતી) તોપ પેટનની તુલનામાં જરા મોટી હતી.

અલબત્ત, સરવાળે તો પાક ખુશ્કીદળ પાસે ૪૬૦ ટેન્કો હોય અને યુદ્ધમાં તેમને વળતો જવાબ આપી શકતી ભારતીય સેન્ચુરિઅન ટેન્કોનો કાફલો માંડ ૨૦૦નો હોય ત્યારે બળાબળનું ત્રાજવું પાકિસ્તાનની તરફેણમાં નમેલું હોવાનું કબૂલવું જોઇએ. તાકાતની આખરી તુલનારૂપે એ પણ નોંધવું રહ્યું કે ભારત પાસે ટેન્ક રેજીમેન્ટ ફક્ત ૧૬ હતી, જ્યારે પાકિસ્તાનનું બખ્તરિયા દળ ૧૭ ટેન્ક રેજીમેન્ટોનું બનેલું હતું.



■ ૧૯૬૫માં યુદ્ધમોરચાના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ હરબક્ષસિંહ

આ વસમી અસમાનતા ભારતના બીજા દરેક શસ્ત્રને લાગુ પડતી હતી. પાકિસ્તાનની ૧૫૫ મીલીમીટરના વ્યાસની કાળમુખી તોપોનો વળતો જવાબ આપવા ભારત પાસે મોટામાં મોટી તોપ ૧૧૦ મીલીમીટરના વ્યાસની હતી. હવાઇદળોની તાકાત અંગે તુલના કરો તો આપણાં મંદવેગી નેટ, કેનબેરા તથા હન્ટર વિમાનો પાકિસ્તાનનાં સુપરસોનિક એવાં સ્ટારફાઇટર અને સેબર જેટ પાસે આકાશમાં તો ઠીક, જમીન પર મરિયલ દેખાય એ જાતનાં હતાં. પાકિસ્તાનની નૌકાતાકાત પણ એક વાતે ચડિયાતી લેખાય કે અમેરિકી નજરાણામાં બીજાં અનેક શસ્ત્રો ભેગી 'ગાઝી' નામની સબમરિન તેને મળી હતી.

૧૯૬૫ની શેષ યુદ્ધકથા હવે સંક્ષિપ્તમાં જુઓ : પાકિસ્તાને તેના ૮,૦૦૦ ગેરિલા સૈનિકોને ઑગસ્ટ ૫, ૧૯૬૫ના રોજ કાશ્મીરમાં ઘૂસાડ્યા પછી ત્યાંની સ્થાનિક પ્રજાનો તેમને સહકાર ન મળ્યો ત્યારે મેજર-જનરલ યાહ્યા ખાને છામ્બ મોરચે પોતાના બખ્તરિયા દળ સાથે ખુલ્લેઆમ યુદ્ધનો પ્રથમ હલ્લો બોલાવ્યો. લગભગ ૧૦૦ ભારે તોપો, ૮૦ રણગાડીઓ તથા બે શસ્ત્રસજ્જ બ્રિગેડો વડે એટલું જોરદાર આક્રમણ કર્યું કે તેને વેસ્ટર્ન કમાન્ડના મુખ્ય સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ હરબક્ષસિંહની ભારતીય ફોજ ખાળી શકી નહિ. (જનરલ જે. એન. ચૌધરી જેવો સર્વોચ્ચ ખુશ્કી સેનાપતિ તો નવી દિલ્હીમાં બેસીને યુદ્ધનું મોનિટરિંગ કરે, પણ ૩,૩૧૦ કિલોમીટર લાંબી સમગ્ર પશ્ચિમ સરહદે વેસ્ટર્ન કમાન્ડના સરદાર લેફ્ટનન્ટ-જનરલ હરબક્ષસિંહે યુદ્ધનો પ્રેક્ટિકલ કાર્યભાર સંભાળવાનો હતો.) છામ્બના મોરચે પહેલા જ આક્રમણમાં ભારતે શરમજનક રીતે પીછેહઠ કરવાની ફરજ પડી.

હવાઇદળને પોતાના અંકુશમાં રાખવા માગતા જનરલ ચૌધરી માટે ઍર-માર્શલ અર્જુનસિંહને મનોમન કેટલો આદરભાવ હોય એ તો કોને ખબર, પરંતુ જનરલ સામે ચાલીને મદદ ન માગે ત્યાં સુધી તેમના ખુશ્કીદળને રક્ષણાત્મક આકાશીછત્ર પૂરૂં ન પાડવું એવું કદાચ અર્જુનસિંહ નક્કી કરીને બેઠા હતા. છામ્બ સરહદે યાહ્યા ખાનનો અણચિંતવ્યો હુમલો વહેલી પરોઢે થયા બાદ મધ્યાહ્ન સુધીમાં તો જનરલ ચૌધરીના ખુશ્કીદળે એટલો માર ખાધો કે બપોર પછી તેઓ સંરક્ષણ મંત્રી યશવંતરાવ ચવાણને તાબડતોબ મળવા ગયા. તત્કાળ કુમક માટે વાયુસેનાને પોતાની વિનંતી પહોંચાડવાની સંરક્ષણ મંત્રીને તેમણે અરજ કરી. ચવાણની વિનંતીનો

ટેલિફોન દિલ્હીના ઍરફોર્સ હેડક્વાર્ટરમાં સાંજે ચાર વાગ્યે રણક્યા પછી જ સવા કલાકે પઠાણકોટના રન-વે પર દોડીને વામ્પાયર પ્રકારનાં વિમાનો છામ્બના આકાશ તરફ ઊડ્યાં. યુદ્ધ જેવા કટોકટીના સમયે પણ બે લશ્કરી પાંખો વચ્ચે આટલી વિસંવાદિતા એ બતાવે છે કે વિજયનો બધો યશ ખાટી જવા માગતા જનરલ ચૌધરી પર સંરક્ષણ મંત્રાલયનો કે વડા પ્રધાનના સચિવાલયનો પૂરેપૂરો અંકુશ ન હતો. છામ્બના ધબડકાનું રિઝલ્ટ એ આવ્યું કે ત્યાં રોકી ન રોકાતી પાકિસ્તાની આગેકૂચનું દબાણ હળવું કરવા માટે ભારતના ખુશ્કીદળે બીજા કપરા મોરચા ખોલવા પડ્યા, જેથી એ દરેક ફ્રન્ટ પર લડવા માટે પાક સેનાપતિએ છામ્બનું પણ કેટલુંક લશ્કર એ તરફ ફાળવ્યા વગર ન ચાલે.

આ દરેક નવો મોરચો ભારત માટે ખરેખર પ્રતિકૂળ હતો. લાહોરનું જ બહુ જાણીતું દૃષ્ટાંત લો. પાકિસ્તાને લાહોર અને ભારત-પાક સરહદ વચ્ચે આશરે ૮૦ કિલોમીટર લાંબી ઇછોગિલ નહેર બાંધી હતી. પહોળાઈમાં ૧૨૦ ફીટની તથા ઊંડાઈમાં ૧૫ ફીટની એ નહેરના પશ્ચિમ કાંઠે પાકિસ્તાની તોપખાના માટે સિમેન્ટ કોન્ક્રિટનાં મજબૂત બન્કર પણ બાંધવામાં આવ્યાં હતાં. નહેરને ઓળંગી લાહોર કબજે લેવાનો પ્રયત્ન કરવો તે ભારે ખુવારી નોતરવા બરાબર હતું, છતાં મેજર-જનરલ નિરંજન પ્રસાદને ૬ ટેન્ક રેજીમેન્ટો સાથે લાહોર તરફ આગળ વધવાનો હુકમ મળ્યો. આમેય લાલ બહાદુર શાસ્ત્રી ખુમારીભેર જનરલ ચૌધરીને કહી ચૂકેલા કે, 'પાકિસ્તાન જો શ્રીનગરને જીતી લે તો મને ગમે તે ભોગે તેમનું લાહોર જોઇએ !' વડા પ્રધાનના એ હુકમને ખુદ લેફ્ટનન્ટ-જનરલ હરબક્ષસિંહે ટૂંકી કાઠીના આદમીનો ઊંચી કાઠીનો હુકમ ગણાવ્યો હતો. (શારીરિક રીતે શાસ્ત્રીજી માંડ પાંચ ફીટના હતા.) આમ છતાં ભારતીય વાયુસેનાનું આકાશીછત્ર મેળવ્યા વગર ઇછોગિલ નહેરને ઓળંગી લાહોર પહોંચવું એ સાવ જુદી વાત હતી. નિરંજન પ્રસાદના લશ્કરે નહેરને તો ઓળંગી નાખી અને લાહોરની ભાગોળે આવેલી બાટા શુ ફેક્ટરી સુધી તે પહોંચ્યું, પરંતુ એ જ વખતે પાક વાયુસેના ત્રાટકી અને જોતજોતામાં નિરંજન પ્રસાદની ડિવિઝનના ૨૦,૦૦૦ વાહનોનો ખુરદો વાળી નાખ્યો ! કેટલીય ટેન્કોને ભંગારમાં પલટી નાખી, એટલે નિરંજન પ્રસાદે પોતાના બખ્તરિયા દળને લગભગ ૧૧ કિલોમીટર પીછેહઠ કરવાનું ફરમાન આપવું પડ્યું.





■ ૧૯૬૫ના બે શહીદ પરમવીરો : ક્વાર્ટર માસ્ટર ગ્રેનેડિઅર અબ્દુલ હમીદ (ડાબી તસવીર) અને લેફ્ટનન્ટ-કર્નલ એ. બી. તારાપોર

આ ધબડકાના સમાચાર લેફ્ટનન્ટ-જનરલ હરબક્ષસિંહને પોતાના હેડક્વાર્ટરમાં મળ્યા ત્યારે તેઓ લહેજતપૂર્વક સેન્ડવિચ ખાતા બેઠા હતા. લાહોર તેમને હાથવેંતમાં દેખાતું હતું. નિરંજન પ્રસાદનો સંદેશો મળ્યો કે તરત ક્રોધ વડે તેઓ રાતાપીળા થયા. કોઈ પણ સંજોગોમાં પીછેહઠ ન કરવાનો વળતો હુકમ તેમણે મોકલાવ્યો. આમ છતાં રણમોરચાના સંજોગો ભારે કપરા હતા. મેજર-જનરલ નિરંજન પ્રસાદ સહિત બધા ભારતીય જવાનો અમુક શસ્ત્રો અને કેટલોક સરંજામ પડતો મૂકીને પૂર્વ તરફ ભાગ્યા. સૌથી મોટું નુકશાન એ થયું કે મેજર-જનરલ


પ્રસાદની ટેન્કમાં રહેલા ગુપ્ત દસ્તાવેજો અને હુમલાના નકશા પાકિસ્તાનના હાથમાં અકબંધ ગયા. યુદ્ધનું મેદાન છોડી જવા બદલ પ્રસાદને હંમેશ માટે પાણીચું મળી ગયું.

ખેમકરણના નવા મોરચે એ જ રીતે મેજર-જનરલ ગુરુબક્ષસિંહે પેટન ટેન્કો સામે અત્યંત પ્રતિકુળ સંજોગોમાં લડવાનું થયું. નાઇટવિઝન કહેવાતી યાંત્રિક વ્યવસ્થાના પ્રતાપે દરેક પેટન ટેન્ક રાત્રે પણ લડી શકતી હતી, જ્યારે ભારતની સેન્ચુરિઅન તથા શેરમાન રણગાડીઓ ફક્ત 'દિવાચર' હતી. શસ્ત્રોની બાબતમાં ભારતની કમબખ્તીનો એક પુરાવો એ છે કે ક્વાર્ટર માસ્ટર અબ્દુલ હમીદ જેવા બહાદુરોએ પેટન ટેન્કોનો સામનો રણગાડી કે તોપને બદલે હેન્ડ ગ્રેનેડ વડે કરવો પડ્યો. પરમવીર અબ્દુલ હમીદે ખેમકરણ નજીકના યુદ્ધમાં ખપી જતાં પહેલાં ચાર પેટન ટેન્કોનો નાશ કર્યો. એ જ દિવસે તેના બીજા સાથીદારોએ વધુ પાંચ દુશ્મન પેટન ટેન્કોને ફૂંકી દીધી. વિગ્રહની તવારીખમાં અજોડ કહી શકાય તેવું હેન્ડ ગ્રેનેડ વિરૂદ્ધ રણગાડીનું એ યુદ્ધ 'બેટલ ઑફ અસલ ઉત્તર' તરીકે યાદગાર બન્યું. પાકિસ્તાનને ભારતનો એ અસલ ઉત્તર યાને કે સહી જવાબ હતો. આજે ખેમકરણ મોરચે અબ્દુલ હમીદના સ્મારક પર લખાણ કોતરેલું જોવા મળે છે :

'યુનાન, મિસર ઔર રોમ સબ મિટ ગયે જહાન સે;
કુછ ચીઝ હૈ જો બાકી રહા નામોનિશાં હમારા.'

(ગ્રીસ, ઇજિપ્ત તથા રોમનાં ભવ્ય સામ્રાજ્યો પણ નાશ પામ્યાં, છતાં અમારી યાદ સદાબહાર રહે એવું કશુંક અમે કરી બતાવ્યું.)


ક્વાર્ટર માસ્ટર અબ્દુલ હમીદની જેમ લેફ્ટનન્ટ-કર્નલ તારાપોર પણ ફિલોરા મોરચાના યુદ્ધમાં પરમવીરનો મરણોત્તર ખિતાબ પામ્યા. આ બહાદુરીને એક તરફ રાખો તો પણ એટલું કબૂલવું પડે કે જનરલ ચૌધરીએ પોતાનો લગભગ સંપૂર્ણ જુગાર ખુશ્કીદળના ભરોસે ખેલ્યો



૧૯૬૫ : યુદ્ધવિરામ વખતની સ્થિતિ

ભારતે મેળવેલો પ્રદેશ

પાકિસ્તાને મેળવેલો પ્રદેશ



હોવાને કારણે યુદ્ધ વધુ પડતું લંબાયું હતું. હવાઈદળે તો યુદ્ધમાં હજી ઘણેઅંશે ભાગ લીધો, પરંતુ નૌકાદળને એટલે સુધી કહી દેવામાં આવ્યું કે તેના યુદ્ધજહાજોએ પોરબંદરના અક્ષાંશની ઉત્તરે ભૂલેચૂકે જવું નહિ ! આ ફતવા અંગે બળાપો કાઢતા રિઅર-એડમિરલ સત્યેન્દ્રસિંહે ઘણાં વર્ષ પછી જણાવ્યું તેમ પાકિસ્તાનને નવાં શસ્ત્રો પહોંચાડતાં બે માલવાહક જહાજોને ૧૩મી સપ્ટેમ્બરે ભારતીય નૌકાકાફલાએ મધદરિયે આંતરી લીધા પછી તેમને ફૂંકી દેવા માટે તો જાણે આદેશ ન હતો, પરંતુ તેમને કરાંચી તરફ જતાં રોકવાની પણ છૂટ ન હતી. નૌકાકાફલો પોરબંદરના અક્ષાંશ સુધી તેમની સાથે હંકારતો રહ્યો અને છેવટે વિલા મોઢે તેમને વિદાય પણ આપી. નામોશીની તે પરાકાષ્ઠા હતી.

નામોશીની બીજી વાત એ કે ૭મી સપ્ટેમ્બરની રાત્રે પાક યુદ્ધજહાજો ગુજરાતના દ્વારકા પર કુલ ૫૦ તોપગોળા ફેંકી ગયા, છતાં ભારતીય નૌકાદળ સહેજ પણ સળવળ્યું નહિ. વાઈસ-એડમિરલ મિહિર રૉયે (સેવાનિવૃત્ત થયા બાદ) કરેલા ઘટસ્ફોટ અનુસાર સંરક્ષણ મંત્રાલયે ઘણું કરીને જનરલ ચૌધરીના દબાણ હેઠળ નૌકાદળને ફરમાન આપેલું કે યુદ્ધ દરમ્યાન તેણે નિષ્ક્રિય રહેવું. મિહિર રૉયે જણાવ્યું કે ભારતીય યુદ્ધજહાજોના નૌકાઅફસરો તથા નાવિકો વારંવાર 'કરાંચી ચલો'ના નારા લગાવતા હતા, પરંતુ જનરલ ચૌધરીના પાટલે બેસી ગયેલા નૌકાસેનાપતિ વાઈસ-એડમિરલ સોમણને કશું જોખમ ખેડવું ન હતું. કરાંચીની નાકાબંધી કરવાનું જોખમ તેમણે ખેડ્યું હોત તો શક્ય છે કે એકાદ-બે યુદ્ધજહાજોના નુકશાન સામે પાકિસ્તાનની જહાજી પુરવઠા લાઈન કાપી નાખવામાં સફળતા મળી જાત અને શસ્ત્રસપ્લાયની એ ધોરી નસ કપાયા પછી ભૂમિમોરચે પણ દુશ્મન સૈન્ય લાગલગાટ ૨૨ દિવસ સુધી ભારતને લડત આપી શકત નહિ. નોંધવા જેવું છે કે ઍર-માર્શલ અર્જુનસિંહે પશ્ચિમ સરહદે પાકિસ્તાની હરોળનું નાક દબાવવા માટે એ સમયના પૂર્વ પાકિસ્તાન પર આકાશી હુમલો કરવાનો આગ્રહભર્યો પ્રસ્તાવ મૂક્યો હતો. આ દબાણ પાકિસ્તાનને સરવાળે ભારે પડી જાત, છતાં ઍર-માર્શલનો એ પ્રસ્તાવ પણ નકારી કાઢવામાં આવ્યો.

૧૯૬૫ : ભારત-પાક સંગ્રામનું આખરી સરવૈયું

	પાકિસ્તાન	ભારત
રણગાડીઓની ખુવારી	૪૭૫	૮૦
વિમાનોની ખુવારી	૭૩	૨૮
સૈનિકોની ખુવારી	૩,૦૦૦	૨,૭૦૦
ગુમાવેલો ભૌગોલિક પ્રદેશ (ચો.કિ.મી.)	૧,૯૧૦	૫૪૦

છેલ્લે લાલ બહાદુર શાસ્ત્રીને ફરી પાછા ચર્ચાના ફોકસમાં લાવવા રહ્યા. ભારત સાથેના યુદ્ધના ૨૧ મા દિવસે પાકિસ્તાનના સેનાપતિ જનરલ મુસા ઝુલ્ફિકાર અલી ભુટ્ટોને ત્યાં ગયા અને ઠૂઠવો મૂક્યો કે, 'મારા સૈનિકો પાસે હવે લડવા માટે પથરા સિવાય કશું નથી !' ભારત સામે ૧,૦૦૦ વર્ષ સુધી લડવાનો ટંકાર કરી ચૂકેલા ભુટ્ટો માટે એ સમાચાર ચોંકાવનારા હતા. હકીકતમાં પાક દળોનો બધો દારૂગોળો ખૂટી ચૂક્યો હતો. વિમાનો હતાં, તોપો હતી, સાબૂત રણગાડીઓ પણ હજી અનેક હતી, છતાં દારૂગોળાના અભાવે યુદ્ધને આગળ ચલાવવું હવે અશક્ય હતું. વ્યૂહાત્મક રીતે જોતાં ભારત માટે વન્સ-ફોર-ઑલ ફેંસલા જેવું યુદ્ધ બરાબર એ જ દિવસે શરૂ થયું ગણાય, કેમ કે ભારતના શસ્ત્રભંડારો હજી દારૂગોળા વડે ભરચક હતા. પાકિસ્તાનને હંમેશ માટે ખો ભુલાવતો મરણતોલ ફટકો મારી લેવાનો એ સોનેરી મોકો હતો.

બારૂદના છલોછલ ભંડારનો એક નમૂનારૂપ દાખલો એ કે સંરક્ષણ મંત્રાલયે ઇન્ફન્ટ્રીના જવાનો માટે વધુ ૧ અબજ રાઉન્ડનો બંદોબસ્ત કરી રાખ્યો હતો, જ્યારે નૌકાદળના તો બધા તોપગોળા જેમના તેમ અકબંધ હતા. યુદ્ધમોરચાની તાસીર જોતાં પણ લાલ બહાદુર શાસ્ત્રીએ યુદ્ધવિરામ સ્વીકારવાની બિલકુલ જરૂર ન હતી. સામેના પાને કોઠામાં બતાવ્યા મુજબ બાવીસ દિવસના એકધારા વિગ્રહ દરમ્યાન પાકિસ્તાને ભારત કરતાં છ ગણી વધુ રણગાડીઓ ગુમાવી હતી, અઢી ગણા વધુ ફાઇટર વિમાનો ખોયાં હતાં, પાક સૈનિકોની ખુવારી પણ ભારત કરતાં વિશેષ હતી અને બાકી હોય તેમ ભારતે ગુમાવેલા ૫૪૦ ચોરસ કિલોમીટર પ્રદેશ સામે પાકિસ્તાનનો ૧,૯૧૦ ચોરસ કિલોમીટરનો પ્રદેશ ભારતના કબજામાં હતો. લડાઇ ચાલુ રાખવા માટે ભારતના પક્ષે બધા જ સંજોગો અનુકૂળ હતા, તો પણ સપ્ટેમ્બર ૧, ૧૯૬૫ના રોજ શરૂ થયેલા યુદ્ધનો સપ્ટેમ્બર ૨૩, ૧૯૬૫ના રોજ આંતરરાષ્ટ્રીય દમદાટી અને દબાણ હેઠળ લાલ બહાદુર શાસ્ત્રીએ યુદ્ધવિરામ સ્વીકારી લીધો.

કેવા પ્રકારના યુદ્ધનો વિરામ ? એ યુદ્ધ કે જેણે હજારો ભારતીય જવાનોનો ભોગ લીધા પછીયે ખાસ કશું સિદ્ધ કર્યું ન હતું ? લડાઇ હંમેશાં એવા જટિલ ફસાદનો આખરી ફેંસલો લાવવા માટે ખેલાય કે જેનો તોડ શાંતિભરી વાટાઘાટો દ્વારા લાવવાનું અશક્ય લાગતું હોય, પરંતુ ૧૯૬૫માં ભારતે પોતાના દુશ્મનને પાઠ શીખવવાના નામે લાગલગાટ ૨૨ દિવસ સુધી લોહિયાળ સંઘર્ષ ચલાવ્યો--અને તો પણ એ મુરાદ છેવટે મીરઝા ગાલિબના શેરની માફક અધૂરી રહી જવા પામી :

હજારો ખ્વાહિશેં ઐસી કી હર ખ્વાહિશ પે દમ નીકલે;
બહુત નીકલે મેરે અરમાન લેકિન ફીર ભી કમ નીકલે.■





પ્રકરણ : ૨

કાંડાં કાપી લેતા તાશ્કંદ કરાર

ઇંચે ઇંચ જમીન માટે ભારતના ૨,૭૦૦ શૂરવીર જવાનોએ રેડેલા ગરમ લોહી પર જ્યારે તાશ્કંદ કરારના સહી-સિક્કાની કાળી શાહી ફરી વળી !

પાકિસ્તાનને ૧૯૬૫ના યુદ્ધ વખતે છેવટનો મરણતોલ ફટકો મારવામાં લાલ બહાદુર શાસ્ત્રી નિષ્ફળ ગયા, તો યુદ્ધવિરામ પછી નબળાઇના પ્રદર્શનની આખરી પરાકાષ્ઠા એ વખતના રશિયન પ્રાન્ત ઉઝબેકિસ્તાનના પાટનગર તાશ્કંદમાં જોવા મળી. ઇતિહાસને સહેજ પણ તોડો કે મરોડો તો કલ્પના અને કઠોર સત્ય વચ્ચે ભેદ જેવું કશું જ રહે નહિ, માટે સદ્ગત લાલ બહાદુર શાસ્ત્રીજીના સરદાર પટેલબ્રાન્ડ કહેવાતા વ્યક્તિત્વને ઘડીભર કોરાણે રાખી માત્ર જે બન્યું તેનું વફાદારીભર્યું વર્ણન વાંચો:

યુદ્ધવિરામ નક્કી થયો અને સપ્ટેમ્બર ૨૩, ૧૯૬૫ના રોજ મધરાત પછી ૩:૩૦ કલાકે તોપો શાંત પડી તેના ચોથા દિવસે શાસ્ત્રીજી ફિરોઝપુરના મોરચે જવાનોને મળવા ગયા હતા. પાકિસ્તાનને ખોખરૂં કરવાનો અને હંમેશ માટે તેની ખો ભુલાવવાનો મોકો ન અપાયો તે વાત પર જવાનો નાખુશ હતા. આ બાબતમાં તેમણે પોતાનો બળાપો કાઢ્યો ત્યારે વડા પ્રધાને કબૂલ્યું કે ખાસ કરીને અમેરિકાનું દબાણ વધુ પડતું થવા લાગ્યું હતું. પાકિસ્તાનને મરણતોલ ફટકો વાગે તેમાં અમેરિકાનાં રાજકીય હિતો જોખમાતાં હતાં. આર્થિક મદદ તથા અનાજ માટે ભારત વૉશિંગ્ટન સરકારનું ઓશિયાળું હોવાને કારણે તેનો અનાદર કરી શકાય નહિ!

■ યુદ્ધવિરામ બાદ ભારતીય જવાનોને રૂબરૂ મળવા ગયેલા શાસ્ત્રીજી



આને ખુલાસો કહેવો કે 'જય જવાન, જય કિસાન'ના ગર્વપૂર્ણ નારા પરનો ગંદો કટાક્ષ? વિગ્રહના મોરચે અપાયેલાં ભવ્ય બલિદાનો પર નર્યું પાણી ફેરવી દેવામાં જવાનનો જય થયો ન હતો; જ્યારે અનાજ માટે અમેરિકા સામે ભિક્ષાપાત્ર ધરવામાં કિસાનનો પણ જય થતો હોવાનો દાવો બેહૂદો જણાતો હતો--અને છતાં ટ્રેજેડી છે કે પેલા ફિલ્મી 'ભારત' મનોજકુમાર સહિત અનેક નગારાંબાજો સામાન્ય ભારતીય નાગરિકોને


■ તાશ્કંદ ખાતે ભારત-પાક શાંતિ મંત્રણા પડી ભાંગે એ માટે ભુટ્ટોએ ઘણાં હવાતિયાં માર્યાં, પણ અંતે કશું વળ્યું નહિ

લાલ બહાદુર શાસ્ત્રી નામના સિક્કાની ફક્ત એક સાઇડ બતાવતા રહ્યા. દેશના નાગરિકોને પણ બીજી સાઇડ તપાસી જોવામાં ક્યારેય રસ પડ્યો નહિ. વ્યક્તિપૂજાની નાસમજીભરી આદતે સર્જેલી એ બીજી ટ્રેજેડી હતી.

હકીકત જોવા બેસો તો એક વાક્યમાં આટલી હતી : પાકિસ્તાનને મરણતોલ ફટકો લગાવવા માગતા ભારતને અમેરિકાએ ટાપલી મારી બેસાડી દીધું હતું.

'અમેરિકન ખીલા'ના જોરે કૂદતા પાક વિદેશમંત્રી ઝુલ્ફિકાર અલી ભુટ્ટો ત્યાર પછી સહેજ રાજાપાઠમાં આવ્યા. યુનોની સલામતી સમિતિમાં તેમણે ભારતની ઔકાતનો ખ્યાલ આપતી ગર્જના કરી : 'મુસ્લિમોએ ભારતીયો પર આઠ સૈકા રાજ કર્યું ત્યારે માંડ એ ગમારો સુધરેલા બન્યા અને પછી બે સૈકા અંગ્રેજોના શાસનમાં રહેવાને લાયક બન્યા.'

ભુટ્ટોનું ગાલિપ્રદાન સાંભળીને ભારતના વિદેશમંત્રી સરદાર સ્વર્ણસિંહને અમેરિકી વગવાળી એકતરફી સલામતી સમિતિમાં બેસી રહેવાનું યોગ્ય ન લાગ્યું. કાગળિયાં એકઠાં કરીને તેઓ આખા ભારતીય પ્રતિનિધિ મંડળ સાથે બહાર નીકળી ગયા. આ વૉક-આઉટનું જલદ રિએક્શન આપતાં ભુટ્ટો બોલ્યા : 'અહીંથી તો ભારતના કૂતરાઓ જતાં રહ્યાં, પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં તેઓ હજી છે !'

કાશ્મીરની મડાગાંઠનો પાર લાવવા માટે ખેલાયેલા યુદ્ધ પછીયે મડાગાંઠ ચાલુ રહી ત્યારે બે દેશો વચ્ચે એખલાસભર્યા માહોલમાં વાટાઘાટો યોજાવાનો એકમાત્ર માર્ગ બાકી રહ્યો. અલબત્ત, વાટાઘાટોનો તખ્તો જરા તટસ્થ જણાતા ત્રીજા દેશમાં જ ગોઠવવો જોઇએ. પાકિસ્તાન સાથે લશ્કરી દોસ્તી ધરાવતું અમેરિકા તો મધ્યસ્થી બની શકે તેમ ન હતું, એટલે રશિયાએ તક ઝડપી લીધી. સોવિયેત વડા પ્રધાન એલેક્સેઇ કોસિગિને તાશ્કંદમાં બન્ને આગેવાનોના યજમાન બનવાનું નક્કી કર્યું. ફોટોગ્રાફરના મોઢે 'સ્માઇલ પ્લીઝ' સાંભળીને પણ ભાગ્યે જ મોઢું સહેજ મલકાવતા કોસિગિને જનરલ અયુબ ખાનના નામે બીડેલી કંકોત્રીમાં લખ્યું કે, 'કંઇ નહિ તો તાશ્કંદનો જગમશહૂર પુલાવ ખાવા માટે પણ મારૂં આમંત્રણ સ્વીકારો!' પ્યોર શાકાહારી લાલ બહાદુર શાસ્ત્રીને તેમણે પ્રાચીન તાશ્કંદ સાથે ભારતના ઐતિહાસિક સંબંધો યાદ અપાવ્યા.

■ રશિયાની વગ વધારવા વિષ્ટિકાર બનેલા વડા પ્રધાન કોસિગિન



એલેક્સેઇ કોસિગિનના આમંત્રણને માન આપી જનરલ અયુબ ખાને ધરાર તાશ્કંદ જવું પડ્યું હોય તે સમજી શકાય, કારણ કે ભારતે કબજે લીધેલો પાકિસ્તાનનો ખાસ્સો પ્રદેશ તેમણે પરત મેળવવાનો હતો. વધુ ગરજ તેમના પક્ષે હતી. બીજી તરફ ભારતનું પલ્લું ભારે હતું, છતાં શાસ્ત્રીજી પણ અયુબ ખાન સાથે જાન્યુઆરી ૩, ૧૯૬૬ના રોજ તાશ્કંદ પહોંચ્યા.

બીજે દિવસે બન્ને નેતાઓ વચ્ચે મંત્રણા ચાલી, જેમાં કોસિગિન મધ્યસ્થી બન્યા. એશિયાઇ દેશોમાં સામ્યવાદી સોવિયેત સંઘની રાજકીય વગ જમાવવા સિવાય બીજી એકેય બાબતમાં કોસિગિનને દિલચસ્પી ન હતી, એટલે ભારતનું હિત જોખમાવા છતાં મંત્રણા સફળ થાય એ તેમને મન જરૂરી હતું. ત્રિપક્ષી અને દ્વિપક્ષી મુલાકાતો પર મુલાકાતો

યોજાતી રહી, જેમાં ભુટ્ટો એકધાર્યો ચંચુપાત કરતા રહ્યા. અયુબ ખાનને પછાડી તેમને સત્તા પર આવવું હતું, માટે ભારત-પાક મંત્રણા નાકામિયાબ રહે અને પાકિસ્તાને ગુમાવેલો પ્રદેશ લાંબો સમય ભારતના કબજામાં રહે એવી બદમુરાદ સાથે તેમણે ફાચરો મારવાનું ચાલુ રાખ્યું. એક વાર શાસ્ત્રીજી જનરલ અયુબ ખાનને એકાંતમાં મળવા બાજુના રૂમમાં દોરી ગયા ત્યારે ભુટ્ટો પણ પાછળ ને પાછળ આવ્યા. જનરલે તરત હાથ વડે સંકેત કરી તેમને બહાર થોભવા જણાવ્યું. ભુટ્ટોના ચહેરા પર તરી આવેલો ગુસ્સો એ વખતે જોવાલાયક હતો.

વાટાઘાટોની ટ્રેનને વારાફરતી અનેક રેડ સિગ્નલો નડતાં હતાં, જ્યારે રૂસી વડા પ્રધાન કોસિગિન ખાસ તો એ ટ્રેન સાવ ખડી ન પડે તેના માટે અકસ્માતોનું કશું નિવારણ શોધી કાઢતા હતા. અયુબ ખાને બે પ્રસ્તાવો મૂક્યા : પહેલો એ કે સલામતી સમિતિના ઠરાવ મુજબ બન્ને દેશોએ પોતપોતાનાં લશ્કરો ફેબ્રુઆરી ૨૫, ૧૯૬૬ પહેલાં ઑગસ્ટ ૫, ૧૯૬૫ના લેવલ સુધી પાછાં ખેંચી લેવાં; અર્થાત્ જીતવામાં આવેલા પ્રદેશો સામા પક્ષને ફરી સુપરત કરી દેવા. બીજો પ્રસ્તાવ એ કે ભારત કાશ્મીરને પણ ઇસ્લામાબાદના હવાલે કરી દે. આ બીજો પ્રસ્તાવ ફક્ત 'પ્રેશર-ટેક્ટિક' તરીકે મૂકાયો હતો, જેથી પ્રસ્તાવ નં. ૧ ને ભારત નકારી શકે નહિ. આરંભમાં શાસ્ત્રીજી તેને નકારતા રહ્યા, કારણ કે હાજી પીર ટેકરી અને તિથવાલ જેવા વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનાં સ્થળો ફરી વખત પાકિસ્તાનને સોંપી દેવાનું પોસાય તેમ ન હતું. પાકનો નવો હુમલો ટાળવો હોય તો એ કાશ્મીરી પ્રદેશો હવે ભારતના કબજામાં રહેવા જોઇએ. ભારતીય જવાનોએ ૧૯૬૫માં મહત્તમ ભોગ વળી હાજી પીર ટેકરીને જીતવા માટે આપ્યો હતો.



■ શાંતિકરાર માટે તાશ્કંદ પહોંચેલા શાસ્ત્રીજી તથા અયુબ ખાન

વાટાઘાટોની ટ્રેન કોસિગિનને ખડી જતી લાગી, એટલે તેઓ જુદા મિજાજમાં આવ્યા. શાસ્ત્રીજીને એકાંતમાં મળી ચીમકી આપી કે સમાધાન ન જ થવાનું હોય તો પછી રશિયા પણ સલામતી સમિતિના ઠરાવને માન્ય રાખશે, એટલે ભારતે નછૂટકે પોતાનાં દળોને પાછાં ખેંચી લેવાં પડશે. આ ચીમકી સામે શાસ્ત્રીજી ઝૂકી પડ્યા. રશિયા પણ જો સાથ ન આપવાનું હોય તો સલામતી સમિતિના સભ્યદેશો ભારતનો જે વ્યાપારી બહિષ્કાર કરે તેને દેશનું અર્થતંત્ર ખમી શકે નહિ.

કોસિગિને હવે મધ્યસ્થી રહીને જ વાટાઘાટોનો દોર આગળ ચલાવ્યો. અયુબ ખાન તેમજ શાસ્ત્રીજી સાથે જાન્યુઆરી ૯, ૧૯૬૬ના રોજ તેમની છેલ્લી ત્રિપક્ષી મુલાકાત તો લાગલગાટ ૧ કલાક ચાલી. દુનિયાની સૌથી મોટી લોકશાહીના કહેવાતા લોખંડી નેતા તરીકે લાલ બહાદુર શાસ્ત્રીની પ્રતિભાનાં બીજાં જમા પાસાં ગમે તેટલાં હોય, છતાં એટલી વાત ચોક્કસ કે બીજે દિવસે તાશ્કંદ કરાર પર સહી કરીને તેમણે ભારતના કરોડો પ્રજાજનો વતી પાકિસ્તાનને કાંડાં ઊતારી આપ્યાં. ઇંચેઇંચ જમીન માટે આશરે ૨,૭૦૦ જવાનોએ આપેલું બલિદાન એ કરારના પગલે તત્કાળ ફોક ઠર્યું. લાહોરના પાદર સુધી પહોંચી જનાર ભારતીય લશ્કરને હવે પાછું ખેંચી લેવાનું હતું. પાકિસ્તાનને તેનું બર્કી શહેર, હાજી પીરની ટેકરી સહિત

ત્યાંનો વ્યૂહાત્મક રીતે મહત્વનો ઘાટ, ડોગરાઇનો સંપૂર્ણ પ્રદેશ, સિયાલકોટનો વિસ્તાર, તિથવાલની સરહદે કબજે લેવાયેલી જમીન, ઉરી-પૂંચનો કાશ્મીરી પ્રદેશ વગેરે બધું જાણે કે દૂધે ધોઇને ફરી વખત સુપરત કરી દેવાનું હતું. ટૂંકમાં, પાકિસ્તાનને તેના દુઃસાહસનો પદાર્થપાઠ મળતો હોય તો પણ ન મળે એ જાતની કલમો તાશ્કંદ કરારમાં હતી. ઇતિહાસકારો વર્ષો સુધી એ મુદ્દા પર ચર્ચા કરતા રહેવાના હતા કે બહાદુર કહેવાતા લાલ બહાદુર શાસ્ત્રી ત્રાહિત રાષ્ટ્રના દબાણ સામે આટલી સરળતાપૂર્વક કેમ ઝૂકી પડ્યા?

આ કફોડા પ્રશ્નનો ભારતીય પ્રજાજનોને ખુલાસો આપવા માટે ખુદ શાસ્ત્રીજી તો જીવતાજીવત સ્વદેશ પાછા ન ફરી શક્યા. શાંતિમંત્રણાનો રિપોર્ટ લેવા તેમની સાથે તાશ્કંદ ગયેલી ભારતીય પત્રકારોની ટીમને આગામી સવારે ખુલાસો આપવાનો ચાન્સ પણ મળ્યો નહિ, કેમ કે વડા પ્રધાન માટે જાન્યુઆરી ૧૧, ૧૯૬૬નો સૂર્યોદય થવાનો ન હતો. એક પત્રકારે હજી સાંજે વડા પ્રધાનના હમસાયા જેવા અંગત તબીબ ડૉ. આર. એન. ચુગને પ્રશ્ન કરેલો કે, 'શાસ્ત્રીજી આટઆટલા માનસિક તણાવ સામે કેવા ઝઝૂમી રહ્યા છે ?' ચિંતાગ્રસ્ત જણાતા ડૉક્ટરનો જવાબ હતો, 'બધું ઈશ્વરના હાથમાં છે.'

તાશ્કંદ કરારની ખુશાલીમાં જાન્યુઆરીની ૧૦મી તારીખે વડા પ્રધાન કોસિગિને આપેલી મિજબાનીમાં રાત્રે દસ વાગે રૂખસત લીધા પછી શાસ્ત્રીજી તેમના ઉતારે પાછા ફર્યા. મિજબાની દરમ્યાન તેમણે ફક્ત પ્રસાદી જેટલું ખાધું હતું. દિવસભર સખત શારીરિક કષ્ટ વેઠ્યો હતો અને મનમાં વિષાદ ઘેરાયો હતો, માટે રૂચિ પણ ન હતી. ઉતારે તેઓ પાછા ફર્યા બાદ એકાદ કલાકમાં જે પ્રસંગો બન્યા તેમના આધારે કહી શકાય કે મૂળ તો ભારતીય પ્રજાજનોને શો જવાબ દેવો તેની ચિંતા શાસ્ત્રીજીને કોરી રહી હતી. ઉતારા પર શર્મા અને સહાય નામના બે અંગત મદદનીશોએ તેમજ વિશ્વાસુ નોકર રામનાથે હંમેશ મુજબ ભોજનનો બંદોબસ્ત કરી રાખ્યો હતો. વડા પ્રધાને પાલક-બટેટાનું થોડું શાક, સહેજ દાળ અને રોટીના બે-પાંચ ટુકડા માત્ર ચાખવા પૂરતાં ખાધાં.

દિલ્હીથી એ દરમ્યાન ટેલિફોન કૉલ આવ્યો. અંગત મદદનીશ સહાયે રિસીવર ઊંચક્યું. સામે છેડે વડા પ્રધાનના બીજા અંગત મદદનીશ વેંકટરામ હતા. સહાયને તેમણે જણાવ્યું કે



■ તાશ્કંદમાં ભારતના વિદેશમંત્રી સ્વર્ણસિંહ, શાસ્ત્રીજી, અયુબ ખાન અને તે સૌના રૂસી યજમાન કોસિગિન



■ તાશ્કંદ ખાતે પાકિસ્તાન સાથેના શાંતિકરાર પર સહી આપીને શાસ્ત્રીજીએ ભારતના ભૂગોળ, ઇતિહાસ અને ભવિષ્ય ત્રણેય બદલી નાખ્યા


તાશ્કંદ કરારના પ્રત્યાઘાતો સામાન્ય લોકોમાં તો ખાસ પ્રતિકૂળ જણાતા ન હતા, પરંતુ વડા પ્રધાનના કુટુમ્બીજનોમાં નારાજગી હતી. વિરોધ પક્ષોમાં જનસંઘના અટલ બિહારી વાજપેયી નાખુશ હતા. તિથવાલ અને હાજી પીર માટે ભારતીય જવાનોએ આટઆટલું લોહી રેડ્યા છતાં એ પ્રદેશો દુશ્મનને પરત કરાયા એ મુદ્દા પર અટલ બિહારી વાજપેયીએ શાસ્ત્રીજીને કડક શબ્દોમાં દોષિત ઠરાવ્યા હતા.

વાજપેયી તો ઠીક, પરંતુ કુટુમ્બીજનોની વિપરીત પ્રતિક્રિયા અંગે જાણીને વડા પ્રધાન ગમગીનીમાં ડૂબી ગયા. બેચેની વધી પડી. તાશ્કંદ ટાઇમ અનુસાર રાત્રે ૧૧:૦૦ ના સુમારે તેમણે પોતાના ઘરે ફોન જોડાવ્યો. (તાશ્કંદનો સ્ટાન્ડર્ડ ટાઇમ ભારત કરતાં અડધો કલાક આગળ હતો.) દિલ્હીમાં શાસ્ત્રીજીની મોટી દીકરી કુસુમે પહેલાં ફોન લીધો. પિતાએ તેને પહેલો સવાલ પણ તાશ્કંદ કરાર અંગે જ કર્યો : 'તુમકો કૈસા લગા ?' નિખાલસ જવાબ મળ્યો : 'બાબુજી, હમેં અચ્છા નહીં લગા !' શાસ્ત્રીજીને કુસુમના મોઢે જાણવા મળ્યું કે તેમનાં ધર્મપત્ની લલિતાદેવી શાસ્ત્રીને પણ તાશ્કંદ કરાર બિલકુલ મનહેઠે આવ્યા ન હતા, એટલે તેઓ માયૂસીભર્યા અવાજે બોલી પડ્યા : 'અગર ઘરવાલોં કો અચ્છા નહીં લગા, તો બાહરવાલે ક્યા કહેંગે ?' શાસ્ત્રીજી લલિતાદેવી સાથે વાત કરવા માગતા હતા, પરંતુ ધર્મપત્ની એટલી હદે રૂઠેલાં કે ફોન પર આવવા જ તૈયાર થયા નહિ. આ રૂસણાંનો કારમો ઘા લલિતાદેવીના કાળજાને જીવનભર સતાવ્યા કરવાનો હતો. કાશ, વિધાતાની ક્રૂર ચાલને તેઓ પામી શક્યા હોત, કારણ કે પતિ સાથે વાર્તાલાપ કરી લેવાનો એ છેલ્લો મોકો હતો.

ઉદાસ વડા પ્રધાને રિસીવર મૂકતા પહેલાં કુસુમને સૂચના આપી કે નવી દિલ્હીનાં સવારનાં છાપાં તે કાબુલ મોકલવાનો બંદોબસ્ત ગોઠવે. તાશ્કંદ કરારને ભારતીય અખબારીજગતે કેટલી હદે વધાવ્યા કે વખોડ્યા એ તેમને જાણવું હતું. તાશ્કંદથી નવી દિલ્હી પાછા ફરતી વખતે

શાસ્ત્રીજી અફઘાનિસ્તાનના પાટનગર કાબુલનો શુભેચ્છા પ્રવાસ ખેડવાના હતા. ટેલિફોન મૂક્યા પછી તેઓ ઓરડામાં ભારે અજંપાપૂર્વક ચાલીને આંટાફેરા કરવા લાગ્યા. અગાઉ જેમને હૃદયરોગના બે હુમલા થયા હતા અને આગલો દિવસ જેમને બેસુમાર શારીરિક તથા માનસિક કષ્ટ આપી ગયો હતો એવા વડા પ્રધાન માટે હવે એ કસરત જરા વધુ પડતી સાબિત થવા લાગી. સૂવાનો વખત થયો ત્યારે નોકર રામનાથે તેમને રાબેતા મુજબ દૂધભરેલો ગ્લાસ આપ્યો. વડા પ્રધાનની ઊંઘ જો કે હરામ બની હતી. બન્ને હાથ પાછળ રાખીને ઓરડામાં ફરી તેઓ આંટાફેરા કરવા માંડ્યા. વહેલી પરોઢે કાબુલના પ્રવાસે નીકળી જવાનું હતું, માટે રામનાથને તેમણે સૂવા માટે ઉપલા રૂમમાં જતા રહેવા સૂચના આપી. બાજુના ઓરડામાં તેમના અંગત મદદનીશો શર્મા અને સહાય બધો સામાન બાંધી રહ્યા ત્યારે તાશ્કંદ ટાઈમ અનુસાર મધરાત પછી ૧:૨૦ વાગી ચૂક્યા હતા. બરાબર એ જ સમયે તેમણે શાસ્ત્રીજીને પોતાને દરવાજે આવેલા દીઠા. 'ડૉક્ટરસાબ કહાં હૈ ?' વડા પ્રધાને કમજોર અવાજે સવાલ કર્યો. ડૉ. આર. એન. ચુગ એ જ ઓરડામાં સૂતા હતા. સહાયે તેમને બૂમ પાડી તરત જગાડ્યા. દરમ્યાન શર્માએ વડા પ્રધાનને ખભાનો ટેકો આપી પાછા તેમના રૂમ તરફ ચાલવામાં મદદ કરી.

બિછાના પર લેટ્યા બાદ શાસ્ત્રીજીને સખત ખાંસી ઊપડી. થોડીક જ સેકન્ડો બાદ તેઓ મૂર્છાવસ્થામાં સરી પડ્યા. દરમ્યાન ડૉ. ચુગ આવી પહોંચ્યા અને પહેલું કામ વડા પ્રધાનની નાડી તપાસવાનું કર્યું. એ પછી ગળગળા અવાજે માંડ બોલ્યા : 'બાબુજીને મુઝે વક્ત હી નહીં દીયા.' આમ છતાં મહામૂલા દર્દીને બચાવવાની છેલ્લી કોશિશરૂપે તેમણે શાસ્ત્રીજીને હાથમાં ઈન્જેક્શન આપ્યું, જેનો રિસ્પોન્સ જણાયો નહિ. ઈન્જેક્શનની સિરિન્જ ત્યાર પછી તેમણે શાસ્ત્રીજીના હૃદયમાં દાખલ કરી. છાતી પર બળપૂર્વક મસાજ કરવા માંડ્યા. કૃત્રિમ શ્વાચ્છોશ્વાસ પણ આપ્યો.



■ લલિતાદેવી શાસ્ત્રીના મનમાં એ છાપ કાયમ રહી કે તેમના પતિને ઝેર અપાયું હતું

થોડી મિનિટો પછી ભારતીય પત્રકારોના આવાસનું દરેક બારણું વારાફરતી જોરશોરમાં ખખડ્યું. સિનિઅર પત્રકાર કુલદીપ નાયરે સફાળા જાગીને પોતાના રૂમનો દરવાજો ખોલ્યો ત્યારે એક રશિયન મહિલાએ તેમને અંગ્રેજીમાં કહ્યું : 'યોર પ્રાઈમ મિનિસ્ટર ઈઝ ડાઈંગ !' અને ત્યાર પછી એ મહિલા બાજુના ઉતારાનો દરવાજો ખખડાવવા માટે દોડી. પત્રકારોની એક પછી એક મોટરોનો રસાલો લાલ બહાદુર શાસ્ત્રીના ઉતારા તરફ જવા હંકાર્યો. ઉતારાનું મકાન આશરે દસ મિનિટના અંતરે હતું, છતાં એટલો ટૂંકો રસ્તો પણ જાણે કે અનંત લાગતો હતો. ઉતારાની બહારના વરંડામાં રશિયન વડા પ્રધાન એલેક્સેઈ કોસિગિન દેખાયા, જેમનો આમેય ગમગીન રહેતો ચહેરો સહેજ વધુ માયૂસીમાં ડૂબેલો હતો. એક શબ્દ પણ તેઓ બોલી શક્યા નહિ. ઈશારા વડે જ પત્રકારોને જણાવ્યું કે લાલ બહાદુર શાસ્ત્રી મૃત્યુ પામી ચૂક્યા હતા. હકીકતે ૧:૩૨ વાગ્યે તેમના હૃદયના ધબકારા હંમેશ માટે બંધ થયા હતા. ભારતમાં ત્યારે રાત્રિના બે વાગ્યા પછી કેટલીક મિનિટો વીતી હતી.

પરોઢિયે ૪:૦૦ના સુમારે જનરલ અયુબ ખાન પણ શાસ્ત્રીજીના ઉતારે આવ્યા. હકીકતમાં તેઓ દુઃખી જણાતા હતા. દિવંગત્ વડા પ્રધાનના મૃતદેહ સામે નજર કરી તેઓ બોલ્યા : 'આ

માણસે ભારત અને પાકિસ્તાન વચ્ચે દોસ્તીભર્યા તાલ્લુકાત સ્થાપવા માટે પોતાનું જીવન કુરબાન કરી દીધું.' એ પછી તેમણે પાકિસ્તાનના મોજૂદા પત્રકારોને જણાવ્યું કે શાસ્ત્રીજી સાથે તેમને સરસ મનમેળ જામ્યો હતો, એટલે તેઓ જીવતા રહ્યા હોત તો ભારત-પાક દુશ્મનાવટનું કાયમી નિરાકરણ કદાચ આવ્યું હોત પણ ખરૂં.

આ તરફ ભારતમાં અફવાનું મોજું ફેલાયું કે લાલ બહાદુર શાસ્ત્રીને ઝેર આપી મારી નખાયા હતા. પાકિસ્તાનને તેમણે ખોખરૂં કર્યું એ બદલ મહાસત્તાઓ દ્વારા તેમને મૃત્યુદંડ અપાયો હોવાની વાયકા ખૂબ ચાલી. લલિતાદેવી શાસ્ત્રી તો મક્કમપણે એવું માનતા હતા

સદ્‌ગત અર્જુનના સારથિનું અધૂરૂં સ્વપ્ન!

લાલ બહાદુર શાસ્ત્રીએ તાશ્કંદ જતી વખતે ઍર-ઈન્ડિયાના સામાન્ય મુલ્કી પ્લેનમાં પ્રવાસ ખેડ્યો હતો. આમ છતાં ભારતીય વાયુસેનાનું એક સુપર કોન્સ્ટેલેશન પ્રકારનું વિમાન કેટલાક પત્રકારો, લશ્કરી અધિકારીઓ, ફોટોગ્રાફરો તથા ઍર-ઈન્ડિયાએ તત્પુરતી સેવામાં આપેલી બે ઍર-હોસ્ટેસો સાથે એ પહેલાં તાશ્કંદ પહોંચી ગયું હતું. રશિયાથી લાલ બહાદુર શાસ્ત્રી વાયા કાબુલ સ્વદેશ આવવાના હતા. અફઘાનિસ્તાનનો રાજદ્વારી પ્રવાસ ઘણા વખત અગાઉ નક્કી કરી રાખવામાં આવ્યો હતો. તાશ્કંદથી કાબુલ માટે ઍર-ઈન્ડિયાની સર્વિસ ન હતી, એટલે કરકસરના ભારે આગ્રહી વડા પ્રધાનનાં મનમાં ભારતીય વાયુસેનાએ માંડ ઠસાવ્યું કે કમ સે કમ વળતા પ્રવાસ દરમ્યાન તેમણે ઍર-ફોર્સનું ખાસ પ્લેન વાપરવું રહ્યું.

યુદ્ધવિરામ અને શાંતિકરાર અંગે વાટાઘાટો ચાલી એ દરમ્યાન મોસ્કો ખાતેના ભારતીય એલચી કચેરીના ઍરફોર્સ સચિવ ઍર કોમોડર કૃષ્ણ રાવ પણ તાશ્કંદ પહોંચ્યા. જાન્યુઆરી ૧૦, ૧૯૬૬ના રોજ તાશ્કંદ કરાર પર સહી-સિક્કા થયા પછી અફઘાનિસ્તાનમાં કાબુલ સરકાર ભારતીય વડા પ્રધાનના સ્વાગત માટે બધી તૈયારીઓ કરી ચૂકી હતી. એ રાત્રે તાશ્કંદમાં ઍર કોમોડર કૃષ્ણ રાવે શાસ્ત્રીજીના સુપર કોન્સ્ટેલેશન પ્લેનમાં બળતણ ભરાવ્યું અને સલામતી વ્યવસ્થાને લગતી આંતરરાષ્ટ્રીય રસમ અનુસાર એ બળતણનું સેમ્પલ નાની કસનળીમાં ભરીને રાખી લીધું. શાસ્ત્રીજી હેમખેમ કાબુલભેગા થાય ત્યાં સુધી એ નમૂનો રાવે જતનપૂર્વક સાચવવાનો હતો. આ તરફ સુપર કોન્સ્ટેલેશનના મુખ્ય પાયલટ વિંગ-કમાન્ડર મિશ્રા પોતાના ફેવરેટ વડા પ્રધાનના સારથિ બનવા માટે થનગની રહ્યા હતા. જો કે થોડા કલાક પછી બે ખેદજનક સમાચાર તેમને વારાફરતી મળ્યા. કાબુલથી મેસેજ આવ્યો કે સુપર કોન્સ્ટેલેશન પ્રકારના વિમાનમાં નવું બળતણ ભરી આપવા માટેની યાંત્રિક સુવિધા કાબુલના ઍરપોર્ટ પર નથી. મૂછોના સરેરાશ ૭'' લાંબા કાતરાવાળા વિંગ-કમાન્ડર મિશ્રાનો બધો મૂડ અચાનક પડી ભાંગ્યો. સંરક્ષણ મંત્રી યશવંતરાવ ચવાણને ઊભાઊભ તાશ્કંદ ખાતે જ તેમણે ફરિયાદ કરી કે વડા પ્રધાનને આકાશી પ્રવાસ કરાવવાનો ઍરફોર્સનો વિશિષ્ટાધિકાર આવા સામાન્ય ટેક્નિકલ કારણસર આંચકી લેવાય તે બરાબર નહિ !


ઈલ્યુશિન-૧૮

ગમે તેમ, પણ સોવિયેત વડા પ્રધાન કોસિગિને તરત લાલ બહાદુર શાસ્ત્રીની લાગણી જીતવાનો મોકો ઝડપી લીધો. ઈલ્યુશિન-૧૮ પ્રકારનાં એક નહિ, પણ બે આલિશાન વી. આઈ. પી. વિમાનો તેમણે શાસ્ત્રીની તહેનાતમાં મૂકી દીધાં. રખે અણીનાં સમયે એક ખોટકાય તો બીજું કામ લાગે ! ઈલ્યુશિન-૧૮માં છેવટે શાસ્ત્રીને બદલે તેમનું પાર્થિવ શબ જ દિલ્હી પહોંચાડવાનું રહે એ વાતની કોસિગિનને બેશક કલ્પના સુદ્ધાં ન હતી. વિંગ-કમાન્ડર મિશ્રાને કે ઍર કોમોડર કૃષ્ણ રાવને પણ કાળચક્રના અણચિંતવ્યા પલટાનો અણસાર ન હતો.

થોડા કલાક પછી શાસ્ત્રીજીનું અસ્તિત્વ ન રહ્યું. ઍર કોમોડર કૃષ્ણ રાવને તેમના અવસાનનો બેવડો આઘાત લાગ્યો. વડા પ્રધાનને ગુમાવ્યાનું દુઃખ તો ખરૂં, પણ સાથો-સાથ તાશ્કંદ કરાર હેઠળ ભારતે હાજી પીર ટેકરી, ઈછોગિલ, ડોગરાઈ તથા બર્કીના પ્રદેશો અને બીજા મહત્વના વિસ્તારો પાકિસ્તાનને ફરી સુપરત કરી દેવા પડ્યા એ વાત તેમને ખૂંચી હતી. કસનળીમાં તેમણે ભરેલું સુપર કોન્સ્ટેલેશન પ્લેનના બળતણનું સેમ્પલ તાશ્કંદની માયૂસીભરી યાદ તરીકે પછી પણ સાચવી રાખ્યું. આ સેમ્પલ તેમને એ બાબતની સતત યાદ અપાવવાનું હતું કે તાશ્કંદના શાંતિકરાર ભલે થયા, છતાં પાકિસ્તાન સાથેનો હિસાબ અધૂરો હતો. ઍર કોમોડર કૃષ્ણ રાવ સમય જતાં ઍર માર્શલ બનવાના હતા, ૧૯૭૧માં પાકિસ્તાનને ચૂકતે કરાતા હિસાબના પગલે તેમનાં અરમાનો પૂરાં થવાનાં હતાં અને બળતણનું પેલું સેમ્પલ ભારતીય ઍરફોર્સના સંગ્રહાલયમાં કાયમી સ્થાન પામવાનું હતું !■

અને ઘણા વખત પછી ઑક્ટોબર ૨, ૧૯૭૦ના રોજ શાસ્ત્રીજીના જન્મદિને આખા શાસ્ત્રીકુટુંબે તપાસપંચ નિમવાની માગણી કરી હતી. અલબત્ત, મૃત્યુ વખતના સંજોગો જોતાં તે માગણીમાં અને માટે અફવામાં ખાસ વજૂદ હોવાનું માની શકાય નહિ. શાસ્ત્રીજીનું ભોજન જે રસોડે તૈયાર કરાતું ત્યાંનો મુખ્ય રસોઇયો ખુદ કોસિગિને નિયુક્ત કરેલો રશિયન હતો. વધુમાં રશિયન જાસૂસી ખાતાની બે મહિલાઓ સતત દેખરેખ રાખતી હતી. રસોઇ બનતી હોય ત્યારે રામનાથ પણ હાજર રહેતો હતો. ઝેરની થિયરી સામે મજબૂત દલીલ તો એ કરી શકાય કે તાશ્કંદ કરાર પર સહીસિક્કા લાગી ચૂક્યા પછી ભારતના એક પણ સંભવિત હિત-શત્રુએ વડા પ્રધાનને ઝેર આપવાની જરૂર ન હતી. શાસ્ત્રીજીનું કાસળ જો કાઢવું જ હોય તો એ માટે યોગ્ય સમય કરાર પહેલાંનો ગણાય કે જ્યારે તેઓ પોતાના મંતવ્યોને સજ્જડ રીતે વળગી રહ્યા હતા.

ઈન્દિરા ગાંધી તે સમયે લાલ બહાદુર શાસ્ત્રીના પ્રધાનમંડળમાં માહિતી અને પ્રસારણ ખાતાનાં મંત્રી હતાં. વડા પ્રધાને હાજી પીરનો ચાવીરૂપ ઘાટ દુશ્મનને પાછો સુપરત કર્યો એ તેમને બિલકુલ ગમ્યું ન હતું. હાજી પીર અંગે જ નારાજગી વ્યક્ત કરીને તેઓ મોડી રાત્રે સૂતાં એ પછી લગભગ અઢી વાગ્યે તેમને વડા પ્રધાનનું મૃત્યુ થયાના ખબર મળ્યા. ઈન્દિરાએ તરત પોતાના સલાહકારોને બોલાવ્યા. મોરારજીભાઇ જો શાસ્ત્રીનું સ્થાન લે તો રાજકારણમાં ઈન્દિરાનું ભાવિ ધૂંધળું હતું. અલબત્ત, ભાવિને ખુશકિસ્મત બનાવનાર એક ખાસ વિમાન થોડા જ કલાકો પછી મદ્રાસના ઍરપોર્ટ પર ટૅક-ઑફ કરીને દિલ્હી તરફ આવવા નીકળ્યું. આ પ્લેનમાં કોંગ્રેસના સૂત્રધાર કે. કામરાજ અને તામિલ નાડુના ઉદ્યોગ મંત્રી આર. વેંકટરામન બેઠા હતા. વર્ષો પછી જેમને ભારતના રાષ્ટ્રપતિ બનવાનું નસીબ સાંપડ્યું એવા વેંકટરામને પ્રવાસ દરમ્યાન કામરાજને પ્રશ્ન કર્યોઃ 'હવે શાસ્ત્રીજીનું સ્થાન કોણ લેશે?' જવાબ ક્યારનો શોધી ચૂકેલા કામરાજ તરત બોલ્યા : 'ઈન્દિરાને આપણે ગાદી પર બેસાડી રહ્યા છીએ.' આ સાંભળી આર. વેંકટરામનના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

તાશ્કંદથી જ ઘટના-પ્રવાહને આગળ ચલાવો તો લાલ બહાદુર શાસ્ત્રીના મૃતદેહ સાથે રૂસી પ્લેન દિલ્હી જવા નીકળે તે પહેલાં બીજા રશિયન આગેવાનો ભારતના આગામી સુકાની અંગે જાણવા તત્પર હતા. હવે ભારતના વડા પ્રધાન કોણ થાય? અને બે દેશો વચ્ચેના સંબંધો કેવા વળાંક લે એ તેમને મન ચિંતાજનક પ્રશ્ન હતો. ભારતીય પત્રકારોને તેમણે રશિયન પત્રકારો દ્વારા તાશ્કંદમાં જ આડકતરી રીતે પૂછાવ્યું કે તમારા હિસાબે શાસ્ત્રીના અનુગામી કોણ હશે ? ભારતીય પત્રકારોએ જે સંભવિત ઉમેદવારો ગણાવ્યા તેમની નામાવલિમાં ઈન્દિરા પ્રિયદર્શિનીનું નામ ક્યાંય ન હતું ! એક મોટી આકાશગંગા રચી શકાય એટએટલા ધુરંધર સિતારાઓ લાલ બહાદુર શાસ્ત્રીએ વિરાસત તરીકે પાછળ મૂકેલા કોંગ્રેસમાં હજી મોજૂદ હતા, એટલે તેમાં માહિતી અને પ્રસારણનું બહુ મામૂલી ખાતું ધરાવનાર ઈન્દિરા નામના ટમટમિયાનો ઉલ્લેખ પણ ન થાય એ સ્વાભાવિક વાત હતી. પત્રકારોએ આપેલી ઉમેદવારોની લાંબી યાદી તપાસીને રશિયન આગેવાનો એવા ગૂંચવાયા કે ભારતીય રાજકારણમાં ખરેખર શું રંધાવાનું છે તેની ગંધ લેવા માટે વડા પ્રધાન કોસિગિન પણ નવી દિલ્હી પહોંચવા એ જ વિમાનમાં બેસી ગયા ! કોસિગિનના પ્રવાસને રાજકીય ઔપચારિકતા તરીકે ખપાવવામાં આવ્યો, પણ હકીકત એ છે કે ભારત આવ્યા પછી તેમણે શાસ્ત્રીજીને શ્રદ્ધાંજલિ આપવામાં જેટલો સમય કાઢ્યો તેના કરતાં વધુ સમય ભારતના નવા વડા પ્રધાન અંગે ગૂફ્તેગૂ ચલાવવામાં વીતાવ્યો. બીજી તરફ અમેરિકાના ઉપપ્રમુખ હ્યુબર્ટ હમ્ફ્રી પણ તરત નવી દિલ્હી આવવા નીકળ્યા.

લાલ બહાદુર શાસ્ત્રી પછી દેખીતી રીતે મોરારજીભાઇનો વારો હતો, પરંતુ હંમેશ મુજબ



■ ઈન્દિરાનું નામ શાસ્ત્રીજીના અનુગામીઓની યાદીમાં ક્યાંય ન હતું. આમ છતાં ભારતના ઈતિહાસ તથા ભૂગોળ તેમના હાથે બદલાય એવો વિધાતાનો ફેંસલો તેમને સત્તાસ્થાને બેસાડીને રહ્યો

એ વખતે પણ કોંગ્રેસમાં મોરારજીભાઈના હિતશત્રુઓ વધુ હતા અને હિતેચ્છુઓ ઓછા હતા. કોઈ બીજો જાણીતો સિનિઅર કોંગ્રેસી નેતા મોરારજીને બદલે ઉમેદવારી કરે તો તેને વળી ચોતરફી ટેકો મળવાનો ચાન્સ ન હતો, એટલે મડાગાંઠ જરા પેચીદી જણાતી હતી. ઉમેદવારોમાં ગુલઝારીલાલ નંદા અને યશવંત રાવ ચવાણ મોખરે હતા. આમ છતાં કોંગ્રેસના બુઝર્ગ આગેવાનોએ છેવટે ગૂંગી ગુડિયા કહેવાતી ઈન્દિરા પર તેમની પસંદગી ઢોળી, કારણ કે સ્વભાવે મક્કમ અને ક્યારેક હઠીલા એવા મોરારજીભાઈ કરતાં 'નિર્દોષ અને રાજકીય અનાથ' એવાં ઈન્દિરા પર હુકમો ચલાવવાનું સહેલું હતું. જાન્યુઆરી ૨૪, ૧૯૬૬ના રોજ રાષ્ટ્રપતિ એસ. રાધાકૃષ્ણને સુડતાલીસ વર્ષનાં ઈન્દિરા ગાંધીને રાષ્ટ્રપતિ ભવનના અશોક હોલમાં વડા પ્રધાનપદના સોગંદ લેવડાવ્યા. એ જ અશોક હોલ કે જ્યાં ૧૯ વર્ષ પહેલાં તેમના પિતાનો સોગંદવિધિ થયો હતો.

ઈન્દિરાને રાંક ધારી લેવામાં કોંગ્રેસી ધુરંધરોએ બહુ ખરાબ રીતે ગોથું ખાધું હતું. આ ગફલતનું ભાન તેમને ટૂંક સમયમાં થવા લાગ્યું અને ખબર પડી કે પ્રિયદર્શિની કહેવાતી ગુડિયાને તેનું સ્વતંત્ર મગજ અને સ્વતંત્ર મિજાજ હતાં. પાકિસ્તાનના શાસકોને પણ એ બન્ને લક્ષણોનો પરચો વખત જતાં મળી રહેવાનો હતો.

શાસ્ત્રીજીની નનામીનો ભાર પોતાના ખભે લેનાર જનરલ અયુબ ખાને મહિનાઓ પછી જાહેરાત કરી : 'તાશ્કંદ કરારને લીધે કાશ્મીરનો પ્રશ્ન હલ થતો નથી. પાકિસ્તાન હવે એ પ્રશ્નનું નિરાકરણ પોતાની રીતે જ લાવશે.'

આ નવા ટંકારનો વળતો જવાબ બરાબર છ વર્ષ પછી ઈન્દિરા ગાંધીએ લાલ બહાદુર શાસ્ત્રી કરતાં વધુ મક્કમતાના પ્રદર્શન દ્વારા આપવાનો હતો. એક રૂકા હુઆ ફૈસલાને નેહરુની બેટીએ તેના લોજિકલ અંજામ સુધી પહોંચાડવાનો હતો.■





પ્રકરણ : ૩

યુદ્ધનો ચિનગારો ચાંપતી ચૂંટણી

પાકિસ્તાનની ચૂંટણીમાં પહેલી વખત બંગાળી મુસ્લિમોને ચોખ્ખી બહુમતી મળી અને તે રિઝલ્ટે ૧૯૭૧ના યુદ્ધનો ભડકો ચાંપવામાં પહેલા તણખાનું કાર્ય બજાવ્યું !

જનરલ અયુબ ખાનને ૧૯૬૫ના યુદ્ધમાં ભારતીય ફોજનો જે પરચો મળ્યો અને સરવાળે તેમનો જે ફિયાસ્કો થયો એ જોતાં હવે ગાદી પર ટકી રહેવું તેમના માટે લગભગ અશક્ય હતું. પાકિસ્તાનમાં આમેય બાળોતિયાંની જેમ છાશવારે સરકારો બદલાતી હતી. કોઈ પણ રાજકર્તાને કચરાટોપલીના હવાલે કરી દેવા માટે તેનો ધૂળ જેવો વાંક કાફી નીવડતો હતો. ઑગસ્ટ, ૧૯૪૭ પછીના અગિયારમા વર્ષે જનરલ અયુબ ખાન પોતે દેશના નવમા સત્તાધીશ બન્યા હતા. સત્તા પર રહીને કશીક મોટી ગફલત તેઓ કરી બેસે તો પોતાના વારા માટે ટાંપી રહેલા બીજા મહત્ત્વાકાંક્ષી લશ્કરી અફસરો તેમને ઘડીભર પણ ટકવા ન દે. સૌથી મહત્ત્વાકાંક્ષી સત્તાલાલચુ તો પેટમાં કાતર રાખીને ફરતા ઝુલ્ફિકાર અલી ભુટ્ટો હતા. ભારતના જાણીતા પત્રકાર કુલદીપ નાયર વર્ષો પછી ઈસ્લામાબાદ ખાતે નિવૃત્તિ ભોગવતા પદભ્રષ્ટ અયુબ ખાનને મળ્યા અને ૧૯૬૫માં યુદ્ધનું દુ:સાહસ ખેડવાનું કારણ તેમને પૂછ્યું ત્યારે અયુબ ખાનનો જવાબ હતો : 'આ સવાલ તમે ભુટ્ટોને જ પૂછો ! મારી સહેજ પણ તૈયારી ન હોવા છતાં મને એ માણસે ધરાર ભારત સામેના યુદ્ધમાં ધકેલ્યો હતો!'




■ ૧૯૬૫ના યુદ્ધમાં માર્યા ગયેલા પાક જવાનની વિધવાને ખિતાબ પહેરાવતા અયુબ ખાન

પાકિસ્તાનના સર્વોચ્ચ સેનાપતિ જનરલ મહમ્મદ મુસાએ પણ છેક ૧૯૮૬માં 'માય વર્ઝન' નામનું પુસ્તક લખીને ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો કે ૧૯૬૫ના યુદ્ધનો તખતો ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ જાણીબૂઝીને ગોઠવ્યો હતો. પાકિસ્તાન આવડા મોટા ભારતને લશ્કરી યુદ્ધમાં મહાત ન કરી શકે એ વાતનું ભુટ્ટોને સારી રીતે

ભાન હતું. જનરલ તરીકે ખુદ અયુબ ખાન પણ એટલી સાદી વાત તો સમજી શકતા હતા, માટે પહેલાં તો યુદ્ધનો પ્રસ્તાવ તેમણે નકારી કાઢ્યો હતો. શિયાળ જેવા ખંધા અને લુચ્ચા ભુટ્ટોએ જો કે પોતાની બાજી અત્યંત મુત્સદ્દીપૂર્વક ખેલી. જનરલ મહમ્મદ મુસા તેમના પુસ્તકમાં લખે છે કે : 'વિદેશ સચિવ અઝીઝ અહમદને તથા સંરક્ષણ સચિવ નઝીર અહમદને ભુટ્ટોએ તરક્કીની લાલચ આપીને ફોડ્યા. એક જણે વિદેશી મદદ અંગે તથા બીજા જણે લશ્કરી તાકાત અંગે પાકિસ્તાનની તરફેણમાં યુદ્ધનું ગુલાબી ચિત્ર દોર્યું, એટલે અયુબ ખાન પીગળી ગયા.'

■ *પાકિસ્તાનના ભાગલાની સાજિશના સૂત્રધાર ભુટ્ટો*



ભુટ્ટોએ પોતે અયુબને જુદી રીતે ભંભેરણી કરી. પાકિસ્તાનના સ્થાપક મહમ્મદ અલી ઝીણાની બહેન ફાતિમા ઝીણા તે સમયે અયુબ માટે રાજકીય મોરચે ત્રાસદાયક પડકાર બની હતી. પ્રમુખપદની ચૂંટણી દરમ્યાન અયુબ તેની સામે સહેજ માટે હારતા રહી ગયા હતા, પરંતુ એવા બીજા મુકાબલામાં જતે દહાડે ક્યારેક હારવાનું નક્કી જણાતું હતું. આથી ભુટ્ટોએ તેમની કોણી પર ગોળ ચોંટાડ્યો કે યુદ્ધ જીતી લેવાય તો એ ફાતિમા ઝીણાનો કેડો છૂટ્યો સમજવો!

આમ ૧૯૬૫ના બાવીસ દિવસ લાંબા યુદ્ધનો પલીતો ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ ફક્ત પોતાના સ્વાર્થને ખાતર ચાંપ્યો હતો. પરાજિત જનરલ અયુબ ખાનને ક્રોધિત જનતા પાણીચું આપે, એટલે ભુટ્ટો ગાદીનશીન થવા માગતા હતા.

શિયાળની એ ચાલ જોકે ન ફળી, પાકિસ્તાને ગુમાવેલા બધા પ્રદેશો અયુબ ખાને તાશ્કંદ કરારના અન્વયે પાછા મેળવ્યા માટે તેમનો ઘરઆંગણે તેજોવધ થતા રહી ગયો. અમેરિકાએ પણ તેમને ટેકો આપવાનું ચાલુ રાખ્યું અને નવાં શસ્ત્રોનો સપ્લાય મોકલવાનું તરત શરૂ કરી દીધું. પાકિસ્તાનની આમજનતામાં વળી અયુબ ખાન પોતે એવો ભ્રમ પેદા કરી શક્યા કે ત્રણ અઠવાડિયા સુધી તુમુલ સંગ્રામ ખેલાયા પછી સરવાળે પરાજય ભારતનો થયો હતો. હિટલરના પ્રચારમંત્રી ગોબેલ્સને પણ શરમાવે એવા તેમના જૂઠા પ્રચારની બે-ત્રણ આઇટમો જુઓ :

■ પાકિસ્તાનના નૌકાદળ પાસે 'ગાઝી' નામની સબમરિન હતી. મુંબઇના બંદરગાહમાં ઘૂસી વિમાનવાહક જહાજ 'વિક્રાન્ત' સહિત શક્ય એટલી ભારતીય મનવારોને ફૂંકી દેવા માટે પાક નૌકાદળે તેને સપ્ટેમ્બર ૨, ૧૯૬૫ના રોજ એટલે કે યુદ્ધ શરૂ થયા પછી બીજે જ દિવસે કરાંચીથી રવાના કરી હતી. યુદ્ધના ઓર વીસ દિવસ ત્યાર બાદ એમ જ વીતી ગયા. કશી નવાજૂની ન બની. યુદ્ધવિરામના આખરી કલાકો ગણાવા માંડ્યા ત્યાં લગી 'ગાઝી'ને તેના એકેય શિકારનો પત્તો ન લાગ્યો. યુદ્ધના છેક અંતિમ દિવસે પાક સરકારે જાહેરાત કરી કે સપ્ટેમ્બર ૨૨ની રાત્રે 'ગાઝી'એ પોતાના ચાર ટોરપિડો વારાફરતી છોડી ભારતીય મનવાર 'બ્રહ્મપુત્ર'ના ફૂરચા કાઢી તેને ડૂબાડી દીધી હતી. આ વાત પર જનરલ અયુબ ખાને 'ગાઝી'ના કમાન્ડર કે.આર. નિયાઝી તથા લેફટનન્ટ-કમાન્ડર એ. તસ્નીમ માટે સિતારા-એ-જુર્રત નામના

ખિતાબો પણ જાહેર કર્યા. જાહેરાતના સમાચારે ભારતમાં એવો હોબાળો મચાવ્યો કે ભારતીય નૌકાદળે પત્રકારોના સંતોષ ખાતર 'બ્રહ્મપુત્ર'ને મુંબઈના બારામાં પ્રદર્શિત કર્યા વગર આરો ન રહ્યો. મનવારના સુકાની કેપ્ટન કિરપાલ સિંહ માટે તે આખો દિવસ રમૂજમાં વીત્યો.

■ પાકિસ્તાનની આમજનતાના મોઢે લાપસી ખાવા માટે જનરલ અયુબ ખાનના પ્રચારખાતાએ ૧૯૬૫ના યુદ્ધ દરમ્યાન અનેક બનાવટી ફોટા રિલીસ કર્યા હતા. દા. ત. કરાંચીના દૈનિક 'અંજામ'ના પ્રથમ પાને છપાયેલા એક ફોટામાં પાક ગેરિલા સૈનિકોને જમ્મુ-શ્રીનગર રેલવે લાઇન પર બહાદુરીભેર આગળ વધતા બતાવવામાં આવ્યા હતા. વાસ્તવમાં જમ્મુ અને શ્રીનગર વચ્ચે રેલવેલાઇન જ ન હતી.

■ અમરનાથની યાત્રાનો સમય લગભગ યુદ્ધના અરસામાં જ હતો. આ યાત્રાને લગતા ફોટોગ્રાફ્સ ભારત સરકારે આપણા વર્તમાનપત્રોને હંમેશના ધારા પ્રમાણે આપ્યા હતા. પાકિસ્તાની સરકારે નવી દિલ્હી ખાતેના પાક દૂતાવાસ મારફત એ ફોટા મેળવ્યા અને પોતાના દૈનિકોને એમ કહી પ્રગટ કરવા જણાવ્યું કે તસવીરોમાં દેખાતા 'કાશ્મીરી હિન્દુ' લોકો પાક ગેરિલા સૈનિકોનો પીછો છોડાવવા માટે નાસી રહ્યા હતા.

ઈસ્લામાબાદની અયુબ સરકાર દ્વારા નીરવામાં આવતો ભ્રામક પ્રચારનો આવો ઘાસચારો પાક જનતા છેક તાશ્કંદ કરારના તબક્કા સુધી ભરોસાપૂર્વક ખાતી રહી, માટે જનરલ અયુબ ખાન સદ્‌ભાગ્યે પ્રજાજનોમાં અળખામણા ન બન્યા. આ બળવાન લશ્કરી અફસરને ત્યાર પછી તો સૈન્યનું કશું પીઠબળ ન ધરાવતા ઝુલ્ફિકાર અલી ભુટ્ટો ટસના મસ કરી શકે તેમ ન હતા. પાટલાઘોની જેમ અયુબ ખાન સત્તા પર ચોંટી રહ્યા. પરિણામે સત્તાભૂખ્યા ભુટ્ટોએ બીજી કશીક રાષ્ટ્રીય આફત માટે દુઆ કે બદદુઆ માગવાનો વારો આવ્યો. કોઇ પણ રીતે અયુબ ખાનનું અલવિદા થતું હોય તો એ માટે અનિવાર્ય બનતી દેશની ગમે તેટલી અવદશા પણ મહત્વાકાંક્ષી ભુટ્ટોને મંજૂર હતી, કારણ કે તેમના પ્રાયોરિટિના લિસ્ટમાં પોતાની રાજકીય સત્તા પછી રાષ્ટ્રનો નંબર બીજો હતો. મેજર-જનરલ ફરમાન અલી નામના જાણીતા પાક લશ્કરી અફસરે વર્ષો પછી આપેલી કેફિયત મુજબ ઝુલ્ફિકાર અલી ભુટ્ટો એક મિટિંગ દરમ્યાન અયુબ ખાન માટે એમ બોલી પડેલા કે, 'આ જનરલના આંગળા ભારત સામેના વધુ એક યુદ્ધમાં દઝાડવા જોઈએ !'

૧૯૬૫ના ભારત-પાક યુદ્ધને તેના નિર્ણાયક અંજામ સુધી ન પહોંચાડી લાલ બહાદુર શાસ્ત્રીએ જો ૧૯૭૧ના બીજા યુદ્ધનું બીજ રોપ્યું હોય તો સરહદની પેલી તરફ નવા યુદ્ધનો પૂળો ચાંપવાનું કામ જનાબ ભુટ્ટો બહુ ગંદી સાજિશના ભાગરૂપે કરી રહ્યા હતા. સાજિશ ખેલવાની તેમની રીત ભારે સોફિસ્ટિકેટેડ હતી. દા.ત. ૧૯૬૫ના યુદ્ધ પછી નેશનલ એસેમ્બ્લીમાં તેમણે ચાલાકીપૂર્વક મમરો મૂક્યો કે, 'પૂર્વ પાકિસ્તાન એ યુદ્ધ વખતે ચીનની બદૌલત સલામત રહ્યું હતું. બાકી તો ભારતે ઢાકા પર આક્રમણ કર્યું હોત તો આકાશી રસ્તે ૧,૬૦૦ કિલોમીટર અને સમુદ્ર માર્ગે તેના કરતા પણ અનેકગણા દૂર આવેલા પૂર્વ પાકિસ્તાનને અહીં બેઠા આપણે લશ્કરી રક્ષણ આપી શકત નહિ! ભારતને ધાકમાં રાખવા બદલ આપણે ચીનના ઋણી છીએ!' પૂર્વ પાકિસ્તાનમાં ભુટ્ટોના તોફાની બયાનનો મતલબ એ જ કરવામાં આવ્યો કે જે થતો હતોઃ પૂર્વ પાકિસ્તાન તેની સુરક્ષા માટે પશ્ચિમ પાકિસ્તાનના શાસકો પાસે સહેજ પણ આશા રાખી શકે નહિ. સુરક્ષાની બાબતમાં તેણે જાતે પોતાનું ફોડી લેવું જોઇએ.

ઊંટની કાંધ પર એ છેલ્લું તણખલું હતું કે જેને મૂકવાનું પરિણામ શું આવે તે ચાલબાજ ભુટ્ટો બહુ સારી રીતે જાણતા હતા. ઓરમાયું પૂર્વ પાકિસ્તાન ખરૂં જોતાં બીજી અનેક બાબતોમાં પશ્ચિમ પાકિસ્તાનના શાસકો પાસે આશા રાખી શકતું ન હતું--અને હવે જનાબ ભુટ્ટોએ

આડકતરી રીતે કહ્યું તેમ સુરક્ષાના મામલામાં પણ નહીં!

પાકિસ્તાનની બે પાંખો વચ્ચે આમેય કદી મનમેળ ન હતો. બંને વચ્ચે કશું સામ્ય જ ન હોય ત્યારે મનમેળ જામી પણ શકે નહીં. પશ્ચિમ પાકિસ્તાનના બહુમતી પઠાણો તથા પંજાબીઓ સાથે પૂર્વ પાકિસ્તાનના બાબુ મોશાયો ધર્મ સિવાય બીજી એકેય વાતે જોડાયેલા ન હતા. રવિન્દ્રસંગીતથી માંડીને કવ્વાલી સુધી રીતરિવાજો, ભાષા, રહેણીકરણી, સંસ્કૃતિ વગેરે બધું અલગ હતું. બંને વચ્ચે રોટી-બેટીનો વ્યવહાર પણ ક્યારેક ફક્ત અપવાદરૂપે જોવા મળતો હતો. આ ભિન્નતા તો ઠીક, પરંતુ બંગાળી પૂર્વ પાકિસ્તાનની કુલ આબાદી પશ્ચિમ પાકિસ્તાન કરતા ૭૦ લાખ જેટલી વધુ હોવા છતાં બંગાળી પ્રજાજનો બીજા દરજ્જાના નાગરિકો ગણાતા હતા. ઈસ્લામાબાદની સરકારનું પાવરબેઝ સિન્ધ, પંજાબ કે બલુચિસ્તાન હતું, પૂર્વ પાકિસ્તાન નહીં. બીજી તરફ આખા પાકિસ્તાનની કુલ આવકમાંથી ૬૦ ટકા આવક પૂર્વ પાકિસ્તાનના શણની નિકાસ દ્વારા આવતી હતી, જેમાંનો મહત્તમ હિસ્સો તો પૂર્વને બદલે પશ્ચિમ પાકિસ્તાનમાં વિકાસનાં કાર્યો માટે વપરાતો હતો. 'જમવામાં જગલો અને કૂટવામાં ભગલો' એવી સ્થિતિ હતી. પૂર્વની વસ્તી ખાસ્સી વધુ હોવા છતાં લશ્કરી દળોમાં બંગાળી લોકોને મળેલું પ્રતિનિધિત્વ માંડ ૨૫% જેટલું હતું. ઈસ્લામાબાદમાં કાશ્મીરનો પ્રશ્ન ત્યાંની પશ્ચિમી જનતા માટે લગભગ પ્રાણપ્રશ્ન સમાન હતો, જ્યારે ઢાકામાં કાશ્મીરનો ઉલ્લેખ માત્ર એકાદ બગાસું નોતરી ન લાવે તો નવાઈ !



■ ચૂંટણીનાં પરિણામોને અભૂતપૂર્વ ક્રાંતિની ચિનગારીમાં પલટી નાખનાર બંગબંધુ શેખ મુજીબુર રહેમાન

આ ભેદ અને ભેદભાવ જોતાં પૂર્વ તથા પશ્ચિમનો તદ્દન પેચવર્ક જેવો સમન્વય કરીને ૧૯૪૭માં મહમ્મદ અલી ઝીણા પાકિસ્તાન નામનું મજહબી રાષ્ટ્ર સ્થાપવા તૈયાર થયા એ મોટું આશ્ચર્ય હતું. કારણ કે આવું થીગડું લાંબો સમય ન ટકી શકે તે ભારતનું વિભાજન કરનાર અંગ્રેજો પણ જાણતા હતા. ઝીણાની ખ્વાહિશ તો હકીકતમાં ક્યાંય વધુ આસમાની હતી. ૧૯૪૨માં રહેમત અલી નામના અલગતાવાદી મુસ્લિમ આગેવાને ઘડી કાઢેલો ભારતના વિભાજનનો અસલ પ્લાન ઝીણાને વધુ આકર્ષક લાગ્યો હતો. આ યોજના મુજબ આઝાદી વખતે અંગ્રેજો સમક્ષ પ્રસ્તાવ મુકવાનું નક્કી થયેલું કે ભારતમાં જ્યાં પણ મુસ્લિમ વસ્તી બહુમતી તાદાદ ધરાવતી હોય ત્યાં એ કોમનું અલગ રજવાડું, રાજ્ય કે રાષ્ટ્ર આંકી કાઢવું જોઈએ. આમ રહેમત અલી કેરળમાં મોપલીસ્તાન, હૈદરાબાદમાં ઓસ્માનીસ્તાન, બંગાળમાં બાંગીસ્તાન અને મધ્ય ભારતમાં સિદીકીસ્તાન જેવા કુલ આઠ મજહબી ટાપુઓ રચવાનો ખયાલી પુલાવ રાંધીને બેઠા હતા. શ્રીલંકામાં પણ આવા બે ચોકા કંડારવાનો મનસૂબો તેમણે રાખ્યો હતો. આ ખ્વાબ મહમ્મદ અલી ઝીણાને પણ જચી ગયું, છતાં ગાંધીજી, નેહરુ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, સરદાર પટેલ, લોર્ડ માઉન્ટબેટન તથા ખાન અબ્દુલ ગફાર ખાનનો સંયુક્ત વિરોધ જોતાં છેવટે તેમણે પાકિસ્તાન અને બાંગીસ્તાન એમ બે પ્રદેશો વડે સંતોષ માન્યો. બાંગીસ્તાનને જો કે અલગ પિછાણ આપવાને બદલે તેને પાકિસ્તાનનું જ બગલબચ્ચું ગણી લેવામાં આવ્યું.

આ ગોઠવણ સામે પહેલો અવાજ છેક ફેબ્રુઆરી, ૧૯૬૬માં ઊઠ્યો, જ્યારે પૂર્વ પાકિસ્તાનના અવામી લીગ પક્ષના બંગાળી નેતા શેખ મુજીબુર રહેમાને લાહોર ખાતે ભરાયેલી નેશનલ કોન્ફરન્સમાં ૭ મુદ્દાનો એક માગણીપત્ર રજૂ કર્યો. મુજીબુરની હિંમત જોતાં કેન્દ્ર સરકાર ચોંકી પડી, કેમ કે પૂર્વ પાકિસ્તાન માટે અલગ ચલણી નાણાંની તથા જુદાં અર્ધલશ્કરી

દળોની પણ તેમણે માગણી કરી હતી. રાષ્ટ્રીય આવક પણ બંને પાંખો વચ્ચે સરખે હિસ્સે વહેંચાય એવો તેમનો આગ્રહ હતો. વિદેશનીતિ જેવા મામલા સિવાય બીજી દરેક વાતે તેઓ પૂર્વ પાકિસ્તાનને સ્વાયત્ત બનાવવા માગતા હતા.

જનરલ અયુબ ખાન રાતોરાત ભીંસમાં આવ્યા. શેખ મુજીબુર રહેમાનનું એકેય સૂચન તેઓ સ્વીકારી શકે તેમ ન હતા, એટલે મડાગાંઠનો રસ્તો કાઢવા બધા રાજકીય પક્ષોને તેમણે એક મિટિંગમાં ભેગા કર્યા. અહીં પણ મેળ ન પડ્યો ત્યારે અયુબ ખાને પોતાનો લશ્કરી મિજાજ વાપરી મુજીબુરને અગરતલા ષડ્યંત્ર કેસમાં ખોટી રીતે સંડોવ્યા. ત્રિપુરાના અગરતલામાં ભારત સાથે મળીને પાક સરકાર વિરૂદ્ધ બળવાનું કાવતરૂં ઘડી કાઢવાનો આક્ષેપ મુજીબુર પર મૂકવામાં આવ્યો, જે સાચો પૂરવાર થાય તો દેશદ્રોહનો ગુનો સ્વાભાવિક રીતે મોતની સજાને પાત્ર હતો. આમ છતાં મુજીબુર ડગ્યા નહિ, બલકે પૂર્વ પાકિસ્તાનમાં તેમની પ્રતિષ્ઠા વધી જવા પામી. લોકપ્રિયતા એ લેવલે પહોંચી કે જ્યારે દેશદ્રોહના ગુનાને મારીમચડી સાબિત કરી શકાય તો પણ ગાંધીવાદી કહેવાતા અને બંગબંધુ તરીકે ઓળખાતા મુજીબુરને ફાંસીના માંચડે લટકાવવાનું અશક્ય હતું. સમસ્યાનો કશોક તોડ કાઢવા માટે નવેક મહિના સુધી મથામણો કર્યા બાદ આખરે જનરલ અયુબ ખાને સત્તાની મશાલ ખુશ્કીદળના સેનાપતિ જનરલ આગા મહમ્મદ યાહ્યા ખાનને સુપરત કરી દીધી. સત્તાની એ મશાલ વાસ્તવમાં તો સળગતું ઊંબાડિયું હતું.



■ માર્ચ,૧૯૬૯માં પાકિસ્તાનના દસમા શાસક બનેલા યાહ્યા ખાન

માર્ચ, ૧૯૬૯માં જનરલ યાહ્યા ખાન પાકિસ્તાનના નવા સરમુખત્યાર બન્યા. દેહરાદૂનની લશ્કરી અકાદમીમાં ભણેલા અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ઇજિપ્ત, સુદાન, લિબિયા અને ઇટાલિના મોરચે લડેલા યાહ્યા ખાને ૧૯૬૫ના યુદ્ધમાં ભારત સામે છામ્બ મોરચે પણ અદ્દ્ભુત પરાક્રમો કરી દેખાડ્યાં હતાં, પરંતુ દેશની આંતરિક સુરક્ષાના મામલામાં શસ્ત્રોને બદલે રાજકીય શાણપણ વડે કામ લેવું એ તેમના જેવા તોછડા અને તુંડમિજાજી જનરલના બસની વાત ન હતી. અયુબની માફક યાહ્યા ખાન બ્રિટિશ મિલિટરી કોલેજ સેન્ડહર્સ્ટમાં શિસ્તના પાઠ પણ શીખ્યા ન હતા, માટે આપોઆપ છપ્પર ફાટીને ટપકી પડેલી સત્તાને તેઓ પચાવી શક્યા નહિ.

છેવટે ડિસેમ્બર, ૧૯૭૦માં યોજાયેલી ચૂંટણીના રિઝલ્ટે જનરલ યાહ્યા ખાનનો બધો નશો દૂર કરી નાખ્યો. પૂર્વ પાકિસ્તાનમાં શેખ મુજીબુર રહેમાનના અવામી લીગ પક્ષને ૧૬૨ પૈકી ૧૬૦ બેઠકો મળી. પાકિસ્તાનની નેશનલ એસેમ્બ્લીમાં (પાર્લામેન્ટમાં) કુલ બેઠકો ૩૧૩ હતી, એટલે દેખીતી રીતે જ અવામી લીગને એસેમ્બ્લીમાં ચોખ્ખી બહુમતી પણ મળી ચૂકી. આ રિઝલ્ટનો આઘાત ઝુલ્ફિકાર અલી ભુટ્ટોને પણ લાગ્યો, કેમ કે તેમનો પાકિસ્તાન પીપલ્સ પક્ષ ફક્ત ૮૨ બેઠકો જીતી શક્યો હતો. ઇસ્લામાબાદમાં એ રીતે મુજીબુર રહેમાનનું શાસન નિશ્ચિત બન્યું. આ સ્થિતિ કેટલા પંજાબીઓ, સિન્ધિઓ કે પઠાણો સ્વીકારે ? ઇસ્લામાબાદ પર ઢાકાનો બંગાળી બાબુ રાજ કરે એ ખ્યાલમાત્ર તેમને મન અસહ્ય હતો.

જનરલ યાહ્યા ખાને નાછૂટકે શેખ મુજીબુર રહેમાનને પાકિસ્તાનના વડા પ્રધાન બનાવવા પડે તેમ હતા, પરંતુ ભુટ્ટોએ તેમને નેશનલ એસેમ્બ્લીની બેઠક જ બોલાવવા ન દીધી. યાહ્યા

ખાનને તેમણે સલાહ આપી : ' પૂર્વ પાકિસ્તાનમાં આશરે ૨૦,૦૦૦ જણાને છડેચોક ગોળીએ દેવા જેટલી જો તમારામાં હિંમત હોય તો બાકીના સૌ પ્રજાજનોને તેનો પૂરતો સબક મળી જશે અને મુજીબુરની પણ સાન ઠેકાણે આવી જશે !'

આ નઠારી સલાહને જનરલ યાહ્યા ખાન સોનેરી ગણી બેઠા. ભુટ્ટોની સોગઠી બરાબર નિશાન પર વાગી. પાકિસ્તાન ૧૯૬૫માં ભારત સામે લડીને ન ફાવ્યું તેમ જનરલ અયુબ ખાનને પાક ફોજના રકાસ બદલ હાંકી કાઢી પોતે સત્તા પર આવવા માગતા ઝુલ્ફિકાર અલી ભુટ્ટો પણ પોતાની મુરાદમાં ફાવ્યા ન હતા. અયુબ ખાને સત્તાનો ત્યાગ કર્યા પછી યાહ્યા ખાન તેમના સર્વોચ્ચ અનુગામી બન્યા, જ્યારે મહત્વાકાંક્ષી ભુટ્ટોને ફક્ત વિદેશ મંત્રીનો દરજ્જો મળી શક્યો હતો. પાકિસ્તાનને સાફસૂથરું શાસન આપીને યાહ્યા ખાન પોતાની શાખ જમાવી શક્યા હોત તો ભુટ્ટોએ પોતાનો સત્તાલોભ ફરજિયાત કાબૂમાં રાખવો પડત, છતાં પાક અવામને નેકદિલ રાજકર્તા મળે એવું તેનું નસીબ ક્યાંથી ? વહીવટી બાબતોમાં જનરલ યાહ્યા ખાન જડબુદ્ધિના સાબિત થયા. બીજી તરફ વ્યક્તિગત રીતે પણ તેમના ચારિત્ર્યમાં એકેય જમા પાસું શોધ્યું જડે તેમ ન હતું.

આ પ્રકારનો સરમુખત્યાર વતન સામે પડેલા વિકટ પ્રશ્નોને હલ કરવા જેટલો સભાન અને સતર્ક રહી શકે નહિ. દેશમાં પ્રવર્તતી અનેક બાબતો અંગે યાહ્યા ખાન બેખબર હતા. માહિતીનો ફીડબેક તેમને મુખ્યત્વે ભુટ્ટો દ્વારા મળતો હતો અને ભુટ્ટોને તેમાં ફાવતું મળી ગયું હતું. પાકિસ્તાનને વધુ એક યુદ્ધમાં હોમી દેવા માટે યાહ્યા ખાનને તેમણે ભારત વિરૂદ્ધ ભડકાવ્યા. એક કાંકરે બે પક્ષી તેમને મારવાં હતાં. ભુટ્ટોએ જોયું કે પશ્ચિમ પાકિસ્તાન કરતા ૭૦ લાખ જેટલી વધુ આબાદી ધરાવતું બંગાળીભાષી પૂર્વ પાકિસ્તાન જો દર ચૂંટણીએ નેશનલ એસેમ્બ્લીમાં (પાર્લામેન્ટમાં) બહુમતી મેળવ્યા કરે તો ઈસ્લામાબાદનું મયૂરાસન તેમને ક્યારેય ગનીમત થાય નહિ. ડિસેમ્બર, ૧૯૭૦ની ચૂંટણીમાં આમેય શેખ મુજીબુર રહેમાનનો અવામી લીગ પક્ષ બહુમતી ખેંચી ગયો હતો, એટલે કશીક નવાજૂની તત્કાળ ન થાય તો દેશના વડા પ્રધાનપદે શેખ મુજીબુરનું સત્તારોહણ નક્કી હતું. ભુટ્ટોના મનમાં રમતી નવાજૂની એ જ કે પંજાબી, સિન્ધી અને પઠાણી શખ્શિયતના કહેવાતા મગરૂર દેશ પર એક બંગાળી બાબુ હકૂમત જમાવે અને ત્યાર બાદ હંમેશ માટે જામી જાય તે પહેલાં દેશના બે ભાગલા પાડી નાખવા ! મુસ્લિમ છતાં બંગાળી પાકિસ્તાનનો ટુકડો અલગ કરી દેવો ! ઈસ્લામાબાદમાં પૂર્વ પાકિસ્તાનનું રાજકીય પ્રતિનિધિત્વ જ ન રહે, એટલે પછી જતે દહાડે શેખ મુજીબુર સાથે તેમને સત્તા માટે સ્પર્ધા થવાનો પણ સવાલ રહેતો ન હતો.

ભુટ્ટોના એ જ કાંકરે બીજો ભોગ જનરલ યાહ્યા ખાનનો લેવાય એવી સંભાવના પૂરેપૂરી હતી, કેમ કે દેશને અખંડિત ન રાખી શકનાર સત્તાધીશને પ્રજા કદી સાંખી ન લે. પૂર્વ પાકિસ્તાન છૂટું પડ્યા બાદ યાહ્યા ખાનના શાસનનું પણ ખુદા હાફિઝ થવું અનિવાર્ય હતું. પાકિસ્તાનમાં ત્યાર પછીનો રાજકીય શૂન્યાવકાશ પૂરી શકે તેવા મોટી કાઠીના એકમાત્ર નેતા ઝુલ્ફિકાર અલી ભુટ્ટો હતા. આ મતલબી, મુત્સદ્દી અને મહત્વાકાંક્ષી નેતાએ પોતાની દરેક આગામી ચાલ પાકિસ્તાનના અવ્વલ સત્તાધીશ બનવાની દિશામાં જ ખેલી !■





જંગ પહેલાંનો પાશવી જનસંહાર

લગભગ ૬૦ લાખ યહૂદી લોકોની સામૂહિક હત્યા કરાવનાર જર્મનીના હિટલર સાથે જ્યારે પાકિસ્તાનના સરમુખત્યાર જનરલ યાહ્યા ખાન સ્પર્ધામાં ઊતર્યા !

ઈસ્લામાબાદમાં પોતાનું શાસન જમાવવા માગતા ઝુલ્ફિકાર અલી ભુટ્ટોનું મગજ એક ચોક્કસ વજીરચાલ પર ફોકસ થયેલું હતું : અયુબ ખાનની જેમ યાહ્યા ખાનને પણ જનતાની નજરે અળખામણા બનાવવા અને તે માટે જરૂર પડે તો દેશનો બે ભાગે બટવારો પણ કરી નાખવો.

આ લાંબી રાજરમતનો પ્રથમ દાવ જાન્યુઆરી ૩૦, ૧૯૭૧ના દિવસે ઈન્ડિયન ઍરલાઈન્સના ફોકર ફ્રેન્ડશિપ વિમાનના હાઈજૅકિંગ સાથે શરૂ થયો. પાકિસ્તાની અપહરણકારો ભુટ્ટોના પાકિસ્તાન પીપલ્સ પક્ષના સભ્યો હતા. સાથોસાથ કાશ્મીરી પણ હતા. વિમાનને તેમણે લાહોર ઊતરાવ્યું, છતાં પાક સરકારને તેનો કબજો ન સોંપ્યો. ઊલ્ટું, હાઈજેકિંગના ડ્રામાનું જીવંત પ્રસારણ કરવા માટે ટેલિવિઝન કેમેરાનો બંદોબસ્ત યોજવામાં આવ્યો. પેસેન્જરોને બહાર કાઢી મકબૂલ ભટ નામના અપહરણકારે પ્લેનને પૂળો ચાંપ્યો. પાકિસ્તાનના કરોડો પ્રેક્ષકો એ દૃશ્ય ટેલિવિઝન પર જોતા હતા, એટલે તેમને ઉશ્કેરવાનો મોકો ઝડપી લેવા માટે ઝુલ્ફિકાર અલી ભુટ્ટો પોતે ટી. વી.ના પડદે હાજર થયા. ભુટ્ટોના તેજાબી ભાષણનો ટૂંકસાર એ કે ભારત શેખ મુજીબુરના અવામી પક્ષ સાથે મીલીભગત રાખીને પાકિસ્તાનના ભાગલા પડાવવા માગતું હતું, જેની સામે ખુદ ભારતીય હકૂમતવાળા કાશ્મીરના યુવાનોએ વિરોધ દર્શાવવા ઈન્ડિયન ઍરલાઈન્સના પ્લેનનું અપહરણ કર્યું હતું!


■ ઈન્ડિયન ઍરલાઈન્સના હાઈજૅક કરી જવાયેલા ફોકર પ્લેનનો લાહોર ઍરપોર્ટ પર ખુરદો કઢાયો એ દૃશ્યનું ભુટ્ટોએ જીવંત ટી.વી. પ્રસારણ કરાવ્યું



હાઈજૅકિંગના ષડ્યંત્ર પાછળ ઝુલ્ફિકાર અલી ભુટ્ટોનો હેતુ જો ખુલ્લેઆમના યુદ્ધ માટે તંગદિલીનો

માહોલ પેદા કરવાનો હોય તો એ મકસદ સાચે જ બર આવ્યો, કેમ કે નવી દિલ્હીમાં ઈન્દિરા સરકારે ઇંટનો જવાબ પથ્થર વડે આપતી જાહેરાત કરવામાં સહેજ પણ વિલંબ ન દાખવ્યો. પાકિસ્તાનને કહી દેવામાં આવ્યું કે તેનાં લશ્કરી કે પેસેન્જર વિમાનોએ આજ પછી ભારતના આકાશમાં પ્રવેશ કરવો નહિ. ઈન્દિરાએ પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાન વચ્ચે નિયમિત ઉડાન ભરતાં પાકિસ્તાન ઈન્ટરનેશનલ ઍરવેઝનાં વિમાનો માટે વાયા ભારતનો શૉર્ટ-કટ આમ બંધ કરી દીધો. પાકિસ્તાનનાં જે મિલિટરી વિમાનોએ માર્ગમાં નવું બળતણ લેવા માટે લખનૌ તેમજ આગ્રા પર લેન્ડિંગ કરેલું તેમને પણ રોકી પાડવામાં આવ્યાં.

ઈન્દિરા ગાંધીનો જવાબ ખરેખર જડબાતોડ કહી શકાય તેવો હતો. પાકિસ્તાનને તે બેહદ વસમો પડી ગયો, કેમ કે વિમાનોનાં બળતણનું વાર્ષિક બિલ હવે રૂા. ૬ કરોડ જેટલું વધી જવાનું હતું. પાકિસ્તાનનું પ્લેન જો કરાંચી અને ઢાકા વચ્ચેનો પ્રવાસ ભારતના આકાશી સીમાડાની આરપાર નીકળીને સીધી લીટીમાં ખેડે તો એ ફાસલો ૨,૩૪૦ કિલોમીટરનો થાય, જ્યારે ભારતે ફરમાવેલા પ્રતિબંધથી દરેક પ્લેને વાયા કોલમ્બોનો (શ્રી લંકાનો) માર્ગ પકડવાનો રહેતો હતો. આ લોંગ-રન કુલ ૪,૫૭૫ કિલોમીટરનો હતો ! ઈસ્લામાબાદથી કે લાહોરથી ઢાકા જવા માગતા પેસેન્જરો માટે તો ભારે કમબખ્તીનો આલમ શરૂ થયો. વિમાનમાર્ગે અગાઉ ભારતના આકાશમાં સફર ખેડીને તેઓ ફક્ત ૩ કલાકમાં ઢાકા પહોંચી જતા હતા. હવે તેમણે વધુ એક ફ્લાઈટ પકડીને સૌ પ્રથમ કરાંચી જવાનું ફરજિયાત બન્યું. લાહોર અને કરાંચી તથા ઈસ્લામાબાદ અને કરાંચી વચ્ચે અનુક્રમે ૧,૦૪૦ તેમજ ૧,૨૦૦ કિલોમીટરનું વધુ અંતર કાપવાનો વારો આવ્યો. પશ્ચિમ-પૂર્વ વચ્ચે હવાઈમાર્ગે માલસામાનનું પરિવહન તો બિલકુલ ન પરવડે એવું બન્યું. બધો માલ જહાજી રસ્તે વાયા કન્યાકુમારી મોકલવામાં ૯ દિવસ લાગી જતા હતા. આમ છતાં કેટલાક ઓછા ગજાના મુસાફરોએ પણ આટલી લાંબી સમુદ્રીયાત્રા ખેડ્યા વગર આરો ન હતો. બદમુરાદ ભુટ્ટોની રાજરમતને કારણે સમગ્ર પાકિસ્તાને નાહકની આફત વહોરી લીધી, છતાં હજી તો એ શરૂઆત હતી.



પૂર્વ-પશ્ચિમનું અંતર : નૉ-એન્ટ્રી પહેલાં અને પછી

આ તરફ જનરલ યાહ્યા ખાન પોતાની વધુ જટિલ મુસીબતો વચ્ચે ઘેરાયેલા હતા. નવેમ્બર, ૧૯૭૦માં એટલે કે માત્ર બે મહિના પહેલાં યોજાયેલી ચૂંટણીએ પૂર્વ પાકિસ્તાનના શેખ મુજીબુર રહેમાનને ટોચ પર મૂકી દીધા હતા. શેખનો અવામી લીગ પક્ષ ચોખ્ખી બહુમતીથી જીતી ગયો હતો, માટે યાહ્યા ખાને નેશનલ એસેમ્બલીની (પાર્લામેન્ટની) બેઠક વહેલીતકે બોલાવ્યા વગર છૂટકો ન હતો. બેઠક યોજાયા પછી એટલું પણ ચોક્કસ કે તેમાં અવામી લીગના સભ્યો પોતાની બહુમતીના જોરે શેખ મુજીબુરને પાકિસ્તાનના વડા પ્રધાનનો શિરપાવ આપી દે!

આ કયામતને જનરલ યાહ્યા ખાન એક યા બીજા બહાને સતત ટાળતા રહ્યા, છતાં

સમય વીત્યો તેમ પૂર્વ પાકિસ્તાનમાં બંગાળી પ્રજાનો અસંતોષ વધતો ગયો. પાકિસ્તાની નૌકાદળના વાઇસ-એડમિરલ અહેસાન ત્યારે પૂર્વ પાકિસ્તાનના ગવર્નર હતા. પરિસ્થિતિ હદપાર જવા માંડી ત્યારે જનરલ યાહ્યા ખાનને તેમણે નેશનલ એસેમ્બ્લીની બેઠક તત્કાળ બોલાવવા માટે ટેલેક્સ મેસેજ પાઠવ્યો. એડમિરલને તેમના ઢાકા ખાતેના બંગલે વળતો જવાબ પણ તરત મળી ગયો. યાહ્યા ખાને તેમને બરતરફ કર્યા અને મેજર-જનરલ સાહેબજાદા યાકુબ ખાનને નવા ગવર્નર તરીકે નીમ્યા. (ભવિષ્યમાં યાકુબ ખાન વર્ષો સુધી પાકિસ્તાનના ટકાઉ વિદેશ મંત્રી હોવાનો લહાવો પ્રાપ્ત કરવાના હતા.) નવા ગવર્નર પણ જૂના કરતાં જુદા ખયાલાતના ન હતા, કેમ કે પૂર્વ પાકિસ્તાનમાં રાજકીય મામલો ખરેખર બિચકીને કાબૂ બહાર ગયો હતો. ઇસ્લામાબાદના સરનામે અને યાહ્યા ખાનના નામે ગવર્નર યાકુબ ખાનનો પણ લગભગ એવો જ ટેલેક્સ મેસેજ ગયો : 'તમારે રૂબરૂ ઢાકા આવવું જરૂરી છે. શેખ મુજીબુર સાથે તમારી મુલાકાત ન યોજાય ત્યાં સુધી મડાગાંઠનો ફેંસલો આવે તેમ નથી. મારી વિનંતી છે કે પ્રવાસની તારીખ ગોઠવવામાં વિલંબ કરતા નહિ.'

જનરલ યાહ્યા ખાનનો ફક્ત એક વાક્યનો જવાબ હતો : 'હમણાં મને ફુરસદ નથી.'

માર્ચ ૭, ૧૯૭૧ના રોજ (ગવર્નરનો હોદ્દો સંભાળ્યા પછી સાતમે જ દિવસે) સાહેબજાદા યાકુબ ખાને રાજીનામું મૂકી દીધું. વખત જતાં 'બુચર ઑફ બાંગલા દેશ' યાને બંગાળી પ્રજાના જલ્લાદ તરીકે બદનામ થનાર લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાન ત્યાર પછી સાહેબજાદાના અનુગામી બન્યા. ઇસ્લામાબાદ સરકારે પૂર્વ પાકિસ્તાનમાં માર્શલ-લૉ પણ જાહેર કર્યો, જેના અમલીકરણની જવાબદારી ટીક્કા ખાનના માથે નાખી.

આ મિલિટરી અફસરે સમગ્ર પૂર્વ પાકિસ્તાનમાં ભયનું વાતાવરણ ફેલાવવાનું શરૂ કર્યું એ પહેલાંનો તેમનો ભૂતકાળ અત્યંત ભયંકર હતો. બ્રિટિશ હિન્દના સૈનિક તરીકે બીજા વિશ્વયુદ્ધમાં તેઓ લિબિયાના મોરચે ફિલ્ડ-માર્શલ રોમેલના જર્મન લશ્કર સામે ટેન્કયુદ્ધ લડ્યા હતા. એ વખતે ટીક્કા ખાનના ફૌજી ઉપરી લેફ્ટનન્ટ કુમારમંગલમ્ હતા, જેઓ વર્ષો પછી (જૂન, ૧૯૬૯માં) ભારતીય ખુશ્કીદળના સેનાપતિનો દરજ્જો પામવાના હતા અને ત્યાર બાદ જનરલ સામ માણેકશાના પુરોગામી તરીકે નિવૃત્તિ લેવાના હતા.

લિબિયાના જંગમાં ટીક્કા ખાનને જર્મનોએ યુદ્ધકેદી બનાવ્યા અને ૧૫ મહિના સુધી બંદીવાનોની નાઝી છાવણીમાં પૂરી રાખ્યા. આમ તો બીજું વિશ્વયુદ્ધ પૂરું ન થાય ત્યાં સુધી ટીક્કા ખાને રેગિસ્તાની છાવણીમાં સડવાનું હતું, પરંતુ સોળમે મહિને તેઓ કાંટાળી તાર ભેદીને નાસી છૂટ્યા. વિશ્વયુદ્ધ હજી ચાલુ હતું. બ્રિટિશરાજ વતી ટીક્કા ખાને ત્યાર પછી બ્રહ્મદેશના મોરચે જાપાનીઝ આક્રમણકારો સામે લડવાનું થયું. સુભાષબાબુની આઝાદ હિન્દ ફોજ પણ તે સમયે જાપાનીઓ સાથે હતી, માટે ટીક્કા ખાન સહિત કેટલાય ભારતીય જવાનો પણ એ ફોજના સંઘર્ષમાં આવ્યા. સુભાષબાબુના ખ્યાતનામ સેનાપતિ જનરલ શાહનવાઝને ખુદ ટીક્કા ખાને યુદ્ધકેદી તરીકે અટકાયતમાં લીધા ! લડાઇ દરમ્યાન ટીક્કા ખાન પોતે જખમી થયા અને ત્રણ મહિના તેમણે લશ્કરી હૉસ્પિટલમાં ગુજારવા પડ્યા. બીજું વિશ્વયુદ્ધ એ જ અરસામાં પૂરું થયું. આ પંજાબી મુસ્લિમને યુદ્ધમાં તેમણે બજાવેલી કામગીરી બદલ પ્રમોશન મળ્યું.




■ બુચર ઑફ બાંગલા દેશ : ટીક્કા ખાન

કેપ્ટનના નવા હોદ્દા સાથે તેઓ મહારાષ્ટ્રમાં (એ વખતના મુંબઇ પ્રાન્તમાં) દેવલાલી ખાતે નિમણૂંક પામ્યા. એ પછી મથુરા, કલ્યાણ અને દેહરાદૂનમાં એક પછી એક બઢતી સાથેના હોદ્દા સંભાળ્યા. ઊંચા દરજ્જે પહોંચવું જો કે ખુશ્કીદળના દરેક અફસર માટે કપરૂં હતું, કેમ કે સ્પર્ધા તીવ્ર હતી. આથી ૧૯૪૭માં ભારતનું વિભાજન થયું ત્યારે ટીક્કા ખાન પાકિસ્તાન જતા રહ્યા.


પાકિસ્તાની લશ્કરમાં ટોચના લેવલે પહોંચવા માટે બહુ સંઘર્ષ કરવો પડે તેમ ન હતો. એપ્રિલ, ૧૯૬૯માં ટીક્કા ખાન પાક ખુશ્કીદળના લેફ્ટનન્ટ-જનરલ બની ગયા; એટલે કે નાયબ સેનાપતિની પાયરી સુધી પહોંચ્યા. હુલ્લડોને તથા રમખાણોને કડક હાથે દાબવામાં તેમની કુનેહ બહુ જાણીતી હતી. બે વર્ષ સુધી તેઓ લાહોરના ચીફ માર્શલ-લૉ એડમિનિસ્ટ્રેટર હતા, એટલે પૂર્વ પાકિસ્તાનમાં ગવર્નર સાહેબજાદા યાકુબ ખાને રાજીનામું મૂક્યું કે તરત જનરલ યાહ્યા ખાને ઢાકા જવા માટે ટીક્કા ખાનને સૂચના આપી. વાયા કોલમ્બોનો લાંબો રસ્તો પકડીને ટીક્કા ખાન માર્ચ ૭, ૧૯૭૧ની સાંજે ઢાકા પહોંચ્યા ત્યારે યાકુબ ખાને ગવર્નરનો બંગલો હજી ખાલી કર્યો ન હતો, માટે નવા ગવર્નરે લશ્કરી કેન્ટોનમેન્ટના એક મકાનમાં તત્પુરતો પડાવ નાખવો પડ્યો. એ જ રાત્રે તેમણે સરકારના મુખ્ય સચિવને, પોલિસ વડાને તથા નાયબ પોલિસ વડાને બોલાવ્યા. ત્રણેય અમલદારોના મોઢે તેમને ચોંકાવનારી કબૂલાત સાંભળવા મળી કે પૂર્વ પાકિસ્તાનમાં મુલ્કી શાસન હવે સરકારના નહિ, પરંતુ શેખ મુજીબુર રહેમાનનાં સૂચનો મુજબ ચાલતું હતું ! સરકારના કર્મચારીઓ દરેક નિર્ણય શેખસાહેબને પૂછ્યા બાદ લેતા હતા. ટૂંકમાં, ઇસ્લામાબાદનો પૂર્વ પાકિસ્તાનના વહીવટી તંત્ર પર જરાય અંકુશ રહ્યો ન હતો.

અંકુશ કેટલી હદે સરી ગયો તેનું પ્રત્યક્ષ ભાન ખુદ ટીક્કા ખાનને બીજે દિવસે થયું કે જ્યારે પૂર્વ પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશે તેમને ગવર્નર તરીકે સોગંદ લેવડાવવાની ચોખ્ખી ના પાડી દીધી ! છેવટે ટીક્કા ખાને શપથ લીધા વગર જ પોતાને ગવર્નર જાહેર કરવા પડ્યા. એક વાત તેઓ સમજી ચૂક્યા કે શેખ મુજીબુર સાથે તડજોડ કર્યા વગર તંગદિલીનું વાતાવરણ દૂર થાય તેમ ન હતું. આમ છતાં મુજીબુરને તેમણે વાતચીત માટે પોતાને ત્યાં બોલાવ્યા ત્યારે એ બંગબંધુએ પણ સાફ ઇન્કાર કર્યો. એકમાત્ર યાહ્યા ખાનને મળવા તેઓ રાજી હતા. ટેલિફોન પર તેમણે ટીક્કા ખાનને સ્પષ્ટ જણાવ્યું કે યાહ્યા જો હજી ફુરસદ કાઢીને પૂર્વ પાકિસ્તાન આવવા તૈયાર ન હોય તો બાંગલા દેશ નામના સ્વતંત્ર રાષ્ટ્રનું એલાન થાય એ નોબત માટે તૈયાર રહેજો!

■ શેખ મુજીબુર સાથે મંત્રણા ચલાવવા માટે યાહ્યા ખાને વાયા કોલમ્બોના માર્ગે કરાંચી-ટુ-ઢાકા જવું પડ્યું



બાંગલા દેશની આજે લખાયેલી તવારીખ અનુસાર લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાન અવ્વલ નંબરના ખલનાયક તો ખરા, પરંતુ ખંધી ચાલબાજી ખેલવામાં પણ તેઓ



■ પૂર્વ પાકિસ્તાન દરેક વાતે પશ્ચિમ પાકિસ્તાનનો સમકક્ષ દરજ્જો પામે એ શેખ મુજીબુરની તીવ્ર ઇચ્છા હતી. પૂર્વ પાકિસ્તાનની અવહેલના તેમના માટે અસહ્ય હતી-- પશ્ચિમની પાક સરકાર એ જ કરી રહી હતી

ભલભલા મુત્સદ્દી રાજકારણીને આંટી જાય તેવા હતા. શેખ મુજીબુરને શાંત રાખવા માટે અને દરમ્યાન પશ્ચિમ પાકિસ્તાનનાં લશ્કરી દળોને પૂરતી સંખ્યામાં પૂર્વ પાકિસ્તાન લાવવાનો સમય મેળવવા ખાતર ૧૨મી માર્ચે તેમણે જાહેરાત કરી કે જનરલ યાહ્યા ખાન વહેલી તકે ઢાકા પધારી રહ્યા હતા.

ઝુલ્ફિકાર અલી ભુટ્ટો દ્વારા રોજેરોજ કાનભંભેરણીનો ડોઝ પામતા જનરલ યાહ્યા ખાનની પણ ગણતરી ટીક્કા ખાન કરતાં જુદી ન હતી. પૂર્વ પાકિસ્તાનની મુક્તિ ચળવળને લશ્કરી એડી નીચે કચડી નાખવા માટે તેમને પણ સમયની જરૂર હતી. વિમાનમાર્ગે તથા જહાજમાર્ગે હજારો સૈનિકોને કરાંચી-ટુ-ઢાકા પહોંચતા કરવામાં દિવસો લાગી જાય તેમ હતા. સૈનિકોને વળી પૂરતા શસ્ત્રસરંજામ સાથે મોકલવા રહ્યા. દરમ્યાન શેખ મુજીબુર કશો સળવળાટ ન કરે તે જરૂરી હતું. પૂર્વ પાકિસ્તાનમાં તેઓ સરકાર રચીને બેસી જાય અને બંદરો તથા ઍરપોર્ટ એ સરકારના કબજામાં આવી જાય તો પછી ટીક્કા ખાને લશ્કરી કુમક મોકલી બળવો દાબવાની જરાય ગુંજાશ રહે તેમ ન હતી.

ત્રણ દિવસ પછી જનરલ યાહ્યા ખાન ઢાકા પહોંચ્યા, પરંતુ એકલા નહિ. વિદેશ મંત્રી ઝુલ્ફિકાર અલી ભુટ્ટો પણ તેમની સાથે હતા. શેખ મુજીબુર સાથે વાટાઘાટોનો આરંભ થયો. યાહ્યા ખાન વાતચીતને શક્ય એટલી લંબાવવા માગતા હતા, જ્યારે ભુટ્ટો તે મંત્રણા લાંબી ચાલ્યા પછી અંતે તેને પડી ભાંગતી જોવા તત્પર હતા. સમાધાનના પ્રસ્તાવો એક પછી એક કરીને મૂકાતા ગયા અને શેખસાહેબ દ્વારા વારાફરતી દરેકને રદિયો મળતો ગયો. ભુટ્ટોએ જનરલ યાહ્યા ખાનના મગજમાં ઠસાવ્યું કે પૂર્વ પાકિસ્તાનને મામૂલી સ્વાયત્તતા પણ જો આપી છે તો પશ્ચિમ પાકિસ્તાન તેના વિરોધમાં ભડકે બળ્યું સમજો ! અને શેખ મુજીબુર પાકિસ્તાનના વડા પ્રધાન થાય એ તો પંજાબી, સિન્ધી અને પઠાણી અવામ હરગીઝ સાંખી ન લે !

દુનિયાભરની નજર ઢાકામાં ચાલતી મંત્રણાઓ પર હતી. ઇન્દિરા ગાંધી પણ ઢાકામાં ભારતીય દૂતાવાસ મારફત રોજેરોજની મંત્રણાનો રિપોર્ટ મંગાવતાં હતાં. વાટાઘાટો છેવટે તૂટી પડે કે પછી કશીક સુલેહભરી તડજોડ થાય તેના પર ખુદ ભારતના પણ ભાવિનો દારોમદાર હતો, કેમ કે પૂર્વ પાકિસ્તાન સરવાળે જો પશ્ચિમ પાકિસ્તાન સાથેનો છેડો ફાડી નાખે તો યુદ્ધ ફાટી નીકળવાનો સંભવ પૂરેપૂરો હતો. મુજીબુરના અવામી લીગની ભેંસ માત્ર ભારતીય

ખીલાના જોરે કૂદતી હોવાનું માનતા જનરલ યાહ્યા ખાન ત્યાર પછી ભારતને સજા કર્યા વગર જંપે તેમ ન હતા. વાટાઘાટોમાં ૧૦ દિવસ નીકળી ગયા, છતાં સામસામા આગેવાનો કશા નતીજા પર ન આવ્યા. અગિયારમે દિવસે ૨૫ મી માર્ચ હતી, જે તારીખ બાંગલા દેશની તવારીખમાં કાળા અક્ષરે લખાવાની હતી. સવારે વાટાઘાટો માટે વધુ એક બેઠક મળી ત્યારે ભુટ્ટોએ નાટકીય હમદર્દી સાથે શેખ મુજીબુર સમક્ષ પ્રસ્તાવ મૂક્યો : 'અમે પૂર્વ પાકિસ્તાનને તમારી માગણી અનુસારની સ્વાયત્તતા આપવા તૈયાર છીએ. શરત માત્ર એટલી છે કે પાકિસ્તાનનો બે હિસ્સે બટવારો ન થવો જોઈએ. પાકિસ્તાનની અખંડિતતા જળવાતી હોય તો અમને સત્તાનો પણ કશો લોભ નથી. ભલે તમે દેશના વડા પ્રધાન બનો.'


આ શરત માન્ય રાખવામાં મુજીબુરને જરાય વાંધો ન હતો. આમેય ગાંધીવાદી સત્યાગ્રહના પાટે ચાલતું તેમનું આંદોલન દેશના ભાગલા પાડવા માટેનું ન હતું. પૂર્વ પાકિસ્તાનને રાજકીય, આર્થિક તેમજ સામાજિક રીતે પશ્ચિમ પાકિસ્તાનનો બરોબરિયો દરજ્જો મળે એ જ તેમની એકમાત્ર ખ્વાહિશ હતી. વાટાઘાટો સફળ થયાનું તેમણે ધારી લીધું. હવે આગામી સવારે દ્વિપક્ષી સમજૂતીના દસ્તાવેજ પર સહીસિક્કા કરવાની જ ઔપચારિકતા બાકી રહેતી હતી. દરમ્યાન બપોરે તેમણે પોતાના અવામી લીગના ક્રાંતિકારોને તથા સમગ્ર આમજનતાને દિવસો થયે ચાલતી શાંતિમય અસહકારની ઝૂંબેશ બંધ કરવા માટે સૂચના આપી દીધી.

અફસોસ કે યાહ્યાની બગલમાં રહેલી છૂરીને તથા ભુટ્ટોના પેટમાં રહેલી કાતરને સીધાસાદા વ્યક્તિત્વના શેખ મુજીબુર પામી શક્યા નહિ. સૈનિકોના તથા શસ્ત્રોના જંગી સ્થળાંતર માટે જરૂરી સમય મેળવવા ખાતર જ બન્ને જણાએ શેખ મુજીબુરને હથેળીમાં સ્વાયત્તતાનો અને સત્તાનો ચાંદ દેખાડ્યો હતો. છેલ્લા દિવસે નમતું જોખ્યાનો ડોળ કરીને તેઓ અવામી લીગના સતર્ક ક્રાંતિકારોને ગાફેલિયતમાં સેરવી દેવા માગતા હતા.

અચાનક ઢાકામાં અફવા ફેલાવા માંડી કે કરાંચીની અનેક બટાલિયનો ઢાકા પહોંચી ચૂકી હતી. બાતમીદારોએ તે સમાચાર મુજીબુરને આપ્યા, પરંતુ તેમના માનવામાં ન આવ્યા. ઢાકાના ગવર્નમેન્ટ હાઉસમાં અત્યારે તો ભુટ્ટો અને યાહ્યા ખાન પોતાના સલાહકારો જોડે બેસીને પેલો સુલેહનો દસ્તાવેજ તૈયાર કરી રહ્યા હોય, તો પછી લશ્કરી કાર્યવાહી હાથ ધરવા માટે કુમક મંગાવવાનો પ્રશ્ન જ ક્યાં હતો ? આમ છતાં મુજીબુરના સેક્રેટરીએ પોતાના સમાધાન ખાતર જનરલ યાહ્યા ખાનના મિલિટરી સચિવને ફોન કરી આગામી મુલાકાતનો સમય માગ્યો. સેક્રેટરીને કહી દેવામાં આવ્યું કે યાહ્યા ખાન આરામમાં હતા. થોડા કલાક પછી ખુદ શેખ મુજીબુરે ફોન કર્યો ત્યારે તેમને પણ એ જ પ્રત્યુત્તર મળ્યો. આખી રાત તેમણે અજંપામાં ગાળી. વહેલી સવારે ચા પીતી વખતે તેમનો ફોન રણક્યો. અવામી લીગના એક સિનિઅર હોદ્દેદારે મોકાણના સમાચાર આપ્યા કે જનરલ યાહ્યા ખાન અને ઝુલ્ફિકાર અલી ભુટ્ટો રાત્રે જ ચૂપચાપ વિમાનમાર્ગે કરાંચી જવા નીકળી ગયા હતા અને ઢાકામાં જનરલ ટીક્કા ખાને આયાતી પાક સૈનિકો મારફત બળવાને કચડી નાખવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી.

સમાચાર બિલકુલ સાચા હતા. લેફ્ટનન્ટ-જનરલને બદલે જલ્લાદના સ્વાંગમાં આવેલા ટીક્કા ખાને પઠાણ તથા પંજાબી સૈનિકોને છૂટો દોર આપી દીધો હતો. ઢાકાની ફાઈવ-સ્ટાર લક્ઝરી હૉટલના છઠ્ઠા માળે સામાન બંધાવી રહેલા ભુટ્ટોએ જતાં જતાં મશીનગનોના અવાજો સાંભળ્યા અને ટેન્કો આવતી દીઠી. ઢાકાના ઍરપોર્ટ તરફ હંકારેલો યાહ્યા ખાનનો મોટરરસાલો પણ ગોળીબારોની તડાફડી વચ્ચે હંકાર્યો ત્યારે રસ્તાની ફૂટપાથો પર લાશોના ઢગ ખડકાયે જતા હતા. ઈસ્લામાબાદના પાક સૈનિકોએ માર્ચ ૨૫/૨૬ની એક જ રાત દરમ્યાન એકલા

પાટનગર ઢાકામાં જ કુલ ૭,૦૦૦ લોકોને વીંધી નાખ્યા. ટીક્કા ખાને આપેલા હુકમ મુજબ સૌ પહેલાં બુદ્ધિજીવી વર્ગને ખતમ કરવાનો હતો, જેથી બુલંદ નેતૃત્વના અભાવે સ્વાયત્તતાની ઝુંબેશ લાંબો સમય ન ચાલે. આમ યુનિવર્સિટીના પ્રોફેસરો, ડાબેરી વિચારકો, રાજકીય આગેવાનો, શિક્ષણકારો, લેખકો અને પત્રકારો વગેરે સૌ પહેલાં દમનનો ભોગ બન્યા. એક જર્મન પત્રકારે પોતાના દૈનિકને મોકલેલા ન્યૂઝ રિપોર્ટમાં જણાવ્યું કે, 'ઢાકાની બન્ને નદીઓનું પાણી આજે લાલ દેખાતું હતું, કેમ કે હજારો વીંધાયેલા મૃતદેહો તેમાં કૂડાકચરાની જેમ ફેંકી દેવામાં આવ્યા હતા.'



■ પાક ફોજે મુજીબુરને હિરાસતમાં લીધા પછી હવાઈમાર્ગે ઈસ્લામાબાદ મોકલી આપ્યા

પાકિસ્તાનના ખુશ્કીદળમાં ટીક્કા ખાનનો હોદ્દો લેફ્ટનન્ટ-જનરલનો હતો, છતાં શૈક્ષણિક લાયકાત જોવા બેસો તો તેઓ ગ્રેજ્યુએટ પણ ન હતા. ફૌજી કારકિર્દીનો આરંભ તેમણે સાવ અભણ સૈનિક તરીકે કર્યો હતો, એટલે સિનિઅર અફસરમાં સામાન્ય રીતે જોવા મળે એવી કુશળતા, તર્કશક્તિ અને કુનેહ સાથે તેમને બાર ગાઉનું છેટું રહી ગયું હતું. એ જ ખામી જનરલ યાહ્યા ખાનમાં હતી. પરિણામે માર્ચ ૨૫, ૧૯૭૧ના રોજ વાટાઘાટો પડી ભાંગ્યા બાદ એક તરફ ટીક્કા ખાને પોતાના લશ્કર મારફત સમગ્ર પૂર્વ પાકિસ્તાનમાં જનસંહાર શરૂ કરાવ્યો, તો બીજી તરફ ઝુલ્ફિકાર અલી ભુટ્ટો સાથે ઈસ્લામાબાદ જવા ગુપચુપ રવાના થયેલા યાહ્યા ખાને બંગબંધુ શેખ મુજીબુર રહેમાનને પણ સી-૧૩૦ પ્રકારના મહાકાય સૈનિકવાહક પ્લેનમાં બેસાડી તેમનેય વાયા કોલમ્બો પશ્ચિમ પાકિસ્તાન ટ્રાન્સફર કર્યા.

આ હિરાસત અંગે પૂર્વમાં આમજનતાને બિલકુલ જાણ ન હતી. ધરપકડ નક્કી છે અને ત્યાર પછી ફાંસીની સજાને પાત્ર એવા દેશદ્રોહના આરોપસર કાનૂની ખટલો પણ ચાલવાનો છે એ વાત મુજીબુરને છેલ્લી ઘડીએ બેશક જાણવા મળી હતી. પૂર્વ પાકિસ્તાનમાં ગુપ્તવેશે કામગીરી બજાવતા ભારતના જાસૂસોએ તેમને થોડા કલાક પહેલાં જ ખબરદાર કર્યા હતા.

પશ્ચિમથી આવેલા પાક લશ્કરે સૌ પહેલાં ઢાકા, ચિત્તાગોંગ, પબના વગેરે શહેરોનાં પોલિસમથકોને સપાટામાં લીધાં. પોલિસની કુલ તાદાદ ૪૫,૦૦૦ જેટલી હતી, જેમાં ઘણા ખરા બંગાળીઓ હતા. સૌનાં હથિયારો જપ્ત કરવામાં આવ્યાં. પૂર્વ પાકિસ્તાનમાં એ સિવાય ઈસ્ટ બેંગાલ રેજિમેન્ટના ૬,૦૦૦ સશસ્ત્ર જવાનો હતા. ઈસ્ટ પાકિસ્તાન રાયફલ કહેવાતી બીજી ફોજનું સંખ્યાબળ આશરે ૧૪,૦૦૦ હતું. લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાનના આયાતી સૈનિકો તો ૧,૦૦,૦૦૦ કરતાં પણ વધુ હતા. ઢાકાથી તેઓ પ્રત્યેક દિશામાં ફેલાયા અને દરેક લશ્કરી છાવણીમાં ઊંચી પાયરીના અફસરોને શોધી કાઢી ઠાર મારવાનું શરૂ કર્યું. સ્વતંત્રતાની ઝૂંબેશનું નેતૃત્વ સંભાળી શકે તેવા અફસરોની સમગ્ર હરોળને જ ટીક્કા ખાન નાબૂદ કરી દેવા માગતા હતા. લશ્કરી બરાકોમાં દીવાલ પાસે ફાયરિંગ સ્ક્વૉડ સમક્ષ ખડા કરાતા અફસરો



■ ચિત્તાગોંગની છાવણીના મેજર ઝિયા-ઉર-રહેમાન

મુખ્યત્વે બંગાળી મુસ્લિમો હતા.


ગણતરીના કલાકોમાં જ કુલ ૯,૦૦૦ અફસરોને વીંધી નખાયા બાદ પાકિસ્તાની સૈન્યને પહેલા અસરકારક પ્રતિકારનો અનુભવ ચિત્તાગોંગમાં થયો. ઈસ્ટ બેંગાલ રેજિમેન્ટની આઠમી બટાલિયનનો પડાવ તે શહેરમાં હતો. બટાલિયનમાં મધ્યમ પાયરીના એક સભ્ય ઝિયા-ઉર-રહેમાન નામના મેજર હતા. મુજીબુરની જેમ તેઓ પણ જાતના બંગાળી એ તેમનો વાંક, એટલે બટાલિયનના પંજાબી કમાન્ડિંગ ઑફિસરે ૨૬મી માર્ચે વહેલી પરોઢે તેમને સપડાવવા માટે છટકું ગોઠવ્યું. છાવણીના કોન્ફરન્સ રૂમમાં આવવા તેમને કહેણ મોકલાવ્યું, પરંતુ ચેતી ગયેલા ઝિયા એ ચાલમાં ફસાયા નહિ. ઊલટું, ટુકડીના બીજા છ બંગાળી અફસરોને તથા ૨૦૦ સૈનિકોને તેમણે સંગઠિત કર્યા અને કેટલીક ટેન્કો કબજે લીધી.

રણગાડીના કાફલાને હંકારતા અને સાથોસાથ હજારો લોકોને સરઘસરૂપે દોરી જતા મેજર ઝિયા-ઉર-રહેમાન ચિત્તાગોંગના રેડિઓ સ્ટેશને પહોંચ્યા. ચાલુ કાર્યક્રમને રોકી પાડી તેમણે બગાવતનું એલાન કર્યું. બધાં લશ્કરી મથકોના બંગાળી અફસરોને પાકિસ્તાની હુમલાખોરો સામે યુદ્ધે ચડવા લલકાર્યા. ઈન્કલાબના આગામી વાવાઝોડાની તે પ્રથમ લહેરખી હતી. મેજરનો રેડિઓસંદેશો પ્રસારિત થયા પછી અનેક લશ્કરી મથકોમાં સશસ્ત્ર લડતનો આરંભ થયો. આ મેજર તેમની હિંમત, કોમપરસ્તી અને જવાંમર્દીના પગલે વખત જતાં સ્વતંત્ર બાંગલા દેશના પ્રમુખ બનવાના હતા અને વધુ કેટલાક સમય બાદ એ જ સત્તાવારસો તેમની વિધવા બેગમ ખાલિદા ઝિયાને મળવાનો હતો.

પાકિસ્તાની ફોજ આવા પ્રતિકાર વચ્ચે પણ જનસંહાર ચાલુ રાખવામાં ફાવતી રહી તેનું મુખ્ય કારણ એ કે આશરે ૫૦,૦૦૦ જેટલા રઝાકારોનો તેને સાથ હતો. આ રઝાકારો બંગાળી નહિ, પણ બિહારી મુસ્લિમો હતા અને પૂર્વ પાકિસ્તાન બહુમતી એવા બંગાળી પ્રજાજનોના અલગ રાષ્ટ્રમાં ફેરવાય એ તેમને મંજૂર ન હતું. પરિણામે લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાનના આયાતી સૈન્યને અજાણ્યા મુલકમાં તેઓ જરૂરી માર્ગદર્શન આપતા રહ્યા. અમીચંદોની રાહે તેને દુશ્મનો સુધી દોરી જવામાં પણ મદદરૂપ બન્યા. આ કહેવાતી ગદ્દારીને કારણે એક બીજો સમાંતર આંતરવિગ્રહ ફાટી નીકળ્યો, જેમાં બિહારી મુસ્લિમોની કત્લેઆમ થવા માંડી. રોજના સરેરાશ ૩,૦૦૦ થી ૫,૦૦૦ રઝાકારોની થતી કતલ વધુ તો તેના ઘાતકીપણા બદલ ઘૃણાજનક હતી. રાયફલની બેયોનેટ વડે કેટલાકને જીવતા વીંધી નાખવામાં આવતા હતા, તો કેટલાકની ખોપરી પથરા વડે તોડી દેવાતી હતી. ફક્ત ગડદાપાટુ વડે જેમને ક્રૂરતાપૂર્વક ખતમ કરાયા હોય એવા બદકિસ્મત બિહારી મુસ્લિમો પણ અસંખ્ય હતા. લોકોનો આક્રોશ ફક્ત રઝાકારો પૂરતો સીમિત રહેવાને બદલે હદપાર ગયો અને પૂર્વ પાકિસ્તાનના ૪૦,૦૦,૦૦૦ બિહારી પ્રજાજનોના માથે રીતસર આભ ફાટ્યું. બીજા વિશ્વયુદ્ધ પછી જગતે કદી ન દીઠી હોય એટલી વ્યાપક ખૂનામરકીએ પૂર્વ પાકિસ્તાનને ઈન્સાની કતલખાનામાં પલટી નાખ્યું. કતલ બેવડી રીતે ચાલતી હતી. ટીક્કા ખાનનું મુખ્યત્વે પઠાણી અને પંજાબી સૈન્ય બંગાળી પ્રજાનો સંહાર કરતું હતું, તો

બંગાળીઓ લઘુમતી બિહારી લોકોનું સામુહિક નિકંદન કાઢતા હતા. આ હિંસાખોરીએ ભારતને ઓર કફોડી હાલતમાં મૂકી દીધું, કારણ કે બિહારી અને બંગાળી એમ બન્ને કોમના નિરાશ્રિતો ભારતને અભયારણ્ય સમજી રોજેરોજ હજારોની સંખ્યામાં હિજરત કરી સરહદપાર આવવા લાગ્યા.

પૂર્વ પાકિસ્તાનના મુસ્લિમ છતાં બંગાળી પ્રજાજનોની કમબખ્તીનું વર્ણન કરતા ભારતીય વાયુસેનાના ભુતપૂર્વ ઍર ચીફ-માર્શલ પ્રતાપચંદ્ર લાલ તેમના પુસ્તક 'My years with IAF'માં લખે છે કે, 'માર્ચ ૨૬, ૧૯૭૧ના એ દિવસે હું આસામનો પ્રવાસ ખેડી રહ્યો હતો. પૂર્વ પાકિસ્તાનમાં લશ્કરી દમનકારો અને પ્રજાજનો વચ્ચે નિર્ણાયક સંઘર્ષ શરૂ થયાના સમાચાર મને જોરહાટમાં મળ્યા. હવાઇદળના ખાસ જેટ પ્લેનમાં મોડી રાત્રે દિલ્હી પાછા ફરતી વખતે બ્રહ્મપુત્રના આકાશમાં જબરજસ્ત વાવાઝોડું આકાર લેતું દેખાયું. વીજળીના ચમકારા સતત થતા હતા. આ ચમકારા મને પૂર્વ પાકિસ્તાનમાં ભડકેલી ક્રાંતિની ચિનગારીના પ્રતીક જેવા લાગ્યા.'



■ ઈસ્લામાબાદના મળતિયા એવા રઝાકારોને આવી ભૂંડી રીતે મોતની સજા મળી

ઇન્દિરા ગાંધીને નિરાશ્રિતોના પ્રશ્નનો છેડો દેખાતો ન હતો. આ માટે તેમણે જનરલ યાહ્યા ખાન સાથે રૂબરૂ મંત્રણા યોજવા બેસવું પડે, પણ દુર્ભાગ્યે બન્ને નેતાઓ વચ્ચે પરોક્ષ વાર્તાલાપના પણ સંબંધો રહ્યા ન હતા. કોઇ વગદાર મહાસત્તા પણ આમાં વિષ્ટિકારનો રોલ અદા કરી શકે તેમ ન હતી, કારણ કે અમેરિકા પર ભારતને તથા રશિયા પર પાકિસ્તાનને ભરોસો ન હતો. ઇન્દિરાને આવા સંજોગોમાં યુદ્ધ અનિવાર્ય લાગવા માંડ્યું. નિરાશ્રિતોનો આર્થિક બોજો જોતાં તેઓ યુદ્ધ ખેલવા માટે અધીરાં પણ બન્યાં.■






પ્રકરણ : ૫

માસ્ટર સ્ટ્રોકનો માસ્ટર પ્લાન

ઇન્દિરા ગાંધીને યુદ્ધ ખેલવું હતું, પણ એવું યુદ્ધ કે જે પાકિસ્તાનના બે ટુકડા કરી નાખે. પાકિસ્તાનને મરણતોલ ઘા મારવા તેમણે ઘડેલો પ્લાન સાચે જ માસ્ટર પ્લાન હતો

ઇન્દિરા ગાંધીને લગતો એક પ્રચલિત ખ્યાલ એ છે કે ૧૯૭૧નો વિગ્રહ તેમણે સામે ચાલીને જનરલ યાહ્યા ખાન પાસે ઉછીનો માગ્યો હતો. જુદા શબ્દોમાં કહો તો યાહ્યા ખાન કરતાં તેમને લડવાની તાલાવેલી વધુ હતી. આ ખ્યાલ અંશતઃ સાચો પણ હોય, કેમ કે લાગ મળે ત્યારે પાકિસ્તાનનું બે ટુકડે વિભાજન કરી નાખ્યા પછી તેની લશ્કરી તાકાતનું પણ થોડુંક વિભાજન થાય એ સ્વાભાવિક વાત હતી. પરિણામે કાશ્મીરના મુદ્દે ફરી વખત ભારતને છંછેડવાની ગુસ્તાખી આગામી બેએક દાયકા સુધી પાકિસ્તાનનું લશ્કર ન કરે એ પણ દેખીતું



હતું. ઇન્દિરાને એ જાતનો લાગ હવે કદાચ નજર સામે દેખાયો હતો.

અલબત્ત, સિક્કાની બીજી સાઇડ તપાસો તો માર્ચ ૨૬, ૧૯૭૧ પછી બનાવો પણ એવા બન્યા કે ભારતના વડા પ્રધાને યુદ્ધમાં ઝંપલાવ્યા વગર આરો ન રહ્યો. લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાનનો આતંક હિટલરને શરમાવે એટલી હદે વકર્યો, માટે લાખો બંગાળી મુસ્લિમો પોતાનો જાન બચાવવા સરહદ ઓળંગીને પશ્ચિમ બંગાળમાં પ્રવેશ્યા. કેટલાંક ધાડાં ત્રિપુરામાં તેમજ આસામમાં ગયાં. અમેરિકાના સેનેટર એડવર્ડ કેનેડીએ પૂર્વ પાકિસ્તાનની મુલાકાત લીધા બાદ માંડેલા અડસટ્ટા મુજબ ત્યાં ૧,૦૦,૦૦૦ નાગરિકોનો સફાયો કરાયો હતો. જનસંહાર હજી વણઅટક્યો ચાલી રહ્યો હતો, માટે સપ્ટેમ્બરના અંતે નિરાશ્રિતોની કુલ સંખ્યા વધીને ૯,૦૦,૦૦૦ સુધી પહોંચવાની હતી.



■ પૂર્વ પાકિસ્તાનમાં રાજકીય સ્થિતિ ડામાડોળ બની હતી, એટલે ત્યાંથી લાખો બંગાળી નિરાશ્રિતો સરહદ ઓળંગી ભારતમાં ઘૂસી આવ્યા

નિરાશ્રિતોને પાછા હાંકી કાઢવા એ તેમને મોતના જડબામાં ધકેલવા બરાબર હતું. સૌ પોતાનો જીવ પડીકે બાંધી માત્ર પહેરેલે કપડે આવ્યા હતા, માટે આગામી વરસાદી મોસમમાં તેમને આશ્રય દેવાની અને ખોરાકપાણી તથા દવાદારૂ આપવાની પણ નૈતિક જવાબદારી ભારત સરકારના માથે આવી પડી. ત્રિપુરા, આસામ તથા પશ્ચિમ બંગાળમાં સરકારી તાલીમ સંસ્થાઓ, ખાલી ગોદામો અને સ્કૂલોનાં મકાનો સહિત અનેક નાની-મોટી ઇમારતો અચોક્કસ સમય માટે નિરાશ્રિતોનું આશ્રયસ્થાન બની. આ જાતના કુલ ૩૩૫ કેમ્પ સ્થાપવામાં આવ્યા. ઇન્દિરા ગાંધીએ ઇસ્લામાબાદ સરકારને અપીલ કરી કે હિજરતી નિર્દોષોને જાનમાલની સુરક્ષાનું વચન આપી અને તેમનો વિશ્વાસ સંપાદિત કરી પાછા સ્વદેશ બોલાવવામાં આવે, પરંતુ યાહ્યા ખાન કશું સાંભળવા તૈયાર ન હતા. હકીકતે કાનભંભેરણીમાં અત્યંત કાબેલ એવા ભુટ્ટો તે જનરલના માથે ભૂતની જેમ સવાર થયા હતા. નવેક લાખ બંગાળી મુસ્લિમો પૂર્વ પાકિસ્તાન છોડીને ભારત જતા રહે અને હંમેશ માટે ભારતમાં જ રહે એ પરિવર્તન ભુટ્ટોને મન તો અત્યંત માફકસરનું હતું, કારણ કે આવા લોકો ત્યાર પછી યોજાતી ચૂંટણી વખતે મતદાનમાં ભાગ જ ન લે. નેશનલ એસેમ્બલીમાં શેખ મુજીબુરના અવામી લીગને મળી શકતી બેઠકો પણ એ રીતે આપોઆપ ઘટી જવા પામે.

ઇન્દિરા ગાંધીએ જોયું કે હંમેશ માટે આવા સંજોગો રહે તો પરદેશી નિરાશ્રિતો અને ભારતીય યજમાન પ્રજા વચ્ચે કોમી એખલાસનું વાતાવરણ ટકી શકે નહિ. આથી છેવટે લશ્કરી તાકાત વાપરીને પણ સમસ્યાનો તોડ લાવવો રહ્યો. એ માટે એપ્રિલ, ૧૯૭૧માં આખરે તેમણે પોતાના સેનાપતિ સામ હોર્મુશજી ફરામજી જમશેદજી માણેકશાને યાદ કર્યા.

ભારતીય ખુશ્કીદળના વડા તરીકે જનરલ ચૌધરીએ અને ત્યાર બાદ જનરલ કુમારમંગલમે પણ નિવૃત્તિ લીધા બાદ જૂન, ૧૯૬૯માં જનરલ સામ માણેકશા ખુશ્કીદળના વડા બન્યા હતા. ઇન્દિરાએ તેમને લશ્કરની ત્રણેય પાંખોની સેનાપતિસમિતિના પણ વડાનો દરજ્જો આપવાનું નક્કી કર્યું હતું. પૂર્વ પાકિસ્તાનના બનાવો અંગે સૌ પ્રધાનો સાથે ચર્ચા કરવા માટે વડા પ્રધાને

એપ્રિલ ૨૮, ૧૯૭૧ની સવારે કેબિનેટની મિટિંગ ગોઠવતા પહેલાં જનરલ માણેકશાને સંદેશો મોકલાવ્યો કે મિટિંગમાં થનારી ચર્ચા કેટલીક લશ્કરી બાબતોને સ્પર્શે તેમ હોવાને લીધે તેમણે પણ એ મિટિંગમાં હાજર થવું.

ચર્ચા અડધો-પોણો કલાક ચાલી. ઇન્દિરાએ માણેકશાને ચોખ્ખા શબ્દોમાં સૂચના આપી: 'તમે લશ્કરને પૂર્વ પાકિસ્તાન તરફ રવાના કરવા માટે તૈયાર રાખજો.'

'એ તો ખુલ્લેઆમ યુદ્ધને નોતરી લેવા બરાબર છે !' માણેકશાએ વડા પ્રધાનને વસ્તુસ્થિતિનો ખ્યાલ આપ્યો.

'યુદ્ધ થાય એ વાતનો અમને જરાય વાંધો નથી.' વળતો જવાબ પણ તરત મળી ગયો.

'આજે જ તમારે યુદ્ધ શરૂ કરવું હોય તો હું તમને સો ટકા પરાજયની ગેરન્ટી આપવા તૈયાર છું !' ઇન્દિરાને તડને ફડ પરખાવતાં માણેકશા બોલ્યા.



■ ૧૯૬૯ના અરસામાં ખુશ્કીદળના વડા તરીકેનો હોદ્દો સંભાળનાર જનરલ સામ માણેકશા, જેઓ વખત જતાં ફિલ્ડ માર્શલનો સર્વોચ્ચ ખિતાબ પામ્યા

ઇન્દિરાએ તરત કેબિનેટ મિટિંગને બરખાસ્ત કરી દીધી. સંરક્ષણ મંત્રી જગજીવન રામને પણ જવા દીધા, પરંતુ માણેકશાને રોકાવા માટે સૂચના આપી. જનરલે ધારી લીધું કે નારાજ થયેલાં મેડમ તેમનું રાજીનામું લેવા માગતાં હતાં. આથી બન્ને જણાં એકલાં પડ્યાં કે તરત માણેકશાએ રાજીનામાની ઑફર મૂકી.

'તમે કેમ ધારી લીધું કે મેં તમને રાજીનામું લખી આપવા ખાતર રોક્યા છે ?' ઇન્દિરાએ કહ્યું. 'પરંતુ મને તમારી બોલવાની પદ્ધતિ બિલકુલ પસંદ નથી.'

'--અને છતાં ખુશ્કીદળના વડા તરીકે નક્કર વાસ્તવિકતાને તમારી સમક્ષ જેમની તેમ રજૂ કરવી એ પણ મારી ફરજ ખરી કે નહિ ?' માણેકશાએ જવાબ દીધો. 'એક વાત કહી દઉં! ૧૯૬૨માં ચીની આક્રમણ વખતે જનરલ થાપરને બદલે હું જો ખુશ્કીદળનો વડો હોત તો તમારા પિતાજીએ શરમાવાનો વારો ન આવત એ પણ ચોક્કસ !'

આ વાક્ય સાથે બન્ને જણા વચ્ચે લાંબાગાળાની વ્યૂહરચનાનું એવું ફાઇન ટ્યૂનિંગ શરૂ થયું કે હવે એકેય મુદ્દા પર મતભેદ પડવાનો સવાલ ન હતો. ઇતિહાસ જુદી રીતે લખાવાનો હોત તો માણેકશા એ જ અરસામાં યાને કે ઉનાળામાં યુદ્ધ ખેલવા માટે હા પાડી દેત અને ઇન્દિરાએ કદાચ પસ્તાવાનો સમય આવત, પરંતુ ભારતીય ઉપખંડની ભૂગોળ હંમેશ માટે બદલાવાનું જાણે નક્કી હોય તેમ માણેકશા તેમના નનૈયામાં મક્કમ રહ્યા. વડા પ્રધાનને તેમણે ડિસેમ્બરના આરંભ સુધી રાહ જોવા સલાહ આપી.

સલાહ મુદ્દાની હતી. પૂર્વ પાકિસ્તાનમાં બીજે જ મહિને એટલે કે મે ના અંતે ચોમાસું બેસતાં ભારતીય બખ્તરિયા દળ ત્યાંના જળબંબોળ પ્રદેશમાં આગેકૂચ ન કરી શકે એ તો ઠીક, પરંતુ એ સમય પંજાબમાં ફસલ લણવાનો હતો. પશ્ચિમ સરહદે એવે વખતે લશ્કરી અભિયાન

શરૂ કરી દેવું અને ખેતીવાડી ઉત્પન્ન બજાર તરફ જતા ફસલ ભરેલા ખટારાના માર્ગો લશ્કરી કાફલા માટે રોકી લેવા તે પંજાબના ખેડૂતો માટે પાયમાલી નોતરવા બરાબર હતું. જનરલે વડા પ્રધાનને યાદ અપાવ્યું કે ભારતમાં મહત્તમ અનાજ પેદા કરતા રાજ્યને તેઓ યુદ્ધના બહાને પણ અવગણી શકે નહિ.

ઉનાળા દરમ્યાન યુદ્ધ થાય તો ચીન તેમાં દખલઅંદાજી કરે એ ભય પણ મોટો હતો. ૧૯૬૫માં એમ જ બન્યું હતું. પાકિસ્તાન વતી ભારત પર દબાણ લાવવા માટે સિક્કિમના મોરચે ચીને એકધારૂં ફાયરિંગ ચલાવ્યું અને ૩,૦૦૦ કિલોમીટર લાંબી સરહદે ખુલ્લેઆમ યુદ્ધ જાહેર કરવાની ચીમકી આપી. ૧૯૬૫નો એ મહિનો સપ્ટેમ્બર હતો. મહિનાની તારીખ પણ બીજી-ત્રીજી હતી, એટલે હિમાલયના પહાડોમાં હિમવર્ષાનો આરંભ પણ થયો ન હતો. ઉત્તર સરહદના પર્વતીય ઘાટ હજી ખુલ્લા હતા. ચીનની લશ્કરી ચીમકી સરવાળે તો સૂકો દમ સાબિત થઇ, પરંતુ હવે નવા યુદ્ધમાં પાકિસ્તાનના બે ટુકડા થાય એટલી હદે મામલો બિચકવાનો હોય તો ચીન કદાચ ઝાલ્યું રહે નહિ. આથી તેના સૈન્ય માટે હિમાલયના પહાડોમાં હિમવર્ષા થકી કુદરતી નાકાબંધી રચાયેલી હોય તે વ્યૂહાત્મક રીતે અત્યંત જરૂરી હતું. ઉષ્ણતામાન શૂન્ય નીચે ૪૦° સેલ્શિયસના લેવલે સરી જાય અને બરફના ઢગલા દરેક ઘાટના રસ્તાને બંધ કરી દે એ માટે નવેમ્બર મહિનો વીતી જવા દેવો જોઇએ.

પૂર્વ પાકિસ્તાનનો ભૌગોલિક ઢાંચો જોતાં પણ અનુકૂળ સમય નવેમ્બર પછીનો જ હતો. નદી-નાળાંની જળસપાટી એ વખતે જરા ઓસરી ચૂકી હોય અને ચીખલવાળા પ્રદેશો સૂકાયા હોય, એટલે ભારે ટેન્કો અને તોપો સાથે ત્યાં મનફાવતો દિશામાર્ગ પકડીને બેરોકટોક આગેકૂચ કરવાનું એકદમ સરળ બને. લશ્કરી વ્યૂહરચનાને લાગેવળગે છે ત્યાં સુધી એ લાભ સરવાળે હાર-જીતનો ફરક પાડી દે તેવો હતો. માનો કે ચોમાસા દરમ્યાન યુદ્ધ જાહેર કરી નાખ્યું હોય તો ભારતીય બટાલિયને, ડિવિઝને કે રેજિમેન્ટે ફરજિયાત પાકા રસ્તે જ આગળ વધવાનું થાય, જ્યાં ટીક્કા ખાનનાં શસ્ત્રસજ્જ દળો સાંકડી જગ્યામાં મજબૂત અને સંગઠિત હરોળ રચી તેને આસાનીપૂર્વક રોકી શકે તેમ હતાં. એ પછી મડાગાંઠ જેવો મુકાબલો યુદ્ધના આખરી ફેંસલાને અચોક્કસ મુદત સુધી લંબાવતો રહે એ તો હરગીઝ ન ચાલે.


સંભવિત યુદ્ધ કેટલું ખેંચાય એ જ મુદ્દો છેવટે વડા પ્રધાન માટે ચિંતાનો વિષય બન્યો. જનરલ માણેકશાએ એક મહિનાનો સમય માગ્યો, જ્યારે વડા પ્રધાનને ૧૫ દિવસ પણ વસમા પડી જાય તેમ હતા. ૧૯૬૫માં સદ્ગત લાલ બહાદુર શાસ્ત્રીને થયેલા કડવા અનુભવનો દાખલો તેમની નજર સામે હતો. સતત ૨૨ દિવસ સુધી તુમુલ સંગ્રામ ખેલાયા છતાં કશું પરિણામ ન આવ્યું ત્યારે ચીન, અમેરિકા તથા રશિયા એમ ત્રણેય દેશોએ ભારત-પાકિસ્તાનને તલવારો મ્યાન કરવાની ફરજ પાડી હતી. પરમવીર અબ્દુલ હમીદ જેવા ભારતીય જવાનોનાં બલિદાનો સદંતર બાતલ ગયાં એટલું જ નહિ, પણ યુદ્ધ ખેલ્યાનો કશો રાજકીય અર્થ ન સર્યો. પરંતુ ૧૯૭૧નું યુદ્ધ અર્થપૂર્ણ બનવું જોઇએ. ઇસ્લામાબાદના તાબેદાર સંસ્થાન તરીકે જીવતું પૂર્વ પાકિસ્તાન સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જીવવા માટે મુક્ત થવું જોઇએ. આ ક્રાંતિકારી રાજકીય ફેરફાર થતાં પહેલાં જો આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ યુદ્ધને સમેટી લેવાનું થાય તો પછી એ નિરર્થક હતું. પરિણામલક્ષી ન હોય એવા યુદ્ધનો કશો મતલબ જ રહેતો ન હતો. ઇન્દિરાએ માણેકશાને ભારપૂર્વક જણાવ્યું કે ગમે તે થાય, પણ લશ્કરી દાવપેચ તેમણે એ પ્રકારના ગોઠવવા કે પશ્ચિમી દેશો ભારતનાં બાવડાં મરોડવાનું શરૂ કરે એ પહેલાં જ પાકિસ્તાન બે ટુકડે વિભાજન પામે.

માણેકશા સાથે યોજાયેલી મુલાકાતના થોડા સમય પછી વડા પ્રધાને કેન્દ્રિય નાણાંખાતાના

મુખ્ય સચિવ આઇ. જી. પટેલને બોલાવ્યા અને સીધો પ્રશ્ન કર્યો : 'અમેરિકા રખે આપણા દેશનો આર્થિક બહિષ્કાર કરે અને બીજાં પશ્ચિમી રાષ્ટ્રો પણ તેને સાથ આપે તો હુક્કાપાની બંધ થયા પછી તમે કેટલો વખત અર્થતંત્રને પગભર રાખી શકશો ?'

'મેડમ', આઇ. જી. પટેલે વિશ્વાસભેર જવાબ દીધો. 'ઘણાં વર્ષો બાદ પહેલી વખત આપણી પાસે એક હજાર કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ છે અને ગોદામો પણ અનાજ વડે ભરચક છે. બહિષ્કાર પાંચ કે છ મહિના ચાલે તો પણ દેશનું અર્થતંત્ર પડી ભાંગે તેમ નથી.'

રણમેદાનના યુદ્ધમાં રાજકીય દાવપેચ પણ ક્યારેક ચાવીરૂપ બને. ભારતના પક્ષે તો ખરેખર એમ બનવું નક્કી હતું, કારણ કે અગાઉનું યુદ્ધ લાલ બહાદુર શાસ્ત્રી છેવટે રણમેદાનને બદલે આંતરરાષ્ટ્રીય રાજકારણના અખાડામાં હારી ગયા હતા. ઇન્દિરા ગાંધી એટલાં નસીબદાર કે આફતનું ધુમ્મસ ચોતરફ ઘેરાયું હોય ત્યારે યોગ્ય દિશાસૂચન કરવા માટે તેમની પાસે શ્રેષ્ઠ સલાહકારોની ટીમ હતી. આઝાદી પછી ક્યારેય એકસાથે જોવા ન મળ્યા હોય એવા ચાણક્યો એ ટીમમાં મોજૂદ હતા અને વડા પ્રધાનને આખરે જ્વલંત યશ અપાવવામાં તેમનો ફાળો મહત્વપૂર્ણ સાબિત થવાનો હતો. ઇન્દિરાના મુખ્ય સલાહકાર દ્વારકા પ્રસાદ ધર અત્યંત ઠરેલ દિમાગના અનુભવી મુત્સદ્દી હતા. વળ જોયા પછી ટાંકણું ક્યાં અને ક્યારે મારવું એ નક્કી કરવાની તેમને જબરી ફાવટ હતી. પી. એન. હક્સર વડા પ્રધાનના મુખ્ય સેક્રેટરી હતા, જેમની વહીવટી કુશળતાનો ગુણ પેઢી દર પેઢી વારસામાં ચાલ્યો આવતો હતો. (હક્સરના ભાઇ વર્ષો સુધી ઇન્ડિયા ટોબેકો કંપનીના ચેરમેન હતા.) વિદેશ સચિવ ટી. એન. કૌલ પણ આંતરરાષ્ટ્રીય ડિપ્લોમસીના નીવડેલા ખેલાડી હતા, જ્યારે પી. એન. ધરે વડા પ્રધાનના સચિવ-કમ-સલાહકારનો ડબલ રોલ સંભાળ્યો હતો. નિકટના ભવિષ્યમાં કદાચ અમેરિકા સાથે પુષ્કળ ઘર્ષણ થાય એમ ધારી ઇન્દિરાએ જાણીતા ડિપ્લોમેટ લક્ષ્મીકાંત (એલ. કે.) ઝાને પણ વૉશિંગ્ટન ખાતે ભારતના રાજદૂત નીમી દીધા. આ બધા સલાહકારો અને સચિવો નેહરુ કબિલાની જેમ કાશ્મીરી બ્રાહ્મણો હતા. આને માત્ર નસીબનો યોગાનુયોગ કહો કે નર્યો પ્રાન્તવાદ ગણો, પરંતુ છેવટનું સત્ય એ છે કે રાષ્ટ્ર સામેના પડકાર સામે લડતી નેહરુની દીકરીને તેઓ સૌ પોતાનું બૌદ્ધિક અને નૈતિક પીઠબળ આપવા તત્પર હતા.



■ વડા પ્રધાનના ચાણક્ય દ્વારકા પ્રસાદ ધર

ધાર્યા કરતાં એ પડકાર વસમો નીવડ્યો. અંતે યુદ્ધ ફાટી જ નીકળે તો એવા સંજોગોમાં ભારતનો કેસ સંગીન બનાવવા માટે એટલે કે આંતરરાષ્ટ્રીય દબાણનું લેવલ નીચું રાખવા માટે વડા પ્રધાને લગભગ પ્રત્યેક દેશના પ્રમુખને કે વડા પ્રધાનને આગોતરા પત્રો લખ્યા. ઇસ્લામાબાદે પૂર્વ પાકિસ્તાનમાં શરૂ કરેલા દમનનો ચિતાર આપી પ્રત્યેક દેશને તેમણે માનવતાના નામે પાક સરકાર પર દબાણ લાવવા જણાવ્યું. અફસોસ કે યાહ્યા ખાનને સમજાવવાનું કામ જેઓ સારી રીતે કરી શકે એવા મધ્ય-પૂર્વના આરબ દેશો ચૂપ બેસી રહ્યા. મિલિટરી દમનનો ભોગ બની રહેલા પ્રજાજનો માટે સહાનુભૂતિ વ્યક્ત કરવા જતાં વિશ્વના સૌથી વધુ આબાદીવાળા મુસ્લિમ દેશ સામે 'હિન્દુ' ભારતની તરફદારી કરી ગણાય એમ માની કેટલાક આરબ દેશોએ ઇન્દિરાના પત્રનો વળતો જવાબ પણ આપ્યો નહિ. પત્ર મળ્યાની ફક્ત પહોંચ મોકલી આપી. સાઉદી અરબસ્તાન, લિબિયા અને કુવૈતે તો ભારતને જ અવળી બોચીએ પકડ્યું. ઇસ્લામાબાદનો

લશ્કરી ખર્ચ વધી ગયો હોવાને કારણે અને પૂર્વ પાકિસ્તાન દ્વારા તેને મળતી શણની તથા ચાની નિકાસઆવક હવે અટકી હોવાને લીધે તેમણે જનરલ યાહ્યા ખાનને રોકડ સહાય મોકલી ! બ્રિટને પણ ઇસ્લામાબાદનો પક્ષ તાણ્યો. બ્રિટનના રૂઢિવાદી વિદેશપ્રધાન સર અલેક ડગ્લાસ હ્યુમે ત્યાંની સંસદમાં કહ્યું કે, ‘પાકિસ્તાનના બે ટુકડા થતા હોય ત્યારે યાહ્યા ખાન શું ચૂપચાપ એ તમાશો જોયા કરે?’

ઇન્દિરાની બદ્કિસ્મતીમાં હજી જાણે કસર બાકી હોય તેમ રશિયાએ પણ ભારતને યુદ્ધ ખેલવા સામે ચેતવણી આપી. પાકિસ્તાનને એ વખતે સામ્યવાદી ચીન સાથે ગાઢ સંબંધો હતા, તો રશિયા અને ચીન એકમેકના દુશ્મનો હતા. પાકિસ્તાનને વધુ પડતું ચીનના પડખામાં સરી જતું રોકવું હોય તો રશિયાએ જનરલ યાહ્યા ખાનને ટેકો આપ્યા વગર ન ચાલે. મોસ્કોની હમદર્દીનો યાહ્યા ખાનને ખાતરીપૂર્વક અહેસાસ કરાવવા માટે રશિયાએ કરાંચીમાં રૂસી સહયોગનું નવું પોલાદનું કારખાનું બાંધવા માટે પોતાના ટેક્નિશિઅનોને ત્યાં મોકલી આપ્યા. ચીની રાજકીય વગ પાકિસ્તાનમાં ફેલાય તે રશિયાને બિલકુલ પોસાય તેમ ન હતું. ટૂંકમાં, ‘હિન્દી-રૂસી ભાઇ ભાઇ’નો નારો કપુરની જેમ હવામાં ઓગળી ગયો!



■ અમેરિકી પ્રમુખના ચાણક્ય હેન્રી કિસિન્જર

ભવિષ્યમાં યુદ્ધ થાય તો અમેરિકા હવે ભારતને જ આક્રમક સમજી જનરલ યાહ્યા ખાનને નવો શસ્ત્રસરંજામ પહોંચાડે અથવા તો ૧૯૬૫માં બન્યું તેમ ભારત પર દબાણ લાવવા માટે રશિયા તથા અમેરિકા સંપી જાય એવો ખતરો અચાનક વધી ગયો. ઇન્દિરા ગાંધીએ તરત પોતાના મુખ્ય સલાહકાર દ્વારકા પ્રસાદ ધરને બોલાવ્યા. પી. એન. હક્સર, જી. પાર્થસારથિ, ટી. એન. કૌલ, કે. બી. લાલ વગેરે મુત્સદ્દી વિદ્વાનોની પણ તેમણે સલાહ લીધી. આ બધા મહાનુભાવો વડા પ્રધાને તત્કાળ છતાં તત્પુરતી રચેલી યુદ્ધસમિતિના સભ્યો હતા. બહુમતી મત એ પડ્યો કે યુદ્ધમાં પાકિસ્તાન હારતું દેખાય ત્યારે અમેરિકા ભારત પર હુમલો કરવા લલચાય પણ ખરૂં. બીજી તરફ યુદ્ધનો જલદી ફેંસલો ન આવે તો બન્ને પક્ષે સફેદ વાવટા ફરકાવવા માટે રશિયા તથા અમેરિકા સંયુક્ત રીતે દબાણ લાવે એવું પણ બને. પરિણામે અમેરિકાનું સંભવિત આક્રમણ રોકવું હોય અને અમેરિકા-રશિયા વચ્ચે સંપ પણ ન થવા દેવો હોય તો હાલના મોકે જ રશિયાને ભારતની પડખે ખેંચી લેવું જોઇએ. ઇન્દિરાના ચાણક્ય કહેવાતા દ્વારકા પ્રસાદ ધરે વડા પ્રધાનને ચેતવ્યાં કે રશિયા મુસીબતના સમયે ભારતનો સાથ જાળવવાનું ફક્ત મૌખિક વચન આપે તે ન ચાલે. રશિયાને લેખિત કરારમાં બાંધી લેવું જોઇએ.

આ પ્રસ્તાવ મૂળ તો જૂનો હતો, છતાં બદલાયેલા સંજોગોમાં વડા પ્રધાનને તે ગજબનાક લાગ્યો. નસીબ જો કે બે ડગલાં આગળ, માટે આવા મૈત્રીકરારનો વિધિવત્ દસ્તાવેજ તૈયાર કરવાનું સૂચન મૂકાયું ત્યારે મોસ્કો સરકારે ઝાઝો રસ દાખવ્યો નહિ. એક તરફ પાકિસ્તાનને ચીનના પડખામાં ભરાતું રોકવા માટે પ્રયાસો જારી હોય ત્યારે બીજી તરફ ભારત સામે ગાઢ દોસ્તીનો હાથ લંબાવવો એ રશિયાને મન રિવર્સ ગીયરમાં જવા બરાબર હતું.

ભારતના નસીબ આડેનું પાંદડું થોડા વખત પછી અચાનક ખસી પણ જવા પામ્યું. અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સન રશિયાના દુશ્મન એવા ચીન સાથે દોસ્તી કેળવવા માગતા હતા. અમેરિકાને તે દેશ સાથે બોલવાના સંબંધો પણ ન હતા. આથી પાકિસ્તાન અમેરિકા-ચીન વચ્ચે દોસ્તી કરી અપાવવા માટે છૂપી રીતે વચેટિયું બન્યું. જુલાઈ ૯, ૧૯૭૧ના રોજ પ્રમુખ નિક્સનના ચાણક્ય કહેવાતા સલાહકાર હેન્રી કિસિન્જરે ચીનના પાટનગર બિજિંગનો (પેકિંગનો) ગુપ્ત પ્રવાસ ખેડ્યો. આ પ્રવાસ અંતે ખુલ્લો પડ્યો ત્યારે રશિયાને ૪૬૦ વૉલ્ટનો શોક આપી ગયો. અલબત્ત, કિસિન્જરની છૂપી ચીનયાત્રાનો પહેલો શોક ભારતના વડા પ્રધાનને મળ્યો. બન્યું એવું કે કિસિન્જર ચીનનો દરિયો વાળીને અમેરિકાના વરંડામાં લાવ્યા તેની વધામણી પ્રમુખ નિક્સન જાતે ટેલિવિઝનના પડદે ચમકીને સમગ્ર દેશને આપવા માગતા હતા. આ સનસનાટીભર્યું પ્રસારણ થાય તેના થોડા કલાક અગાઉ વૉશિંગ્ટનમાં એલ. કે. ઝાના નિવાસસ્થાને ટેલિફોન રણક્યો, પરંતુ ઝા ત્યારે બહાર ગયા હતા. ટૂંક સમય બાદ તેઓ પાછા ફર્યા, એટલે સિક્યોરિટી અમલદારે તેમને જણાવ્યું : 'એમ્બેસેડર સાહેબ બહાદુર કે લિયે કિશન ચંદરજી કા ફોન આયા થા !'



■ દોસ્તીના બહાને ચીની ડ્રેગનને તાબે લેવાના મનોરથો ઘડીને બેઠેલા અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સન

ભારત અને અમેરિકાના સંબંધો ભારે તંગદિલ હોવાને કારણે રાજદૂત એ નામ સાંભળીને ચોંકી પડ્યા. કોઈ સાચેસાચા કિશન ચંદરનો નહિ, પરંતુ હેન્રી કિસિન્જરનો ફોન હતો. ઓછું ભણેલા સિક્યોરિટી અમલદારને તેમનું નામ ઉચ્ચારવાનું ફાવતું ન હતું, માટે કિસિન્જરને તે માત્ર કિશન ચંદર તરીકે ઓળખતો હતો. કિસિન્જરે આપેલા મેસેજ પ્રમાણે ઝાએ તેમને સામો ફોન કર્યો. નિક્સનના સલાહકાર ત્યારે વૉશિંગ્ટનને બદલે લોસ એન્જલિસમાં હતા. ઝાને તેમણે પૂછ્યું : 'રાત્રે ૮:૩૦ વાગ્યે તમે ક્યાં હશો ?'

'મારે એક પાર્ટીમાં ડિનર માટે જવાનું છે !' ઇન્દિરાનો જાણીતો બનવા માંડેલો ખુમારીભર્યો સ્વભાવ ભારતીય રાજદૂતના શબ્દોમાં પણ વ્યક્ત થયો. શબ્દોનો પરોક્ષ મતલબ એ કે નિક્સનના ચાણક્ય ઇન્દિરાના એલચીનો સંપર્ક કરવા માગતા હોય તો એ શક્ય ન હતું. હેન્રી કિસિન્જરે પાર્ટી જ્યાં ગોઠવાયેલી ત્યાંનો ફોન નંબર માગ્યો અને ટપકાવ્યો. હવે ત્યાં ૮:૩૦ વાગ્યે તેઓ ફોન કરવાના હતા. મામલો શો છે એ તેમણે જણાવ્યું નહિ.

નિર્ધારિત સમયે પ્રમુખ નિક્સનના ચાણક્ય ટેલિફોન લાઇન પર હાજર થયા : 'પ્રમુખસાહેબ બરાબર અડધા કલાક પછી સમગ્ર દેશને ટેલિવિઝન પર જાણ કરવાના છે કે મેં ચીનનો ગુપ્ત પ્રવાસ ખેડ્યો અને વર્ષો બાદ પહેલી જ વખત બેય દેશો વચ્ચેના સંબંધો મૈત્રીભર્યા બન્યા. વિગતવાર માહિતી તો તમને પ્રમુખના બ્રોડકાસ્ટમાં મળી રહેશે. દરમ્યાન તેમણે આટલો સંદેશો તમારા વડા પ્રધાનને તાબડતોબ પહોંચાડવા જણાવ્યું છે. તમારે સંદેશો લખવાની જરૂર નથી. તમને યાદ રહે એ માટે હું સંદેશો બીજી વાર રિપીટ કરીશ !'

એલ. કે. ઝાને કાગળ-પેન લેવાની તક જ ન મળી. હકીકતમાં તેની જરૂર પણ ન હતી. મૌખિક જાસાચિઠ્ઠી કહી શકાય એવો સંદેશો મગજમાં ફીટ બેસી જાય એટલી હદે તેજાબી હતો.

નિક્સને જણાવેલું કે અમેરિકા તથા ચીન વચ્ચે દોસ્તી જામી છે, એટલે હવે ભારત એ બાબતમાં છેડખાની કરે તો વૉશિંગ્ટન સરકાર તેને ભારતનો પડકાર ગણશે અને તે પડકારનો નવી દિલ્હીને યોગ્ય જવાબ પણ મળશે !

પ્રમુખ નિક્સનના શબ્દો રાજદ્વારી ભાષાના હતા, માટે આડકતરા હતા અને રાજદૂત એલ. કે. ઝાએ તેમનો સૂચિતાર્થ જાતે શોધી કાઢવાનો હતો. સૂચિતાર્થ એ જ હોય કે ભારત જો પાકિસ્તાન સામે યુદ્ધે ચડશે તો તેને રોકવા માટે ચીન ઉત્તર સરહદે નેફા-લદાખમાં ભારત સામે મોરચો ખોલશે અને ભારત જો ચીનને તેનો વળતો જવાબ આપશે તો અમેરિકા તેને પોતાના જીગરી દોસ્ત પરનું આક્રમણ ગણી દોસ્તની મદદે દોડશે.

ઘડીનો પણ સમય ગુમાવ્યા વગર એલ. કે. ઝા ભારતીય એલચી કચેરી પર ગયા. મામલો ખરેખર સિરિઅસ હતો. ઇન્દિરા ગાંધી માટે તેમણે વિગતવાર રિપોર્ટ તૈયાર કર્યો અને પછી સાંકેતિક ભાષામાં પલટીને નવી દિલ્હી મોકલી આપ્યો. રિપોર્ટ વાંચીને વડા પ્રધાનના માથે આભ ફાટ્યું કે કેમ એ તો કોને ખબર, પરંતુ માથામાં રહેલું ચબરાક મગજ વીજળીવેગે સક્રિય બન્યું. એ પછી બનાવો ઝડપભેર બન્યા એટલું જ નહિ, પણ ગોપિત રીતે બન્યા. ઇન્દિરા ગાંધીએ રશિયાના સામ્યવાદી આગેવાનોને જણાવ્યું કે, 'પાકિસ્તાનનો ભરોસો ન કરી શકાય એ વાત અમે તો ક્યારના તમને જણાવતા હતા...' આ હળવો મમરો મૂક્યા પછી તેમણે લિયોનિદ બ્રેઝનેવ પર કોણ જાણે શી ભુરકી છાંટી કે રૂસી વિદેશમંત્રી આન્દ્રેઇ ગ્રોમિકો ઑગસ્ટ ૯, ૧૯૭૧ના રોજ તેમના રાજદ્વારી કાફલા સાથે દિલ્હી પધાર્યા અને ભારત સાથેના ૨૦ વર્ષ લાંબા નવા મૈત્રીકરાર પર સહી કરી નાખી. ભારત વતી એ દસ્તાવેજ પર વિદેશપ્રધાન સરદાર સ્વર્ણસિંહે શેરો માર્યો.

વૉશિંગ્ટનમાં અમેરિકી પ્રમુખ રિચાર્ડ નિક્સનને બીજે દિવસે ભારત-રૂસી કરારની પૂરેપૂરી કલમો વાંચવા મળી ત્યારે જબરજસ્ત ડિપ્લોમેટિક શિકસ્ત મળ્યાનો અહેસાસ તેમને થયો. એક કલમ બહુ પેચીદી હતી. કોઇ ત્રીજો દેશ રશિયા પર હુમલો કરે તો ભારતે રશિયાની મદદે દોડવાનું હતું અને જો ભારત પર હુમલો થાય તો રશિયાએ ભારતનો સાથ નિભાવવાનો હતો. બન્ને દેશો વચ્ચે આવા દોસ્તીના સંબંધો વળી મૈત્રીકરારના અન્વયે ૨૦ વર્ષ સુધી બરકરાર રહેવાના હતા!

ઇન્દિરા ગાંધીની પચાસ ટકા ચિંતા હવે ટળી ચૂકી, કારણ કે યુદ્ધમાં એકમાત્ર પાકિસ્તાનનો મુકાબલો કરવાનો થાય એ વાત નક્કી બની. નેહરુની મુત્સદી દીકરીનું માનસદર્શન કરવું અથવા કરાવવું મુશ્કેલ હોવા છતાં એટલું ચોક્કસ રીતે કહી શકાય કે યુદ્ધ વગર પણ અખંડ પાકિસ્તાનના વહેલામોડા ભાગલા પડે એ તેઓ સમજી ચૂક્યાં હતાં. મોકાણની વાત એ કે અમેરિકા પણ સમજી ચૂક્યું હતું. પશ્ચિમ પાકિસ્તાનના માંડ ૭૦,૦૦૦ જેટલા પઠાણ, બલુચી અને પંજાબી સૈનિકો પૂર્વ પાકિસ્તાનના સાડા સાત કરોડ બંગાળી પ્રજાજનોને લાંબો સમય તાબેદાર ન રાખી શકે અને બંગબંધુ શેખ મુજીબુર રહેમાનનું મુક્તિ આંદોલન છેવટે સફળ થયા વગર ન રહે તેનો ખ્યાલ અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સનને ચોવીસ કેરેટ સુધી હતો. આથી તેઓ પોતાના વડીલપણા હેઠળ પાકિસ્તાનનું વિભાજન કરવા માગતા હતા. ઇસ્લામાબાદ પર એક તરફ રાજકીય દબાણ કરવું અને બીજી તરફ શેખ મુજીબુરને અમેરિકાના પડખા તરફ ખેંચવા એવો પ્રમુખ નિક્સનનો ગેમ-પ્લાન હતો. પ્લાન સફળ થાય તો દેખીતી રીતે શેખ મુજીબુર અમેરિકાના કાયમી ધોરણે અહેસાનમંદ બને. આર્થિક મદદ વડે ત્યાર પછી નવા રાષ્ટ્ર બાંગલા દેશને હંમેશ માટે અમેરિકાનું સૂબારાજ્ય બનાવવાનું સહેલું હતું.

બદકિસ્મતી નિક્સનની કે ઇન્દિરાની બુદ્ધિ પાનીએ નહિ, પરંતુ મગજમાં હતી. નિક્સનના અને તેમના ચતુર સલાહકાર હેન્રી કિસિન્જરના ભેજામાં કેવો શયતાની ચરખો ફરી રહ્યો છે તે પ્રિયદર્શિનીએ બહુ આસાનીપૂર્વક પારખી લીધું. નવા રાષ્ટ્ર બાંગલા દેશના સર્જનનો યશ અમેરિકા ખાટી જાય એ ભારતને હરગીઝ પરવડે નહિ. ઇસ્લામાબાદ કહેવાતી એક શૂળ તો પશ્ચિમ તરફ ભારતના પડખામાં (મુખ્યત્વે અમેરિકન શસ્ત્રસહાયને લીધે) સતત ભોંકાયા કરતી હતી. હવે ઢાકા નામની બીજી શૂળ પૂર્વ તરફ પણ ભોંકાવા માંડે તો ભારત માટે પરિસ્થિતિ અત્યંત પીડાદાયક બને. ઇન્દિરાએ નક્કી કર્યું કે અમેરિકાને બાંગલા દેશની આઝાદીનો યશ મળવાનું તો બાજુએ રહ્યું, બલકે વૉશિંગ્ટન સરકારને વિલનનો ટોપો પહેરાવવો જોઇએ. ભવિષ્યમાં પણ બાંગલા દેશની પ્રજા અમેરિકાને માફ ન કરે એટલી હદે એ મહારાજ્યને અળખામણું કરી મૂકવું જોઇએ. આ માટે યુદ્ધ અનિવાર્ય હતું એટલું જ નહિ, પણ યુદ્ધને અનિવાર્ય બનાવવા માટે અમેરિકાના બધા શાંતિપ્રસ્તાવોને મીઠી છૂરી જેવી મુત્સદીગીરી વડે હલાલ કરવા જરૂરી હતા.

■ અમેરિકી પ્રમુખ નિક્સનને મળવા વૉશિંગ્ટન ગયેલાં ઇન્દિરા ગાંધી



પ્રમુખ નિક્સને અમેરિકાના કઠપુતળા સમાન જનરલ યાહ્યા ખાનનું નાક દાબી તેમના મોઢે જ અનેક પ્રસ્તાવો મૂકાવ્યા. દાખલા તરીકે 'બુચર ઑફ બાંગલા દેશ' કહેવાતા લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાને બાંગલા દેશની જનતા પર દમનનો જલ્લાદછાપ દોર ચલાવ્યો હતો. નિક્સને તેમની હકાલપટ્ટી કરવા માટે યાહ્યા ખાનને ફરજ પાડી. ઢાકામાં ટીક્કા ખાનનો હોદ્દો ત્યાર પછી બુદ્ધિજીવી ગણાતા ડૉ. એ. એમ. મલિકે લીધો અને લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા ખાન નિયાઝી ત્યાંના પાક લશ્કરના સેનાપતિ બન્યા. ભારતમાં હિજરત કરી ગયેલા નવ લાખ બંગાળી નિરાશ્રિતોને સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના નિરીક્ષકોની દોરવણી હેઠળ પાછા સ્વીકારવા માટે પણ યાહ્યા ખાન તૈયાર થયા. નિક્સને પોતે એ નિરાશ્રિતોના પુનર્વસવાટ માટે પચ્ચીસ કરોડ ડૉલર (એ વખતના હૂંડિયામણ દરે રૂા. ૨૦૦ કરોડ) ફાળવવાની ઑફર કરી. પશ્ચિમ પાકિસ્તાનમાં કારાવાસ ભોગવતા શેખ મુજીબુરને છોડી મૂકવામાં પણ યાહ્યા ખાનને વાંધો ન હતો. અમેરિકાના દબાણ હેઠળ યાહ્યા ખાને મુક્તિ વાહિનીના સૌ બગાવતી ક્રાંતિકારોને માફી આપવાની પણ તૈયારી દેખાડી. અગાઉ તેમણે એ સૌને માટે 'દેશદ્રોહ' બદલ મોતની સજા જાહેર કરી હતી.

આ બધા પ્રસ્તાવો સામે પ્રિયદર્શિનીનો એક જ હાજર જવાબ હતો : 'સોરી !' અલબત્ત, પેટમાં કાતર છૂપાવેલી હોવા છતાં તેમણે મોઢું હંમેશા મલકતું રાખ્યું. નિક્સનને તેઓ મચક આપવા માગતાં ન હતાં તેમ સર્વોચ્ચ મહાસત્તાના એ પ્રમુખ છંછેડાય એટલી હદે તેમની માનહાની પણ કરવા માગતાં ન હતાં. આથી નવેમ્બર ૪, ૧૯૭૧ના રોજ તેઓ રૂબરૂ નિક્સનને મળવા વૉશિંગ્ટન ગયાં. હેન્રી કિસિન્જર પોતાનાં સંસ્મરણોમાં લખે છે કે, 'ઇન્દિરા અને નિક્સન વચ્ચેનો પ્રત્યક્ષ વાર્તાલાપ બે સદંતર બહેરા માણસો વચ્ચેના સંવાદ જેવો હતો. ઇન્દિરાએ પહેલાં તો નિક્સનને તેમની શાંતિલક્ષી વિદેશનીતિ માટે જાણે કે રીતસર મધમાં જીભ ઝબોળીને શાબાશી આપી. કોઇ ધનવાન કુટુમ્બના ઠોઠ નિશાળિયા ઘરદીવડાનું હોમવર્ક તપાસ્યા પછી માસ્તર તેના વખાણ કરે તેના જેવો એ નર્યો આડંબર હતો. અંદરખાને નિક્સન

ક્રોધ વડે રાતાપીળા થતા હતા. ઇન્દિરાના મુખ પર સ્મિત ફરકતું હતું. ભોળપણનું નાટક કેટલી સરસ રીતે ખેલી શકાય તે મારે પણ ઇન્દિરા પાસે શીખવું રહ્યું !'

બીજે દિવસે એટલે કે પાંચમી નવેમ્બરના રોજ બન્ને આગેવાનો ફરી વખત મળ્યાં. ફરી વખત આગલા દિવસ જેવાં જ ફોતરાં ખાંડવામાં આવ્યાં. નિક્સન ગમે તે ભોગે યુદ્ધ ટાળવા દરખાસ્તો પર દરખાસ્તો મૂક્યે જતા હતા અને ભારતીય વડા પ્રધાન મૂળ વાતને ગપચાવતાં રહી ક્યારેક તો વૉશિંગ્ટનના ખુશનુમા શિયાળુ હવામાન અંગે વાતો કરતાં હતાં.

વડા પ્રધાન છેવટે પોતાનું ધાર્યું કરીને રહ્યાં. રાજકીય ચેસ-બોર્ડ પર દરેક ચાલ તેઓ એ રીતે રમ્યાં કે આખરે યુદ્ધ અનિવાર્ય બને, પાકિસ્તાનના બે ટુકડા થાય, બાંગલા દેશને મુક્તિ અપાવવાનો સો ટકા યશ ભારતને મળે, અમેરિકા ખલનાયક સાબિત થાય અને દૂરના ભવિષ્યની વાત કરો તો કાશ્મીર મુદ્દે જ્યારે પણ નવું યુદ્ધ થાય ત્યારે ભારતે પશ્ચિમ તથા પૂર્વ એમ બન્ને મોરચે લડવાનું રહે નહિ. ઇન્દિરાએ ત્યાર પછી બીજાં રાષ્ટ્રો સમક્ષ ભારતનો કેસ રજૂ કરવા માટે બીજા કેટલાક દેશોની મુલાકાત લીધી. નિરાશ્રિતોના મુદ્દા પર આવતી કાલે યુદ્ધ ફાટી નીકળે તો ભારત એ માટે બેકસૂર હોવાની ભૂમિકા તેઓ બાંધવા માગતાં હતાં. વિદેશ મંત્રી સ્વર્ણસિંહ તથા સંરક્ષણ મંત્રી જગજીવન રામ પણ ઘણા દેશોમાં કેફિયત રજૂ કરવા ફરી વળ્યા. ઇન્દિરાને મન આવો રાજદ્વારી પ્રચાર જરૂરી હતો, કેમ કે ૧૯૬૫માં લાલ બહાદુર શાસ્ત્રી પર યુદ્ધવિરામ માટે જે આંતરરાષ્ટ્રીય દબાણ થયું તેનું પુનરાવર્તન તેમને ટાળવું હતું. ટૂંકમાં, દરેક મોરચે લડવા માટે તેઓ દરેક જાતની તલવારને સજી રહ્યાં હતાં.

ઑક્ટોબર, ૧૯૭૧નો એક દિવસ.

ઇતિહાસે પોતાની કરવટ બદલવા માટે જેમને નિમિત્ત તરીકે પસંદ કર્યાં એવાં બે જણા દિલ્હીના સાઉથ બ્લોક ખાતે ઍર-કન્ડિશન્ડ ચેમ્બરમાં બંધબારણે મોજૂદ હતાં. ઇન્દિરા ગાંધી અને તેમના સેનાપતિ સામ હોર્મુશજી ફરામજી જમશેદજી માણેકશા.

'સ્વિટી !' પારસી બાવાએ પોતાની જન્મજાત સ્ટાઇલમાં વડા પ્રધાનને કહ્યું. 'જ્યારે પણ લડવું હોય ત્યારે હું તૈયાર છું !'

ઇન્દિરાએ પોતાના હોઠ પર આંગળી મૂકી જનરલને ધીમે બોલવા સંકેત કર્યો. ચેતવણી પણ આપી કે રૂમમાં ક્યાંક જાસૂસીનાં છૂપાં માઇક્રોફોન ગોઠવેલાં હોય તો કહેવાય નહિ. આમેય પોતાના કેન્દ્રીય પ્રધાનમંડળનો એક સભ્ય અમેરિકા ગુપ્તચર સંસ્થા સી. આઇ. એ. વતી જાસૂસી કરતો હોવાનું તેઓ જાણી ચૂક્યાં હતાં, કેમ કે મહત્વના જે પણ નિર્ણયો કેબિનેટ મિટિંગમાં લેવાય તેના ખબર અમેરિકાને ગણતરીના કલાકો બાદ પહોંચી જતા હતા. આ ખૂટલ સભ્ય કોણ તેનો ખ્યાલ જો કે વડા પ્રધાનને ન હતો અને હોય તો એ બાબતમાં તેમણે 'સબસે ભલી ચૂપ' ગણી હતી. ઇન્દિરાએ કાગળની એક કોરી ચબરખી સામ માણેકશા તરફ ધરી અને તેના પર તારીખ લખવા જણાવ્યું. સેનાપતિએ તારીખ લખી : ૪ થી ડિસેમ્બર.

વડા પ્રધાને ચબરખી વાંચી અને ત્યાર બાદ ઝીણી કતરણોમાં ફાડી નાખી. અલબત્ત, થોડા વખત પછી માણેકશાએ કે પછી ખુદ વડા પ્રધાને એ નિયત તારીખ બે દિવસ પૂરતી બદલી કરી અને પૂર્વ પાકિસ્તાનમાં ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ભારતીય ખુશ્કીદળે પેસારો કરવો એમ નક્કી થયું. દરમ્યાન લશ્કરી વ્યૂહરચના ગોઠવવાનો દોર તો અવિરત ચાલુ હતો.■





પ્રકરણ : ૬

ખુશ્કીદળની વ્યૂહરચના

નિર્ધારિત સમયમાં નિર્ણાયક યુદ્ધ ખેલવા માટે જનરલ સામ માણેકશાએ જે ફૂલ-પ્રૂફ વ્યૂહરચના યોજી તેણે ખુશ્કી મોરચે ભારતનો વિજય લગભગ નિશ્ચિત કરી દીધો

ઇન્દિરા ગાંધીએ રણમેદાનમાં અને સાથોસાથ રાજકારણમાં જે ખેલ પાડી દેવાનું નક્કી કર્યું તેનો ગેમ-પ્લાન હવે સ્પષ્ટ બનવા લાગ્યો. પ્લાનના બેકગ્રાઉન્ડમાં રહેલા બુનિયાદી લક્ષ્યાંકો તો ક્યારના સ્પષ્ટ હતા. પ્રથમ એ કે પાકિસ્તાનને જનસંહાર કરતા ખલનાયક તરીકે ચીતરી ભારતનો કેસ સતત મજબૂત રાખવો, જેથી યુદ્ધ દરમ્યાન બીજા દેશો તલવારો મ્યાન કરવા માટે નવી દિલ્હી પર ઝાઝું દબાણ લાવે નહિ. બીજું લક્ષ્યાંક એ કે હિન્દી-રૂસી મૈત્રીકરારનો ભય દેખાડી અમેરિકાના દિલ્હીદ્વેષી પ્રમુખ નિક્સનને કેટલોક સમય લાચાર અવસ્થામાં મૂકી દેવા. ત્રીજું એ કે મધદરિયે હંકારતાં ૧૩૦ જેટલાં ભારતીય વ્યાપારી જહાજો પંદર-વીસ દિવસ આપણાં બંદરોમાં નિષ્ક્રિય પડી રહે ત્યાં સુધી અર્થતંત્રનો કારોબાર અનામત ભંડોળ વડે ચલાવવો અને ચોથું એ કે શક્ય એટલા ટૂંકા ગાળામાં પાકિસ્તાનના ટુકડા કરી નાખતું યુદ્ધ આટોપી લેવું.

આ છેલ્લું લક્ષ્યાંક વડા પ્રધાને નહિ, પણ તેમના લશ્કરે સિદ્ધ કરી બતાવવાનું હતું. લશ્કરને યોગ્ય ભૂમિકા બેશક તેમણે રચી આપી. યુદ્ધનો ફેંસલો ત્વરિત નીવડે એ માટે લશ્કરની ત્રણેય પાંખોને યુદ્ધમાં સાંગોપાંગ રીતે જોતરવાનું નક્કી કર્યું. હવાઇદળ અને નૌકાદળ ૧૯૬૫માં પોતાનો યોગ્ય રોલ અદા ન કરી શક્યાં એવું ફરી વખત ન બનવું જોઇએ. આથી વડા પ્રધાને ત્રણેય પાંખોની સેનાપતિ ત્રિપુટીનું સંગઠન રચ્યું. સંરક્ષણ મંત્રી બાબુ જગજીવન રામના નેજા હેઠળ એ સંગઠનની રોજિંદી બેઠકો યોજવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો અને ખુશ્કી, હવાઇ તથા નૌકા મોરચે ખેલાનાર યુદ્ધમાં વ્યૂહરચનાનો મિનિટ-ટુ-મિનિટ તાલમેળ રહે એ માટે જનરલ માણેકશાને ચીફ ઑફ સ્ટાફ સમિતિના વડા



■ સંરક્ષણ મંત્રી બાબુ જગજીવન રામ અને તેમના સિકંદરો : જમણેથી અનુક્રમે જનરલ સામ માણેકશા, એડમિરલ સરદારી લાલ નંદા તથા ઍર ચીફ-માર્શલ પ્રતાપચંદ્ર લાલ

તરીકે નિમણૂંક આપી. સદ્ભાગ્ય વડા પ્રધાનનું કે ત્રિપુટીએ સાથે બેસીને અફલાતૂન વૉર-ગેમનું પ્લાનિંગ કરી નાખ્યું કે જે પાકિસ્તાનને ભારે પડી જવાનું હતું.

ખુશ્કીદળની વ્યૂહરચના અંગે વાત કરો તો ૧૯૬૧માં જનરલ ચૌધરીના અને મેજર-જનરલ કેન્ડેથના ભારતીય લશ્કરે આપણા ગોવામાં પોર્તુગિઝ સામ્રાજ્યવાદનો અંત લાવવા સશસ્ત્ર હલ્લો બોલાવ્યો એ વખતે કેટલાય ભારતીય જવાનોના પગમાં મિલિટરી બૂટ ન હતા. ચામડાને બદલે સાદા કેન્વાસનાં ટેનિસ શૂઝ તેમણે પહેર્યાં હતાં. એકાદ વર્ષ પછી ૧૯૬૨માં નેફાનાં (અરૂણાચલ પ્રદેશનાં) હિમાચ્છાદિત શિખરો પર ચીની આક્રમણખોરો સામે ભરશિયાળે લડવા ગયેલા જવાનો કોટનના યુનિફોર્મમાં 'સજ્જ' હતા. ઊનના ગરમ કપડાનો યુનિફોર્મ પંડિત નેહરુના પરિન્દાછાપ સૈન્ય પાસે હાજર સ્ટોકમાં ન હતો. એ જ રીતે ૧૯૬૫માં ચાલુ યુદ્ધે જવાનોને તેમનાં જૂનવાણી શસ્ત્રોને બદલે રાતોરાત એવાં શસ્ત્રો ખરીદી અપાયાં કે જે તેમણે કદી વાપર્યાં ન હતાં. એક બ્રિગેડને તે શસ્ત્રોનો મહાવરો આપવા માટે ખુશ્કીદળે અમૃતસર નજીક આવેલી ફાયરિંગ રેન્જમાં રાતોરાત તાલીમ શિબિર ખોલી હતી અને પછી એ બ્રિગેડ ખેમકરણને પાછું જીતવા માટે રણમોરચા તરફ દોડી હતી.

૧૯૭૧માં યુદ્ધના ભણકારા વાગવા શરૂ થયા ત્યારે પણ સંજોગો બહુ જુદા ન હતા. યુદ્ધની પૂર્વતૈયારીના નામે લગભગ મીંડું હતું. એપ્રિલ ૨૮, ૧૯૭૧ની સવારે જનરલ માણેકશાને કેબિનેટમાં ચર્ચા માટે હાજર રખાયા ત્યારે વડા પ્રધાનને તેમણે એમ કહીને આંચકો દીધો કે ભારત પાસે ફક્ત એક બખ્તરિયા ડિવિઝન હતી અને સરકાર જેમના માટે ગર્વ લેતી રહી એ ૨૫૦ વિજયન્ત સ્વદેશી ટેન્કો પૈકી માત્ર ૧૩ રણગાડીઓ યુદ્ધમાં લડવાને યોગ્ય હતી. ઇન્દિરાએ કારણ પૂછ્યું ત્યારે સેનાપતિએ ખુલાસો આપ્યો કે સ્વદેશી વિજયન્તમાં પણ કેટલાક આયાતી પૂરજા વપરાતા હતા. ખુશ્કીદળની લાખ વિનંતીઓ છતાં કેન્દ્ર સરકારનું નાણાં મંત્રાલય તેમની આયાત માટેનું વિદેશી હૂંડિયામણ ધરાર રિલીસ કરતું ન હતું. ઇન્દિરાએ તરત નાણાંકોથળી ખુલ્લી મૂકી દીધી અને રણગાડી સહિત બીજા દરેક શસ્ત્રમાં ખૂટતા સ્પેર પાર્ટ્સના શોપિંગ માટે જનરલને પરદેશ રવાના કર્યા.

વડા પ્રધાનની દૂરંદેશીનો સર્વોત્તમ દાખલો પણ યુદ્ધના ધોરણે ખરીદવામાં આવેલા શસ્ત્રોમાં અને શસ્ત્રોના સ્પેર પાર્ટ્સમાં જોવા મળ્યો. એ જાતનાં શસ્ત્રો કે જેઓ વિગ્રહની ચોક્કસ પ્રકારની વ્યૂહરચના માટે અનુરૂપ હતાં. ઉદાહરણ તરીકે જનરલ માણેકશાએ ખરીદીનું જે લિસ્ટ પ્રસ્તુત કર્યું તેમાં પી. ટી-૭૬ નામની રણગાડીનો સમાવેશ થતો હતો. ભારત પાસે ૧૫૦ જેટલી પી. ટી-૭૬ હતી, જેમના કેટરપિલર જેવા પટ્ટા હવે સહેજ ઘસાયા હોવાને કારણે જનરલ કેટલીક વધુ ટેન્કો તાત્કાલિક વસાવવા માગતા હતા અને જો એ શક્ય ન હોય તો નવા પટ્ટા તેમને ખરીદવા હતા. પૂર્વ પાકિસ્તાનને મુક્ત કરવા માટે ભારતીય ખુશ્કીદળે છેક ઢાકા સુધી પહોંચવું હોય તો સામાન્ય બખ્તરિયા દળ તેમાં બહુ કામ ન લાગે. ત્રણ મોટી નદીઓ એ વખતના પૂર્વ પાકિસ્તાનને ત્રણ હિસ્સે વહેંચી દેતી હતી. એ



■ પાણીદાર ટેન્ક પી.ટી.-૭૬

સિવાય બીજાં નાનાં-મોટાં નદીનાળાંનો પાર ન હતો. સેન્ચુરિઅન, વિજયન્ત, શેરમાન વગેરે ભારે ટેન્કો નદીનાળાંને ઓળંગી ન શકે અને જ્યાં પાણી ન હોય ત્યાં નરમ કાંપના પ્રદેશમાં તેમના પોલાદી કેટરપિલર પટ્ટા ખૂંપ્યા વગર પણ રહે નહિ. બીજી તરફ આવા બખ્તરિયા દળને અજમાવ્યા વિના પૂર્વ પાકિસ્તાનમાં વિજય મળવો પણ અશક્ય હતો. વધુ યોગ્ય રણગાડી પી. ટી-૭૬ ગણાય, જેનું વજન માત્ર ૧૪ ટન હતું. નદીની કાંપવાળી નરમ જમીનમાં તે ખૂંપી જાય એવો ભય ન હતો એટલું જ નહિ, પણ વહેતી નદીને પાર કરી જવા માટે એ રણગાડી જળસપાટી પર તરી શકતી હતી. પાણીમાં ગતિ કરવા માટે તેને પ્રોપેલર હતું. આ પંખાને ગમે તે દિશામાં વાળી પેદા કરી શકાતો ધક્કો રણગાડીને ધારી દિશામાં ટર્ન આપતો હતો.

ઘરઆંગણે શસ્ત્રો બનાવતાં ૨૮ કારખાનાંમાં શું ચાલી રહ્યું છે તે જાણવા માટે પણ વડા પ્રધાને મિનિસ્ટર ઑફ ડિફેન્સ પ્રોડક્શન વિદ્યાચરણ શુક્લ પાસે સંપૂર્ણ અહેવાલ માગ્યો. (પંડિત નેહરુના સમયમાં તો ગજબ સ્થિતિ હતી. ઇછાપુરની જાણીતી રાયફલ ફેક્ટરી એ વખતે લશ્કરી ઑર્ડરોના અભાવે ચાની કિટલીઓ બનાવતી હતી, જેથી કારીગરોને પગાર ચૂકવવા જેટલી તો રકમ ઊપજે !) વિદ્યાચરણને સૂચના મળી કે ડિફેન્સ ફેક્ટરીના કારીગરોને તેમજ એન્જિનિઅરોને વધુ પ્રોત્સાહન આપવા ૬,૧૨૦ સરકારી રહેઠાણો તેમને વિનામૂલ્યે બાંધી દેવાં. આ માટે રૂા. ૭.૫ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું. વિદ્યાચરણ પોતે ત્યાર પછી દરેક ફેક્ટરીની મુલાકાત લેવા આખા ભારતમાં ફરી વળ્યા. સરકાર હસ્તકના ભારત ડાયનામિક્સે ફ્રેન્ચ ડિઝાઇનનાં ઍન્ટિ-ટેન્ક મિસાઇલો બનાવવાનું થોડા જ વખત પહેલાં શરૂ કર્યું હતું. ડૉ. વિક્રમ સારાભાઈએ ઘડી કાઢેલી એ યોજના અનુસાર હવે યુદ્ધના ધોરણે ખુશ્કીદળને એસ-૧૧ પ્રકારનાં મિસાઈલો પ્રાપ્ત થવા માંડે એટલા ખાતર સૌ ટેક્નિશિઅનોને વધારાનું બોનસ આપવાનું નક્કી થયું. દેશની સુરક્ષાના મામલામાં પંડિત નેહરુના અને નેહરુપુત્રીના અભિગમ વચ્ચે આટલો તફાવત હતો !



■ સિકંદરોના સિકંદર માણેકશા

પાકિસ્તાન સામે શરૂ થનાર વ્યાપક યુદ્ધ માટે ખુશ્કીદળને બરાબર સજ્જ કરવા જનરલ માણેકશાએ બીજી એકેય વાતે કસર ન છોડી. લશ્કરના અનામત (રિઝર્વ) સૈનિકોને તેમણે પુનઃ તાલીમ માટે બોલાવ્યા તેમજ કાયમી સૈનિકોને હક્કરજા આપવાનું પણ બંધ કર્યું. છૂટ્ટી પર ગયેલા બધા જવાનોને તથા અફસરોને તત્કાળ ડ્યૂટી સંભાળી લેવાના હુકમો મોકલવામાં આવ્યા. વિવિધ આર્મી હેડક્વાર્ટર્સનો લગભગ બેઠાડુ ફરજ બજાવતો કેટલોક સ્ટાફ લશ્કરી છાવણીએ ખસેડવામાં આવ્યો. ભારતનો મૂળ હેતુ ક્રાંતિકારી મુક્તિ વાહિનીને મદદરૂપ બની ઈસ્લામાબાદના પગદંડા નીચેના પૂર્વ પાકિસ્તાનને મુક્તિ અપાવવાનો હતો. પૂર્વના એ મોરચે જનરલ યાહ્યા ખાન લગભગ મજબૂર હતા. લાંબા ભૌગોલિક અંતરને લીધે તેઓ ઢાકા સુધી તત્કાળ નવાં શસ્ત્રો અને સૈનિકો પહોંચાડી શકે તેમ ન હતા. પરિણામે ભારતનું નાક દબાવવા માટે તેઓ પશ્ચિમ સીમાડે કચ્છથી કાશ્મીર સુધી વ્યાપક ફૌજી આક્રમણ કરે એ શક્યતા પૂરેપૂરી હતી, જ્યારે બીજી તરફ ભારતને તે સીમારેખા પર યુદ્ધ ટાળવું હતું. આમ છતાં જનરલ માણેકશાએ પશ્ચિમ દિશામાં પણ મજબૂત હરોળ રચ્યા વગર ચાલે તેમ ન હતું, કારણ કે ત્યાં જ

બન્ને દેશો વચ્ચે જીવસટોસટનો વધુ ખૂંખાર જંગ ખેલાવાની શક્યતા જણાતી હતી. પૂર્વતૈયારીના ભાગરૂપે તેમણે પહેલાં તો પોતાના ખુશ્કીદળની કમાન્ડ વ્યવસ્થા તબદિલ કરી. વર્ષોથી ભારતનું ૮ લાખ જવાનોનું (૨૪ ડિવિઝનોનું) બનેલું ખુશ્કીદળ છ કમાન્ડમાં વહેંચાયેલું હતું. ઈસ્ટર્ન કમાન્ડ, સેન્ટ્રલ કમાન્ડ, વેસ્ટર્ન કમાન્ડ, સધર્ન કમાન્ડ, નોર્ધન કમાન્ડ અને સાઉથ વેસ્ટર્ન કમાન્ડ એમ વિભાગો મુજબ દરેકનો હવાલો અકેક લેફ્ટનન્ટ-જનરલને સુપરત કરાયો હતો.

આ યુદ્ધમાં લખનૌ ખાતેના સેન્ટ્રલ કમાન્ડે (ચીન જો કાંકરીચાળો ન કરે તો) બહુ મોટો રોલ ભજવવાનો ન હતો. ઈસ્ટર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ (જગ્ગી) અરોરાને માથે જોકે મહત્તમ જવાબદારી હતી. પૂર્વ પાકિસ્તાનને તેમણે મિનિમમ સમયમાં પશ્ચિમ પાકિસ્તાનથી છૂટું પાડી દેવાનું હતું. ઉત્તરમાં કાશ્મીર તથા પંજાબ સરહદને અકબંધ રાખવાનો કાર્યભાર સિમલા ખાતે હેડક્વાર્ટર ધરાવતા વેસ્ટર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથ સંભાળી રહ્યા હતા. બાકી રહ્યું સધર્ન કમાન્ડ, જેના તજુર્બાકાર સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ ગોપાલ જી. બેવૂર પણ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રહ્મદેશમાં જાપાન સામે લડ્યા હતા. પરંપરાગત રીતે તેમના સધર્ન કમાન્ડનું હેડક્વાર્ટર આમ તો પૂના ગણાય, પરંતુ માણેકશાએ રાજસ્થાન સરહદને વધુ સંગીન બનાવવા માટે બેવૂરને છેક જોધપુર ખાતે ટ્રાન્સફર કર્યા. વિદેશી હસ્તક્ષેપ શરૂ થાય તે પહેલાં યુદ્ધ આટોપી લેવા માગતા વડા પ્રધાને સ્પષ્ટ સૂચના આપેલી કે ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને કાશ્મીરના રણમેદાનમાં ભારત સહેજ પણ કમજોર ન પડવું જોઇએ. પાક દળો ભારતમાં પેશકદમી કરે એ પછી તેમને મારી હટાવવામાં નાહકનો સમય બગાડવો પોસાય નહિ. પગપેસારો થવો જ ન જોઇએ.







■ ઉપરથી અનુક્રમેઃ ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ અરોરા, વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથ અને સધર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ ગોપાલ બેવૂર

દરેક કમાન્ડનું માળખું હજી વિસ્તૃત રીતે જોવા બેસો તો જનરલે વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ કે. પી. કેન્ડેથને અનુક્રમે કે. કે. સિંહ, એન. સી. રૉલી અને સરતાજસિંહ નામના અનુભવી લેફ્ટનન્ટ-જનરલોની આગેવાની હેઠળ અકેક કોર જેટલું સૈન્ય ફાળવ્યું. (સરેરાશ ૭૦,૦૦૦ સૈનિકો મળીને લશ્કરની એક કોર બને.) લદ્દાખથી શરૂ કરીને રાજસ્થાનમાં અનુપગઢ સુધીનો મોરચો લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથે સંભાળવાનો હતો. અનુપગઢથી કચ્છ સુધી લંબાતી સરહદનો બધો દારોમદાર

લેફ્ટનન્ટ-જનરલ જી. જી. બેવૂર અને તેમના મેજર-જનરલ આર. ડી. આનંદ તથા મેજર-જનરલ ખંભાતાના શિરે હતો. ઈસ્ટર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાનું ત્રણ કોરનું સૈન્ય અનુક્રમે ટી. એન. રૈના, સાગતસિંહ અને એમ. એલ. થાપન નામના લેફ્ટનન્ટ-જનરલોના નેજા હેઠળ મૂકવામાં આવ્યું.

માણેકશાની પૂર્વતૈયારીને વધુ સારી રીતે સમજવા ખાતર અહીં પરંપરાગત ભૂમિયુદ્ધનો થોડોક ચિતાર પણ આપી દેવો જોઈએ. ભૂમિયુદ્ધમાં પહેલું વપરાતું શસ્ત્ર ભારે તોપ છે, જે દુશ્મનની ફ્રન્ટલાઈન કહેવાતી આગલી હરોળ પર ગોલંદાજી કરીને તેનું આક્રમણ ધીમું પાડે છે અથવા તો દુશ્મન તરફ આક્રમણ લઈ જવા માટે રસ્તો મોકળો કરે છે. ટૂંકમાં, ખુશ્કી યુદ્ધ શરૂ થાય ત્યારે સૌ પ્રથમ તોપખાનું ગર્જે છે. ખાસ કરીને ભારે તોપો ખૂબ લાંબે સુધી એકધારી ગોલંદાજી ચલાવે છે. ફ્રન્ટલાઈન પાસે દુશ્મનોએ ગોઠવેલી તોપો, રણગાડીઓ, બખ્તરિયા ગાડીઓ, પુરવઠા વાહનો, બળતણનાં ટેન્કરો, મોબાઈલ કમાન્ડ પોસ્ટ વગેરેની જમાવટને ભારે તોપો છિન્નભિન્ન ન કરે ત્યાં સુધી ટેન્ક રેજિમેન્ટ આગળ વધવાનું જોખમ ખેડતી નથી. તોપખાનાએ દુશ્મન હરોળમાં ગાબડાં પાડ્યાં બાદ ભૂમિયુદ્ધનો નવો તબક્કો શરૂ થાય છે, જેમાં ભારે રણગાડીઓ એક પછી એક ગોળાનો મારો ચલાવતી યુદ્ધરેખા તરફ આગળ વધે છે.

ભારત-પાક ૧૯૭૧ : રણગાડીઓનું સંખ્યાબળ

પાકિસ્તાન		ભારત	
પેટન	૩૫૫	ટી-૫૪/ટી-૫૫	૪૫૦
શેરમાન	૩૯૦	પી. ટી.-૭૬	૧૫૦
ચેફી	૨૦૦	શેરમાન	૨૫૦
ટી-૩૪	૮૦	સ્ટુઅર્ટ	૫૦
ટી-૫૯	૨૫૦	સેન્ચુરિઅન	૨૦૦
ટી-૫૫	૧૫૦	AMX-૧૩	૧૪૦
AMX-૧૩	૧૪	વિજયન્ત	૨૫૦
કુલ	૧,૪૩૯	કુલ	૧,૪૯૦

ભારે રણગાડીને (મેઈન બેટલ ટેન્કને) અનેક કારણોસર મોખરે ધકેલવામાં આવે છે. આ હેવીવેઈટ રણગાડી દૂરગામી પ્રહારો કરી શકતી ભારે તોપ વડે સજ્જ હોય છે, એટલે યુદ્ધરેખા હજી તો ક્ષિતિજ પાછળ હોય ત્યાં જ તે પોતાની ગોલંદાજી આરંભી દે છે. તોપ મોટી હોવાને લીધે ગોળો પણ જબરજસ્ત અને સ્ફોટક હોય છે. પરિણામે દુશ્મને રચેલી મજબૂત જમાવટ પણ જોખમાયા વગર રહેતી નથી. આ સિવાય મેઈન બેટલ ટેન્કનું (દા. ત. પાકિસ્તાનની પેટનનું) જાડું બખ્તર તેને દુશ્મન તોપગોળાના પ્રહારો સામે ખાસ્સું રક્ષણ આપે છે. મિસાઈલના ડંખને પણ ક્યારેક તે સહી લે છે. છેવટનો આધાર જો કે ફટકો ક્યાં વાગ્યો તેના પર રહે છે, પણ ટૂંકમાં વાત એટલી કે દુશ્મનના પ્રતિકાર સામે ઝઝૂમીને સંખ્યાબંધ ભારે રણગાડીઓ શત્રુસેનામાં બાકોરૂં પાડે છે. એ પછી કેટલીક હળવી રણગાડીઓ તેમની વાજોવાજ ધસે છે.

આ થયું આક્રમણનું પહેલું મોજું કે જે દુશ્મનના પ્રદેશ પર વ્યવસ્થિત ચડી જાય તો લડાયક બખ્તરિયાં વાહનોનું બીજું મોજું પણ રવાના થાય છે. બખ્તરિયાં વાહનો દેખાય ટેન્ક જેવાં, પરંતુ રણગાડી સાથે તેમનો ગોટાળો ન કરવો જોઈએ. આ વાહનોનું કામ રણગાડીએ બાકી રહેવા દીધેલી સાફસૂફીને પતાવવાનું છે. રણગાડીને હોય એવડી નહિ, પણ જરા નાની તોપ વડે તેઓ એ કામ આટોપી નાખે છે. દુશ્મનના શસ્ત્રસજ્જ સૈનિકોનો તેઓ સામૂહિક રીતે સફાયો કરે છે. યુદ્ધરેખા પાછળ (એટલે કે પોતાના વિસ્તારમાં) બઝૂકા, મોર્ટાર તોપો અને મશીન ગન્સ તાકીને બેઠેલા એ દુશ્મન સૈનિકોનો બખ્તરિયા લડાયક ગાડી તેમનાં શસ્ત્રો સહિત

નાશ કરે છે, જેથી પાછળ આવતા પોતાના જવાનોને જાનનો બહુ મોટો ખતરો રહે નહિ.

ભૂમિયુદ્ધમાં આક્રમણનું ત્રીજું મોજું પણ એ જ સૈનિકો લાવે છે. જો કે પગપાળા યુદ્ધ મેદાનમાં ધસી જવાનો યુગ આજે રહ્યો નથી. શસ્ત્રો વધુ કાતિલ બન્યાં છે એટલું જ નહિ, પણ યુદ્ધમાં ઝડપનું મહત્વ વધ્યું છે. આથી સૈનિકો ધૂંઆધાર ફાયરિંગ વચ્ચે પેટે ઘસડાતા આગળ વધવાને બદલે બખ્તરિયા વાહનોમાં સુરક્ષિત બેસીને ફ્રન્ટલાઇન તરફ જાય છે. મેદાન સાફ દેખાય ત્યાં અને મોકો સાંપડે ત્યારે તેઓ વાહનો છોડીને બહાર નીકળે છે; ત્યાર પછી સપાટાબંધ બખ્તરિયા લડાયક ગાડીની અગર તો રણગાડીની ઓથે જતા રહી છેવટે વ્યૂહરચના મુજબ ડ્યૂટીની જગ્યા સંભાળી લે છે. આ રીતે જુઓ તો ભારે રણગાડીએ દુશ્મન હરોળરૂપી પહેરણમાં જે ફાંકું પાડ્યું હોય તેને હળવી રણગાડીઓ તેમજ બખ્તરિયા લડાયક ગાડીઓ માત્ર ટચલી આંગળી ભરાવીને મોટું કરે છે. અંતે સૈનિકવાહક ગાડીના જવાનો તેને ઓર ફાડે છે. આમ કરવા પાછળનો આખરી હેતુ એ જ કે દુશ્મનના પ્રદેશમાં ઘૂસ્યા પછી બે તરફ વહેંચાઇ જવું, બન્ને તરફ દુશ્મનને મળતી પુરવઠાની લાઇનો કાપી નાખવી, પડખે તથા પાછળ-આગળ એમ ત્રણ દિશામાં તેને ભીંસ દેવી અને છેવટે શસ્ત્રો, દારૂગોળો, બળતણ, પાણી, ખોરાક વગેરેના પુરવઠાથી તેને લાંબો સમય વંચિત રાખીને શરણે આવવા માટે મજબૂર કરવો.

વિગ્રહની આવી કૉપી-બૂક વ્યૂહરચના તો જાણે માણેકશાના પ્લાનમાં યથાવત્ રહેવાની હતી, પરંતુ તેનો અમલ વિદ્યુતવેગે થાય એ માટે તેમના ખુશ્કીદળને ભારતીય નૌકાદળનું તેમજ હવાઇદળનું ડગલે ને પગલે પીઠબળ સતત મળી રહેવું જરૂરી હતું.■





પ્રકરણ : ૭

નૌકાદળની વ્યૂહરચના

૧૯૬૫ના યુદ્ધમાં નૌકાદળના જોશીલા નાવિકો 'ચલો કરાંચી'ના નારા લગાવતા જ રહી ગયા હતા. હવે છ વર્ષ પછી તેમનાં એ મનોરથો પૂરાં થાય એવો પ્લાન ઘડાયો

૧૯૭૧માં ભારતીય નૌકાદળના સેનાપતિ એડમિરલ સરદારીલાલ મથુરાદાસ નંદા હતા. જનરલ સામ માણેકશા તથા ઍર ચીફ-માર્શલ પી. સી. લાલ સાથે બેસીને તૈયાર કરાયેલી સર્વાંગી યોજના અનુસાર તેમના નૌકાદળે યુદ્ધમાં બે મહત્ત્વનાં કાર્યો બજાવવાનાં હતાં :

■ પાકિસ્તાની નૌકામથક કરાંચીની નાકાબંધી કરવી કે જેના નતીજારૂપે દુશ્મનનું એક પણ યુદ્ધજહાજ ખુલ્લા સમુદ્રમાં લડવા માટે બહાર નીકળી શકે નહિ અને ચાલુ યુદ્ધે દુશ્મન માટે નવો શસ્ત્રસરંજામ લાવતાં પરદેશી જહાજો કરાંચી બંદરમાં દાખલ પણ થવા પામે નહિ. સાથોસાથ યુદ્ધ પહેલાં દુશ્મન નૌકાદળનાં જે યુદ્ધજહાજો અને સબમરિનો ખુલ્લા સમુદ્રમાં નીકળી ચૂક્યાં હોય તેઓ પણ નવા પુરવઠા માટે કરાંચીની મુલાકાત લેવા ન પામે.



■ નૌકાસેનાપતિ એડમિરલ એસ. એમ. નંદા

■ પૂર્વ પાકિસ્તાનના આખા સમુદ્રીકાંઠાને ભારતીય નૌકાદળે સંચારબંધીના ધોરણે સીલ કરી દેવો, જેથી પશ્ચિમ પાકિસ્તાને ત્યાં ચાલુ યુદ્ધે લશ્કરી કુમક મોકલવાનું અશક્ય બને. લડાઈમાં છેવટે હારી જતા પાક સૈનિકો જહાજો દ્વારા સમુદ્રી રસ્તે ભાગી ન જાય અને યુદ્ધકેદી તરીકે એવા મહત્તમ સૈનિકોને પકડી શકાય એટલા ખાતર પણ ભારતીય નૌકાદળે તે માર્ગ 'બ્લૉક' કરી દેવો જરૂરી હતો.

આઝાદી પછી ભારતીય નૌકાદળનું મુખ્ય બૅઝ મુંબઇ હતું. ખરૂં જોતાં તેને નૌકાદળના માત્ર વેસ્ટર્ન નેવલ કમાન્ડનું મથક ગણવું જોઇએ, કેમ કે પૂર્વકાંઠે વિશાખાપટ્ટણમ્ ઈસ્ટર્ન નેવલ કમાન્ડને પોતાનું જુદું અસ્તિત્વ હતું. નૌકાદળની પૂર્વ અને પશ્ચિમ પાંખો એ રીતે જુદી હતી.



■ વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ એસ. એન. કોહલી

અરબી સમુદ્ર અને બંગાળનો ઉપસાગર એમ કાર્યક્ષેત્રો પણ જુદાં હતાં. આમ છતાં તાકાતના ત્રાજવાનું પલ્લું હંમેશા વેસ્ટર્ન કમાન્ડ તરફ નમેલું રહ્યું હતું. ઉપરાઉપરી પાંચ નૌકાસેનાપતિઓ તે કમાન્ડમાં બઢતી પામીને છેવટે સર્વોચ્ચ હોદ્દે પહોંચ્યા હતા. નૌકાદળ માટે એક પછી એક સૂકી ગોદીઓ પણ મુંબઇ ખાતે બાંધવામાં આવતી હતી. નક્કી એમ થયેલું કે અગ્રેસર ગણાતાં આપણાં બધાં મેઇડ-ઈન-બ્રિટન યુદ્ધજહાજો મુંબઈમાં રહે અને સોવિયેત ફ્રિગેટો, પેટ્રોલ બોટ, સબમરિનો અને બીજી હળવી મનવારો વિશાખાપટ્ટણમ્ ખાતે પડાવ નાખે. આ વહેંચણી યોગ્ય ન હતી. 'બ્રિટિશ' અને 'સોવિયેત' એ જાતનાં લેબલોનો આધાર પકડીને ફાળવણી કરવા જતાં એકેય તરફ સ્વતંત્ર અને સ્વાવલંબી નૌકાકાફલો રચાય નહિ, કારણ કે સરેરાશ કાફલામાં તો વિનાશિકાઓ, ફ્રિગેટો, પેટ્રોલ બોટ, સબમરિનો વગેરેનો આદર્શ સમન્વય થયો હોવો જોઇએ.



■ ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ એન. કૃષ્ણન્

આ ત્રાજવાને કમ સે કમ યુદ્ધ પૂરતું જરા સમતોલ બનાવવું રહ્યું. નવી દિલ્હીમાં એડમિરલ નંદાએ સમુદ્રીયુદ્ધના પ્લાનને નજર સામે રાખી સમગ્ર નૌકાદળને ચોક્કસ રીતે બે કાફલામાં વહેંચી દીધું. ઑક્ટોબર ૧૬, ૧૯૭૧ના રોજ પૂર્વતૈયારીના ભાગરૂપે તેમણે બે સ્વતંત્ર કાફલા રચ્યા. ઈસ્ટર્ન ફ્લીટ કહેવાતા નવા પૂર્વીય નૌકાકાફલાનું ગઠન કર્યું એટલું જ નહિ, પણ વેસ્ટર્ન કમાન્ડના વિમાનવાહક જહાજ વિક્રાન્તને એ ફ્લીટમાં ટ્રાન્સફર કરી દીધું. વિક્રાન્તના 'ગોલકીપર'નો રોલ ભજવવા માટે બીજી પણ કેટલીક મનવારોને તેમાં સામેલ કરી. નેશનલ ડિફેન્સ કોલેજમાં વિદ્યાર્થી નાવિકોને લેક્ચરો આપતા રિઅર-એડમિરલ હરીલાલ શર્માને તેમણે નવા સંગઠિત કાફલાના ફ્લીટ-કમાન્ડર બનાવ્યા.

વિક્રાન્તને પૂર્વ કાફલાના હવાલે કરી દેવાના નિર્ણય સામે જો કે પશ્ચિમ કાફલામાં ખાસ્સો અસંતોષ જાગ્યો. વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ વાઇસ-એડમિરલ સુરેન્દ્ર નાથ (એસ. એન.) કોહલીને વિક્રાન્ત ગુમાવવું પસંદ ન હતું, જ્યારે ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ વાઇસ-એડમિરલ એન. કૃષ્ણન્ ઘણું કરીને આવા ફેરફાર પર ખુશ હતા. પશ્ચિમ કાફલામાં ટ્રાન્સફરનો વિરોધ લગભગ ઝૂંબેશના લેવલે પહોંચ્યો ત્યારે એડમિરલ નંદા ત્યાંના સિનિઅર અફસરોને સમજાવવા માટે તરત મુંબઇ ગયા. વિરોધ પાછળનું કારણ બેશક વાજબી હતું. કરાંચીની નાકાબંધી કરવાનો પ્લાન હોય તો એ માટે બોમ્બર વિમાનો સાથે વિક્રાન્તને ત્યાં મોકલવું જોઇએ. હવાઇ આક્રમણ વગર કરાંચીનો દાટ વાળી શકાય નહિ તેમ કરાંચી તરફ જતાં નવાં શસ્ત્રસરંજામ સાથેનાં જહાજોને રોકવા અરબી સમુદ્ર પર કડક પહેરો સુદ્ધાં ભરી શકાય નહિ, પરંતુ એડમિરલ નંદા તેમના પ્લાનને વળગી રહ્યા. વેસ્ટર્ન કમાન્ડના વાઇસ-એડમિરલ કોહલીને વિક્રાન્તના સાટામાં તેમણે વધુ બે મિસાઇલ બોટ આપી. એડમિરલનો સંકેત સ્પષ્ટ હતો--

૧૯૭૧નો ભારતીય નૌકાકાફલો : વેસ્ટર્ન કમાન્ડ

કમાન્ડિંગ ઑફિસર, વેસ્ટર્ન નેવલ કમાન્ડ
વાઇસ-એડમિરલ એસ. એન. કોહલી
ફ્લીટ કમાન્ડર, વેસ્ટર્ન ફ્લીટ : **રિઅર-એડમિરલ ઇ. સી. કુરૂવિલા**

ધ્વજજહાજ	મૈસૂર (કેપ્ટન રૂસી કે. ગાંધી)
ફ્રિગેટો	ત્રિશૂલ (કેપ્ટન કે. એમ. વી. નાયર)
	તલવાર (કમાન્ડર એસ. એસ. કુમાર)
	ખુકરી (કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા)
	કિરપાણ (કમાન્ડર આર. આર. સૂદ)
	કુઠાર (કમાન્ડર યુ. સી. ત્રિપાઠી)
	કાવેરી (કમાન્ડર આઇ. કે. એરી)
	કિસ્તના (કમાન્ડર આર. એ. જે. એન્ડરસન)
	તીર (કમાન્ડર એમ. પ્રતાપ)
ડિસ્ટ્રોયર	રણજિત (કમાન્ડર આર. એન. સિંહ)
પેટ્રોલિંગ ફ્રિગેટો	કિલ્તાન (કમાન્ડર કે. પી. ગોપાલ રાવ)
	કટચાલ (કમાન્ડર કે. એન. ઝાડૂ)
	કદમાત (કમાન્ડર એસ. જૈન)
સબમરિનો	કારંજ (કમાન્ડર વી. શેખાવત)
	કુર્સુરા (કમાન્ડર એ. ઓડિટો)
પેટ્રોલ બોટ અથવા મિસાઇલ બોટ	નિપાત (લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કવિના)
	નાશક (લેફ્ટનન્ટ-કમાન્ડર આર. બી. સૂરી)
	નિર્ઘાત (લેફ્ટનન્ટ-કમાન્ડર આઇ. જે. શર્મા)
સ્ક્વૉડ્રન કમાન્ડર	નિર્ભિક (લેફ્ટનન્ટ-કમાન્ડર એસ. આઇઝેક)
બી. બી. યાદવ	વિનાશ (લેફ્ટનન્ટ-કમાન્ડર વી. જેરાથ)
	વીર (લેફ્ટનન્ટ-કમાન્ડર ઓ. પી. મહેતા)
	વિજેતા (કમાન્ડર બી. બી. પાર્થિ)
	વિદ્યુત (લેફ્ટનન્ટ-કમાન્ડર બી. બી. સિંહ)

વિમાનો નહિ, મિસાઇલો વડે કરાંચી પર ઍટેક કરજો.

વિક્રાન્ત જો કે યુદ્ધમાં ભાગ લેવા પૂરતું તંદુરસ્ત જ ન હતું. બોઇલરમાં આછી તિરાડ પડી હતી, માટે આંતરિક વરાળનું દબાણ કદાચ ગમે ત્યારે તેને ધડાકા સાથે તોડી નાખે. આમ છતાં ડર્બી રેસ વખતે અરબી ઘોડાને તબેલામાં નિષ્ક્રિય પણ રાખી શકાય નહિ, એટલે નક્કી થયું કે વરાળના ઓછા દબાણ સાથે પણ વિક્રાન્તે દરિયાઇ વિગ્રહમાં ભાગ લેવો. અરબી સમુદ્ર છોડીને બંગાળના ઉપસાગરમાં જતી વખતે વિક્રાન્ત પર બોજો હળવો રહે એ માટે એડમિરલ નંદાએ તેનાં લડાયક વિમાનોને પરબારાં મદ્રાસ રવાના કરી દેવા સૂચના આપી. વિમાનવાહક જહાજ પોતે વાયા કોચિન થતું મદ્રાસ પહોંચ્યું. બંગાળના ઉપસાગરમાં તેને વહેલી તકે પહોંચાડી દેવું જરૂરી હતું, કેમ કે ૧૯૬૫ના યુદ્ધ વખતે બન્યું તેમ ફરી વખત પાક સબમરિન ગાઝી તેના શિકારે નીકળે એ નક્કી વાત હતી. વિક્રાન્તનો પ્રવાસ એટલે જ ટૉપ સિક્રેટ પણ રાખવામાં આવ્યો.

આ સિક્રેટ જાણવા માટે પાક નૌકાદળ દેખીતી રીતે આતુર હતું. વિમાનવાહક જહાજે મુંબઇ છોડ્યું એ સમાચાર તેને મળી ચૂક્યા હતા, છતાં જહાજ ક્યાં ગયું તેનું પગેરું રાખી શકાયું ન હતું. (હકીકતમાં બોઇલરના રિપેરિંગ માટે જ તેણે કોચિન ખાતે પડાવ નાખ્યો હતો અને છતાં રિપેરિંગ ફક્ત મલમપટ્ટા જેવું થયું હતું.) વિક્રાન્તનો પત્તો શોધી આપવામાં પાકિસ્તાનને નવી દિલ્હીના અમેરિકન દૂતાવાસે મદદ કરી. વૉશિંગ્ટનના એ દૂતાવાસનો નેવલ એટેચી (એલચી કચેરીમાં નિમાયેલો એક નૌકાઅફસર) દિલ્હીના ગોલ્ફ કોર્સ પર અઠવાડિયે બે-ત્રણ વાર એડમિરલ નંદાના ફ્લેગ-લેફ્ટનન્ટ સાથે ગોલ્ફ રમતો હતો. આ ફ્લેગ-લેફ્ટનન્ટ ફૂટી ગયો કે કેમ એ તો કોને ખબર, પરંતુ વિક્રાન્ત મદ્રાસ તરફ ગયું હોવાનું તે નેવલ એટેચીએ જાણી લીધું. થોડા સમય પછી અમેરિકન દૂતાવાસનું (દિલ્હીના પાલમ ઍરપોર્ટ પર હંમેશાં પડી રહેતું) વિમાન મદ્રાસ જવા નીકળ્યું. મદ્રાસ શહેરના મીનામ્બકમ્ ઍરપોર્ટ પર તેણે લેન્ડિંગ કર્યું. વિમાનમાં નેવલ એટેચી પણ હતો. ઊતરાણ સુધી એ પ્લેન સાજું નરવું હોવા છતાં લેન્ડિંગ પછી તરત તેના અમેરિકન પાયલટે યાંત્રિક ખરાબીની ફરિયાદ કરી. એન્જિન બગડ્યું હોવાનું કહી તેણે નવા સ્પેર પાર્ટ્સ માટે દિલ્હીમાં પોતાના એલચી ખાતાને મેસેજ પાઠવ્યો.

વાસ્તવમાં એન્જિન નહિ, દાનત બગડી હતી. દિલ્હીથી આવેલા પૂરજા 'નાદુરસ્ત' પ્લેનમાં ફીટ કરાયા બાદ પાયલટે ટેસ્ટિંગના બહાને અત્યંત મોટા આકાશી સર્કલમાં વારંવાર ઊડાન ભરી. નેવલ એટેચી સાથે દર વખતે તે સમુદ્રના આકાશ તરફ ગયો અને કાંઠા નજીક ક્વાયત માટે હંકારતા વિક્રાન્તને શોધી કાઢ્યું. નોંધવા જેવું છે કે સંભવિત ભારત-પાક યુદ્ધ પર

નજર રાખવા અમેરિકાનું સંરક્ષણ ખાતું પેન્ટાગોન ત્યારે એક જાસૂસી સેટેલાઇટને તાબડતોબ પલાણી રહ્યું હતું, પણ હજી તે ઉપગ્રહ તૈયાર થયો ન હતો.

આ શરારતભરી અને છતાં શરાફતભરી જાસૂસી સામે ભારત લાચાર હતું. આંતરરાષ્ટ્રીય રાજદ્વારી સમજૂતી અનુસાર પરદેશી એલચી કચેરીના પ્લેનને મુલકી ઍરપોર્ટના આકાશમાં બિલકુલ રોકટોક કરી શકાય નહિ. પરિણામે એડમિરલ નંદાએ વિક્રાન્તને અમેરિકન વિમાનની ઊડ્ડયનમર્યાદા બહાર જતા રહેવા માટે હુકમ આપ્યો. વિમાનવાહક જહાજ ત્યાર પછી આંદામાન તરફ હંકાર્યું. અંધારી રાત્રે શરૂ કરાયેલો એ પ્રવાસ એટલી હદે ગુપ્ત રખાયો કે તે અંગે મદ્રાસ નૌકામથકનો ખુદ નેવલ ઑફિસર-ઇન-ચાર્જ પણ અંધારામાં રહ્યો ! વેસ્ટર્ન કમાન્ડે ટ્રાન્સફર કરેલી વિનાશિકા રાજપૂત ત્યારે વિશાખાપટ્ટણમ્ ખાતે તૈનાત હતી. નૌકાદળના જાસૂસી નિયામક વાઇસ-એડમિરલ મિહિર રૉયે રાજપૂતના લેફ્ટનન્ટ-કમાન્ડર ઇન્દરસિંહને શીખવાડી રાખ્યા મુજબ એ વિનાશિકાએ ત્યાર પછી વિક્રાન્તની રેડિઓ કૉલ-સાઇન વાપરીને મદ્રાસ નૌકામથક સાથે સતત રેડિઓ વાર્તાલાપ ચલાવ્યો. ઇન્દરસિંહ નવું બળતણ, વિમાનો માટેના સ્પેર પાર્ટ્સ, ખાધાખોરાકી, બોમ્બગોળા વગેરે માટે ઑફરો મૂકતા રહ્યા એટલું જ નહિ, બલકે પોતાનાં 'વિમાનો'ની રોજિંદી પ્રવૃત્તિનો અહેવાલ પણ ક્યારેક સંભળાવતા રહ્યા. પાકિસ્તાની તેમજ અમેરિકન જાસૂસો દેખીતી રીતે આવા વાયરલેસ પ્રસારણોને ઝીલતા હતા, એટલે તેમણે ધારી લેવાનું થયું કે વિમાનવાહક જહાજ વિક્રાન્ત ઇસ્ટર્ન કમાન્ડના મુખ્ય બૅઝ વિશાખાપટ્ટણમ્માં જ હતું. હકીકતે એ જહાજ આંદામાનમાં હતું, જ્યારે પાક સબમરિન ગાઝી ખોટી જાસૂસી માહિતીના આધારે તેને શોધવા માટે વિશાખાપટ્ટણમ્માં ઘૂસી આવનાર હતી !

૧૯૭૧નો ભારતીય નૌકાકાફલો : ઈસ્ટર્ન કમાન્ડ

કમાન્ડિંગ ઑફિસર, ઇસ્ટર્ન નેવલ કમાન્ડ
વાઇસ-એડમિરલ એન. કૃષ્ણન્

ફ્લીટ કમાન્ડર, ઇસ્ટર્ન ફ્લીટ : **રિઅર-એડમિરલ એસ. એચ. શર્મા**

ધ્વજજહાજ	વિક્રાન્ત (કેપ્ટન સ્વરાજ પ્રકાશ)
ફ્રિગેટો	બ્રહ્મપુત્ર (કેપ્ટન જે. સી. પુરી)
	બિયાસ (કમાન્ડર એલ. રામદાસ)
ડિસ્ટ્રોયર	રાજપૂત (લેફ્ટનન્ટ-કમાન્ડર ઇન્દરસિંહ)
પેટ્રોલિંગ ફ્રિગેટો	કામોર્તા (કેપ્ટન એમ. પી. અવાતી)
	કવારતી (કમાન્ડર એસ. પોલ)
સબમરિન	કલ્વારી (કમાન્ડર આર. જે. મિલન)
	ખંડેરી
પેટ્રોલ બોટ અથવા મિસાઇલ બોટ	પનવેલ (લેફ્ટનન્ટ-કમાન્ડર જે.પી.નરોન્હા)
	પુલિકેટ (લેફ્ટનન્ટ એસ. કૃષ્ણન્)
	પણજી (લેફ્ટનન્ટ આર. ગુપ્તા)
સ્ક્વૉડ્રન કમાન્ડર	અક્ષય (લેફ્ટનન્ટ એસ. ડી. મોરે)
એમ. એન. સામંત	પદ્મા (લેફ્ટનન્ટ-કમાન્ડર રૉય ચૌધરી)
	પલાશ (લેફ્ટનન્ટ-કમાન્ડર મિત્તર)
લેન્ડિંગ શીપ	મગર (કમાન્ડર ટી. એન. સિંઘલ)
	ઘડિયાલ (લેફ્ટનન્ટ-કમાન્ડર એ. કે. શર્મા)
	ગુલદાર (લેફ્ટનન્ટ-કમાન્ડર યુ. ડાબિર)

નૌકાદળના એકમાત્ર તરતા ઍરોડ્રોમને બંગાળના ઉપસાગર તરફ મોકલી આપીને એડમિરલ નંદાએ અત્યંત ચાતુરીભર્યો દાવ ખેલ્યો હતો. પાકિસ્તાનના નૌકાસેનાપતિ વાઇસ-એડમિરલ મુઝફ્ફર હસનને તેમણે એવા ભ્રામક ખ્યાલમાં સરકાવી દીધા કે ભારતીય નૌકાદળ ૧૯૬૫ની જેમ ૧૯૭૧માં પણ કરાંચી પર ત્રાટકવાની ગુસ્તાખી, હિંમત કે મૂર્ખામી કરવાનું ન હતું. દુશ્મન નૌકાસેનાપતિના મનમાં સાચે જ એવો ખ્યાલ જન્મ્યો હોય તો લોજિકલ રીતે જોતાં એ સદંતર ભ્રામક પણ ન હતો. આઇ. એન. એસ. (ઇન્ડિયન નેવલ શિપ) મૈસૂર જેવાં લડાયક યુદ્ધજહાજો માત્ર આપબળે સેંકડો કિલોમીટર છેટેના કરાંચી પર હુમલો કરી શકે નહિ. પાક વાયુસેનાએ કરાંચીના મસરૂર ઍર-બેઝ ખાતે ફ્રેન્ચ બનાવટનાં મિરાજ-૩ અને અમેરિકન બનાવટનાં સ્ટારફાઇટર એફ-૧૦૪ પ્રકારનાં લડાયક વિમાનો તૈયાર રાખ્યાં હતાં. કરાંચીની ભાગોળે પહોંચેલા ભારતીય યુદ્ધજહાજોને એ વિમાનો બહુ આસાનીપૂર્વક ખતમ કરી નાખે--અને જો એમ ન થવા દેવું હોય તો ભારતીય હવાઇદળે તે યુદ્ધજહાજોને હવાઇ છત્ર સતત

આપવું રહ્યું. દુશ્મનની આકાશી સરહદમાં આટલે દૂર છત્ર રચવું તે ખરેખર અશક્ય કામ હતું.

ટૂંકમાં, કરાંચીની નાકાબંધી ફક્ત વિક્રાન્ત ત્યાં રૂબરૂ પહોંચી પડાવ નાખીને કરી શકે, પણ હવે તો એડમિરલ નંદાએ તેમના વિમાનવાહક જહાજને બંગાળના ઉપસાગરમાં મોકલી આપ્યું હતું ! વાઇસ-એડમિરલ મુઝફ્ફર હસને કદાચ એમ ધારી લીધું કે પાક સબમરિન ગાઝી સામે વિક્રાન્તને સલામત રાખવા માટે ભારતીય નૌકાસેનાપતિ છાશ ફૂંકીને પી રહ્યા હતા. નંદાની ટચૂકડી મિસાઇલ બોટો કરાંચી પર ત્રાટકી શકે એ વાત તો મુઝફ્ફર હસન માટે કલ્પનાતીત હતી. નૌકાયુદ્ધોની અર્વાચીન તવારીખમાં અગાઉ કદી એવો હુમલો નોંધાયો ન હતો.

નવેમ્બર, ૧૯૭૧ના આરંભે મુઝફ્ફર હસનને તેમના લોજિકનું સમર્થન કરતા સમાચારો પણ મળ્યા. પશ્ચિમ અને પૂર્વ પાકિસ્તાન વચ્ચે (વાયા કોલંબો) આવ-જા કરતાં પાક વિમાનોએ બંગાળના ઉપસાગરમાં વિક્રાન્તને હંકારતું જોયું હતું. પાકિસ્તાનનાં કેટલાંક માલવાહક જહાજોને



■ આશરે ૨૦,૦૦૦ ટનનું તરતું ઍરોડ્રોમ : વિમાનવાહક જહાજ વિક્રાન્ત

પણ વિક્રાન્તનાં દર્શન થયાં હતાં. પરિણામે એટલું ચોક્કસ લાગવા માંડ્યું કે ભારત હવે કરાંચી પર તો હરગીઝ આક્રમણ કરે નહિ. મુઝફ્ફર હસને પોતાના રિઅર-એડમિરલ શરીફને વિક્રાન્તના 'સ્વાગત' માટે પૂર્વ પાકિસ્તાન મોકલી આપ્યા. શરીફ ત્યારે ફ્લીટ-કમાન્ડર હતા. અખંડ ભારતના નૌકાદળમાં સેવા આપી ચૂક્યા હતા, એટલે તેમને કરાંચી રાખવામાં આવ્યા હોત તો તેમનો અનુભવ પાક નૌકાદળને કામ લાગ્યા વગર રહેત નહિ. હવે તેમના બદલે રિઅર-એડમિરલ એમ. એ. કે. લોદી પાકિસ્તાનના ફ્લીટ-કમાન્ડર બન્યા. કેટલાક બીજા સિનિઅર ઑફિસરોને પણ એ જ રીતે પૂર્વ પાકિસ્તાન જવાનો હુકમ ફરમાવવામાં આવ્યો.

છેલ્લે, એક રમૂજભરી તાજા કલમ : એડમિરલ એસ. એમ. નંદાએ સંભવિત નૌકાયુદ્ધનો પેંતરો બરાબર ગોઠવ્યા પછી મામૂલી વાતે ડખો જામ્યો. નતીજારૂપે તેમના કેટલાક અનુભવી નૌકાઅફસરો યુદ્ધ પહેલાં જ 'રિટાયર્ડ હર્ટ' થયા. બન્યું એવું કે વેસ્ટર્ન કમાન્ડના ફ્લીટ-કમાન્ડર રિઅર-એડમિરલ ઇ. સી. (ચાન્ડી) કુરૂવિલાને ઘોડેસવારીનો જબરો શોખ હતો. નૌકાદળ પાસે ઘોડા ન હતા, એટલે કુરૂવિલાએ ખુશ્કીદળના ચાર તોખારો મંગાવ્યા અને મુંબઈના કોલાબા ગોલ્ફ કોર્સ પર રોજ સવારે તડબડાટી બોલાવવાનું શરૂ કર્યું. આ ચેપ બીજા નૌકાઅફસરોને પણ લાગ્યો, છતાં એ નકલ તેમને ભારે પડી. યુદ્ધજહાજ કિરપાણના મુખ્ય

કમાન્ડર આર. આર. સૂદને તેમના ઘોડાએ જમીનદોસ્ત કર્યા અને તે પછડાટે સૂદની ગરદનનું હાડકું ભાંગી નાખ્યું.

એ પછી યુદ્ધજહાજ ત્રિશૂલના મુખ્ય કમાન્ડર રામ તહેલિયાનીનો વારો આવ્યો. ઘોડેસવારીમાં તેઓ પણ કુશળ તો ખરા, છતાં કોલાબા નજીક ત્યારે ખુશ્કીદળના તોપચીઓ બોફર્સ એલ-૬૦ કહેવાતી વિમાનવિરોધી તોપો ફોડવાની પ્રેક્ટિસ કરી રહ્યા હોવાને કારણે તેમનો ઘોડો ભડક્યો અને સવાર ભોંયભેગા થયા. તહેલિયાનીના પગનું હાડકું એટલી ખરાબ રીતે તૂટ્યું કે હૉસ્પિટલમાં મહિનાઓ લાંબો ખાટલો થયો અને ત્રિશૂલમાં તેમનું સ્થાન કેપ્ટન કે. એમ. વી. નાયરે લેવું પડ્યું. નાયર માટે તહેલિયાનીનો અકસ્માત સુખદ નીવડવાનો હતો, કારણ કે ૧૯૭૧ના યુદ્ધમાં એક મહાવીર ચક્ર તેમના નામે લખાવાનો હતો--અને છતાં ત્રિશૂલના કમાન્ડર બનીને એવું બહુમાન પ્રાપ્ત ન કરી શકનાર રામ તહેલિયાની વર્ષો પછી ભારતના સર્વોચ્ચ નૌકાસેનાપતિનો બહુમાનભર્યો દરજ્જો પ્રાપ્ત કરવાના હતા. કોલાબામાં આવા ઘણા બધા અકસ્માતો થયા પછી ધ્વજજહાજ મૈસૂરના ફ્લેગ-કેપ્ટન રૂસી ગાંધીએ સૌને પારસી રમૂજમાં ફરમાન આપ્યું કે ચારેય ઘોડા જનરલ યાહ્યા ખાનના મળતિયા લાગે છે, માટે સવારીનો મોહ તજી દો !

ભારત-પાક ૧૯૭૧ : જહાજોનું સંખ્યાબળ

જહાજનો પ્રકાર	પાકિસ્તાન	ભારત
	સંખ્યા	સંખ્યા
વિમાનવાહક	-	૧
ક્રૂઝર	૧	૧
વિનાશિકાઓ	૫	૨
ફ્રિગેટ	૩	૧૫
સબમરિનો	૪	૪
પેટ્રોલ/મિસાઇલ	૨	૧૪
સુરંગવિરોધી	૮	-
ટેન્કર/ટગનૌકા	૧/૧	૨/૦
લેન્ડિંગ શીપ	-	૩
કુલ	**૨૫**	**૪૨**

નવેમ્બર, ૧૯૭૧નો સંપૂર્ણ મહિનો બન્ને કમાન્ડોના નૌકાકાફલા માટે ખુલ્લા સમુદ્ર પર ક્વાયતમાં વીત્યો. દરમ્યાન હવાઈ દળ પોતાની લશ્કરી વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત હતું.■





હવાઈદળની વ્યૂહરચના

દુશ્મનો પર રોજના સરેરાશ ૫૦૦ હવાઈ હુમલા કરવા માટે ભારતીય વાયુસેનાએ નવાં સરહદી ઍર-બેઝ બનાવવા સુધીની તૈયારીઓ કરીને પોતાની સ્થિતિ મજબૂત બનાવી લીધી

ઑક્ટોબર તથા નવેમ્બર, ૧૯૭૧માં ઍર ચીફ-માર્શલ પ્રતાપચંદ્ર લાલના મગજને પણ ઘડીભર આરામ ન હતો. ખુશ્કીદળ, હવાઈદળ અને નૌકાદળના એકસૂત્રી યુદ્ધમાં તેમણે વિમાનોરૂપી પ્યાદાં શી રીતે લડાવવાં તેની વિચારણા માટે ઈસ્ટર્ન કમાન્ડના તથા વેસ્ટર્ન કમાન્ડના અફસરો સાથે અનેક બેઠકો યોજી. ઈસ્ટર્ન કમાન્ડના સૂત્રધાર ઍર-માર્શલ એચ. સી. દિવાન હતા, જ્યારે વેસ્ટર્ન કમાન્ડ ઍર-માર્શલ એમ. એમ. એન્જિનિઅરને હસ્તક હતું.

કોઈ પણ યુદ્ધ હંમેશાં જમીનના વિવાદાસ્પદ પ્રદેશો માટે ખેલાતું હોય છે, એટલે વધુ મહત્ત્વ તો ખુશ્કીદળનું જ આંકવું રહ્યું. હારજીતનો આખરી ફેંસલો પણ કયા લશ્કરે કેટલો પ્રદેશ જપ્ત કર્યો તેના આધારે થાય છે. જમીનની માથેના આકાશમાં કબજે લેવા જેવું કશું હોતું નથી, કારણ કે આકાશ નક્કર વસ્તુ નથી. આમ છતાં જમીનનું ખુશ્કીયુદ્ધ પણ જીતવું હોય તો સર્વમાન્ય એવા લશ્કરી સિદ્ધાંતના તકાદા મુજબ સૌ પ્રથમ આકાશને સર કરવું જોઈએ. લશ્કરી અફસરો જેને 'ઍર સુપિરિયોરિટી' કહે છે એવું ચક્રવર્તી વર્ચસ્વ આકાશમાં જમાવ્યા વગર ખુશ્કીયુદ્ધ કદી જીતી શકાય નહિ.



■ વાયુસેનાપતિ ઍર ચીફ-માર્શલ પ્રતાપચંદ્ર લાલ

એક સરસ દૃષ્ટાંત બીજા વિશ્વયુદ્ધનું છે. હિટલરે યુદ્ધ જાહેર કર્યા બાદ તેના નાઝી ખુશ્કીદળે પહેલું નિશાન પોલેન્ડને બનાવ્યું ત્યારે એ દેશનાં ૩૯૭ વિમાનોને ખતમ કરી દેવા માટે એકસામટાં ૧,૫૮૧ જર્મન વિમાનો તીડનાં ટોળાંની જેમ પોલેન્ડ તરફ રવાના થયાં અને જોતજોતામાં પોલેન્ડના સમગ્ર ઍરફોર્સનું અસ્તિત્વ નાબૂદ કરી નાખ્યું. પોલેન્ડના આકાશ પર જર્મન 'ઍર સુપિરિયોરિટી'નો ડંકો વાગ્યો, એટલે ત્યાર પછીના ગણતરીના કલાકોમાં તો



■ વેસ્ટર્ન કમાન્ડના ઍર-માર્શલ એમ. એમ. એન્જિનિઅર


હિટલરનું પાન્ઝર બખ્તરિયા દળ એ દેશ પર ફરી વળ્યું. પોલેન્ડનું આકાશીછત્ર વગરનું સૈન્ય થોડી ઘણી પણ લડત આપી શક્યું નહિ, બલકે જમીન પર જર્મન રણગાડીઓ સામે તથા આકાશમાં હજારો જર્મન વિમાનો સામે બેવડું યુદ્ધ ખેલવા જતાં એ સૈન્યનો પણ છેવટે ૯૦% જેટલો સફાયો થયો.



■ ઇસ્ટર્ન કમાન્ડના ઍર-માર્શલ એચ. સી. દિવાન

બીજું નોંધપાત્ર દૃષ્ટાંત જૂન ૬, ૧૯૬૭ના રોજ ફાટી નીકળેલા આરબ-ઇઝરાયેલ યુદ્ધનું છે. ઇઝરાયેલે પણ હિટલર સ્ટાઇલમાં જ વિદ્યુતવેગી આક્રમણ કરી દુશ્મનોને કુંભકર્ણ હાલતમાં ઝડપી લીધા. જાગીને સતર્ક બનવાનો તેમને મોકો ન આપ્યો. ઇઝરાયેલી હવાબાજોએ પહેલે જ દિવસે ઇજિપ્તનાં ૨૪૦, સિરિયાનાં ૪૫, જોર્ડનનાં ૧૬ તથા ઇરાકનાં ૭ વિમાનોને ખતમ કરી નાખ્યાં. કુલ ૩૦૮ પૈકી ૨૭૮ વિમાનો તો રન-વે પર નાશ પામ્યાં. હુમલો અણધાર્યો હોવાને કારણે ટેક-ઑફ કરવાનો પણ ચાન્સ તેમને મળ્યો નહિ. એ પછી બીજા પાંચ દિવસ સુધી ઇઝરાયેલી હવાઇદળ બધા આરબ દેશોના આકાશમાં પ્રભુત્વ ભોગવતું રહ્યું, આરબોની ટેન્કોનો અને તોપોનો નાશ કરતું રહ્યું તેમજ પુરવઠા લાઇનોને કાપતું રહ્યું. પ્રભુત્વ તેણે આકાશમાં જમાવ્યું, છતાં તેનો પ્રભાવ ખુશ્કીયુદ્ધ પર જોવા મળ્યો કે જે છઠ્ઠે દિવસે તો આરબ દેશોની સામૂહિક શરણાગતિમાં પરિણમ્યું. સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે ત્રણ મોટા આરબ દેશોનાં કુલ ૭૦૦ લડાયક વિમાનો સામે ઇઝરાયેલ પાસે ૨૦૦ કરતાં પણ ઓછાં વિમાનો હોવા છતાં 'ઍર સુપિરિયોરિટી' તેણે હાંસલ કરી અને તેના નતીજારૂપે વિજય પણ હાંસલ કર્યો. ઇઝરાયેલે મેળવેલી 'ઍર સુપિરિયોરિટી'ના કમાલનો એક સરસ નમૂનો પણ છેલ્લે નોંધવો રહ્યો. ઇજિપ્તનાં ઘણાંખરાં વિમાનોને તેણે જમીન પર જ રગદોળી નાખવા સાથે તેનાં રેડારયંત્રોનો પણ નાશ કર્યો, એટલે ઇજિપ્તના 'આંધળા' બનેલા એન્ટિ-ઍરક્રાફ્ટ તોપખાનાએ ધોળે દિવસે પણ જાણે કે રીતસર અંધારામાં ગોલંદાજી ચલાવવાનો વારો આવ્યો. રેડારની આંખ વગર દેશનાં અને દુશ્મનનાં વિમાનોને અલગ પાડી શકાય નહિ. આથી રાતી એટલી ઘીમેલો સમજીને તોપખાનાએ પોતાનાં જ ૬૯ વિમાનોને આકાશમાં ફૂંકી દીધાં !

વિગ્રહની વ્યૂહરચનાનો આવો તકાદો પશ્ચિમ તથા પૂર્વ પાકિસ્તાનના મોરચે પણ બન્ને સામસામાં લશ્કરોને સરખી રીતે અને વળી સંગદિલ રીતે લાગુ પડતો હતો. તકાદાની સંગદિલી એ કે 'ઍર સુપિરિયોરિટી'નો ચાવીરૂપ લહાવો માત્ર એક લશ્કરને મળી શકે, બેયને નહિ. હવાઇ વર્ચસ્વ જમાવવા માટે ખેલાતા ફર્સ્ટ (અને કદાચ ફાઇનલ) રાઉન્ડમાં ત્રાજવું જો પાકિસ્તાનની તરફેણમાં નમી જાય તો ભારતની આક્રમક ફોજે એક તરફ બાંધી મુદતમાં ઢાકા પહોંચવાના મનોરથોને ભૂલી જવા રહ્યા અને બીજી તરફ પશ્ચિમ સરહદે પણ 'ઍર સુપિરિયોરિટી'ના અભાવે ખાસ્સો પ્રદેશ ગુમાવ્યા પછી સફેદ વાવટા ફરકાવવા રહ્યા. પૂર્વ



પાકિસ્તાનનો જ દાખલો જુઓ : અહીં પાક ખુશ્કી સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા નિયાઝીનાં વિમાનો ભારતીય ટેન્કોનો અને તોપોનો સર્વનાશ ન કરી શકે તો પણ ફૌજી રસાલા માટે ભારે જહેમતે નદીનાળાં પર બાંધવામાં આવેલા પુલોનો ઘડોલાડવો કરતાં રહે એટલું નિયાઝી માટે કાફી હતું. આ જનરલનું સંપૂર્ણ લશ્કરી પ્લાનિંગ શક્ય એટલો સમય ખેંચી કાઢવા પર કેન્દ્રિત થયું હતું, જેથી ભારતને વરતાતું આંતરરાષ્ટ્રીય દબાણ રોજેરોજ વધતું રહે અને જગતમાં ચોતરફી કાગારોળ મચ્યા બાદ ભારત છેવટે કશી નક્કર સિદ્ધિ મેળવ્યા વગર એ દબાણ સામે નમતું જોખી દે. આમેય ભારતમાં ઘૂસી આવેલા ૯,૦૦,૦૦૦ હિજરતી નિરાશ્રિતોનો પ્રશ્ન હલ કરવાના બહાને ભારત પોતાનું લશ્કર પૂર્વ પાકિસ્તાનમાં ઘૂસાડે એ પગલું છડેચોકના આક્રમણની છાપ પાડે તેવું સાબિત થવાનું હતું.

ભારતનું મગતરૂં નેટ

ભારતનાં કુલ ૭૪૫ વિમાનો પૈકી નેટ ૧૫૦ હતા, જેઓ દરેક વાતે દુશ્મનનાં સેબર જેટની તુલનામાં વામણાં હોવા છતાં ભારે ચપળ હતાં

પ્રકાર	ઇન્ટરસેપ્ટર તેમજ ઍટેક પ્લેન
વજન	ટેક-ઑફ વખતે ૪,૧૭૩ કિલો
લંબાઈ	૨૯ ફીટ અને ૮ ઇંચ
પહોળાઇ	૨૨ ફીટ અને ૧ ઇંચ
ઝડપ	કલાકના ૧,૦૨૨ કિલોમીટર
પ્રવાસમર્યાદા	૩૪૪ કિલોમીટર
શસ્ત્રસરંજામનો પુરવઠો	કુલ ૧૮૦ ગોળા ફેંકી શકતી ૨ વિમાનવિરોધી તોપો અને પ્રત્યેક ૨૨૭ કિલોનો એવા ૪ બોમ્બ

પાકિસ્તાનને બદલે ભારત 'ઍર સુપિરિયોરિટી'નો ફાયદો ખાટી જાય તો શું બને ? સ્વાભાવિક છે કે આકાશમાં ભારતીય વાયુસેનાનો ડંકો વાગતો હોય ત્યારે તેના રક્ષણાત્મક છત્ર હેઠળ આપણું સૈન્ય પોતાનું લગભગ સંપૂર્ણ ધ્યાન કુદરતી અડચણોને પાર કરવામાં આપી શકે અને સાથોસાથ જનરલ નિયાઝીના પાક સૈનિકો આકાશી યુદ્ધ પણ આપી શકે નહિ. કોઇ મોરચે જનરલ નિયાઝીએ વળી કુમક તરીકે અનામત બ્રિગેડ કે બટાલિયન મૂકવાનો વારો આવે ત્યારે પણ એ રસાલો ભારતીય વાયુસેનાની રજા વગર તેના મુકામે ન પહોંચે.

નોંધવા જેવું છે કે સરેરાશ ૨૦૦ રણગાડીઓ ધરાવતી આર્મર્ડ ડિવિઝનને (બખ્તરિયા દળને) રણમેદાનમાં લડતી વખતે દરરોજ ૨૫૦ ટન ડીઝલ અને ૧૫૦ ટન બોમ્બગોળાનો ખપ પડે છે. સૈનિકો માટે ખાધાખોરાકી અને દવાદારૂનો સપ્લાય પણ રણમોરચે અવિરત પહોંચવો જોઇએ. ઍર ચીફ-માર્શલ પી. સી. લાલનું હવાઇદળ શત્રુની એ સપ્લાય લાઇનને કાપી નાખે, એટલે જનરલ સામ માણેકશાના ખુશ્કીદળે અડધું યુદ્ધ જીતી લીધું સમજવું ! આ જાતના વ્યૂહાત્મક બેકગ્રાઉન્ડનું તાત્પર્ય એ કે યુદ્ધના ચેસ બોર્ડ પર વજીર ચાલનું પ્રથમ મહોરું ઇન્દિરા ગાંધીના વાયુ સેનાપતિ પી. સી. લાલે ચલાવવાનું હતું. યુદ્ધના છ-સાત મહિના અગાઉ નવી દિલ્હી ખાતે લગભગ રોજ યોજાતી વૉર-ગેમની ખાનગી બેઠકોમાં જનરલ માણેકશા તથા એડમિરલ નંદા સાથે મસલતો કરીને ઍર ચીફ-માર્શલે તૈયારીઓ આરંભી દીધી હતી.

ઇસ્લામાબાદે તેનાં ૪૪૭ લડાયક વિમાનો પૈકી ૪૩૧ને પશ્ચિમમાં ગોઠવ્યાં હતાં. ગણીને માત્ર ૧૬ વિમાનો પૂર્વ પાકિસ્તાનમાં મુખ્યત્વે ઢાકાના ઍરફિલ્ડ પર રાખ્યાં હતાં અને તે બધાં અમેરિકન બનાવટનાં એફ-૮૬ સેબર જેટ હતાં. ઍર ચીફ-માર્શલ પી. સી. લાલને વધુ ફિકર મારકણા ગણાતા સેબર જેટની હતી, જેમનો કાંટો તેમણે મગતરાછાપ નેટ વિમાન વડે દૂર કરવાનો હતો. અમેરિકાના નોર્થ અમેરિકન કોર્પોરેશને બનાવેલાં સેબર જેટ અગાઉ ઘણા



યુદ્ધોમાં લડ્યાં હતાં અને ખતરનાક શસ્ત્રો તરીકે ઘણી ખ્યાતિ પામ્યાં હતાં. કેટલાંક યુદ્ધોની તો બાજી તેમણે પલટી નાખી હતી. કદાચ એટલે જ બદલાતી ટેક્નોલોજિ વચ્ચે પણ સેબર જેટને લાંબી આવરદા મળી અને નોર્થ અમેરિકન કોર્પોરેશને જુદા જુદા દેશો માટે કુલ મળીને ૯,૫૦૨ સેબર જેટ બનાવ્યાં. ઐતિહાસિક યોગાનુયોગ એ કે વર્ષો પહેલાં અમેરિકા નેહરુ સરકારને પણ સેબર જેટ વેચવા માંગતું હતું, છતાં એ વખતના ઍર કોમોડર ખુદ પી. સી. લાલના હઠાગ્રહને માન આપી બ્રિટિશ કમ્પની ફોલેન્ડનાં ટચૂકડા નેટનો કાફલો પસંદ થયો હતો. લાલના કહેવા અનુસાર થયેલી પસંદગી કેટલી યોગ્ય હતી, તેના લિટમસ ટેસ્ટનો અવસર હવે દૂર ન હતો.

પાકિસ્તાનનું સેબર જેટ

પાકનાં કુલ ૪૪૭ વિમાનોમાં ૧૬૫ સેબર જેટ હતાં. આ મારકણા પ્લેનને ભારતનું મગતરૂં નેટ જો કે ભારે પડી ગયું

પ્રકાર	ફાઈટર અને ફાઈટર બોમ્બર
વજન	ટેક-ઑફ વખતે ૯,૩૫૦ કિલો
લંબાઈ	૩૭ ફીટ અને ૬.૫ ઈંચ
પહોળાઈ	૩૯ ફીટ અને ૧ ઈંચ
ઝડપ	કલાકના ૧,૧૦૫ કિલોમીટર
પ્રવાસમર્યાદા	૧,૪૮૫ કિલોમીટર
શસ્ત્રસરંજામનો પુરવઠો	૧,૬૦૦ ગોળા ફેંકતી ૬ વિમાન-વિરોધી તોપો, ૨ મિસાઈલો અથવા ૪૫૪ કિલોના બે બોમ્બ

ઈસ્ટર્ન ઍર કમાન્ડના વાયુ સેનાપતિ ઍર-માર્શલ એચ. સી. દિવાનને એપ્રિલ, ૧૯૭૧ પછી વખતોવખત દિલ્હીનું તેડું આવતું રહ્યું, જ્યાં યુદ્ધના દાવપેચ ઘડી કાઢવા માટે યોજાતી બેઠકો લગભગ રોજિંદી બની હતી. બધા દાવપેચ ફક્ત એક લશ્કરી મકસદ ફરતે આકાર લેતા હતા: પૂર્વમાં પાક હવાઈદળને યુદ્ધના પહેલા ચોવીસ કલાકમાં જ નામશેષ કરી દેવું અને ત્યાર પછી ભારતીય વાયુસેનાએ પોતાનાં ૬૦% ઊડ્ડયનો ફક્ત ભારતીય ખુશ્કીદળને આકાશીછત્ર આપવા માટે ફાળવવાં અથવા તો ખુશ્કીદળ ચીંધે તે લક્ષ્યાંકો પર બોમ્બમારો કરવો. આ જાતનો ઍર સપોર્ટ ત્રણ દિશામાં ઢાકા તરફ આગળ વધતાં ત્રણેય દળોને (૨જી, ૪થી તથા ૩૩મી કોરને) એકધારો મળી રહેવો જોઈએ. જનરલ માણેકશાએ કડક ડિમાન્ડ મૂકી કે ખુશ્કીદળ જ્યારે પણ મદદનો સંદેશો મોકલે ત્યારે સંજોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય છતાં વાયુસેનાએ યુદ્ધના સ્થળે ધસી જવું એટલું જ નહિ, પરંતુ એ માટે ચંદ મિનિટો કરતાં વધુ સમય પણ ન લાગવો જોઈએ.

આ વ્યૂહરચનાએ ઈસ્ટર્ન ઍર કમાન્ડના ઍર-માર્શલ દિવાનને સમગ્ર કમાન્ડનો મોરચો જુદી રીતે ગોઠવવા માટે ફરજ પાડી. ખુશ્કીદળની વિનંતીનો અમલ તરત કરવો હોય તો વાયુસેનાનું દરેક ઍર-બેઝ શક્ય એટલું સરહદ નજીક રાખવું પડે તેમ હતું. હવાઈદળ અને નૌકાદળ વચ્ચે હંમેશનો મુખ્ય તફાવત એ કે નૌકાદળના યુદ્ધજહાજોનું મથક ગમે ત્યાં હોય, પરંતુ હંકાર્યા પછી તેઓ ગણતરીના કલાકોમાં સેંકડો કિલોમીટર છેટે ગમે તે દિશામાં ગમે તે સ્થળે પોતાની હાજરી પૂરાવીને યુદ્ધ શરૂ કરી દે. હવાઈદળને એવો લાભ ન મળી શકે, કેમ કે તેનાં વિમાનો ખીલે બંધાયેલાં વાછરડાંની જેમ પોતાનાં ઍર-બેઝ કરતાં હદુપરાંત દૂર નીકળી શકે નહિ--અને માટે જ ખુશ્કીયુદ્ધ જ્યાં ખેલાવાનો સંભવ હોય ત્યાં નજીકમાં તેનું અધકચરૂં પણ ઍર-બેઝ હોવું જોઈએ.

પૂર્વ પાકિસ્તાનના ભૌગોલિક નકશા પ્રમાણે જોવા બેસો તો તેની બિલકુલ પશ્ચિમે કલકત્તામાં વાયુસેનાનું એક હવાઈમથક કલાઈકુન્દા ખાતે વર્ષો થયે મોજૂદ હતું. કલકત્તાથી તે

બહુ છેટે ન હતું, છતાં સહેજ પશ્ચિમે અને માટે સરહદ કરતાં સહેજ દૂરના ફાસલે હોવાને કારણે બીજું મથક કલકત્તાના જ ડમડમ ઍરપોર્ટ પર સ્થાપવામાં આવ્યું. ઉત્તરમાં સિલિગુડી અને શિલોંગ પણ બહુ મોટાં ઍર-બેઝ હતાં. એ જ રીતે ઍર-માર્શલ દિવાન જરૂર પડે ત્યારે આસામનું ગુવાહાટી ઍર-બેઝ વાપરી શકે તેમ હતા. આમ પશ્ચિમ-ટુ-પૂર્વ આગળ વધનાર લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈનાની બીજી કોરને તથા ઉત્તર-ટુ-દક્ષિણ આક્રમણ કરનાર લેફ્ટનન્ટ-જનરલ એમ. એલ. થાપનની ૩૩મી કોરને ગમે ત્યારે અને ટૂંકી મુદતે આકાશી છત્ર મળી રહે તેમ હતું. સામ માણેકશાએ પૂર્વ પાકિસ્તાનની ઉત્તરે સ્થાપેલો મેજર-જનરલ ગાંધર્વ નાગરાનો ૧૦૧ કમ્યૂનિકેશન ઝોન પણ ઍર-માર્શલ દિવાનના હવાઈછત્ર હેઠળ સલામત રહી શકે તેમ હતો.

ભારત-પાક ૧૯૭૧ : વિમાનોનું સંખ્યાબળ

પાકિસ્તાન		ભારત	
પ્રકાર	સંખ્યા	પ્રકાર	સંખ્યા
સ્ટારફાઇટર	૧૫	હન્ટર	૧૫૦
સેબર જેટ	૧૬૫	નેટ	૧૫૦
કેનબેરા	૩૨	વામ્પાયર	૫૦
મિરાજ-૩	૮૪	સુખોઇ-૭	૧૪૦
મિગ-૧૯	૧૦૦	મિગ-૨૧	૧૨૦
ઈલ્યુશિન-૨૮	૨૬	મિસ્ટિયર	૬૦
અન્ય	૨૫	કેનબેરા	૫૦
--	--	એચ.એફ.-૨૪	૨૫
કુલ	૪૪૭	કુલ	૭૪૫

સૌથી વિકટ પ્રશ્ન લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની ૪થી કોર માટે જાગ્યો. આ પ્રચંડ ખુશ્કી ફોજે પૂર્વ-ટુ-પશ્ચિમનો ઢાકાતરફી માર્ગ પકડવાનો હતો. ત્રિપૂરાથી તેમનું મિશન શરૂ થવાનું હતું, માટે તેમની કોરના રાઉન્ડ-ધ-ક્લોક રક્ષણ કાજે એક જંગી હવાઈમથક ત્રિપૂરાના સરહદી નગર અગરતલામાં પણ હોવું જોઈએ. દુર્ભાગ્યે ત્યાં ઍર-બેઝ નહિ, પણ ઍર-ફિલ્ડ હતું. ટૂંકા સાથરાની ફક્ત ડામરિયા સડક હતી, જેને નેટ જેવું ટચૂકડું વિમાન પણ ટેક-ઑફ અને લેન્ડિંગ માટે સલામતીપૂર્વક વાપરી શકે નહિ. હવાઈદળે વર્ષો થયે માત્ર નેફા સરહદને નજર સામે રાખી ચીન સામેનો આકાશી મોરચો સંગીન બનાવવા માટે ફક્ત એ પ્રદેશમાં અદ્યતન મથકો સ્થાપ્યાં હતાં. પૂર્વમાં ભારત-પાકિસ્તાન સરહદને અવગણી હતી, કેમ કે ત્યાં અગાઉ કદી ભારત-પાક યુદ્ધ થયું જ ન હતું. ૧૯૪૭માં નહિ તેમ ૧૯૬૫માં પણ નહિ. હવે જ્યારે યુદ્ધના ભણકારા વાગવા શરૂ થયા ત્યારે ઍર-માર્શલ દિવાને પોતાના વિંગ કમાન્ડર એમ. એમ. સિંહ જોડે તાકીદની મસલતો યોજી અને ગમે તે ભોગે અગરતલાનું ખાંડિયુંબાંડિયું ઍર-ફિલ્ડ વપરાશયોગ્ય બનાવવાની તાકીદ પણ તેમને જ કરી.

સિલિગુડીમાં ડ્યૂટી બજાવતા વિંગ-કમાન્ડર અગરતલા ગયા. શોભાના ગાંઠિયા જેવો રન-વે તેમણે માપ્યો. નેટનાં સ્ક્વૉડ્રનને અગરતલા લાવવાં કે કેમ તેનો નિર્ણય લેતા પહેલાં ઍર-ફિલ્ડનું જરૂરી એવું બધું નિરિક્ષણ કર્યા બાદ તેઓ હેલિકોપ્ટરમાં બેસી પાછા સિલિગુડી ગયા. ઉત્તર-પૂર્વનાં અલગતાવાદી પરિબળો સામે લડવા માટે ફક્ત હેલિકોપ્ટરોને કામ લાગતી અગરતલાની કથિત હવાઈસડક માંડ ૧,૫૦૦ વાર લાંબી હતી. વિંગ કમાન્ડર એમ. એમ. સિંહે એ જ અંતરે સિલિગુડીના રન-વે પર સફેદ લીટી વડે માર્કિંગ કર્યું, ત્યાર બાદ પોતાના નેટમાં ગોઠવાયા અને માર્કિંગવાળી સીમિત જગ્યામાં ટેક-ઑફ તથા લેન્ડિંગનો પ્રયોગ કરી જોયો. અખતરો બહુ જામ્યો નહિ, કારણ કે પાકિસ્તાનના સેબર જેટ કરતાં અડધા (બલકે અડધા કરતાં પણ ઓછા) વજનનું મગતરું નેટ વિમાન બાર હાથના ચીભડામાં તેર હાથનું બી સાબિત થયું. આમ છતાં વિંગ કમાન્ડરે પોતાના આખા નેટ સ્ક્વૉડ્રનને અગરતલા ટ્રાન્સફર કરવાનો પડકાર સ્વીકારી લીધો. દરમ્યાન અગરતલાનો રન-વે પણ એ પછાત વિસ્તારમાં હાથ

લાગ્યો એટલો ડામર-કપચીનો માલસામાન વાપરીને સહેજ લંબાવવાનું કામ શરૂ થયું, પરંતુ હજી માંડ થોડાક ફીટ જેટલો સાથરો લંબાયો ત્યાં યુદ્ધનું બ્યુગલ વાગી ચૂક્યું હતું. નેટના શીંગોડાંને તાત્કાલિક બોમ્બગોળા અને તોપગોળા જેવાં શસ્ત્રો વડે શણગારીને અગરતલા લાવવાં પડ્યાં.

કોઈ પણ વિમાનને ટેક-ઑફ કરતાં લેન્ડિંગ માટે વધુ જગ્યાની આવશ્યકતા રહે, કેમ કે ગતિને અવરોધતી હાઈડ્રોલિક બ્રેક પણ લેન્ડિંગના સમયે બરાબર કામ આપતી નથી. ટેક-ઑફ કરતું વિમાન ભરચક ફ્યૂલ ટેન્ક અને ભારેખમ શસ્ત્રો વડે લદાયેલું હોવા છતાં ટર્બોજેટ એન્જિનનો પ્રચંડ ધક્કો તેને જોતજોતામાં હવા પર સવાર કરી દે છે. યુદ્ધમોરચે શસ્ત્રો તથા બળતણ લગભગ વાપરી ચૂક્યા બાદ લેન્ડિંગના સમયે વિમાન જરા હળવું બન્યું હોય તો પણ રન-વે પર દોડતી વખતે ટર્બોજેટનો 'પુશ' તેને આગળ ધકેલ્યા કરે છે. વિમાન પોતે ટનના હિસાબે વજનદાર હોવાને કારણે હાઈડ્રોલિક બ્રેક તેના વેગને ખાળી શકતી નથી, એટલે મોડર્ન આવૃત્તિનાં વિમાનો બ્રેકિંગ પેરેશૂટ વાપરે છે. એ જ રીતે ઍરબસ જેવાં પેસેન્જર પ્લેનમાં જેટનો અવળો ધક્કો પેદા કરતાં થ્રસ્ટ રિવર્સલ નામના 'સઢ' હોય છે, જેમણે એન્જિનના પાછલા મોઢાને આવર્યા પછી ધક્કો પોતે રિવર્સ થાય છે.

જુરાસિક યુગના ગણાતા નેટ વિમાનમાં બ્રેકિંગ માટે સાદી બ્રેક સિવાય કશી જ સગવડ ન હતી. આથી વિંગ કમાન્ડર એમ. એમ. સિંહે નક્કી કર્યું કે દરેક વિમાન પોતાનું મિશન આટોપીને પાછું ફરે એ વખતે ઍર-ફિલ્ડના જવાનો રન-વે પર સામા છેડે આશરે $^1/_3$ અંતરે બન્ને તરફ કતારબંધ ખડા રહે અને નેટનો બેફામ વેગ જરા ઓછો થાય ત્યારે તેની બેય પાંખોને બળપૂર્વક પકડી લે. જવાનોએ થોડા વખત પ્લેન સાથે ધરાર દોડવાનું થાય, છતાં રન-વેનો છેડો આવતા પહેલાં નેટની તો મેરેથોન દોડને ફુલસ્ટોપ જરૂર લાગે !

આ તો વાયુસેનાપતિ ઍર ચીફ-માર્શલ પી. સી. લાલે કરેલી પૂર્વતૈયારીનો માત્ર એક નમૂનો હતો. વધુ નમૂના યુદ્ધ દરમ્યાન પરચો દેખાડવાના હતા.■






પ્રકરણ : ૯

ભારતના જાસૂસોનો ભૂગર્ભજંગ

લડાઈનો અનુકૂળ સમય પાકે એ દરમ્યાન વડા પ્રધાનના 'ઑન હર મેજેસ્ટિઝ સિક્રેટ સર્વિસ' જેવા ભારતીય જેમ્સ બોન્ડ જાસૂસી યુદ્ધ ખેલવા નીકળી પડ્યા

ઇન્દિરાએ તેમના મુખ્ય સેનાપતિને મર્યાદિત સમય બાંધી આપ્યા પછી યુદ્ધને જ છેવટનું લક્ષ્યાંક ગણી સરકારના લગભગ દરેક મંત્રાલયનો કાર્યપ્રકાર પણ તેના અનુસાર બદલી નાખ્યો. એક રિપોર્ટ મુજબ જનરલ માણેકશાએ પૂર્વ સરહદે બખ્તરિયા આક્રમણ માટે છઠ્ઠી ડિસેમ્બરની તારીખ પસંદ કરી હતી. આ સપરમો દિવસ હજી સાતેક મહિના દૂર હતો.

દરમ્યાન પૂર્વ પાકિસ્તાનમાં મેજર ઝિયા-ઉર-રહેમાન જેવા ક્રાંતિકારી બંગાળી અફસરો પોતાના નજીવા સંખ્યાબળને લીધે પાક સૈન્યના હાથે પરાજિત ન થાય અને લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાન દ્વારા ચાલતી દમનકારી ઝૂંબેશ આમજનતાને પણ નામુરાદ ન કરી મૂકે એટલા ખાતર ઇન્દિરા ગાંધીએ ૭ મહિનાનું એક ભૂગર્ભ યુદ્ધ શરૂ કરાવ્યું. આ યુદ્ધ તેમણે જ સપ્ટેમ્બર ૨૧, ૧૯૬૮ના રોજ સ્થાપેલી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ નામની જાસૂસી સંસ્થાએ પોતાના ખૂફિયા ગુપ્તચરો મારફત ચલાવવાનું હતું. ટૂંકમાં 'રૉ' કહેવાતી એ સંસ્થાનો મુખ્ય હેતુ બીજા દેશો પર જાસૂસી જાળ બિછાવવાનો હતો, મિશનને ધ્યાનમાં લેતાં તેનું માટે આવા સિક્રેટ ખાતમુહૂર્ત પછી બને તેટલો સમય અસ્તિત્વ પણ ખાનગી રાખવામાં આવ્યું હતું. (રૉ અંગે પ્રથમ ઉલ્લેખ દસેક મહિના બાદ 'ઇલસ્ટ્રેટેડ વિકલી ઑફ ઇન્ડિયા' મેગેઝિને પોતાના જુલાઇ, ૧૯૬૯ના અંકમાં કર્યો



■ ઇન્દિરાએ જ ૧૯૬૮માં સ્થાપેલી જાસૂસી સંસ્થા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગનું (રૉનું) નવી દિલ્હીના લોદી રોડ ખાતે આવેલું મુખ્યાલય

હતો.) ઇન્દિરા સરકારે રૉને વાર્ષિક રૂપિયા બે કરોડનું બજેટ ફાળવ્યું હતું, જે રકમ તેના ૨૫૦ જેટલા કર્મચારીઓ અને જાસૂસો માટે શાંતિકાળ પૂરતી બેશક કાફી હતી. સંસ્થાના બે સૂત્રધારો શંકરન નાયર અને રામેશ્વરનાથ કાઓ તેમનાં સિક્રેટ કરતૂતોનો એટલો જ સિક્રેટ અઠવાડિક રિપોર્ટ બારોબાર વડા પ્રધાન સમક્ષ રજૂ કરતા હતા. રૉમાં શું રંધાય છે તે અંગે પાર્લામેન્ટને કે પ્રજાજનોને કશું જણાવવામાં આવતું ન હતું.

લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાન ઢાકા ખાતે નવા ગવર્નર બન્યા કે તરત વડા પ્રધાને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગનું બજેટ વધારીને દસ ગણું કરી નાખ્યું. પાકિસ્તાની પોલિટિક્સના નિરીક્ષક અને નિષ્ણાત એવા શંકરન નાયરનું મહત્ત્વ પણ એ સંસ્થામાં રાતોરાત વધી ગયું. વડા પ્રધાન દ્વારા તેમને સ્પષ્ટ આદેશ મળ્યો કે ભારતના શક્ય એટલા જાસૂસોને પૂર્વમાં સરહદપાર મોકલી તંગદિલીના વાતાવરણનું તાપણું સળગતું રાખવું. બંગાળી ક્રાંતિકારોને શસ્ત્રો આપવાં, ગેરિલા યુદ્ધનાં કરતબો શીખવવા, સેબોટેજની કળામાં પારંગત બનાવવા, શેખ મુજીબુર રહેમાન પછી બીજી હરોળના ગણાતા અવામી લીગના મુખ્ય રાજકીય આગેવાનોની સુરક્ષા કરવી અને ખાસ તો પૂર્વ પાકિસ્તાનમાં બનતી દરેક ઘટનાનો વાયરલેસ રિપોર્ટ સાંકેતિક ભાષામાં પલટી રોજેરોજ નવી દિલ્હીને મોકલવો.

આ બધાં કામો રૉના સેંકડો જાસૂસોએ ખૂબીપૂર્વક કર્યાં. ઉદાહરણ તરીકે માર્ચ ૨૫, ૧૯૭૧ના રોજ જનરલ યાહ્યા ખાન અને શેખ મુજીબુર રહેમાન વચ્ચે મંત્રણાઓ પડી ભાંગી એ પહેલાં ઢાકા ખાતે રૉના એક જાસૂસે પાકપ્રમુખનો આગામી પ્લાન જાણી લીધો હતો. યાહ્યા ખાને ગવર્નર ટીક્કા ખાન માટે લખેલા 'સૌને ઠેકાણે પાડી દો !' એવા ગર્ભિત ઑર્ડરની નકલ જ ભારતીય જાસૂસને મળી ચૂકી હતી. ઢાકાની આસપાસ ઉંદરકામાં ચલાવતા રૉના બીજા એજન્ટોને તેણે એ જ ઘડીએ સાબદા કર્યા. સૌ પોતપોતાની રીતે વેશપલટો કરી મુજીબુરને ત્યાં ગયા અને સલાહ આપી કે તેમણે સહેજ પણ વિલંબ કર્યા વગર સરહદ ઓળંગી ભારતમાં આશ્રય લેવો. ઇન્દિરાની પણ એ જ સલાહ હોવાનું મુજીબુરને જણાવવામાં આવ્યું. હકીકતમાં તેમને સલામત રીતે સરહદે પહોંચાડવા માટે રૉના શંકરન નાયરે આગોતરો બંદોબસ્ત પણ કરી રાખ્યો હતો. સમજાવટની પ્રક્રિયા સતત ૧૨ કલાક ચાલી, છતાં મુજીબુર ન માન્યા. નમતું માત્ર એ વાતે જોખ્યું કે અવામી લીગ પક્ષના મહાસચિવ (ભાવિ રાષ્ટ્ર બાંગલા દેશના પ્રથમ વડા પ્રધાન) તાજુદ્દીન અહમદ પક્ષના બીજા સિનિઅર કાર્યકરો સાથે ચૂપચાપ ભારત પહોંચે. સિનિઅર આગેવાનોમાં કાજી નસરૂલ ઇસ્લામ તથા મુસ્તાક અહમદ નોંધપાત્ર હતા, કેમ કે આઝાદ બાંગલા દેશના રાજકર્તા બનવાનું તેમના નસીબે પણ લખાયું હતું.

ઉછીનાં લીધેલાં ચિંથરેહાલ બનિયન અને મેલી લૂંગી પહેરીને તાજુદ્દીન અહમદ તથા બીજા આગેવાનો રૉના જાસૂસો સાથે મધરાતે જ સરહદ તરફ જવા નીકળી પડ્યા. ઢાકાથી જેસોર ગયા અને વધુ આગળ ચાલી બોયરા ગામ પાસે ભારતમાં (પશ્ચિમ બંગાળમાં) પ્રવેશ્યા. મુજીબુરનું શું થયું એ તેમને ખબર ન હતી, છતાં રૉના પ્રતાપે લેટેસ્ટ રિપોર્ટ મળવામાં વાર ન લાગી. જેસોરમાં રૉના એક જાસૂસે ટીક્કા ખાન દ્વારા યાહ્યા ખાન માટે પ્રસારિત કરાયેલો વાયરલેસ મેસેજ આંતરી લીધો. મુજીબુરની ધરપકડનો હુકમ આપીને જતા રહેલા જનરલ યાહ્યા ખાનને મોકલાયેલો એ મેસેજ હતો : 'પરિન્દા અબ પિંજરે મેં કૈદ હૈ !'

ઇન્દિરાને હવે પૂર્વ પાકિસ્તાનનું તાપણું સળગતું રાખવા માટે શેખ મુજીબુરનો સહારો મળી શકે તેમ ન હતો, એટલે નસરૂલ ઇસ્લામ જેવા બીજા આગેવાનો સાથે સ્વેચ્છાએ તડીપાર થયેલા તાજુદ્દીન અહમદ તેમના માટે હુકમના એક્કા બન્યા. આ ક્રાંતિકારી નેતાને ખાસ

વિમાન દ્વારા તેમણે દિલ્હી તેડાવ્યા અને સ્વતંત્ર રાષ્ટ્રની સરકારનું એલાન કરવાનો ખ્યાલ સફળતાપૂર્વક તેમના ગળે ઊતાર્યો. તાજુદ્દીને બાંગલા દેશની સરકાર જાહેર કરી એટલું જ નહિ, પણ બાંગલા દેશમાં સરહદ કરતાં ફક્ત ૩૦૦ ફીટ અંદર વસેલા એક ગામને મુજીબનગર નામ આપી તેને નવા રાષ્ટ્રનું પાટનગર બનાવ્યું. એ પછી તાજુદ્દીન કલકત્તામાં રહીને જ તેમના નવા સ્થપાયેલા સ્વતંત્ર રાષ્ટ્ર પર 'રાજ' કરવા માંડ્યા. આ સરકારનું અસ્તિત્વ ફક્ત કાગળ પર હતું, છતાં વિશ્વરાજકારણમાં તેની પબ્લિસિટી વેલ્યુ ગજબનાક સાબિત થઇ. પૂર્વ પાકિસ્તાનને બદલે હવે બાંગલા દેશ નામ પ્રચલિત બનવા લાગ્યું. ઇન્દિરા ગાંધી એ જ નામ તરફ જગતઆખાનું ધ્યાન ખેંચવા માગતાં હતાં. આમાં તેમને મળેલી પ્રથમ સફળતાનો મહત્તમ યશ રૉના ખૂફિયા જાસૂસોને આપવો જોઇએ, કારણ કે અવામી લીગની ક્રાંતિકારી સરકાર ઘણી હદે એ ગુપ્તચરોના પ્રતાપે જન્મી હતી.

રાજકીયની જેમ લશ્કરી મોરચે તરખાટ મચાવવામાં પણ રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના 'રીઅલ લાઇફ' જેમ્સ બોન્ડ પાછળ ન રહ્યા. ચિત્તાગોંગના મેજર ઝિયા-ઉર-રહેમાન જેવા છૂટપુટ બંગાળી અફસરો કશા પ્લાનિંગ વગર લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાનના ભારે શસ્ત્રસજ્જ લશ્કર સામે લડતા હતા. બીજી તરફ હજારો બંગાળી સૈનિકો તો ડરના માર્યા હિજરત કરીને નિરાશ્રિતો સાથે ભારત આવતા રહ્યા હતા, જેને લીધે સંઘર્ષનો ટેમ્પો હજી જામતો ન હતો. ક્રાંતિની ચિનગારી આવા સંજોગોમાં વહેલીમોડી બૂઝાયા વગર ન રહે અને જનરલ ટીક્કા ખાને આદરેલા જનસંહારમાં ટોચના બંગાળી અફસરો સહિત અનેક ક્રાંતિકારીઓ માર્યા ગયા બાદ યુદ્ધ વખતે ભારતને તેમનો સાથ મળી શકે નહિ. ખરેખર તો ભારતનું સૈન્ય પોતાનું આક્રમણ લોન્ચ કરે ત્યારે સરહદની પેલી તરફ ખુદ પાકિસ્તાનના લશ્કરને પીઠમાં ખંજર ભોંકી શકતા પાંચમી કતારિયા ગેરિલા બંગાળી જવાનોનો મોટો કાફલો મોજૂદ હોવો જોઇએ.




■ મુક્તિ વાહિની દળના સરફરોશ ક્રાંતિકારોની લડત ચોક્કસ મકસદ સાથેની હતી, પણ લડત પોતે ચોક્કસ પદ્ધતિએ લડાતી નહોતી

આ વ્યૂહાત્મક મુદ્દો જનરલ માણેકશાએ રૉના સૂત્રધારોને જણાવવો કે સમજાવવો ન પડ્યો. રામેશ્વરનાથ કાઓ તથા શંકરન નાયર તે દિશામાં જાતે જ સક્રિય બન્યા. કર્નલ એમ. એ. ઉસ્માની નામના બંગાળી યુવાને પાક લશ્કર સામે લડવા મુક્તિ વાહિની કહેવાતી પલટણ રચી હતી. વાહિનીના સભ્યો તેના જેવા જ સરફરોશ હતા, છતાં આઝાદી કાજે મરણિયા બનવું અને લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાનના કુલ ૮૦,૦૦૦ તાલીમબદ્ધ સૈનિકોને મહાત કરવા એ બન્ને જુદી બાબતો હતી. ઇસ્લામાબાદ સરકાર પૂર્વ પાકિસ્તાનમાં સાડા ચાર ડિવિઝનો ખડકી ચૂકી હતી. આ ડિવિઝનો પાસે ભારે તોપો હતી, બોમ્બર વિમાનો હતાં અને રણગાડીઓ પણ હતી. કર્નલ ઉસ્માનીના ક્રાંતિકારી જવાનોનું શૂરાતન એ પ્રચંડ તાકાત સામે ભાગ્યે જ કારગત બને. આથી રૉના શંકરન નાયરે સરહદ નજીક કર્નલ ઉસ્માની સાથે ગુપ્ત મેળાપ ગોઠવ્યો અને મુક્તિ વાહિનીના સૈનિકોને ગેરિલા યુદ્ધની તાલીમ આપવાની તથા શસ્ત્રસજ્જ બનાવવાની

ભારતની જાસૂસી સંસ્થા રૉનું વહીવટી માળખું

આઝાદી પહેલાં ભારતમાં અગ્રણી જાસૂસી સંસ્થા ફક્ત ઇન્ટેલિજન્સ બ્યૂરો/IB હતી, જેની સ્થાપના અંગ્રેજ સરકારે ૧૯૧૮ માં આંતરિક સલામતી અંગેની બાતમીઓ મેળવવાના આશયે કરી હતી. સ્વતંત્રતા પછી ગૃહપ્રધાન સરદાર પટેલે તેનું કાર્યક્ષેત્ર વિસ્તાર્યું અને ભારતના સીમાડે પ્રવર્તતી સ્થિતિ વિશે પણ ખૂફિયા જાણકારી મેળવવાની જવાબદારી તેને સોંપી. આમ છતાં ૧૯૬૨ માં ઇન્ટેલિજન્સ બ્યૂરોએ ભારતીય લશ્કરને ચીનના આક્રમણનો પૂર્વસંકેત આપ્યો નહિ. ભારતીય જવાનો છેવટ સુધી અંધારામાં રહ્યા એ દોષનો ટોપલો તેણે લશ્કરની ખુફિયા એજન્સી પર ઢોળી દીધો. પાકિસ્તાને ૧૯૬૫ માં ભારત સામે 'ઑપરેશન જિબ્રાલ્ટર' તથા 'ઑપરેશન ગ્રાન્ડ સ્લામ' તરીકે ઓળખાતાં જે આક્રમક મિશનો લોન્ચ કર્યાં તેમના અંગે પણ ઇન્ટેલિજન્સ બ્યૂરોને (તેમજ મિલિટરી ઇન્ટેલિજન્સને પણ) આગોતરી જાણ ન હતી. સેનાપતિ જનરલ ચૌધરીએ ત્યારે મિલિટરી ઇન્ટેલિજન્સને છાવરી ઇન્ટેલિજન્સ બ્યૂરોના કામકાજને સ્પષ્ટ શબ્દોમાં વખોડી કાઢ્યું. એકબીજા પર થતાં દોષારોપણોનો છેડો લાવવા અંતે સપ્ટેમ્બર, ૧૯૬૮ માં સરકારે રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ/RAW નામની અલગ ખુફિયા એજન્સી સ્થાપી, જેનું કામ ખાસ કરીને પડોશી દેશો પર જાસૂસી કરવાનું હતું. ઉદારતાપૂર્વક ફાળવાયેલા બજેટ સાથે હજારો ગુપ્તચરોનો, કમાન્ડો સૈનિકોનો અને બાતમીદારોનો કાફલો રચવામાં આવ્યો.

રૉનું ગઠન થયાનાં માત્ર બે વર્ષ બાદ તેણે સરહદપારના પ્રથમ ગૂઢ મિશન તરીકે પૂર્વ પાકિસ્તાનમાં મુક્તિ વાહિની તરીકે ઓળખાતા ક્રાંતિકારોને શસ્ત્રસજ્જ કરી તાલીમ આપવાનો વખત આવ્યો. ૧૯૭૧ની લડાઇ ફાટી નીકળી તેના આગલા મહિને રૉના નેજા હેઠળ સ્પેશ્યલ ફ્રન્ટિયર ફોર્સ/SFF ના ૩,૦૦૦ સૈનિકોએ પૂર્વ પાકિસ્તાનમાં ચિત્તાગોંગની પૂર્વે બધા પહાડી રસ્તા કબજે કરી લીધા, જેથી યુદ્ધ વખતે પાક સૈનિકો બ્રહ્મદેશ (મ્યાનમાર) તરફ ભાગે નહિ. કપ્તાઇ નામના બંધ ઉપરાંત મહત્ત્વના બધા પુલોને તેમણે સેબોટેજ કર્યા. લડાઇ દરમ્યાન પાક સૈનિકો પર છાપામાર હુમલા પણ કર્યા. બીજી તરફ પૂર્વ પાકિસ્તાનમાં ફરી વળેલા રૉના જાસૂસોએ પાક લશ્કરના ગુપ્ત સંદેશા આંતર્યા, ઢાકામાં છૂપાં વાયરલેસ મથકોનો પત્તો લગાવ્યો, ઢાકાનો ટુરિસ્ટ મેપ પણ મેળવ્યો અને તેના પર મથકો ચીંધી બતાવીને તે નકશો ભારતીય વાયુસેનાને પહોંચાડ્યો ત્યારે આપણાં હન્ટર વિમાનોએ બધાં મથકોને બોમ્બમારા વડે ફૂંકી દીધાં.



૧૯૭૧ નું ભારત-પાક યુદ્ધ રૉ માટે ગૌરવજનક નીવડ્યું અને રૉના જાસૂસોનો નૈતિક જુસ્સો તેણે બુલંદ કર્યો. પરંતુ એ ટેમ્પો ત્યાર પછી જળવાયો નહિ. ઇન્દિરા ગાંધીએ ભૂલ એ કરી કે જૂન, ૧૯૭૫ માં ઇમરજન્સી ઠોકી બેસાડ્યા પછી તેમણે પોતાના રાજકીય વિરોધીઓ પર જાસૂસી કરવાનું અનિચ્છનીય કામ રૉના ગુપ્તચરોને સોંપ્યું. વિદેશોમાં જાસૂસી કરવા માટે સ્થપાયેલી એજન્સી માટે એ કામ તેના કાર્યક્ષેત્રની બહારનું હતું. ઇન્દિરાએ ખોટી રસમ પાડી, જેના પ્રત્યાઘાતો એવા ખરાબ પડ્યા કે ઇમરજન્સી બાદ માર્ચ, ૧૯૭૭ માં સત્તા પર આવેલી જનતા સરકારે રૉનું બજેટ કાપી તેનો સ્ટાફ પણ ઘટાડી નાખ્યો. રૉના ડિરેક્ટર આર. એન. કાઓને પાણીચું આપી કે. શંકરન નાયરને તેમના સ્થાને નીમી દેવામાં આવ્યા. આ જાસૂસી સંસ્થા ત્યાર પછી કદી તેના ૧૯૭૧ ના અરસાવાળા શિરોબિન્દુએ પહોંચી નહિ.

રૉનું વહીવટી તંત્ર જો કે આટલાં વર્ષોમાં ખાસ બદલાયું નથી. અહીં બતાવેલા ચાર્ટ મુજબ વડા પ્રધાનના અધ્યક્ષપદ નીચે આપણી બધી ખુફિયા સંસ્થાઓના પ્રતિનિધિઓની જોઇન્ટ ઇન્ટેલિજન્સ કમિટી છે, પરંતુ રૉના ડિરેક્ટર વડા પ્રધાનના ડાયરેક્ટ સંપર્કમાં રહી શકે છે. એડિશનલ ડિરેક્ટર ત્રાહિત દેશોમાં ખાસ જાસૂસી અભિયાનો (સ્પેશ્યલ ઑપરેશન્સ) હાથ ધરતું અલાયદું ખાતું સંભાળે છે, જ્યારે સિક્યોરિટી વિભાગના ડિરેક્ટર-જનરલનું કામ સરહદી વિસ્તારમાં હવાઇ જાસૂસી કરતા એવિએશન રિસર્ચ સેન્ટર/ARC પર, સેંકડો જાસૂસોના સ્પેશ્યલ સર્વિસિસ બ્યૂરો/SSB પર અને હજારોની સંખ્યામાં ગણાતા સ્પેશ્યલ ફ્રન્ટિયર ફોર્સ/SFF ના સૈનિકો પર દેખરેખ રાખવાનું છે. જોઇન્ટ ડિરેક્ટરો તેમને એનાયત કરાયેલા જે તે એરિયાના દેશોમાં જાસૂસીનું નેટવર્ક સંભાળે છે. વહીવટી નહિ, પણ જાસૂસી અને કમાન્ડો પ્રવૃત્તિ માટે રૉમાં જોડાતા નવા ઉમેદવારોને તેમના કાર્યની તાલીમ ઉત્તર ભારતના મિલિટરી હિલ સ્ટેશન ચક્રૌતા ખાતે અપાય છે. ઉમેદવારો સામાન્ય રીતે પોલીસદળના, સૈન્યના કે અર્ધલશ્કરી દળોના નીવડેલા સભ્યો હોય છે. સાર્વજનિક ધોરણે અરજીપત્રો મંગાવવામાં આવતા નથી.■

પણ ઑફર કરી. આ પ્રસ્તાવ મુક્તિ વાહિનીના મુખ્ય ગેરિલા સરદાર અબ્દુલ કાદર સિદીકી (ટાઇગર સિદીકી) સમક્ષ પણ મૂકવામાં આવ્યો. ઢાકાની ઉત્તરે ટાંગૈલ વિસ્તારમાં એ ટાઇગરની હાક વાગતી હતી.

ભારતની પશ્ચિમ બંગાળ સરહદે જોતજોતામાં તાલીમ કેમ્પો શરૂ પણ થયા. ઘણા વખત પછી કર્નલ ઉસ્માનીએ ભારતના જાણીતા પત્રકાર ખુશવંતસિંહને એક મુલાકાતમાં જણાવ્યું તેમ, મેના આરંભે મુક્તિ વાહિનીએ જે વ્યવસ્થિત અને વ્યૂહાત્મક ગેરિલા યુદ્ધ આદર્યું તેના નતીજારૂપે દરરોજ ૧૦૦ કરતાં વધુ પાકિસ્તાની સૈનિકો મરતા હતા. ઢાકાથી પાક વાયુસેનાના સરેરાશ બે માલવાહક વિમાનો તેમના જનાઝા સાથે કરાંચી તરફ રવાના થતાં હતાં. સપ્ટેમ્બર, ૧૯૭૧ સુધીમાં તો મુક્તિ વાહિનીના છાપમારોએ ૨૫,૦૦૦ જેટલા સૈનિકોનો ખાત્મો કરી નાખ્યો. લશ્કરી સંદેશાવ્યવહારની લાઇનો કાપી નાખી અને નાના-મોટા ૬૦૦ પુલોનો નાશ કર્યો. આ દરેક કાર્ય પાછળ વ્યૂહાત્મક દોરવણી રૉના અન્ડરગ્રાઉન્ડ જાસૂસોની હતી. મુક્તિ વાહિનીના ગેરિલાઓ જે શસ્ત્રો વાપરતા તે પણ મહદ્ અંશે ભારતીય બનાવટનાં હતાં; એટલે સુધી કે ઑક્ટોબરમાં તો ભારતે તેમને વિમાનવિરોધી તોપો પણ આપી હતી. આ સક્રિય દરમ્યાનગીરી જોતાં સહેજે એમ ધારી લેવાનું મન થાય કે ભારતનાં વડા પ્રધાનને પાકિસ્તાન સાથે ધરાર યુદ્ધ ખેલવું હતું. ઇન્દિરાની મુરાદ કે બદમુરાદ શી હોય તેનો સાચો ખુલાસો તો કદાચ આપણને કદી ન મળે, છતાં એટલી વાત ખરી કે નિરાશ્રિતોનો આર્થિક બોજો ભારતને વસમો પડી રહ્યો હતો અને તે બોજો નાબૂદ કરવાનો એકમાત્ર ઇલાજ યુદ્ધ હોય તો પછી એમાં જ તેમને કદાચ ભારતનું કલ્યાણ દેખાતું હતું. એ સમયના નાણાંમંત્રી યશવંતરાવ ચવાણે પાર્લામેન્ટમાં માહિતી આપી તેમ ૯ લાખ નિરાશ્રિતોને પોષતી ભારત સરકાર માટે વાર્ષિક રૂા. ૫૨૫ કરોડના દરે ખર્ચનું મીટર ફરી રહ્યું હતું ! આ રકમનું મૂલ્ય તે સમયના ભાવતાલ મુજબ આંકો તો રકમ ખરેખર આસમાની હતી.

રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના જાસૂસો આગામી યુદ્ધને નજર સામે રાખીને પણ કેટલાક આગોતરા દાવપેચ ગોઠવતા રહ્યા. અગાઉ જોયું તેમ વડા પ્રધાન (અને માટે જનરલ માણેકશા) પૂર્વ પાકિસ્તાનમાં શક્ય એટલા વધુ દુશ્મન સૈનિકોને જીવતા પકડી યુદ્ધકેદી બનાવવા માગતાં હતાં, જેથી વખત જતાં રાજકીય સ્તરે જે શાંતિમંત્રણા યોજાય તેમાં એ યુદ્ધકેદીઓ મહોરાં તરીકે કામ લાગે. દુશ્મનોને જીવતા પકડવા હોય તો પરાજય વખતે તેમને નાસી છૂટતા રોકવા જોઇએ. આ નાકાબંધીનું કામ મુક્તિ વાહિનીના ડૂબકીબાજ ગેરિલા સૈનિકો પાસે કરાવવામાં આવ્યું. ઇન્દિરાએ રાતોરાત જેનું સંખ્યાબળ વધારીને ૭,૦૦૦ જેટલું કરી દીધેલું એ રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના (રૉના) અનેક જેમ્સ બોન્ડ બાંગલા દેશમાં ફરી વળ્યા અને દરેક મરજીવા ટૂકડીને વધુ સક્રિય બનવા સૂચના આપી. સક્રિયતાનો મતલબ એ જ કે નદીનાળાંના મુખમાં લાંગરેલાં દરેક જહાજને તથા દરેક નૌકાને પણ સુરંગનો પૂળો ચાંપી દેવો! પાકિસ્તાનના ભાગેડુ સૈનિકો પાસે ટ્રાન્સપોર્ટનું એક પણ સાધન રહેવું ન જોઇએ, કારણ કે મહત્તમ દુશ્મન સૈનિકોને યુદ્ધકેદી બનાવવા એ ભારત માટે ટૉપ પ્રાયોરિટિનો મુદ્દો હતો. આ મુરાદને ફળીભૂત કરવા માટે મુક્તિ વાહિનીના મરજીવા યુવાનોએ જમુના, મેઘના તથા પદ્મા નદીના ઉપરવાસમાં પાક કબજાનાં બંદરો પર જે ગેરિલા આક્રમણો કર્યાં તે બીજા વિશ્વયુદ્ધની શ્રેષ્ઠ શૌર્યકથાને પણ શરમાવે તેવાં હતાં. બંગબંધુ શેખ મુજીબુર રહેમાનને માર્ચ ૨૫, ૧૯૭૧ના રોજ અટકાયતમાં લેવાયા પછી તરત કર્નલ ઉસ્માનીએ પાકિસ્તાન સામે લડવા માટે સ્થાપેલી મુક્તિ વાહિનીમાં કુલ ૧,૦૦,૦૦૦ ગેરિલા સૈનિકો હતા. આમાં મરજીવા સૈનિકોનું જુદું સંગઠન હતું, જેના મુખ્ય



■ મુક્તિ વાહિનીના ગેરિલા મરજીવાઓ

સભ્યો માંગરો નામની પાક સબમરિન પર બળવો પોકારી તેને તજી દેનાર બંગાળી નાવિકો હતા. ચિત્તાગોંગ, ખુલના, બારીસાલ, ચાલના, નારાયણગંજ વગેરે આંતરિક બંદરગાહોમાં તે નાવિકોએ કુશળ તરવૈયા યુવાનોને વીણીચૂંટી પસંદ કર્યા. કમાન્ડોના ધોરણે તેમને તાલીમ આપી, મેગ્નેટિક સુરંગો વાપરતાં શીખવ્યું અને છાપામાર હુમલો કરવાનાં ભયસ્થાનો પણ સમજાવ્યાં. સામાન્ય રીતે બંદરગાહ સમુદ્રના કાંઠે હોય, પરંતુ બાંગલા દેશમાં ઘણાંખરાં બંદરો વિશાળ પટવાળી નદીના ઉપરવાસમાં સ્થપાયાં હતાં. વિદેશી જહાજોએ સમુદ્રમાર્ગે આવ્યા બાદ જે તે બંદર સુધી પહોંચવા માટે બાકીનો ખાસ્સો લાંબો પ્રવાસ ક્યારેક ૫-૭ કિલોમીટર પહોળી નદીમાં ખેડવાનો થતો હતો.

વ્યવસ્થિત રીતે સર્જાયેલી કમાન્ડો મરજીવા ટુકડી તો સેબોટેજના કામે ડૂબકી મારતી વખતે સ્કૂબા ડાઈવિંગનો બધો સરંજામ વાપરે, પરંતુ મુક્તિ વાહિનીના મરજીવા સભ્યોને એ સગવડો ઉપલબ્ધ ન હતી. પાણીની અંદર રહીને શ્વાસ લેવા માટે તેમણે ઑક્સિજન ટેન્કના અભાવે વાંસની નળાકાર લાકડી અને પપૈયાના વૃક્ષની પોલી દાંડી વાપરી. લાકડીનો કે દાંડીનો એક છેડો મોંમાં પકડીને બીજા હાથે તેમણે નસકોરાં દાબી રાખવાનો નુસ્ખો અજમાવવો પડ્યો, જેથી નદીનું પાણી ફેંફસાંમાં જવાનો પ્રશ્ન નહિ.

ભારતીય નૌકાદળના જાસૂસી વડા વાઈસ-એડમિરલ મિહિર રૉયે તેમને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના ગુપ્તચરો મારફત સંખ્યાબંધ મેગ્નેટિક સુરંગોનો નૉન-સ્ટોપ સપ્લાય મળતો રહે એવો બંદોબસ્ત કરી આપ્યો હતો. લૂંગીધારી દરેક મરજીવો ઉપરવાસના બંદર પાસે આવેલા તેમના ગામમાં એ સુરંગો ઘરબેઠાં પ્રાપ્ત કરી શકે એ માટેની ખાસ 'આંગડિયા સર્વિસ' પણ ગોઠવાયેલી હતી. આ સ્ફોટક સંપેતરાંને સંતાડવા માટે ફણસ ભરેલી નૌકાઓ તથા પેડલ રીક્ષાઓ વાપરવાનું નક્કી થયું, કારણ કે વજનદાર ફળોનો ભારો માર્ગમાં ખાલી કરવાનો અને પાકી ઝડતી લેવાનો સમય પોતાના જાનની ફિરાકમાં રહેલા પઠાણ, બલુચી કે પંજાબી સૈનિકોને હોય એવું ભાગ્યે જ બને. મરજીવા ટુકડી માટે વધુ જોખમ તો જહાજ તરફ જતી વખતે નદીના

પાણીમાં નડે તેમ હતું. પાકિસ્તાનની કેટલીક પેટ્રોલ બોટ અને પોલીસનૌકાઓ દરેક બંદર પાસે સતત રાઉન્ડ મારતી હતી. નદીમાં સહેજ પણ હિલચાલ દેખાય કે તરત આડેધડ મશીનગનોનું ફાયરિંગ શરૂ થતું હતું. ક્યારેક હેન્ડ ગ્રેનેડ જેવા સ્ફોટક બોમ્બ પણ ફેંકવામાં આવતા હતા. પરિણામે મુક્તિ વાહિનીના અનેક મરજીવાઓ બૂરી રીતે માર્યા ગયા અને છેવટે આવા હુમલા રાત્રે જ કરવાનું નક્કી થયું. અંધકારમાં જો કે ભરતી-ઓટ પ્રમાણે બદલાતા પાણીના લેવલનો પાકો ખ્યાલ હોવો જોઈએ. એ સિવાય શિકાર જહાજનો એન્જિનરૂમ ક્યાં છે તેનો અડસટ્ટો પણ સચોટ રીતે કાઢવો જોઈએ. દુશ્મન જહાજને ખતમ જ કરવું હોય તો યોગ્ય નિશાન એન્જિનરૂમ ગણાય, કેમ કે એન્જિનમાં તોડફોડ થયા પછી જહાજના પડખે ગાબડા વાટે અંદર ઘૂસી આવતા

રૉના સુપરસ્પાય રામેશ્વરનાથ કાઓની યાદને સદાબહાર બનાવતો એક બનાવ

૧૯૭૧ ના ભારત-પાક યુદ્ધ વખતે બાંગલા દેશના મોરચે પાક સૈન્યની હિલચાલ વિશે છૂપી બાતમી પ્રાપ્ત કરી તેની દરેક વ્યૂહાત્મક ચાલને નિષ્ફળ બનાવનાર રૉના ઘણા જાસૂસો યુદ્ધ પછી પણ ત્યાં સક્રિય હતા. જનરલ સામ માણેકશાના વીર જવાનો પાકિસ્તાનને કારમો પરાજય આપ્યા બાદ ભલે સ્વદેશ પાછા ફર્યા, પરંતુ રૉના નિયામક રામેશ્વરનાથ કાઓના એ જાસૂસો માટે યુદ્ધવિરામ પછીયે યુદ્ધ જાણે કે ચાલુ જ રહ્યું. માત્ર કાર્યના પ્રકારમાં ફેરબદલો આવ્યો. હવે તેમણે ભારતના હિતને જોખમાવતા રાજકીય પેંતરા બાંગલા દેશમાં ખૂણેખાંચરે કે બંધબારણે રચાય છે કે કેમ તેની જાસૂસી કરવાની હતી. આ કાર્યનું મહત્ત્વ કાઓને મન ૧૯૭૧ ના યુદ્ધ વખતની ખૂફિયા કામગીરી જેટલું જ હતું.



■ રૉના પ્રથમ નિયામક (સદ્‌ગત) રામેશ્વરનાથ કાઓ

અગત્યની પહેલી વાત એ કે બાંગલા દેશની ૪,૦૯૬ કિલોમીટર લાંબી સરહદ આપણાં પશ્ચિમ બંગાળ, આસામ, મિઝોરમ, ત્રિપૂરા અને મેઘાલય એમ પાંચ સંવેદનશીલ રાજ્યોને સ્પર્શે, માટે એ નવા રાષ્ટ્રમાં બનતી ઘટનાઓ ભારતને અસર કર્યા વિના રહે નહિ. બીજું એ કે પાક લશ્કરે પુષ્કળ દમન ગુજાર્યો હોવા છતાં પાકતરફી મુસ્લિમો બાંગલા દેશમાં ઘણા હતા. નાગરિકો તો ખરા, પણ તે ઉપરાંત કેટલાક બંગાળી મુસ્લિમ સૈનિકોને તથા રાજકીય આગેવાનોને પણ 'હિન્દુ ભારત' પ્રત્યે નફરત હતી. ત્રીજી વાત એ કે બંગાળી સૈન્ય ૧૯૭૧ ના યુદ્ધમાં જુસ્સાભેર લડ્યું અને ઘણી જાનહાનિ વેઠી, પરંતુ બાંગલા દેશને લોકતંત્ર જાહેર કર્યા પછી ૧૯૭૨માં દેશના બીજા વડા પ્રધાન બનેલા શેખ મુજીબુરે સૈન્યની બોલબાલા પર કાપ મૂકી તેને છાવણીમાં પરત મોકલી આપ્યું તે કેટલાક સત્તાલાલચુ અફસરોને ગમ્યું નહિ. દેશની સત્તા શેખ મુજીબુર પાસે હતી, જેઓ બાંગલા દેશના સર્જનમાં ભારતે આપેલી લશ્કરી સહાયને તથા ભારતીય જવાનોનાં બલિદાનોને ભૂલ્યા ન હતા. શેખ મુજીબુર બાંગલા દેશનું વડા પ્રધાન પદ ભોગવતા રહે ત્યાં લગી તો જાણે ચિંતા નહિ, પરંતુ એ સ્થિતિ હંમેશને માટે જળવાય ખરી ? આ શક્યતા નજર સામે રાખીને જ રામેશ્વરનાથ કાઓ મુખ્યત્વે વરિષ્ઠ લશ્કરી હોદ્દાવાળા બાંગલા દેશી અફસરો પર જાસૂસી કરાવતા હતા.

માર્ચ ૨૧, ૧૯૭૫ ની બપોરના સમયે 'રૉ'નો એક જાસૂસ તેનારિસર્ચંદા ક્રમ અનુસાર ઝાડુ અને ટોપલા સાથે મેજર-જનરલ ઝિયા-ઉર-રહેમાનના મકાનની બહારનો સાર્વજનિક કચરાનો ડબ્બો ખાલી કરવા ગયો. જાસૂસના દીદાર નગરપાલિકાના મહેતર જેવા હતા. હંમેશની માફક તેણે અમુક જાતનો કચરો જ પસંદ કરીને નેતરના ટોપલામાં ભર્યો. આજનો દિવસ તેના માટે લાભદાયી નીવડ્યો, કેમ કે થોડા કલાક અગાઉ ઝિયા સાથેની ગુપ્ત મંત્રણા દરમ્યાન અબ્દુલ રશીદ, મહમદ ઉસ્માની અને ફારૂક રહેમાન એ ત્રણ અફસરો પૈકી એક જણે મુજીબુરની હત્યાના પ્લાનનો રફ સ્કેચનો જે કાગળ ડૂચો વાળીને કચરાટોપલીમાં ફેંકી દીધેલો તે હવે ભારતીય જાસૂસના ટોપલામાં આવ્યો. કહો કે મોટું માછલું જાસૂસી જાળમાં આવ્યું ! આ કાગળ બીજે દિવસે નવી દિલ્હીના લોદી કોમ્પ્લેક્સ ખાતે રામેશ્વરનાથ કાઓના ટેબલ પર હતો. કાઓનો દરેક જ્ઞાનતંતુ જાણે પોલાદના તારનો બનેલો હતો, એટલે કાગળ જોયા પછી તેમના માથે આભ તૂટી પડ્યું એમ તો કહેવાય નહિ, પરંતુ સ્થિતિ તેમને અત્યંત ગંભીર અને ચિંતાજનક લાગી. શેખ મુજીબુર સામે લશ્કરી બળવો થવાની તૈયારી હતી. તર્કવિતર્કો લડાવ્યા પછી કાઓને એમ પણ લાગ્યું કે શેખ મુજીબુરની હત્યા પણ થવાની હતી. રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગમાં બાંગલા દેશને તથા પાકિસ્તાનને લગતી જાસૂસી બાબતોનો કાર્યભાર શંકરન નાયર સંભાળતા હતા. રામેશ્વરનાથ કાઓએ તેમની સાથે ચર્ચાવિચારણા કરી. બન્નેનાં મંતવ્યો આમ તો સરખાં હતાં : શેખ મુજીબુરને ભારતે બચાવી લેવા જોઈએ. મુજીબુર વગરનું બાંગલા દેશ એટલે વળી એનું એ જ પાકિસ્તાન!

કમાન્ડો પ્રકારનું મિશન હાથ ધરવાનું નક્કી કર્યા પછી રામેશ્વરનાથ કાઓ વડા પ્રધાન ઇન્દિરા ગાંધીને મળ્યા અને બાંગલા દેશમાં થનાર સંભવિત બળવા અંગે તેમને માહિતગાર કર્યાં. પરિસ્થિતિનું વિવરણ સાંભળ્યા પછી એકાદ-બે મિનિટ સુધી

પાણીને ઉલેચવા માટે યાંત્રિક પમ્પ સુદ્ધાં વાપરી શકાય નહિ. જનરેટર પણ ન ચાલે, માટે અંધકારમાં ગાબડાની તાબડતોબ મરામત કરવાનો સૂઝકો પડે નહિ.

ભારતની મેગ્નેટિક લિમ્પેટ માઇન્સ કહવાતી એન્ટિ-શિપ સુરંગો પણ ભારે જાનલેવા બલા હતી, જેના પરચાનો એક નમૂનારૂપ પ્રસંગ જુઓ :

પુસુર નદી તરીકે ઓળખાતો પદ્માનો (ગંગાનો) એક ફાંટો ચાલના બંદર સુધી જતો હતો, જ્યાં આફ્રિકી દેશ સોમાલિયાનું ૭,૦૦૦ ટનનું એસ. એસ. લાઇટનિંગ નામનું માલવાહક જહાજ લાંગર્યું હતું. મુક્તિ વાહિનીના ચાર મરજીવા સભ્યોએ તેને નિશાન તરીકે પસંદ કર્યું. દિવસે નદીના પ્રવાહમાં સૂકાં ડાળખાં ફેંકી પાણીભેગાં તણાયે જતાં તે ડાળખાંનો પ્રવાસમાર્ગ

વડા પ્રધાન ઊંડા વિચારમાં ડૂબેલાં રહ્યાં. કંઈ ન બોલ્યાં. છેવટે તેમણે કાઓની ધારણા મુજબનો જ સવાલ પૂછ્યો : 'કોઈક રીતે આપણે શેખસાહેબને બચાવી શકીએ ?'

આ સવાલ કાઓ માટે 'આગે બઢો !'ના સિગ્નલ જેવો હતો, જેનો બીજો અર્થ એ કે ભારતની સુરક્ષાનો મામલો હોય ત્યારે પારકા દેશમાં ઘૂસી ત્યાંના વડા પ્રધાનને સહકુટુમ્બ 'હાઈજૅક' કરી લાવવાનું કમાન્ડો ઢબનું મિશન ઇન્દિરા ગાંધીને વાંધાજનક જણાતું ન હતું.

હવે ઝપાટો બોલાવવાનો હતો. દિવસો નહિ, કલાકો ગણાતા હતા. ઢાકામાં બાંગલા દેશી સૈન્યના અફસરો ગમે તે ક્ષણે ધનમંડી ખાતે મુજીબુર રહેમાનના ઘર પર ત્રાટકે, એટલે રામેશ્વરનાથ કાઓ પાસે સમયની કમી હતી. બીજી તરફ સંજોગો કટોકટીના હતા. સૌથી મોટી સમસ્યા એ કે મુજીબુરનો સંપર્ક કેવી રીતે કરવો ? ધનમંડીનો વિસ્તાર સૈન્યના બાતમીદારો વડે ખદબદતો હતો. ઘરના સશસ્ત્ર ચોકિયાતો પણ ચીભડાં ગળતી વાડ જેવા હતા.

થોડા દિવસ પછી ઇન્ડિયન ઍરલાઇન્સનું ફોક્કર ફ્રેન્ડશીપ પ્રકારનું વિમાન તેના પચ્ચીસ-ત્રીસ પેસેન્જરો સાથે ઢાકા ઍરપોર્ટ પર ઊતર્યું. પેસેન્જરોમાં આધેડ વયનો એક લૂંગીધારી ચશ્મેઢબ માણસ હતો, જેણે લૂંગી જેવો જ થોડોક ચોળાયેલો ઝભ્ભો પહેર્યો હતો. પાસપોર્ટમાં લખેલી વિગત જો સાચી હોય તો તે એક્સપોર્ટનો બિઝનેસ કરતો વેપારી હતો. ઍરપોર્ટના કસ્ટમ અધિકારીએ પૂછેલા 'શેની નિકાસ કરો છો ?' એવા પ્રશ્નના જવાબમાં તેણે કહ્યું : 'પાનની.'

ઍરપોર્ટની બહાર નીકળ્યા પછી વેપારીએ ટેક્સી કરી. શાકભાજીની અને નાગરવેલ પાનના હોલસેલ માર્કેટ તરફ જવાને બદલે જુદો રસ્તો પકડ્યો. માર્કેટ જવું આવશ્યક પણ ન હતું, કેમ કે વેપારીએ ફક્ત સ્વાંગ વેપારીનો ધારણ કર્યો હતો. બાકી અસલિયત પૂછો તો એ બહુરૂપી ખુદ રામેશ્વરનાથ કાઓ હતા--ભારતના સુપરસ્પાય !

થોડી મિનિટો બાદ એક પૂર્વનિર્ધારિત સ્થળે કાઓ વડા પ્રધાન મુજીબુરને રૂબરૂ મળ્યા અને જણાવ્યું કે ઝિયા-ઉર-રહેમાનની દોરવણી હેઠળ લશ્કરી બળવાનું કાવતરું ઘડાયું હતું, જેમાં બંગબંધુ મુજીબુર અને કદાચ તેમનાં સૌ કુટુમ્બીજનો પણ નિશાન બનવાનાં હતાં. કાઓની વાત જો કે બંગબંધુના ગળે ન ઊતરી. વાતમાં તથ્ય જ ન લાગ્યું. જાનના ખતરાને લગતી અત્યંત ગંભીર ચેતવણીને આટલી હળવાશમાં લેવાય એ પણ કાઓની દૃષ્ટિએ ગંભીર વાત હતી, માટે તેમણે પોતાની બાતમી આધારભૂત હોવાનો ઠોસ પુરાવો આપવા અને તે બાતમી મુજીબુરના દિમાગમાં ઠસાવવા કાવતરાબાજોનાં નામ ગણાવ્યાં... ખોંડાકર મુશ્તાક એહમદ, ખોંડાકરનો ભાણેજ લેફ્ટનન્ટ-કર્નલ ફારૂક રહેમાન, ખોંડાકરનો ભત્રીજો લેફ્ટનન્ટ-કર્નલ અબ્દુલ રશીદ, લેફ્ટનન્ટ-કર્નલ મહમદ ઉસ્માની વગેરે. દુનિયાભરમાં ૭૦ જાસૂસી કેન્દ્રોનું અને કુલ મળીને ૭,૦૦૦ જાસૂસોનું તથા વિશ્લેષકોનું નેટવર્ક ધરાવતા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગનો ખુફિયા રિપોર્ટ અદ્ધરતાલ તો હોય જ નહિ, છતાં ભોળાભટક મુજીબુરે કાવતરાખોરોનાં નામો સાંભળીને કહ્યું :

'આ બધા તો મારાં સંતાનો જેવા છે. મારી સામે તેઓ શસ્ત્રો ન ઉગામે!'

મિટિંગ એકાદ કલાક ચાલી, પણ ભલીવાર ન વળ્યો. રામેશ્વરનાથ કાઓ નિરાશ થયા અને મુજીબુરની સલામતી માટે પોતાની મનોકામના વ્યક્ત કરી નવી દિલ્હી પાછા ફર્યા. છેવટે ન બનવાલાયક બન્યું. ઑગસ્ટ ૧૪, ૧૯૭૫ના રોજ શેખ મુજીબુર અને તેમના દરેક કુટુમ્બીજનને કાવતરાબજોએ મોતને ઘાટ ઉતારી દીધા.

શેખ મુજીબુર પછી મેજર-જનરલ ઝિયા-ઉર-રહેમાન બાંગલા દેશના સત્તાધીશ બન્યા.પરિસ્થિતિ જરા થાળે પડ્યા બાદ તેઓ ભારતની શુભેચ્છા મુલાકાતે આવ્યા ત્યારે વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ તેમની સાથે યોજેલી મિટિંગમાં રામેશ્વરનાથ કાઓ પણ મોજૂદ હતા. ઇન્દિરાએ બાંગલા દેશની રાજકીય પરિસ્થિતિ અંગે સવાલ કર્યો કે તરત કાઓ તરફ આંગળી ચીંધીને તેમજ મલકીને પ્રમુખ ઝિયા બોલ્યા : 'આ માણસને પૂછો! મારા દેશ વિશે મારા કરતાં એમને વધારે જાણકારી છે !'

ઝિયાએ નાની અમથી ટકોર કરી, પણ એ ટકોર દ્વારા તેમણે ભારતના જાસૂસીતંત્રને મોટી સલામી આપી.■

માપીને ગણી કાઢ્યું કે રાત્રે તેમણે પોતે હુમલાખોરો તરીકે આમ તણાવું હોય તો આપોઆપ જહાજ સુધી પહોંચવા માટે ઉપરવાસમાં પ્રવાસ ક્યાં શરૂ કરવો જોઇએ. સોમાલિયન જહાજને નજરોનજર શોધી કાઢવાનો તો સવાલ જ ન હતો, કેમ કે મોંમાં પકડી રાખેલી પપૈયાની 'ઑક્સિજન ટ્યૂબ' જેવી દાંડી સિવાય બીજું કશું જળસપાટી પર ડોકાવું ન જોઇએ. જહાજની સર્ચલાઇટો વળી નદી પર તેના શેરડા ઘૂમાવતી હતી. ઉપરવાસ તરફ એકેક સુરંગ હાથમાં પકડીને ચારેય મરજીવાઓ પુસુર નદીમાં ગરક થયા, શરીરને આપોઆપ તણાવા માટે મુક્ત રાખ્યું. એસ. એસ. લાઇટનિંગનાં બન્ને પડખે બિલકુલ એન્જિનરૂમના બાહ્ય ભાગ પર ચુંબકીય સુરંગો ચોંટાડી દીધી અને પછી નદીના પ્રવાહભેગા હેઠવાસ તરફ શક્ય એટલી ઝડપે તરતા આગળ નીકળી ગયા. સુરંગોનો પલિતો ચાંપવા માટે તેમણે દરેક સુરંગનું વૉટરપ્રૂફ પ્લગ ખેંચી કાઢ્યું હતું. હવે ખુલ્લા પડેલા કાણા દ્વારા નદીનું પાણી સુરંગમાં પ્રવેશ્યું અને પાણીમાં દ્રાવ્ય એવા ફ્યૂઝને પીગાળવા લાગ્યું. સેબોટેજનું મિશન બજાવનાર કમાન્ડો ગેરિલાને સલામત અંતરે નીકળી જવા માટે પૂરતો સમય મળે એટલા માટે આવો ફ્યૂઝ સરેરાશ ૩૦ કે ૪૦ મિનિટે પૂરેપૂરો ઓગળે, માટે અડધા-પોણા કલાક પછી ચારેય સુરંગો વારાફરતી ફાટી. સાત હજાર ટનનું એસ. એસ. લાઇટનિંગ બીજા અડધા-પોણા કલાક બાદ પુસુર નદીના તળિયે બેઠું હતું.

આ રીતે જ મુક્તિ વાહિનીના મરજીવા યુવાનોએ અલ મુર્તઝા અને ઇમ્તિયાઝ બક્ષ નામનાં બે ઇસ્લામાબાદી માલવાહક જહાજોને ફૂંકી દીધાં હતાં. બ્રિટનનું માલવાહક જહાજ ટેવોઇટ બેન્ક અને ગ્રીસનું એલ્વોસ પણ તેમના સપાટામાં આવ્યું. પૂર્વ પાકિસ્તાનના સૈનિકો માટે શસ્ત્રસરંજામ લાવનાર અલ અબ્બાસ સહિત બીજાં અડધો ડઝન પાકિસ્તાની જહાજોને પણ થોડા દિવસ પછી જળસમાધિ મળી. જહાજોની ખુવારીનો આંક ટનમાં જ ટોટલ કરવા બેસો તો આંકડો સરવાળે ૧,૦૦,૦૦૦ ટન સુધી પહોંચ્યો. ચોક્કસ વિસ્તારમાં આટઆટલાં જહાજોનો ભોગ તો બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પણ લેવાયો ન હતો. ભવિષ્યમાં શિકસ્તના પગલે નાસી છૂટનાર પાક સૈનિકોની નાકાબંધીની તે શરૂઆત હતી.■




પ્રકરણ : ૧૦

ડિસેમ્બર ૩ : પાકનો પહેલો પ્રહાર

ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે બરાબર ૫:૪૦ વાગ્યે કાળચક્ર ફર્યું, જે બરાબર ૧૪ દિવસ પછી યાહ્યા ખાનના પાકિસ્તાનને બે ટૂકડે કાપી નાખવાનું હતું

વિગ્રહની આગોતરી વ્યૂહરચના અંગે મહિનાઓ સુધી મિટિંગો પર મિટિંગો યોજ્યા પછી ભારતીય હવાઈદળના વડા સેનાપતિ ઍર ચીફ-માર્શલ પ્રતાપચંદ્ર લાલને ઘણા વખતે થોડીક રાહત મળી હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧નો શુક્રવાર હતો. વડા પ્રધાન ઇન્દિરા ગાંધી કલકત્તા ગયાં હતાં, જ્યારે સંરક્ષણ મંત્રી બાબુ જગજીવન રામે તે દિવસે પટણાની મુલાકાતનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો. ઍર ચીફ-માર્શલ પી. સી. લાલે એ દિવસ પૂરતું ખુશ્કી સેનાપતિ જનરલ સામ બહાદુર માણેકશાને કે નૌકા સેનાપતિ એડમિરલ સરદારીલાલ મથુરાદાસ નંદાને પણ મળવાનું ન હતું.



■ સંરક્ષણ મંત્રી બાબુ જગજીવન રામ ઉર્ફે બાબુજી

નવી દિલ્હીના ઍર હેડક્વાર્ટર ખાતે પોતાની કચેરીમાં બેઠેલા પ્રતાપચંદ્ર લાલ યાને પી. સી. લાલ માટે વિસામાનો દોર લાંબો સમય ચાલવાનો ન હતો. દોર ટૂંકો નીવડે એ વાત જો કે તેમના સિવાય બહુ ઓછા લોકો જાણતા હતા. એક હમરાઝ દેખીતી રીતે ઇન્દિરા ગાંધી હતાં, તો બીજા જગજીવન રામ હતા. લશ્કરની ત્રણેય પાંખોના દરેક સેનાપતિને પણ તેની ખબર હતી. પૂર્વ પાકિસ્તાનના મોરચે ડિસેમ્બર ૬, ૧૯૭૧ના રોજ સશસ્ત્ર આક્રમણ કરવાનો ભારત સરકારે લીધેલો ચોંકાવનારો નિર્ણય બાકી તો શક્ય એટલો ગુપ્ત રાખવામાં આવ્યો હતો. ઇન્દિરા ગાંધીએ પુષ્કળ ધીરજ રાખ્યા પછી સરવાળે નક્કી કરેલું કે પાકિસ્તાન સામે એક પરિણામલક્ષી સંગ્રામ ખેલી લેવો. જનરલ યાહ્યા ખાન પહેલો વાર કરે તો સારી વાત, પરંતુ તેઓ લડવા ન માગતા હોય અને ફક્ત એટલા ખાતર દુશ્મન રાષ્ટ્રનાં બે ફાડિયાં કરવા માટેનો સોનેરી મોકો સરી જતો હોય તો પછી આક્રમણખોર તરીકે જગતભરમાં બદનામ થવાના જોખમે પણ ભારતે સામે ચાલીને પૂર્વ સરહદે હુમલો કરવો. આ માટે વડા પ્રધાને એટલી હદે


પૂર્વતૈયારીઓ કરેલી કે ખૂટતાં શસ્ત્રો ખરીદવા માટે જનરલ માણેકશા વિદેશપ્રવાસો ખેડી ચૂક્યા હતા. વાયુસેનાએ માગેલા અમેરિકન બનાવટના સ્ફોટક બોમ્બ સીધી રીતે મળે તેમ ન હોવાને કારણે વીણ ચઢ્ઢા નામના (બોફર્સ ફેઇમ) સોદાગર મારફત એ ખડકલો છૂપી રીતે પ્રાપ્ત કરાયો હતો અને નૌકાદળ માટે આઠ મિસાઇલ બોટો રશિયન જહાજોનાં તૂતકો પર લાદીને અર્જન્ટ ધોરણે આયાત કરવામાં આવી હતી. બીજી તરફ રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગમાં (રૉમાં) જાસૂસોનું સંખ્યાબળ પણ વધારીને ૭,૦૦૦ના જંગી આંકડે પહોંચાડી દેવાયું હતું.

સદ્‌ભાગ્યે ભારતે હુમલાખોર તરીકે બદનામ થવાનો વારો ન આવ્યો. શુક્રવાર ત્રીજી ડિસેમ્બરના એ શિયાળુ દિવસે જ સામો હુમલો થયો. હવાઇદળના નાયબ સેનાપતિ ઍર-માર્શલ એચ. એન. ચેટરજી બરાબર ૫:૪૦ વાગ્યે પી. સી. લાલની ચેમ્બરનો દરવાજો ખોલી અંદર ડોકાયા અને હંમેશ જેવું ઠંડું કલેજું રાખીને ખબર આપ્યા : ‘સર, પાકિસ્તાને આક્રમણ કર્યું છે.’

વાયુ સેનાપતિ કશો જવાબ આપે તે પહેલાં રાજધાનીનું વાતાવરણ સાયરનોના કર્ણભેદી અવાજ વડે ગાજવા લાગ્યું. ઘણા અરસા પછી તે સાંજે એવું બન્યું કે જ્યારે અંધકાર ઘેરાવા છતાં નવી દિલ્હીમાં રસ્તા પર કે ઘરોમાં દીવાબત્તી ન થયાં. આકાશવાણીએ તત્કાળ બ્લેકઆઉટનું એલાન કર્યું. પોલીસની જીપો પણ અંધારપટનો હુકમ ફરમાવવા માઇક્રોફોન સાથે નીકળી પડી. કંઇ નહિ તો રસોડામાં કે દિવાનખંડમાં થોડીઘણી રોશની કરી શકાય એ માટે બારીબારણાંના કાચ પર જાડા કાગળ અગર તો પૂંઠાં ચોંટાડવાનું કામ ઘેર ઘેર શરૂ થયું. ભારતનાં બીજાં શહેરો પણ ૩જી ડિસેમ્બરની એ રાત્રે છતી વીજળીએ અંધારપટમાં ડૂબી ગયાં. હવે ડિસેમ્બર ૧૭ પહેલાં તેઓ ફરી વખત ઝળહળતાં થાય તેમ ન હતાં. દેશના કરોડો લોકોએ સૂર્યાસ્ત પછી અંધકાર, ભય અને ભેંકાર સન્નાટા વચ્ચે જ રાતો વીતાવવાની હતી.

હવાઇ આક્રમણ થયાનો અને તે સાથે યુદ્ધ ફાટી નીકળ્યાનો સંદેશો બીજી ચારેક મિનિટ

■ પાકિસ્તાનનું બી-૫૭ કેનબેરા બોમ્બર પ્રથમ હુમલામાં મોખરે હતું. ઇનસેટ ફોટોગ્રાફ બહુચર્ચિત સેબર જેટનો છે



પછી કલકત્તામાં વડા પ્રધાન ઇન્દિરા ગાંધીને પહોંચ્યો કે તરત બધા કાર્યક્રમો પડતા મૂકી તેઓ પોતાના મોટરરસાલા સાથે ડમડમ ઍરપોર્ટ તરફ હંકાર્યાં. અહીં તેમના ખાસ વિમાનને ટેક-ઑફનું પ્રથમ ક્લિયરન્સ આપવા માટે બીજા સૌ પેસેન્જર પ્લેનને રોકી પાડવામાં આવ્યાં હતાં. પટણાથી લગભગ એ જ વખતે સંરક્ષણ મંત્રી જગજીવન રામ કમ્યૂનિકેશન કમાન્ડના (વી.આઇ.પી. સ્ક્વૉડ્રનના) બીજા સ્પેશ્યલ વિમાનમાં દિલ્હી તરફ રવાના થયા. મુસાફરી દરમ્યાન બન્ને આગેવાનોએ પોતપોતાનાં વિમાનનાં રેડિઓ વાયરલેસ દ્વારા પરિસ્થિતિનો વિસ્તૃત રિપોર્ટ મેળવ્યો. યુદ્ધ બાકાયદા શરૂ થયું હતું. પાકિસ્તાની વાયુસેનાએ ભારતના અમ્બાલા, શ્રીનગર, અવન્તીપુર, પઠાણકોટ, આગ્રા, ઉત્તરલાઇ અને જોધપુર એમ કુલ સાત હવાઇમથકો પર સાંજે ૫:૪૦ના સમયે એકસાથે બોમ્બમારો કર્યો હતો. પશ્ચિમ સરહદ પરના એક ચાવીરૂપ રેડારમથકને પણ સપાટામાં લીધું હતું. ઍર ચીફ-માર્શલે વાયરલેસ દ્વારા વડા પ્રધાનને તથા સંરક્ષણ પ્રધાનને જણાવ્યું કે હવાઇ આક્રમણના મોજાં હજી એક પછી એક કરીને આવ્યે જતાં હતાં. ઇન્દિરાએ મામલાની ગંભીરતા ઝીણવટપૂર્વક સમજ્યા બાદ રાષ્ટ્રપતિ વી. વી. ગિરિ પાસે ઇમરજન્સીનું ફરમાન કઢાવવાનું નક્કી કર્યું.


હવાઇ આક્રમણ ખરેખર વ્યાપક ધોરણે કરવામાં આવ્યું હતું. પાક વાયુસેના ઉત્તરલાઇના નવા ઍર-બેઝને પણ ભૂલી ન હતી. રાજસ્થાનમાં બાડમેર નજીક ઉત્તરલાઇનો રન-વે ૧૯૬૫ના યુદ્ધ પછી ખાસ તૈયાર કરાવ્યો હતો. એ યુદ્ધ વખતે પાક સૈન્ય રાજસ્થાનમાં ખાસ્સું અંદર ઘૂસી શક્યું, કેમ કે તેનો મુકાબલો કરતી ભારતીય ફોજને આકાશી છત્ર આપી શકતું ઍર-બેઝ નજીકમાં ક્યાંય ન હતું. ઉત્તરલાઇના નવા મથકનો ચાર્જ સંભાળતા વિંગ કમાન્ડર વી. કે. મૂર્તિના નેજા હેઠળ એચ. એફ.-૨૪, નેટ તથા મિગ-૨૧ અહીં ડ્યૂટી પર મોજૂદ હતાં. હવાઇ આક્રમણ પહેલાં એક વાર બનેલું એવું કે બાડમેર જિલ્લા કલેક્ટરે એકલવાયા વિંગ કમાન્ડર મૂર્તિનું આમંત્રણ સ્વીકારી ઉત્તરલાઇની મુલાકાત લીધી એટલું જ નહિ, પણ આકાશી સહેલ કરી. ઊંચેથી જોતાં મથકનો રન-વે ભારે ચળકાટ મારતો હતો. ભવિષ્યમાં યુદ્ધ થાય તો પાકિસ્તાનના હુમલાખોર પાયલટોની નજરે આવો રન-વે છાનો ન રહી શકે એમ ધારી કલેક્ટરે ચળકાટ ઓછો કરવા નકામા ડીઝલ ઓઇલના થપેડા આખા રન-વે પર મારી દેવાની વિંગ કમાન્ડરને સલાહ આપી. દેખાવમાં કાળામેશ એવા ઓઇલનો બંદોબસ્ત પણ કરી દીધો.

આમ છતાં ૩જી ડિસેમ્બરની સાંજે પાકિસ્તાનીઓ છેતરાયા નહિ. ઉત્તરલાઇ પર એક પછી બીજો અને બીજા પછી ત્રીજો હુમલો તેમણે કર્યો. હુમલા વખતે ચતુર ચાલ પણ ખેલી દેખાડી. ઉદાહરણ તરીકે સૂર્યાસ્ત પછી જે પ્રથમ બી-૫૭ પ્રકારનું કેનબેરા બોમ્બર આક્રમણ લાવ્યું તેણે પોતાની લેન્ડિંગ લાઇટો ચાલુ રાખી. બી-૫૭ અમેરિકન કેનબેરા હતું, તો ભારત પાસે એ જ બોમ્બરની મૂળ આવૃત્તિ ગણાતાં અને દેખાવમાં પણ તેનાં જેવાં લાગતાં કેનબેરા બોમ્બરો મોટી સંખ્યામાં હતાં. પાકિસ્તાની 'મુલાકાતીઓ' હેતુપૂર્વક લાઇટો ચાલુ રાખી હોવાને કારણે ઉત્તરલાઇના દરેક ભારતીય તોપચીને લાગ્યું કે ભારતનું જ એકાદ પ્લેન લેન્ડિંગ માટે નીચે આવી રહ્યું હતું. પરિણામે એલ-૭૦ પ્રકારની વિમાનવિરોધી બોફર્સ તોપોનાં નાળચાં ખામોશ રહ્યાં. લેન્ડિંગ કરવાનો જ આશય હોય તેમ પાકિસ્તાની કેનબેરા વિમાને ઊંચાઇ ઘટાડી વર્તુળાકારે એ સરકીટ પૂરી કરી અને બીજી સરકીટ વખતે તેના પાયલટે લાઇટો બૂઝાવી નાખી. એ પછી તરત ૪૫૦ કિલોગ્રામના ૬ બોમ્બ વારાફરતી ઝીંકાયા અને રન-વેના આગળના ભાગમાં ગાબડાં પડી ગયાં.

ભારતીય હવાઇદળના જવાનો તરત રન-વેનો ભંગાર સમેટવાના કામે લાગી ગયા,

કારણ કે ભારતના વિમાનો સામું આક્રમણ કરી શકે એ માટે રન-વેની તત્કાળ મરામત જરૂરી હતી. પથરા અને માટીનો ખાસ્સો ભંગાર વેરાયો હતો. જવાનો પાસે ઓજારોમાં ફક્ત પાવડા હતા. તગારાં પણ નહિ. આ રીતે ટેક-ઑફ માટે સડકને તદ્દન સાફસૂફ કરવામાં તો ખાસ્સો સમય વીતી જાય, એટલે સૂબેદાર લાભસિંહ નામના એક શીખ જવાને પોતાના શીરે બાંધેલી પાઘડી ખોલી નાખી. વાહે ગુરુનું નામ લીધું અને ક્ષમા પણ માગી, કેમ કે અહીં પાઘડીનો એવો ઉપયોગ જરૂરી બનેલો કે જે તેની પવિત્રતા જોતાં કરી શકાય નહિ. આ સરદારજીએ ત્યાર બાદ પાઘડી રન-વે પર બિછાવી અને તેમાં માટી-ઢેફાં એકઠાં કરવા માંડ્યો. ધર્મ કરતાં રાષ્ટ્રને તેણે વધુ મહત્વ આપ્યું.

ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે શ્રીનગરનું હવાઈમથક પણ આવા જ હુમલાનો ભોગ બન્યું. કાશ્મીરની ખીણમાં પહાડો વચ્ચે ઘેરાયેલા શ્રીનગરનું હવાઈ આક્રમણ સામે રક્ષણ કરવું જરા મુશ્કેલ હતું, કેમ કે પહાડોરૂપી અડચણોને લીધે રેડારયંત્રો હુમલાની આગોતરી ચેતવણી આપી શકતાં ન હતાં. વૉર્નિંગ માટે સરહદ તરફ દર ૩૦ કે ૩૫ કિલોમીટરના અંતરે શિખરો પર નિરીક્ષક મથકો સ્થાપવામાં આવ્યાં હતાં. પાકિસ્તાની વિમાનો શ્રીનગર તરફ જતાં દેખાય કે તરત જે તે રેડિઓ ઑપરેટર ચેતવણીનો સંદેશો પ્રસારિત કરતો હતો. અલબત્ત, વારંવાર રીલે થતા સંદેશા પહોંચે તે પહેલાં ક્યારેક પાકિસ્તાનીઓ જ શ્રીનગર પહોંચી જતા હતા. ડિસેમ્બરની ૩જી તારીખે મિરાજ-૩ અને સ્ટારફાઇટર (એફ-૧૦૪) પ્રકારનાં વિદ્યુતવેગી પાક વિમાનો શ્રીનગર પર ત્રાટક્યાં અને ત્યાં પાર્ક થયેલાં વામ્પાયર પ્રકારનાં કેટલાંક ભારતીય વિમાનોની સંપૂર્ણ તારાજી કરી નાખી ! બીજી તરફ ભારતના નેટ વિમાનોનું કદ પ્રમાણમાં નાનું હોવાને લીધે સિમેન્ટ કોન્ક્રિટનાં મજબૂત ચણતરો નીચે તેમને સુરક્ષિત રીતે સંતાડી દેવાયાં હતાં.



■ પાકિસ્તાનનાં મૂળ ફ્રેન્ચ ડિઝાઇનનાં મિરાજ-૩ વિમાનો ખરા અર્થમાં સુપરફાઇટર હતાં

પાકિસ્તાન માટે સરહદ નજીકનું અમૃતસર બહુ ખતરનાક ઍર-બેઝ હતું, એટલે સાંજના પોણા છ વાગ્યાના પ્રથમ હુમલામાં એકસામટાં ચાર મિરાજ-૩ વિમાનો તેના પર ત્રાટક્યાં. હજી ઘડીકવાર પહેલાં ભારતીય હવાઇદળનું રાક્ષસી માલવાહક વિમાન એન્તોનોવ-૧૨ ચંદીગઢ જવા માટે ટેક-ઑફ કરી ગયું હતું. એકાદ મિનિટનો પણ તેણે વિલંબ કર્યો હોત તો મિરાજનો કાફલો તેને આંતરી લેત, છતાં એ ખુશકિસ્મતી સામે ખેદની વાત એ કે દુશ્મનોએ સમગ્ર રન-વેને બોમ્બમારા વડે ખેદાનમેદાન કરી નાખ્યો. છેડાથી શરૂ કરીને લગભગ ૬૦૦ મીટરના અંતરે તેમાં ચાર કે પાંચ મોટાં ગાબડાં પાડી નાખ્યાં. અમૃતસરનાં કેટલાંક નેટ વિમાનો એ વખતે ઍર-બેઝની ચોતરફ રાઉન્ડ મારી રહ્યાં હતાં. મિરાજ-૩ સામે લડવાનું તેમનું ગજું ન હતું. ધાણીની જેમ ફૂટતી વિમાનવિરોધી તોપોના ગોળા પણ રખે વાગી જાય એ બીકે નેટ વિમાનોના પાયલટોને ઍર-બેઝ કરતાં દૂર રહેવાનું કહી દેવામાં આવ્યું. ટૂંકમાં, દુશ્મનો મનમાની કરીને જ પાછા ફર્યા. રન-વેના સૂરતે હાલ જોતાં ભારતીય વિમાનો વળતા આક્રમણ માટે તેના પર દોડીને ટેક-ઑફ કરી શકે તેમ ન હતાં. કંઇક અંશે પઠાણકોટના ઍર-બેઝની પણ એ જ રીતે ધોલાઇ થવા પામી હતી, એટલે વેસ્ટર્ન ઍર-કમાન્ડના સેનાપતિ ઍર-માર્શલ એમ. એમ.

એન્જિનિઅરે પઠાણકોટનો ચાર્જ તાબડતોબ ઍર કોમોડર એલ. એમ. કત્રેને સુપરત કરવો પડ્યો. વર્ષો પછી કત્રે આપણા હવાઇદળના સર્વોચ્ચ સેનાપતિ બનવાના હતા.



■ ભારતીય વાયુસેનાએ વળતા આક્રમણ તરીકે પોતાનાં કેનબેરા બોમ્બર વિમાનો રવાના કર્યાં

પાકિસ્તાની આક્રમણનું પહેલું મોજું ૩જી ડિસેમ્બરની સાંજે આવ્યા પછી રાત્રે પંજાબમાં હલવારાનું ઍર-બેઝ પણ ધોલધપાટો ખાવામાં બાકી ન રહ્યું. બી-૫૭ કેનબેરા બોમ્બરે સામટા આઠ બોમ્બ તેના રન-વે પર ઝીંકી દીધા, જે પૈકી બે અસરકારક રીતે વાગ્યા અને રન-વે તત્પુરતો નકામો બન્યો. ઇન્દિરા ગાંધીએ યુદ્ધ માટે છેલ્લી ઘડીએ યુદ્ધના ધોરણે વસાવેલાં રશિયન સરફેસ-ટુ-ઍર મિસાઇલ અહીં તૈયાર પડ્યાં હતાં. હુમલાખોર કેનબેરા સામે ત્રણ મિસાઇલો વારાફરતી છોડવામાં આવ્યાં. (કિંમત જોવા બેસો તો કેનબેરાના હિસાબે દરેક મિસાઇલ વધુ મૂલ્યવાન હતું!) એક મિસાઇલે બરાબર મત્સ્યવેધ કરી બતાવ્યો. દુશ્મનનું ભડકે બળતું વિમાન સરહદની પેલી તરફ નીચે પડતું જોવા મળ્યું. પાકિસ્તાન ઍરફોર્સના સેનાપતિ ઍર-માર્શલ રહીમ ખાને બીજે દિવસે એ તબાહીનો સત્તાવાર સ્વીકાર કર્યો.

હુમલાના પ્રથમ જુવાળમાં એકમાત્ર જામનગર બચી જવા પામ્યું હતું. ૧૯૬૫ના યુદ્ધમાં વીરચક્ર પામેલા ગ્રૂપ-કેપ્ટન પી. ડબ્લ્યુ. વિલ્સન ૧૯૭૧માં જામનગરના મુખ્ય કમાન્ડિંગ ઑફિસર હતા. દિવસો પહેલાં યુદ્ધના ભણકારા વાગવા શરૂ થયા ત્યારે અણચિંતવ્યા હવાઇ આક્રમણ સામે અગમચેતીનાં ઠોસ પગલાં તેમણે લીધાં હતાં. ઍર-બેઝની નજીકમાં જ શસ્ત્રતાલીમ માટેની ફાયરિંગ રેન્જનું ખુલ્લું મેદાન હતું. ગ્રૂપ-કેપ્ટન વિલ્સને અહીં ડામર અને કેન્વાસ જેવું કાપડ વાપરીને બનાવટી રન-વે તૈયાર કરાવ્યો અને મૂળ રન-વેને યુક્તિપૂર્વક ઢાંકી દીધો. આ રન-વેની બેય તરફ લાઇટોનું વીજળીક જોડાણ પણ તેમણે કાપી નાખ્યું. જૂની કાર બેટરીઓ દ્વારા એ લાઇટોને નવો સપ્લાય આપ્યો, જેનો વૉલ્ટેજ પ્રમાણમાં ઘણો કમજોર હોવાને કારણે દૂરના વિમાનને એ ઝાંખી લાઇટો નજરે ચડે તેમ ન હતી.

ઇન્દિરા ગાંધી અને જગજીવન રામ એ રાત્રે નવી દિલ્હી પહોંચ્યા કે તરત રોમાંચક લશ્કરી અને રાજકીય ચહલપહલનો આરંભ થયો. મોડી રાત્રે ૧૧:૩૦ના ટકોરે વડા પ્રધાને લશ્કરના ત્રણેય સેનાપતિઓ, દ્વારકા પ્રસાદ ધર અને પી. એન. હક્સર જેવા પોતાના નજદીકી સલાહકારો તથા સંરક્ષણ મંત્રી બાબુ જગજીવન રામ સાથે તાકીદની બેઠક યોજી. સૌ પહેલો રિપોર્ટ તેમણે ઍર ચીફ-માર્શલ પી. સી. લાલનો માગ્યો. વાયુ સેનાપતિએ હૈયાધારણા આપી કે પાકિસ્તાનને ઇંટનો જવાબ પથ્થર વડે આપવા માટે અડધા કલાક પહેલાં જ ભારતની પ્રથમ હવાઇ ટુકડી સરહદને ઓળંગી ચૂકી હતી અને હાલના તબક્કે કદાચ ભારતીય હુમલાખોર વિમાનો પાકિસ્તાની હવાઇમથકોને ધબેડી રહ્યાં હતાં.

આ કેફિયત વડા પ્રધાનને આશ્ચર્યજનક લાગી. પાકિસ્તાની વિમાનો જો સાંજે ૫:૪૦ ના સુમારે હલ્લો કરી ગયા હોય તો તેમને વળતો જવાબ પરખાવવામાં સાડા છ કલાક શા માટે કાઢી નાખવામાં આવ્યા ? અને તે પણ એવા સંજોગોમાં કે જ્યારે ભારતીય વાયુસેનાનાં અમ્બાલા, પઠાણકોટ, અમૃતસર વગેરે દરેક હવાઇમથક બિલકુલ સરહદ પાસે હતાં ? અહીંથી તેમને હુમલા માટે સરહદ પાર જવામાં વાર કેટલી લાગે ?

ઍર ચીફ-માર્શલે આનો પણ જે ખુલાસો આપ્યો તે કદાચ અર્ધસત્ય જેવો હતો. આ સેનાપતિના જણાવ્યા મુજબ ભારતે વળતો હુમલો કરવા માટે જે કેનબેરા બોમ્બર વિમાનોને પલાણ્યાં તેમનો અડ્ડો છેક આગ્રા ખાતે હતો. આગ્રાથી ભારત-પાક સરહદ ખાસ્સી દૂર ગણાય એટલું જ નહિ, પણ મુખ્ય વાત એ કે કેનબેરાને બોમ્બ વડે સજ્જ કરવામાં હંમેશાં ચાર કલાક વીતી જતા હતા. દૂર ક્યાંક શસ્ત્રોના ડેપોમાં પડેલા બોમ્બને ટ્રોલી પર મૂકી ઍર-બેઝ પર લાવવા, દરેકના ફ્યૂઝનું સેટિંગ કરવું, વાયરો જોડવા, સાડા ચારસો કિલોના સરેરાશ બોમ્બને ક્રેન વડે કેનબેરાના ફાલકામાં ગોઠવવો વગેરે જફા ખરેખર સમય માગી લેનારી હતી. આમ છતાં પી. સી. લાલે વડા પ્રધાનના વધુ સાંત્વન માટે તેમને યાદ અપાવ્યું કે રાત પૂર્ણચંદ્રની હતી, એટલે ભારતીય વિમાનોને તેમનાં લક્ષ્યાંકો શોધવામાં મુશ્કેલી પડવાનો ભય ન હતો.

આ ખુલાસો મિટિંગમાં હાજર રહેલા મહાનુભાવો પૈકી કોને જચ્યો અને કેટલી હદે જચ્યો એ તો શી ખબર, પણ સામે પક્ષે દુશ્મન વાયુફોજના સેનાપતિ ઍર-માર્શલ રહીમ ખાન રણનીતિના મામલામાં કાચા નીવડ્યા એ જ ભારત માટે બડભાગ્યની વાત હતી. ભારતનું હવાઈદળ ગાફેલ હતું. રાત અજવાળી હતી. પાકિસ્તાનના હવાઈ કાફલામાં ૪૪૭ વિમાનો પૈકી પૂરાં ૨૮૫ વિમાનો બોમ્બરનો રોલ અદા કરી શકે એ પ્રકારનાં હતાં. આ હાલતમાં રહીમ ખાને એ બધાં જ વિમાનોને સામટાં કામે લગાડી દીધાં હોત તો ભારતનું એકેય હવાઈમથક રિપેરિંગ માટે પણ લાયક ન રહેત, પરંતુ રહીમ ખાને તે રાત્રે ફક્ત ૨૮ વિમાનોને તસ્દી આપી! આ તેમની જબરજસ્ત ભૂલ હતી, કેમ કે ભારતીય ખુશ્કીદળને ત્યાર પછી સામી ખુશ્કીસેના ઉપરાંત વાયુસેના દ્વારા પણ ખોખરૂં કરવાનો ચાન્સ પાકિસ્તાને હંમેશ માટે ગુમાવ્યો.

અલબત્ત, ઇન્દિરા ગાંધીને તથા જનરલ માણેકશાને જબરજસ્ત મોકાણના સમાચાર મળે એ વાત આડે ગણતરીના કલાકો જ બાકી હતા. ઉત્તરમાં છામ્બના મોરચે શરૂ થયેલું ધમાસાણ ભૂમિયુદ્ધ બીજું પાણીપત બની રહ્યું હતું.

મોકાણના એક સમાચાર ગણતરીના કલાકો બાદ પાકિસ્તાનના નૌકા સેનાપતિ વાઇસ-એડમિરલ મુઝફ્ફર હસનને પણ મળવાના હતા. આ બૂરા ખબરના પ્રથમ હપતારૂપે અરબી સમુદ્રમાં ભારતના છૂપા રૂસ્તમ જેવા નૌકાકાફલાને ૩જી ડિસેમ્બરની સાંજે જ બરાબર ૬:૫૫ વાગ્યે એક કોડેડ મેસેજ વાયરલેસ દ્વારા પ્રાપ્ત થયો. દિલ્હીથી સાંકેતિક ભાષામાં બ્રોડકાસ્ટ થયેલા એ મેસેજને નૌકાકાફલાના મુખ્ય કમાન્ડર રિઅર-એડમિરલ ઇ. સી. કુરૂવિલાએ પોતાના કોડબ્રેકર નિષ્ણાતો પાસે ઉકેલાવ્યો. ફક્ત બે મિનિટ પછી તેનો શબ્દાર્થ ફક્ત એક શબ્દમાં તરી નીકળ્યો : 'સંસાર !'

આ કોડવર્ડનો મતલબ એ કે ભારત-પાક યુદ્ધ આખરે શરૂ થયું હતું અને આગોતરી યોજના મુજબ હવે રિઅર-એડમિરલ કુરૂવિલાના કાફલાએ સીધા કરાંચી બંદરગાહમાં ઘૂસી ત્યાંના પાકિસ્તાની નૌકામથકનો ખાત્મો કરી દેવાનો હતો.

કુરૂવિલાનો હુકમ છૂટ્યો : 'ઑપરેશન ટ્રાઇડેન્ટ શરૂ કરો !'■





પ્રકરણ : ૧૧

નૌકાદળનું પહેલું નિશાન : કરાંચી

પાકિસ્તાનના કિલ્લેબંધ નૌકામથક કરાંચી પર અણધાર્યો હુમલો કરતી વખતે ભારતીય નૌકાદળે ૧૯૬૫ના યુદ્ધ વખતનો અધૂરો હિસાબ પૂરો કરી નાખ્યો

ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે પાકિસ્તાન ઍરફોર્સે ભારતનાં સાત હવાઈમથકો પર સામટો હુમલો કર્યા પછી અરબી સમુદ્ર પર હંકારી રહેલા ભારતીય નૌકાદળના જે કાફલાને 'સંસાર'નો કોડેડ સંદેશો મળ્યો તેમાં કેટલીક મિસાઈલ બોટ ધ્યાન ખેંચનારી હતી. ઇન્દિરા ગાંધીના સંરક્ષણ મંત્રાલયે કુલ આઠ બોટનો સોદો રશિયા સાથે યુદ્ધના ધોરણે તાબડતોબ કર્યો હતો. રશિયાને પૈસા ચૂકવ્યા બાદ 'ઓસા' વર્ગની તે બોટ ભારતના કલકત્તા બંદરે લાવવામાં પણ સપાટો બોલાવ્યો હતો.

વિરાટ માલવાહક જહાજો દ્વારા આઠેય બોટ પેટીપેક હાલતમાં યુદ્ધ પહેલાં જ કલકત્તા પહોંચી. મિસાઈલો સહિત દરેકનું વજન ૨૪૦ ટન હતું, જ્યારે એ બંદરે મોટામાં મોટી ફ્લોટિંગ (તરતી) ક્રેન મહત્તમ ૨૦૦ ટનના બોજા સાથે કામ પાડી શકે તેવી હતી. આથી દરેક બોટનાં ચાર મિસાઈલો પહેલાં બહાર કાઢી લેવામાં આવ્યાં. ખસેડી શકાય એવો બધો છૂટક

■ ભારતની મિસાઈલ બોટના તૂતક પર ૨૦.૫ ફીટ લાંબા જહાજવિરોધી મિસાઈલો હતાં



મિસાઈલ બોટનો બાયોડેટા	
વજન	શસ્ત્રો સાથે ૨૪૦ ટન
લંબાઈ	૧૨૮ ફીટ
પહોળાઈ	૨૫.૩ ફીટ
એન્જિન	૧૨,૦૦૦ હોર્સપાવર
મહત્તમ સ્પીડ	૩૮ દરિયાઈ માઈલ
નાવિકો	સરેરાશ ૩૦
તોપો	બે વિમાનવિરોધી
મિસાઈલો	૪ એન્ટિ-શીપ

બોટના મિસાઈલનો બાયોડેટા	
લંબાઈ	૨૦ ફીટ ૮ ઈંચ
પહોળાઈ	૯ ફીટ
વજન	૩,૦૦૦ કિલોગ્રામ
બારૂદનું વજન	૫૦૦ કિલોગ્રામ
મહત્તમ વેગ	૧,૧૦૦ કિલોમીટર
પ્રહારમર્યાદા	૪૬ કિલોમીટર
એન્જિન	પ્રવાહી બળતણનું રોકેટ

સરંજામ દૂર કરવા સાથે બે નાની તોપોનું ફિટિંગ પણ ખોલવામાં આવ્યું. દરેક બોટનું વજન એ રીતે ઘટીને ૧૯૦ ટન જેટલું રહ્યું ત્યારે ક્રેન વડે તેને સમુદ્રસપાટી પર હળવે રહી ઊતારવાનું કામ શરૂ થયું. જો કે વધુ મોટું કામ એ દરેકને મુંબઈના નૌકામથકે પહોંચાડી ભારતના નાવિકોને તેના ઑપરેટિંગને લગતી તાલીમ આપવાનું હતું, જેના માટે સમય પણ ઓછો હતો. ખાસ તો મિસાઈલો વાપરવાનો મહાવરો તેમને વહેલીતકે આપી દેવો પડે તેમ હતો. આ જવાબદારી નૌકાદળના વડા સેનાપતિ એડમિરલ એસ. એમ. નંદાએ મિસાઈલ ટેક્નોલોજિના નિષ્ણાત કેપ્ટન બી. જી. મુધોલકરના શિરે નાખી.

એક બાબતમાં એડમિરલ નંદા બિલકુલ સ્પષ્ટ હતા : પાકિસ્તાન સાથે જેવું યુદ્ધ ફાટી નીકળે કે તરત દુશ્મનના એકમાત્ર નૌકામથક પર ગણતરીના કલાકોમાં જ મિસાઈલો વડે કાતિલાના ઍટેક કરવો અને પાક યુદ્ધજહાજોને બહાર નીકળવાનો મોકો આપ્યા વગર બંદરમાં તેમનો ફેંસલો આણી દેવો. કરાંચીની સંપૂર્ણ નાકાબંધી માટે ત્યાર બાદ મોટાં યુદ્ધજહાજો દ્વારા ગોલંદાજીનો વખતોવખત મારો ચલાવવો, જેથી પરદેશી શસ્ત્રસરંજામનો નવો પુરવઠો જનરલ યાહ્યા ખાનને કમ સે કમ સમુદ્રમાર્ગે મળી શકે નહિ. પાકિસ્તાનની રહીસહી મનવારોને આમેય કરાંચીમાં પૂરી રાખવાનું અનિવાર્ય હતું, કેમ કે ખુદ ઈસ્લામાબાદના શસ્ત્રસરંજામનો પુરવઠો સમુદ્રરસ્તે પૂર્વ પાકિસ્તાનના ઢાકા બંદરે પહોંચવો ન જોઈએ. યુદ્ધ ચાલતું હોય એ દરમ્યાન ત્યાં બીજા સૈનિકો મોકલવાનો ચાન્સ પણ ઈસ્લામાબાદને મળવો ન જોઈએ. પૂર્વ પાકિસ્તાનને તેની પશ્ચિમી પાંખ કરતાં છૂટી પાડી દેવાનું કામ તો જ ઝડપી બને. વિદેશી મહાસત્તાઓ અને મુખ્યત્વે અમેરિકા હસ્તક્ષેપ કરે તે પહેલાં યુદ્ધ આટોપી લેવું અત્યંત જરૂરી હતું.

મુંબઈ સુધી મિસાઈલ બોટના કાફલાને ટગનૌકાઓ વડે તાણી જવા રશિયાએ તારનાં દોરડાં અને પોલાદી હૂક પણ સરંજામના પટારા ભેગા મોકલ્યા હતા. આ નવા કાફલાના નવા કમાન્ડર બી. બી. યાદવને એ બન્ને ચીજો કઢંગી લાગી. હળવા વજનનાં છતાં મજબૂત એવાં નાયલોન દોરડાં તેમણે મંગાવ્યાં, જેથી વાયા કન્યાકુમારીનો લાંબો પ્રવાસ ખેડવામાં નાહક સમય વેડફાય નહિ. મિસાઈલ બોટનો વેગ પણ તેમને રશિયનોએ કરેલા દાવા કરતાં ઓછો જણાયો, એટલે મુંબઈ પહોંચ્યા બાદ સૂકી ગોદીમાં દરેક બોટના તળિયા નીચે તેમણે પોલિશિંગ કરાવ્યું. આ સામાન્ય લાગતી બાબતો સરવાળે તો બહુ મહત્વપૂર્ણ સાબિત થાય તેમ હતી. મિસાઈલ ઍટેક માટે દુશ્મન બંદરગાહમાં દેમાર સ્પીડે દાખલ થવું રહ્યું અને હુમલાનો સપાટો બોલાવ્યા પછી દુશ્મનનો પીછો છોડાવવા માટે તો બેશક વધુ સ્પીડ જોઈએ. નવીનકોર મિસાઈલ બોટનાં સ્વદેશી નામો તો ક્યારના પસંદ કરી લેવાયાં હતાં. આ નામો અનુક્રમે નિપાત, નાશક, નિર્ઘાત, નિર્ભિક, વિનાશ, વીર, વિજેતા અને વિદ્યુત હતાં, જ્યારે આખા સ્ક્વૉડ્રનને ખતરનાક કીલર સ્ક્વૉડ્રનનો સર્વાનુમતે દરજ્જો અપાયા પછી તેનું સંયુક્ત લેબલ 'કે-૨૫' પસંદ કરાયું હતું. કમાન્ડર બી. બી. યાદવ તેના મુખ્ય સરદાર બન્યા. હવે જંગનું એલાન થાય ત્યારે કરાંચી પર હુમલો કરવામાં પણ મિસાઈલ બોટ નિપાત સાથે

■ કમાન્ડર બી. બી. યાદવ



Scanned by CamScanner

તેમણે મોખરે રહેવાનું હતું. મુંબઈથી અનેક કિલોમીટર છેટે એક વેરાન ટાપુ પાસે નાવિકોનો તાલીમી અભ્યાસક્રમ ગુપચુપ રીતે ચલાવવામાં આવ્યો, કારણ કે ભારતીય નૌકાદળ આક્રમક રણનીતિ અપનાવવા માગે છે તેનો અણસાર દુશ્મનને મળી જાય તો પછી તેમાં આશ્ચર્યનું તત્ત્વ જ રહે તેમ ન હતું. મિસાઈલોનું પ્રાયોગિક ફાયરિંગ પણ એટલા ખાતર બિલકુલ ખાનગી રહેવું જોઇએ. આથી પ્રયોગો ચાલ્યા એ દરમ્યાન મુંબઇના સાન્તા ક્રૂઝ ઍરપોર્ટ પર તૈનાત થયેલા ઇલ્યુશિન-૧૪ પ્રકારનાં બે નિરીક્ષક વિમાનો અરબી સમુદ્રના આકાશમાં પેટ્રોલિંગ કરતાં રહ્યાં. વિમાનવાહક જહાજ વિક્રાન્ત માટે વસાવવામાં આવેલાં સબમરિનવિરોધી ઍલિઝે પ્રકારનાં તટવર્તી વિમાનોએ સમુદ્ર પર સતત પહેરો ભર્યો.

આ સમય દરમ્યાન વેસ્ટર્ન કમાન્ડના મુખ્ય નૌકાસેનાપતિ વાઇસ-એડમિરલ એસ. એન. કોહલી તેમના છૂપા અન્ડરગ્રાઉન્ડ વૉર-રૂમમાં કેટલાક ચુનંદા અફસરો સાથે યુદ્ધના દાવપેચ ઘડી રહ્યા હતા. નૌકાદળના સમગ્ર પશ્ચિમી કાફલાનું નેતૃત્વ તેમણે સંભાળવાનું હતું. કરાંચી પરના આક્રમણનું રિહર્સલ ગુપ્ત રાખવા માટે તેમણે લીધેલી તકેદારી વાસ્તવમાં તેમની જાણ બહાર સાર્થક નીવડી રહી હતી. મુંબઇના જ નૌકામથક પાસે આવેલી બહુમાળી ગ્રાન્ડ હોટેલમાં ટોચના મજલે પાકિસ્તાની એલચી કચેરીના એક નૌકાઅફસરે પડાવ નાખ્યો હતો. અહીંથી ટેલિકેમેરા વડે નૌકામથકની પ્રત્યેક ચહલપહલના ફોટા લેવાતા હતા. ટેલિસ્કોપ વડે નિરીક્ષણ કરવા માટે પણ એ જગ્યા બિલકુલ મોકાની હતી. અલબત્ત, હેરતની વાત છે કે દિવસો પછી યુદ્ધ પૂરું થયું ત્યાં સુધી ભારતીય નૌકાદળને અથવા તો રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના ગુપ્તચરોને એ જાસૂસની પ્રવૃત્તિ અંગે ગંધ સુદ્ધાં આવી નહિ ! એ વાત જુદી છે કે બદ્‌કિસ્મત પાક જાસૂસને પણ જાણવાલાયક એવું કશું જાણવા મળ્યું નહિ. બીજી તરફ યુદ્ધના દિવસો પહેલાં ભારતીય હવાઇદળના જાસૂસી સ્ક્વૉડ્રનનું એક વિમાન કરાંચી પર ઊડ્યું, બે-ચાર લટારો મારી અને તે બંદરગાહના કેટલાક ફોટા પાડી નૌકાદળ સમક્ષ હાજર કરી દીધા. આ ફોટા વગર કદાચ વાઇસ-એડમિરલ કોહલી તેમના ‘ઑપરેશન ટ્રાઇડેન્ટ’ નામના છાપામાર હુમલાના મિશનને આગળ વધારી શકત નહિ.

■ ‘પિત્યા’ વર્ગની ફ્રિગેટો સબમરિન-વિરોધી હોવા ઉપરાંત વિમાન-વિરોધી પણ હતી



ઇન્દિરા ગાંધીએ નક્કી કર્યું તેમ યુદ્ધ જો સામે ચાલીને માથે આવી ન પડે તો ડિસેમ્બર ૬, ૧૯૭૧ના દિવસે ભારતે જ તેનો પલીતો ચાંપી દેવાનો હતો. આથી રિઅર એડમિરલ ઇ. સી. કુરૂવિલાના નેતૃત્વ હેઠળ ચાર દિવસ પહેલાં છાપામાર કાફલો બીજી ડિસેમ્બરના રોજ



■ 'ઑપરેશન ટ્રાઇડેન્ટ'ની કમાન્ડો ટુકડીના સરદાર રિઅર-એડમિરલ કુરૂવિલા

કરાંચી તરફ જવા નીકળી પડ્યો. નક્કી એમ થયું કે 'ઓસા' વર્ગની ચાર મિસાઇલ બોટ અને 'પિત્યા' વર્ગની બે અદ્યતન ફ્રિગેટ મનવારો સાથે કરાંચી પહોંચવું, છતાં આખરી હુમલો ફક્ત મિસાઇલ બોટના સ્ક્વૉડ્રને બંદરગાહમાં ઘૂસીને કરવો. કિલ્તાન અને કટચાલ નામની દરેક ફ્રિગેટ મુખ્યત્વે એન્ટિ-સબમરિન તથા એન્ટિ-ઍરક્રાફ્ટ હતી. પાકિસ્તાનના નૌકાદળે તેની સબમરિન ગાઝીને અરબી સમુદ્ર તરફ રવાના કરી દીધાના જાસૂસી ખબર મળ્યા હતા, એટલે માર્ગમાં ક્યાંક તેનો ભેટો થાય તો મિસાઇલ બોટના કાફલાને તેની સામે રક્ષણ આપવું રહ્યું. પાક નૌકાદળમાં એ સિવાય હંગોર, માંગરો અને શુશુક નામની ત્રણ હન્ટર-કિલર ફ્રેન્ચ સબમરિનો પણ હતી, જેમને વળી કરાંચી બંદરગાહનો ચોકીપહેરો સોંપાયો હોય તો કહેવાય નહિ. આ સબમરિનોને લડત આપવા માટે કિલ્તાનમાં અને કટચાલમાં ચાર મલ્ટિ-બેરલ્ડ રોકેટ લોન્ચર્સ હતાં, એન્ટિ-સબમરિન ટોરપિડો ટ્યૂબ હતી અને સાગરપેટાળમાં ચોક્કસ લેવલે ફાટે તેવા બોમ્બ પણ હતા. દુશ્મન વિમાનો સામે લડવા માટે ચાર એન્ટિ-ઍરક્રાફ્ટ તોપો પણ ખરી. દરેક તોપ પ્રત્યેક મિનિટે ૬.૮ કિલોગ્રામના ૮૦ ગોળા આકાશ તરફ ફેંકી શકે તેમ હતી. હુમલાને અંતે વળતા પ્રવાસ દરમ્યાન પાકિસ્તાની વિમાનો કમાન્ડર બી. બી. યાદવના કાફલા પર બોમ્બમારો કરે તો એ વખતે કિલ્તાનની અને કટચાલની ૮૦ અંશના ખૂણે નાળચાં તાકી શકતી એ તોપો અચૂક કામ લાગે. દરેક ફ્રિગેટનું વજન ૧,૧૪૦ ટન હતું; એટલે કે મિસાઇલ બોટ કરતાં તે સરેરાશ પાંચ ગણી મોટી હતી.

વાઇસ-એડમિરલ કોહલીને પ્રશ્ન એ નડ્યો કે ફ્રિગેટો કરતાં મિસાઇલ બોટમાં જુદા પ્રકારનું બળતણ વપરાતું હતું. પ્રમાણમાં બળતણની ટાંકી પણ નાની, એટલે સફર દરમ્યાન નવો પુરવઠો આપવા માટે ઓખા ખાતેના ફ્યૂલ ડેપોમાં ખાસ પ્રકારના બળતણનો સ્ટોક ભરવો પડે. હકીકતમાં એ પણ કાફી ન હતું. કરાંચી પર આક્રમણ થયા બાદ પાકિસ્તાની ઍરફોર્સનાં વિમાનો કદાચ ઓખાને નિશાન બનાવે અને ત્યાં ફ્યૂલ ડેપોનો ખાત્મો બોલાવે તો ભાગેડુ મિસાઇલ બોટની ટુકડી સલામત અંતર સુધી નાસી શકે નહિ. આથી બળતણની વધુ એક 'પરબ' દીવના કાંઠે પણ રાખવાનો કોહલીએ હુકમ કર્યો. ખરેખર તો એ પણ હજી પૂરતું ન હતું, કેમ કે દુશ્મનનો કેડો છોડાવવા માટે ભાગતી મિસાઇલ બોટે કદાચ લાંબી દડમજલ કરવાની થાય તો એમાં વધુ બળતણ વપરાવાને લીધે કદાચ દીવ સુધીયે પહોંચવું મુશ્કેલ બને. પરિણામે નૌકાદળનું પોષક નામનું ટેન્કર જહાજ પલાણવામાં આવ્યું. આ જહાજે સારી ક્વૉલિટીના રિફાઇન્ડ ડીઝલ ઓઇલ સાથે કરાંચી બંદરની દક્ષિણે અમુક કિલોમીટર દૂર રહીને મિસાઇલ બોટના તરતા પેટ્રોલ પમ્પનો રોલ ભજવવાનો હતો.

આ જાતના બારીક આયોજન સાથે 'ઑપરેશન ટ્રાઇડેન્ટ'નો તખ્તો ગોઠવાયો, એટલે નિર્ઘાત તથા વીર નામની બે મિસાઇલ બોટો પોતાનાં એન્જિનબળે હંકારીને ઓખા પહોંચી. મુંબઈથી નિપાતને જો કે ઓખા સુધી પહોંચાડવા માટે તીર નામની એક મોટી લડાયક મનવાર સાથે તેનું દોરડું બાંધવામાં આવ્યું. સ્ક્વૉડ્રન કમાન્ડર બી. બી. યાદવ નિપાત પર સવાર થયા. યાદવે પોતાનું સંપૂર્ણ ધ્યાન હુમલાના પ્લાનિંગ પર આપવાનું હતું, માટે નિપાતનું સુકાનીપદ

યુવાન અફસર લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કવિનાને સોંપવામાં આવ્યું. પાટનગર દિલ્હીમાં એ દરમ્યાન પાક હવાઇદળના આક્રમણ પછી સંરક્ષણ મંત્રી જગજીવન રામ અને ત્રણેય લશ્કરી સેનાપતિઓ વચ્ચે ૩જી ડિસેમ્બરની રાત્રે જ પ્રથમ બેઠક મળી ચૂકી હતી. આ મિટિંગમાં નૌકાસેનાપતિ એડમિરલ નંદાએ ઍર ચીફ-માર્શલ પી. સી. લાલને અરજ કરી કે મિસાઇલ બોટો કરાંચી બંદરગાહને ધબેડવા માંડે એ વખતે ભારતીય હવાઇદળનાં વિમાનો પણ કરાંચી પાસેના મસરૂર ઍર-બેઝ પર ત્રાટકે, જેથી તેમની સામે લડવામાં વ્યસ્ત રહેતા પાક ઍરફોર્સને મિસાઇલ બોટો તરફ જવાનો સમય મળે નહિ. આ પ્રસ્તાવ ઍર માર્શલને પહેલાં તો ન જચ્યો. પાકિસ્તાને થોડા દિવસ પહેલાં જ મસરૂર ફરતે વિમાનવિરોધી તોપોનો રાફડો ગોઠવ્યો હતો. સ્ટારફાઇટર એફ-૧૦૪ પ્રકારનાં અદ્યતન લડાયક વિમાનો પણ તે ઍર-બેઝ પર મોટી સંખ્યામાં હતાં. ભારતના જૂનવાણી કેનબેરા અને હન્ટર તેમની સામે ભાગ્યે જ ટકી શકે, એટલે પી. સી. લાલના કહેવા પ્રમાણે આવું સાહસ ખેડવું તે ભારતીય પાયલટોનો જાન બેવજહ ખતરામાં નાખવા બરાબર હતું. લાલની એ કેફિયત જો કે સેનાપતિ ત્રિપૂટીમાં ચીફ ઑફ સ્ટાફનો દરજ્જો ભોગવતા જનરલ સામ માણેકશાને ન જચી. વાયુસેનાપતિને તેમણે પંજાબીમાં કહ્યું : ‘અસીં લડાઇ કરને જા રહે હૈં, મહોબ્બત નહિ !’

માણેકશાની આટલી ટકોર બસ હતી. એડમિરલ નંદાનો પ્રસ્તાવ સ્વીકારી લેવામાં આવ્યો. દિલ્હીથી જામનગરના ઍર-બેઝને હુકમ કર્યો કે વહેલી પરોઢે જ કરાંચી પર ઍટેક કરો અને પછી મધરાતે બીજો હુમલો કરવાની પણ તૈયારી રાખજો. ઘણું કરીને આક્રમક મિજાજમાં આવેલા પી. સી. લાલનો પ્લાન હવે મિસાઇલ બોટોના કમાન્ડો મિશન પહેલાં જ કરાંચીના હવાઇમથકને વ્યાપક બોમ્બમારા વડે નકામું કરી દેવાનો હતો. આથી ડિસેમ્બર ૪, ૧૯૭૧નો પ્હો ફાટ્યો એ વખતે જામનગરનાં આઠ હન્ટર વિમાનો કરાંચી તરફ બે ટુકડીમાં ઊડ્યાં. બીજી ખાનાખરાબી તો ઠીક, પરંતુ કરાંચીથી નજીક આવેલા બાદિન ખાતે પાકિસ્તાની હવાઇદળના મુખ્ય રેડારમથકનો તેમણે પૂરેપૂરો ખુરદો કાઢી નાખ્યો એ બહુ મોટી વાત હતી. કંઇ નહિ તો એ વિસ્તાર પૂરતું દુશ્મન હવાઇદળ અંધાપાનો ભોગ બન્યું.

દિવસ ચડતો ગયો તેમ ‘ઑપરેશન ટ્રાઇડેન્ટ’નું મિશન તેની મંઝિલ તરફ આગળ વધતું રહ્યું. મિશનના સભ્યોમાં અનુક્રમે કિલ્તાન અને કટચાલ એમ બે ફ્રિગેટો હતી, જેમણે આગળ હંકારતી નિપાત, વીર અને નિર્ઘાત એમ ત્રણ મિસાઇલ બોટોના ફક્ત બોડીગાર્ડ તરીકે સહેજ પાછળ રહેવાનું પસંદ કર્યું હતું. સૌથી પાછળ ચોથી

૧૯૭૧નો પાકિસ્તાની નૌકાકાફલો

પાક નૌકાદળના સેનાપતિ

વાઇસ-એડમિરલ મુઝફ્ફર હસન

ફલીટ કમાન્ડર : **રિઅર-એડમિરલ એમ. એ. કે. લોદી**


ધ્વજજહાજ	બાબર	(કોમોડર એચ. એચ. અહમદ)
ડિસ્ટ્રોયરો	બાદર	(કેપ્ટન આર. એમ. શેખ)
	ખૈબર	(કમાન્ડર એમ. એન. મલિક)
	શાહજહાઁ	(કમાન્ડર ઝેડ. ચૌધરી)
	આલમગીર	(કમાન્ડર આઇ. એ. સિરોહી)
	જહાંગીર	(કમાન્ડર ટી. કે. ખાન)
ફ્રિગેટો	ટીપુ સુલતાન	(કમાન્ડર એસ. કે. એમ. રિઝવી)
	તુઘરીલ	(સમારકામ હેઠળ)
	ઝુલ્ફિકાર	(કમાન્ડર એસ. એમ. હુસૈન)
સબમરિનો	હંગોર	(કમાન્ડર તસનીમ અહેમદ)
	માંગરો	(લેફ્ટનન્ટ-કમાન્ડર એસ. ખાલિદ)
	શુશુક	(લેફ્ટનન્ટ-કમાન્ડર એસ. રાઝા)
	ગાઝી	(કમાન્ડર ઝફર મહમ્મદ ખાન)
ટેન્કર જહાજ	ઢાકા	(કેપ્ટન એસ. ક્યૂ. રાઝા)
સુરંગ ખસેડનાર જહાજો	મુહાફિઝ	(લેફ્ટનન્ટ-કમાન્ડર એમ. ઉસ્માની)
	મુજાહિદ	મુખ્તાર મોમિન
	મોશાલ	મુબારક
	મેહમૂદ	મુનાસિફ
પેટ્રોલ/ મિસાઇલ બોટ	સદાકત	(લેફ્ટનન્ટ એ. ક્યૂમ)
	રફાકત	
ટગનૌકા	મદદગાર	

મિસાઇલ બોટ વિદ્યુત હતી, પણ કરાંચી પરના હુમલામાં તેણે ભાગ લેવાનો ન હતો. કરાંચીથી થોડા કિલોમીટર છેટે પ્રવાસ રોકીને તેમજ પોતાના ચારેય મિસાઇલો અકબંધ રાખીને ત્યાં જ પહેરો ભરવાનો હતો. આ બૅક-અપ વ્યવસ્થા વાઇસ-એડમિરલ કોહલીએ એવા તર્ક સાથે વિચારેલી કે કરાંચી પરના હુમલા બાદ પરત આવતી ત્રણ મિસાઇલ બોટો પોતાનાં બધાં શસ્ત્રો વાપરી ચૂકી હોય, માટે તેમનો પીછો કરનાર દુશ્મનોને પહોંચી વળવા ચોથી મિસાઇલ બોટે ખુલ્લા સમુદ્રમાં શસ્ત્રસજ્જ હાલતે તૈયાર રહેવું જોઇએ. વિદ્યુતના નાવિકો દેખીતી રીતે નિરાશ હતા. બીજા વિશ્વયુદ્ધ પછી યુદ્ધની તવારીખમાં કદી ન નોંધાયું હોય એવા સનસનીખેજ દરિયાઇ સાહસનું ઐતિહાસિક કાઉન્ટડાઉન શરૂ થયું હતું, છતાં એ સાહસમાં તેમને સક્રિય ભાગ લેવાનો ચાન્સ મળ્યો ન હતો. સૈનિકને બદલે સંત્રીનો પાઠ તેમના નસીબે લખાયો હતો.

ડિસેમ્બર ૪, ૧૯૭૧ની સાંજ પડી. થોડી વારમાં અંધારૂં પણ ઘેરાવા લાગ્યું. વાઇસ-એડમિરલ એસ. એન. કોહલીએ 'ઑપરેશન ટ્રાઇડેન્ટ'ના કાફલાને સંદેશાવ્યવહારનો કડક બ્લેકઆઉટ પાળવાની તાકીદ કરી રાખી હતી. કોઇ વાયરલેસ સંદેશો દુશ્મનના કાને પડવો ન જોઇએ, માટે પ્રવાસ દરમ્યાન કમાન્ડર યાદવ બીજી મિસાઇલ બોટોના કપ્તાનો સાથે કે પછી કિલ્તાન ફ્રિગેટમાં બેઠેલા રિઅર-એડમિરલ કુરૂવિલા સાથે કશી ચર્ચા પણ કરી શક્યા નહિ. કેટલીક બાબતોના ખુલાસા જરૂરી હોવા છતાં વિચાર-વિનિમય અશક્ય બન્યો. બીજી તરફ જો કે કાફલાના બધા વાયરલેસ ઑપરેટરો તેમના રિસીવર યંત્રો તરફ કાન માંડીને બેઠા હતા. એ જ રીતે પશ્ચિમ કાંઠાનાં બધાં ભારતીય નૌકામથકોમાં વાયરલેસ ચાલુ હતાં. સૌએ પાક નૌકાદળની રેડિઓ ફ્રિક્વન્સીનું ટ્યૂનિંગ કરી રાખ્યું હતું. આ તકેદારીનું કારણ એ કે કરાંચી તરફ ગુપચુપ આગળ વધતા ભારતીય કાફલાની પોલ રખે એકાદ દુશ્મન સબમરિનની કે વિમાનની નજરે ખૂલી જવા પામી હોય તો પાકિસ્તાનના નૌકાસેનાપતિ વાઇસ-એડમિરલ મુઝફ્ફર હસન અચૂક કરાંચીના મથકને સાબદા થવા માટેનો રેડિઓ સંદેશો મોકલે. દુશ્મનો ચેતી ગયા પછી તો અણધાર્યો હુમલો કરવામાં બિલકુલ સાર નહિ. પાકિસ્તાનના બળવાન યુદ્ધજહાજો અને કદાચ સબમરિનો પણ હુમલાખોરોનું સ્વાગત કરવા બંદર છોડીને બહાર નીકળે એવા સંજોગોમાં ટચૂકડી મિસાઇલ બોટો વડે તેમને લડત આપવાનું નિરર્થક હતું. આથી કોહલીએ નક્કી કરેલું કે 'ઑપરેશન ટ્રેઇડેન્ટ'નો ભાંડો ફૂટી ગયાના ખબર પાકિસ્તાની વાયરલેસ દ્વારા જેવા સાંભળવા મળે કે તરત કાફલાને પાછા ફરવાનો મેસેજ આપી દેવો.

આક્રમક ટુકડી સરેરાશ ૨૪ દરિયાઇ માઇલના વેગે આગળ વધતી હતી. નિપાત સાથે કમાન્ડર યાદવ મોખરે હતા. થોડા જ કલાક પછી માત્ર તેમની નહિ, બલ્કે નૌકાદળે યુદ્ધના ધોરણે આયાત કરેલી દરેક રશિયન મિસાઇલ બોટની પણ અગ્નિપરીક્ષા શરૂ થવાની હતી. ૧૯૬૭માં જો કે 'ઓસા' વર્ગની જ એક મિસાઇલ બોટે યુદ્ધમાં શત પ્રતિશત માર્ક્સ પ્રાપ્ત કરી બતાવ્યા હતા. આ સફળતાનું પુનરાવર્તન નિપાત, વીર અને નિર્ઘાત કરી બતાવે તો કદાચ આખું પાક નૌકાદળ ભારત સામેના જંગમાં સક્રિય ભાગ લેવા માટે કાબિલ રહે નહિ.

રાત્રિના પોણા દસ વાગ્યા. હવે કરાંચી બંદર આશરે ૮૦ કિલોમીટર છેટે રહ્યું. કાફલાની દરેક નૌકા પર રેડાર એન્ટેના ચોતરફ પોતાનાં મોજાં ફેલાવતી હતી. આ સમયે કન્ટ્રોલ રૂમમાં રેડારના ડાયલ પર એકાદ લીલું ટપકું પણ સરકતું દેખાય તો એ પાક યુદ્ધજહાજનું હોય એમ માની લેવું ખોટું ન હતું. આનું કારણ એ કે જનરલ યાહ્યા ખાનની સરકારે માલવાહક જહાજો માટે કરાંચીના જળવિસ્તારમાં રાત્રિ કરફ્યુ ઑર્ડર જાહેર કર્યો હતો. પાકિસ્તાની તેમજ બીજાં પરદેશી માલવાહક જહાજોએ સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચેના સમયગાળા દરમ્યાન કરાંચીના




■ પાકિસ્તાનના નૌકાદળનું માઈનસ્વીપર જહાજ મુહાફિઝ


બંદર કરતાં મિનિમમ ૧૧૨ કિલોમીટર છેટે રહેવું એવો સ્પષ્ટ આદેશ હતો. નિપાતમાં લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કવિનાએ, વીરમાં લેફ્ટનન્ટ-કમાન્ડર ઓ. પી. મહેતાએ અને નિર્ઘાતમાં લેફ્ટનન્ટ-કમાન્ડર આઇ. જે. શર્માએ પોતપોતાનાં યંત્રો છેલ્લી વાર ચકાસી લીધાં. સૌથી વધુ મહત્વ એન્જિનનું હતું, જેણે દુશ્મન બંદરગાહમાં ભૂલેચૂકે દગો ન આપવો જોઇએ. સ્ટાઇક્સ પ્રકારનાં જહાજવિરોધી મિસાઇલો પણ મહત્વનાં હતાં. લંબાઇમાં લગભગ સાડા વીસ ફીટનું દરેક પાંખાળું મિસાઇલ અત્યારે તેની જબરજસ્ત મ્યાનમાં બંધ હતું, પણ જામગરી ચંપાયા બાદ ત્રણ ટનના એ દરેક મિસાઇલે પોતાનો શિકાર જાતે શોધી અંદાજે ૫૦૦ કિલોગ્રામના સ્ફોટક બારૂદ વડે તેને ફૂંકી દેવાનો હતો.

બરાબર ૧૦ વાગ્યે પહેલી જ વાર નિપાતમાં સ્ક્વૉડ્રન-કમાન્ડર બી. બી. યાદવે પોતાનો વાયરલેસ સ્વિચ-ઑન કર્યો. કિલ્તાનમાં પાછળ આવતા રિઅર-એડમિરલ કુરૂવિલાને તેમણે ખુશખબર આપ્યા : 'અમારા રેડારમાં બે જહાજો દેખાય છે !' નિર્ણાયક ઘડી આવી પહોંચી. હવે 'ઑપરેશન ટ્રાઈડેન્ટ' પણ તેના આખરી તબક્કામાં પહોંચ્યું. કરાંચીના નૌકામથકમાં એ વખતે પાક નૌકાદળનું ધ્વજજહાજ બાબર એક ફુરજા પાસે લંગર નાખીને પડ્યું હતું, જેના સુકાની કોમોડર એચ. એચ. અહમદને કમાન્ડો કાફલાના આગમનની કલ્પના સુદ્ધાં ન હતી. ખૈબર, શાહજહાઁ, બાદર, આલમગીર તથા જહાઁગીર નામના યુદ્ધજહાજો પણ નૌકામથકમાં મોજૂદ હતાં. સુરંગ ખસેડનાર જહાજ મુહાફિઝ સંભવિતપણે દુશ્મને પાથરેલી સુરંગોને શોધવા માટે બારામાં ચક્કરો લગાવતી હતી. પાક નૌકાદળ માટે ખરેખર તો મોતનો સામાન દરિયાના પેટાળને બદલે આકાશી માર્ગે સરપ્રાઇઝ તરીકે આવવાનો હતો !

રાત અજવાળી હતી. અરબી સમુદ્રના માથે ચંદ્ર પૂર્ણ કળાએ ખીલ્યો હતો. દ્વારકાથી શરૂ કરીને ભારતીય કાફલાએ ખુલ્લા સમુદ્રમાં ૨૪૦ કિલોમીટર લાંબી સફર ખેડી હતી, જે દરમ્યાન તેનું આગમન જાણી લેવું જરાય મુશ્કેલ ન હતું. દિવસે તે કાફલાને જોવામાં મુશ્કેલી ન પડે તેમ રાત્રે પણ બહુ તકલીફ નડે નહિ, કેમ કે પૂરઝડપે હંકારતી બે ફ્રિગેટો અને ચાર મિસાઇલ બોટો કાળા સમુદ્ર પર અનાયાસે લાંબો સફેદ પટ્ટો આંકતી હતી. ચાંદનીમાં એ પટ્ટો 'ફ્લોરોસન્ટ ઈફેક્ટ' પેદા કરતો હતો. પાકિસ્તાનનું એકાદ નિરીક્ષક વિમાન પણ કરાંચી પાસે આકાશમાં પેટ્રોલિંગ કરતું હોય તો એવા ૬ પટ્ટાના આધારે હુમલાખોરોને તરત ઓળખી લે. યુદ્ધના ઘણા

ભારતીય નૌકાદળનું નિશાન : કરાંચીનું નૌકામથક






વખત પછી 'ડિફેન્સ જનરલ ઑફ પાકિસ્તાન'માં નૌકાસેનાપતિ એડમિરલ મુઝફ્ફર હસને કબૂલાતપૂર્વક લખ્યું તેમ ફોકર ફ્રેન્ડશીપ પ્રકારનું એક મુલ્કી નિરીક્ષક પ્લેન સાચે જ રાતના સમયે સમુદ્રી આકાશમાં પહેરો ભરી રહ્યું હતું. વિમાનના પાયલટે કેટલાંક ન ઓળખાયેલાં જહાજો અંગે કરાંચી નૌકામથકને વાયરલેસ સંદેશો મોકલ્યો પણ ખરો, પરંતુ ભારતીય લડાયક જહાજો કિલ્લેબંધ એવા કરાંચીના બારા પર ત્રાટકવાની મૂર્ખામી કરે એ વાત પાક નૌકાદળના અફસરોને નામુમકીન લાગી. આથી પાયલટના વાયરલેસ મેસેજને તેમણે મહત્ત્વ ન આપ્યું.

શિયાળાનો અરબી સમુદ્ર બિલકુલ શાંત હતો. ભારતની કમાન્ડો નૌકાટુકડી તીરના ફણા જેવો આકાર રચીને નાકની દાંડીએ કરાંચી સુધીનું રહ્યુંસહ્યું અંતર તય કરી રહી હતી. ત્રિકોણાકાર ગોઠવણમાં ટુકડીના સ્ક્વૉડ્રન કમાન્ડર બી. બી. યાદવની મિસાઇલ બોટ નિપાત મોખરે હતી. (સંસ્કૃતમાં નિપાત એટલે મૃત્યુ અથવા વિનાશ.) સહેજ પાછળ જમણી તરફ લેફ્ટનન્ટ-કમાન્ડર આઇ. જે. શર્માની નિર્ઘાત હતી, તો ડાબી તરફ લેફ્ટનન્ટ-કમાન્ડર ઓ. પી. મહેતાની મિસાઇલ બોટ વીર હંકારી રહી હતી. વિમાનવિરોધી તથા સબમરિન વિરોધી ફ્રિગેટો કિલ્તાન અને કટચાલ ત્રણેય મિસાઇલ બોટો પછી થોડાક કિલોમીટરનું અંતર રાખીને પ્રમાણમાં ધીમા વેગે આગળ વધતી હતી. મુંબઇમાં વાઇસ-એડમિરલ એસ. એન. કોહલીએ ઘડેલી યોજના મુજબ તે ફ્રિગેટોએ છાપામાર હુમલામાં ભાગ લેવાનો ન હતો, બલકે હુમલા બાદ રખે દુશ્મન વિમાનો કે સબમરિનો વળતા પ્રહાર માટે પીછો કરતા આવે તો પોતાનાં લગભગ બધાં શસ્ત્રો વાપરી ચૂકેલી મિસાઇલ બોટોને તેમની સામે રક્ષણ આપવાનું હતું. ચોથી મિસાઇલ બોટ વિદ્યુત પણ લેફ્ટનન્ટ-કમાન્ડર બી. બી. સિંહના નેતૃત્વ હેઠળ એ જ હેતુસર સ્ટાઇક્સ પ્રકારનાં ચારેય મિસાઇલો અનામત રાખીને છેક પાછળ ચાલી આવતી હતી. કાફલાનાં છ જહાજો વચ્ચે લેશમાત્ર વાયરલેસ વડે સંપર્ક ન હતો. કરાંચી નૌકામથકમાં સૂક્ષ્મગ્રાહી રિસીવર યંત્રો પર દૂરના પણ વાયરલેસ મેસેજ સહેલાઇથી ઝીલવામાં આવતા હોય ત્યારે કાંઠા નજીક તો વાયરલેસનો એકેય સંદેશો વાતાવરણમાં પ્રસારિત કરી શકાય નહિ. આમ છતાં નિપાતમાં રહેલા ચારેય મિસાઇલ બોટોના સ્ક્વૉડ્રન કમાન્ડર બી. બી. યાદવે દુશ્મન જહાજનું લીલું ટપકું રેડાર પર જોયું ત્યારે પહેલી વખત મૌન તોડ્યું. નિપાત તરફ એ ટપકું વેગપૂર્વક આગળ વધી

રહ્યું હતું, જેનો અર્થ દેખીતી રીતે એ થાય કે ટપકું યુદ્ધજહાજનું સૂચક હતું અને બીજો મતલબ એ પણ થાય કે દુશ્મનો ચેતી ગયા હતા. આ યુદ્ધજહાજ ભારતીય હુમલાખોરોનો સામનો કરવા માટે સામું ધસી આવતું હતું. યાદવે નિર્ઘાતના લેફ્ટનન્ટ-કમાન્ડર આઇ. જે. શર્માને હુકમ આપ્યોઃ 'ઝડપ વધારો અને પાકું નિશાન લો !' ફ્રિગેટ કિલ્તાનને પણ યાદવે નિર્ઘાતના વળાવિયા તરીકે સહેજ આગળ જવાની વિનંતી કરી. લશ્કરી પ્રોટોકોલ મુજબ હુકમ આપવાને બદલે વિનંતી જ કરી શકાય તેમ હતી, કારણ કે એ ફ્રિગેટમાં 'ઑપરેશન ટ્રાઇડેન્ટ'ના કમાન્ડો નૌકાકાફલાના સર્વોચ્ચ વડા રિઅર-એડમિરલ કુરૂવિલા મોજૂદ હતા.


રાત અજવાળી હોવા છતાં પાંત્રીસેક કિલોમીટર છેટેનું કરાંચી બંદરગાહ નરી આંખે જોવું અશક્ય હતું. અલબત્ત, બંદરગાહનો નકશો દરેક ભારતીય નૌકાઅફસરના મગજમાં બરાબર ફીટ થયેલો હતો. યોગાનુયોગની વાત કરો તો ભારતના નૌકાસેનાપતિ એડમિરલ નંદા કરાંચીની નસેનસ જાણતા હતા, કેમ કે જીવનના ૨૨ વર્ષ તેમણે કરાંચીમાં વીતાવ્યાં હતાં અને ત્યાંનું નૌકામથક સ્થાપવામાં પણ વર્ષો પહેલાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. હવે એ જ મથકને ખુદ તેમના નૌકાકાફલાએ તોડીફોડી નાખવાનું હતું. તકદીરની બલિહારી જેવો બીજો યોગાનુયોગ એ કે પાક નૌકાસેનાપતિ એડમિરલ મુઝફ્ફર હસન તેમના એક સમયના દોસ્ત હતા.



■ ભારતીય મિસાઇલ બોટનું મારકણું શસ્ત્ર સ્ટાઇક્સ મિસાઇલ

સામેના નકશામાં બતાવ્યા મુજબ કરાંચી બંદરગાહનું મુખ સહેજ પૂર્વ તરફ ખૂલતું હતું. મુખ પાસે ડાબી તરફ મનોરા નામનો ટાપુ રેતીના ઢૂવા વડે મુખ્ય ભૂમિ સાથે જોડાયેલો હતો અને ત્યાં જ આવતાં-જતાં જહાજોને દિશાસૂચન કરતી ૧૪૮ ફીટ ઊંચી દીવાદાંડી હતી. બારાની અંદર પાક નૌકાદળે કિમારી ખાતે પોતાનું હેડક્વાર્ટર સ્થાપ્યું હતું. વિરાટ ટાંકીના સ્વરૂપે બળતણના ભંડારો પણ ત્યાં હતાં, જેની પશ્ચિમે લયારી નદી પોતાના મીઠા પાણી સાથે ભરપૂર કાંપ પણ બંદરગાહમાં ઠાલવતી હતી અને માટે ચોવીસે કલાક બારામાં ડ્રેજિંગ કરવું પડતું હતું. નદી દ્વારા સમુદ્ર તરફ ઘસડાતા કાંપે જો કે પેરેડાઇઝ પોઇન્ટ, સેન્ડ્સપીટ અને ઝુલ્ફિકાર અલી ભુટ્ટોના ફેવરેટ એવા ક્લિફ્ટન ખાતે રેતીનો મનોહર દરિયાકાંઠો બનાવ્યો હતો. ક્લિફ્ટનના ભદ્ર વિસ્તારમાં જ ભુટ્ટો ખાનદાનનું આલિશાન નિવાસસ્થાન હતું.

મિસાઇલ બોટ નિર્ઘાત બિલકુલ ઉત્તર દિશા પકડીને આગળ વધી. અચાનક તેણે પોતાની સ્પીડ પણ વધારી મૂકી. દરમ્યાન નિર્ઘાતના મુખ્ય રેડારે સામા આવતા પાક યુદ્ધજહાજની ટપકારૂપી આકૃતિનો સંપૂર્ણ ડેટા સાડા વીસ ફીટ લાંબા સ્ટાઇક્સ મિસાઇલને આપી દીધો. હવે તે ઇમેજ મિસાઇલના રેડારને મળી, જેણે હવે તેણે પોતાનું નિશાન ગણી તેનો મત્સ્યવેધ કરવાનો હતો. લેફ્ટનન્ટ-કમાન્ડર શર્માએ ફાયરિંગનો હુકમ આપ્યો કે તરત ત્રણેક ટનનું પાંખાળું મિસાઇલ આશરે ૨૭ કિલોમીટર છેટેના લક્ષ્યાંક તરફ ઊડ્યું. સ્ટાઇક્સ પ્રકારનું એ રશિયન મિસાઇલ સામાન્ય ગાઇડેડ મિસાઇલો કરતાં સહેજ જુદું હતું. નિશાન તરફ સીધી લીટીમાં આગળ જવાને બદલે સુપરફાઇટર પ્લેનની જેમ પહેલાં તે આકાશમાં ચડતું હતું અને પછી દુશ્મન લક્ષ્યાંકનું સચોટ નિશાન તાંકીને ડૂબકી મારી તેના પર ત્રાટકતું હતું.



■ પાકિસ્તાનના નૌકાદળનું ૩,૩૬૦ ટનનું યુદ્ધજહાજ ખૈબર વર્ષો પહેલાં બ્રિટનના જહાજવાડામાં બન્યું હતું

મિસાઈલની કિકિયારીના અવાજે શાંત રાત્રિને અચાનક જ ગાજતી કરી મૂકી. અલબત્ત, ભારતના બધા નાવિકોને ચંદ મિનિટો પછી જે વધુ મોટી ગર્જના સાંભળવા મળી તેનો અવાજ તેમને કાનમાં મધ રેડાયા જેવો મીઠો લાગ્યો. પાકિસ્તાનના સ્ટાન્ડર્ડ ટાઈમ પ્રમાણે બરાબર પોણા અગિયાર વાગ્યે એક પ્રચંડ ધડાકો થયો અને પાક નૌકાદળનું પેલું યુદ્ધજહાજ આગની લપેટમાં આવ્યું. આ યુદ્ધજહાજ ૩,૩૬૦ ટનનું ખૈબર હતું. લંબાઈમાં ૩૪૫ ફીટના અને પહોળાઈમાં ૪૦ ફીટના ખૈબરને ૪.૫''ના વ્યાસની ચાર તોપો હતી, ૨૧''ના વ્યાસની આઠ ટોરપિડો ટ્યૂબ હતી અને ૪ સેન્ટિમીટરના વ્યાસની દસ વિમાનવિરોધી તોપો પણ હતી. આ બધો શસ્ત્રસરંજામ છેવટે નકામો ઠર્યો. નિર્ઘાતનું એન્ટિ-શીપ મિસાઈલ ખૈબરના ડાબા પડખામાં જળસપાટી નીચે વાગ્યું. બીજી ક્ષણે જહાજમાં બ્લેકઆઉટ થયો અને ત્રીજી ક્ષણે આગ ભભૂકી ઊઠી, કેમ કે મિસાઈલના ૫૦૦ કિલોગ્રામ જેટલા સ્ફોટક બારૂદે ખૈબરના એન્જિનરૂમમાં જ બળતણને પલીતો ચાંપ્યો. સ્ટોરરૂમમાં પડેલો શસ્ત્રભંડાર પણ ત્યાર પછી ફાટ્યો. ઘડીવાર પહેલાં ૩૧ દરિયાઈ માઈલના વેગે હંકારતું ખૈબર અચાનક થંભીને ડાબી તરફ લચી પડ્યું. કમાન્ડર એમ. એન. મલિકે કરાંચીના નૌકા હેડક્વાર્ટરને તરત મદદનો સંદેશો મોકલાવ્યો : 'હવાઈ આક્રમણ થયું છે ! અમારૂં જહાજ ડૂબી રહ્યું છે, સૈનિકોને બચાવવા માટે જલદી બંદોબસ્ત કરો !'

હેડક્વાર્ટરને સંદેશો મળતાં જ મનોરા, કિમારી અને થોડેક છેટે મસરૂર ઍર-બેઝ પર તૈનાત કરાયેલી વિમાનવિરોધી તોપો આકાશ તરફ સ્ટાર શેલ્સ અને તોપગોળા ફેંકવા લાગી. આ ધમાચકડી માત્ર બિનજરૂરી નહિ, હાસ્યાસ્પદ પણ હતી. વાસ્તવમાં આકાશી હુમલો થયો ન હતો, છતાં સ્ટાઈક મિસાઈલ કમાનાકારે આકાશમાં ચડીને પછી ડૂબકી લગાવતું ખૈબર પર ત્રાટક્યું એટલે તેના કમાન્ડરે તે હુમલાને ઍર-ઍટેક ધારી લીધો.


હવે ખૈબર સંપૂર્ણ રીતે અગનગોળો બન્યું, એટલે તેના નાવિકો જીવ બચાવવા સમુદ્રમાં કૂદી પડ્યા. સુરંગ ખસેડનાર પાક જહાજ મુહાફિઝ એ વખતે બિલકુલ નજીકમાં હંકારી રહી હતી. નાવિકોને ઉગારવા મુહાફિઝના લેફ્ટનન્ટ-કમાન્ડર એમ. એસ. ઉસ્માનીએ તરત ૨૧૦ અંશે મોરો ફેરવ્યો, પણ એટલી વારમાં તો તેનુંય ડેથ-સર્ટિફિકેટ ફાડવા માટે વધુ એક મિસાઈલ આકાશી માર્ગે શિકારી બાજની જેમ ચડી આવ્યું. ખૈબર જેવા પોલાદી યુદ્ધજહાજના પણ આલિયાખાલિયા છૂટા પાડી દેતા સ્ફોટક મિસાઈલ પાસે એક માઈનસ્વીપરની (સુરંગ ખસેડનાર જહાજની) તો કશી વિસાત ન હતી. મિસાઈલના પ્રહારે મુહાફિઝના ફુરચેફુરચા કાઢી નાખ્યા. લેફ્ટનન્ટ-કમાન્ડર ઉસ્માનીને મદદનો સંદેશો પ્રસારિત કરવા જેટલોય સમય મળ્યો નહિ. નૌકાના લગભગ બધા નાવિકો માર્યા ગયા. દરમ્યાન પાક નૌકાદળનું બીજું ૩૬૨ ફીટ લાંબું

યુદ્ધજહાજ શાહજહાઁ (વજન : ૨,૫૪૫ ટન) બંદરગાહમાં તેનો પડાવ છોડીને આફતગ્રસ્ત ખૈબરની દિશામાં હંકારવા લાગ્યું. શાહજહાઁના કમાન્ડર ઝેડ. ચૌધરીએ પાક નૌકા હેડક્વાર્ટરના વાયરલેસ આદેશ મુજબ ખૈબરની મદદે જવાનું હતું, પણ ટૂંક સમય પછી ખુદ તેને મદદની જરૂર પડવાની હતી.

'ફાયર વન!' મિસાઇલ બોટ વીરના લેફ્ટનન્ટ-કમાન્ડર ઓ. પી. મહેતાએ મિસાઇલ ઑપરેટરને હુકમ આપ્યો. 'આગળ વધવાનું ચાલુ રાખો !'

નિપાત, વીર અને નિર્ઘાત કશા ભય વગર હજી પણ આગળ વધ્યે જતી હતી. ભૌગોલિક રીતે જોતાં તેઓ કરાંચી બંદરગાહના અધિકૃત વિસ્તારમાં પ્રવેશી ચૂકી હતી. પાકિસ્તાનના સ્ટાન્ડર્ડ ટાઇમ અનુસાર બરાબર ૧૧માં ૧૧ મિનિટે ખૈબરને બીજા એક મિસાઇલની ચોટ વાગી, જે આખરે મરણતોલ નીવડી. આ વખતે ખૈબર તેના ટોરપિડો અને તોપગોળાના સંપૂર્ણ ભંડાર સહિત એવા ધડાકા સાથે ફાટ્યું કે ધરતીકંપ જેવા આંચકા સમગ્ર કરાંચી શહેરમાં ફરી વળ્યા. પ્રચંડ દારૂખાનામાં જામગરી મૂકી હોય તેમ રાત્રિના આકાશમાં લાલ-કેસરી આતશબાજીના રંગો પથરાયા. અત્યાર સુધી ડાબી તરફ લચી પડેલા ખૈબરે અચાનક પોતાનો મોરો ઊંચક્યો. પાછલો ભાગ પાણીમાં ડૂબ્યો અને ડૂબતો ગયો. આ યુદ્ધજહાજે આખરે પોતાની આખરી મંઝિલ તરફ વિદાય લીધી. છેવટની નિશાનીરૂપે બસબસતાં ફીણનાં વમળો જળસપાટી પર પાથરીને તે જળસમાધિ પામ્યું ત્યારે સમય હતો : ૧૧ વાગીને ૨૦ મિનિટ.

આ તરફ ભારતીય નૌકાકાફલાના રેડારમાં ખૈબરનું ટપકું દેખાતું થોડી વારમાં બંધ થયું.




■ કરાંચીના બારાને તબાહ કરી દેવા ભારતની ત્રણ મિસાઇલ બોટોએ પોતાનાં ૧૧ મિસાઇલો છોડ્યાં. બારમું દુર્ભાગ્યે મિસફાયર થયું

'ખુશખબર, મારા સાથીઓ !' નિપાત પર સ્ક્વૉડ્રન કમાન્ડર યાદવે માઇક્રોફોનમાં જાહેરાત કરી. 'દુશ્મન જહાજ ડૂબી ગયું છે !'

થોડો સમય વીત્યો એવામાં શાહજહાઁને પણ એક મિસાઇલનો ફટકો વાગ્યો. નસીબજોગે તે ડૂબ્યું નહિ, છતાં સખત રીતે જખમી બન્યું. આ મિસાઇલ નિર્ઘાતનું હતું. પહેલાની વાજોવાજ તેણે બીજું મિસાઇલ પણ છોડ્યું અને તે પણ શાહજહાઁના પડખામાં ટીચાયું. બીજો ફટકો ખાધા છતાં હજી શાહજહાઁ ડૂબ્યું નહિ. પાણીમાં સહેજ ગરક થયું, પણ ભંડકિયામાં કરાયેલી સીલબંધ પાર્ટિશનની વ્યવસ્થાને કારણે તરતું રહ્યું. જો કે ત્રીજી ભારતીય બોટ વીરના મિસાઇલોએ ટીપુ સુલતાન અને તુઘરિલ નામની વધુ બે પાક મનવારોને સમુદ્રના તળિયે પહોંચાડી દીધી. હવે જે મિસાઇલો બાકી રહ્યાં તેમનાં વડે કાંઠાના નૌકામથકનું સત્યનાશ કાઢવાનો દોર શરૂ થયો. દુશ્મન યુદ્ધજહાજોને ડૂબાડ્યા પછી તેની નૌકાતાકાત હણાય એ ખરૂં, પરંતુ તેની નૈતિક

હિંમતને પણ તોડી નાખવાનું એટલું જ જરૂરી હતું--અને તે માટે નૌકામથકને ફટકા મારવા આવશ્યક હતા. પ્રહાર છેક કાંઠા સુધી થાય તો જ દુશ્મનને ખ્યાલ આવે કે ભારતના હાથ કેટલા લાંબા હતા. ટૂંકમાં, પાક નૌકાદળે પોતાના માટે કિમારી ખાતે સ્થાપેલી પેટ્રોલિયમની ટાંકીઓ અને તેલ રિફાઇનરીઓ હવે બી. બી. યાદવના કમાન્ડો સ્ક્વૉડ્રનનું આગામી લક્ષ્યાંક બની. આ યોજના પૂર્વનિશ્ચિત હતી. રશિયા સાથે મિસાઇલ બોટોનો સોદો કરવામાં આવ્યો ત્યારે વાઇસ-એડમિરલ કોહલીને જાણવા મળેલું કે રૂસી મિસાઇલો ફક્ત જહાજોને નહિ, રાક્ષસી ફ્યૂલ ટેન્કોનો પણ ખુરદો વાળી શકે તેવાં હતાં. જહાજની માફક એ ટેન્કો ધાતુની બનેલી હોય, માટે સ્ટાઇક્સ પ્રકારના મિસાઇલની રેડાર આંખ તેમને જહાજો ધારી લેતી હતી.

દુશ્મનો ચેતી ગયા પછી ખરેખર તો મિસાઇલ બોટના કાફલાએ તાબડતોબ પાછા વળવું જોઇએ, પરંતુ બિનધાસ્ત મિજાજના સ્ક્વૉડ્રન કમાન્ડરે એ રીતે નાસી છૂટવાને બદલે કરાંચી તરફ ઓર આગળ વધવાનું નક્કી કર્યું. નિપાતમાં રહીને તેમણે જ કિમારીના પેટ્રોલિયમ ભંડારોનું પહેલું નિશાન લીધું. પાકિસ્તાનની સૌથી મોટી પેટ્રોલિયમ ટેન્કો ત્યાં હતી. આ



■ 'ઑપરેશન ટ્રાઇડેન્ટ'ના ભારતીય જહાજોએ સમુદ્ર મોરચે કરાંચી પર હુમલો ચલાવ્યો એ દરમ્યાન પાક વિમાનોને વ્યસ્ત રાખવા ભારતના કેનબેરા વિમાનોએ કરાંચીના મસરૂર ઍર-બેઝ પર હલ્લો બોલાવ્યો

ટેન્કોમાં પાક નૌકાદળ માટે ખાસ ક્વૉલિટીનું જે ખનિજ તેલ સ્ટોર કરવામાં આવતું તેની રિફાઇનરી પણ ત્યાં હતી. મિસાઇલો વડે એ સંપૂર્ણ તાયફાને જો તોડી પાડવામાં આવે તો બળતણ વગર દુશ્મનનું નૌકાદળ કદાચ બાકીના યુદ્ધ પૂરતું લાચાર બને. કિનારો લગભગ ૧૫ કિલોમીટર દૂર રહ્યો ત્યારે નિપાતના રેડાર ડાયલ પર કાંઠાના બાંધકામોની આકૃત્તિઓ સ્પષ્ટ થવા લાગી. નૌકામથકનો ઊંચો નિરીક્ષક ટાવર, રિફાઇનરી, દારૂગોળાનાં ગોદામો, ખનિજ તેલની ફ્યૂલ ટેન્કો વગેરેનો આકાર ધીમે ધીમે ઓળખી શકાય તેવો બન્યો. નિપાતના સ્ક્વૉડ્રન કમાન્ડર યાદવે પોતાના મિસાઇલને ફક્ત એ રેખાંકનો તરફ આંગળી ચીંધી બતાવવાની હતી. આકાશમાં ચડ્યા પછી મિસાઇલ તે પૈકી ધાતુના બાંધકામોને ઓળખી કાઢે એટલું સમજદાર હતું. અલબત્ત, વધુ સાચી રીતે એમ કહેવું પડે કે એ બાંધકામોની તરતા જહાજો સાથે ગેરસમજ કરે એવું હતું.

બરાબર મધરાતે નિપાતનું પહેલું કાંઠાલક્ષી મિસાઇલ રવાના થયું. થોડી મિનિટો બાદ નિર્ઘાતનાં અને વીરનાં બાકી રહેલાં મિસાઇલો પણ તરાપ મારતા ચિત્તાની જેમ આકાશ તરફ ચડ્યાં. ફરી વખત કાફલાના નાવિકો કાનમાં મધ રેડાય એવાં મધુર ધૂમધડાકાના અવાજો સાંભળવા માટે અધીરા બન્યા. આ વખતે તડાફડીના અવાજો તો સંભળાયા, પરંતુ સાથોસાથ કરાંચી શહેરના માથે રાત્રિના આકાશને રતુમડું કરી દેતી રોશની પણ જોવા મળી. કિમારી ખાતે પેટ્રોલિયમના ડેપોમાં અને રિફાઇનરીમાં એવો દાવાનળ સળગ્યો કે આગના ભડકા ૨૦૦ ફીટ ઊંચે સુધી ફેલાયા અને ક્લિફટન વિસ્તારના રહીશોને પણ તે આકાશી ધૂળેટી ઘરબેઠા જોવા મળી. અલબત્ત, શું બન્યું એ તેઓ જાણતા ન હતા. ઘણું કરીને તો કલ્પી શકે તેમ

પણ ન હતા. મુંબઈમાં તૈનાત થયેલો ભારતનો નૌકાકાફલો છેક કરાંચી બંદરગાહમાં ઘૂસી આવે તથા આટલી હદે ધમાચકડી મચાવે એ શક્યતાને ખુદ નૌકાદળે હંમેશા કલ્પનાતીત ગણી હતી. પરંતુ હકીકત અત્યારે નજર સામે હતી. કરાંચીનું નૌકામથક અગ્નિસ્નાન કરી રહ્યું હતું અને બીજા ત્રણ દિવસ સુધી એ ભડકા બુઝાવાના ન હતા.

આ હુમલો બરાબર ચાલીસ મિનિટ ચાલ્યો. દરમ્યાન કરાંચીના હેડક્વાર્ટરે આકાશી રક્ષણ માટે પાક વાયુસેનાના સૌથી નજદીકી ઍર-બેઝ મસરૂરને વિનંતીનો સંદેશો મોકલ્યો ત્યારે હેડક્વાર્ટરને સામો જવાબ મળ્યો : 'હમણાં વિમાનોને ફાજલ પાડી શકાય તેમ નથી, કેમ કે ભારતીય વાયુસેનાના હન્ટર વિમાનો મસરૂર પર એકધારો હુમલા કરી રહ્યા છે!'

ખરેખર એમ જ બની રહ્યું હતું. જનરલ સામ માણેકશાના પ્લાન મુજબ સમુદ્ર મોરચે કરાંચી પર મિસાઇલ ઍટેક કરાતો હોય એ જ વખતે મસરૂરના પાકિસ્તાની વિમાનોને વ્યસ્ત રાખવા માટે એટલે કે તેમને પાછી ફરતી મિસાઇલ બોટોની ખબર લેતાં રોકવા માટે ભારતીય વાયુસેનાએ મસરૂર પર હુમલો કરવાનો હતો. હન્ટરની ટુકડીનો એ હુમલો પણ લાંબો સમય ચાલ્યો. મધરાત પછી બધા જ મિસાઇલોનો સ્ટોક ખતમ થયો, એટલે કાફલો પાછો વળ્યો. 'ઑપરેશન ટ્રાઇડેન્ટ' પૂરું થયાનો સાંકેતિક મેસેજ 'અંગાર' પ્રસારિત કરવામાં આવ્યો. મુંબઈમાં વાઇસ-એડમિરલ કોહલીના ભૂગર્ભમથકે એ મેસેજ પોતાના વાયરલેસ રિસીવર યંત્ર પર ઝીલ્યો કે તરત આખા વેસ્ટર્ન કમાન્ડમાં આનંદનું મોજું ફરી વળ્યું. બીજા વિશ્વયુદ્ધ પછી આવું જીવસટોસટનું રોમાંચક સાહસ કદી ખેડાયું ન હતું. વાઘની બોડમાં ઘૂસીને વાઘનો શિકાર કરાયો હોય એ બનાવ સાચે જ અભુતપૂર્વ હતો.

ખરું જોતા 'ઑપરેશન ટ્રાઇડેન્ટ' હજી સમાપ્ત થયું ન હતું. સફળ પૂર્ણાહૂતિ થાય એ પહેલાં આખરી કસોટી બાકી હતી. ચાંદનીના પ્રકાશમાં ફરી વખત કાળા સમુદ્ર પર સફેદ લીસોટા આંકતો કાફલો પૂરવેગે દક્ષિણમાં વળ્યો કે તરત જેગુઆર પ્રકારની ચીલઝડપી પેટ્રોલ બોટો તેનો પીછો કરવા નીકળી. નાની તોપો વડે તે આડેધડ ગોળા ફેંકતી હતી. આ બોટ તો ઠીક, પરંતુ વધુ મોટો ભય પાક હવાઇદળનાં સેબરજેટ અને મિરાજ-૩ પ્રકારનાં વિમાનોનો હતો. પરોઢનું અજવાળું પથરાય એ પહેલાં બે ફ્રિગેટો અને ચાર મિસાઇલ બોટો સેંકડો કિલોમીટરનું અંતર કાપીને ભારતના જળવિસ્તાર સુધી પહોંચી ન શકે તો દુશ્મન વિમાનો તેમને આસાનીપૂર્વક ખતમ કરી નાખે. ભાગેડુ નૌકાકાફલા માટે સલામત આશ્રયસ્થાન હવે ઓખા નહિ, પણ સૌરાષ્ટ્રના પશ્ચિમ-દક્ષિણ કાંઠાનું માંગરોળ હતું. માંગરોળ પહોંચ્યા બાદ કશી ચિંતા નહિ. પાક વિમાનો જામનગરના ઍર-બેઝને પાર કરી હુમલાખોરોને સજા ફટકારવા છેક માંગરોળ લગીનો જોખમી ફેરો ખાય એ શક્યતા લગભગ શૂન્ય હતી.

■ જેગુઆર વર્ગની પેટ્રોલ બોટ



ભાગેડુ કાફલાને ફરી પાછો વાયરલેસ બ્લેકઆઉટ લાગુ પાડવામાં આવ્યો. 'સબ સે ભલી ચૂપ'ના સિદ્ધાંતને ફરી વાર અનુસરવું જરૂરી હતું, કારણ કે પરસ્પરનો વાર્તાલાપ દુશ્મનોના કાને પડી જાય તો ડિસ્ટન્સ ફાઇન્ડરના આધારે તેઓ કાફલાનું સ્થાન જાણી લે. આ સ્થાન વાસ્તવમાં તેમના માટે અટકળનો જ વિષય રહેવાનું હતું. પાકિસ્તાની નૌકાદળમાં સામાન્ય છાપ એ હોય કે હુમલા બાદ ભારતીયો ઓખાનો જ માર્ગ પકડે, માટે તેનો પીછો એ દિશામાં કરવો જોઇએ. કરાંચીથી સૌથી નજીકનું ભારતીય નૌકામથક ઓખા હતું. પરંતુ એ તર્કમાં રાચતા પાક નૌકાદળને કે પછી હવાઇદળને અવળે પાટે ચડાવવા ખાતર 'ઑપરેશન ટ્રાઈડેન્ટ'ના વળતા પ્રવાસની મંજિલ તરીકે માંગરોળ પસંદ કરવામાં આવ્યું હતું. કરાંચીથી માંગરોળ સુધી પહોંચવા માટે લગભગ ૫૦૦ કિલોમીટરનું અંતર કાપવું જોઇએ. આ લાંબી સફર ખેડવામાં ઝડપી મિસાઇલ બોટોને અંદાજે ૯ કલાક અને સહેજ ધીમી ફ્રિગેટોને ૧૧ કલાક લાગે. મતલબ એ કે પરોઢ થયા પછીયે ઘણી લાંબી મજલ તય કરવાની રહેતી હતી. બે ફ્રિગેટો (અનુક્રમે કટચાલ અને કિલ્તાન) પોતાની એન્ટિ-ઍરક્રાફ્ટ ગન વડે પાક વિમાનો સામે તો કદાચ સારી રીતે લડી શકે, પરંતુ મિસાઇલ બોટોની વિમાનવિરોધી તોપો બહુ કાર્યક્ષમ ન હતી. વાયરલેસના બ્લેકઆઉટ વચ્ચે આવા યુદ્ધમાં કાફલા વચ્ચે કશો તાલમેળ પણ જાણી શકે તેમ ન હતી. હકીકતમાં તો જીવ પડીકે બાંધીને ભાગતી વખતે મધદરિયે એક નૌકાને બીજી નૌકાના સ્થાન અંગે પણ કશી જાણકારી ન હતી. સૌ એકબીજા કરતાં છૂટા પડી ગયા હતા.

મોડી રાત્રે બે વાગ્યે નિપાતના એન્જિનિઅરે સ્ક્વૉડ્રન-કમાન્ડર બી. બી. યાદવને અચાનક મોકાણના સમાચાર આપ્યા : 'ઑઇલ પાઇપ ફાટ્યો છે અને બધું તેલ એન્જિનરૂમમાં ઢોળાય છે!'

આ મુસીબતે યાદવ સહિત બધા નાવિકોના શ્વાસ અદ્ધર કરી દીધા. નિપાતમાં ૧૩,૦૦૦ હોર્સપાવરનાં બે એન્જિનો હતાં. બહુ મહત્વનો હોઝપાઇપ ફાટ્યો એટલે યાદવે તેમાંનું એક બંધ કરાવવું પડ્યું. એન્જિનને ચાલુ રખાય તો બળતણનો એકધારો પુરવઠો તેને આપવાનો થાય અને પુરવઠો વહેતો કરવા જતાં તેના લીકેજને કારણે મિસાઇલ બોટમાં ડીઝલનું તળાવ ભરાતું હતું. એક ડીઝલ એન્જિન બંધ થવાને કારણે બોટનો વેગ ઘટીને અડધો થયો. નિપાત હજી દુશ્મનની પ્રહારમર્યાદામાં હતી. હવે ઘટેલા વેગે એ મર્યાદાની બહાર સમયસર નીકળી પણ શકાય નહિ, માટે બચી શકવાનો ચાન્સ ન હતો. સૂર્યોદય પહેલાં ઓખા સુધીયે પહોંચવું મુશ્કેલ હતું, તો છેક માંગરોળ લગી પહોંચવાનો સવાલ જ રહેતો ન હતો.

આ સ્ક્વૉડ્રન-કમાન્ડરે આખરે યુદ્ધમેદાનના દરેક જવાંમર્દને છાજે તેવો જુગાર ખેલી નાખ્યો. નિપાતના કપ્તાન લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કવિનાને તેમણે સૂચના આપી : 'પશ્ચિમ તરફ ૯૦ અંશનો ટર્ન લો!'

બી. બી. યાદવના હુકમે સૌને આશ્ચર્યમાં નાખી દીધા. હકીકતે પૂર્વ દિશામાં આગળ વધી માંગરોળનો રસ્તો પકડવાનો હતો, જ્યારે ૯૦ અંશ પશ્ચિમે માંગરોળને બદલે અરબસ્તાની પ્રદેશનું એડન હતું ! યાદવે સૌને ખુલાસો આપ્યો : 'પાકિસ્તાનીઓ આપણને શોધવા માટે પૂર્વમાં જશે, માટે હાલ તો આપણે પશ્ચિમમાં જઇએ. પાકિસ્તાનીઓ ખાલી હાથે પાછા ફરે ત્યારે આપણે નિરાંત જીવે માંગરોળ જઇશું !'

ડિસેમ્બર ૪-૫, ૧૯૭૧ની એ રાત્રિના છેલ્લા ચાર કલાકો આમ ભયમાં અને ભાગદોડમાં જ વીતી ગયા. અરબી સમુદ્ર પર વહેલી પરોઢનું અજવાળું ફેલાયું ત્યારે 'ઑપરેશન ટ્રાઈડેન્ટ'ના મુખ્ય સૂત્રધાર રિઅર-એડમિરલ કુરૂવિલાએ પોતાની ફ્રિગેટ પર રહીને દુરબીન વડે ચોતરફ આતુર નજર માંડી. કોઇ મિસાઇલ બોટ દેખાતી ન હતી. બાકી હોય તેમ ટૂંક સમય પછી

કરાંચી રેડિઓ પર તેમને સમાચાર મળ્યા કે પાકિસ્તાનના સેબર જેટ વિમાને ભારતની એક મિસાઇલ બોટને ખતમ કરી નાખી હતી. આ બોટના કમાન્ડરનું નામ બી. બી. યાદવ હતું. સેબર જેટના બહાદુર પાયલટ માટે જનરલ યાહ્યા ખાને સિતારા-એ-જુર્રતનો ખિતાબ પણ જાહેર કરી નાખ્યો હતો.

પત્યું ! આ સમાચાર દિલ્હીમાં એડમિરલ નંદાના હેડક્વાર્ટરે પણ સાંભળ્યા એટલું જ નહિ, પણ સાચા માની લીધા. વધુ ખાતરી માટે રિઅર-એડમિરલ કુરૂવિલાને નિપાત અંગે પૂછવામાં આવ્યું. વળતો જવાબ મળ્યો કે નિપાતનો પત્તો ન હતો. બીજી મિસાઇલ બોટો એ દરમ્યાન વારાફરતી માંગરોળ પહોંચી ચૂકી હતી, જ્યાં આગોતરી યોજના મુજબ પોષક નામનું પેલું તેલવાહક જહાજ એ દરેકને સુપર ક્વૉલિટીના ડીઝલનો નવો પુરવઠો આપવા માટે રાહ જોતું પડ્યું હતું. ગેરસમજનો ભાંગરો એટલી હદે વટાયો કે દિલ્હી ખાતે બાબુ જગજીવન રામના સંરક્ષણ મંત્રાલયે પણ સ્ક્વૉડ્રન-કમાન્ડર બી. બી. યાદવ માટે મરણોત્તર ખિતાબ જાહેર કરી દીધો ! પરિણામે મુંબઈમાં વાઇસ-એડમિરલ એસ. એન. કોહલી પણ યાદવની શહાદતના સમાચાર જાણીને ખિન્ન થયા.

પરંતુ સવારે લગભગ ૧૧ના સુમારે નિપાત પોતાની મલપતી નહિ, પણ લૂલીલંગડી ચાલે કુરૂવિલાના નૌકાકાફલા પાસે ટપકી પડી! ખરેખર તે નિપાત હતી. બહુ લાંબા માર્ગે તેણે માંડ પોતાની દરિયાઇ સફર પૂરી કરી હતી. સરદારની મિસાઇલ બોટને જોતાં જ કાફલાના બધા જહાજોમાં હર્ષના પોકારો થયા. સ્ક્વૉડ્રન-કમાન્ડર યાદવ પોતાની હંમેશ મુજબની શાંત મુખમુદ્રા સાથે કટચાલના તૂતક પર આવ્યા. રાત્રિ દરમ્યાન જાણે કશું જ બન્યું ન હતું. પહેલો સંપર્ક તેમણે વાઇસ-એડમિરલ કોહલીનો કર્યો અને વાયરલેસ પર જ કોહલી સમક્ષ તેમણે પ્રસ્તાવ મૂક્યો કે તેઓ ચોથી ડિસેમ્બરને ભારતીય નૌકાદિન તરીકે જાહેર કરવા માટે એડમિરલ નંદાને વિનંતી મોકલે.

'મંજૂર !' કોહલી બોલ્યા. 'અને તે સાથે હું તમને મહાવીર ચક્ર એનાયત કરવાની ભલામણ પણ એડમિરલ નંદાને મોકલીશ !'

આ બન્ને ભલામણોને સર્વોચ્ચ નૌકાસેનાપતિ એડમિરલ સરદારીલાલ મથુરદાસ નંદાએ એ જ દિવસે માન્યતા આપી દીધી. નંદાનો આનંદ સમાતો ન હતો. ૧૯૬૫ના યુદ્ધમાં દ્વારકા પર બોમ્બમારો ચલાવવાની ગુસ્તાખી દેખાડી ગયેલા પાક નૌકાદળનો જ હિસાબ આખરે વ્યાજ સાથે ચૂક્તે થયો હતો. સૌથી મોટી વાત તો એ કે ૧૯૭૧ના નવા યુદ્ધમાં હવે કમ સે કમ દરિયાઇ મોરચે હાર-જીતનો ફેંસલો આવી ગયો હતો. નૌકાદળના હારતોરા થયા હતા.

હારતોરાની પણ હજી તો શરૂઆત હતી. કરાંચીને વધુ ખદેડવા માટે ભારતનો બીજો એક નૌકાકાફલો પશ્ચિમ મોરચે પોતાનાં શસ્ત્રો સજી રહ્યો હતો, જ્યારે પૂર્વ મોરચે વિશાખાપટ્ટણમ્‌ના બારામાં વિમાનવાહક જહાજ વિક્રાન્તને ટોરપિડે દેવા માટે ઘૂસી આવેલી પાક સબમરિન ગાઝીની અંતિમ ક્ષણો ગણાતી હતી. ■





પ્રકરણ : ૧૨

છામ્બ મોરચે લોહિયાળ છબરડો

પાકિસ્તાનના ખુશ્કીદળે જોતજોતામાં ૨૫,૦૦૦ તોપગોળા ફેંકીને શરૂ કરેલા જમ્મુ-કાશ્મીરમાં છામ્બના યુદ્ધે છેવટે ૧,૩૪૩ ભારતીય જવાનોને ખુવાર કરી નાખ્યા !


ડિસેમ્બર ૪, ૧૯૭૧ની મધરાતે 'ઑપરેશન ટ્રાઈડેન્ટ'ના કમાન્ડો જેવા મિશન વડે ભારતીય નૌકાકાફલાએ કરાંચી પર મિસાઇલો ઝીંકીને અરબી સમુદ્રનો મોરચો તો લગભગ સર કરી લીધો, પરંતુ ભૂમિમોરચે ખાસ કરીને પશ્ચિમ સરહદે પાકિસ્તાનને હંફાવવું એ જુદી વાત હતી. ઇન્દિરા ગાંધીનો મૂળ હેતુ મુક્તિ વાહિનીને મદદરૂપ બની ઇસ્લામાબાદના પગદંડા નીચેના પૂર્વ પાકિસ્તાનને મુક્તિ અપાવવાનો હતો. પૂર્વના એ મોરચે જનરલ યાહ્યા ખાન લગભગ મજબૂર હતા. લાંબા ભૌગોલિક અંતરને લીધે તેઓ ઢાકા સુધી નવાં શસ્ત્રો અને સૈનિકો પહોંચાડી શકે તેમ ન હતા. પરિણામે ભારતનું નાક દબાવવા માટે તેઓ પશ્ચિમ સીમાડે કચ્છથી કાશ્મીર સુધી વ્યાપક ફૌજી આક્રમણ કરે એ શક્યતા પૂરેપૂરી હતી, જ્યારે બીજી તરફ



■ છામ્બની મુનવ્વર તાવી નદીના કાંઠે ટી-૫૫ ટેન્કોના ભારતીય જવાનોએ આપેલાં બલિદાનો છેવટે એળે ગયાં

ભારતને તે સીમારેખા પર બને ત્યાં સુધી યુદ્ધ ટાળવું હતું. આમ છતાં જનરલ સામ માણેકશાએ પશ્ચિમ દિશામાં પણ મજબૂત કિલ્લેબંધી ગોઠવ્યા વગર છૂટકો ન રહ્યો. હકીકતમાં ત્યાં જ બન્ને દેશો વચ્ચે ઘમાસાણ જંગ ખેલાય એમ લાગતું હતું. અહીં સમગ્ર પશ્ચિમ સરહદે કાશ્મીર તથા પંજાબનું રક્ષણ કરવાનો કાર્યભાર સિમલા ખાતે હેડક્વાર્ટર ધરાવતા વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથ સંભાળી રહ્યા હતા, જ્યારે ગુજરાત-રાજસ્થાન સરહદનો હવાલો સધર્ન કમાન્ડના મૂળ પૂના ખાતેના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ ગોપાલ જી. બેવૂરને સોંપાયો હતો. આ માટે તેમનું હેડક્વાર્ટર તત્પુરતું જોધપુર ટ્રાન્સફર કરાયું હતું.

પાકિસ્તાનનો ડોળો ૧૯૬૫ની જેમ ૧૯૭૧માં પણ છામ્બ પર હતો. અગાઉ જનરલ યાહ્યા ખાન લેફ્ટનન્ટ-જનરલ તરીકે છામ્બમાં પાક સૈન્યના વડા સેનાપતિ હતા. ભારત સામે એ વખતે ખુન્નસભર્યું અને ખૂંખાર આક્રમણ કરીને તેમણે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનો એવો ૪૯૦ ચોરસ કિલોમીટરનો પ્રદેશ ત્યાં કબજે લીધો હતો. ૧૯૬૬માં તાશ્કંદ ખાતે લાલ બહાદુર શાસ્ત્રી અને જનરલ અયુબ ખાન વચ્ચે ચાલતી વાટાઘાટો ક્યાંય સુધી એ જ વાતે અટકી પડેલી કે પાક સરકારે જીતેલો એ પ્રદેશ ભારતને પાછો આપવો કે નહિ ? અયુબ ખાનને પણ તે છોડવાનું મંજૂર ન હતું. અંતે જીતેલો પ્રદેશ ભારતે જતો કરવાનો વખત આવ્યો હતો.



પૂંચની જીવાદોરી જેવો જમ્મુ-પૂંચ ધોરીમાર્ગ

પાકિસ્તાનને છામ્બમાં દિલચસ્પી હોવાનું વ્યૂહાત્મક કારણ સમજવા જેવું છે. છામ્બ ખરેખર તો સમગ્ર ભારતના નહિ, કાશ્મીરના પણ નકશામાં ભાગ્યે જ જોવા મળે એવું સામાન્ય ગામડું છે. આર્થિક રીતે પણ તેનું કશું મહત્વ નથી. ઐતિહાસિક રીતે જો કે તેનો ચોતરફી પ્રદેશ મોકાનો સાબિત થયો છે. ભૂતકાળમાં સિકંદર, મહમદ ગઝની, બાબર, નાદિરશાહ તથા અહમદ શાહ અબ્દાલી વગેરે જે હુમલાખોરોએ ભારત પર આક્રમણ કર્યું તેઓ બધા છામ્બના રસ્તે આવ્યા હતા. પાકિસ્તાનના સંદર્ભમાં વાત કરો તો છામ્બનો પ્રદેશ આક્રમણ માટે અનુકૂળ હોવા સાથે કાશ્મીરને આંચકી લેવાની પાક ખ્વાહિશ જોડે પણ તેને સીધી લેવાદેવા છે. છામ્બની પશ્ચિમે જમ્મુ-પૂંચનો વાયા અખનૂરનો માત્ર એક ધોરીમાર્ગ પસાર થાય છે. ભારતની તે ધોરી નસ છે તેમ કહો તો ચાલે. પાકિસ્તાન એ માર્ગ પર કબજો જમાવવામાં સફળ થાય તો પૂંચ સાથે જમ્મુને કશો સંપર્ક રહે નહિ. ઉત્તર તરફ એ પછી ડામરના પાકા રસ્તે રણગાડીઓ, મોબાઈલ તોપો, બખ્તરિયા ગાડીઓ અને લશ્કરી પુરવઠા વાહનો હંકારી જવામાં પાક સૈન્યને કશી આપદા પણ રહે નહિ. કાશ્મીરની યુદ્ધવિરામ રેખા નજીકના પ્રદેશની બહુ મોટી ચીર ત્યાર બાદ દુશ્મનો આસાનીપૂર્વક વાઢી લે.

આ ખતરા અંગે જનરલ સામ માણેકશા સભાન અને સતર્ક હતા. ચિંતિત પણ હતા, કેમ કે સરહદ પાર ગોઠવાયેલી ૨૩મી ઈન્ફન્ટ્રી (પાયદળ) પાક ડિવિઝનની સરદારી લેફ્ટનન્ટ-જનરલ ટીક્કા ખાને લીધી હતી. (આ 'બુચર ઑફ બાંગલા દેશ' હવે ફરી પૂર્વ પાકિસ્તાન આવ્યા હતા અને ઢાકામાં જ તેમનું સ્થાન ગવર્નર ડૉ. એ. એમ. મલિકે તથા લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા ખાન નિયાઝીએ લીધું હતું.) મેજર-જનરલ ઈફિતખાર જાનજુઆ નામના



■ છામ્બની ભારતીય ફોજના નાકામિયાબ રહેલા સેનાપતિ : મેજર-જનરલ જસવંતસિંહ

બાહોશ મિલિટરી કમાન્ડરને ટીક્કા ખાને છામ્બ જીતવા માટે આગળ કર્યા હતા. જાનજુઆને તેમણે ૨૧૬ ભારે તોપો તથા ૨૦૦ જેટલી શેરમાન, પેટન તથા ટી-૫૯ રણગાડીઓ આપી હતી. બ્રાઉનિંગ ઑટોમેટિક રાયફલો, સ્ટેન્ડ ગન્સ, રોકેટ લોન્ચર્સ, મોર્ટાર તોપો અને બીજાં શસ્ત્રો પણ ખરાં.

આ તરફ મેજર-જનરલ જસવંતસિંહ ૧૦મી ભારતીય ઈન્ફન્ટ્રી ડિવિઝનના મુખ્ય કમાન્ડર હતા. ડિવિઝનમાં ૧૯૧ મી, ૫૨ મી તથા ૬૮ મી એમ ત્રણ બ્રિગેડો હતી. આર્ટિલરીનો કાફલો ૧૦૮ તોપો વડે બનેલો હતો, જ્યારે (સામેના પાને નકશામાં બતાવ્યા મુજબ) મુનવ્વર તાવી નદી અને બરસાલા વચ્ચે ભારતે એસ-૧૧ પ્રકારનાં એન્ટિ-ટેન્ક મિસાઈલો પણ ગોઠવ્યાં હતાં. આ મિસાઈલોને ડૉ. વિક્રમ સારાભાઈનો વારસો ગણી શકાય, કેમ કે ફ્રાન્સ સાથે એ શસ્ત્રોનો સોદો પાડવામાં તેમણે મોખરાનો પાઠ ભજવ્યો હતો.

છામ્બની ભારતીય હરોળ તપાસવા માટે જનરલ માણેકશાએ ઑક્ટોબર, ૧૯૭૧માં રૂબરૂ મુલાકાત લીધી. લેફ્ટનન્ટ-જનરલ જસવંતસિંહ સાથે મસલતો યોજીને ફૌજી સૂરતે હાલનો જાયજો પણ લીધો. નવી દિલ્હી પાછા ફર્યા બાદ નવેમ્બર ૧, ૧૯૭૧ના રોજ જસવંતસિંહને તેમણે કડક શબ્દોમાં મેસેજ પાઠવ્યો : 'છામ્બનો જરાસરખો પ્રદેશ ગુમાવવો પડે એ પણ હું કે મારો દેશ સાંખી શકે તેમ નથી. લખી રાખજો !'

અહીં જ છબરડાનો આરંભ થયો. ઈન્દિરા સરકાર પશ્ચિમ મોરચે સામે ચાલીને યુદ્ધ છેડવા માગતી ન હતી. પાકિસ્તાન હુમલો કરે એ પછી જ તેને વળતો જવાબ દેવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ રાજકીય નિર્ણયને લશ્કરી વ્યૂહરચના સાથે મેળ ખાતો ન હતો. 'ઑફેન્સ ઈઝ બેસ્ટ ડિફેન્સ' એ ફૌજી કહેવત તેમાં ખોટી પડતી હતી. હવે થયું એવું કે સેંકડો કિલોમીટર લાંબી સરહદે પાક સૈન્ય પોતાને માફક આવતા મોરચે અણધાર્યો હલ્લો કરે એટલું જ નહિ, પણ એક કરતાં વધુ મોરચે કરે અને ભારત ત્યાર પછી તેના લશ્કરને અહીંતહીં ખસેડી તેનો વળતો જવાબ આપે! ટૂંકમાં, વિગ્રહની વ્યૂહરચના ગોઠવવાનો અધિકાર જ ભારતે જતો કર્યો. આ પગલું આફતને નોતરવા બરાબર હતું. મેજર-જનરલ જસવંતસિંહે છામ્બમાં આક્રમણ માટે સહેજ આગળ ગોઠવાયેલી પોતાની ૧૯૧મી ઈન્ફન્ટ્રી (પાયદળ) બ્રિગેડને ડિફેન્સીવ પૉઝમાં જરા પાછળ ખસેડવાની ફરજ પડી હતી.


આક્રમણનો પ્લાન બદલીને આત્મરક્ષણનો નવો પ્લાન નક્કી કર્યો હોય ત્યારે પીછેહઠ કરતાં પહેલાં જમીનમાં સુરંગો બિછાવવાનું કામ પણ હાથ ધરવું જોઈએ, પરંતુ એ માટે પૂરતો સમય જ રહ્યો નહિ. ઈન્દિરા ગાંધીના રાજકીય સલાહકાર દ્વારકા પ્રસાદ ધર નવેમ્બર ૩૦, ૧૯૭૧ની સવારે છામ્બ ગયા એ પછી બીજે દિવસે જસવંતસિંહને આક્રમણને બદલે સંરક્ષણની નીતિ અપનાવવાનો સંદેશો મોકલાયો હતો. એ દિવસ ૧લી ડિસેમ્બરનો હતો, જેને યુદ્ધની નોબત વાગ્યાનો અગિયારમો કલાક ગણો તો ખોટું નહિ. બીજી રાત્રે તો સરહદપાર દુશ્મન ટેન્કોનો અને તોપોનો નવો કાફલો ખડકાવા લાગ્યો. આ પ્રચંડ હિલચાલના અવાજો ભારતીય

જવાનોએ આખી રાત સાંભળ્યા. ક્ષિતિજ પર ચાંદની રાત્રે ધૂળની ડમરીઓ પણ જોવા મળી. હવે દુશ્મનનું આક્રમણ નક્કી હતું.

ત્રીજી ડિસેમ્બરનો સૂર્યાસ્ત થયો એ પછી તરત છામ્બની ભારતીય છાવણીને સમાચાર મળ્યા કે પાક વાયુસેનાએ આપણા સરહદી ઍર-બેઝ પર બોમ્બમારો કરીને યુદ્ધ આરંભ્યું હતું. છામ્બની ૧૦મી ડિવિઝનને સાબદા કરતો આવો મેસેજ ન મળ્યો હોત તો પણ ચાલત, કેમ કે રહી રહીને તેના પાકે ઘડે કાંઠા ચડવાના ન હતા. રાત્રે બરાબર ૮:૫૦ વાગ્યે ટીક્કા ખાનનું તોપખાનું ત્રાટક્યું. છામ્બ ગામની દક્ષિણે જોતજોતામાં યુદ્ધવિરામ રેખા ઓળંગીને પાક તોપો છેક બૂરેજાલ સુધી પહોંચી. (બૂરેજાલનું સ્થાન નકશામાં જુઓ.) ભારતની ૧૯૧મી બ્રિગેડ પર તેમણે રીતસર મોત વરસાવ્યું. કેટલાક ગોળા ૧૧ કિલોગ્રામના હતા, તો અમુક ૨૯ કિલોગ્રામના પણ હતા. વિસ્ફોટોના ચમકારા અને ત્યાર બાદ ફેલાતા ધુમાડા વચ્ચે મરણચીસોના અવાજો વડે આખું વાતાવરણ આતંકમય બન્યું.

ભારતના મેજર-જનરલ જસવંતસિંહ કરતાં ટીક્કા ખાન એક વાતે નસીબદાર કે પાકિસ્તાનમાં તેમની મુખ્ય ફૌજી છાવણી યુદ્ધવિરામ રેખાની પશ્ચિમે માંડ ૫૦ કિલોમીટર છેટે હતી, જ્યાંથી નવા સૈનિકોનો તેમજ શસ્ત્રોનો અર્જન્ટ સપ્લાય ગમે ત્યારે મળી શકે તેમ હતો. જસવંતસિંહની ૧૦મી ડિવિઝનના હાલ ભૌગોલિક રીતે સૂડી વચ્ચે સોપારી જેવા હતા. પશ્ચિમમાં તેના માટે દુશ્મન સૈન્ય તૈનાત હતું, જેની આગેકૂચ ચાલુ હતી. પૂર્વમાં તેની પાછળ મુનવ્વર તાવી નદી વહેતી હતી. નદીના બે કાંઠાને જોડતો મજબૂત પુલ માત્ર એક હતો, એટલે ભારતના બખ્તરિયા દળને અખનૂરનું લશ્કરી મથક તાત્કાલિક કુમક પહોંચાડી શકે નહિ તેમ આફતના સમયે એ દળ ઝડપી પીછેહઠ કરી શકે નહિ.

પાકિસ્તાને ડિસેમ્બર ૩, ૧૯૭૧ની વહેલી રાત્રે શરૂ કરેલો તોપમારો છેક પરોઢ સુધી ચાલ્યો અને સવારે પાક વાયુસેનાનાં મિરાજ, સેબરજેટ અને મિગ-૧૯ વિમાનો આકાશમાં ચડી આવ્યાં. ખાસ કરીને તોપમારો બુલંદ હતો. પાકિસ્તાનના શસ્ત્રભંડારમાં તોપગોળા જાણે અખૂટ હોય તેમ ૪૦ ચોરસ કિલોમીટરના વિસ્તાર પર એકધારી ઝડી વરસતી હતી. પહેલા ૭૨ કલાકમાં તો પાક તોપોએ નાના-મોટા ૨૫,૦૦૦ ગોળા ઓકી કાઢ્યા ! મેજર જી. એસ. ચોપરા નામના એક બહાદુર અફસરે યુદ્ધ પછી કેટલાંક વર્ષ બાદ તેના




સંસ્મરણોમાં નોંધ્યું તેમ, 'વહેલી સવારે ૪ વાગ્યે છામ્બનું સરકંદા કહેવાતું ઊંચા કદનું સૂકું ઘાસ અચાનક સળગવા લાગ્યું. રીતસરના દાવાનળ જેવો દેખાવ બન્યો. અગ્નિશિખાના બેકગ્રાઉન્ડમાં મેં જોયું તો સેંકડો દુશ્મન સૈનિકો મશીનગનોની ધમધમાટી બોલાવતા અમારા તરફ ધસી આવતા હતા. બોમ્બના તણખાને લીધે ઘાસને દવ લાગ્યો ન હોત તો અંધારામાં તેમના હુમલાનો અમને ખ્યાલ જ આવત નહિ! પાક તોપોનું ફાયરિંગ તો બેફામપણે થતું હતું. એકાદ ગોળો પણ જ્યાં પડીને ફાટ્યો ન હોય તેવો એકાદ ચોરસ વાર જેટલો પ્રદેશ સુદ્ધાં બાકી રહ્યો ન હતો. હું ભાગવા માટે જીવતો રહી શક્યો એ જ બહુ મોટું આશ્ચર્ય હતું.'

ભારતની ૧૦મી ડિવિઝનના ઘણા જવાનો મેજર ચોપરા જેટલા સદ્‌ભાગી ન હતા. પ્રચંડ બોમ્બના ધડાકામાં અનેક જણાના દેહ કપાસના ગાભાની જેમ છૂટા પડી ગયાં. ૧૯૭૧ના યુદ્ધ દરમ્યાન બીજા એક પણ મોરચે ન રેડાવાનું હોય એટલું લોહી નદી ઉપરાંત છામ્બના પહાડી તેમજ મેદાની પ્રદેશમાં વહ્યું. આ મરણતોલ પ્રહારો વચ્ચે પણ ભારતીય અફસરો તથા જવાનોએ દાખવેલી બહાદુરી તો માત્ર કાબિલે તારીફ નહિ, બેમિસાલ હતી. કેપ્ટન આર. કૌરા નામના એક યુવાન અફસરે ૩જી ડિસેમ્બરના રોજ સવારે ફક્ત રૂટિન મુજબ ફરજનો હવાલો બીજા અફસરને સોંપવાનો હતો, છતાં પાક આક્રમણના ભણકારા સંભળાતા હોવાને લીધે તેણે ડ્યૂટી પર ચાલુ રહેવાનો આગ્રહ રાખ્યો. રેજિમેન્ટના તોપચી જવાનોને તેણે મોખરે રહીને નિશાનો ચીંધી બતાવ્યાં. સામી ગોલંદાજીમાં પણ તે જાનની પરવા વગર આગળ વધતો રહ્યો. જંગ બળાબળનો ન હતો, કેમ કે પાકિસ્તાનનું તોપખાનું ભારતીય આર્ટિલરી કરતાં ખાસ્સું બળવાન હતું. થોડા કલાકો પછી દુશ્મનના એક તોપગોળાએ કેપ્ટન આર. કૌરાનાં ફૂરચા કાઢી નાખ્યા. શહીદી વહોરીને એ બહાદુરે વીરચક્રના મરણોત્તર વિજેતા જવાનોની વિરલ યાદીમાં પોતાનું નામ લખાવી દીધું.

મેજર-જનરલ જસવંતસિંહનું સૈન્ય અંતે તો માનભરી લડત આપતું ગયું અને નામોશીભરી પીછેહઠ કરતું રહ્યું. પાકિસ્તાનની ભારે પેટન ટેન્કોના અને ટી-૫૯ ટેન્કોના હલ્લાને આપણાં

■ *પાક ટેન્કોનું જંગી ઘોડાપૂર છામ્બ તરફ ધસતું હતું. ભારતીય દળ પાસે પીછેહઠ કર્યા સિવાય બીજો વિકલ્પ નહોતો*



એન્ટિ-ટેન્ક મિસાઈલો પણ રોકી શક્યાં નહિ. મૂળ ફ્રેન્ચ બનાવટનાં એ મિસાઈલો વાયર-ગાઈડેડ હતાં. મિસાઈલનો ઑપરેટર તેને દાગે એટલે તાંબાના વાયરનો ફિરકો ઉકેલાતો જાય, મિસાઈલ તેની સાથે બાંધેલા તારને ખેંચતું રહે અને દરમ્યાન ઑપરેટર તે મિસાઈલને યોગ્ય દિશા તરફ વળવા માટેના સંકેતો વાયર દ્વારા મોકલવાનું ચાલુ રાખે. (છામ્બનું ભીષણ યુદ્ધ પૂરું થયા બાદ આખી રણભૂમિ તારનાં ગૂંચળાં વડે છવાયેલી દેખાતી હતી !) આ મિસાઈલો પણ આપણું ખુશ્કીદળ અસરકારક રીતે વાપરી શકે એ પહેલાં દુશ્મન હવાઈદળે તેમનો સફાયો કરી નાખ્યો. એક તરફ જમીન પર ધમસાણ મચ્યું હતું, તો બીજી તરફ આકાશમાં પાક વાયુસેના પોતાનો ડંકો વગાડી ચૂકી હતી. ડિસેમ્બર ૧૦, ૧૯૭૧ સુધીમાં પાકિસ્તાનના આશરે ૫૦,૦૦૦ સૈનિકો ૭ કિલોમીટર જેટલા ભારતીય પ્રદેશમાં ઘૂસી આવ્યા. એ સવારે મુનવ્વર તાવી નદી ખરેખર લોહી વડે લાલઘૂમ બની. ફ્રન્ટલાઇનની પાછળ તબીબી કેમ્પોમાં ઘાયલ ભારતીય જવાનોની સંખ્યા બેસૂમાર વધી પડી. અનેક જવાનો મરણતોલ રીતે જખ્મી થયા હતા. ખુશ્કીદળના તબીબોએ સારવાર માટે તેમનાં ખિસ્સાં જ્યારે ખાલી કર્યાં ત્યારે કુલ વીસ લાખ રૂપિયાની ચલણી નોટો હાથ લાગી. પહેલી તારીખે મળેલા પગારની રકમ પણ ઘરે કુટુમ્બીજનોને મોકલવા જેટલો સમય જવાનોને મળ્યો ન હતો. કેટલાક જવાનોના ખિસ્સામાં પત્ની તેમજ સંતાનોના ફોટા હતા તો કેટલાકે દેવ-દેવીની તસવીરો શર્ટના ગજવામાં રાખી હતી.

ભારતની પીછેહઠના સમાચાર નવી દિલ્હીને મળ્યા ત્યારે જમ્મુ અને કાશ્મીરના મુખ્ય સેનાપતિ એવા કોર કમાન્ડર લેફ્ટનન્ટ-જનરલ સરતાજસિંહ પાસે ખુલાસો માગવામાં આવ્યો. સરતાજે વળતો જવાબ મોકલ્યો : 'પ્રધાનમંડળને તમે ખાતરી આપી શકો છો કે મારું સૈન્ય મુનવ્વર તાવી પાસે દુશ્મનને રોકી પાડશે ? નદીની પૂર્વ તરફ નજીવો વિસ્તાર પણ દુશ્મનને જીતવા નહિ દઈએ !'

પાકિસ્તાને છામ્બ પર લાદેલા દબાણને હળવું કરવા માટે સરતાજસિંહે છામ્બની દક્ષિણે ચિકન્સ નેક કહેવાતા પાક વિસ્તાર તરફ બીજી ફોજ રવાના કરી. આ ફોજે ચિકન્સ નેકને એટલે કે મરઘીની ડોકને ખરેખર મરડી નાખી. સમગ્ર પ્રદેશ જીતી લીધો, પરંતુ તેને લીધે છામ્બ પરનું દબાણ સહેજ પણ હળવું થયું નહિ. ચિકન્સ નેક જીતાયાનો વાયરલેસ મેસેજ સાંભળ્યા બાદ સરતાજસિંહ મોડી રાત્રે માંડ આડે પડખે થયા ત્યાં મદદનીશ ઑફિસરે તેમને જગાડ્યા. જસંવતસિંહના ગુપ્ત સંદેશાનો કાગળ તેમને આપ્યો, જેમાં લખ્યું હતું : 'હવે વધુ લડી શકાય તેમ નથી. પારાવાર ખુવારી થાય છે. દુશ્મન સેના મુનવ્વર તાવીને ઓળંગી ચૂકી છે.'

સરતાજસિંહના પેટમાં તેલ રેડાયું. નદીથી તો અખનૂર શહેર ફક્ત ૨૦ કિલોમીટર છેટે હતું. અખનૂર ખાલસા થયા પછી ધોરી નસ કપાવાને લીધે સમગ્ર કાશ્મીર જોખમમાં પડ્યું સમજવું. હેલિકોપ્ટરમાં બેસીને સરતાજસિંહ એ જ ઘડીએ છામ્બ તરફ ઊડ્યા. દુશ્મનની બેફામ આગેકૂચને રોકવા માટે છામ્બમાં યુદ્ધરેખા પાછળ ઊંડી ખાઈ રચવાનું કામ તેમણે રાતોરાત શરૂ કરાવ્યું. પાક વિમાનોના આક્રમણ સામે જવાનોને આકાશી રક્ષણ આપવા ભારતીય વાયુસેનાને વધુ ઊડ્ડયનો હાથ ધરવા તાકીદનો સંદેશો પાઠવ્યો. આમ તો યુદ્ધ શરૂ થયું ત્યારની વાયુસેના છામ્બમાં સક્રિય હતી. પહેલે દિવસે દુશ્મનો પર કુલ ૨૦, બીજે દિવસે ૨૮ અને ત્રીજે દિવસે ૩૦ આકાશી હુમલા તેણે કર્યા હતા. પરંતુ એ મદદ અપૂરતી નીવડી હતી, કેમ કે ભૂમિ પર જવાનો હજી મોટી સંખ્યામાં ખુવાર થતા હતા. ભૂમિયુદ્ધમાં ખુશ્કીદળ જો દુશ્મનો સામે ટકી ન શકે તો એકમાત્ર હવાઈદળનો જ તેને સહારો રહે, છતાં એવું રક્ષણાત્મક આકાશી છત્ર પણ અહીં મદદરૂપ બનતું ન હતું.

નવી દિલ્હીમાં જનરલ સામ માણેકશાને ફરિયાદનો સંદેશો મળ્યો કે ભારતીય વાયુસેના મુસીબતમાં ફસાયેલા ખુશ્કી જવાનોને બચાવવા માટે ખૂલ્લા દિલે ભોગ આપતી ન હતી. માણેકશાને પ્રાપ્ત થયેલા ભારતીય ખુવારીના આંકડા સાચે જ ચોંકાવનારા હતા, એટલે તે ફરિયાદ અંગે તેમણે પરબારી વડા પ્રધાનને જાણ કરી. ઇન્દિરા ગાંધીએ તાબડતોબ ઍર ચીફ-માર્શલ લાલને બોલાવ્યા. ઘણું કરીને ખખડાવ્યા પણ ખરા. એ પછી હન્ટર, નેટ, કેનબેરા અને મિગનાં ધાડાં અકેક હજાર રતલી બોમ્બના શસ્ત્રભંડાર સાથે દરરોજ ૬૦ વખત ટીક્કા ખાનના સૈન્ય પર ત્રાટકવાં લાગ્યાં. અનેક વિમાનો એન્ટિ-ઍરક્રાફ્ટ તોપોના ફાયરિંગમાં ચકનાચૂર બન્યાં. પાકિસ્તાની હુમલાના ઘોડાપૂરને છેવટે બ્રેક લાગી. દસમી ડિસેમ્બરે ટીક્કા ખાનનો જુસ્સો લગભગ શમી ગયો.

છામ્બનું યુદ્ધ જો કે ભારત હારી ચૂક્યું હતું. એકધારી પીછેહઠ કરી સરવાળે ૧૦મી ડિવિઝને મુનવ્વર તાવી નદીની પૂર્વે ખસી જવું પડ્યું હતું. મતલબ કે છામ્બનો સંપૂર્ણ પ્રદેશ તેણે દુશ્મન હુમલાખોરોને ખાલી કરી આપવાનો વારો આવ્યો. દરમ્યાન ખુદ તેને જે ભોગ આપવો પડ્યો તે ખેદજનક હતો. આ યુદ્ધમાં કુલ ૧,૩૪૩ ભારતીય જવાનો તથા અફસરો ખુવાર થયાં. માર્યા ગયેલાનો આંકડો ૪૩૦ હતો, જેમાં સિનિઅર કક્ષાના ૨૩ અફસરોનો સમાવેશ થતો હતો. એ સિવાય ૭૨૩ જણા બૂરી રીતે જખમી બન્યા. બીજા ૧૯૦ જણા હંમેશ માટે લાપતા થયા, જેનો મતલબ એ જ કરવાનો રહે કે તેઓ પણ માર્યા ગયા. ૧૯૭૧ના યુદ્ધ દરમ્યાન બીજા એકેય મોરચે ખુવારીનો આંકડો આટલી હદે પહોંચવાનો ન હતો.

સૌથી ખેદજનક વાત તો એ કે રણમેદાન પર જે ભારતીય જવાનો હંમેશ માટે ઢળી પડ્યા તેમના મૃતદેહો પણ ૧૭મી ડિસેમ્બરના યુદ્ધવિરામ પહેલાં ખસેડી શકાયા નહિ. દેશ માટે ફના થયેલા એ જવાંમર્દોના શબો દિવસો સુધી કોહવાતાં રહ્યાં અને છેવટે તેમનો ઘણોખરો અંતિમસંસ્કાર ગીધડાંનાં ટોળાંએ કર્યો ! આ શબોને તજી ગયેલા પ્રાણ જો કે અમર હતા. ■





હુમલાખોર ગાઝીનું ખુદા હાફિઝ !

ભારતના વિમાનવાહક જહાજ વિક્રાન્ત અને પાક સબમરિન ગાઝી વચ્ચે મધદરિયે દિવસો સુધી રમાયેલી સંતાકૂકડીમાં અંતે શિકાર અને શિકારીના રોલ અબલબદલ થયા !

સરેરાશ રમૂજી ટૂચકાના કેન્દ્રમાં જેમ સરદારજી હોય તેમ ૧૯૭૧નું યુદ્ધ શરૂ થયું ત્યાં સુધી ભારતીય નૌકાદળમાં વિક્રાન્ત નામનું વિમાનવાહક જહાજ અનેક કટાક્ષભરી રમૂજોનો વિષય બનતું હતું. દુર્ભાગ્યે એ રમૂજો નિર્દોષ ન હતી. વિક્રાન્તના નામે હસીને બે ઘડી આનંદ લૂંટવામાં આવે તો સમજ્યા, પણ હકીકતે એ જહાજ હાંસીપાત્ર બનતું હતું. નાવિકોને ક્યારેક વિક્રાન્ત સૂકી ગોદીમાં હોવાના ખબર અપાય ત્યારે વળતી ટકોર એ જ થાય કે, 'આમાં ખબર આપવા જેવું શું છે ?' ઠેકડીપૂર્ણ ટકોર વાજબી પણ ગણાય, કેમ કે વિક્રાન્તના કેસમાં આપણી ગામઠી કહેવત મુજબ સુવાવડ આખો જન્મનારો રહી હતી.

આ તરતા ઍરપોર્ટનું બાંધકામ પણ ૧૯૪૩માં બેલફાસ્ટ ખાતે બ્રિટિશ ગોદીએ પંચકના મુહૂર્તે શરૂ કર્યું હોય તો કહેવાય નહિ. બાંધકામ પૂરૂં થાય એ પહેલાં જ બીજા વિશ્વયુદ્ધનો અંત



■ ભારતીય નૌકાદળનું બહુચર્ચિત વિમાન-વાહક જહાજ INS વિક્રાન્ત

આવ્યો. પોણા ભાગ જેટલું બંધાયેલું એ જહાજ ત્યારે હર્ક્યુલિસ તરીકે ઓળખાતું હતું. બ્રિટિશ નૌકાદળને હવે શાંતિકાળમાં નવા વિમાનવાહક જહાજની બિલકુલ આવશ્યકતા ન હતી. પરિણામે સૂટ લગભગ પૂરેપૂરો સિવાય પછી માત્ર તેનાં ગાજબટન જેટલું કામ બાકી રહ્યું હોવા છતાં એ છેલ્લું કાર્ય પણ માંડી વાળવામાં આવ્યું. ભારતના છેલ્લા વાઇસરૉય લોર્ડ માઉન્ટબેટન બીજા વિશ્વયુદ્ધ પછી (અને ભારત છોડી ગયા પછી) બ્રિટિશ નૌકાદળના કર્તાહર્તા બન્યા ત્યારે પંડિત નેહરુને હર્ક્યુલિસ વેચવાની ઑફર કરી. વાટાઘાટો ઘણાં વર્ષ ચાલી. હજી પણ આઝાદ ભારતના પ્રથમ નૌકાસેનાપતિ વાઇસ-એડમિરલ પેરી નામના ગોરા અંગ્રેજ હતા. વેચનાર અને ખરીદનાર બન્ને અંગ્રેજો હોય ત્યારે સોદો પાકો થવો મુશ્કેલ ન હતો. રામદાસ કટારી જેવા વાઇસ-એડમિરલ બન્યા અને ભારતીય નૌકાદળનો હવાલો સંભાળ્યો કે તરત હર્ક્યુલિસનો સોદો રૂા. ૫૫ કરોડમાં નક્કી થયો. બેલફાસ્ટના જહાજવાડાએ હર્ક્યુલિસનું બાકી રહેલું રિફિટિંગ તથા રિનોવેશન કર્યું અને નેહરુના બહેન વિજયાલક્ષ્મી પંડિતે ૧૯૬૧માં તેનું વિક્રાન્ત નામ પાડીને વિધિસર ડિલિવરી લીધી.

કોને ખબર કેમ, પણ રમૂજના કે રકાસના ભોગ બનતા રહેવું તે વિક્રાન્તના ફલાદેશમાં જ લખાયેલું હતું. એક તરફ વિક્રાન્ત ભૂમધ્ય સમુદ્રના રસ્તે મુંબઇ પહોંચ્યું ત્યારે બીજી તરફ રમૂજભર્યો પ્રસંગ બન્યો. આ જહાજ માટે ભારતે સી-હૉક પ્રકારનાં વીસેક જેટ વિમાનો ખરીદ કર્યાં હતાં. બ્રિટનની હૉકર કંપનીએ બનાવેલાં એ વિમાનોનું કદ આપણાં નૅટ કરતાં પણ નાનું હતું. કદના પ્રમાણમાં રેન્જ (ફ્લાઇંગની મર્યાદા) ટૂંકી હતી, એટલે ભારત સુધીનો આકાશી પ્રવાસ ખેડતી વખતે સી-હૉકની ટુકડીએ માર્ગમાં દસ ઠેકાણે 'પગથોભ' કરી નવું બળતણ લેવું પડ્યું. બ્રિટનથી ભારત આવવા માટે નીકળીને છેલ્લું રોકાણ તેમણે કરાંચી ખાતે કર્યું, જ્યાં ભારતીય દૂતાવાસે તેમના માટે બળતણના પુરવઠાનો ચૂકવવાપાત્ર રકમનો ચેક તૈયાર રાખ્યો



■ વિક્રાન્તના સી-હૉક પ્રકારનાં વિમાનો માટે ગુજરાતી પર્યાય શકરા ગણાય, પરંતુ કદ-માપની દૃષ્ટિએ તેઓ સાવ ચકલીછાપ હતા

હતો. કરાંચીથી એ વિમાનો આખરી જમ્પ મારીને જામનગર પહોંચ્યા. રમૂજની વાત ત્યાં જ બની. જામનગરમાં સરકારી કસ્ટમ ખાતાએ તે લડાયક વિમાનોની કિંમત જાણ્યા પછી એ મુજબ કસ્ટમ ડ્યૂટીની આકારણી કાઢી એટલું જ નહિ, પણ વેરો ન ભરાય ત્યાં સુધી વિમાનોને પોતાની જપ્તીમાં રાખ્યાં ! તુમારશાહીની અને ખાસ તો મૂર્ખામીની એ ચરમસીમા હતી. દેશના સંરક્ષણ માટે ખરીદાયેલાં શસ્ત્રો પર કસ્ટમ ડ્યૂટી લાગુ પડે એ કલ્પી શકાય તેમ પણ ન હતું, છતાં ભારતીય નૌકાદળે છેક સંરક્ષણ મંત્રી સુધી અને સંરક્ષણ મંત્રીએ ત્યાર બાદ નાણાંમંત્રી સુધી ફરિયાદ પહોંચાડી ત્યારે સી-હૉક વિમાનો માંડ છૂટકારો પામ્યાં !

ભારતનું અશ્વમેઘ યુદ્ધજહાજ વિક્રાન્ત

વજન	૧૯,૫૦૦ ટન
કદ-માપ	લંબાઇ ૭૦૦ ફીટ, પહોળાઇ ૮૦ ફીટ
વિમાનો	૧૬ સી-હૉક, ૪ ઍલિઝે વિમાનો
એન્જિન	૪૦,૦૦૦ હોર્સપાવરનાં ૨ એન્જિનો
ઝડપ	૨૪.૫ સમુદ્રી માઇલ
શસ્ત્રો	૪૦ એમ.એમ. ની ૭ વિમાનવિરોધી તોપો
પ્રવાસમર્યાદા	૧૪,૦૦૦ દરિયાઇ માઇલ
નાવિકો	કુલ ૧,૩૪૫ નાવિકો

કોઠો ૧૯૭૧ના વર્ષનો છે. વિમાનોના પ્રકારો એ પછી બદલાયા હતા

લંબાઇમાં ૭૦૦ ફીટનું, વજનમાં ૧૯,૫૦૦ ટનનું અને પહોળાઇમાં ૮૦ ફીટનું વિક્રાન્ત પોતે વખત જતાં અવનવી બિમારીનું ભોગ બનતું રહ્યું. દર નવ મહિને એક વખત સૂકી ગોદીમાં તેણે મરામ્મત અને માવજત ખાતર પડાવ નાખવો પડતો હતો. (સૂવાવડી સાથે તેની સરખામણી એ જ વાતે થવા માંડી હતી.) પાકિસ્તાન સામેના યુદ્ધમાં આવા મૂલ્યવાન જહાજને દાવ પર લગાડવું કે કેમ એ વળી દિલ્હીના સંરક્ષણ મંત્રાલયને પરેશાન કરતો બીજો સવાલ હતો. દુશ્મન સબમરિનનો એકાદ ટોરપિડો પણ જો વિક્રાન્તના પડખે ટીચાય તો એ તરતું ઍરપોર્ટ કદાચ સમુદ્રના તળિયે પહોંચે, એટલે ૧૯૬૫નું યુદ્ધ શરૂ થયું ત્યારે લાલ બહાદુર શાસ્ત્રીના સંરક્ષણ સચિવે નૌકાસેનાપતિ સોમણને યુદ્ધમાં સામેલ ન થવાની નોટિસ પહેલે જ દિવસે આપી દીધી. દિલ્હીના 'ધ હિન્દુસ્તાન ટાઇમ્સે' પ્રગટ કરેલા એક રિપોર્ટ મુજબ નૌકાસેનાપતિ વિક્રાન્તની ખૈરિયત અંગે ચિંતિત હતા. પાકિસ્તાન સામે તેમના કાફલાએ લડવાનું ન હતું, છતાં વિક્રાન્ત પર ડોળો માંડી ચૂકેલી પાક સબમરિન ગાઝી તેને જીવલેણ વડચકું ભરી જાય એ બીક મોટી હતી ! (અગાઉના વર્ષે જ એટલે કે ૧૯૬૪માં અમેરિકાએ તે સબમરિન પાકિસ્તાનના નૌકાદળને સપ્રેમ ભેટ આપી હતી.) અખબારી રિપોર્ટ પ્રમાણે નૌકાસેનાપતિએ ૧૯૬૫નું યુદ્ધ ફાટી નીકળ્યાના સમાચાર જાણ્યા કે તરત મુંબઇના નૌકામથકને ટેલિફોન દ્વારા પૂછ્યું કે, 'વિક્રાન્ત ક્યાં છે ?' વિમાનવાહક જહાજ સૂકી ગોદીમાં ખાટલે પડ્યું હોવાનું સામે છેડેથી જાણવા મળ્યું ત્યારે નૌકાસેનાપતિના જીવમાં જીવ આવ્યો. અત્યંત રાહતનો દમ ખેંચીને બોલ્યા : 'થેન્ક ગોડ !'

પત્યું ! વિક્રાન્તને જે ભૂમિકા અદા કરવા માટે ખરીદવામાં આવ્યું તથા જે ભૂમિકા ખાતર તેના પર રોજનો સરેરાશ બે-ત્રણ લાખનો ખર્ચ પણ કરાતો રહ્યો એ રોલ ભજવવાનો તકાદો જાગ્યો ત્યારે જ એ વિમાનવાહક જહાજ ભારતને યુદ્ધ ખેલવા માટે સહેજે કામ લાગ્યું નહિ. પાકિસ્તાનના નૌકાદળને સમુદ્રમોરચે વૉકઓવર આપી દેવાયો તથા દ્વારકા પર તેના ગુસ્તાખીભર્યા બોમ્બમારાને સહી લેવાયો તે વળી બીજી શરમજનક વાત હતી.

આ બન્ને વાતોની વ્યાજ સાથે વસૂલાત કરવાનો વખત ૧૯૭૧માં પાક્યો. નોંધવા જેવું છે કે ૧૯૬૫ના જંગ દરમ્યાન વિક્રાન્તનો શિકાર કરવા માટે જનરલ અયુબ ખાને ગાઝી સહિત બહુ મોટો કાફલો મુંબઇ તરફ મોકલ્યો હતો. કાફલામાં બાબર નામની ક્રૂઝર હતી, ટીપુ

સુલતાન નામની ફ્રિગેટ હતી અને ખૈબર, જહાંગીર, બાદર, આલમગીર તથા શાહજહાઁ નામની પાંચ ડિસ્ટ્રોયરો પણ હતી. ખરેખર નસીબનો પાડ કે વિક્રાન્ત એ સમયે મધદરિયે હંકારતું હોવાને બદલે મુંબઇ ખાતે ગોદીમાં સુરક્ષિત હતું! પરંતુ ૧૯૭૧માં નવા યુદ્ધનું એલાન થયું ત્યારે વિક્રાન્ત ક્યાં હતું? આંદામાનમાં--અને વળી બિછાને પટકાયું હતું ! અગાઉ તેનાં ચાર પૈકી એક બોઇલરમાં મામૂલી ધડાકો થતાં તિરાડ પડી હતી, માટે કુલ એન્જિનબળ ઘટી જતાં તેનો પ્રવાસવેગ પણ કલાકના ૨૪.૫ ને બદલે ૧૪ દરિયાઇ માઇલ પૂરતો સીમિત બન્યો હતો. આ જખમી હાલતમાં યુદ્ધ લડવું એ તેના માટે લગભગ નામુમકિન વાત હતી. વિક્રાન્તના કેપ્ટન સ્વરાજ પ્રકાશ અને દોઢેક હજાર નાવિકો એકધારી યાંત્રિક તકલીફોને કારણે ત્રાસી ગયા હતા. જુલાઇ, ૧૯૭૧માં તેમણે અરબી સમુદ્રનું કોચિન બંદરગાહ છોડીને બંગાળના ઉપસાગરનો પ્રવાસ શરૂ કર્યો હતો. ભારતની મુખ્ય ભૂમિનો કાંઠો એ પછી તેમણે દીઠો ન હતો. મધદરિયે છએક મહિના ગુજાર્યા બાદ હવે તેમને પાછા ઘરભેગા થવું હતું. ઘણા વખત બાદ કેપ્ટન સ્વરાજ પ્રકાશે તેમના સંસ્મરણોમાં લખ્યું કે : 'જહાજના નાવિકોની ધીરજ સાવ ખૂટી ન જાય એટલા માટે હું રોજેરોજ પ્રાર્થના કરતો રહ્યો કે યુદ્ધનું બ્યુગલ વહેલી તકે વાગે !'

■ પાક સબમરિન ગાઝી સુરંગો અને ટોરપિડોના ભરપૂર સ્ટોક સાથે ૧૪ નવેમ્બરે કરાંચીથી રવાના થઈ હતી

પાકિસ્તાન જો કે બ્યુગલ વગાડતા પહેલાં તેની પૂર્વતૈયારી કરી ચૂક્યું હતું. વિક્રાન્તને જળસમાધિ અપાવવાની જે ખ્વાહિશ ૧૯૬૫માં અધૂરી રહી તેને બર લાવવા માટે નૌકાસેનાપતિ એડમિરલ મુઝફ્ફર હસને નવેમ્બર ૧૪, ૧૯૭૧ના દિવસે જ સબમરિન ગાઝીને બંગાળના ઉપસાગર તરફ રવાના કરી દીધી હતી. ટૂંકમાં, કરાંચીથી એ સબમરિને પોતાનું મિશન યુદ્ધના અઢારેક દિવસ પહેલાં આરંભ્યું હતું ! વિક્રાન્તે અરબી સમુદ્ર ક્યારનો છોડી દીધો હતો, માટે એટલી વાત નક્કી કે છેક આંદામાન ગયા બાદ નવો પુરવઠો લેવા તે ફરી પાછું પશ્ચિમના અરબી સમુદ્રમાં જવાને બદલે પૂર્વના વિશાખાપટ્ટણમ્ બંદરે પહોંચે. પાકિસ્તાની સબમરિન ગાઝીએ પણ એ જ બંદરનો વાયા કન્યાકુમારીનો રસ્તો પકડ્યો.



વિશાખાપટ્ટણમ્ ભારતના નૌકાદળની પૂર્વ શાખાનું વડું મથક હતું, જેના નૌકાસેનાપતિ વાઇસ-એડમિરલ એન. કૃષ્ણન્ હતા. આ કસરતબાજ અફસરના માથે દિવસો થયે ચિંતાનો બોજો સવાર થયો હતો. નવેમ્બરના બીજા અઠવાડિયામાં તેમના નૌકામથકે આંતરી લીધેલા એક વાયરલેસ મેસેજમાં રેડિઓ ઑપરેટરે પૂર્વ પાકિસ્તાનના ચિત્તાગોંગ બંદરને ચોક્કસ પ્રકારનું લ્યુબ્રિકેટિંગ ઓઇલ તૈયાર રાખવા જણાવ્યું હતું. સંદેશો મોકલનાર રેડિઓ ઑપરેટર દેખીતી રીતે પાકિસ્તાની હતો, પરંતુ વાઇસ-એડમિરલ કૃષ્ણન્ માટે ચિંતાની બાબત એ ન હતી. લ્યુબ્રિકેટિંગ ઓઇલનો જે પ્રકાર સ્પષ્ટ રીતે પેલા ઑપરેટરે કહ્યો તે ભારતની દૃષ્ટિએ ગંભીર પ્રકારનો હતો, કેમ કે એવું તેલ માત્ર સબમરિનોના યંત્ર માટે વપરાતું હતું. પાકિસ્તાનના નૌકાદળે ગાઝીને બંગાળના ઉપસાગરમાં મોકલી હોવાનો સ્પષ્ટ અણસાર એ રીતે કૃષ્ણન્‌ને

મળી ગયો. આ સબમરિન મૂળ અમેરિકી બનાવટની ગાઝી જ હોય એ પણ લગભગ નક્કી હતું. પાકિસ્તાનની બીજી ત્રણ સબમરિનો (અનુક્રમે હંગોર, માંગરો અને શુશુક) ફ્રેન્ચ બનાવટની હતી. દાફને વર્ગની એ દરેક સબમરિનનું કદ બહુ નાનું હતું, માટે કન્યાકુમારીના લાંબા રસ્તે હંકારીને તેઓ પૂર્વ પાકિસ્તાન લગી પહોંચી શકે નહિ.


ચિત્તાગોંગ બંદરને વાયરલેસ સંદેશો પાઠવનાર સબમરિન જો ચોક્કસપણે ગાઝી હોય તો એટલી વાત પણ ચોક્કસ કે તે વિક્રાન્તના શિકારે નીકળી હતી. કોઇ મોટો શિકાર ન કરવાનો હોય તો હજારો કિલોમીટરનો લાંબો ફેરો ખાવાનું જોખમ પણ તે ખેડે નહિ. વિશાખાપટ્ટણમ્ ખાતે પોતાના હેડક્વાર્ટરમાં બેઠેલા વાઇસ-એડમિરલ કૃષ્ણને પોતાના લોજિકલ અનુમાનોને તર્કવિતર્કોના આધારે વધુ તાણીતૂંસીને લંબાવ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે વિક્રાન્તનું પગેરૂં કાઢવા માટે પાક નૌકાદળે પોતાના ગુપ્તચરખાતાને પણ સક્રિય બનાવ્યું હોવું જોઇએ. અહીંના નૌકામથકમાં જ એ ગુપ્તચરો ઘૂસણખોરી કરીને કામે લાગી ચૂક્યા હોય તો કહેવાય નહિ ! વાઇસ-એડમિરલ પણ રાતોરાત પોતાના તારણ મુજબ કામે લાગી ગયા. થોડા દિવસ પછી એક જાણીતા આરબ દેશનું ૧૧,૦૦૦ ટનનું વ્યાપારી જહાજ વિશાખાપટ્ટણમ્‌માં માલ પહોંચાડવા માટે આવ્યું ત્યારે કૃષ્ણને ભારતીય નૌકાદળના કેટલાક જવાનોને સાદા વેશે ગોદી પર મોકલ્યા. આરબ જહાજના ખલાસીઓ એક પછી એક કરીને નીચે ઊતર્યા. આ પ્રકારના માલવાહક જહાજમાં સામાન્ય રીતે હોય તેના કરતાં તેમની સંખ્યા ક્યાંય વધારે હતી. ભારતીય જવાનો તરત ચેતી ગયા. ઉલટતપાસ શરૂ કરી. ખલાસી ટુકડીના ઓળખપત્રો તપાસવામાં આવ્યા તો જાણવા મળ્યું કે મોટા ભાગના ખલાસીઓ પશ્ચિમ પાકિસ્તાનના હતા. આરબ દેશના જહાજમાં બહુમતી ખલાસીઓ પાકિસ્તાની હોય તે ભારતીય જવાનોને અજુગતી બાબત લાગી. વાઇસ-એડમિરલને તેમણે રિપોર્ટ પણ આપ્યો કે, 'કેટલાક ખલાસીઓ માલવાહક જહાજના નહિ, પણ નૌકાદળના અફસરો જેવા દેખાય છે. આપણા બંદરમાં તેઓ જાસૂસી કરવા આવ્યા હોય એમ ધારી લેવું જરાય ખોટું નથી.'

પાક સબમરિન ગાઝીનો બાયો-ડેટા	
વજન	સપાટીએ ૧,૮૦૦ ટન; પાણીમાં ૨,૫૦૦
કદ-માપ	લંબાઇ ૩૧૨ ફીટ, પહોળાઇ ૨૭ ફીટ
ટોરપિડો	૨૧"ના વ્યાસની દસ ટોરપિડો ટ્યૂબ
એન્જિન	૬,૫૦૦ હોર્સપાવરનાં ૪ એન્જિનો
ઝડપ	સપાટીએ ૨૦, પાણીમાં ૧૫ સમુદ્રી માઇલ
ફ્યૂલ ટેન્ક	કુલ ૩૦૦ ટન ડીઝલની ક્ષમતા
પ્રવાસમર્યાદા	૧૪,૦૦૦ દરિયાઇ માઇલ
નાવિકો	કુલ ૮૦ (૭૨ નાવિકો, ૮ અફસરો)

ગાઝીને જૂન ૧, ૧૯૬૪ના રોજ પાક નૌકાદળમાં સામેલ કરાઇ હતી

ઈસ્ટર્ન નેવલ કમાન્ડના પોતે સેનાપતિ હોવા છતાં કમ સે કમ પરદેશી માલવાહક જહાજની બાબતમાં કૃષ્ણને લાચારીપૂર્વક તમાશો જોયા વગર છૂટકો ન હતો. વિદેશી કાર્ગો-શીપને આપણા બંદરમાં આવતું રોકી શકાય નહિ, માટે તેમણે એ જહાજને નૌકામથક કરતાં દૂર ખસેડવાનો હુકમ આપીને જ સંતોષ માનવો પડ્યો. થોડા દિવસ પછી ૧૨,૦૦૦ ટનનું વળી બીજું માલવાહક જહાજ બંદરમાં દાખલ થયું, જે આફ્રિકાના લાઇબિરિયા દેશનું હતું. આમ છતાં તેના બધા ખલાસીઓ પાકિસ્તાની હતા. કૃષ્ણને બધાના પાસપોર્ટ મંગાવ્યા અને ઝીણવટપૂર્વક તપાસી જોયા. અચરજની વાત કે એ ખલાસીઓ હજી ૧૨મી ઑક્ટોબરે જ લાઇબિરિયાના જહાજમાં નોકરીએ લાગ્યા હતા. વિશાખાપટ્ટણમ્ આવતું જહાજ માર્ગમાં શ્રીલંકાના કોલમ્બો બંદરે રોકાયું ત્યારે જૂના ખલાસીઓ ત્યાં ઊતરી ગયા હતા અને નવા પાકિસ્તાની ખલાસીઓ કપ્તાનને પૈસા આપીને જહાજ પર ચડી બેઠા હતા.

એન. કૃષ્ણનનું મગજ તપી ગયું. મનમાં તેમને લેશમાત્ર શંકા ન રહી કે પાકિસ્તાન યુદ્ધ કરવા તત્પર હતું એટલું જ નહિ, પણ તેને પ્રથમ શિકાર વિક્રાન્તનો કરવો હતો. આમ છતાં




■ પાક સબમરિન ગાઝીમાં ફરજ બજાવતા નાવિકોની ફાઈલ તસવીર

સંપૂર્ણ ખાતરી કરવા માટે એક રાત્રે તેમણે વિશાખાપટ્ટણમ્‌ના બારામાં અંધારપટ નાખી દીધો. સ્થાનિક વીજળીમથકને પાવર સપ્લાય કેટલોક સમય બંધ રાખવાની સૂચના આપી. બ્લેકઆઉટનો ફાયદો લેવાના બહાને દુશ્મન જાસૂસો કશુંક દુઃસાહસ ખેડે તો રંગેહાથ તેમને પકડી લેવા માટે કૃષ્ણન્ પોતાના નાવિકોને માછીમારોના વેશે મછવામાં બેસાડી 'ફિશિંગ' કરવા મોકલી આપ્યા. આ 'માછીમારો' ફક્ત એટલું જોવા માગતા હતા કે વિદેશી માલવાહક જહાજોનો એકેય ખલાસી અંધારામાં વિક્રાન્તને શોધવા નીકળે છે કે નહિ. એક મરજીવો એ જ રાત્રે પકડાયો, પણ તે પાકિસ્તાનીને બદલે અમેરિકન હતો. ઝડતી લેતા તેની પાસે દારૂગોળો પણ મળી આવ્યો ! નૌકામથકની બંધ કોટડીમાં તેને થર્ડ ડિગ્રી ટ્રીટમેન્ટ અપાયા છતાં એ મરજીવાએ પોતાનું મોં ખોલ્યું નહિ. બીજી સવારે કૃષ્ણન્ વિશાખાપટ્ટણમ્ બંદરમાં લાંગરેલા એ મરજીવાના અમેરિકી જહાજના કપ્તાનને મથક પર બોલાવ્યો. કપ્તાન પણ કદાચ જુઠ્ઠું બોલવામાં પાવરધો હતો. કૃષ્ણન્‌ને તેમણે કહ્યું : 'આ ખલાસી મરજીવો અડધો ગાંડો છે, એટલે જહાજમાં પણ અમારે તેને પૂરી રાખવો પડે છે. તમે મહેરબાની કરી તેને છોડી મૂકો ! આમેય પાગલ માણસની કાયદેસર ધરપકડ કરી શકાય નહિ.'

અમેરિકન કપ્તાન નરી બનાવટ કરતો હતો. પોલ ખૂલી ગયા પછી તેણે પોતાના જાસૂસ નાવિકને બચાવવા માટે સરસ બહાનું શોધી કાઢ્યું હતું. વાઇસ-એડમિરલ કૃષ્ણન્ ફરી વખત સમસમીને બેસી રહેવું પડ્યું. અલબત્ત, વારાફરતી બનેલા અજૂગતા પ્રસંગોએ તેમને સાવધ કરી મૂક્યા અને તે બહુ મોટી વાત હતી. નૌકાસેનાપતિ એડમિરલ નંદાને પોતાનો રિપોર્ટ આપવા કૃષ્ણન્ ખાસ વિમાન દ્વારા જાતે દિલ્હી પહોંચ્યા, કેમ કે આવો ચોંકાવનારો રિપોર્ટ વાયરલેસ મારફત બ્રોડકાસ્ટ કરવાનું અથવા ટેલિફોન પર જણાવવાનું તેમને સલામત લાગતું ન હતું. કૃષ્ણન્‌ની વાત સાંભળીને નંદા પણ ચોંકી પડ્યા. પાકિસ્તાન જો વિક્રાન્તનો નાશ કરવા માગતું ન હોય તો આટલા બધા જાસૂસોને તે છેક વિશાખાપટ્ટણમ્ સુધી ન મોકલે. એ તર્ક પણ નંદાને વાજબી જણાયો કે સબમરિન ગાઝી વહેલીમોડી વિશાખા-પટ્ટણમ્‌ના બારામાં અંધારી રાત્રે ઘૂસી આવનાર હતી. નૌકાસેનાપતિએ અને નાયબ સેનાપતિએ ખરેખર તેમના પાક હરીફ વાઇસ-એડમિરલ મુઝફ્ફર હસનનું મન સચોટપણે વાંચી લીધું હતું. વિક્રાન્તને

ટોરપિડો અથવા તો સુરંગ વડે ફૂંકી દેવા માટે ગાઝી નવેમ્બર ૧૪, ૧૯૭૧ની સાંજે તેના લાંબા પ્રવાસે નીકળી હતી. બે દિવસ બાદ તે મુંબઇના કાંઠા નજીક પહોંચી હતી અને વધુ ત્રણ દિવસ પછી નવેમ્બર ૧૯, ૧૯૭૧ના રોજ ભારતના કન્યાકુમારીનો છેડો વટાવ્યો હતો. અગાઉના નકશામાં બતાવ્યા મુજબ વિક્રાન્તને શોધવા માટે તેણે મદ્રાસની પણ એક વિઝિટ મારી હતી, કારણ કે વિક્રાન્ત શરૂઆતમાં ત્યાં હતું. આ શિકારી સબમરિનના મુખ્ય સુકાની કમાન્ડર ઝફર મહમ્મદ ખાન હતા. ખલાસી ટુકડી કુલ મળીને ૮૨ જણાની બનેલી હતી. વિક્રાન્તને શોધવા માટે ગાઝીએ મદ્રાસનો ફેરો ખાધો એ જ વખતે ઝફર મહમ્મદ ખાનને વાયરલેસ પર કરાંચી નૌકામથકનો વાયરલેસ સંદેશો મળ્યો કે, 'વિક્રાન્ત મદ્રાસના બંદરમાં નથી. વિશાખાપટ્ટણમ્ તરફ આગળ વધી ત્યાં રાહ જુઓ.'

વિદેશી ગુપ્તચરો અથવા તો દેશના જ ખૂટલ જાસૂસો વિશાખાપટ્ટણમ્માં રહીને કરાંચીના નૌકામથકને માહિતગાર રાખતા હતા. વિક્રાન્ત એ બંદરગાહમાં ન હતું, છતાં મદ્રાસની જેમ અહીં પણ તેની ગેરહાજરીના સમાચાર જો કરાંચીને મળી જાય તો ગાઝી બંગાળના ઉપસાગરમાં બીજે કશેક વિક્રાન્તને શોધવા લાગે અને ભારતના બેશકિંમતી યુદ્ધજહાજ માટે જોખમ વધી જવા પામે. આમ તો બિયાસ અને બ્રહ્મપુત્ર નામની મનવારો મધદરિયે વિક્રાન્તને 'ગોલકીપર'



■ વિક્રાન્તનો ફેંસલો આણવા નીકળેલી શિકારી ગાઝીને ખુદ શિકાર બનાવનાર વિનાશિકા આઇ. એન. એસ. રાજપૂત


તરીકે રક્ષણ આપી રહી હતી, છતાં ગાઝી સાથે તેનો ભેટો ન થાય એ જ સારૂં ! આ માટે ગાઝીને વિશાખાપટ્ટણમ્ આવવાનું પ્રલોભન આપવું જોઇએ--અને ખરેખર ત્યાંની વિનાશિકા રાજપૂતના સુકાની લેફ્ટનન્ટ-કમાન્ડર ઇન્દરસિંહ એટલે જ વિક્રાન્તની રેડિઓ કૉલ સાઇન વાપરીને તે વિમાનવાહક જહાજના નામે મદ્રાસના નૌકામથક જોડે દિવસો થયે વાર્તાલાપો ચલાવતા હતા. બંદરગાહની નજીકની લશ્કરી પોસ્ટ ઑફિસને એ જ દિવસે કૃષ્ણન્ એક વાયરલેસ સંદેશો મોકલાવ્યો : 'મમ્મી, તારી માંદગીમાં હવે સુધારો થયો કે નહિ ? મારે તને મળવા આવવું છે, પણ વિમાનવાહક જહાજ પર મારી ડ્યૂટી ચાલુ છે. નીકળી શકાય તેમ નથી. તબિયત સંભાળજે! લિ. એરાપલ્લીના પ્રણામ.'

આ સંદેશો નૌકામથકના ઑપરેટરે જાણીબૂઝીને વાયરલેસ દ્વારા લશ્કરી પોસ્ટ ઑફિસને મોકલ્યા પછી એ પોસ્ટ ઑફિસે તેનો ટેલિગ્રામ તૈયાર કરી એરાપલ્લીની મમ્મીને પાઠવવાનો હતો. અલબત્ત, ટેલિગ્રામ તેણે મોકલ્યો જ નહિ, કેમ કે મોકલવાની જરૂર ન હતી. મેસેજ તદ્દન બનાવટી હતો. વિદેશી ગુપ્તચરો જો ભારતીય નૌકાદળના સિક્રેટ વાયરલેસ સંદેશાને છૂપા રિસીવર વડે આંતરી લેતા હોય તો હવે તેમને ખોટી બાતમી એ મળે કે વિક્રાન્ત ખરેખર જ વિશાખાપટ્ટણમ્ના જળવિસ્તારમાં ક્યાંક હતું. જો એમ હોય તો જ તેનો ભારતીય નાવિક અહીંની પોસ્ટ ઑફિસે સંદેશાનો ટેલિગ્રામ નોંધાવે એવું તેમણે ખરેખર ધારી લીધું.

ગાઝીને બંદરગાહ તરફ લલચાવવા માટે કૃષ્ણન્‌ બીજો એક દાવ પણ ખેલ્યો. વિશાખાપટ્ટણમ્‌માં તેમણે રોજેરોજ બ્લેકઆઉટ કરી દેવાનો હુકમ આપ્યો. મદ્રાસ ખાતેના નૌકાઅધિકારી સાથે તેમણે વિમાનવાહક જહાજ વિક્રાન્ત અંગે સાદા ટેલિફોન પર વાત પણ કરી, જેનો સાર એટલો કે ભારતનું એ તરતું ઍરપોર્ટ વિશાખાપટ્ટણમ્‌ ખાતે હતું અગર તો ટૂંક સમયમાં ત્યાં લાંગરવાનું હતું. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે કૃષ્ણન્‌ને યુદ્ધ ફાટી નીકળ્યાના સમાચાર મળ્યા કે તરત વિનાશિકા રાજપૂતના કપ્તાન લેફ્ટનન્ટ-કમાન્ડર ઇન્દરસિંહને તેમણે બોલાવ્યા અને કહ્યું : 'તમે જલદી ખુલ્લા સમુદ્ર તરફ હંકારો અને દુશ્મન સબમરિનને પડકારો. મને ખાતરી છે કે એ સબમરિન આપણા વિમાનવાહક જહાજ પર ત્રાટકવા માટે અત્યારે વિશાખાપટ્ટણમ્‌ બંદર તરફ આવતી હશે.'

વિનાશિકા રાજપૂતે ખુલ્લા સમુદ્ર તરફ હંકારવાનું શરૂ કર્યું ત્યારે રાત ઢળી ચૂકી હતી. અક્ષય નામની એક પેટ્રોલ બોટ પણ તેની સાથે હતી. બરાબર એ જ વખતે ગાઝીએ વિશાખાપટ્ટણમ્‌ના મુખમાં સમુદ્રના તળિયે સુરંગો પાથરવાનું કામ આટોપ્યું હતું. દરેક સુરંગમાં શિપ-કાઉન્ટ મિકેનિઝમનો બંદોબસ્ત હતો. મતલબ કે દરેક સુરંગનો ફ્યૂઝ ચોક્કસ ગણતરીના કાંટે મૂકી શકાય એ જાતનો હતો. દા.ત. ફ્યૂઝ ત્રણના આંકડે મૂક્યો હોય તો સપાટી પર બે જહાજો સુરંગ પર કુદરતી પાણીનું દબાણ કરતા પસાર થયા પછી જેવું ત્રીજું જહાજ પસાર થાય કે સુરંગ વિસ્ફોટ પામે! વિક્રાન્ત અથવા તો ગમે તે વિમાનવાહક જહાજ હંકારે ત્યારે તેની આગળ પાયલટ કાર જેવાં બે-ત્રણ નાનાં જહાજો અચૂક હોય, માટે વિક્રાન્તના 'લાભાર્થે' સુરંગનો ધડાકો સહેજ વિલંબે થવો જોઇએ.

રાજપૂતના સોનારયંત્રમાં કશોક અવાજ સંભળાયો. દુશ્મન સબમરિન પાણી નાચે હંકારી





■ ગાઝીના નાવિકોના ચિંથરેહાલ લાઈફ-જેકેટ ચકાસતા વાઈસ-એડમિરલ એન. કૃષ્ણન્



■ સબમરિન ગાઝીના અવશેષો, જેને નૌકાદળના ગોતાખોરોએ સમુદ્રના તળિયેથી શોધી કાઢ્યા હતા

રહી હતી. લેફ્ટનન્ટ-કમાન્ડર ઇન્દરસિંહે પોતાના નાવિકોને હુકમ આપ્યો : 'ડેપ્થ ચાર્જ ફેંકો!'

જળસપાટી નીચે અમુક લેવલે ફાટે તેવા પીપડા આકારના બોમ્બ રાજપૂતના તૂતક પરથી સમુદ્રમાં ખાબક્યાં. ચંદ સેકન્ડો પછી સાગરપેટાળમાં જાણે ગાજવીજ થતી હોય તેમ કાજળઘેરા પાણીના સફેદ ફુવારા ઉછળ્યા. દરિયો ઉપરતળે થવા લાગ્યો. પ્રત્યેક ડેપ્થ ચાર્જનો વિસ્ફોટ પાણીમાં બેસૂમાર દબાણ પેદા કરતો હતો, જેને લીધે માછલાં પણ તરફડીને બહાર નીકળી આવતાં હતાં. માછલાં જેવા હાલ ગાઝીના થયા કે કેમ તે કોને ખબર, છતાં અનેક વિસ્ફોટોમાં હકીકતે એક વિસ્ફોટ ગાઝીના વિસર્જનનો પણ હતો. બીજી સવારે વિશાખાપટ્ટણમ્‌ના એક માછીમારને બારાના મુખ નજીક સપાટી પર કેસરી-પીળા રંગની કેટલીક ચીજો તરતી જોવા મળી. આ બધાં લાઈફ જેકેટ હતાં. દરેક પર ગાઝીનું નામ લખેલું હતું. વાઈસ-એડમિરલ કૃષ્ણન્ તરત નૌકાદળના ગોતાખોરોને ટેલિવિઝન કેમેરા સાથે પાણીમાં ઊતાર્યા. ગાઝીની કબર એ જવાનોએ શોધી કાઢી. છીછરા પાણીમાં શત્રુ સબમરિન મહદ્ અંશે છિન્નભિન્ન અને ખૂંપેલી પડી હતી. કમાન્ડર ઝફર મહમ્મદ ખાન અને તેમના ૮૨ નાવિકોના દયાજનક મૃતદેહો પણ ફ્લડ્લાઇટના પ્રકાશમાં દેખાતા હતા. ભારતીય ગોતાખોરોએ તે સૌ મૃતદેહોને બહાર કાઢ્યા અને લશ્કરી અદબ સાથે તેમની દફનવિધિ યોજવામાં આવી.

પાકિસ્તાનની કાળમુખી સબમરિન ભારતીય ધ્વજજહાજનો શિકાર કરવા જતાં ખુદ શિકાર બની એ ખુશખબર જો કે ભારતના આમ નાગરિકોને તાત્કાલિક જાણવા ન મળ્યા. એડમિરલ નંદાએ પહેલાં તો ગાઝીના ઇન્તેકાલની પાકી ખાતરી કરવા માટે તેના અવશેષો ખાસ વિમાન દ્વારા દિલ્હી મંગાવ્યા. સંરક્ષણ મંત્રી જગજીવન રામે પણ તે અવશેષો દીઠા. આમ છતાં ભારતીય વિનાશિકા રાજપૂતે યુદ્ધના પ્રથમ જ દિવસે એટલે કે ડિસેમ્બર ૩, ૧૯૭૧ના રોજ નોંધાવેલું પરાક્રમ ક્યાંય સુધી અજાણ્યું રહ્યું. ડિસેમ્બર ૯ ની સવારે પાર્લામેન્ટની બેઠક મળનાર હતી, એટલે સામી બેઠકે જગજીવન રામ મહત્ત્વની જાહેરાત આકાશવાણી પર કરવા માગતા ન હતા. સૌ પ્રથમ એ ખુશખબર તેમણે પાર્લામેન્ટને જ આપ્યા, જેના પછી ત્યાંની કેન્ટીનમાં રસગુલ્લા જેવી મિઠાઇઓ જોતજોતામાં ખૂટી પડી!

વિશાખાપટ્ટણમ્‌ના મુખમાં આજે પણ ગાઝીનું શબ સૂતું છે. શબ ભેગી કેટલીક અકબંધ સુરંગો છે, તો કેટલાક અકબંધ ટોરપિડો પણ છે. આથી જતાં-આવતાં જહાજોને દૂર રહેવાની

ચેતવણી આપવા માટે ત્યાં એક બોયું સતત તરતું રાખવામાં આવ્યું છે.

પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં પણ ગાઝીના મર્હૂમ કમાન્ડર ઝફર મહમ્મદ ખાનની એક નિશાની યાદગીરીના પ્રતીકરૂપે જોવા મળે છે. અહીંનું મુખ્ય નૌકાથાણું પી. એન. એસ. (પાકિસ્તાન નેવલ શીપ) ઝફર તરીકે ઓળખાય છે અને તે દિશામાં પડતા ચાર રસ્તાને પણ એ કમાન્ડરની યાદમાં ઝફર ચોક કહે છે.

ભારત-પાક વિગ્રહની પ્રથમ રાતે એક તરફ હુમલાખોર ગાઝી ડૂબી તો બીજી તરફ આંદામાનના કાંઠે લાંગરેલા વિમાનવાહક જહાજ વિક્રાન્તના કપ્તાન સ્વરાજ પ્રકાશને વાઇસ-એડમિરલ કૃષ્ણન્‌નો સાંકેતિક મેસેજ પહોંચ્યો :

'ઢાકાની દિશામાં પૂરઝડપે હંકારો અને ત્યાં કોક્સ બઝાર સહિત આસપાસના લક્ષ્યાંકો પર હવાઇ આક્રમણ શરૂ કરો.'

વિક્રાન્ત પરના આશરે સવા હજાર નાવિકોમાં તથા પાયલટોમાં જોતજોતામાં એક સાથે આનંદનું તથા રોમાંચનું મોજું ફરી વળ્યું. આ પ્રચંડ જહાજે તેના ફ્લીટ કમાન્ડર રિઅર-એડમિરલ હરિલાલ શર્માનો બહુરંગી ઝંડો ફરકાવ્યો અને ઉત્તર તરફ મોરો વાળ્યો. ■





પ્રકરણ : ૧૪

ધ બૅટલ ઑફ લોંગેવાલા

રાજસ્થાનના રણમાં પાકિસ્તાનની ટેન્કોનાં ઘોડાપૂરનું ભારતનાં વિમાનોએ 'બાષ્પીભવન' કરી નાખ્યું અને રેગિસ્તાનનો નપાણિયો પ્રદેશ પાકનું પાણીપત બન્યો !

વિમાનવાહક જહાજ વિક્રાન્ત અને બીજી મનવારોએ પૂર્વ પાકિસ્તાનને ખોખરૂં કરવા બંગાળના ઉપસાગરમાં બિલકુલ ઉત્તરનો લાંબો પ્રવાસ શરૂ કર્યો એ જ વખતે પશ્ચિમમાં રાજસ્થાન સરહદે પાકિસ્તાનનું ખૂંખાર આક્રમણ આવી રહ્યું હતું. આક્રમણની ગંધ પણ જો કે દુશ્મને ભારતીય ખુશ્કીદળ સુધી પહોંચવા દીધી ન હતી, માટે લોંગેવાલાના એ રેગિસ્તાની મોરચે પણ જનરલ સામ માણેકશાના સૈન્યનો છામ્બના છબરડા જેવો લોહિયાળ રકાસ નક્કી હતો. ભારતની લશ્કરી હરોળ લોંગેવાલા ખાતે કેટલી તકલાદી છે તેની જાસૂસી બાતમી જાણી લેનાર પાક કમાન્ડર મેજર-જનરલ મુસ્તફાએ હકીકતમાં આક્રમણ પહેલાં તેના સૈનિકોના મોઢે શેખી કરેલી કે, 'લોંગેવાલાને વટાવ્યા બાદ આવતી કાલે સવારનો નાસ્તો આપણે રાજસ્થાનના ઐતિહાસિક નગર રામગઢમાં કરીશું. અને ત્યાર પછી રાત્રિનું ભોજન જૈસલમેર શહેરમાં આરોગવા માટે તૈયાર રહેજો !'

આ શેખી સાવ બેબુનિયાદ ન હતી. મુસ્તફાના આત્મવિશ્વાસ માટે બે કારણો જવાબદાર હતાં. એક તો ૧૯૬૫ના યુદ્ધમાં લોંગેવાલા સરહદે પાક ફોજને પડકારવા જેટલી હિંમત ભારતે દેખાડી ન હતી. એ યુદ્ધ પૂરાં ૨૨ દિવસ ચાલ્યું, છતાં થોડાંઘણાં છમકલાંને બાદ કરતાં સરહદ પ્રમાણમાં શાંત રહી હતી. યુદ્ધવિરામ થયો ત્યારે પાકિસ્તાને નજીવો પ્રદેશ તેના કબજામાં રાખ્યો હતો અને તાશ્કંદ કરારના અન્વયે તે પ્રદેશ છેવટે તેની પાસે જ રહ્યો. હવે એ સફળતાનું ૧૯૭૧માં વધુ મોટે પયમાને તેણે પુનરાવર્તન કરવું હતું.



■ પાકિસ્તાનની મારકણી ટી-૫૯ રણગાડી અસલમાં રશિયન ડિઝાઈનની હોવા છતાં મેઈડ-ઈન-ચાઈના હતી

આત્મવિશ્વાસનું બીજું કારણ પાક ફોજે ગોઠવેલી અફલાતૂન વ્યૂહરચના પર આધારિત

હતું. સરહદ પછીનો ૪૦-૬૦ કિલોમીટર જેટલો પોતાનો આંતરિક રેગિસ્તાની પ્રદેશ તેણે સાવ રેઢો છોડી દીધો હતો. કોઇ લશ્કરી મથક નહિ અને સંરક્ષણ માટે સૈનિકોનાં છૂટપૂટ થાણાં પણ નહિ. ભારતનું સૈન્ય ધારે તો એ સળંગ પટ્ટાને સાર્વજનિક બગીચો સમજી પાકિસ્તાનમાં કશા પ્રતિકાર વિના ૪૦-૬૦ કિલોમીટર સુધી પહોંચી શકે અને ત્યાર પછી જ મજબૂત હરોળ રચીને ગોઠવાયેલા દુશ્મન પાયદળનો તથા બખ્તરિયા દળનો તેને ભેટો થવા પામે. પાકિસ્તાનનો આવો વ્યૂહાત્મક દાવ પહેલી નજરે બેવકૂફીભર્યો લાગે, છતાં ભારત માટે તેણે ખતરનાક છટકું જ ગોઠવ્યું હતું. રેઢો મૂકાયેલો પ્રદેશ અત્યંત રેતાળ હતો, જેના પર ભારેખમ રણગાડીઓ પ્રતિકલાકે દસેક કિલોમીટરના વેગે પણ આગળ વધી શકે નહિ. દરમ્યાન જે કલાકો વીતે તેમાં ભારતીય જવાનો તેમના પાણીનો સ્ટોક લગભગ ખૂટાડી ચૂક્યા હોય, દરેક રણગાડીમાં ડીઝલનો પૂરવઠો અડધો થયો હોય અને છેલ્લે જ્યારે તરોતાજા પાક સૈનિકો જોડે યુદ્ધ ખેલવાનું થાય ત્યારે થકાવટ મહેસૂસ કરવા માંડેલી ભારતીય ડિવિઝન લાંબો સમય ઝઝૂમી શકે નહિ.

પાકિસ્તાને રાજસ્થાન સરહદે ગોઠવેલા આવા પેચીદા તખ્તાને ધ્યાનમાં લેતા જ ૧૯૬૫ના યુદ્ધ વખતે ભારતે ત્યાં રણપ્રદેશનો મોરચો ખોલવાનું ટાળ્યું હતું અને બધી તાકાત પંજાબ સરહદે કેન્દ્રિત કરી હતી. હકીકતમાં રાજસ્થાન ખાતે આપણી જમાવટ એટલી નબળી હતી કે ભારતીય વાયુસેના પણ ત્યાં એકમાત્ર જોધપુર ખાતે ઍર-બેઝ ધરાવતી હતી. અત્યંત મહત્વના એવા તે સરહદી રાજ્યમાં બીજું હવાઇમથક નામમાત્ર ન હતું. બીજી તરફ રાજસ્થાન કરતાં ટૂંકી સરહદવાળા પંજાબમાં એક ડઝન ઍર-બેઝ હતાં.

પાકિસ્તાનની ટી-૫૯ ટેન્કનો પરિચય


ટેન્કનું વજન	૩૬ ટન
તોપનો વ્યાસ	૧૦૦ એમ. એમ.
વિમાનવિરોધી તોપ	૧૨.૭ એમ. એમ.
ઝડપ	૪૮ કિલોમીટર
ઊંચાઇ	૭.૮ ફીટ
પહોળાઇ	૧૦.૭ ફીટ
પ્રવાસમર્યાદા	૪૦૦ કિલોમીટર
એન્જિન	૫૨૦ હોર્સપાવર
બખ્તરની જાડાઇ	૨૦૩ એમ. એમ.
તોપચી અને ચાલકો	કુલ ૪

૧૯૬૫ના યુદ્ધ પછી ઍર ચીફ-માર્શલ પી. સી.લાલે તે ભૂલ સુધારી લેવાનું નક્કી કર્યું. પાકિસ્તાનનું લશ્કર જ્યાં સરહદ ઓળંગીને ૧૯૬૫માં ભારત પર આક્રમણ લાવેલું તેની બિલકુલ નજીક બાડમેર ખાતે ઍર-માર્શલે ઉત્તરલાઇ નામનું નવું હવાઇમથક બંધાવ્યું. જૈસલમેરમાં પણ એક મોટો અડ્ડો તૈયાર કરાવ્યો. થરના વિકટ રણ વચ્ચે જ્યાં પાણીનું ટીપુંય શોધ્યું ન જડે ત્યાં ટેક્નિશિઅનો, પાયલટો, એન્જિનિઅરો વગેરે મળી લગભગ ૧૧૫ જણાને સ્થાયી ધોરણે વસાવવા એ લગભગ અશક્ય વાત હતી. ઉત્તરલાઇમાં તો ઍરફોર્સના જવાનો માટે વાહનોની સગવડ પણ એક જીપ અને એક ટ્રક પૂરતી સીમિત રાખવાનો વારો આવ્યો, કારણ કે પીવા માટે પાણીનાં ફાંફાં હોય ત્યારે વાહનોના રેડિયેટરમાં પાણી રેડવાનું તો પોસાય કેમ ?

જૈસલમેરના નવા ઍર-બેઝ પર જો કે ચમત્કાર જેવો પ્રસંગ બન્યો જેણે ત્યાં વૉટર-શોર્ટેજ હંમેશ માટે દૂર કરી દીધી. આ મથક પર નવા તૈનાત થયેલા ઍર-કોમોડર સુદર્શન ભૂગર્ભજળના ભોમિયા હતા. હળદરની અંગ્રેજી 'વાય' (Y) ના આકારની ડાળખી હાથમાં પકડીને તેમણે ધોમધખતી રેતી પર કલાકો સુધી લટારો મારી. હવાઇમથકના બીજા અફસરો તથા પાયલટો તેમના અજૂબા ખેલને કૌતુકભરી નજરે જોતા રહ્યા. અંતે ચમત્કાર થયો. ઍર-કોમોડર સુદર્શનના હાથમાં ડાળખી સુદર્શનની જેમ જ એટલા પૂરવેગે ફરવા માંડી કે તેઓ પોતે હચમચવા લાગ્યા. ભૂગર્ભજળ બિલકુલ તેમના પગ નીચે પાતાળમાં હોવાનું જણાવ્યું. ઍરફોર્સના ભણેલાગણેલા સભ્યોને તેમનો દાવો ન જચ્યો, છતાં રખે આંધળાનો ઘા પાંસરો નીવડે એમ

ધારી રાજસ્થાન સરકારનો ટ્યૂબવેલ ખટારો મંગાવવામાં આવ્યો ત્યારે ખરેખર એ ઠેકાણે બરાબર ૯૦૫ ફીટ ઊંડે મીઠા પાણીનો અઢળક ભંડાર મળી આવ્યો. જૈસલમેર ઍર-બેઝના બાકી રહેલા સિમેન્ટ કોન્ક્રિન્ટના બાંધકામો પણ હવે એ પાણી વડે પૂરાં કરવાનું શક્ય બન્યું.


આ નવા ઍર-બેઝને ટીપટોપ સ્વરૂપ આપવાનું કામ વિંગ કમાન્ડર એમ. એસ. બાવાને સોંપવામાં આવ્યું હતું, જેઓ પહેલાં જામનગરના કમાન્ડિંગ ઑફિસર હતા. જામનગરથી જ ઑક્ટોબર ૧૫, ૧૯૭૧ના રોજ ૬ હન્ટર વિમાનોને પણ જૈસલમેર ટ્રાન્સફર કરવામાં આવ્યા. ઉત્તરલાઈના ઍર-બેઝને નેટ અને મારૂત (એચ.એફ.-૨૪) વડે પણ સજ્જ કરાયું.



■ કુલ ૭૦ જવાનોની બનેલી કમ્પનીના જવાંમર્દ સરદાર મેજર કુલદીપસિંહ ચાંદપુરી

પાકિસ્તાન યુદ્ધ કરવા માગે છે એટલું જ નહિ, બલ્કે રાજસ્થાનનો ખાસ્સો પ્રદેશ અણધાર્યા હુમલા વડે જીતી લેવા માગે છે એ વાતનો ભારતીય ગુપ્તચરખાતાને હજીયે ખ્યાલ ન હતો. પાકિસ્તાનમાં સક્રિય એવા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના સેંકડો ભારતીય જાસૂસો આમેય કાશ્મીર અને પંજાબ મોરચાને લગતી ગુપ્ત બાતમી માટે વધુ ખાંખાંખોળાં કરતા હતા. રાજસ્થાન અંગે દુશ્મનનું છૂપું પ્લાનિંગ છેવટે અનાયસે જ પ્રકાશમાં આવ્યું. ૧૯૭૧માં ઑગસ્ટના છેલ્લા અઠવાડિયામાં સીમા સુરક્ષા દળે રાતના સમયે એક શંકાસ્પદ ઊંટસવારને પકડ્યો. ભારતના નપાણિયા રણ પર ઝડપભેર ઊંટ દોડાવતો તે પાકિસ્તાન જતો હતો. બૉર્ડર સિક્યોરિટી ફોર્સના ભારતીય જવાનોએ સરહદ પહેલાં જ તેને આંતરી લીધો. દેખીતી રીતે એ દાણચોર હોવાનું જણાતું હતું, માટે પહેલાં તો કશી પૂછતાછ વગર તેને સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો. માલમત્તામાં કશું ન હતું. નહાવાના ખૂશ્બોદાર સાબુની ન વપરાયેલી અને યથાવત્ પૅક રહેલી એક ગોટી જો કે તેની પાસે હતી. આ માલમત્તા સીમા સુરક્ષા દળના કમાન્ડરને જરા વિચિત્ર લાગી. તરસ છીપાવવા માટે પાણી ગનીમત ન થતું હોય એવા થરના રણમાં આવો લુખ્ખો માણસ નહાવાનો સાબુ શા માટે રાખે? આનું રહસ્ય કમાન્ડરે બ્લૅડ વડે કાળજીપૂર્વક એ ગોટીને કાપી ત્યારે ખૂલ્યું. અંદરના પોલાણમાં વ્યવસ્થિત ગડી વાળેલો બ્લૂપ્રિન્ટનો કાગળ હતો અને તે બ્લૂપ્રિન્ટ જૈસલમેર ઍર-બેઝના નકશાની હતી. પાકિસ્તાનને એ નકશાનો ખપ પડ્યો તેનો મતલબ એ કે પાક વાયુસેના કદાચ ટૂંક સમયમાં જૈસલમેર પર ત્રાટકવા માગતી હતી. અલબત્ત, વાયુસેના એકલી ત્રાટકે તેનો કશો અર્થ ન સરે, કેમ કે ફક્ત આકાશ જીતીને કશું નક્કર હસ્તગત થાય નહિ. આકાશી છત્ર હેઠળ પછી દુશ્મનનું ભૂમિદળ રાજસ્થાનમાં ઘૂસી આવવા માગતું હોય એવું પણ બને.

આ તરફ જનરલ સામ માણેકશાએ પોતે અત્યંત મહત્ત્વાકાંક્ષી પ્લાન ઘડી રાખ્યો હતો. રાજસ્થાનની હિફાઝત સામાન્ય રીતે જોધપુર ખાતેની ૧૨મી ઈન્ફન્ટ્રી (પાયદળ) ડિવિઝન કરતી હતી, પણ માણેકશાએ અમદાવાદના કેન્ટોનમેન્ટમાં અડ્ડો ધરાવતી ૧૧મી ઈન્ફન્ટ્રી ડિવિઝનને પણ રાજસ્થાન ટ્રાન્સફર કરી. બન્ને ડિવિઝનનોને (અંદાજે ૩૫,૦૦૦ સૈનિકોને) શસ્ત્રસજ્જ કરવામાં તો ખુશ્કીદળના એ સર્વોચ્ચ સેનાપતિએ કશી કમી રહેવા ન દીધી. એ.



એમ. એક્સ.-૧૩ પ્રકારની હળવી ટેન્કોનો કાફલો તેમને સુપરત કર્યો. એ જ રીતે ૧૧મી ડિવિઝનને ટી-૫૫ પ્રકારની રશિયન ટેન્કો આપી, જેમના કમાન્ડર મેજર બી. એમ. મહેતા હતા. ઇન્દિરા સાથે મસલતો ચલાવ્યા બાદ નક્કી એમ થયું કે જનરલ યાહ્યા ખાન યુદ્ધ જાહેર કરે તેના બીજા જ દિવસે લોંગેવાલા સરહદનું ફાંકું ખોલીને બેય ડિવિઝનો દુશ્મન પ્રદેશમાં ઘૂસી જાય અને છેક રહીમયાર ખાન નામના રેલ્વે સ્ટેશન સુધી પહોંચે.

આ રેલ્વે સ્ટેશનનું ભૌગોલિક સ્થાન નકશામાં બરાબર જુઓ. સિન્ધના કરાંચી અને પંજાબના લાહોરને જોડતી એકમાત્ર રેલ્વેલાઇન પર રહીમયાર ખાન બહુ મોટું જંકશન હતું. ભારત તે જંકશન પર કબજો જમાવે, એટલે પછી પંજાબ અને સિન્ધ વચ્ચે કશો સંપર્ક રહે નહિ. જનરલ માણેકશા સિન્ધને તદ્દન છૂટું પાડી દેવા માગતા હતા અને સરવાળે તેનો શક્ય એટલો પ્રદેશ તેમને જીતી લેવો હતો. આ જવાબદારી તેમણે ૧૨મી ડિવિઝનના મુખ્ય સરદાર મેજર-જનરલ આર. એફ. ખંભાતાના માથે નાખી. જવાબદારી અદા કરવામાં ૧૧મી ડિવિઝનના મેજર-જનરલ આર. ડી. આનંદે પણ ખંભાતાને મદદરૂપ બનવાનું હતું. અલબત્ત, ખૂંખાર હુમલાનો જડબેસલાક પ્લાન વાસ્તવમાં માત્ર ખયાલી પુલાવ સાબિત થવાનો છે એ માણેકશાને ખબર ન હતી.

પાકિસ્તાને ડિસેમ્બર ૩, ૧૯૭૧ના સૂર્યાસ્ત વખતે આકાશી હુમલા સાથે યુદ્ધનું એલાન કર્યા પછી થોડા જ કલાકોમાં રાત ઢળી અને રાજસ્થાનના સીમાડે એ દિવસ કશી નવાજૂની વગર પૂરો થયો. લોંગેવાલા સરહદે (હકીકતમાં સરહદ કરતાં સહેજ દૂર) માત્ર બે પલટણોની બનેલી એક નાની સૈનિક ટુકડી એટલે કે કમ્પની હંમેશ મુજબ પડાવ નાખીને પહેરો ભરતી હતી. આ ૨૩મી પંજાબ કમ્પનીના સરદાર મેજર કુલદીપસિંહ ચાંદપુરી વારંવાર સીમાડા તરફ હંકારીને બૉર્ડર પોસ્ટ તપાસી લેતા હતા. રેગિસ્તાનમાં સરહદને એરસરખા માર્કિંગ વડે તો આંકી શકાય નહિ, એટલે થોડા થોડા અંતરે સિમેન્ટ-કોન્ક્રિટના ત્રિકોણાકાર ચોસલા ગોઠવવામાં આવ્યા હતા. ચોસલા પર 'બૉર્ડર પોસ્ટ' શબ્દોના ટૂંકાક્ષરો 'બી. પી.' સાથે નંબરો કોતરેલા હતા. મેજર ચાંદપુરીની છાવણી બી. પી.-૬૩૮ કહેવાતા ચોસલા નજીક હતી.

ડિસેમ્બરની પહેલી તારીખ પછી મેજર કુલદીપસિંહને તેમના શીખ જવાનો સતત ફરિયાદ કરતા રહ્યા કે સરહદપારના રખડુ કૂતરાઓ ટોળાબંધ આવતા હતા અને છાવણી વચ્ચે ખડા કરાયેલા મીની સાઇઝના ગુરૂદ્વારામાં ઘૂસી જતા હતા. મેજર ચાંદપુરીએ અનુમાન કર્યું કે કદાચ ગુરૂદ્વારાનું લંગર (રસોડું) મઘમઘતી સોડમને લીધે એ શ્વાનો માટે આકર્ષણ જમાવતું હોવું જોઇએ. આમ છતાં પવિત્ર લંગરને કૂતરાઓ અભડાવે તે કેમ ચાલે ? પહેલે દિવસે ટોળાને હાંકી કાઢવામાં આવ્યા, પરંતુ બીજે દિવસે શીખ જવાનોની ફરિયાદોનો સીલસીલો જારી રહ્યો. કેટલાક વધુ કૂતરાઓ ટપકી પડ્યા. બધા જ રખડુ હતા. શેરીમાં જોવા મળે એ જાતના હતા. છાવણી ફરતે ટળવળતા અમુક કૂતરાને તગેડી મૂકાય તો વળી બીજા કેટલાકનું આગમન થતું હતું. મેજર કુલદીપસિંહ ચાંદપુરીએ અંતે કંટાળીને છાવણી ફરતે કાંટાળી વાડ બાંધવા માટે તેમના જવાનોને હુકમ આપ્યો. તાર પર ઠેકઠેકાણે ટીન ફૂડના ખાલી ડબ્બા પણ લટકાવવામાં આવ્યા, જેથી રાતવરાત પણ કૂતરા અંદર પ્રવેશવા જાય તો ડબ્બાનો મ્યુઝિકલ અવાજ મુખ્યત્વે શીખ એવા ૭૦ જવાનોને સાબદા કરી દે. અલબત્ત, ચાંદપુરી સહિત એકેય જવાનને એ ન સમજાયું કે આવા ભેંકાર પ્રદેશમાં જ્યાં ચકલુંય ફરકતું જોવા ન મળે ત્યાં ટોળાબંધ કૂતરા આવ્યા ક્યાંથી ? વળી તેમનાં ધાડાં વણઅટક્યાં આવ્યાં જ કરે એ બીજી હેરતભરી વાત હતી. આગમનની દિશા પશ્ચિમ હતી એ ત્રીજી હેરતભરી વાત કે જેનો બૌદ્ધિક ચમકારો હજી ચાંદપુરીના મગજમાં થવાનો બાકી હતો.

આ ચમકારો થાય તે પહેલાં ૩જી ડિસેમ્બરે મેજરને વાયરલેસ સંદેશો મળ્યો કે, 'પશ્ચિમ મોરચે યુદ્ધ ફાટી નીકળ્યું છે. દુશ્મને આપણાં હવાઇમથકો પર હુમલા કર્યા છે, માટે જમીનરસ્તે પણ તેનું આક્રમણ થાય તેવો સંભવ છે. તમે ખબરદાર રહેજો !'

સિત્તેર જણા ખબરદાર રહીને પણ શું કરી શકે તે એક પ્રશ્ન હતો. આમ છતાં બીજી રાત્રે મેજર ચાંદપુરીએ એક નાની ટુકડીને કેપ્ટન ધરમવીર નામના હિંમતવાન અફસરની સરદારી હેઠળ બી. પી.-૬૩૮નું નિરીક્ષણ કરવા મોકલી. વાતાવરણમાં કાતિલ ઠંડી હતી. સ્વચ્છ આકાશમાં લગભગ પૂર્ણકળાનો ચંદ્ર પ્રકાશતો હતો. બૉર્ડર માર્કર જેવા ચોસલા પાસે કેપ્ટન ધરમવીર અને તેમના જવાનો પહોંચ્યા ત્યારે મોડી રાતના અગિયાર વાગી ગયા. ઓચિંતો કશોક અવાજ કાને પડ્યો. દૂર ક્યાંક મેઘગર્જના થતી હોય એમ લાગતું હતું. ભરશિયાળે ગાજવીજ તો થાય નહિ. થરના રણમાં તે અશક્ય પણ હતું. કેપ્ટન ધરમવીરે કાન વધુ સરવા કર્યા. જમીનસરસા લેટીને અવાજ ઝીલવાનો પ્રયત્ન કર્યો અને તરત પામી ગયા કે જમીનને રગડતી ટેન્કોનો તે અવાજ હતો ! સંખ્યાબંધ ટેન્કોનાં પૈડાં અને દાંતાવાળા પટ્ટા ધમધમાટી બોલાવતાં હતાં. એન્જિનોની ઘરેરાટી પણ તે મંદ ઘોંઘાટમાં ભળેલી હતી. પાકિસ્તાનનું બખ્તરિયા દળ લોંગેવાલા પર હુમલો કરવા માટે ધસી આવતું હતું! હકીકતમાં ૧૮મી પાક ડિવિઝન પોતાની સંપૂર્ણ તાકાત સાથે નીકળી પડી હતી. ભારતના રામગઢમાં નાસ્તો કરવા માટે અને પછી જૈસલમેરમાં રાતનું ભોજન લેવા માટે ! દિવસભર એ રણગાડીનો કાફલો આગળ વધ્યો હોવો જોઇએ, કારણ કે તેના ઘોંઘાટને લીધે જ ભડકેલા રખડુ કૂતરા ભારત તરફ ભાગ્યા હતા. કેપ્ટન ધરમવીરે વાયરલેસ દ્વારા મેજર કુલદીપસિંહ ચાંદપુરીને મેસેજ પાઠવ્યો : 'દુશ્મનની ટેન્કો આપણી તરફ આવતી જણાય છે. કાફલો મોટો છે. ટેન્કો દેખાતી નથી, પણ અવાજ ધીમે ધીમે નજીક આવતો જણાય છે. અમારા માટે શો હુકમ છે ?'

'તમે સૌ ત્યાં જ રહો ! મને રિપોર્ટ આપતા રહેજો.' મેજર ચાંદપુરીએ સૂચના આપી. 'દરમ્યાન હું બટાલિયન હેડક્વાર્ટરને જાણ કરૂં છું.'

હેડક્વાર્ટર તો છેક જૈસલમેરમાં હતું. અહીં બટાલિયન કમાન્ડર લેફ્ટનન્ટ કર્નલ મહમ્મદ ખુર્શીદ હુસેનને જેવો મદદનો સંદેશો મળ્યો કે તરત બે ટેન્કવિરોધી મોબાઇલ તોપોને જરૂરી બારૂદ સાથે તેમણે મેજર ચાંદપુરીની છાવણી તરફ રવાના કરી. આ તોપો સિવાય બીજાં શસ્ત્રો હુસેન પાસે ન હતાં. દરમ્યાન મધરાત પછી સવા બે વાગ્યે દુશ્મન ટેન્કોનો ભયાનક રસાલો બી. પી.-૬૩૮ પાસે ભારત-પાક સરહદને ઓળંગી ગયો. ઠંડીગાર રેતીના ઢૂવા પાછળ તદન પેટભર લેટેલા કેપ્ટન ધરમવીર અને તેમના જવાનો બેબસીપૂર્વક તે દૃશ્ય જોતા રહ્યા. પાકિસ્તાનું આક્રમક બખ્તરિયા દળ ટી-૫૯ પ્રકારની આશરે ૨૦ સેન્ટિમીટર જાડા બખ્તરવાળી ટેન્કોનું બનેલું હતું. આ રણગાડીને ટી-૫૫ તરીકે ઓળખો તો પણ ચાલે, કારણ કે એ બ્રાન્ડવાળી મૂળ રશિયન ટેન્કોની ચીને નકલ કરી તેમને નવું લેબલ ટી.-૫૯નું આપ્યું હતું. પાકિસ્તાનના ખુશ્કીદળે ચીન સાથે આશરે ૨૫૦ ટેન્કોનો સોદો કર્યો હતો.

કેપ્ટન ધરમવીર માટે ફરી વખત મેજર ચાંદપુરીનો મેસેજ આવ્યો : 'ટેન્કોની સંખ્યા ગણી મને જણાવો અને જ્યાં છો ત્યાં જ રહેજો !'



■ હવાઈદળનાં હન્ટર વિમાનોએ બોમ્બવર્ષાથી દુશ્મનની આખી ટેન્ક રેજિમેન્ટનો ખુરદો વાળી દીધો

ઉજાસભરી ચાંદની રાતમાં ભૂતાવળ જેવા એક પછી એક 'પોલાદી કિલ્લા' પસાર થતા ગયા. ઢૂવાની આડશ પાછળ માત્ર ૩૦૦ ફીટ છેટે રહીને કેપ્ટન ધરમવીર લગભગ અંત વગરના કાફલાનું સંખ્યાબળ માપતા રહ્યા. છેલ્લી રણગાડી પસાર થયા બાદ તોપસજ્જ બખ્તરિયા વાહનો આવતાં દેખાયાં અને તેમનાં પગલે કેટલાંક પૂરવઠા વાહનો પસાર થયાં. આ ખોફનાક લાવલશ્કર સીધું મેજર ચાંદપુરીની છાવણી તરફ આગળ વધતું હતું. આ ઘોડાપૂર સામે ટચૂકડી છાવણી કલાકો તો શું, ચંદ મિનિટો પણ ટકી શકે નહિ. દિલાસાની વાત ફક્ત એટલી કે લેફ્ટનન્ટ કર્નલ મહમ્મદ ખુર્શીદ હુસેને સાચે જ યુદ્ધના ધોરણે રવાના કરેલી બે ટેન્કવિરોધી તોપોને હવે તે છાવણી સુધી પહોંચવા આડે ઝાઝી વાર ન હતી. પાકિસ્તાનના બખ્તરિયા દળને જો કે ભારેખમ રણગાડીઓ નીચે ફસકી જતી રેતી પર છાવણી સુધીનું અંતર કાપવામાં ખાસ્સી વાર લાગી. રસ્તામાં એ રસાલો વારંવાર અટક્યો. પાકિસ્તાનના અફસરો પણ થરના રણને પૂરેપૂરું ઓળખતા ન હતા. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન હિટલરના સેનાપતિ રોમેલે આફ્રિકાના રેગિસ્તાનમાં વિદ્યુતવેગી ટેન્કયુદ્ધ ખેલી બતાવ્યું એ પ્રસંગ તેમણે યાદ રાખ્યો હતો. મતલબ કે સહરાના રણમાં જો રણગાડી સ્ફૂર્તિપૂર્વક હંકારી શકાતી હોય તો થરના રણમાં કેમ નહિ? થરમાં રેતીના કણો છૂટાછવાયા અને તદન લપસણા હોવાનો તેમને બિલકુલ ખ્યાલ ન હતો.

મેજર-જનરલ ખંભાતાએ લોંગેવાલા ખાતે મેજર ચાંદપુરીને વાયરલેસ દ્વારા તાકીદ કરી: 'હવાઈદળ તમને મદદ કરવા આવે છે, પણ દરમ્યાન કસીને દુશ્મનનો મુકાબલો કરજો.'

હાથી અને મચ્છર વચ્ચે મુકાબલો જરાય શક્ય ન હોવા છતાં સરવાળે એવો જ ચમત્કાર

બન્યો. બીજા દિવસની સાંજ ઢળી ચૂકી ત્યારે દુશ્મનનું બખ્યરિયા દળ છાવણી નજીક પહોંચ્યું. મેજર ચાંદપુરીએ ટેન્કવિરોધી તોપો વડે જોરદાર ફાયરિંગ શરૂ કરાવ્યું. ઉપરાઉપરી ગોળા ફેંકવામાં આવ્યા. તોપોનું સ્થાન પણ વખતોવખત બદલવામાં આવ્યું. પરિણામે દુશ્મનોને લાગ્યું કે અહીં ભારતે મજબૂત કિલ્લેબંધી રચી હતી. કૂતરાઓ માટે બાંધવામાં આવેલી કાંટાળા તારની વાડે પાછો એ ગેરસમજમાં વધારો કર્યો. રણમોરચે સામાન્ય રીતે વાડ સુરંગક્ષેત્રને અલગ પાડવા માટે બાંધવામાં આવે, એટલે પાક સેનાપતિ મેજર-જનરલ મુસ્તફાએ પોતાના બખ્તરિયા કાફલાને દૂર જ થંભી જવાનો હુકમ આપ્યો. રાત્રિના સમયે અંધારા વચ્ચે સુરંગક્ષેત્રમાં દાખલ થવું તેને જોખમકારક લાગ્યું. દુશ્મન બખ્તરિયા દળ મુખ્યત્વે પંજાબી, બલુચી અને પઠાણ સૈનિકોનું બનેલું હતું, જેમાંના કેટલાક મુજાહિદો હતા. ગુરૂદ્વારાની ટોચ પર ફરકતી ધજાને ઓળખ્યા બાદ તેમણે મેજર કુલદીપસિંહ ચાંદપુરીને વહેલી સવારે ખબર પાડી દેવાના આશયે મોટા સાદે વૉર્નિંગ આપી : 'ઓ શીખ, અસીં આ ગયે હૈં !'

આમ છતાં પ્હો ફાટ્યો ત્યારે પહેલું આગમન જૈસલમેરનાં હંટર વિમાનોનું થયું. સ્ક્વૉડ્રન લીડર દાસ અને ફ્લાઇટ-લેફ્ટનન્ટ ગોસાંઇનાં બે હન્ટર વિમાનો સંખ્યાબંધ બોમ્બ અને રોકેટ પ્રોપેલ્ડ ગોળા સાથે આકાશમાં ચડી આવ્યાં. દરમ્યાન કૃષક પ્રકારના એક ટચૂકડા પ્લેનમાં કેપ્ટન પી. બી. એસ. સાંગા દુશ્મન બખ્તરિયા દળના માથે ફક્ત ૧૫૦ ફીટના લેવલે રાઉન્ડ મારી રહ્યા હતા. આ પ્લેન એ. ઓ. પી. નું યાને કે ઍર ઑબ્ઝરવેશન પોસ્ટનું હતું. હન્ટર જેવાં ચીલઝડપી વિમાનો હુમલાના સ્થળે પહોંચે એ પહેલાં જમીન પરનાં લક્ષ્યાંકો અંગે કૃષક જેવા ધીમા નિરીક્ષક પ્લેન દ્વારા તેમને આગોતરું દિશાસૂચન મળી રહેવું જોઇએ. સુપરફાસ્ટ હન્ટર એ સિવાય પોતાની તરાપનું એડવાન્સમાં પ્લાનિંગ કરી શકે નહિ. બીજી તરફ કૃષક જેવું સહેલું નિશાન પણ દુશ્મન માટે બીજું એકેય નહિ. પ્રથમ બે હન્ટરો પહોંચ્યાં એ પહેલાં જ કેપ્ટન સાંગાના કૃષકને પાંખમાં એન્ટિ-ઍરક્રાફ્ટ મશીનગનની એક ગોળી વાગી, છતાં સાંગા તેમના પંગુ પ્લેન સાથે હિંમતપૂર્વક ડ્યૂટી બજાવતા રહ્યા.

બરાબર ૭:૦૨ ના સમયે હન્ટરના આકાશી હુમલા શરૂ થયા. મેજર ચાંદપુરીની છાવણીને ઘેરી વળેલી ડઝનબંધ ટી-૫૯ ટેન્કો પર શરૂઆતમાં તો નિશાન તાકવું પડે તેમ જ ન હતું. યુદ્ધ પછી સ્ક્વૉડ્રન લીડર દાસે પોતાના એક્શન રિપોર્ટમાં જણાવ્યું તેમ : 'પહેલાં તો અમને પ્રશ્ન થયો કે રણગાડીઓ દુશ્મનની હતી કે ભારતની ? લોંગેવાલાની ટચુકડી છાવણી ફરતે દુશ્મનો આટઆટલી રણગાડીઓ ખડકે એ કરતાં ભારતે તેમને યુદ્ધ માટે પાર્ક કરી રાખી હોય એવો સંભવ વધુ જણાતો હતો. વળી પાક ટી-૫૯ને આપણી ટી-૫૫ કરતાં જુદી તારવવાનું પણ મુશ્કેલ હતું. અલબત્ત, વિમાનવિરોધી મશીનગનો રમઝટ બોલાવવા લાગી ત્યારે અમે સત્કાર સમારંભ શરૂ કરી દીધો !'

પાકિસ્તાન માટે એ સત્કાર ગરમાગરમ નીવડ્યો. હન્ટર વિમાનોએ શરૂઆતમાં ૫૦૦ રતલી બોમ્બગોળા ઝીંક્યા, એ પછી રોકેટ પ્રોપેલ્ડ ગોળા વરસાવ્યા અને તે પુરવઠો ખૂટ્યો એટલે ૩૦ મીલીમીટરના વ્યાસની તોપો વડે ભીષણ મારો ચલાવ્યો. ફ્લાઇટ-લેફ્ટનન્ટ સુરેશ ચોપરાનું ત્રીજું હન્ટર પણ આવી પહોંચ્યું અને તેની વાજોવાજ ચોથા હન્ટરનું આગમન થયું વિમાનો કુલ મળીને ફક્ત ૬ હતાં. લોંગેવાલા અને જૈસલમેર વચ્ચે તેમણે સતત આંટાફેરા કરવા પડ્યા, કેમ કે શસ્ત્રભંડાર ખાલી થયા બાદ ફરી શસ્ત્રસજ્જ બની નવો હુમલો પણ તેમણે જ કરવો પડતો હતો. આ જાતના રિટર્ન પ્રવાસ દરમ્યાન સ્ક્વૉડ્રન લીડર દાસે તેના એક પાયલટને સવાલ કર્યો : 'આપણી તોપો વડે પણ રણગાડીઓ આગ પકડે છે એ ધ્યાનમાં આવ્યું ?'

ધ્યાન આપવા જેવો જ એ મુદ્દો હતો. પાકિસ્તાનના મેજર-જનરલ મુસ્તફા જો રામગઢમાં નાસ્તો કરવા માગતા હોય અને ત્યાર બાદ રાતનું ભોજન લેવા માટે છેક જૈસલમેર પહોંચવા માગતા હોય તો દેખીતું છે કે તેમના બખ્તરિયા દળે બળતણનો ખાસ્સો અનામત પુરવઠો સાથે રાખવો જોઈએ. આ પુરવઠારૂપે હાઈ-સ્પીડ ડીઝલનાં બબ્બે પીપડાં દરેક રણગાડીની પાછળનાં રૅક પર બાંધવામાં આવ્યાં હતાં. હન્ટરની તોપોનો ગોળો ફક્ત ત્રણ સેન્ટિમીટરના વ્યાસનો હોવાને કારણે ટી-૫૯ વીસેક સેન્ટિમીટર જાડા બખ્તરને તો એ વીંધી શકે નહિ, પરંતુ ડીઝલના પીપમાં તેમનો પલીતો ચંપાય કે તરત આગ ફાટી નીકળતી હતી. એ પછી નીચલી ચેમ્બરમાં રહેતો જે તે રણગાડીનો બારૂદ પણ ધડાકાભેર ફાટતો હતો. છેવટે 'પુરાંત જણસે' તરીકે એ રણગાડીના વેરણછેરણ ફુરચા જ બાકી રહેતા હતા.

'પીપડાંનું નિશાન લો !' સ્ક્વૉડ્રન લીડર દાસે પોતાના દરેક પાયલટને વાયરલેસ દ્વારા સૂચના આપી દીધી.

રેગિસ્તાનમાં ભાગદોડ મચી. પાકિસ્તાની ટેન્કચાલકો જીવ બચાવવા માટે પોતપાતાની રણગાડીને વર્તુળાકારે સતત વાળતા રહ્યા. અમુક ચાલકો તો રણગાડી તજીને પોતે ભાગ્યા. વહેલી સવારે શરૂ થયેલો જીવનમરણનો પકડદાવ બપોર સુધી નિરંતર ચાલ્યો. દરમ્યાન વધુ કેટલાંક હન્ટર વિમાનો હુમલામાં જોડાયાં. મેજર આત્માસિંહ નામના બીજા જવાઁમર્દ પાયલટ તેમના કૃષક સાથે પણ યુદ્ધમાં સામેલ થયા. કેપ્ટન સાંગાના કૃષકને સાતેક બુલેટો વાગી હતી. વારંવાર તેઓ કાબૂ ગુમાવતા હતા. એક વાર તો કૃષકનાં પૈડાં રેતીના ઢૂવા સાથે ટકરાયાં અને તો પણ સાંગાએ એન્જિન પાવર વધારી કૃષકને પાછું આકાશમાં ચડાવ્યું.

હવે રેગિસ્તાન ભડકે બળતું હતું. ખરૂં જોતાં ભંગારવાડામાં ફેરવાયું હતું. લાગલગાટ ૧૧ કલાક સુધી લોંગેવાલાના મોરચે તરખાટ મચતો રહ્યો. પાકિસ્તાનના એ પાણીપતમાં જે આતંક મચ્યો તેનો જાયજો બારમી ઇન્ફન્ટ્રી ડિવિઝનના વાયરલેસ ઑપરેટરને કાનોકાન મળ્યો. પાકિસ્તાનનો એક કમાન્ડર પોતાના સેનાપતિ મેજર-જનરલ મુસ્તફાને કહી રહ્યો હતો: 'દુશ્મન કી હવાઈ ફૌજ ને નાક મેં દમ કર દીયા હૈ ! એક હવાઈજહાજ જાતા હૈ ઔર દુસરા આતા હૈ ઔર બીસ બીસ મિનટ ઉપર નાચતા હૈ ! ચાલીસ ફી સદી ફૌજ ઔર સામાન હલાક ઔર તબાહ હો ચૂકા હૈ. આગે જાના તો ક્યા, પીછે મુડના ભી મુશ્કીલ હો ગયા હૈ. જલ્દી હવાઈ ફૌજ મદદ કે લિયે ભેજો, વર્ના વાપસ મૂડના નામુમકિન હૈ.'


પાકિસ્તાનને જો કે હવાઈ મદદ ન મળી. શરૂઆતમાં જ તેની જરૂર લાગી ન હતી, માટે એ દિશામાં કશું પ્લાનિંગ કરાયું ન હતું. આ ભયાનક તબાહીના સમાચાર જનરલ યાહ્યા ખાનને પહોંચ્યા ત્યારે મેજર-જનરલ મુસ્તફાને તેમણે એક જ સંદેશો પાઠવ્યો : 'ડૂબ મરો !'

■ આકાશી હુમલા બાદ ભંગારમાં ફેરવાયેલી ટેન્કો





મુસ્તફાને એ જ ઘડીએ બરતરફ કરવામાં આવ્યા. અલબત્ત, યાહ્યા ખાનનું એ ડહાપણ રાંડ્યા પછીનું હતું. ભારતના પાયલટોએ ૩૦ શેરમાન તથા ટી-૫૯ ટેન્કોના છોતરાં કાઢી નાખ્યાં હતાં. વધુમાં ૧૩૮ બખ્તરિયા વાહનો અને પુરવઠા વાહનો છિન્નભિન્ન થયેલાં પડ્યાં હતાં. પાંચ મોટી તોપો અને ચાર વિમાનવિરોધી તોપો નાશ પામી હતી. ૧૯૬૭ના ઇઝરાયેલ-ઇજિપ્ત યુદ્ધ પછી હવાઇદળે આટલી હદે બખ્તરિયા દળનો કચ્ચરઘાણ વાળ્યો હોય એવો તે પ્રથમ બનાવ હતો.



■ હવાઇ આક્રમણ શરૂ થયા પછી દુશ્મન ટેન્કોએ જે ભાગદોડ કરી તેનો નાટકીય ચિતાર આપતા કાબરચિતરા ચીલા બહુ મોટા એક રેગિસ્તાની વિસ્તારમાં અંકાયેલા જોવા મળતા હતા

રાજસ્થાન બચી ગયું. જનરલ સામ માણેકશા પણ જો કે મેજર-જનરલ ખંભાતા પર ભારે ખફા હતા. ખંભાતાએ રહીમયાર ખાન નામના પેલા રેલ્વે જંકશનને કબજે લેવાનો પ્લાન અમલમાં જ મૂક્યો ન હતો. તસલ્લીની વાત એ જ કે ઍર ચીફ-માર્શલ પ્રતાપચંદ્ર લાલના જવાઁમર્દ હવાબાજોએ પાકિસ્તાનની આખી બખ્તરિયા રેજિમેન્ટને ખતમ કર્યા પછી ખંભાતા જાણે છાણમાં તલવાર ખોસતા હોય એમ સરહદ ઓળંગી સિન્ધમાં ગયા અને ૬૪૦ ચોરસ કિલોમીટરના ખાલીખમ પ્રદેશ પર ભારતનો ઝંડો ખોડી દીધો. આ પરાક્રમ માટે તેમને પરમ વિશિષ્ટ સેવા મેડલ પણ મળ્યો! લોંગેવાલામાં દુશ્મનનો ફિયાસ્કો થયા બાદ સધર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ ગોપાલ જી. બેવૂરે રાજસ્થાન-ગુજરાત સરહદે આક્રમક બનવાનું નક્કી કર્યું. ઉત્તરે અને દક્ષિણે બે જબરજસ્ત ફોજ તેમણે મોકલી અને નયા ચોર, ઇસ્લામગઢ તથા નગર પારકરને આવરી લેતા દુશ્મન પ્રદેશો જીતી લીધા. એ સાથે રાજસ્થાન મોરચે જીતાયેલા પ્રદેશોનો કુલ સરવાળો થયો ૧૨,૨૦૦ ચોરસ કિલોમીટર!

આજે ભારતીય ખુશ્કીદળ લોંગેવાલા યુદ્ધની યાદમાં દર વર્ષે 'લોંગેવાલા દિન' મનાવે છે, જે હકીકતમાં વધુ હક્કદાર એવા હવાઇદળે મનાવવો જોઇએ. ■





પ્રકરણ : ૧૫

વિક્રાન્તનાં વિમાનોનો તરખાટ

બંગાળના ઉપસાગર પર વિક્રાન્તે પાક સહિત બધા પરદેશી જહાજો માટે કરફ્યુ ઑર્ડર જાહેર કર્યા પછી તેનો ભંગ કરનારને 'થર્ડ ડિગ્રી' ટ્રીટમેન્ટ પણ આપી

ડિસેમ્બર ૪, ૧૯૭૧નો સૂર્યોદય થયો ત્યારે ૧૯,૫૦૦ ટનનું ૭૦૦ ફીટ લાબું અને ૮૦ ફીટ પહોળું વિમાનવાહક જહાજ વિક્રાન્ત તેનો આંદામાન ખાતેનો છૂપો અડ્ડો છોડીને ઉત્તર તરફ બંગાળના ઉપસાગરમાં હજી પોતાના મહત્તમ વેગે આગળ વધી રહ્યું હતું. પૂર્વ પાકિસ્તાનના છેક દક્ષિણી નૌકામથક કોક્સ બજાર સુધી પહોંચવા માટે તેણે ૯૩૦ કિલોમીટરનો એકધારો પ્રવાસ ખેડવાનો હતો--અને તે પણ લંગડાતી ચાલે, કેમ કે જહાજનું એક બોઇલર લગભગ ખોટકાયેલી સ્થિતિમાં હતું. ઊંચા બ્રિજ (કૂવાસ્થંભ) પર કેબિનમાં બેઠેલા કપ્તાન સ્વરાજ પ્રકાશ દૂરબીન વડે ચોતરફી સમુદ્રનું અવલોકન કરતા હતા. ક્યારેક નીચલા સપાટ તૂતક પર થતી ચહલપહલ જોતા હતા. સતત અગિયાર વર્ષ સુધી ભારતીય નૌકાદળનું જે તરતું ઍરોડ્રોમ કટાક્ષભરી ટીકાનું ભોગ બનતું રહ્યું તે આજે પોતાનું મૂલ્ય પૂરવાર કરી દેખાડે તો તેના જેવું રૂડું કશું નહિ.



■ વિક્રાન્તના કપ્તાન સ્વરાજ પ્રકાશ

દરિયાઇ મોરચે આખા પૂર્વ પાકિસ્તાનની નાકાબંધી કરવાનો વાયરલેસ હુકમ કેપ્ટન પ્રકાશને ક્યારનો મળી ચૂક્યો હતો, એટલે તેમણે પણ સ્ક્વૉડ્રન નં. ૩૦૦ નાં સી-હૉક જેટ વિમાનોને તથા સ્ક્વૉડ્રન નં. ૩૧૦નાં ઍલિઝે કહેવાતાં એન્ટિ-સબમરિન પ્રોપેલર વિમાનોને હુમલા માટે તૈયાર કરવાનું ફરમાન આપી દીધું હતું. સી-હૉક વિમાનોનું સ્ક્વૉડ્રન 'વ્હાઇટ ટાઇગર' કહેવાતું હતું અને તેના સરદાર લેફ્ટનન્ટ-કમાન્ડર જી. જી. ગુપ્તા હતા. ઍલિઝેના સ્ક્વૉડ્રનનો વધુ ડરામણા પોઝવાળો સિમ્બોલ 'કોબ્રા' હતો. (વાઇસ-

એડમિરલ મિહિર રૉયે લંડનની ભૂગર્ભ રેલ્વેના સ્ટેશન પર એક ત્રાસવાદી સંગઠનનું રાજનાગના ચિહ્નનું હોરરછાપ પોસ્ટર જોયું હતું અને ત્યારનો એ સિમ્બોલ તેમને ઍલિઝે માટે જચી ગયો હતો.) વિક્રાન્ત પર ઍલિઝે સ્ક્વૉડ્રનના મુખ્ય સરદાર હવે લેફ્ટનન્ટ-કમાન્ડર રવિ ધીર હતા. બન્ને પાયલટો ૧૯૬૧માં વિક્રાન્તના પાયલટ બનેલા, માટે દસ વર્ષનો અનુભવ સહેજે ઓછો ગણાય નહિ.



■ વિક્રાન્તના તૂતક પર તૈનાત કરાયેલાં સી-હૉક

તૂતક હેઠળના રાક્ષસી ગેરેજ જેવા ફાલકામાં દરેક વિમાન ૫૦૦ રતલી બોમ્બ, રોકેટો, તોપગોળા અને ડેપ્થ ચાર્જ વડે સજ્જ બની વારાફરતી હાઇડ્રોલિક લિફ્ટ દ્વારા જહાજના લાંબા તૂતર પર આવતું હતું. આ લિફ્ટનો આકાર ટેનિસ કોર્ટ જેવડા કદના સપાટ પ્લેટફોર્મ જેવો હતો. આ પ્લેટફોર્મ તૂતક પર હોય ત્યારે તૂતકનો જ એક ભાગ ગણાય અને નવા પ્લેનને લેવા માટે તે ફરી વાર નીચે ફાલકા તરફ સરકી જાય એ વખતે જહાજના તૂતક પર વચ્ચોવચ એટલો ભાગ દેખાવમાં લગભગ સમચોરસ બાકોરા જેવો બને.

ઇસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લીટ કમાન્ડર રિઅર-એડમિરલ હરિલાલ શર્મા પણ વિક્રાન્ત પર હતા--અને માટે જ તેમનો ધ્વજ વિક્રાન્તના કૂવાસ્થંભ પર લહેરાતો હતો. અલબત્ત, યોજના મુજબ યુદ્ધનું સંચાલન કરવાની રોજિંદી જવાબદારી કેપ્ટન સ્વરાજ પ્રકાશના માથે હતી. મોસ્કોની ભારતીય એલચી કચેરીમાં નૌકાઅફસર (નેવલ એટેચી) રહી ચૂકેલા કેપ્ટન પ્રકાશ થોડા સમય પહેલાં જ સ્વદેશ પાછા ફર્યા હતા અને વિક્રાન્તનું સુકાન તેમને સોંપાયું હતું. આ કેપ્ટનના મગજમાં પાક સબમરિન ગાઝી સતત ઘુમરાયા જ કરતી હતી. વિશાખાપટ્ટણમ્‌ના બારામાં એ સબમરિનને આગલી રાત્રે જળસમાધિ મળી ચૂકી હોવાના સમાચાર હજી તેમને પહોંચ્યા ન હતા. વિમાનવાહક જહાજ પોતે લગભગ નિઃશસ્ત્ર હોવાને કારણે દુશ્મન સબમરિન કે યુદ્ધજહાજ સામે લડી શકે નહિ. (વિક્રાન્ત જેને પોતાનું કહી શકે તેવા એકમાત્ર શસ્ત્રરૂપે તેના પર આગળપાછળ બધું મળીને બોફર્સ પ્રકારની ૭ વિમાનવિરોધી તોપો ફીટ કરેલી હતી. આ દરેક એન્ટિ-ઍરક્રાફ્ટ ગનનો ૨.૪ કિલોગ્રામનો ગોળો મહત્તમ ૧૨ કિલોમીટરના લેવલે પહોંચી શકતો હતો.) દરિયાઇ યુદ્ધ લડવા માટે લાચાર એવા પ્રત્યેક વિમાનવાહક જહાજને એટલે જ નૌકાદળની પરિભાષામાં 'ગોલ-કીપર' કહેવાતી મનવારોનું રક્ષણ સતત મળવું જોઇએ. આથી ઉત્તર તરફ આગળ વધતું કેપ્ટન પ્રકાશનું વિક્રાન્ત પણ એકલું ન હતું. બોડીગાર્ડ જેવી બે 'ગોલ-કીપર' મનવારો અનુક્રમે બ્રહ્મપુત્ર અને બિયાસ સતત તેની અડખેપડખે હંકારી રહી હતી. કોઇ દુશ્મન જહાજનો રખે માર્ગમાં જ ભેટો થાય એમ ધારી બ્રહ્મપુત્રના કપ્તાન જે. સી. પુરીએ મનવારની ૪.૫''ના વ્યાસની બધી તોપોમાં ગોળા ભરી રાખ્યા હતા. વર્ષો પછી ૧૯૯૧માં ભારતના સર્વોચ્ચ નૌકાસેનાપતિનો હોદ્દો જેમના નસીબે લખાયો એ બિયાસના



■ બિયાસ મનવારના કપ્તાન એલ. રામદાસ

કપ્તાન લક્ષ્મીનારાયણ રામદાસે પણ વિક્રાન્તની હિફાજત માટે આખી રાતનો ઉજાગરો વેઠ્યો હતો. બિયાસને, વિક્રાન્તને તથા બ્રહ્મપુત્રને જરૂર પડ્યે નવું ફ્યૂલ આપવા માટે નૌકાદળનું (યોગ્ય નામ પામેલું) તેલવાહક જહાજ દીપક પણ કાફલા સાથે હતું.

વિગ્રહની સર્વાંગી વ્યૂહરચના ઘડી કાઢનાર જનરલ સામ માણેકશાએ નક્કી કરેલું કે પાકિસ્તાનની માત્ર પૂર્વ પાંખ કાપીને સંતોષ માનવાને બદલે ત્યાં મહત્તમ પાક સૈનિકોને યુદ્ધ કેદી પણ બનાવવા, જેથી પશ્ચિમ સરહદે ભારતે કદાચ સારો એવો પ્રદેશ ગુમાવવાનો થયો હોય તો યુદ્ધના અંતે શાંતિમંત્રણા દરમ્યાન એ સૈનિકો રાજદ્વારી ચેસનાં પ્યાદાં તરીકે કામ લાગે. મંત્રણા વખતે ખાસ તો અમેરિકા બેગાની શાદીમાં પોતાનું ડહાપણ ન ડહોળે એટલા ખાતર પણ યુદ્ધ પછી ભારતનું પલ્લું ભારે હોવું જોઇએ. સૌથી વધુ પાક સૈનિકોને પૂર્વ મોરચે ઝબ્બે કરી શકાય તેમ હતા, કારણ કે અહીં તેમને શરણે લાવ્યા બાદ ભાગવા માટે ત્રણ દિશાઓ બંધ હતી. લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાનું પ્રચંડ ભૂમિદળ તેમને એ ત્રણેય દિશામાં ભરડો લેતું આગળ વધે, એટલે પછી ભાગેડુ પાક સૈનિકોએ પોતાનાં બચ્યાંકચ્યાં જહાજો પર ચડી બંગાળના ઉપસાગર તરફ જ પલાયન થવુ રહ્યું. વિક્રાન્તે એ ચોથી નાઠાબારીને પણ ડુચો મારી દેવાનો હતો.

વિક્રાન્ત અને બે મનવારોનો કાફલો સૌ પહેલાં કોક્સ બઝાર તરફ વળ્યો. કરાંચીથી નવા સૈનિકો અને નવો શસ્ત્ર-સરંજામ લાવનાર પાક જહાજો હંમેશાં તે બંદર પર લાંગરતાં હતાં. હથિયારો અને દારૂગોળાના ડેપો પણ કોક્સ બઝારના કાંઠે સ્થાપવામાં આવ્યા હતા, જેમનો વહેલી તકે નાશ કરી દેવામાં ભારતને મોટો ફાયદો એ કે ભૂમિમોરચે લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાના લશ્કર સામે પાક સૈનિકોનો પ્રતિકાર ક્રમશઃ નબળો પડે અને શસ્ત્ર-સરંજામના સપ્લાયના અભાવે છેવટે પડી ભાંગે.

સવારના ૧૧:૦૦ વાગ્યા. કોક્સ બઝાર આશરે ૯૬ કિલોમીટર છેટે રહ્યું ત્યારે વિક્રાન્તના તૂતક પર વારાફરતી આઠ સી-હૉક જેટ વિમાનો જાણે ગોફણના પથરા હોય તેમ કૅટેપોલ્ટનો પ્રચંડ ધક્કો ખાતાં આકાશમાં ચડી ગયાં. વિક્રાન્તનું ૭૦૦ ફીટ લાબું તૂતક લડાયક પ્લેનના રન-વૅ તરીકે બહુ ટૂંકું લેખાય, એટલે વરાળના જોરે કાર્ય બજાવતા ગિલોલછાપ કૅટેપોલ્ટ વડે દરેક પ્લેનને પ્રતિકલાકે લગભગ ૨૦૦ કિલોમીટરના પૂરવેગે હડદોલો મારવો રહ્યો. વિમાને તો જ ટેક-ઑફ માટેની તે ઝડપ હાંસલ કરવા લાંબી દોટ મૂકવાની ન થાય અને રન-વૅ પણ લાંબો ન જોઇએ. લેન્ડિંગ પણ ટૂંકી જગ્યા પર કરી શકાય એટલા માટે વિક્રાન્તના તૂતક પર કુલ ૪ અરેસ્ટર વાયરો હતા. વિમાનનાં પૈડાંમાં અટવાયા પછી તેઓ તે વિમાનની શબ્દશઃ ધરપકડ (અરેસ્ટ) કરી લેતા હતા. લેન્ડિંગ માટે પણ એ રીતે ટૂંકો રન-વૅ ચાલી જતો હતો.

આ જોખમી સાગરસંગ્રામ માટે ખરૂં જોતાં ન વિક્રાન્ત બરાબર કસાયેલી સ્થિતિમાં હતું, ન તેના પાયલટો તજુરબાકાર હતા કે ન પાયલટોનાં વિમાનો યોગ્ય રીતે પલાણેલાં હતાં.



■ વિક્રાન્તનું સી-હૉક લડવા માટે પૂરેપૂરી રીતે સજ્જ નહોતું, છતાં પૂર્વ પાકિસ્તાનના મોરચે તેણે ગજબ પરાક્રમો કરી બતાવ્યાં

પ્રત્યેક ચોરસ ઇંચે ૪૦૦ કિલોગ્રામનું દબાણ અને ૩૭૦ અંશ સેલ્શિયસનું તાપમાન પેદા કરતાં વિક્રાન્તનાં ૪ બોઇલરો પૈકી એક બોઇલર ફાટી ગયું હતું અને જહાજનો વેગ તેને લીધે ખાસ્સો ઘટી જવા પામ્યો હતો. પાયલટોની વાત કરો તો છેલ્લાં અગિયાર વર્ષમાં તેમને બોમ્બમારાનો ઝાઝો મહાવરો અપાયો ન હતો, કારણ કે જમીનનાં લક્ષ્યાંકો વીંધવાનું કામ પરંપરાગત રીતે વાયુસેનાનું ગણાતું હતું. વિમાનોની કંગાળ હાલત અંગે તો નૌકાદળની વાંધાઅરજી કદાચ આખું પુસ્તક ભરાય એવડી મોટી બને, છતાં એક નમૂનારૂપ દાખલો એ કે સી-હૉક વિમાનો માટે અત્યંત જરૂરી એવા રિઅર-વ્યૂ મિરર પણ સંરક્ષણ મંત્રાલયે આયાત કરી આપ્યા ન હતા. સી-હૉકના બ્રિટિશ ઉત્પાદકોને તે અરીસા માટે ઑર્ડર મોકલાયા પછી એ વાત પર કશું ધ્યાન જ દેવાયું ન હતું. (વિમાનો આકાશી હુમલો કરવા ટુકડીબંધ રવાના થયાં હોય ત્યારે પાછળના પ્લેનને જોવા માટે રિઅર-વ્યૂ મિરર વિના બિલકુલ ન ચાલે.) ભલું થાય સી-હૉકના યુવાન હવાબાજોનું કે જેમણે યુદ્ધના ભણકારા સાંભળ્યા પછી મદ્રાસના ઑટોમોબાઇલ એસેસરીના માર્કેટમાં તલાશ કરીને એમ્બેસેડર કારના રિઅર-વ્યૂ મિરરનું આખેઆખું બોક્સ ખરીદી લીધું અને દરેક સી-હૉક પ્લેનની કોકપીટ આગળ તે અરીસા ફીટ કરી નાખ્યાં.

પાયલટોની બીજી એક કમબખ્તી જુઓ : ૧૯૪૭ના અને ૧૯૬૫ના યુદ્ધમાં પૂર્વ પાકિસ્તાનનો મોરચો તદ્દન શાંત રહ્યો હતો. લોજિકલ રીતે વિચારો તો એ મોરચે ભારતે કદી લડવાનું થાય પણ નહિ. પરિણામે ત્યાંના મિલિટરી લક્ષ્યાંકોના ખુલાસાવાર મેપ પણ ભારત પાસે ન હતા. ઇન્દિરા ગાંધીએ તેમાં વળી જુદું ફરમાન છોડ્યું કે પૂર્વ પાકિસ્તાનમાં આકાશી બોમ્બમારો ચલાવતી વખતે વ્યાપારી ગોદી, રેલ્વેલાઇન, સંદેશાવ્યવહારના મથકો, બિનલશ્કરી વિમાનો માટેના રન-વૅ, પુલો વગેરેને નુકશાન પહોંચાડવું નહિ. આ હુકમ પાછળનો હેતુ સમજી શકાય તેવો હતો. પૂર્વ પાકિસ્તાનનું અસ્તિત્વ વહેલુંમોડું નાબૂદ થાય અને નવા રાષ્ટ્ર બાંગલા દેશનો જન્મ થાય એ નક્કી વાત હતી. યુદ્ધમાં ખુવાર બનેલા એ રાષ્ટ્રના પુનર્સર્જનનું ઘણુંખરૂં દાયિત્વ ભારતના શિરે આવે, માટે વડા પ્રધાન દેખીતી રીતે ત્યાં માળખાકીય તોડફોડને મિનિમમ લેવલે રાખવા માગતા હતા. સરવાળે તેમાં ભારતનો જ આર્થિક બોજો હળવો કરવાનો આશય હતો. આમ છતાં બોમ્બમારો કરવા નીકળેલા સી-હૉકના પાયલટોનું કામ એ સરકારી ફરમાનને લીધે મુશ્કેલ બન્યું. બિનલશ્કરી અને લશ્કરી નિશાનોને એકમેક કરતાં અલગ તારવવા માટે તેમણે પૂર્વ પાકિસ્તાની શહેરોના રોડ મેપ સાથે રાખવા પડ્યા ! એ તો ઠીક, પણ હુમલો કરતી વખતે નરી આંખે નિશાનો ઓળખી શકાય એટલા ખાતર અત્યંત નીચા લેવલે ફ્લાઇંગ કરવાનો વારો આવ્યો, જ્યાં દુશ્મનની એન્ટિ-ઍરક્રાફ્ટ તોપો બહુ આસાનીપૂર્વક તેમને ભૂંજી નાંખે તેમ હતી.

વિક્રાન્તનાં આઠ સી-હૉક કોક્સ બઝાર તરફ રવાના થયાં પછી તૂતક પર સૌના જીવ તાળવે ચોંટ્યા. હવાઈ યુદ્ધનો અનુભવ સૌને માટે પહેલી વારનો હતો. દુશ્મને રચેલી કિલ્લેબંધી ખાસ તો કેવા પ્રકારની છે એ તેમને ખબર ન હતી, એટલે પ્રથમ સી-હૉકની હુમલાખોર ટુકડી જાણે કે લિટમસ ટેસ્ટ આપવા માટે જ વિક્રાન્ત છોડીને નીકળી હતી. દુનિયાનો સૌથી લાંબો

અખંડ સાગરકાંઠો ધરાવતા કોક્સ બઝારના ફૌજી શસ્ત્રાગાર પર સી-હૉકનો પ્રથમ બોમ્બ ઝીંકાયો અને ખરેખર મત્સ્યવેધ થયો ! બારૂદનો ટનબંધ ખડકલો ફાટ્યો. એ પછી કાંઠા નજીકનાં ત્રણ જહાજો પર બોમ્બની તથા રોકેટોની ઝડી વરસી. કદમાં સી-હૉક ખાસ્સું ટચૂકડું, એટલે ૫૦૦-૫૦૦ રતલના ચાર બોમ્બ, કેટલાંક ડઝન રોકેટો અને માંડ અઢી સેન્ટિમીટરના વ્યાસની તોપ માટે કારતૂસ જેવા ગોળા સિવાય વધુ શસ્ત્રભંડારનો બોજો તે ખમી શકે નહિ. આથી પ્રથમ હુમલો સહેજે બહુ ટૂંકો નીવડ્યો. કોક્સ બઝારના શસ્ત્રભંડારને ખતમ કર્યા બાદ વિમાનો એ શહેરના ઍરપોર્ટ તેમજ કન્ટ્રોલ ટાવર તરફ વળ્યાં. યથાશક્તિ તેમને ધોલધપાટો મારી, છતાં સંપૂર્ણ તબાહી કરી શકાય તે પહેલાં દરેકનાં ભાથાં ખાલી થયાં અને સૌએ વારાફરતી ખુલ્લા સમુદ્રમાં વિક્રાન્ત તરફ પાછા આવવું પડ્યું. વિક્રાન્ત પર કેપ્ટન સ્વરાજ પ્રકાશ તેમની આતુરતાપૂર્વક રાહ જોતા હતા.

બધાં વિમાનો આવ્યાં, પણ એક ન આવ્યું. વિમાનવાહક જહાજમાં ચિંતાનું મોજું ફરી વળ્યું. અનેક દૂરબીનો ક્ષિતિજ તરફ મંડાયાં અને કેપ્ટન પોતે ઉચક જીવે રેડારના ડાયલને તાકી રહ્યા પાકિસ્તાને ઍર-ડિફેન્સ માટે એલ. ૬૦ પ્રકારની બોફર્સ તોપો પૂર્વ મોરચે તૈનાત કરી હોવાનું જાણીતું હતું. (આ તોપો ભારતે ખરીદેલી કુખ્યાત બોફર્સ હોવિત્ઝર નહિ, બલ્કે સાવ જુદી નસ્લની એન્ટિ-ઍરક્રાફટ ગન હતી.) અડધો કલાક વીત્યો ત્યાં છેલ્લું સી-હૉક પણ દેખાયું અને થોડી વારે તૂતક પર સહીસલામત ઊતર્યું. કેપ્ટન સ્વરાજ પ્રકાશે તેના પાયલટનો ખુલાસો માગ્યો ત્યારે સામો જવાબ મળ્યો : 'કેટલાક દુશ્મન સૈનિકોને મેં ખટારામાં બેસીને જતા દીઠા, એટલે તેમના ખબરઅંતર પૂછવા મારે જરા રોકાવું પડ્યું !'

'ઠીક છે, પણ બીજી વાર આવું ન બનવું જોઈએ.' સ્વરાજ પ્રકાશે શાબાશીને બદલે ઠપકો આપ્યો.

વિક્રાન્તના તૂતક પર બીજાં સી-હૉક નવા હુમલા માટે તૈયાર જ હતાં. (સી-હૉકની કુલ સંખ્યા ૧૬, તો



ઍલિઝેની ૪ હતી.) તરત બીજી શસ્ત્રસજ્જ ટુકડીએ ઉડાન ભરી. આ તરફ કોક્સ બઝારમાં તોડફોડ કરીને પાછી ફરેલી આઠ સી-હૉકની પ્રથમ ટુકડીના સ્વાગત માટે વિમાનવાહક જહાજના એન્જિન રૂમમાં તૈયારીઓ ચાલતી હતી. મધદરિયે બહાદુરોનું સ્વાગત ફૂલોના હાર વડે તો કરી શકાય નહિ, એટલે સવા હજાર નાવિકોએ અકેક બબ્બે રૂપિયાની નોટોનો ફાળો આપીને તેમના હાર બનાવ્યા. મતબલ કે મિલિટરીને બદલે પોલિટિકલ સ્ટાઇલમાં દરેક પાયલટનું બહુમાન કરવામાં આવ્યું ! આમાં લશ્કરી શિરસ્તો જળવાતો ન હતો, છતાં કેપ્ટન પ્રકાશે નાવિકોનો ઉત્સાહ જોતાં એ શિસ્તભંગ સાંખી લીધું. વિમાનવાહક જહાજમાં શિસ્તનો બીજો તકાદો એ છે કે વિમાન લેન્ડિંગ કરવા માટે આવતું હોય તે સમયે એક પણ નાવિક જહાજના તૂતક પર હાજર રહી શકે નહિ. વિમાનનાં પૈડાંમાં અરેસ્ટર વાયરનો હુક રખે ન ભરાય, તો એ વિમાનને ફરી ટૅક-ઓફ કરી જવા માટે મોકળો રન-વૅ આપવો જોઇએ. પરંતુ અહીં હરખઘેલા નાવિકો ઝાલ્યા ઝલાય તેમ ન હતા. વિક્રાન્તના તૂતક પર સમગ્ર વાતાવરણનું જાણે કે વિદ્યુત ચાર્જિંગ થયું હતું. ડિસેમ્બર ૪, ૧૯૭૧નો એ દિવસ વિક્રાન્ત પર ડ્યૂટી બજાવતા સૌના જીવનમાં યાદગાર બની રહેવાનો હતો. એ દિવસ કે જેના માટે તેમણે એકધારી ૧૧ વર્ષ લાંબી તપશ્ચર્યા કરી હતી.



■ ચિત્તાગોંગના કાંઠે દુશ્મન જહાજોને દેહાંતદંડ આપતું વિક્રાન્તનું સી-હૉક વિમાન

લાગલગાટ બે કલાક સુધી કોક્સ બઝારને 'થર્ડ ડિગ્રી ટ્રીટમેન્ટ' અપાતી રહી, જે દરમ્યાન તેના ફૌજી ઍર-બેઝનો તથા કન્ટ્રોલ ટાવરનો ખુરદો બોલી ગયો. વિક્રાન્તે ત્યાર પછી ચિત્તાગોંગ તરફ મોરો ફેરવ્યો. પૂર્વ પાકિસ્તાનનું એ સૌથી મોટું બંદરગાહ હતું. વિક્રાન્ત આશરે ૧૨૦ કિલોમીટર સુધી તેની નજીક સરક્યું, કારણ કે અંતર જેટલું ઓછું રખાય એટલી સી-હૉક વિમાનોએ આકાશી દડમજલ ઓછી કરવાની થાય અને બોમ્બમારા માટે ફાળવી શકાતો સમય એટલા પ્રમાણમાં વધે. ચિત્તાગોંગમાં પાકિસ્તાને હરોળબંધ ગોઠવેલી વિમાનવિરોધી તોપો અચાનક ધાણીની જેમ ફૂટવા લાગી. અહીં તેના ઍર-ડિફેન્સનો મોરચો ખરેખર જડબેસલાક હતો. કલાકના ૯૦૦ કિલોમીટરના વેગે કિકિયારી બોલાવતાં સી-હૉક વિમાનોને પહેલાં તો તેણે સાવ દિશાશૂન્ય કરી દીધાં. આ જાતના તરખાટભર્યા ગ્રાઉન્ડ ફાયરનો મુકાબલો કરવાનો થાય એ પણ ભારતીય પાયલટો માટે પ્રથમ અનુભવ હતો. હુમલાનું ફરી આયોજન કરવા માટે આખી ટુકડી પાછી સમુદ્ર તરફ ઊડી, વાયરલેસ દ્વારા પરસ્પર ચર્ચાવિચારણા ચાલી અને વિમાનવિરોધી તોપો પર બહુપાંખિયો હુમલો શી રીતે કરવો તેનું પ્લાનિંગ તત્કાળ ગોઠવ્યા બાદ વિમાનો ફરી ચિત્તાગોંગ પર ત્રાટક્યાં. છીછરા લેવલે ઊડીને વારાફરતી દરેક એન્ટિ-ઍરક્રાફ્ટ ગનને સપાટામાં લીધી. પાકિસ્તાનની કોમીલ્લા અને રાજશાહી નામની બે પેટ્રોલ બોટ પણ વિમાનવિરોધી તોપોનો મારો ચલાવતી હતી, પરંતુ વીસ મિનિટ પછી એ બન્નેનું સ્થાન સમુદ્રના તળિયે હતું. ગોદીના ફૂરજા પાસે લંગર નાખીને પડેલાં ત્રણ માલવાહક જહાજોને પણ ફૂંકી દેવામાં આવ્યાં. ડિસેમ્બર, ૪ની એ રાત્રે ભારતનાં દરેક



■ વિમાનવાહક જહાજ વિક્રાન્તનું સબમરિન વિરોધી ફ્રેન્ચ બનાવટનું ઍલિઝે વિમાન સી-હૉક કરતાં અનેક રીતે ચડિયાતું હતું

વર્તમાનપત્રની કચેરીમાં સમાચાર સંસ્થા પી. ટી. આઇ.નો મેસેજ ઉતર્યો : પૂર્વ પાકિસ્તાનનું ચિત્તાગોંગ બંદર આજે ભડકે બળી રહેલું દેખાતું હતું. દિવસભર ભારતીય નૌકાદળનાં લડાયક વિમાનોએ બોમ્બ તથા રોકેટો વડે એકધારૂં આક્રમણ કર્યા પછી ચિત્તાગોંગ બંદરમાં એક પણ જહાજ સલામત બચ્યું ન હતું.

સાંજ ઢળી ત્યારે લગભગ ૧૨ સી-હૉક વિમાનો રાતવાસો કરવા માટે વિક્રાન્તના તૂતકે પાછાં ફર્યાં. ચિત્તાગોંગના આકાશને ગજાવવાનો હવે નિશાચર એવાં ફ્રેન્ચ ઍલિઝે પ્લેનનો વારો હતો. સી-હૉકમાં રેડારની સગવડ ન હોવાને કારણે અંધારામાં તેઓ પોતાના લક્ષ્યાંકને ઓળખી ન શકે તેમ અફાટ સમુદ્ર પર નાના ટપકા સમાન વિક્રાન્તને પણ શોધવામાં કદાચ થાપ ખાય અને અકસ્માતનાં ભોગ બને. મુખ્યત્ત્વે સબમરિનોને ફૂંકી દેવા માટે બનેલાં ઍલિઝે બિલકુલ અલગ પ્રકારનાં વિમાનો હતાં. દરેક ઍલિઝેમાં સૂક્ષ્મગ્રાહી રેડાર હતું. પાણી નીચે લપકતી સબમરિનનો પત્તો લગાવવા માટે સોનાર પણ ખરૂં. એન્જિન જો કે પંખાવાળું હતું, જેટ કિસમનું નહિ. વિક્રાન્તનાં ૪ ઍલિઝે વારાફરતી બબ્બેની ટુકડીમાં હવા પર સવાર થયાં. નાઇટ ડ્યૂટી પણ ઓછી મહત્ત્વની ન હતી. કદાચ વધુ ચેલેન્જભરી ગણાય, કેમ કે દુશ્મનનાં પુરવઠા જહાજો મોટે ભાગે રાતના સમયે જ ચિત્તાગોંગ બંદરગાહમાં નવા શસ્ત્રસરંજામ સાથે પ્રવેશે અથવા તો બારામાં ક્યાંક રહેલી પાક સબમરિન એ સમયે વિક્રાન્તને પોતાના ટોરપિડોનું નિશાન બનાવવાની તક ઝડપી લે. હકીકતમાં એ જ રાત્રે લેફ્ટનન્ટ-કમાન્ડર રામસાગરના ઍલિઝે વિમાને જળસપાટી પર કલાકના ૨૦ દરિયાઇ માઇલના વેગે હંકારી રહેલા જહાજની રેડાર આકૃતિ ઝીલી. જહાજ પર સદંતર બ્લેકઆઉટ હતો, જેનો અર્થ એ કે અંધારામાં તે ગુપચુપ સરકી જવા માગતું હતું. રામસાગરે તેની નજીક ડેપ્થ ચાર્જ (જળ ગોળા) ફેંક્યા કે તરત જહાજના બધા દીવાબત્તી સ્વિચ-ઑન થયા. ઇમરજન્સી વખતે સર્વમાન્ય રીતે વપરાતી ૫૦૦ કિલોહર્ટ્ઝની ફ્રિકવન્સી પર એ જહાજે પોતાનું નામ 'જર્મન હાન્સા' જાહેર

વિક્રાન્તનું એન્ટિ-સબમરિન ઍલિઝે વિમાન

લંબાઇ × પહોળાઇ	૪૫.૫ × ૫૧.૨ ફીટ
પાંખનું ક્ષેત્રફળ	૩૮૭ ચોરસ ફીટ
મહત્તમ વજન	૮,૨૦૦ કિલોગ્રામ
એન્જિનબળ	૧,૯૭૫ હોર્સપાવર
ઊડ્ડયન મર્યાદા	૨,૫૦૦ કિલોમીટર
મહત્તમ ઝડપ	૫૧૮ કિલોમીટર
એન્ટિ-સબમરિન શસ્ત્રો	૧ ટોરપિડો, ૩ ડેપ્થચાર્જ
બીજાં શસ્ત્રો	૬ રોકેટો, ૧૨ મિસાઇલો
નૉન-સ્ટોપ ફ્લાઇંગ	૭ કલાક ૪૦ મિનિટ
ચાલકોની સંખ્યા	કુલ મળીને ત્રણ

કર્યું એટલું જ નહિ, પણ સિંગાપુરને મેસેજ પાઠવ્યો કે તે આંતરરાષ્ટ્રીય જળવિસ્તારમાં હોવા છતાં ભારતીય નૌકાદળનું પ્લેન તેને ડૂબાડવાનો પ્રયત્ન કરતું હતું!

આ મેસેજ લેફ્ટનન્ટ-કમાન્ડર રામસાગરે પણ સાંભળ્યો. ભારત અને પશ્ચિમ જર્મની વચ્ચે કશી રાજદ્વારી કટોકટી ન સર્જાય એ માટે તેમણે 'જર્મન હાન્સા'ને સિંગાપુર જવા દીધું. ભાગેડુ જહાજના કપ્તાને પ્રસારણ માટે વાપરેલી ૫૦૦ કિલોહર્ટ્ઝની ફ્રિક્વન્સી પર જગતનાં કેટલાંય વાયરલેસ રિસીવર યંત્રો ચોવીસે કલાક 'ટ્યૂન' થયેલાં હોય, એટલે મામલો ખાનગી તો રહી શકે તેમ ન હતો. બીજી રીતે જોવા બેસો તો જર્મન કપ્તાન ચાલબાજી ખેલી ગયો હતો, જેની ગંભીરતાનો સાચો ખ્યાલ ઘણાં વર્ષ પછી એ જહાજના નાયબ કપ્તાને મુંબઇ બંદરની મુલાકાત લીધી ત્યારે મળ્યો. ભારતીય નૌકાઅફસરના મોઢે તેણે કબૂલ્યું કે 'જર્મન હાન્સા'માં એ વખતે કેટલાક સિનિઅર પાક અફસરોનાં કુટુમ્બીજનો હતાં. વી. આઇ. પી. અફસરોએ પોતપોતાના ફેમિલીને સહીસલામત રીતે કરાંચી પહોંચાડવા માટે જર્મન કપ્તાનને ખાસ્સી રકમ આપી હતી. ગમે તેમ, પણ ડિસેમ્બર ૪, ૧૯૭૧ની રાત્રે આંતરરાષ્ટ્રીય ફ્રિક્વન્સી પર કરવામાં આવેલી કાગારોળે સમગ્ર જગતને એટલો તો અહેસાસ કરાવ્યો કે બંગાળના ઉપસાગર પર ભારતીય નૌકાદળનો ડંકો વાગતો હતો.

બીજી સવારે ભારતનું તરતું ઍરોડ્રોમ વધુ પશ્ચિમે હંકાર્યું. જાસૂસી બાતમી મુજબ પૂર્વ પાકિસ્તાનના ખુલના અને ચાલના ખાતે કેટલીક દુશ્મન નૌકાઓ આંતરિક જળમાર્ગ દ્વારા બંગાળના ઉપસાગર તરફ ભાગવાનો પ્રયાસ કરી રહી હતી. વાઇસ-એડમિરલ એન. કૃષ્ણને ખુશાલી સાથે ખતરાની વોર્નિંગનો પણ મેસેજ પાઠવ્યો કે, 'ગાઝી ડૂબી ચૂકી છે, માટે તેનો ભય રાખતા નહિ. પરંતુ દુશ્મનનું એક પણ જહાજ કરાંચી સુધી હંકારવા માટે સલામત રહે તે આપણને પરવડે તેમ નથી. મને પૂર્વ મોરચાની સંપૂર્ણ નાકાબંધી જોઇએ ! દિવસની જેમ રાત્રે પણ હુમલા કરવાનું ચાલુ રાખજો. રેડારમાં હિલચાલ કરતી જે પણ વસ્તુ દેખાય તેને ફૂંકી મારવાની તમને છૂટ છે !'

વિમાનવાહક જહાજ ખુલના અને ચાલના નજીક પહોંચ્યું ત્યારે ખરેખર પાંચમી ડિસેમ્બરની રાત પડી ચૂકી હતી. ગાઝીનું જોખમ ટળ્યું હતું, એટલે બધાં ઍલિઝે વિમાનોનાં શસ્ત્રો બદલવામાં આવ્યાં. એન્ટિ-સબમરિન ટોરપિડો અને ડેપ્થ ચાર્જને બદલે બોમ્બ અને રોકેટો વડે તેમને સજ્જ કરાયાં, જે પછી તેમણે સી-હૉકનો રોલ ભજવવાનો થયો. એ રાત ખુલના અને ચાલના માટે પણ અગ્નિસ્નાનની નીવડી. 'ઓનદાર્દા' નામનું એક માલવાહક જહાજ ઘણું કરીને પાક અફસરોનાં કુટુમ્બીજનો સાથે ભાગવાની વેતરણમાં હતું. જહાજ પોતે માલવાહક હોવા છતાં ભારતીય વિમાનો સામે તેણે મશીનગન વડે ફાયરિંગ શરૂ કર્યું, એટલે પરોઢનું અજવાળું ફેલાયું કે તરત સી-હૉકની એક ટુકડી પ્રભાતફેરીએ નીકળી અને ૫૦૦ રતલી બોમ્બ વડે તેની સફર ત્યાં જ પૂરી કરી નાખી. વધુ બે પેટ્રોલ બોટ પણ ઍલિઝેનાં રોકેટોનો શિકાર બની. એ પછી ચિત્તાગોંગનો જાયજો લેવા માટે ત્યાં ગયેલા એક જાસૂસી ઍલિઝે વિમાને ખબર આપ્યા કે 'થેટિક ચાર્લી' નામનું એક વિદેશી જહાજ ગોદીના ફૂરજા પાસે હજી અકબંધ લાંગરેલું પડ્યું હતું. બે-ત્રણ નાનાં જહાજો પણ હતાં. નજીકની લશ્કરી બરાકોમાં રણગાડીઓ તેમજ બખ્તરિયા ગાડીઓ દેખાતી હતી. આ બધો પુરવઠો કદાચ નવોસવો આવ્યો હોય તેમ જણાતું હતું.

ભારતીય નૌકાદળના તરતા ઍરોડ્રોમે ફરી દિશા બદલી. ચિત્તાગોંગને બીજા છ કલાક સુધી ફટકા મારવામાં આવ્યા, જેમાં રહ્યાંસહ્યાં લગભગ બધાં જહાજો છીછરા પાણીમાં જળસમાધિ

પામ્યાં. દરમ્યાન પેલા જર્મન માલવાહક જહાજના કપ્તાને પ્રસારિત કરેલો ૫૦૦ કિલોહર્ટ્ઝની ફ્રિક્વન્સીવાળો સંદેશો બધા પશ્ચિમી દેશોને પહોંચી ચૂક્યો હતો. બંગાળના ઉપસાગરમાં ભારતીય નૌકાદળનું પ્રભુત્વ જોતાં પૂર્વ પાકિસ્તાનનું વહેલુંમોડું પતન થાય એ હવે તેમને નિશ્ચિત જણાતું હતું. આથી ઢાકાના એલચીખાતામાં ફરજ બજાવતા વિદેશી નાગરિકોને વિમાનમાર્ગે પાછા લાવવા માટે પશ્ચિમી દેશોએ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના ઉપક્રમે એક વિમાન મોકલવાનું નક્કી કર્યું. બેંગકોકથી એ વિમાનને ઢાકા સુધી જવા દેવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ નવી દિલ્હીના સંરક્ષણ મંત્રાલયની પરવાનગી માગી. ઇન્દિરા સરકારે પરવાનગી આપી, છતાં તેની જાણ વિક્રાન્તના કેપ્ટન સ્વરાજ પ્રકાશને ન કરી. અલબત્ત, સરવાળે કશું અઘટિત ન બન્યું. પશ્ચિમી રાષ્ટ્રોનો અને ખાસ તો અમેરિકાનો તેજોવધ થયો હોય તો એટલો કે વિક્રાન્તના રેડાર પર એ મુલકી પ્લેન ટપકાંરૂપે દેખાયું કે તરત સી-હૉક વિમાનો આકાશમાં ચડ્યાં અને ફરી તેને બેંગકોક તરફ હાંકી કાઢ્યું.

અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સન ગુસ્સામાં સમસમી રહ્યા હતા. પ્રમુખના ચાણક્યછાપ સલાહકાર હેન્રી કિસિન્જર પણ ઝાપટ વાગ્યા પછી દાઝે ભરાયેલા મંકોડાની જેમ ડંખીલા બન્યા હતા. ઇન્દિરા ગાંધી જેવી 'બાઇમાણસ' પ્રચંડ શક્તિશાળી મહાસત્તાના એક મિત્રદેશને અમીબાની માફક બે ટુકડે વહેંચી દે એટલું જ નહિ, પણ અમેરિકાએ પાકિસ્તાનને ભેટ આપેલાં શસ્ત્રોનો દાટ વાળે તે વૉશિંગ્ટન સરકારને મન અસહ્ય વાત હતી. વિક્રાન્ત રોજના ૯૦૦ કિલોમીટર સુધી આંટાફેરા કરીને પૂર્વ પાકિસ્તાનના સમગ્ર કાંઠે આંતક મચાવતું હતું. વૉશિંગ્ટન સરકારે એ તમાશો ચૂપચાપ જોયા કરવો પડતો હતો. ઇન્દિરા ગાંધીએ અમેરિકન પ્રમુખને નવો બળબળતો ડામ એ વખતે દીધો કે જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના વિમાનને મળેલા જાકારાનો ખુલાસો તેમણે પાર્લામેન્ટમાં જાતે આપવાને બદલે એ કામ નીચલી પાયરીના વાહનવ્યવહાર મંત્રી રાજબહાદુરને સોંપ્યું. મતલબ કે ભારતના વડા પ્રધાનને મન એ બનાવ તદ્દન ક્ષુલ્લક હતો. યુદ્ધના ચોથે દિવસે વૉશિંગ્ટનમાં રિચાર્ડ નિક્સને પોતાના સલાહકાર હેન્રી કિસિન્જરને વ્હાઇટ હાઉસ પર તાકીદે બોલાવ્યા અને સવાલ કર્યો : 'હું આપણા સાતમા નૌકાકાફલાને બંગાળના ઉપસાગર તરફ હંકારવાનું ફરમાન આપવા માગું છું. તમારો શો ખ્યાલ છે ?'

વડા પ્રધાન ઇન્દિરા ગાંધીની ત્યાં સુધી યશસ્વી રહેલી કારકિર્દીની સૌથી કસોટીભરી ઘડીનાં એ સાથે મંડાણ થયાં.■





પ્રકરણ : ૧૬

પુંચના પહાડોમાં વિસ્મયકારક વિજય


મારકણી તોપો વડે ખેલાતી મેચ જ્યારે ડ્રો થયા પછી ભારતીય વાયુસેનાનાં એન્તોનોવ વિમાનો અમ્પાયર બન્યાં અને પુંચના પહાડી મોરચે યુદ્ધનો ચુકાદો ભારતના પક્ષે આવ્યો

લોહિયાળ જંગમાં ભારતે છામ્બ ગુમાવ્યું અને તેના સાટામાં લોંગેવાલા મોરચે સરહદપારનો ક્યાંય મોટો પ્રદેશ જીતી લીધો એ દરમ્યાન કાશ્મીર ખાતે પુંચના સીમાડે પણ ડિસેમ્બર ૩, ૧૯૭૧ની જ રાત્રે એક નિર્ણાયક યુદ્ધ ખેલાવું શરૂ થયું હતું. નિર્ણાયક એટલા માટે કે પુંચ ભારતના કાશ્મીરનું પ્રવેશદ્વાર ગણાય, જેની આરપાર નીકળીને પહેલી વખત ૧૯૪૭માં પાકિસ્તાનના શસ્ત્રસજ્જ રઝાકારો છેક શ્રીનગર સુધી ચડી આવ્યા હતા. આઝાદ ભારતમાં પોતાના રાજ્યને વિલિન કરી દેવા માટે હરગીઝ તૈયાર ન થયેલા ટૂંકી દૃષ્ટિના રાજા હરિસિંહને (ડૉ. કરણસિંહના પિતાને) જો રહી રહીને પણ સદ્‌બુદ્ધિ ન સૂઝી હોત અને પંડિત નેહરુ સમયસર જનરલ થિમૈયાનું લશ્કર મોકલી શક્યા ન હોત તો બાકીના કાશ્મીરમાં પણ આજે ભારતનો ધ્વજ જોવા મળત નહિ.


પાકિસ્તાને ૧૯૬૫માં પુંચને ફરી વખત પોતાનું મુખ્ય લક્ષ્યાંક બનાવ્યું હતું, પણ તેના દુર્ભાગ્યે કાશ્મીરના પ્રવેશદ્વાર જેવો ત્યાંનો હાજી પીર ઘાટ ભારતે જીતી લીધો. એ પછી દુર્ભાગ્ય ભારતનું કે જેણે તાશ્કંદ કરારના પગલે તે ઘાટ તેને જાણે કે તાસક પર મૂકીને જ પરત આપ્યો. એક તરફ લાલ બહાદુર શાસ્ત્રીએ રૂસી શહેર તાશ્કંદમાં શાંતિનો સફેદ વાવટો ફરકાવ્યો અને બીજી તરફ હાજી પીરની સર્વોચ્ચ ટેકરી પર ભારતનો લહેરાતો ત્રિરંગો સમેટી લેવામાં આવ્યો.

પાકિસ્તાને ૧૯૭૧ના યુદ્ધ માટે ફરી વાર પુંચ સરહદે આશરે ૧૮,૦૦૦

પુંચ : પાકિસ્તાનનું આક્રમણ અને પીછેહઠ



સૈનિકોની આખી ઇન્ફન્ટ્રી ડિવિઝન ખડકી રાખી હતી. પુંચથી માત્ર ૧૩ કિલોમીટર છેટે પોતાના વિસ્તારમાં તેણે કાહુટા ખાતે કાયમનો લશ્કરી અડ્ડો સ્થાપ્યો હતો, જેથી ચાલુ યુદ્ધે જ્યારે પણ ડિવિઝનના સૈનિકોને નવાં શસ્ત્રોની કે સરંજામની જરૂર પડે ત્યારે કુમક મોકલવામાં વિલંબ થાય નહિ. પાકિસ્તાનની એ ૧૨મી ડિવિઝનના કમાન્ડર મેજર-જનરલ અકબર ખાન હતા, જેમણે ઘડી કાઢેલી વ્યૂહરચના મુજબ પાક લશ્કરે પહાડી સરહદમાં ત્રણ 'બાકોરાં' પાડીને ભારતની ૨૫ મી ઇન્ફન્ટ્રી ડિવિઝનને ત્રણ દિશામાં ઘેરી લેવાની હતી. પુંચની ભૂગોળ પણ તેમના એ પ્લાનને અનુકૂળ હતી.



આ ભૂગોળ નકશામાં જુઓ. પુંચની ઉત્તરે યુદ્ધવિરામ રેખા પસાર થાય છે. ભારતે તેને કદી સરહદ ગણી નથી, છતાં ૧૯૪૭માં પાકિસ્તાનને કાશ્મીરનો ૭૮,૧૧૪ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ કબજે લીધા પછી એ જ રેખા પ્રેક્ટિકલ રીતે અત્યારે બે દેશોને અલગ પાડે છે. કાહુટાથી પુંચ સુધીનો પહાડી રસ્તો પુંચ નદીની સમાંતર પસાર થાય છે. અહીં સરહદ પર સામસામી નાકાબંધી છે. નદીનો એક ફાંટો પુંચની બિલકુલ દક્ષિણે વહે છે અને તે સરહદ પાસેના કાશ્મીરને ઉત્તર તથા દક્ષિણ એમ બે ભાગે વહેંચી દે છે. દક્ષિણમાં ભારતનું મુખ્ય લશ્કરી હેડક્વાર્ટર મેન્ધાર ખાતે આવેલું છે, જ્યાંથી નવો શસ્ત્રસરંજામ પુંચ સુધી મોકલવો હોય તો ભારતના ખુશ્કીદળે પુંચ નદી પારનો કલાઇ બ્રિજ નામનો એકમાત્ર પુલ ઓળંગ્યા વગર છૂટકો નહિ. ઋષિકેશના લક્ષ્મણ ઝૂલાની માફક તારનાં દોરડાંનો બનેલો એ સસ્પેન્શન પુલ રખે દુશ્મનના હાથમાં ગયો તો ભારતે પુંચને ભુલી જવું રહ્યું. આનું કારણ એ કે પુંચ નદી અને તેના ફાંટા પશ્ચિમમાં, દક્ષિણમાં તથા પૂર્વમાં વહી ત્રણ દિશામાં તો પુંચને કુદરતી રીતે વિખુટું કરી દે છે, જ્યારે ઉત્તરમાં ચોથી દિશા યુદ્ધવિરામ રેખાની છે. કહો કે પાકિસ્તાનના આક્રમણની દિશા છે.

કાહુટાથી પુંચ તરફ આવતા પર્વતીય માર્ગ પર ઑક્ટોબર-નવેમ્બરમાં જ ફૌજી ચહલપહલ મચવા લાગી હતી. મોબાઇલ તોપો, રણગાડીઓ અને સૈનિકો, શસ્ત્રો તથા સરંજામના ખટારા સરહદ પાસે જમાવટ કરવા માંડ્યા હતા. પાકિસ્તાનના મેજર-જનરલ અકબર ખાનનો લશ્કરી પ્લાન કમ સે કમ નકશાના કાગળ પર તો અફલાતૂન જણાય તેવો હતો. સૌથી પ્રચંડ હુમલો તેઓ બિલકુલ મધ્યમાં કરવા માગતા હતા. આક્રમણ બહુ મોટા પાયમાને થાય, એટલે ભારતીય

લશ્કરે ત્યાં પોતાની મહત્તમ તાકાત લડાવ્યા વગર છૂટકો નહિ. ભારતના મેજર-જનરલ કુન્દનસિંહની આખી ૨૫ મી ઇન્ફન્ટ્રી ડિવિઝન કદાચ તે આક્રમણને ખાળવામાં વ્યસ્ત રહે એ બનવાજોગ હતું. ઉત્તર દિશાનો એ મોરચો સંભાળવા જતાં કુન્દનસિંહના સૈનિકો પૂર્વ તથા પશ્ચિમે ઝાઝું ધ્યાન આપી શકે નહિ. આથી મેજર-જનરલ અકબર ખાન એ બન્ને તરફ વધુ બે આક્રમણો લગભગ એ જ વખતે લાવવા માગતા હતા. ટૂંકમાં, પશ્ચિમ દિશા તરફ રહીને આગળ વધતું પાક સૈન્ય વાયા ગુલપુર માર્ચિંગ કરીને કલાઇના બ્રિજ સુધી પહોંચે અને ૧૩૩ મીલીમીટરના વ્યાસની કાળમુખી તોપો વડે એ પુલનો ખુરદો કાઢી નાખે. એ જ રીતે પૂર્વમાં પુંચ નદીના શાહપુર ફાંટે આગળ વધતી બીજી પાક હરોળ ભારતીય ડિવિઝનને એ દિશામાં પણ ઘેરી લે. મેજર-જનરલ અકબર ખાનનો લશ્કરી પેંતરો અત્યંત પેચીદો એટલા માટે ગણાય કે બીજી હરોળે પોતાનો માર્ગ કાપતા રહીને પાછળ જમીનમાં સુરંગો બિછાવવાનું પણ કાર્ય બજાવવાનું હતું. પરિણામે શાહપુર ખાતે આવેલી ભારતીય લશ્કરી છાવણી કુન્દનસિંહના ફસાયેલા જવાનોને કુમક મોકલવા ધારે તો પણ સુરંગક્ષેત્રમાં દાખલ થવાનું અશક્ય બને. કલાઇનો પેલો બ્રિજ પણ સાથોસાથ નાબૂદ થયો હોય, એટલે મેન્ધાર ખાતેનું ભારતીય હેડક્વાર્ટર પણ એટલું જ લાચાર બને.

નવાઇ એ છે કે પુંચ મોરચે ભારતીય ફોજ માટે કશું જોખમ ખડું થાય તે વાત વેસ્ટર્ન-કમાન્ડરના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથના મન હેઠે જ આવતી ન હતી ! હકીકતમાં ધાર્યા કરતાં વધુ જોખમ ખડું થયું. ડિસેમ્બર ૩, ૧૯૭૧ના સૂર્યાસ્ત પછી (એટલે કે પાક વાયુસેનાએ આકાશી હુમલા દ્વારા યુદ્ધનો પલીતો ચાંપ્યા પછી) તોપસજ્જ પાક બ્રિગેડે પુંચ સરહદે બિલકુલ મધ્યમાં ફાંકું પાડી દીધું. બ્રિગેડમાં કેટલીક ખડતલ રણગાડીઓ પણ સામેલ હતી. મોડી રાત્રે ૩ વાગ્યા સુધી તોપગોળા વરસતા રહ્યા. આ પ્રચંડ અને વેધક પ્રહારનો મુકાબલો કરવામાં ભારતીય જવાનો રોકાયા એ દરમ્યાન પાક લશ્કરની બીજી બ્રિગેડ પશ્ચિમમાં ગુલપુર પહોંચી અને ત્રીજી બ્રિગેડે તો ભારતના શાહપુર પર હલ્લો બોલાવ્યો. (આક્રમણનો પ્લાન નકશામાં જુઓ.) ભારતની પૂર્વતૈયારી જો કે સામાન્ય પ્રકારની ન હતી.


'સર્વત્ર ઇજ્જત-એ-ઇકબાલ' એવું શાનદાર સૂત્ર ધરાવતું ભારતીય તોપખાનું પહાડી ફ્રન્ટ પર અનુક્રમે ૧૦૫ મીલીમીટરના અને ૧૩૩ મીલીમીટરના વ્યાસની રશિયન તોપો સાથે તૈયાર હતું. દરેક બેટરીમાં (ઝૂમખામાં) ૬ એવી સેંકડો તોપો એકબીજી કરતાં ખાસ્સા અંતરે ગોઠવાયેલી હતી. અલબત્ત, ગોલંદાજી વખતે તોપચીઓ વચ્ચે તારતમ્ય રહેવું જોઇએ. આકાશમાં લટારો મારતાં આર્મી ઑબ્ઝર્વેશન પોસ્ટના કૃષક પ્રકારનાં નિરીક્ષક વિમાનો દ્વારા પ્રાપ્ત થતા માર્ગદર્શન અનુસાર સચોટ દિશા તરફ સંયુક્ત ફાયરિંગ કરવું જોઇએ. (કૃષક પ્લેન હિન્દુસ્તાન ઍરોનોટિક્સે બનાવ્યાં હતાં.) આથી મેજર-જનરલ કુન્દનસિંહે તેના માટે 'ફાયર ડાયરેક્શન સેન્ટર' ખડું કર્યું હતું. નિરીક્ષક વિમાનોના પાયલટો તે સેન્ટર જોડે વાયરલેસ સંપર્કમાં રહે એવો બંદોબસ્ત કરાયો હતો. એ પછી સેન્ટર પોતે દરેક તોપને જરૂરી સૂચના આપી શકે તે માટે પુંચના આખા પ્રદેશમાં ટેલિફોનના બંધુ મળીને ત્રણસો કિલોમીટર લાંબા અન્ડરગ્રાઉન્ડ કેબલ બિછાવવામાં આવ્યા હતા. દરેક તોપ જો કે ફાયરિંગ કર્યા બાદ પચાસ-પોણોસો ફીટ આમતેમ ખસી જતી હતી, જેથી દુશ્મન તોપો પોતાના નિરીક્ષક વિમાનનું ગાઇડન્સ મેળવ્યા બાદ વળતું નિશાન આસાનીપૂર્વક લેવા ન પામે. આ જાતનું સ્થળાંતર કરી શકાય એટલા ખાતર ટેલિફોનના કેબલનો અમુક ભાગ જમીનની બહાર રાખવામાં આવ્યો હતો.

રોજના સરેરાશ ૩,૦૦૦ તોપગોળાની સામસામી આપ-લે પાંચમી ડિસેમ્બર સુધી થતી

રહી, છતાં આક્રમક સૈન્યને મારી હઠાવવામાં મેજર-જનરલ કુન્દનસિંહને સફળતા ન મળી ત્યારે તેમણે ભારતીય વાયુસેનાને મદદનો સંદેશો મોકલ્યો. શ્રીનગરથી વામ્પાયર પ્રકારનાં જેટ વિમાનો તરત રવાના થયાં. એ વખતનાં આધુનિક સુપરફાઇટરોની તુલનામાં વામ્પાયર જુનવાણી ખરાં, તો પણ ખીણોના અને પર્વતોના કુરુક્ષેત્ર પર તેમનો ધીમો વેગ પણ વધુ પડતો સાબિત થયો. વિમાનો ખીણમાં ડૂબકી મારે અને લક્ષ્યાંક નક્કી કરી શકાય એ પહેલાં સામો પહાડ તેમના પાયલટોને નજર સામે આવતો દેખાતો હતો, એટલે વળી તેઓ પોતાનું ધ્યાન ડૂબકી વાળવામાં પરોવતા હતા. દુશ્મનો પર આડેધડ બોમ્બમારો કરીને જ તેમને સંતોષ માનવો પડ્યો. ઘણા ખરા બોમ્બ લગભગ બાતલ ગયા. એ પછી બીજી ખેપ તો ખેડવાનો સવાલ જ ન હતો.

■ પુંચના વિકટ પહાડી મોરચે સૌથી પહેલાં વામ્પાયર પ્રકારનાં જેટ વિમાનો હુમલાખોરો પર ત્રાટક્યાં

વામ્પાયરના પાયલટોએ શ્રીનગર પાછા આવ્યા બાદ (લશ્કરી ભાષામાં 'ડિબ્રિફિંગ' કહેવાતો) જે રિપોર્ટ આપ્યો તેના આધારે છેવટે સમજી શકાયું કે તેમણે માત્ર ડેલે હાથ કેમ દેવો પડ્યો હતો. મેજર-જનરલ અકબર ખાનના પાક લશ્કરે પોતાનાં અનામત શસ્ત્રો અને બારૂદનો જથ્થો પર્વતોના ઢોળાવો પર ખડકાળ આડશો વચ્ચે રાખ્યો હતો, જ્યાંનું નિશાન તાકવાનું પ્રમાણમાં ઝડપી એવાં વામ્પાયરોને ફાવતું ન હતું. બોમ્બમારા માટે ડૂબકી માર્યા પછી નિશાન લેવાનો સમય જ મળતો ન હતો, કેમ કે દરેક વામ્પાયરના પાયલટે બીજી ક્ષણે તો ચોતરફી પર્વતો વચ્ચે આવેલી ખીણની બહાર નીકળી જવામાં ધ્યાન પરોવવું રહ્યું. પાકિસ્તાની લશ્કરે વળી આસપાસનાં ગામોમાં રહેતા પહાડી લોકોને બાન પકડી રાખ્યા હતા. ભારતીય પ્લેન તરાપ મારતું આવે કે તરત સ્ત્રીઓ અને બાળકોને ખુલ્લી જગ્યા તરફ ધકેલી દેવાતાં હતાં. નિર્દોષ લોકોનો જેમાં ભોગ લેવાય એવો વિમાની હુમલો ભારતીય પાયલટો કદી ન કરે એ પાક ખલનાયકો જાણતા હતા. ટૂંકમાં, વામ્પાયરોની જરૂર કરતાં વધારે ઝડપ તે ખલનાયકો અને તેમના બંદીવાનોને અલગ તારવવામાં નડતરરૂપ બનતી હતી.



વેસ્ટર્ન એર કમાન્ડના વાયુ સેનાપતિ ઍર-માર્શલ એમ. એમ. એન્જિનિઅર મૂંઝાયા. દુશ્મનના શસ્ત્રભંડારને ખતમ કરવા માટે ખુશ્કીદળ જ્યારે પણ વાયુસેનાનો ઍર સપોર્ટ માગે ત્યારે રણનીતિના શિરસ્તા મુજબ હવાઇ મોરચો ખોલવાનું સંપૂર્ણ દાયિત્વ એ પછી વાયુસેનાનું ગણાય અને તેમાં બહાનાબાજી ન ચાલે. ઍર-માર્શલ એન્જિનિઅરે વાયુસેનાપતિ ઍર ચીફ-માર્શલ પી. સી. લાલનો સંપર્ક કર્યો. પરિસ્થિતિ જાણ્યા પછી લાલે માત્ર એટલું પૂછ્યું કે, 'પેલા બર્ટીનું ઍરફોર્સ અત્યારે ક્યાં છે ?'

એન્જિનિયરને તેમણે વધુ કહેવું પડે તેમ ન હતું, છતાં સામાન્ય વ્યક્તિને એક પ્રશ્ન અચૂક થવો રહ્યો : ઇન્ડિયન ઍરફોર્સમાં બર્ટી નામના પાયલટનું વળી જુદું ઍરફોર્સ ?

બર્ટી એટલે યુવાન ગ્રૂપ કેપ્ટન રોબર્ટ આર્નોન્ડ વેઇર, જેને હવાઇદળના સૌથી જૂનવાણી



■ રોબર્ટ અર્નોલ્ડ વેઇર ઉર્ફે બર્ટી અને તેનું જૂનવાણી હાર્વર્ડ



(કહો કે જુરાસિક) ગણાતાં હાર્વર્ડ પ્રકારનાં વિમાનોનું સ્ક્વૉડ્રન નં. ૧૨૩ સોંપવામાં આવ્યું હતું. ૧૯૩૯ની સાલમાં બનેલા હાર્વર્ડ મુખ્યત્વે નવા પાયલટોને તાલીમ આપવા માટે વપરાતાં હતાં, જેનો અર્થ એ કે બર્ટી પોતે ટીચર હતો. ટીચર હોવા સાથે આકાશી સરકસબાજ પણ ખરો. વર્ષો પહેલાં અમદાવાદ ખાતે વાયુસેનાનું આકાશી પ્રદર્શન યોજાયું ત્યારે હવાઇ ગુલાંટબાજીના અત્યંત ખતરનાક પ્રયોગો વડે તેણે લોકોને ખુશ કરી દીધા હતા. અલબત્ત, નાગરિકોની સલામતીને જોખમાવતા 'વાંદરવેડા' કરવા બદલ વાયુસેનાએ તેને ઠપકાભરી નોટિસ ફટકારી હતી એટલું જ નહિ, પણ વધુ સઘન તાલીમ માટે તેને બ્રિટન મોકલવાનું નક્કી હોવા છતાં અંતે તેના નામ સામે ચોકડી લાગી હતી. ઘરઆંગણે બઢતી પછીયે ગ્રૂપ કેપ્ટન રોબર્ટ આર્નોલ્ડ વેઇર કહેવાતા બર્ટીસાહેબ પુરાતન હાર્વર્ડ સ્ક્વૉડ્રનના જ સુકાની રહ્યા. આ સ્ક્વૉડ્રનમાં બાવા આદમના સમયવાળા ફક્ત ચાર વિમાનો હતાં અને પાયલટો કુલ છ હતા ! ઊડ્ડયનની પ્રાથમિક તાલીમ માટે જ વપરાતાં પ્લેનમાં શસ્ત્રો તો ન હોય અને ખરેખર બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પરદેશી ઉત્પાદકે બનાવેલાં કુલ ૧૫,૦૯૪ હાર્વર્ડ બિલકુલ નિઃશસ્ત્ર હતાં. ખાંખતિયા મગજના યુવાન ગ્રૂપ કેપ્ટન વેઇરે ઊર્ફે બર્ટીએ જો કે પોતાના દરેક હાર્વર્ડમાં ટી-૧૦ પ્રકારનાં મિસાઇલો ફીટ કરવાનો મિકેનિકલ બંદોબસ્ત કર્યો હતો. બોમ્બ માટે પણ અલગ વ્યવસ્થા યોજી હતી. સામાન્ય તાલીમી પ્લેનને તેણે લડાયક પ્લેનમાં ફેરવ્યું હતું અને તે બહાને એક ટચૂકડા છતાં અલાયદા કહી શકાય તેવા ઍરફોર્સની સ્થાપના કરી હતી : બર્ટીનું ઍરફોર્સ!

વેસ્ટર્ન-ઍર-કમાન્ડના વાયુસેનાપતિ ઍર-માર્શલ એન્જિનિઅરે છેવટે તલવારને બદલે સોય વાપરી. મતલબ કે છેક બીજા વિશ્વયુદ્ધમાં ઇમ્ફાલના મોરચે જાપાનીઓ સામે વપરાયેલાં ચાર હાર્વર્ડ વિમાનોને બર્ટીના નેતૃત્વ હેઠળ તેમણે પુંચ મોકલ્યાં. પંખાવાળાં એ દરેક પ્લેનનો વેગ આકાશવાણીના ધીમી ગતિના સમાચાર જેવો મંથર હતો. કલાકના પૂરા ૧૫૦ કિલોમીટર પણ નહિ ! હવાઇદળે બર્ટીના સ્ક્વૉડ્રનમાં કદી ઝાઝો રસ દાખવ્યો ન હતો, માટે વાયરલેસની પણ વ્યવસ્થા એકેય વિમાનમાં ન હતી. છેલ્લી ઘડીએ બર્ટી સહિત દરેક પાયલટને વૉકી-ટોકીના પોર્ટેબલ સેટ પકડાવવામાં આવ્યા, જેથી તેઓ કુન્દનસિંહના ભૂમિદળ સાથે એકધારાં સંપર્કમાં રહીને જ બોમ્બમારો ચલાવે. હાર્વર્ડમાં રોકેટ-પ્રોપેલ્ડ ગોળા છોડતી વખતે નિશાન લેવા માટે પણ બંદૂકની 'સાઇટ' જેવો સાવ કઢંગો બંદોબસ્ત હતો. રાજૌરીથી ટેક-ઑફ કર્યા બાદ ચારેય હાર્વર્ડ આકાશમાં ૧૨,૦૦૦ ફીટ ઊંચે ચડ્યા. પુંચની ખીણમાં ત્યાર પછી ડૂબકી

મારી ત્યારે ચારેયનું ગરમાગરમ સ્વાગત કરાયું, પરંતુ એ ફાયરિંગ કરનાર એન્ટિ-એરક્રાફ્ટ તોપો ભારતીય હતી ! આપણા તોપચીદળના જવાનો માટે હાર્વર્ડ બિલકુલ અજાણ્યાં હોવાને લીધે તેમણે એ વિમાનોને પાકિસ્તાની ધારી લીધાં. વિમાનવિરોધી તોપચી ટુકડીને તાલીમ આપતી વખતે સામાન્ય રીતે વિવિધ દુશ્મન વિમાનોનાં છાયાચિત્રો વડે પરિચિત કરવામાં આવે, પણ હાર્વર્ડનાં એવાં ચિત્રો તેમણે કદી દીઠાં ન હતાં. સદ્‌ભાગ્યે બટીના ઍરફોર્સે સમયસર વાયરલેસ સંદેશો મોકલીને ગેરસમજ દૂર કરી નાખી. મેજર-જનરલ અકબર ખાનના કેટલાક શસ્ત્રભંડારનો તેણે નાશ પણ કર્યો. અહીં સદ્‌ભાગ્ય એટલું કે જુરાસિક યુગનાં ચાર પૈકી એક પણ વિમાનને દુશ્મન એન્ટિ-એરક્રાફ્ટ તોપનો ગોળો વાગ્યો નહિ. દુશ્મન તોપખાનાએ ગોળાને આકાશમાં ફાટવા માટે કરેલી ટાઈમિંગ વ્યવસ્થા વામ્પાયર જેવાં વેગીલાં ફાઈટર-બોમ્બરોને ધ્યાનમાં રાખીને યોજી હતી. પરિણામે મોટા ભાગના ગોળા હાર્વર્ડની આગળ ફાટ્યા અને તેમની કરચો વહેલી નીચે ખરી પડી.

સરકસનો જોકર પોતાનાં કાર્ટૂનછાપ નખરાં થકી પ્રેક્ષકોનું મનોરંજન કરાવ્યા પછી અંતે બીજા દરેક સરકસબાજ કરતાં વધુ રોમાંચક અને હેરતજનક ખેલ કરી દેખાડે તેવું છેવટે અહીં પણ બનવાનું હતું--અને તે યશ સરવાળે તાલીમી હાર્વર્ડને બદલે માલવાહક વિમાનો ખાટી જવાનાં હતાં. હવાઈદળમાં આકાશી બુલડોઝર જેવા તોતિંગ અને તરખાટભર્યા બોમ્બર પ્લેનનો અભાવ જોતાં વર્ષો પહેલાં ઍર-માર્શલ અર્જુનસિંહે (૧૯૬૫ના યુદ્ધ વખતના આપણા વાયુસેનાપતિએ) એન્તોનોવ-૧૨ પ્રકારનાં માલવાહક વિમાનોને બોમ્બરનું સ્વરૂપ આપવાનો વિચિત્ર પ્લાન હાથ ધર્યો હતો. રશિયન બનાવટનું એન્તોનોવ-૧૨ મૂળભૂત રીતે માલવાહક વિમાન હતું, જેને ખરેખર તો બોમ્બર તરીકે વાપરી જ શકાય નહિ. આશરે ૧૨૪ ફીટ લાંબી પાંખના અને મહત્તમ ૬૧ ટન વજનના એ રાક્ષસી પ્લેનમાં બોમ્બનો ઢગલો જરૂર ખડકી શકાય, પરંતુ એ બોમ્બને ત્યાર પછી લક્ષ્યાંક પર ફેંકવા માટે કશી વ્યવસ્થા ન હતી. ખુદ રશિયન એન્જિનિઅરો તેમના પ્લેનને બોમ્બરના રોલમાં કલ્પી શક્યા ન હતા. આ કલ્પના અર્જુનસિંહ કરી શક્યા એટલું જ નહિ, પણ તેને વાસ્તવિકતામાં પલટી દેખાડી !

પુંચથી મદદનો સંદેશો મળ્યો અને મદદ અપાયા છતાં બધા પાસા અવળા પડ્યા ત્યારે ઍર ચીફ-માર્શલ પી. સી. લાલે એન્તોનોવ-૧૨ને બોમ્બવર્ષાના કામ માટે પલાણવાનો હુકમ આપ્યો. આ પૂર્વતૈયારી તેમણે જો કે નવેમ્બરમાં જ કરી રાખી હતી. હવાઈદળ પાસે કુલ ૧૦



■ ભારતીય વાયુસેનાનું માલવાહક જહાજ એન્તોનોવ-૧૨, જેણે પુંચના મોરચે બોમ્બરનો રોલ ભજવવો પડ્યો

એન્તોનોવ-૧૨ હતાં. નવેમ્બર, ૩૦ સુધીમાં એ દરેક પ્લેનને તેમણે બોમ્બરના પાઠ માટે પૂરેપૂરૂં સજ્જ કરી દીધું હતું. દરેક પ્લેનના ૪૪ ફીટ લાંબા અને ૧૧ ફીટ પહોળા ગોદામ જેવા ફાલકાની અંદર હવાઇદળના એન્જિનિઅરોએ યાંત્રિક કન્વેયર બેલ્ટ ગોઠવ્યો હતો. વિદ્યુત મોટર વડે સામસામા છેડાનાં દાંતાવાળાં ચક્રો ફરે, એટલે તેમનાં પરનો બેલ્ટ આપોઆપ સરકતો હતો. આ બેલ્ટ પર એક પછી એક બોમ્બ ગોઠવાતા રહે, એટલે છેવટે પાછળના ખુલ્લા દરવાજા વાટે આપમેળે તેમની ગોઝારી 'પુષ્પવર્ષા' થયા કરે તેમ હતી.

વાયુસેનાના એન્તોનોવની એનેટોમી	
લંબાઇ × પહોળાઇ	૧૨૪.૫ × ૧૧૧ ફીટ
પાંખનું ક્ષેત્રફળ	૧,૨૯૩ ચોરસ ફીટ
મહત્તમ વજન	૬૧,૦૦૦ કિલોગ્રામ
કુલ એન્જિનબળ	૧૬,૦૦૦ હોર્સપાવર
ઊડ્ડયન મર્યાદા	૫,૭૦૦ કિલોમીટર
મહત્તમ ઝડપ	૭૭૭ કિલોમીટર
ઊડ્ડયન લેવલ	૩૩,૫૦૦ ફીટ

ઉત્તર પ્રદેશમાં છેક બરેલી ખાતે એન્તોનોવ-૧૨નું મથક હતું. વિંગ કમાન્ડર વી. બી. વશિષ્ટ ફ્લાઇંગ ગોડાઉન જેવાં કુલ ૬ રાક્ષસી વિમાનો સાથે બીજી રાત્રે પુંચ તરફ ઉપડ્યા. દરેક વિમાનમાં ૫૦૦ રતલી બોમ્બ હતા અને કેટલાય નેપામ બોમ્બ પણ હતા. પેટ્રોલિયમ જૅલી વડે બનતા નેપામ બોમ્બ એટલી ભયંકર આગ ફેલાવે કે જૅલીનો એકાદ સળગતો ટુકડો જો માણસના શરીરને ચોંટી જાય તો ચામડી નીચે ૧ ઇંચ સુધીના માંસને તત્કાળ શેકી નાખે! પહાડી જંગલોમાં છૂપાયેલા દુશ્મન સૈનિકોને ખતમ કરવા અને વળી તેમના શસ્ત્રભંડારમાં તણખો ચાંપવા માટે આવા બોમ્બ જરૂરી હતા. ઉત્તર પ્રદેશના બરેલી અને કાશ્મીરના પુંચ વચ્ચે સેંકડો કિલોમીટરનું અંતર હોવા છતાં એ લાંબી છલાંગ રોજેરોજ ભરવાનું નક્કી થયું. મિશન કપરૂં હતું. વિમાનો બીજી દરેક વાતે નિઃશસ્ત્ર હતાં. પૂંછડીમાં એક વિમાનવિરોધી મશીનગન સિવાય બીજું શસ્ત્ર એન્તોનોવ-૧૨માં ન હતું, એટલે હુમલો રાત્રિના અંધકારમાં જ કરી શકાય તેમ હતો. વિમાનનું રાક્ષસી કદ અને ધીમો વેગ જોતાં દિવસે સરહદ પાસે ફરકવામાં પણ ભારોભાર જોખમ હતું. આક્રમક હુમલો કરવાનું તો દૂર રહ્યું. વિંગ-કમાન્ડર વશિષ્ટે અને તેમના બીજા પાયલટોએ રાત્રે દિશાશોધન માટે ફક્ત પોતાનું હોકાયંત્ર તથા આકાશી તારાનો સહારો લેવો પડે તેમ હતો. આકાશ વાદળછાયું હોય તો તારાને પણ દીવાદાંડી તરીકે વાપરી શકાય નહિ. પુંચને બદલે પાકિસ્તાન પહોંચી ન જવાય એટલા માટે વિંગ કમાન્ડર વશિષ્ટે અંતે કેટલાક 'ઘરેલુ નુસ્ખા' યોજવા પડ્યા ! શ્રીનગરના ઍરપોર્ટને તેમણે ઇન્સ્ટુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમનું ટ્રાન્સમીટર ચાલુ રાખવા જણાવ્યું. આમ તો વિમાન જ્યારે અંધારામાં લેન્ડિંગ કરવા માગતું હોય ત્યારે રન-વૅની બિલકુલ સીધ પકડવા માટે તે લેન્ડિંગ સિસ્ટમનું ટ્રાન્સમીટર વાપરે છે. પરંતુ એકની પાછળ એક કરીને કતારબંધ આવતાં માલવાહક એન્તોનોવ-૧૨ શ્રીનગર પર લેન્ડિંગ કરવા માગતા ન હતા. રન-વૅની માત્ર સીધ પકડીને હવે કયા માર્ગે વળાંક લેવો એટલું જ તેમને નક્કી કરવું હતું. ઉતરાણ માટે શ્રીનગર ખાતે બનેલી હવાઇ સડક ચોક્કસ અંશના ખૂણે પથરાયેલી હતી, માટે પુંચ તેના સંદર્ભમાં કયા ખૂણે હોય એ તાબડતોબ ગણી કાઢીને ૬ વિમાનો પુંચ તરફ વળી ગયાં.

વાતનું અહીં પૂર્ણવિરામ ન આવ્યું. હિમાચ્છાદિત પહાડોમાં હવે આગળ પણ અંધકાર હતો. પુંચમાં મેજર-જનરલ અકબર ખાનની ફોજ પર આતંક વરસાવવા માટે નક્કી થયેલું લક્ષ્યાંક વળી સીમિત હતું. પ્રથમ હુમલો ૪ કિલોમીટર બાય ૪ કિલોમીટરના ચોક્કસ વિસ્તારમાં જ કરવાનો હતો. અંધારામાં તો એવો મત્સ્યવેધ કરી શકાય નહિ, માટે અહીં બીજો 'ઘરેલુ

નુસ્ખો' જરૂરી બન્યો. શ્રીનગરના કમાન્ડિંગ ઑફિસર એસ. બેનરજીએ ખુશ્કીદળના કમાન્ડરને સૂચના આપી કે, 'દર ૧,૫૦૦ ફીટના અંતરે સૈન્યના એકેક જવાનને હાથમાં ટોર્ચ સાથે હરોળબંધ ખડા કરી દો ! પુંચની દિશામાં જ એ હરોળ રચાય તેની ખાસ તકેદારી લો. વિમાનોની ઘરેરાટી સંભળાય ત્યારે દરેક જવાન વારાફરતી પોતાની ટોર્ચ વડે એન્તોનોવ-૧૨ના કાફલાને આગામી ટોર્ચ તરફ દિશાસૂચન કરે અને પછી એ ટોર્ચવાળો બીજો જવાન ત્રીજી ટોર્ચ તરફ કાફલાને વાળે !'



■ પુંચના પહાડોમાં પાક ફોજના માથે મોત બની વરસેલું એન્તોનોવ-૧૨

ઈલાજ ડોશીમાના વૈદા જેવો હતો, છતાં સો ટકા કારગત નીવડ્યો. પુંચના આકાશમાં ફક્ત ૧,૦૦૦ ફીટના લેવલે રહીના વિમાનોએ કારપેટ બોમ્બિંગ કર્યું. મતલબ કે જાજમ બિછાવવાની હોય એ રીતે ટનબંધ બોમ્બગોળા તેઓ પાથરતાં ગયાં. ક્યારેક તો ફક્ત ૧૮૦ ફીટના લેવલે રહીને તેમણે મોત વરસાવ્યું. પાકિસ્તાનનું તોપખાનું અને બખ્તરિયા દળ વેરવિખેર બન્યું. આ જાતનો પ્રતિકાર બીજે, ત્રીજે અને ચોથે દિવસે પણ ચાલુ રહ્યો ત્યાં સુધીમાં પાક ડિવિઝનનો અડધોઅડધ રસાલો યુદ્ધવિરામ રેખાની પેલી તરફ પીછહઠ કરી ગયો અને બાકીનો અડધો રસાલો કારપેટ બોમ્બિંગમાં નાશ પામ્યો. યુદ્ધની તવારીખમાં પુંચનો સંગ્રામ અભૂતપૂર્વ હતો, કારણ કે સ્વબચાવ માટે જાતે લડી ન શકતાં અને સરહદી મોરચા તરફ જવાની કદી હિંમત પણ ન ખેડતાં માલવાહક વિમાનો બોમ્બર પ્લેન તરીકે વપરાયાં હોય એવો તે પ્રથમ કિસ્સો હતો. આજે ભારતીય હવાઈદળનાં બધાં એન્તોનોવ-૧૨ને નિવૃત્ત કરી દેવાયાં છે. હવે તેમનું સ્થાન એન્તોનોવ-૩૨ તથા ઈલ્યુશિન-૭૬ પ્રકારનાં વધુ ગંજાવર માલવાહક વિમાનોએ લીધું છે. આમ છતાં ભારતીય તોપખાનાનું 'સર્વત્ર ઈજ્જત-એ-ઈકબાલ'નું સૂત્ર બાઈજ્જત ગોલ્ડન અક્ષરે એન્તોનોવ-૧૨ના નામે પણ આજે લખી શકાય તેમ છે. ■





પ્રકરણ : ૧૭

અલવિદા ! આઈ.એન.એસ. ખુકરી !


ભારતીય નૌકાદળની મનવાર ખુકરી અરબી સમુદ્રમાં ભુંડા મોતને ભેટી, પણ કપ્તાન મહેન્દ્રનાથ મુલ્લાનું ભવ્ય બલિદાન નૌકાતવારીખમાં હંમેશ માટે યાદગાર બન્યું

ડિસેમ્બર, ૧૯૭૧ના પહેલા અઠવાડિયામાં પૂર્વ પાકિસ્તાનના સાગરકાંઠે વિમાનવાહક જહાજ વિક્રાન્તનું તાંડવ અવિરત ચાલુ હતું, પણ ભારતીય નૌકાદળ માટે વધુ તંગદિલ વાતાવરણ પશ્ચિમ મોરચે અરબી સમુદ્રમાં હતું. ૧૯૬૫નાં યુદ્ધમાં તો પાકિસ્તાનનાં યુદ્ધજહાજો ફક્ત સૌરાષ્ટ્રના દ્વારકા પર છમકલાં જેવો હુમલો કરીને પાછાં વળી ગયાં હતાં. પાકિસ્તાનની એકમાત્ર સબમરિન પણ મોટેભાગે પેટ્રોલિંગ કરવામાં વ્યસ્ત રહી હતી.

પરંતુ છએક વર્ષ પછી ૧૯૭૧માં પાક નૌકાદળ પાસે ચાર મોટી તથા મધ્યમ કદવાળી સબમરિનો હતી અને ચેરિયટ તરીકે ઓળખાતી કેટલીક મીની સબમરિનો પણ હતી. ચેરિયટને ખરેખર તો માનવ-ટોરપિડો કહી શકાય, કેમ કે તેનું કદમાપ સબમરિનને બદલે ટોરપિડો જેવું હતું. સાઇઝ એટલી નાની કે તેના ગણીને બે ચાલકો પણ તેમાં સમાય તેમ ન હોવાને લીધે જાણે ઘોડેસવારી કરતા હોય એ રીતે તેમણે ચેરિયટ પર આસન જમાવવું પડતું હતું. આ ટચૂકડી સબમરિન મુખ્યત્વે તો દુશ્મનના બંદરગાહમાં જઇને સેબોટેજના કમાન્ડો ઍટેક માટે અનુકૂળ હતી. મુંબઇના બારામાં જ્યાં રોજનાં ૨૦-૨૫ માલવાહક જહાજો લાંગરતા હોય ત્યાં ચેરિયટના હુમલા અંગે ભારતીય નૌકાદળ વખતોવખત ચિંતિત રહે એ સ્વાભાવિક હતું.

પાકિસ્તાનની વધુ ખતરનાક સબમરિન ગાઝી હતી, પણ નસીબ ભારતનાં કે યુદ્ધના પહેલા જ દિવસે વિશાખાપટ્ટણમ્‌ના બારામાં તે નાશ પામી. પાક નૌકાદળની દાફને વર્ગની ત્રણ ફ્રેન્ચ સબમરિનો (અનુક્રમે હંગોર, માંગરો અને શુશુક) પ્રમાણમાં ગાઝી કરતાં સહેજ નાની હોવા છતાં હન્ટર-કિલર પ્રકારની હતી. મુંબઇ અને કરાંચી વચ્ચેનું સમુદ્રી અંતર લગભગ ૯૨૫ કિલોમીટર થાય, જ્યારે દાફનેની રેન્જ ૮,૩૦૦ કિલોમીટર હતી. મહત્ત્વની બીજી વાત એ કે પ્રત્યેક દાફને અદ્યતન વીજાણુ સાધનો તથા મારકણાં શસ્ત્રો વડે સજ્જ હતી. 'હન્ટર-કિલર' લેબલ પોતે સૂચવે છે તેમ ફ્રેન્ચોએ તે સબમરિન દુશ્મન જહાજને કે સબમરિનને શોધી તેનો શિકાર કરવા માટે જ ખાસ રચી હતી.

ટૂંકમાં, મુંબઇ પર અણધાર્યો હુમલો થાય, સુરંગો વડે તેના બારાની નાકાબંધી કરી દેવાય, ચેરિયટ સબમરિનો ત્યાં લાંગરેલાં જહાજોને ફૂંકી દેવા સેબોટેજનું મિશન હાથ ધરે કે પછી મધદરિયે હંકારતાં ભારતીય માલવાહક જહાજોને દાફને સબમરિનો અધવચ્ચે ડૂબાડી દે



■ ચેરિયટ પ્રકારની મિનિ સબમરિનો મૂળ બ્રિટિશ બનાવટની હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે બ્રિટને તેનો વ્યાપક ઉપયોગ કર્યો હતો

એવો ખતરો લગભગ શત પ્રતિશત હતો. પરિણામે ભારતીય નૌકાદળે અગમચેતીનાં જે સંખ્યાબંધ પગલાં લીધાં તેમાં બૅક-અપ સિસ્ટમનું આયોજન સાચે જ દાદ આપવાલાયક હતું. મુંબઇ ખાતે તૈનાત થયેલી મનવારોને કાયમી હુકમ મળ્યો કે બંદરગાહને આવરી લેતી ૩૨ કિલોમીટર જેટલી ત્રિજ્યામાં તેમણે નૉન-સ્ટોપ રાઉન્ડ મારવા. આકાશમાં સુપર કોન્સ્ટેલેશન તથા ઍલિઝે પ્રકારનાં એન્ટિ-સબમરિન વિમાનો લગભગ ૧૦૦ કિલોમીટરની ત્રિજ્યા સુધી પેટ્રોલિંગ કરી રહ્યાં હતાં. મુંબઇના પ્રવેશદ્વાર નજીક આવેલા ટાપુઓ પર ૬''ના વ્યાસની તોપો દુશ્મનનો મુકાબલો કરવા એટેન્શનમાં તૈયાર હતી. પશ્ચિમી નૌકાપાંખના સેનાપતિ વાઇસ-એડમિરલ કોહલીએ બબ્બે રતલના સાદા બોમ્બગોળા રાતોરાત બનાવડાવ્યા. આ બોમ્બ તેમણે બારામાં લટારો મારતી દરેક પેટ્રોલ બોટને સુપરત કર્યા અને સૂચના આપી કે થોડા થોડા વખતે અકેક બોમ્બ પાણીમાં ફેંકવો, જેથી રખે એકાદ-બે ચેરિયટ સબમરિનો કમાન્ડો મરજીવાઓ સાથે ચુપચાપ બારામાં પ્રવેશી હોય તો પણ ધૂમધડાકાને કારણે ડરીને તેઓ પોતાનું મિશન અધૂરૂં મૂકી દે. (વારંવાર થયા કરતા આવા વિસ્ફોટોને લીધે કોલાબા વિસ્તારના અમુક રહીશો રાત્રે ચેનપૂર્વક નિંદ્રા માણી શકતા ન હતા.) કોઠાસૂઝ માટે સમગ્ર નૌકાદળમાં પંકાતા કોહલીએ પાકિસ્તાની ચેરિયટ સબમરિનના ફોટા સાથે પોતાના કેટલાક નાવિકોને શહેરની માછીમાર કોલોનીમાં પણ મોકલ્યા હતા. નાવિકોએ ચેરિયટનાં નાકનકશા માછીમારોને ખુલાસાવાર બતાવ્યાં. પાકિસ્તાનના નૌકાદળે સાચેસાચ જો ચેરિયટની ટુકડીને સેબોટેજના કામે મુંબઇ તરફ મોકલી હોય તો એકાદ વામન સબમરિન માછીમારોની જાળમાં અકસ્માતે ફસાય પણ ખરી ! ન ફસાય તો પણ એ માનવ-ટોરપિડો તેનો ઘણો ખરો પ્રવાસ જળસપાટી પર ખેડે, એટલે તેના પર માછીમારોનું ધ્યાન પડે એવો સંભવ હતો.

વાઇસ-એડમિરલ કોહલીએ મુંબઇના વરસોવા જેવાં પોલિસમથકોને પણ ચેરિયટના ફોટા દેખાડી વાકેફ કરી દીધાં, તો બીજી તરફ માછીમારોને ભારપૂર્વક વિનંતી કરી કે તેઓ પોતાનો બને તેટલો સમય ખુલ્લા સમુદ્રમાં વીતાવે અને ચોતરફ જાપ્તો રાખે. કેટલાક મછવામાં નાવિકો પણ કોળી માછીમારોનો વેશ ધારણ કરીને ડ્યૂટી પર લાગી ગયા. કોહલીએ તો મુંબઇના બારામાં દાખલ થવાના સમુદ્રી માર્ગ પર સુરંગો બિછાવવાનું પણ નક્કી કર્યું હતું, પરંતુ યુદ્ધના પહેલે જ દિવસે ભારતીય નૌકાદળનાં મિસાઇલોએ કરાંચી બંદરગાહને ઘમરોળી નાખ્યું અને દુશ્મનનું નૈતિક બળ તોડી નાખ્યું એટલે પછી મુંબઇના બારામાં લાંગરેલાં ભારતીય જહાજો માટે પણ જોખમી તથા જફાવાળું સુરંગક્ષેત્ર રચવાનું કોહલીને જરૂરી ન લાગ્યું.


મુંબઇની જેમ બાકીના પશ્ચિમ કાંઠે પણ સુરક્ષાનો બંદોબસ્ત અભૂતપૂર્વ હતો. નૌકાદળે ઓખાના સાગરકિનારે ૪''ના વ્યાસની બે તોપો ગોઠવવાનો કટોકટીના ધોરણે બંદોબસ્ત કર્યો. જામનગર ખાતે બે અને જામનગર નજીક વાલસુરાના નૌકામથક ખાતે એક તોપ સાથે નૌકાદળના તોપચીઓ ફરજ પર લાગી ગયા. મુંબઇમાં તો આમેય કોલાબા અને વરલી પર બબ્બે તોપો ગોઠવેલી હતી, જ્યારે નેવલ ડોક્યાર્ડને ચાર તોપો વડે રક્ષણ અપાયું હતું. આ તકેદારી હજી

પણ ઓછી હોય તેમ વાઇસ-એડમિરલ કોહલીએ અરબી સમુદ્રમાં કાંઠા નજીક આવેલી પ્રત્યેક દીવાદાંડીને પહેલી જ વખત ટેલિફોન લાઇન વડે સજ્જ કરી. ભૂલેચૂકે દુશ્મન નૌકાકાફલો દીવાદાંડીના રખેવાળની નજરે ચડે તો ભારતીય નૌકાદળને તે હિલચાલના તાબડતોબ ખબર મળવા જરૂરી હતા. વધુ એક કાળજીરૂપે વાઇસ-એડમિરલ કોહલીએ ડઝનેક માછીમાર જહાજો પણ ભાડે રાખી લીધાં અને તેમાં વાયરલેસ, સોનાર, મશીનગન તથા પેટ્રોલિંગ માટેનાં બીજાં જરૂરી સાધનો ફીટ કરી તેમને અરબી સમુદ્ર પર હંકારવા મોકલી આપ્યાં. મુંબઇમાં તેમણે નૌકાખાતાના ગુપ્તચરોને તાકીદ કરી કે આગંતુક પરદેશી માલવાહક જહાજોમાં પાકિસ્તાનના તથા અમેરિકાના નાગરિક એવા નાવિકોને ગોદી પર આવવા ન દેવા. વિદેશી જહાજ પોતે મુંબઇ બંદરમાં પ્રવેશ કરે તે સમયે નૌકાદળની પેટ્રોલ બોટે તેની ફરતે બે-ત્રણ ચક્કરો લગાવવાં, જેથી દોરડા વડે જહાજ પાછળ સબમરિન ચેરિયટનું સંપેતરૂં બાંધેલું હોય તો ખબર પડી આવે.

ભારતીય નૌકાદળ પાસે કલ્વારી, ખંડેરી, કુર્સુરા અને કારંજ નામની ચાર રશિયન સબમરિનો હતી. (દરેકનું મૂલ્ય રૂા.૩ કરોડ હતું.) વિમાનવાહક જહાજ વિક્રાન્તનું રક્ષણ કરવા માટે કલ્વારીને તથા ખંડેરીને બંગાળના ઉપસાગરનો મોરચો સોંપાયો હતો, જ્યારે બે ડૂબક-કિશ્તીઓ અરબી સમુદ્રમાં વારાફરતી પેટ્રોલિંગ કરી રહી હતી. વિગ્રહ ફાટી નીકળ્યો એ વખતે કુરસુરાના પેટ્રોલિંગનો દોર સમાપ્ત થયો હતો. મુંબઇના બંદરગાહે તે ડિસેમ્બર ૪, ૧૯૭૧ના રોજ પાછી ફરી. દરમ્યાન તેનું સ્થાન લેવા માટે નવેમ્બર ૩૦, ૧૯૭૧ના રોજ કમાન્ડર વી. એસ. શેખાવતની આગેવાની હેઠળ કારંજે તેનો કરાંચી તરફનો લાંબો પ્રવાસ શરૂ કરી દીધો હતો. આ યુદ્ધમાં એક નવો વિક્રમ સ્થાપવાનું કારંજના નસીબે લખાયું હતું, જેના ફળસ્વરૂપે કમાન્ડર વી. એસ. શેખાવત પોતે ૧૯૯૩માં ભારતના સર્વોચ્ચ નૌકાસેનાપતિ બનવાના હતા.

ડિસેમ્બર ૪, ૧૯૭૧ની મધરાતે ભારતની મિસાઇલ બોટો કરાંચી બંદરગાહ પર ત્રાટકી અને ખૈબર સહિત કેટલાક યુદ્ધજહાજો ડૂબાડી દીધાં એ પછી આગામી બનાવો પણ ઝડપભેર બન્યા. કરાંચી પર બીજો હુમલો પાંચમી ડિસેમ્બરે કરવાનો હતો, જેથી પાકિસ્તાનને એ વાતનું પૂરેપૂરૂં ભાન થાય કે અરબી સમુદ્ર પર હવે અધિપત્ય ભારતનું હતું અને પાક યુદ્ધજહાજો તથા સબમરિનો ખુલ્લા દરિયા તરફ જવાની ગુસ્તાખી ન કરે તેમાં જ તેમની ખેરિયત હતી. આ

■ બ્લેકવૂડ વર્ગની (બ્રિટિશ બનાવટની) મનવાર ખુકરી




બ્લેકવૂડ ક્લાસની મનવાર : ખુકરી	
વજન	૧,૪૫૬ ટન
લંબાઇ	૯૪.૫ મીટર
પહોળાઇ	૧૦.૧ મીટર
તોપો	૪૦ એમ.એમ.ની બે
ડેપ્થ ચાર્જ	ત્રણ-ત્રણ બેરલની બે તોપો
સોનારની રેન્જ	૨,૫૦૦ મીટર
એન્જિન	૧૫,૦૦૦ હોર્સપાવર
પ્રવાસમર્યાદા	૬,૪૪૦ કિલોમીટર
ઝડપ	મહત્તમ ૪૮ કિલોમીટર

વખતે ૧૧,૦૦૦ ટનની પ્રચંડ ક્રૂઝર (મોટા કદની મનવાર) મૈસૂરના કપ્તાન રૂસી ગાંધી કેટલાંક યુદ્ધજહાજોને કરાંચીની પશ્ચિમે મકરાણના કાંઠા તરફ દોરી જવા માગતા હતા. પાકિસ્તાને અહીં કેટલાંક નાનાં બંદરોમાં જહાજોને સલામતીપૂર્વક ગોંધી દીધાં હતાં એટલું જ નહિ, પણ પાક નૌકાદળ માટેના બળતણનો તથા તોપગોળાનો મોટો ભંડાર મકરાણ ખાતે સ્થાપવામાં આવ્યો હતો. મકરાણ પર ગોલંદાજી ચલાવતાં પહેલાં કરાંચીને પણ ફરી વખત ખોખરૂં કરવાનો પ્લાન હતો. કરાંચી બંદરગાહ પર કરાયેલા પ્રથમ હુમલાના પ્લાનનું નામ નૌકાદળે 'ઑપરેશન ટ્રાઈડેન્ટ' હતું, તો બીજાનું સાંકેતિક નામ 'ઑપરેશન પાઈથોન' રાખવામાં આવ્યું હતું.

દુર્ભાગ્યે પાંચમી ડિસેમ્બરનું મુહૂર્ત સચવાયું નહિ. મૈસૂરની આગેવાની હેઠળ કાફલો રવાના થયો તેના ૭૨ કલાકમાં જ કુઠાર નામની ફ્રિગેટનું એન્જિન સદંતર ખોટકાયું અને બીજી ફ્રિગેટ કિરપાણે તેને પાછી મુંબઇ તરફ ખેંચી જવાની ફરજ પડી. ત્રીજી ફ્રિગેટ ખુકરી પણ મુંબઇ સુધી વળાવિયા તરીકે સાથે હંકારી. મુસીબતોની હજી તો શરૂઆત હતી. આધુનિક ફ્રિગેટ કદમાતનું એન્જિન પણ ડચકાં ખાવાં લાગ્યું, જ્યારે વિજેતા નામની મિસાઇલ બોટમાં પણ કશીક યાંત્રિક ગરબડ હતી. આ તકલીફોએ 'ઑપરેશન પાઈથોન'ને ખોરંભે પાડી દીધું. હવે એમ નક્કી થયું કે બીજો હુમલો ડિસેમ્બર ૭/૮ની મધરાતે હાથ ધરવો, પરંતુ એ ટાઇમ-ટેબલ પણ ખરાબ મોસમને કારણે ચોવીસ કલાક પાછળ ઠેલવું પડ્યું.


અલબત્ત, ચોવીસ કલાક પછી ડિસેમ્બર ૮/૯ની મધરાતે જે આતંક શરૂ થયો તે કરાંચી પરના પ્રથમ આક્રમણ જેટલો જ તરખાટભર્યો અને તબાહીજનક હતો. આ બીજા હલ્લામાં લેફ્ટનન્ટ-કમાન્ડર વી. જેરાથની વિનાશ નામની મિસાઇલ બોટ સૌની મોખરે રહી. ઉપરાઉપરી ચાર મિલાઇલો તેણે કરાંચીના નૌકામથક તરફ રવાના કર્યાં. પાકિસ્તાનના જ નૌકાદળે વર્ષો પછી ૧૯૯૧માં બહાર પાડેલા શ્વેતપત્રના બયાન અનુસાર વિનાશનું પહેલું મિસાઇલ છલાંગભેર મનોરા ટાપુને કુદાવતું બંદરગાહની દિશામાં આગળ વધ્યું અને પરબારૂં કિમારીની રાક્ષસી ફ્યૂલ ટેન્ક પર ખાબક્યું. એક સાથે લગભગ બધી ગંજાવર ટાંકીઓ ધડાકાભેર સળગી ઊઠી. આગના ભડકા આકાશમાં એટલે ઊંચે ચડ્યા કે કરાંચી શહેરના સમર હાઉસમાં (કરાંચીના બહુમાળી મકાનમાં) રહેતા લોકો તે અગ્નિશિખાને ઘરબેઠાં દેખી શકતાં હતાં. ડિસેમ્બરની ૪થી ના રોજ ભારતીય નૌકાદળના પ્રથમ હુમલાએ જે આગ ફેલાવી તેના ભડકા હજી તો

■ ખુકરીના જ કદ-માપની બ્લેકવૂડ વર્ગની ફ્રિગેટ કિરપાણ



આગલે દિવસે જ માંડ બૂઝાવવામાં આવ્યા હતા. વિનાશના બીજા મિસાઇલે પાકિસ્તાનના માલવાહક જહાજ હર્મત્તનને ફૂંકી દીધું, ત્રીજા મિસાઇલે ગલ્ફ સ્ટાર નામના જહાજનો ભોગ લીધો અને ચોથા મિસાઇલે પાક નૌકાદળના ટેન્કર જહાજ ઢાકાનો ખુરદો વાળી નાખ્યો. ઢાકાના ૮ અફસરો તથા કુલ ૩૭ ખલાસીઓ તે હુમલામાં માર્યા ગયા.

પાકિસ્તાની નૌકાદળે ભારતના 'ઑપરેશન પાઇથોન' નો બિલકુલ પ્રતિકાર ન કર્યો. ચાર દિવસ પહેલાં કરાયેલા હિંમતભર્યા તેમજ અણધાર્યા હુમલાએ તેને સદંતર હતપ્રભ કરી દીધું હતું. થોડીવાર પછી જો કે કાંઠારક્ષક તોપો ગરજવા લાગી. જવાબમાં ભારતીય ફ્રિગેટ ત્રિશૂલે અને તલવારે વળતી ગોલંદાજી કરી. દરમ્યાન મૈસૂર અને રણજિત નામનાં બે યુદ્ધજહાજો મકરાણના કાંઠા તરફ વળ્યાં, જ્યાં તેમણે વધુ શિકારો કરવાના હતા. છેવટે જો કે રીતસરના નૌકા આક્રમણને બદલે એક નાટકીય પ્રસંગ સાથે જ તેમના એ મિશનને પૂર્ણવિરામ લાગી ગયું. રાત એકદમ કાજળઘેરી હતી. કેપ્ટન રૂસી ગાંધીના યુદ્ધજહાજ મૈસૂરે તેના રેડાર ડાયલ પર દુશ્મન મનવારનું લીલું ટપકું ઝીલ્યું. મૈસૂરે તરત ૬''ના વ્યાસવાળી તોપોના ૫૦ કિલાગ્રામ વજનના ગોળા ઓકવા માંડ્યા. વણઓળખાયેલી દુશ્મન મનવારે પોતાની બધી લાઇટો બુઝાવેલી રાખી હતી, માટે રાતના અંધકારમાં તેને નરી આંખે જોવાનું તો સાવ અશક્ય હતું. વર્ષો પછી વાઇસ-એડમિરલ અને ત્યાર બાદ હિમાચલ પ્રદેશના ગવર્નર બનેલા રૂસી ગાંધી પોતાના સંસ્મરણોમાં પારસી સ્ટાઇલની ટિખળ સાથે લખે છે કે, 'એ જહાજ માલવાહક હતું. દરિયામાં આજુબાજુ મૈસૂરના ૬ ગોળા ફાટ્યા એટલે કદાચ તેના કપ્તાનનું પાટલૂન ભીનું થયું અને તેણે જહાજ પર બધી લાઇટો સ્વિચ-ઑન કરી દીધી. શરણાગતિ દર્શાવતા સફેદ વાવટા પણ ફરકાવ્યા, જે મારા ધારવા પ્રમાણે તેના એકાદ નાવિકના ધોતીજોટા હતા...'



■ કેપ્ટન રૂસી ગાંધીની મૈસૂર

મૈસૂરે ત્યાર પછી એ જહાજની પ્રદક્ષિણા કરી. રૂસી ગાંધીએ તેના પર અંગ્રેજી શબ્દ એડેમેન્ટ વાંચ્યો. પરંતુ જહાજનું આવું વિચિત્ર નામ હોય એ તેમને ગળે ન ઊતર્યું. સર્ચલાઇટના પ્રકાશમાં વધુ બારીક નજરે જોતાં ખ્યાલ આવ્યો કે જહાજ અસલમાં મધુમતી નામનું હતું, પણ તેને બિનપાકિસ્તાની જહાજ તરીકે ખપાવા માટે કેટલાક અંગ્રેજી મૂળાક્ષરો બદલી નાખવામાં આવ્યા હતા, તો કેટલાક ભૂંસી નાખવામાં આવ્યા હતા. હકીકતમાં પાકિસ્તાન શિપિંગ કોર્પોરેશનનું એ જહાજ બાસમતી ચોખાનો ટનબંધ પુરવઠો ભરીને સિંગાપુર જવા નીકળ્યું હતું. કેપ્ટન રૂસી ગાંધીએ મધુમતીની ધરપકડ કરીને તેને સિંગાપુરને બદલે મુંબઇ ભેગું કરવાનો નિર્ણય લીધો. આમ કરવા જતાં મકરાણ પરનો હુમલો માંડી વાળવો પડે તેમ હતો, પરંતુ મધદરિયે પાકિસ્તાનના જહાજને ઝબ્બે કર્યાની પબ્લિસિટી વેલ્યૂ નાનીસૂની ન હતી. ઈસ્લામાબાદ સરકારને તથા ઈસ્લામાબાદને સહાય આપવા માગતી પરદેશી સરકારોને પણ ખબર પાડવી રહી કે અરબી સમુદ્રમાં ભારતીય નૌકાદળની હકૂમત ચાલતી હતી, માટે તેની રજામંદી વગર ત્યાં હંકારી શકાય નહિ. મધુમતીની ધરપકડ દ્વારા રૂસી ગાંધી સૌને ભારતની આણનો પરોક્ષ છતાં પાવરફુલ સંકેત આપી દેવા માગતા હતા. મૈસૂરના કેટલાક નાવિકોને તેમણે જાતતપાસ માટે એ જહાજ

પર મોકલ્યા. ભારતીય નૌકાદળનો એક ધ્વજ પણ મધુમતીના કપ્તાનને પહોંચાડ્યો. આ જહાજ ભારતનું તાબેદાર બન્યું એમ બતાવવા કપ્તાને પાકિસ્તાનનો ધ્વજ સહેજ નીચી કાઠીએ લાવી ટોચ પર ભારતીય નૌકાદળનો વાવટો ફરકાવવાનો હતો. રૂસી ગાંધીએ તેને એ ફેરફાર કરવા માટે ફરજ પાડી.

મધુમતીના ટનબંધ બાસમતી ચોખા કરતાં પણ વધુ મોટી લોટરી કદમાત નામની ભારતીય ફ્રિગેટને લાગી, જેણે એ જ રાત્રે દાણચોરીના સોનાની ખેપ કરનાર અરબ વહાણને આંતરી લીધું. રૂા. ૬૫ લાખનું સોનું એ વહાણમાં હતું ! દુબઈથી એ વહાણ મુંબઈ આવતું હતું, એટલે મધુમતી જેવું તેનું હાઈજૅકિંગ થયું એમ તો કહી શકાય નહિ. વહાણ છેવટે મુંબઈ જ પહોંચ્યું. ફરક એટલો પડ્યો કે તેનો સુવર્ણભંડાર તસ્કર એજન્ટોને બદલે મીન્ટ રોડની સરકારી ટંકશાળના હવાલે થયો. અરબી સમુદ્રના મોરચે એક તરફ આવા નાટ્યાત્મક પ્રસંગો નોંધાયા તો બીજી તરફ અત્યંત ગમખ્વાર બનાવ માટે ભૂમિકા રચાતી હતી. ડિસેમ્બર ૭/૮ના રોજ સૌરાષ્ટ્રના દીવ નજીક દુશ્મન સબમરિન દેખાયાના સમાચાર દિલ્હી ખાતે સર્વોચ્ચ નૌકા સેનાપતિ એડમિરલ નંદાને પહોંચ્યા. આ સબમરિનને કેટલાંક ભારતીય વ્યાપારી જહાજોએ નજરે દીઠી હતી, તો નિરીક્ષક વિમાનોએ સોનાર યંત્રો વડે તેના અવાજની સાઉન્ડપ્રિન્ટ પારખી હતી. એડમિરલે તરત એ સબમરિનનો શિકાર કરવા માટે જહાજો મોકલવાનો હુકમ આપ્યો. હુકમનું જો કે પાલન શી રીતે કરવું તે પ્રશ્ન હતો. પશ્ચિમી નૌકાકાફલા પાસે કિરપાણ, ખુકરી અને કુઠાર નામની ફક્ત ત્રણ એન્ટિ-સબમરિન ફ્રિગેટો એ વખતે ફાજલ હતી. અગાઉ જોયું તેમ કુઠાર તો એન્જિન ટ્રબલને લીધે પંગુ બની ચૂકી હતી, એટલે સ્ક્વૉડ્રન ઑફિસર કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લાના નેતૃત્વ હેઠળ આઇ. એન. એસ. (ઇન્ડિયન નેવલ શીપ) ખુકરી અને કિરપાણ પૂરવેગે દીવ તરફ આગળ વધી. ડિસેમ્બર ૮, ૧૯૭૧નો એ મનહૂસ દિવસ હતો.

■ ખુકરીના કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા



દિવસ સારો જાય અથવા પછીના દિવસો સુધરી જાય એ મુમકીન પણ ન હતું. શિકારી કરતાં શિકાર જ્યારે બળવાન હોય ત્યારે ધાર્યા નતીજાની એ અપેક્ષા રાખી શકાય નહિ. કેપ્ટન મુલ્લાએ જેનો ચાર્જ સંભાળ્યો એ ખુકરીનો ઢાંચો અદ્યતન ન હતો. ફ્રિગેટ પોતે એન્ટિ-સબમરિન ખરી, પરંતુ દુશ્મન સબમરિનને શોધવા માટે તેનાં વીજાણુ સાધનો સહેજ જૂનવાણી હતાં. (ખુકરીના સોનારની રેન્જ ૨.૫ કિલોમીટર હતી, જ્યારે પાક સબમરિનનું સોનાર ૨૫ કિલોમીટર છેટેના જહાજને પારખી લેતું હતું.) સબમરિનનો પીછો કરતી વખતે ખુકરી સ્ફૂર્તિપૂર્વક હંકારી શકે અને દાવપેચ ખેલી શકે એટલા ખાતર તેનું વજન માંડ ૧,૪૫૬ ટન રાખવામાં આવ્યું હતું. આને લીધે તેનું પોલાદી બખ્તર પણ પાતળું હતું. બાકી તો સબમરિનને ફૂંકી દેવા માટે ખુકરી પર ગોઠવેલી મોર્ટાર તોપો કાફી હતી. નિર્ણાયક પ્રશ્ન ફક્ત એ કે શિકારી પહેલાં શિકારને ખતમ કરે કે શિકાર જ ખુદ શિકારીને સકંજામાં લે ?

દીવ પાસે ડોકાયેલી પાક સબમરિન હંગોર મૂળ દાફને વર્ગની ટચૂકડી સબમરિન હતી. વજન માત્ર ૮૬૯ ટન, છતાં હંગોરને આગળ તરફ ૨૧''ના વ્યાસની ૮ ટોરપિડો ટ્યૂબ હતી.



પાકિસ્તાનની હન્ટર-કિલર સબમરિન : હંગોર

સબમરિનનું વજન	સમુદ્રસપાટીએ ૮૬૯ ટન; ડૂબકી માર્યા પછી ૧,૦૪૩ ટન
લંબાઇ × પહોળાઇ	૧૮૯.૬ ફીટ × ૨૨.૩ ફીટ (૫૭.૮ મીટર × ૬.૮ મીટર)
એન્જિનશક્તિ	૨,૪૫૦ હોર્સપાવર પેદા કરતું એક ડીઝલ એન્જિન તથા ૨,૬૦૦ હોર્સપાવરનું એક ઇલેક્ટ્રિક એન્જિન
સરેરાશ ઝડપ	સમુદ્રસપાટી પર કલાકના ૨૪ અને પાણીમાં ૨૮ કિલોમીટર
પ્રવાસમર્યાદા	લગભગ ૮,૩૦૦ કિલોમીટરની વણઅટકી સફર
નાવિકોની સંખ્યા	કમાન્ડર તસ્નીમ અહમદ સહિત કુલ ૪૫ નાવિકો
મુખ્ય શસ્ત્રો	૨૧"ના વ્યાસની ૧૨ ટોરપિડો ટ્યૂબો

■ પાકિસ્તાનની ફ્રેન્ચ બનાવટની સબમરિન હંગોરના પાછલા તૂતક પર પાક રાષ્ટ્રધ્વજ ફરકતો દેખાય છે

એ જ માપવાળી બીજી ૪ ટોરપિડો ટ્યૂબ પાછલા ભાગમાં હતી. વિગ્રહના મોરચે જવાનું હોય ત્યારે હંગોરમાં કુલ ૧૬ ટોરપિડો ખડકી શકાતા હતા. લગભગ ૧૪.૫ ફીટ લાંબા પ્રત્યેક ટોરપિડો છોડ્યા બાદ તે પ્રતિકલાકે ૬૫ કિલોમીટરના વેગે લક્ષ્યાંક તરફ આગળ વધતો હતો. હુમલો આટલી તેજ રફતારે થાય તો સ્વાભાવિક છે કે તેનો ઘા ચૂકાવવા માટે એન્ટિ-સબમરિન ફ્રિગેટે પણ લાજવાબ સ્પીડ અને સ્ફૂર્તિ દેખાડવાનું જરૂરી બને. હંગોરનો ટોરપિડો વળી ૯.૨૫ કિલોમીટર લાંબો પ્રવાસ ખેડી શકે એ પ્રકારનો હતો. આનો મતલબ એ કે એન્ટિ-સબમરિન મનવારને નિશાન બનાવવા માટે હંગોરે તેની અત્યંત નજીક આવવું પડે નહિ. વ્યૂહાત્મક રીતે એ વાત ખરેખર જૂનવાણી ખુકરીની વિરૂદ્ધ જતી હતી. ટોરપિડો રેન્જ ખાસ્સી સવા નવ કિલોમીટર તો ખુકરીની મોર્ટાર તોપે ફેંકેલા ગોળા થોડાક જ ફર્લાંગ છેટે પહોંચી શકતા હતા. પરિણામે હંગોર ખુકરીની પ્રહાર મર્યાદામાં આવે તે પહેલાં હંગોર તેનું નિશાન તાકી શકે તેમ હતી.

ઊંચાઇમાં ૬ ફીટ અને બે ઇંચના પડછંદ એવા કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા આમ તો જન્મજાત સૈનિક હતા. હિંમત, શૂરવીરતા અને જવાઁમર્દી શબ્દશઃ તેમના લોહીમાં હતી, કારણ કે તેમના એક પૂર્વજ મહારાજા રણજિતસિંહના પૂર્વજ હતા અને તેમના દાદા જલિયાઁવાલા બાગના નામચીન અંગ્રેજ હત્યારા માઇકલ ઑ'ડાયર સામે અદાલતી ખટલો લડ્યા હતા. કેપ્ટન મુલ્લા કાશ્મીરી બ્રાહ્મણ હોવાના નાતે પંડિત નેહરુના પણ દૂરના સગા હતા, જ્યારે તેમના પિતા જસ્ટિસ ડી. એન. મુલ્લા સુપ્રિમ કોર્ટના પ્રખ્યાત ન્યાયાધીશ હતા.

ડિસેમ્બર ૯, ૧૯૭૧ની રાત ઢળી ત્યારે ખુકરી અને કિરપાણ દીવની ૫૬ કિલોમીટર પશ્ચિમે તેમના પેટ્રોલિંગના વિસ્તારમાં પહોંચી. અહીં લગભગ ૭,૦૦૦ ચોરસ કિલોમીટરના ક્ષેત્રફળમાં તેમણે દુશ્મન સબમરિનનો પત્તો લગાડી ડેપ્થ ચાર્જ વડે તેનો નાશ કરવાનો હતો. પત્તો લગાડવા માટે બન્ને ફ્રિગેટોએ પોતાનાં સોનાર યંત્રો વાપરવાનાં થાય અને ત્યાં જ શિકાર અને શિકારી વચ્ચે બહુ મોટો તફાવત પડી જતો હતો. સબમરિન હંગોરનાં સોનાર યંત્રો ક્યાંય વધુ સૂક્ષ્મગ્રાહી હતાં. દુશ્મનના અવાજને પારખવામાં તેમની રેન્જ ખુકરી અને કિરપાણ

ફ્રિગેટો કરતાં ક્યાંય વધુ હતી. કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા ખુકરીના ઊંચા બ્રિજ પર પોતાની બંધ કેબિનમાં બેસી ઇન્ટરકોમ દ્વારા જહાજના અફસરોને હુકમો આપી રહ્યા હતા. નૌકાદળની પ્રણાલિકા મુજબ કેપ્ટન જરા ઊંચી ખુરશી પરે બેસે અને જહાજમાં ગમે ત્યાં આંટાફેરા કરવાના હોય ત્યારે ખુરશીને છોડી શકે, પરંતુ ફરજનો સાદ પડે એ વખતે તેણે બ્રિજમાં જ હાજર રહવું જોઇએ.

રાત્રિના આઠ વાગ્યા હતા. 'જોગિન્દર, મને સોનારનું રીડિંગ જણાવતા રહેજો !' કેપ્ટને તેમના લેફ્ટનન્ટ-કમાન્ડર જોગિન્દરસિંહ સૂરીને ઇન્ટરકોમ દ્વારા સૂચના આપી.

'તમે નિશ્ચિંત રહેજો ! હું પોતે સોનાર પાસે બેઠો છું.' કાન પર ઇયરફોન માંડીને સબમરિનના એન્જિનનો મંદ અવાજ સાંભળવા મથતા જોગિન્દરસિંહ સૂરીએ જવાબ આપ્યો.




■ કેપ્ટન મુલ્લાની ખુકરી હુમલાખોર પાક સબમરિનના શિકારે નીકળી હતી, પણ છેવટે એ પોતે દુશ્મનનો શિકાર બની

ખુકરીમાં તેમના સહિત ૨૪ અફસરો તથા ૨૩૫ નાવિકો ભેંકાર દરિયા વચ્ચે પોતાનો જીવ મોતના જડબે મૂકી વતનનો પહેરો ભરતા હતા. ખુકરીથી આશરે સાડા ચાર કિલોમીટર છેટે કિરપાણ ફ્રિગેટ પણ આટલા જ નાવિકો સાથે દુશ્મન સબમરિનની ખોજમાં વ્યસ્ત હતી. વાતાવરણ ગમગીન હતું. કંઇક અંશે ભયાનક પણ હતું. આજુબાજુ નજર પહોંચે ત્યાં સુધી અંધકાર પથરાયેલો હતો. કોઇ માલવાહક જહાજના દીવા પણ દેખાતા ન હતા, કેમ કે યુદ્ધ શરૂ થયું પછી ભારત સરકારે આપણા સમુદ્રમાં જહાજોનો ટ્રાફિક બંધ કરી દીધો હતો. આખા સૌરાષ્ટ્રના કાંઠે દીવાદાંડીનો પ્રકાશ પણ ન હતો, જેથી તેના આધારે રસ્તો શોધતું કોઇ જહાજ દીવ જેવા બંદરો તરફ આવે નહિ. અલબત્ત, કોઇ પાકિસ્તાની સબમરિન આવા વાતાવરણમાં શિકારે નીકળી હોય તો તેના માટે સંજોગો આદર્શ હતા. હંગોર પણ કદાચ એટલે જ નીકળી હતી.

રાત્રિના પોણા નવનો સમય થવા આવ્યો. દિલ્હીથી આકાશવાણી પર સમાચાર શરૂ થયા અને સમાચારનું પહેલું વાક્ય સાંભળતાવેંત ખુકરીમાં આનંદના પોકારો ઊઠ્યા. ભારતીય નૌકાદળનાં જહાજોએ કરાંચી પર બીજો હુમલો કર્યો હતો. સમાચાર વાંચનાર પ્રવક્તાના કહેવા પ્રમાણે ભારતીય નૌકાકાફલાએ પાકિસ્તાનનાં ચાર જહાજોને સમુદ્રના તળિયે પહોંચાડી દીધાં હતાં. ખુકરીના નાવિકો તથા અફસરો રેડિઓ સાંભળવા માટે આતુરતાપૂર્વક કાન માંડીને બેસી ગયા, પણ એવામાં જ રેડિઓના સમાચારને ગુલ કરી દેતો પ્રચંડ ધડાકો થયો. ચૌદસો ટનની આખી ફ્રિગેટ ધ્રુજી ઊઠી. બીજી ક્ષણે તો ફ્રિગેટમાં બધી લાઇટો ઝાંખી પડવા લાગી. જાણે પાવરકટ થયો હોય તેમ એન્જિનરૂમમાં વીજળીના બલ્બનું અજવાળું ઘટવા માંડ્યું અને કેટલાય બલ્બ પછી તો આપમેળે બંધ પડ્યા. નાવિકો પહેલાં તો એમ સમજ્યા કે ખુકરીએ પોતાની મોર્ટાર તોપો વડે ડેપ્થ ચાર્જનું ફાયરિંગ કર્યું અને સમુદ્રમાં તે ગોળા પ્રચંડ દબાણથી ફાટવાને લીધે જબરજસ્ત ધક્કો વાગ્યો. નાવિકોને આકાશવાણીના ખુશખબર પછી માયુસીના સમાચાર ખુદ કપ્તાન મુલ્લાએ ઇન્ટરકોમ દ્વારા આપ્યા : 'આપણી મનવારને દુશ્મન સબમરિનનો ટોરપિડો વાગ્યો છે. નાવિકોને મારી સૂચના છે કે તેઓ એન્જિનરૂમ છોડીને તરત બહાર આવે! તૂતક નીચેના બીજા નાવિકો પણ જલદી તૂતક પર આવે....!'

ફરમાન સાંભળીને એકસામટા બધા નાવિકો દાદરા તરફ દોડ્યા, પરંતુ બધા જણા હેમખેમ બહાર નીકળી શક્યા નહિ. પાકિસ્તાનની હંગોર સબમરિને ખુકરીના પાછલા ભાગમાં મોટું ગાબડું પાડી દીધું અને તે બાકોરાં વાટે સમુદ્રના પાણીનો ધોધ અંદર પડતો હતો. નાવિકો પૈકી અમુક તો ધડાકામાં જ માર્યા ગયા. બીજા અનેક લોહીલુહાણ થયા. નિસરણી જેવો સાંકડો દાદરો ચડીને તેઓ ભાગે એ પહેલાં સમુદ્રનું પાણી તેમના પર ફરી વળ્યું. મરણતોલ ઘા મારી ગયેલી સબમરિનને તરત વળતો જવાબ આપવો જોઇએ પણ એ માટે સમય ન હતો. ખુકરી પાછળ નમી રહી હતી, કેમ કે ત્યાં સપાટાબંધ પાણી ભરાતું હતું. હવે કપ્તાન મહેન્દ્રનાથ મુલ્લા હુમલાખોર સબમરિનને ફૂંકી દેવા માટે ડેપ્થ ચાર્જ ફેંકવા માગતા હોય તો પણ ફેંકી ન શકે એટલી કફોડી દશા હતી. નાવિકોના જાન બચાવવા કે તેમને ડેપ્થ ચાર્જ ફેંકવાનું કામ સોંપવું ?

થોડી વારમાં તો કાળરાત્રિને ગજાવતો બીજો કર્ણભેદી ધડાકો થયો. સમુદ્ર સપાટીની લગભગ ૯૦ ફીટ નીચે રહીને હંગોરે બીજો ટોરપિડો ખુકરીના પડખામાં ઝીંકી દીધો. ટોરપિડોમાં ૧૫૦ કિલોગ્રામ જેટલો અત્યંત સ્ફોટક દારૂગોળો હતો, જેના ધડાકાએ ખુકરીમાં બળતણના ભંડારને આગ ચાંપી દીધી. એક નવું ગાબડું પણ ખોતરી કાઢ્યું. ફ્રિગેટ હવે તરતી રહી શકે તેમ ન હતી. ઈન્ટરકોમમાં ફરી પાછો કપ્તાન મુલ્લાનો અવાજ સંભળાયો : 'હું જહાજનો કપ્તાન, બધા નાવિકોને સૂચના આપું છું કે તેઓ વહેલીતકે જહાજનો ત્યાગ કરે... સૌ પોતપોતાની ડ્યૂટી પડતી મૂકે અને બચવાનો પ્રયત્ન કરે... પાણીમાં જલદી રાફ્ટ ઊતારો !'



અંધારામાં તૂતક પર રાફ્ટ એટલે કે રબ્બરની હોડી ક્યાંય દેખાતી ન હતી. અલબત્ત, થોડી સેકન્ડો પછી અંધારૂં ન રહ્યું, કેમ કે ટોરપિડોના દારૂગોળાએ ખુકરીમાં લગાડેલી આગ ભડકાબંધ ફેલાવા લાગી. પરિણામે થોડુંક અજવાળું થયું. નાવિકોને તે અજવાળામાં બે-એક રાફ્ટ જોવા મળી. બાકીની રાફ્ટ પાછલા તૂતક પર હતી. હવે ત્યાં જવાય તેમ ન હતું, કારણ કે ફ્રિગેટનો એ ભાગ ઝડપભેર પાણીમાં ડૂબી રહ્યો હતો. ખુકરી પાછળ તરફ વધુને વધુ નમ્યે જતી હતી. નાવિકો મૂંઝાયા. શું કરવું એ તેમને સૂઝતું ન હતું. રાફ્ટ ન મળી ત્યારે લાઇફ જેકેટ શોધવા માટે તેઓ આમતેમ દોડાદોડ કરવા લાગ્યા અમુક જણા તો વળી એમ ધારી બેઠા કે અંધારી રાત્રે ખુલ્લા સમુદ્રમાં ખાબકવું અને પૂરવેગે સૂસવતા વમળમાં ખેંચાઈને ગરક થવું એ કરતાં તો જહાજ પર રહેવું સારૂં ! ઊંચા બ્રિજ પર રહી છેવટનું માર્ગદર્શન આપતાં કેપ્ટન મુલ્લા પરિસ્થિતિને બરાબર પામી ચૂક્યા હતા. આ ફ્રિગેટ હવે તરતી રહી શકે નહિ. લેફ્ટનન્ટ-

કમાન્ડર જોગિન્દરસિંહને તેમણે સ્પષ્ટ તાકીદ કરી : 'નાવિકોને કહો કે સમય ન ગુમાવે. આ જહાજ હવે એકાદ મિનિટ પણ તરતું રહી શકવાનું નથી. તમે પણ દરિયામાં ઝંપલાવો. આ મારો હુકમ છે !'

'સર, તમે....?' જોગિન્દરસિંહ પૂછવા ગયા.

'મારી ચિંતા ન કરો. હું જ્યાં છું ત્યાં જ ઠીક છું !' કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લાએ ઠંડે કલેજે વળતો જવાબ દીધો.

આ કપ્તાન તેમની પવિત્ર ખુરશી પર એટલા જ ઠંડા કલેજે બેઠા હતા. ખુરશી પાછળ તરફ ઝૂકવા માંડી હતી, કેમ કે ખુકરી પોતે એ તરફ નમીને ડૂબી રહી હતી. ફ્રિગેટનો વધુને વધુ ભાગ જેમ પાણીમાં ગરક થવા માંડ્યો તેમ જીવ પર આવેલા નાવિકોએ સમુદ્રમાં છલાંગ મારી. જળસપાટી પર બધે જ તેલ ઢોળાયું હતું અને સળગી પણ રહ્યું હતું. જયનારાયણ શર્મા નામના નાવિકે ડૂબકી માર્યા બાદ જેવું માથું બહાર કાઢીને આંખો ખોલી કે તરત બળતરા થવા લાગી. ઘટ્ટ રગડા જેવું ડીઝલ તેની આંખમાં ગયું હતું. તિવારી નામનો બીજો નાવિક પણ આગને કારણે બૂરી રીતે દાઝી ગયો. જોગિન્દરસિંહ હજી પણ જહાજ પર અહીંતહીં દોડધામ કરી પોતાના સાથીદારોને બચાવતા હતા. તેંત્રીસ વર્ષના એ યુવાન લેફ્ટનન્ટ-કમાન્ડરની દેશભક્તિ અને ફરજપરસ્તી દાદ માગી લે તેવી હતી. ખુકરી ઝડપભેર ડૂબતી હોવા છતાં જોગિન્દરસિંહે પોતાનો જાન બચાવવા કરતાં બીજા નાવિકો માટે લાઇફ જેકેટ શોધવાનું ચાલુ રાખ્યું.

હવે ખુકરીનો અડધા કરતાં પણ વધુ ભાગ સમુદ્રમાં ગરક થયો. ઊંચા બ્રિજ પાસે એક નાવિક જહાજને બાઝી પડ્યો હતો. જળસપાટી જેમ ઊંચે ચડતી જાય એમ તે નાવિક પોતે ઊંચે ચડવાનાં વલખાં મારતો હતો. દુર્ભાગ્યે તેની પાસે લાઇફ જેકેટ ન હતું. સમુદ્રમાં તો તોફાની વમળો પેદા થવા માંડ્યાં હતાં. બસબસાતાં ફીણ રાત્રિના અંધકારમાં પણ ધોળકાતાં હતાં. ખુકરીની ચોતરફ ૨૫-૩૦ ફીટના વિસ્તાર સુધી દરિયો વલોવાતો હતો. આ તોફાનમાં ઉસ્તાદ તરવૈયો પણ તરી શકે નહિ. વમળ તેને સમુદ્રના પેટાળ તરફ બળપૂર્વક ધકેલી દે. ખુકરીને બાઝી રહેલા લાચાર નાવિકને બ્રિજની કેબિનમાંથી મહેન્દ્રનાથ મુલ્લા જોઇ રહ્યા હતા. પોતાનું લાઇફ જેકેટ તેમણે શોધી કાઢ્યું અને નાવિક તરફ જેકેટનો ઘા કર્યો.

'સર !' નાવિક ગળગળા અવાજે માંડ બોલ્યો. 'આ જેકેટ તમે પહેરી લો. તમારી જિંદગી બચાવો....!'

'મારી ચિંતા છોડી દે... તારો જાન બચાવ! જલદી કર..' કપ્તાન મુલ્લાએ હુકમ આપ્યો.

ફ્રિગેટનો એ છેલ્લો નાવિક સમુદ્રમાં કૂદી પડ્યો અને રબ્બરની એક હોડી સુધી હેમખેમ પહોંચી ગયો. હોડીમાં બેઠેલા તેના સાથીદારોએ તેને ઊંચકી લીધો. સૌ અવાક્ નજરે હતભાગી ખુકરીને તાકી રહ્યા હતા. મુંબઇના બંદરગાહમાં લાંગરેલી હોય એ વખતે પ્રભાવશાળી જણાતી ખુકરી અત્યંત ભૂંડા મોતને ભેટી રહી હતી. દરિયામાં જેમ તે ડૂબતી જાય તેમ આગના ભડકા ઠર્યે જતા હતા. મોરો વધુને વધુ ઊંચો થતો હતો. હવે ખુકરીના એકમાત્ર બાશિન્દા કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા હતા. આ કપ્તાન માટે પેલા બચી ગયેલ નાવિકે આખરી રિપોર્ટ આપ્યો તે મુજબ લાઇફ જેકેટનો ઘા કર્યા પછી કેપ્ટન ફરી પાછા તેમની ખુરશી પર બિરાજ્યા, જિંદગીની છેલ્લી સિગારેટ તેમણે સળગાવી અને મૃત્યુની રાહ જોતા બેસી રહ્યા. થોડી સેકન્ડો પછી પાણીની ધૂઆંધાર છાલકો વચ્ચે એ કેબિન ડૂબી ગઇ અને પોતાની સાથે કપ્તાન મુલ્લાને પણ લેતી ગઇ. આ કપ્તાનનું મોત ખુકરી જેવું ભૂંડું ન હતું, બલ્કે ભારતીય નૌકાદળની પ્રણાલિકા મુજબ કપ્તાનને છાજે તેવું રૂડું હતું. બ્રિટિશ નૌકાદળે વર્ષો પહેલાં તેના નૌકાદળની પ્રણાલિકાને

નેવે મૂકતું નિવેદન બહાર પાડેલું કે યુદ્ધ મોરચે કોઇ જહાજ ડૂબે ત્યારે કપ્તાને તેની સાથે જળસમાધિ લેવાને બદલે બચવાનો પ્રયત્ન કરવો જોઇએ, કેમ કે તેની ખોટ પૂરવા માટે બીજો કપ્તાન તૈયાર કરતાં નૌકાદળને સહેજે ૨૦ વર્ષ લાગે ! પરંતુ ખુકરીના કપ્તાને એમ ન કર્યું. પ્રણાલિકાને ખાતર કુરબાન ન થયા હોય તો એમ માનવું રહ્યું કે છેલ્લા નાવિકને બચાવવા માટે તેમણે પોતાનું બલિદાન આપ્યું હતું.

વિચારપ્રેરક નહિ, પરંતુ વિવાદાસ્પદ કહી શકાય તેવો બીજો પણ એક મુદ્દો હતો. ખુકરીને મરણતોલ જખમ થયો અને તેમના નાવિકો તરફડિયાં મારતા સમુદ્રમાં કૂદી પડ્યા ત્યારે જોડકી ફ્રિગેટ કિરપાણ માંડ ૧,૫૦૦ ફીટ છેટે હતી. નાવિકોની મદદે જવાને બદલે તે રણમેદાન છોડીને નાસી છૂટી. વિરોધાભાસ જેવી વાત એ છે કે વિગ્રહના અંતે કિરપાણના કમાન્ડર આર. આર. સૂદને તેમની સૂઝબૂઝ બદલ વીરચક્ર એનાયત કરવામાં આવ્યો. અહીં પ્રશ્ન કરી શકાય કે ખુકરીના આફતગ્રસ્ત નાવિકોને બચાવવાનું વધુ જરૂરી લેખાય કે પછી તેમને બચાવવા જતા દુશ્મન સબમરિનનો બીજો ટોરપિડો કિરપાણને વાગે અને તેના નાવિકો પણ ખુવાર થાય એ કરતાં રણમોરચો છોડી જવામાં વધુ ડહાપણ હતું ?

ખુકરીની જળસમાધિએ સમગ્ર દેશને ભારે આઘાત પહોંચાડ્યો. દીવથી કરાંચી ખાસ્સું દૂર હતું, માટે શિકારી સબમરિનને કરાંચી પહોંચવામાં હજી ઘણા કલાકો લાગી જાય એમ ધારી નૌકાદળે તેની શોધખોળ આદરી. કેપ્ટન રૂસી ગાંધીનો આખો કાફલો દીવ તરફ ધસી ગયો. હવાઇદળના વિમાનો એ દિશામાં ઊડ્યાં. નૌકાદળના એન્ટિ-સબમરિન ઍલિઝે વિમાનોએ પણ છાનબિન શરૂ કરી, પરંતુ હંગોરના સગડ ન મળ્યાં. ઊલટું, નૌકાદળનું એક શસ્ત્રસજ્જ ઍલિઝે વિમાન હંગોરની શોધમાં ગયા બાદ પાછું જ ફર્યું નહિ. એ રાત્રે કરાંચી રેડિઓએ પોતાના સમાચારમાં દાવો કર્યો કે પાકિસ્તાનની સ્ટાર ફાઇટર વિમાને મિસાઇલ વડે ઍલિઝેને તોડી પાડ્યું હતું. હકીકતમાં જે બન્યું હોય તે, પણ લેફ્ટનન્ટ-કમાન્ડર અશોક રૉય સહિત ઍલિઝેના ત્રણ પાયલટો માટે જીવનની એ છેલ્લી સફર હતી.

આ તરફ ખુકરીના અંજામનું સરવૈયું કાઢો તો તેના કુલ ૨૫૯ અફસરો તથા નાવિકો પૈકી ૬ અફસરો તથા ૫૯ નાવિકો રબ્બરની કેટલીક રાફ્ટના જોરે તરતા રહીને બચી જવા

■ હતભાગી ખુકરીના કુલ ૨૫૯ અફસરો તથા નાવિકો પૈકી માત્ર પાંસઠ જણા બચી જવા પામ્યા


(તસવીર : લેફ્ટનન્ટ કમાન્ડર એસ કે બાસુના સૌજન્યથી)



■ કારંજના કમાન્ડર વી. એસ. શેખાવત


પામ્યા હતા. બાકીના સૌ શહીદ બન્યા હતા, જેમાં કપ્તાન મહેન્દ્રનાથ મુલ્લાની શહાદત તો કદી ભુલાય તેમ ન હતી. એડમિરલ નંદાએ તરત રાષ્ટ્રપતિને સંદેશો પાઠવ્યો કે, 'કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા વીરતાપૂર્વક શહીદ થયા છે, માટે તેમને મરણોત્તર મહાવીર ચક્ર અપાય તેવી હું આપને ભલામણ કરું છું.' રાષ્ટ્રપતિએ તરત એ ભલામણ સ્વીકારી લીધી અને કેપ્ટન મુલ્લાને મરણોત્તર મહાવીર ચક્ર એનાયત કર્યો, પણ કદાચ એ વીર શહીદ માટે પરમવીર ચક્ર વધુ યોગ્ય હતો. ખુકરીના કપ્તાનની શહાદત અંગે જાણી પાકિસ્તાની યુદ્ધજહાજ બાબરના સુકાની કોમોડર એચ. એચ. અહમદ પણ દુઃખી થયા, કેમ કે ૧૯૪૦ના દાયકામાં કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા તેમના સાથી ખલાસી અને જિગરી દોસ્ત હતા.

એક નોંધપાત્ર પરાક્રમ ભારતીય સબમરિન કારંજના કમાન્ડર વી. એસ. શેખાવત પણ એ દરમ્યાન યુદ્ધની તવારીખમાં નોંધાવી રહ્યા હતા. પેટ્રોલિંગ માટે તેમની સબમરિન નવેમ્બર ૩૦, ૧૯૭૧ના રોજ નીકળી હતી. કરાંચીના સાગરકાંઠે દિવસો સુધી તેણે ડૂબકી મારેલી હાલતમાં રહેવું પડ્યું હતું. સબમરિન પાણીમાં ગરક થાય એ પછી તેનું ડીઝલ એન્જિન બંધ કરી દેવું પડે, કેમ કે ડીઝલના દહન પૂરતી હવા ફાજલ પાડી શકાય નહિ. સબમરિન ત્યાર બાદ ફક્ત બેટરી વડે હંકારે, પણ બેટરીનો એકધારો વપરાશ થાય એ વખતે આડપેદાશ તરીકે જે હાઈડ્રોજન છૂટો પડે તે સબમરિનનનું તો અસ્તિત્વ જોખમમાં મૂકી દે. સબમરિનની અંદર નજીવો તણખો ઝરે તો પણ વિસ્ફોટ થવાનો ભય રહે. આમ છતાં કેપ્ટન શેખાવતે સપાટી પર આવવાની લાલચ રોકી અને સાગર પેટાળમાં અનેક દિવસો ગુજારી નાખ્યા. પેટ્રોલિંગની ડ્યૂટીનું પૂર્ણવિરામ છેક ડિસેમ્બર ૨૦, ૧૯૭૧ના રોજ આવ્યું કે જ્યારે પાકિસ્તાનના બે ટુકડા પડી ચૂક્યા હતા. કોઈ શસ્ત્ર એ યુદ્ધમાં સૌથી વધુ સમય એકધારું વપરાયું હોય તો એ કેપ્ટન

■ દીવ ખાતેનું ખુકરી સ્મારક



કરી દેવું પડે, કેમ કે ડીઝલના દહન પૂરતા ...
ફક્ત બેટરી વડે હંકારે, પણ બેટરીનો એકધારો વપરાશ થાય એ વખતે આડપેદાશ તરીકે જે
હાઇડ્રોજન છૂટો પડે તે સબમરિનનનું તો અસ્તિત્વ જોખમમાં મૂકી દે. સબમરિનની અંદર
નજીવો તણખો ઝરે તો પણ વિસ્ફોટ થવાનો ભય રહે. આમ છતાં કેપ્ટન શેખાવતે સપાટી પર
આવવાની લાલચ રોકી અને સાગર પેટાળમાં અનેક દિવસો ગુજારી નાખ્યા. પેટ્રોલિંગની
ડ્યૂટીનું પૂર્ણવિરામ છેક ડિસેમ્બર ૨૦, ૧૯૭૧ના રોજ આવ્યું કે જ્યારે પાકિસ્તાનના બે ટુકડા
પડી ચૂક્યા હતા. કોઇ શસ્ત્ર એ યુદ્ધમાં સૌથી વધુ સમય એકધારું વપરાયું હોય તો એ કેપ્ટન




■ દીવ ખાતેનું ખુકરી સ્મારક

શેખાવતની ચોકિયાત સબમરિન કારંજ હતી. આ સબમરિનનું પરાક્રમ યુદ્ધ પછી તો સમગ્ર નૌકાદળમાં દંતકથાના ધોરણે ચર્ચાતું રહ્યું. બરાબર વીસ વર્ષ પછી વી. એસ. શેખાવત ભારતીય નૌકાદળના સેનાપતિ પણ બન્યા.

કેપ્ટન મુલ્લાની યાદમાં ભારતીય નૌકાદળે મઝગાઁવ ગોદીમાં ખુકરી નામની વધુ એક સુપરફાઇટર મનવાર તૈયાર કરાવી છે, જેને ૧૯૮૯માં કપ્તાન મહેન્દ્રનાથ મુલ્લાની જ પત્ની સુધા મુલ્લાએ તરતી મૂકી હતી. આ નવી મનવાર કદમાં સહેજ નાની છે, પરંતુ મિસાઇલો અને તોપો વડે સજ્જ હોવાને લીધે તેની પ્રહારશક્તિ જૂની ખુકરી કરતાં પણ વધુ છે. મનવારની કેબિનમાં પણ તેના કપ્તાનની પવિત્ર ખુરશી છે. જેની સામે અસલ ખુકરીના શહીદ કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લાની શાનદાર છબી લટકે છે.

આજે ખુકરીના દુઃખદ અંજામની યાદ આપતું સ્મારક દીવમાં મોજૂદ છે, જેની મુલાકાત બહુ ઓછા પર્યટકો લેતા હોય છે. ખુકરી ભેગા સાગરના પેટાળમાં સમાયેલા ૧૯૪ શહીદોના બલિદાનનું એ પ્રતીક એમ પણ બતાવે છે કે સતર્કતા, સમજદારી અને સંતુલિત રણનીતિ માગી લેતા યુદ્ધમાં ગાફેલિયત માટે ચૂકવવી પડતી કિંમત નાનીસૂની હોતી નથી.■





પ્રકરણ : ૧૮

શકરગઢ : પહેલો ઘા શૂરાનો!

લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથ દુશ્મન સામે ડિફેન્સિવને બદલે ઓફેન્સિવ બન્યા. પરિણામે આખા યુદ્ધમાં પાકિસ્તાને ગુમાવેલી ૨૨૬ પૈકી ૯૫ ટેન્કો શકરગઢ મોરચે ભંગાર બની


પશ્ચિમમાં ભારત-પાક સરહદે ખેમકરણ, પુંચ, છામ્બ, શકરગઢ વગેરે પ્રદેશો એવા છે કે જ્યાં ૧૯૬૫ના યુદ્ધ વખતે તોપોનો અને ટેન્કોનો તુમુલ સંગ્રામ ખેલાયા પછી ૧૯૭૧માં ફરી વખત તેઓ બન્ને દેશો વચ્ચેનાં નિર્ણાયક કુરુક્ષેત્રો બન્યાં. કચ્છથી કાશ્મીર સુધી ભારત-પાક સરહદ ૩,૩૧૦ કિલોમીટર લાંબી હોવા છતાં ભૂમિયુદ્ધ આવા પ્રદેશોમાં કેન્દ્રિત થવાનું કારણ એ કે પાક ખુશ્કીદળ ત્યાં સરહદને વીંધી બીજા ફક્ત પાંચ-દસ કિલોમીટરનું અંતર કાપવામાં સફળ થાય તો જમ્મુ સાથે બાકીના ભારતને જોડતા ધોરી માર્ગને પણ તે કાપી નાખે. એ પછી નવા સૈનિકો, શસ્ત્રો તથા સરંજામના અભાવે કાશ્મીરનો મોરચો સુરક્ષિત રાખવાનું ભારત માટે કપરૂં બને. આજની જેમ એ વખતે પણ કાશ્મીર સાથે શેષ ભારતનો સંપર્ક માત્ર વાયા જમ્મુ હતો. શાંતિકાળમાં પણ શ્રીનગર અને જમ્મુ વચ્ચે દરરોજ ફૌજી માલસામાન લાદેલા ૧૫૦ લશ્કરી ખટારાનો ટ્રાફિક અવિરત ચાલતો હતો અને યુદ્ધ શરૂ થયા પછી તો કાશ્મીર ખીણને મોકલાતી રોજિંદી કુમક અનેક ગણી વધી હતી. પઠાણકોટથી જમ્મુનો અને ત્યાર બાદ જમ્મુથી શ્રીનગરનો સળંગ ધોરી માર્ગ એ રીતે કાશ્મીરનું અસ્તિત્વ ટકાવવા માટે ધોરી નસ જેવો હતો.

■ ખુશ્કીદળના સિનિઅર અફસરો સાથે વૉર-પ્લાન ઘડી રહેલા (તસવીરમાં વચ્ચે) લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથ




ઉદાહરણ તરીકે સામેના પાને શકરગઢનો નકશો જુઓ. પાકિસ્તાનની ભૌગોલિક ફાચર જેવો શકરગઢનો અણિયાળો પ્રદેશ બિલકુલ કાશ્મીર અને પંજાબ વચ્ચે ભારતને શૂળની માફક ભોંકાયેલો છે. પઠાણકોટથી જમ્મુનો માર્ગ સામ્બા પાસે એટલી હદે સરહદ

નજીક પસાર થાય છે કે બન્ને વચ્ચે પૂરા સાત કિલોમીટરનું પણ અંતર રહેતું નથી. પાકિસ્તાની બખ્તરિયા (આર્મર્ડ) દળના પ્રચંડ આક્રમણને જો શરૂઆતના જ તબક્કે રોકી ન દેવાય તો એ રસ્તા પર તેને કબજો જમાવતા સહેજે વાર ન લાગે. મોબાઇલ તોપો, રણગાડીઓ, બખ્તરિયા ગાડીઓ અને પુરવઠા ટ્રકો ચોવીસ કલાકમાં સામાન્ય રીતે ૩૦-૪૦ કિલોમીટર સુધી ઘૂસપેઠ કરી શકતી હોય ત્યારે આટલી પેશકદમી તેના માટે અઘરી બાબત નથી. પરિણામે અગાઉ ૧૯૬૫માં બન્યું તેમ ૧૯૭૧માં પણ સામ્બા પાસે શકરગઢ ફ્રન્ટ પર શત્રુનું વહેલું મોડું જોરદાર આક્રમણ થવું અનિવાર્ય હતું.



બીજી તરફ ભારતના સેનાપતિ જનરલ સામ માણેકશા તથા પશ્ચિમ મોરચાના (વેસ્ટર્ન કમાન્ડના) નાયબ સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથ સામે વળી જુદો પ્રશ્ન હતો : કચ્છથી કાશ્મીરના આખા સીમાડે આક્રમણને બદલે આત્મરક્ષણની પોલિસી અપનાવવાનું તથા શક્ય હોય ત્યાં સુધી એ સીમાડે યુદ્ધ ટાળીને બધી તાકાત પૂર્વના (બાંગલા દેશના) મોરચે લડાવવાનું ભલે નક્કી થયું, છતાં વર્ષો થયે ભારતના પડખામાં ભોંકાયા કરતી શકરગઢ નામની શૂળને હંમેશ માટે વાઢી નાખવાનો મોકો ઝડપી લેવો કે કેમ ? ઇન્દિરા ગાંધીએ મૂળ તો ફક્ત બાંગલા દેશને મુક્ત કરવાનો આદેશ જનરલ માણેકશાને ફરમાવ્યો હતો. આ માટે ૫૧૨ કિલોમીટર લાંબી પાકિસ્તાન-ગુજરાત સરહદે, ૧,૦૩૫ કિલોમીટર લાંબી પાકિસ્તાન-રાજસ્થાન સરહદે, ૫૪૭ કિલોમીટર લાંબી પાકિસ્તાન-પંજાબ સરહદે કે પછી ૧,૨૧૬ કિલોમીટર લાંબી (માત્ર યુદ્ધવિરામ રેખા પ્રમાણે જોવા બેસો તો ૭૯૦ કિલોમીટર) પાકિસ્તાન-કાશ્મીર સરહદે લડવું ખાસ જરૂરી ન હતું. આ કારણસર જનરલ માણેકશાએ વેસ્ટર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથને આગોતરી તાકીદ કરી રાખેલી કે દિલ્હીના આર્મી હેડક્વાર્ટરને પૂછ્યા વગર પશ્ચિમ મોરચે કશે આક્રમણ કરવું નહિ. આત્મરક્ષણની કિલ્લેબંધી રચવા સાથે જ મતલબ રાખવો.

આ ફરમાન કેન્ડેથને ન જચ્યું. કંઇ નહિ તો શકરગઢમાં તેઓ દુશ્મન સામે આક્રમક બનવા માગતા હતા, કેમ કે ભારતને કનડતી એ શૂળને નાબૂદ કરવાનો બીજો ચાન્સ ફરી ક્યારે મળે તેનો ભરોસો નહિ. અહીં કેન્ડેથ પાસે કોર નં. ૧ કહેવાતી જંગી અક્ષૌહિણી સેના હતી. (આગામી પાને ચાર્ટ જુઓ.) કોરના મુખ્ય સરદાર લેફ્ટનન્ટ-જનરલ કે. કે. સિંહ હતા, જેમનું



હેડક્વાર્ટર પઠાણકોટ હોવા છતાં ડિસેમ્બર ૨, ૧૯૭૧ના રોજ એટલે કે યુદ્ધ ફાટી નીકળ્યું તેના આગલા દિવસે કેન્ડેથે સામ્બા ખાતે એ મથકને ખસેડ્યું હતું. આ તબદિલી આત્મરક્ષણ માટે જરૂરી હોવાનું સેનાપતિ માણેકશાને જણાવવામાં આવ્યું, પણ હકીકત એ છે કે આક્રમણનો પ્લાન કેન્ડેથે ઑક્ટોબરમાં જ મનોમન ઘડી કાઢ્યો હતો. છેવટ સુધી મનમાં પણ રાખ્યો હતો. ખુદ લેફ્ટનન્ટ-જનરલ કે. કે. સિંહને તે અંગે વાકેફ કર્યા ન હતા. અલબત્ત, લશ્કરી શિસ્તભંગનું તહોમત કેન્ડેથ પર મૂકતા પહેલાં એટલું યાદ રાખવું પડે કે તેઓ સામાન્ય કક્ષાના સેનાપતિ ન હતા. પંડિત નેહરુએ ૧૯૬૦માં પોર્તુગિઝ શાસનના ગોવાને મુક્ત કરાવવા જે સૈન્ય મોકલ્યું તેના કમાન્ડર અને ત્યાર પછી આઝાદ ગોવાના પ્રથમ ગવર્નર-જનરલ કેન્ડેથ પોતે હતા. ગણતરીના કલાકોમાં તેમણે પોર્ટુગિઝ લશ્કરને હાંકી કાઢી ૩,૭૦૨ ચોરસ કિલોમીટરના ગોવાને ભારતના નકશામાં સામેલ કરી દીધું હતું.

પાકિસ્તાનના જનરલ યાહ્યા ખાને ૩જી ડિસેમ્બરના સંધ્યાટાણે ભારત પર આકાશી હુમલા શરૂ કરાવ્યા અને પુંચ, લોંગેવાલા, છામ્બ વગેરે સીમાડા પણ સળગ્યા તેના બીજા દિવસે કેન્ડેથે કોર નં. ૧ના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ કે. કે. સિંહને બોલાવ્યા. ઇન્દિરા ગાંધીના સલાહકાર દ્વારકા પ્રસાદ ધર અને જનરલ માણેકશા અગાઉ નવેમ્બર ૩૦ના રોજ કેન્ડેથને પઠાણકોટમાં રૂબરૂ મળીને તાકીદ કરી ચૂકેલા કે દિલ્હીની મંજૂરી લીધા સિવાય તોપનો એક ગોળો પણ છોડવો નહિ. વડા પ્રધાન વતી દ્વારકા પ્રસાદ ધરે તો કેન્ડેથને ચોખ્ખા શબ્દોમાં મનાઇહુકમ સંભળાવ્યો હતો. આમ છતાં કેન્ડેથ નવી દિલ્હીનું પત્તું કાપી નાખવા માગતા હતા.

દિલ્હીની ઉપરવટ જવા માટે કેન્ડેથ પાસે કેટલાંક સબળ કારણો હતાં. સૌથી મોટું કારણ એ કે ભારતે પશ્ચિમ સરહદે યુદ્ધ ટાળવાનો અભિગમ ભલે રાખ્યો હોય, પણ છેવટે તો પુંચ, લોંગેવાલા અને છામ્બમાં પહેલે જ દિવસે પાકિસ્તાને જંગી પયમાને હુમલા શરૂ કરી દીધા હતા. હવે શકરગઢમાં એ કથાનું પુનરાવર્તન ન થાય તેની શી ખાતરી ? પાકિસ્તાનના ખુશ્કીદળે પણ લેફ્ટનન્ટ-જનરલ ફઝલ મુક઼ીમ ખાન નામના બાહોશ સેનાપતિના નેજા હેઠળ આખી કોર જેવડું સૈન્ય શકરગઢની સરહદે હરોળબંધ રીતે ખડકી દીધું હતું. પાકિસ્તાનના સિઆલકોટ હેડક્વાર્ટરમાં એક ઇન્ફન્ટ્રી (પાયદળ) ડિવિઝન ગમે ત્યારે યુદ્ધમોરચે ધસી જવા માટે તૈયાર હતી. આ તૈયારી પણ હજી ઓછી હોય તેમ લેફ્ટનન્ટ-જનરલ ફઝલ ખાને સમગ્ર શકરગઢ સરહદે ભારતના હુમલો રોકવા એન્ટિ-ટેન્ક સુરંગો, ખાઇ અને સિમેન્ટ કોન્ક્રિટનાં પિલ-બોક્સિસનો મજબૂત બંદોબસ્ત કર્યો હતો.

પિલ-બોક્સ એટલે કોન્ક્રિટનું ૫-૭ ફીટ જાડી દીવાલવાળું એવું ચણતર કે જે પોણા ભાગ સુધી જમીનમાં હોય અને બાકીનો જે નજીવો હિસ્સો બહાર રહે તેની ફાટ દ્વારા તોપનાં નાળચાં આગળ કરીને સૈનિકો હુમલાખોર ફોજ પર ગોલંદાજી ચલાવે. ઠસોઠસ મજબૂતીના પિલ-બોક્સનો નાશ કરવો હોય તો ભારતીય તોપનો ગોળો પરબારો તેના પર ટીચાવો જોઇએ. બે-પાંચ ફીટ આઘોપાછો ફાટે તો કશી અસર થાય નહિ. પાકિસ્તાનના જે સૈનિકો આવા પિલ-બોક્સમાં અડ્ડો નાખીને બેઠા હોય તેઓ સામાન્ય રીતે સલામત રહે, જ્યારે ભારતનું આક્રમક સૈન્ય તેમના સામા હુમલામાં ભાગ્યે જ બચવા પામે. આક્રમણ કરવું પણ જો કે આસાન ન હતું. પાકિસ્તાને જમીનમાં એન્ટિ-ટેન્ક સુરંગો લાંબી હરોળરૂપે પાથરી દીધી હતી. સુરંગોનો પહેલો બેલ્ટ ૬૦૦ થી ૮૦૦ મીટર જાડો હતો, જેમાં દર ચોરસ મીટરે ૧ સુરંગ દાટવામાં આવી હતી. ભારતની રણગાડીઓ ભૂલેચૂકે એ બેલ્ટને પાર કરી જાય તો ૮ કિલોમીટર પછી ૧,૨૦૦ મીટર પોહોળો વધુ એક બેલ્ટ આવતો હતો અને તેમાં દર ચોરસ મીટરે સરેરાશ દોઢ સુરંગોનું પ્રમાણ રાખવામાં આવ્યું હતું. એ પછીનો ત્રીજો સળંગ બેલ્ટ એન્ટિ-ટેન્ક ખાઇનો

ખુશ્કી સૈન્યનાં સાત એકમો : કોરથી સેક્શન સુધી


લાખો સૈનિકોના બનેલા ખુશ્કીદળનું કાર્યક્ષમ સંચાલન થાય અને વહીવટી સુવિધા જળવાય એ માટે તેને વિવિધ એકમોમાં વહેંચી દેવામાં આવે છે. દરેકનું એવરેજ સંખ્યાબળ નીચે મુજબ હોય છે. આ છતાં દરેક દેશ પોતાની સગવડ મુજબ તથા લશ્કરના સંખ્યાબળ મુજબ જે તે એકમમાં સૈનિકોની સંખ્યા બદલે છે.

કોર/Corps	આશરે ૭૦,૦૦૦ સૈનિકો, જેમની બે થી ત્રણ ડિવિઝનો હોય છે. લેફ્ટનન્ટ-જનરલની કક્ષાનો સેનાપતિ કોરનું નેતૃત્વ સંભાળે છે.
ડિવિઝન	સરેરાશ ૩ બ્રિગેડ વડે રચાતી ડિવિઝનમાં ૧૬,૦૦૦ થી ૧૮,૦૦૦ સૈનિકો હોય છે. મેજર-જનરલનો હોદ્દો ધરાવતો અફસર ડિવિઝનની સરદારી લે છે.
બ્રિગેડ	બ્રિગેડિઅરના નેજા હેઠળની દરેક બ્રિગેડમાં ૨,૫૦૦ થી ૩,૦૦૦ સૈનિકો હોય છે, જેમને પેટાવિભાજન માટે ૩ કે ૪ બટાલિયનોમાં વહેંચી દેવામાં આવે છે.
બટાલિયન	સરેરાશ ૮૦૦ થી ૧,૦૦૦ સૈનિકોની બનેલી અને ૩ થી ૪ કમ્પનીઓમાં વહેંચાયેલી બટાલિયનનું નેતૃત્વ લેફ્ટનન્ટ-કર્નલ અથવા કર્નલ સંભાળે છે.
કમ્પની	મેજરની કક્ષાના અફસર હસ્તકની કમ્પનીમાં ૧૫૦ થી ૩૦૦ સૈનિકો હોય છે. દરેક કમ્પનીને ૩ થી ૪ પ્લેટૂનમાં (પલટણમાં) વહેંચી દેવાય છે.
પ્લેટૂન	સાધારણ રીતે ૩૦ થી ૪૦ અને ક્યારેક સહેજ વધુ સૈનિકોની બનેલી પ્લેટૂનના સરદારને નાયબ સૂબેદાર કહે છે. પ્લેટૂનને ત્રણ સેક્શનમાં વહેંચેલી હોય છે.
સેક્શન	ખુશ્કીદળનું સૌથી નાનું એકમ સેક્શન કહેવાય છે, જેના ૮ થી ૧૨ સૈનિકોની આગેવાની નાયકનો હોદ્દો સંભાળતા જવાનને સોંપવામાં આવે છે.

<u>નોંધ</u> : ઉપર બતાવેલાં વિભાજનો ઉપરાંત ભારે/મધ્યમ તોપોની અને ટેન્કોની બાબતમાં કરવામાં આવતું વર્ગીકરણ પણ નોંધવા જેવું છે. ● આર્ટિલરી બેટરી કહેવાતા તોપખાનાના યુનિટમાં એવરેજ ૬ તોપો હોય છે. ● આર્ટિલરી રેજિમેન્ટને સામાન્ય રીતે ૧૮ તોપો વડે સજ્જ કરવામાં આવે છે. ● બખ્તરિયા દળની ટેન્ક રેજિમેન્ટમાં ૪૪ થી ૪૫ રણગાડીઓ હોય છે. ● બખ્તરિયા દળનું સૌથી નાનું એકમ સ્ક્વૉડ્રન છે, જેમાં સરેરાશ ૧૪ રણગાડીઓ હોય છે.

હતો, જેને સામાન્ય રણગાડી કદાપિ ઓળંગી શકે નહિ. શકરગઢની કુદરતી ભૂગોળ પણ ભારતના આક્રમણ માટે અનુકૂળ ન હતી. ચિનાબ અને રાવી નદી વચ્ચેનો એ પ્રદેશ બીજાં અનેક નદી-નાળાં વડે છવાયેલો હતો. બિન અને દેધ નદીઓ તેમાં મુખ્ય હતી. એ સિવાય બસંતર અને કારીર નામનાં બે મોટાં નાળાં પણ ખરાં.

વિગ્રહ શરૂ થયો તેના બે-ત્રણ દિવસ પહેલાં લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથનાં ટચૂકડાં જાસૂસી વિમાનો શકરગઢના આકાશમાં છીછરા લેવલે ઊડ્યાં. ઝૂમ લેન્સના કેમેરા વડે તસવીરો પાડી. વિવિધ સ્થળો પર ફોકસ કરાયેલા સેંકડો ફોટા પરસ્પર જોડીને આખો સચિત્ર નકશો બનાવવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે દુશ્મને સુરંગોની હરોળમાં કેટલેક ઠેકાણે ગાબડાં રહેવાં દીધાં હતાં. દોરડાની સાદી વાડ ત્યાં નીચા લેવલે બાંધી હતી. ખાઇ પણ એટલા ભાગમાં પૂરેલી હતી. આનો દેખીતો અર્થ એ થાય કે દુશ્મન સૈન્ય આવાં સલામત ગાબડાં દ્વારા ગમે ત્યારે ભારત પર હુમલો લાવવા માટે તૈયારી રાખીને બેઠું હતું. અલબત્ત, ભારત પોતે ગાબડાંને ‘પ્રવેશદ્વાર’ તરીકે વાપરીને પેશકદમી કરી ન શકે એટલા માટે શેરમાન અને પેટન (એમ.-૪૮) પ્રકારની સંખ્યાબંધ દુશ્મન રણગાડીઓ ત્યાં કમાનાકારે ગોઠવાયેલી હતી. વાસ્તવમાં પાક લશ્કરે શકરગઢના મોરચે ૩૦૦ કરતાં વધુ રણગાડીઓ ખડકી દીધી હતી. પૂર્વ તરફ નાળચાં તાકીને પડેલી સેંકડો તોપોના પણ જૂમલાનો આમાં સમાવેશ કરો તો પાક બખ્તરિયા દળની કિલ્લેબંધી એકદમ સંગીન તથા અભેદ્ય હતી. આમ છતાં લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથ ફક્ત ચોવીસ કલાકમાં ત્રિપાંખિયા હુમલા સાથે શકરગઢના મોરચે યુદ્ધ આરંભી દેવાનું નક્કી કર્યું. એ યુદ્ધ કે જે બીજા વિશ્વવિગ્રહ પછી લડાઇના એક ચોક્કસ મોરચે ખેલાયેલું સૌથી મોટું ટેન્કયુદ્ધ સાબિત થવાનું હતું. કેન્ડેથનો મનસૂબો શકરગઢ, ઝફરવાલ અને નારોવાલ એમ ત્રણ મુખ્ય પાક શહેરો જીતી લેવાનો હતો, કેમ કે આટલો પ્રદેશ છોડિયાંરૂપે વાઢી લેવાયા પછી ભારતના પડખામાં સતત ભોંકાયા કરતી ભૌગોલિક અણી વન્સ-ફોર-ઓલ બટકી જતી હતી. ભારતની સરહદમાં ઘૂસી આવતો દુશ્મનનો એ સંપૂર્ણ પ્રદેશ નાબૂદ થતો હતો.



શકરગઢની શૂળનું સર્જીકલ ઑપરેશન

નવી દિલ્હીને સદંતર અંધારામાં રાખી કેન્ડેથ પોતાના નાયબ સેનાપતિ (કોર નં. ૧ના કમાન્ડર) લેફ્ટનન્ટ-જનરલ કે. કે. સિંહને ત્રણ ડિવિઝનો સાથે ત્રિપાંખિયું આક્રમણ કરવાનો આદેશ ફરમાવ્યો. ૧૯૭૧ના યુદ્ધમાં બીજા એકેય મોરચે જોવા ન મળી હોય એટલી જબરજસ્ત



■ શકરગઢના સુપરસ્ટાર બ્રિગેડિઅર એ. એસ. વૈદ્ય

ફોજી જમાવટ કરવાના હુકમો જોતજોતામાં છેક નાયબ સૂબેદારના લેવલ સુધી પહોંચ્યા. ત્રણેય ડિવિઝનો ઇન્ફન્ટ્રી હતી. મતલબ કે પગપાળા સૈનિકોની હતી, જેમની પાસે મશીનગનો, મોર્ટાર તોપો અને હેન્ડ ગ્રેનેડ જેવાં શસ્ત્રો હતાં. દુશ્મનની કિલ્લેબંધી ભેદવા માટે એ શસ્ત્રો પૂરતાં ન ગણાય, એટલે પ્રત્યેક ડિવિઝનમાં બખ્તરિયા બ્રિગેડો સામેલ હતી. તોપખાનાની આર્ટિલરી બ્રિગેડોનો પણ સમાવેશ કરી દેવાયો હતો. શકરગઢની ભૂગોળને ધ્યાનમાં લેતાં કેન્ડેથે અને કે. કે. સિંહે ઘડેલી વૉર-ગેમ ટૂંકમાં નીચે મુજબ હતી.

■ મેજર-જનરલ બી. આર. પ્રભુની ૩૯ મી ડિવિઝન સૌ પહેલાં સરહદ ઓળંગીને બે ફાંટામાં વિભાજન પામે. એક ફાંટો દુશ્મન પ્રદેશના દેહલરા, ચક્રા વગેરે લશ્કરી મથકોને વારાફરતી ખાલસા કરી અંતે શકરગઢ પહોંચે. બીજો ફાંટો (નકશામાં બતાવ્યા મુજબ) ગિદ્દરપુર, હરાર ખુર્દ, ચાક આમરૂ અને મારવાલના રસ્તે શત્રુ ફોજનો સફાયો કરતો છેવટે શકરગઢને આંબી લે. ૩૯મી ડિવિઝનના આવા બન્ને હુમલામાં ટી-૫૫ પ્રકારની ટેન્કો મોખરે રહે અને વધુમાં ૧લી ડોગરા મોબાઇલ બટાલિયન તેમને પીઠબળ આપે.

■ મેજર-જનરલ ડબલ્યુ. એ. પિન્ટોની ૫૪મી ડિવિઝન પરબારી ઝફરવાલ અને ધામતાલ નામના વ્યૂહાત્મક લક્ષ્યાંકો તરફ પેંસારો કરી ગમે તે ભોગે તેમના પર કબજો સ્થાપી દે. આ સફળતા મેળવ્યા પછી કેટલીક પલટણો ઝફરવાલ-ટુ-શકરગઢના રસ્તે પ્રવાસ ખેડી શકરગઢ પહોંચે, જ્યાં તેને ૩૯મી ફતેહમંદ ડિવિઝનનો ભેટો થવો રહ્યો. પરિણામ એ આવે કે પશ્ચિમમાં દેઘ નદી, દક્ષિણમાં ઝફરવાલ-ટુ-શકરગઢના માર્ગે રચાયેલી ભારતીય હરોળ અને પૂર્વમાં બિન નદી વચ્ચેનો સમગ્ર ત્રિકોણાકાર પ્રદેશ છેવટે આપણી માલિકીનો બને. પિન્ટોની ૫૪મી ડિવિઝનનું કાર્ય જરા કઠિન હોવાને કારણે લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથે તેમને સેન્ચુરિઅન ટેન્કોવાળી સ્વતંત્ર (૧૬મી) આર્મર્ડ બ્રિગેડ આપવાનું પણ નક્કી કર્યું. આ ટેન્કકાફલાના સરદાર બ્રિગેડિઅર અરૂણ વૈદ્ય હતા. વર્ષો પછી તેઓ જનરલ વૈદ્ય તરીકે ભારતના સર્વોચ્ચ સેનાપતિ બનવાના હતા, પણ તેમના નસીબે મૃત્યુ તો વિદેશી સૈનિકોને બદલે દેશના જ આતંકખોરોના હાથે લખાયેલું હતું. કરૂણતાભર્યો બીજો કટાક્ષ એ કે તેમનું મૃત્યુ મગતરાછાપ મારુતિ ફ્રન્ટીમાં થવાનું હતું; આર્મર્ડ બ્રિગેડનો સેનાપતિ જેમાં શોભે એવી સેન્ચુરિઅન ટેન્કમાં નહિ.

■ મેજર-જનરલ બલવન્તસિંહ આહલુવાલિયાની ૩૬મી ડિવિઝન કુલ ત્રણ મોટી બ્રિગેડો સાથે શકરગઢ તરફ પૂર્વ-ટુ-પશ્ચિમ આડી લીટીમાં માર્ચિંગ કરી જાય અને શક્ય એટલો પ્રદેશ જીતી લે. સરવાળે આહલુવાલિયા પણ શકરગઢ પહોંચે, માટે રાવી નદીની પશ્ચિમનો ખાસ્સો પ્રદેશ ભારતના કબજામાં આવે. કેન્ડેથે જો કે ૩૫મી ડિવિઝનને અનામત ફોજરૂપે જ વાપરવાનું નક્કી કર્યું; અર્થાત્ ૩૯મી અને ૫૪મી ડિવિઝનોને શત્રુ લશ્કર સખત પ્રતિકાર આપતું જણાય અને ત્યાં ભારતનું ક્વિક માર્ચિંગ જો સ્લો માર્ચિંગ નીવડે તો જ શત્રુ લશ્કરના અમુક સૈનિકોને ત્રીજી ફ્રન્ટ તરફ પૂર્વમાં દોડી આવવા ફરજ પાડતો જંગી હુમલો કરવો.


હવે યુદ્ધનો ટૂંકો ચિતાર : ડિસેમ્બર ૫, ૧૯૭૧ની મધરાતે પહેલવહેલું આક્રમણ



■ મેજર-જનરલ પ્રભુની ૩૯ મી ડિવિઝને વાપરેલી ૧૦૫ મી.મી.ના વ્યાસવાળી સેલ્ફ-પ્રોપેલ્ડ તોપ દર મિનિટે ૧૨ ગોળા છોડી શકતી હતી

મેજર-જનરલ પ્રભુની ૩૯મી ડિવિઝને શરૂ કર્યું. આ ડિવિઝન પાસે ૧૩૦ મીલીમીટરના વ્યાસની લોંગ રેન્જ તોપો હતી. પૈડાંવાળી એ દરેક તોપનું વજન ૮,૪૫૦ કિલોગ્રામ હતું, જ્યારે તેના નાળચા વાટે ૧૭ કિલોમીટર દૂર સુધી ફેકાંતો તોપગોળો ૩૩.૪ કિલોગ્રામ વજનનો હતો. વધુમાં ૧૦૫ મીલીમીટરના વ્યાસવાળી સેલ્ફ-પ્રોપેલ્ડ તોપોની એક સ્વતંત્ર રેજિમેન્ટ પણ હતી. પાકિસ્તાનીઓ અણધાર્યા હુમલા માટે તૈયાર ન હતા, કેમ કે યુદ્ધનું બ્યુગલ વાગ્યા પછી ત્રીસેક કલાક તો કશી નવાજૂની વગર પસાર થયા હતા અને ભારત તેના આત્મરક્ષણના પ્લાનને વળગી રહ્યું હોવાનું પાક સેનાપતિ જનરલ ફઝલ ખાને ધારી લીધું હતું. રશિયન બનાવટની દરેક ભારતીય તોપ દર મિનિટે છએક ગોળા ફેંકી રહી હતી. આખી રાત તેમણે ગરજવાનું ચાલુ રાખ્યું. પાકિસ્તાને વળતી ગોલંદાજી આડેધડ કરી, કેમ કે અંધારી રાત્રે ભારતીય તોપોનું સ્થાન નક્કી કરવું અશક્ય હતું. આમ છતાં પરોઢનું અજવાળું ફેલાયું કે તરત પાક તોપખાનાનું એક નિરીક્ષક વિમાન આર્મી ઓબ્ઝરવેશન પોસ્ટની ડ્યૂટી બજાવવા માટે આકાશમાં ચડ્યું. પાકિસ્તાની તોપખાનાને હવે તે માર્ગદર્શન આપી શકે તેમ હતું. આ રીતે દિશાસૂચન કરવાનો દોર જો કે લાંબો ન ચાલ્યો, કારણ કે ૩૯મી ડિવિઝનના આર્ટિલરી બ્રિગેડિઅર ગુરુબચનસિંહની વિમાનવિરોધી તોપે જોતજોતામાં એ નિરીક્ષક પ્લેનને ફૂંકી દીધું.

ડિવિઝન ત્યાર પછી શકરગઢની દિશામાં આગળ વધી. ભારત માટે એ વખતે મેઇન બેટલ ટેન્કની ગરજ સારતી ટી-૫૫ પ્રકારની ટેન્કોનો કાફલો મોખરે રહ્યો, જ્યારે મોબાઇલ તોપો જરા પાછળ રહીને ગોલંદાજી કર્યે રાખતી હતી. વજનમાં ૩૬,૦૦૦ કિલોગ્રામની ટી-૫૫નું બખ્તર મહત્તમ ૧૭ સેન્ટિમીટર જાડું હતું અને ૧૦૦ મીલીમીટરના વ્યાસની તેની મુખ્ય તોપ આશરે ૩ કિલોમીટર છેટે ગોળા ફેંકી શકતી હતી. અલબત્ત, દુશ્મને જ્યાં સુરંગક્ષેત્ર બિછાવેલું હોય ત્યાં આક્રમક રણગાડીના બીજા દરેક ગુણધર્મ કરતાં તેનું ગ્રાઉન્ડ પ્રેશર વધુ મહત્ત્વનું ગણાય, કેમ કે દાટેલી સુરંગના વિસ્ફોટને ટાળવો હોય તો તેના પર અમુક હદ કરતાં વધુ દબાણ ન થવું જોઇએ. મેજર-જનરલ બી. આર. પ્રભુના કમનસીબે ટી-૫૫ પ્રત્યેક ચોરસ સેન્ટિમીટરે ૦.૮૧ કિલોગ્રામ જેટલો દાબ આપતી હતી. આગામી દિવસે જ બપોરે તેમના સૈન્યે આનું માઠું ફળ ભોગવવાનો વારો આવ્યો. પાકિસ્તાનની જૂનવાણી શેરમાન ટેન્કોને મરણતોલ ફટકા મારતી અને પીછેહઠ કરાવતી ટી-૫૫નો કાફલો પ્રથમ સુરંગક્ષેત્રમાં અટવાયો. મોખરાની ચાર ટેન્કોના ભુક્કા નીકળી ગયા. ડિવિઝનની આગેકૂચ ટૂંક સમય માટે ત્યાં જ



એન્ટિ-ટેન્ક સુરંગ : ભૂસપાટીની અમુક ફીટ નીચે દાટ્યા બાદ ઉપર પસાર થતી રણગાડીનું કે બખ્તરિયા ગાડીનું વજન સુરંગના પલીતાને ચાંપે છે. અમુક સુરંગો દુશ્મન સૈનિકોના પગસંચારને લીધે પણ ફાટે છે

અટકી જવા પામી. હવે સુરંગક્ષેત્રને નાકામ કર્યા વગર આગળ વધી શકાય તેમ ન હતું. દરમ્યાન ફસાયેલા બખ્તરિયા દળ પર દુશ્મન લશ્કરે જે ફાયરિંગ ચલાવ્યું તેમાં સૂર્યાસ્ત પહેલાં ૯૦ ભારતીય જવાનો શહીદ થઇ ગયા.

અગાઉ જોયું તેમ હુમલાના આરંભે જ મેજર-જનરલ બી. આર. પ્રભુએ ૩૯મી ડિવિઝનને બે ભાગે વહેંચી દીધી હતી. એક ફાંટો દેહલરા તરફ અને બીજો હરાર ખુર્દ તરફ રવાના થયો હતો. બન્નેની આગેકૂચ છેવટે તો કેન્ડેથના પ્લાન કરતાં અત્યંત ધીમી ચાલી, કારણ કે માર્ગમાં આવતી છૂપી સુરંગો વખતોવખત પોતાના શિકારો કર્યે જતી હતી. આક્રમણના પહેલે જ દિવસે સુરંગોના વિસ્ફોટોને લીધે કેટલીક રણગાડીઓ સાથે ૨૪ જવાનો માર્યા ગયા અને ૬૫ જખમી થયા. પાકિસ્તાને છૂપાવેલી સુરંગો ક્યાં છે એ માત્ર તેમના ધડાકા દ્વારા જાણી શકાતું હતું; એટલે કે ઝેરનો ડોઝ ચાખ્યા પછી જ તેનું પારખું થતું હતું. આ રીતે ડઝનેક ટેન્કોનો ભોગ આપ્યા પછી ૩૯ મી ડિવિઝને પહેલું સુરંગક્ષેત્ર માંડ વટાવ્યું ત્યાં આગામી ૧,૨૦૦ મીટરના સુરંગક્ષેત્રનો તેને પરચો મળ્યો.



■ ભારતીય ખુશ્કીદળની (મૂળ રશિયન) ટી-૫૫

પાકિસ્તાની ટેન્કો તથા એન્ટિ-ટેન્ક મિસાઇલ કોબ્રા મિસાઇલોનો ઉપદ્રવ પણ જેવો તેવો ન હતો. કલાકના ૩૦૦ કિલોમીટરના વેગે ધસી આવતાં અને ૪૭.૫ સેન્ટિમીટર જાડા પોલાદી બખ્તરને પણ વીંધી શકતાં કોબ્રા મિસાઇલોએ અનેક ભારતીય ટેન્કોને જીવલેણ ડંખ માર્યો. પાકિસ્તાનની એન્ટિ-ટેન્ક તોપો પણ ધાર્યા કરતાં વધુ અસરકારક નીવડી. પરિણામે અનેક પ્રતિકારોનો મુકાબલો કરતી ૩૯ મી ડિવિઝન ત્રણ દિવસમાં માંડ ૪ કિલોમીટરનું અંતર કાપીને પશ્ચિમમાં દેહલરા અને પૂર્વમાં ચાક આમરૂ સુધી પહોંચી શકી. આ ગતિએ છેક દક્ષિણે શકરગઢ સુધી તો ક્યારે પહોંચાય એ સવાલ હતો. ગિદરપુર, ચક્રા અને હરાર ખુર્દ માટે ચોવીસ કલાક લાંબાં યુદ્ધો ખેલાયાં, જેની ગણતરી લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથે પોતાના વ્યૂહાત્મક પ્લાનમાં માંડી ન હતી તેમ કલ્પી પણ ન હતી. ડિવિઝનનું મુખ્ય લક્ષ્યાંક શકરગઢ હોય અને છેવટે એ જ શહેર ભાગોળે રહી જાય તો કેન્ડેથ જતે દહાડે પોતાના દુઃસાહસનો ખુલાસો પણ આપી શકે નહિ. આથી છેવટે એમ નક્કી થયું કે પૂર્વમાં ૩૬ મી ડિવિઝનને દુશ્મનનો ઓછો પ્રતિકાર નડે તેમ હોવાને લીધે તેણે જ શકરગઢ પર જંગી હુમલો લોન્ચ કરવો. આમાં તેને મદદરૂપ થવા માટે કેન્ડેથે ૩૬ મી ડિવિઝનના મેજર-જનરલ બલવંતસિંહ આહલુવાલિયાને ૫૪ મી ડિવિઝનના ભોગે વધુ એક બ્રિગેડ આપી. પ્લાનિંગમાં આવું પરિવર્તન લાવ્યા પછી લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથે ઝફરવાલને ભુલી જવું પડ્યું. હવે ૫૪ મી ડિવિઝન પૂરી તાદાદ અને તાકાત સાથે ઝફરવાલ પર આક્રમણ કરી શકે તેમ ન હતી.

પાકિસ્તાનનાં ઝફરવાલ અને ધામતાલ શહેરોને જ જીતવા નીકળેલી ૫૪મી ડિવિઝનના કમાન્ડિંગ ઑફિસર મેજર-જનરલ પિન્ટોએ અસલમાં સંગીન પૂર્વતૈયારી કરી હતી. એક તો તેમણે પોતાના કાફલામાં ભારેખમ સેન્ચુરિઅન રણગાડી ભેગી એ. એમ. એક્સ.-૧૩ પ્રકારની

જૂનવાણી ફ્રેન્ચ ટેન્કો સામેલ કરવાનો આગ્રહ રાખ્યો હતો. લડવા માટે એ ટેન્કો કદાચ પુરાતન લેખાય, પરંતુ વજન ફક્ત ૧૩,૦૦૦ કિલોગ્રામ હોવાને લીધે એ દરેક રણગાડીનું ગ્રાઉન્ડ પ્રેશર ૪૮,૦૦૦ કિલોગ્રામની સેન્ચુરિઅન કરતાં ખાસ્સું ઓછું હતું. સુરંગક્ષેત્ર પર તે સડસડાટ દોડી જાય, છતાં અપૂરતા દબાણને કારણે સુરંગો ન ફાટે એવું પણ બને. પિન્ટોની ૫૪મી ડિવિઝનમાં આવી કુલ ૧૪ રણગાડીઓ હતી. વળી દરેકની આગળ પાવડા જેવાં યાંત્રિક 'ટ્રાઉલર્સ' ફીટ કરેલાં હતાં. રણગાડી જેમ પ્રવાસ ખેડતી જાય તેમ એ પાવડા જમીનમાં ખૂંપીને માટી, ઢેફાં અને પથરા સહિત એન્ટિ-ટેન્ક સુરંગને બહાર ઉલેચી લેતાં હતાં. આ રીતે સાંકડો માર્ગ ખૂલ્યા બાદ પાછળ આવતી સેન્ચુરિઅન ટેન્કો માટે એ સલામત રસ્તે આગેકૂચ ચાલુ રાખી મેદાન સર કરવું સહેલું હતું.



■ સેન્ચુરિઅન કરતાં ત્રણ ગણા ઓછા વજનની એ.એમ.એક્સ.-૧૩ ટેન્ક

અગાઉ નકશામાં બતાવ્યું તેમ મેજર-જનરલ ડબલ્યુ. એ. જી. પિન્ટોની ૫૪મી ડિવિઝન દેધ નદી અને કારીર નાલા વચ્ચે આગળ વધી. મરચાંની ધૂણી જેવા મિજાજના પિન્ટો દર પાંચ વાક્યે એક લશ્કરી ગાળ ન બોલે એવું ન બને. ડિવિઝનની સત્તાવાર ફૌજી મુદ્રા પર કોતરવા માટે તેમણે પસંદ કરેલું સૂત્ર 'બેશ ઑન રિગાર્ડલેસ' હતું, જેનું સાદું ગુજરાતી એ થાય કે અવરોધોની ઐસી તૈસી કરીને બિનધાસ્ત આગળ વધો ! પિન્ટોની ફોજે ડિસેમ્બર ૫, ૧૯૭૧ની મધરાતે ચામના ખુર્દ પાસે સરહદને પાર કર્યા પછી આગામી રાત્રે પાકિસ્તાનના ભૈરવનાથ ગામ પર ભારતનો ધ્વજ ખોડી દીધો, પણ એ માટે શેરમાન પ્રકારની દુશ્મન ટેન્કો સાથે સતત ૧૪ કલાક સુધી તેણે ગોલંદાજીનું યુદ્ધ ખેલવું પડ્યું. ચોરસ કિલોમીટરમાં જે પ્રદેશ મળ્યો તેના સાટારૂપે અપાયેલો ભોગ ક્યાંય વધારે હતો. એ પછી ઠાકુરદ્વારા તરફ જતી વખતે પિન્ટોની ડિવિઝનને પાકનું સુરંગક્ષેત્ર ભારે પડ્યું. સરહદથી એ ગામ માત્ર ૬ કિલોમીટર છેટે હતું, છતાં ત્યાં પહોંચવામાં બે દિવસ નીકળી ગયા. વધુ આગળ જતાં દરમાનના અને બામરોલાના મોરચે તો પાકિસ્તાનની શેરમાન અને પેટન ટેન્કો સાથે કોબ્રા પ્રકારનાં એન્ટિ-ટેન્ક મિસાઈલો પણ ૫૪મી ડિવિઝન પર ત્રાટક્યાં. અઢી કિલોગ્રામ સ્ફોટક બારૂદ સાથેનું દરેક મિસાઈલ રણગાડીના ૧૮.૭'' જાડા બખ્તરને તોડી નાખે તેવું હતું અને ખાસ્સી તગડી કહેવાતી ભારતીય સેન્ચુરિઅન ટેન્કનું બખ્તર મહત્તમ ૬'' જાડું હતું. અમુક હિસ્સાનું આવરણ માત્ર ૦.૬૭'' હતું.

■ શકરગઢમાં જીતેલી દુશ્મન ભૂમિ પર સેનાપતિ પિન્ટોએ આવાં પાટિયાં ખોડાવ્યાં



દુશ્મને બિછાવેલું સુરંગક્ષેત્ર વળી પિન્ટોના ધાર્યા કરતાં વધુ પહોળું સાબિત થયું, જેને સાફ કરવાનો વખત મળે એ પહેલાં જનરલ ફઝલ

ખાનના બખ્તરિયા દળે ૫૪મી ડિવિઝનને સામસામી ગોલંદાજીનું યુદ્ધ ખેલવા મજબૂર કરી દીધી. ડિવિઝન પર દિવસના સરેરાશ ૨,૪૦૦ ગોળા વરસવા શરૂ થયા ત્યારે આગેકૂચ કરવાનો તો પ્રશ્ન જ રહ્યો નહિ. પાકિસ્તાની સેનાપતિએ પોતાનો વ્યૂહાત્મક પ્લાન ખરેખર વિચારપૂર્વક ગોઠવ્યો હતો. ભારતની આગેકૂચને સુરંગો વડે રોકી પાડી તેઓ એ જ હાલતમાં તેને લડવાની ફરજ પાડવા માગતા હતા, જેથી ભારતીય બખ્તરિયા દળ પાક સૈન્યને ખોખરૂં કરી શકે તો પણ પાક મુલકને કબજે લેવાનો ચાન્સ તેને મળે નહિ. આ હાલતમાં સામસામી ૬૦૦ રણગાડીઓ અને ૧,૦૦૦ કરતાં વધુ નાની-મોટી તોપો વડે તસુએ તસુ જમીન માટે જે સંગ્રામ ખેલાયો તે બીજા વિશ્વયુદ્ધ પછી અભૂતપૂર્વ હતો. બન્ને પક્ષે ખુવારી થયા કરતી હતી, પણ એકેય દેશનો ભૌગોલિક નકશો ખાસ બદલાતો ન હતો. આનો મતલબ એ કે ભારતના અનેક જવાનો માર્યા જતા હતા અને તો પણ શકરગઢ પર જમાવટ કરી શકાતી ન હતી.

લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથ દેખીતી રીતે ચિંતિત બન્યા. આ યુદ્ધ તેમણે વહોરી લીધું હતું. દિલ્હીની મંજૂરી પણ એ માટે લીધી ન હતી. ધબડકો આમ જ થતો રહે તો સેનાપતિ માણેકશાને તથા વડાપ્રધાનને શો ખુલાસો આપવો તે સવાલ હતો. હવાઇદળના સેનાપતિ ઍર ચીફ-માર્શલ પી. સી. લાલ તેમનાં સંસ્મરણોમાં લખે છે કે, 'કોઇ ચારો ન રહ્યો ત્યારે ખુશ્કીદળે સુરંગોના ફૂરચા કાઢી નાખવા માટે બોમ્બમારો કરવાનું વાયુસેનાને જણાવ્યું, પરંતુ એ પ્રસ્તાવ વહેવારુ ન હતો. ધડાકો બોમ્બનો થયો કે સુરંગનો થયો એ જ કદાચ પામી શકાય નહિ. વળી પાક ફોજે સુરંગો પાથરવાનું કામ શકરગઢના ગામ લોકોને સોંપ્યું હતું, જેમણે સુરંગોની જગ્યા સૂચવવા ડાળખીઓ તથા લાકડીઓ ખોસીને માર્કા કર્યા હતા. વિમાનોએ ફેંકેલા બોમ્બ રખે સહેજ દૂર ફાટે તો સુરંગો અકબંધ રહે અને તેમનું સ્થાન બતાવતી નિશાનીઓ કદાચ વેરવિખેર થાય, એટલે પછી ખુશ્કીદળ માટે એ પ્રદેશ વધુ જોખમી બને. ત્રીજો ભય એ પણ ખરો કે બોમ્બના ધડાકામાં કેટલીક માટીના પોપડા નીકળી જાય તો છીછરા થર નીચેની સુરંગ પર આવતું નજીવું દબાણ પણ ત્યાર પછી તેના ફ્યૂઝનો પલીતો ચાંપી દે.'

■ પાકિસ્તાને ૧૮ જેટલાં મિગ-૧૯ વિમાનોને કામે લગાડ્યાં, પણ છેવટે આકાશમાં ભારતીય વાયુસેનાનું પ્રભુત્વ સ્થપાયું

ઍર ચીફ-માર્શલ લાલનો અભિપ્રાય સચોટ હતો, માટે વાયુસેનાની મદદ સામે આપોઆપ ચોકડી લાગી. હવે લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથે પોતે શકરગઢના મોરચે ભારતની શાન જાળવવા માટે કશી વ્યૂહાત્મક તજવીજ કરવી પડે તેમ હતી, કેમ કે સામટા અડધો લાખ જવાનોને ખુદ તેમણે મોતના દાવ પર લગાડ્યા હતા. મુસીબતમાં કસર રહેતી હોય તેમ પાકિસ્તાન ઍરફોર્સનાં મિગ-૧૯ વિમાનોનું ધાડું આકાશમાં ચડી આવ્યું. આ સંજોગો વચ્ચે ઝડપી તરક્કી શક્ય ન હતી. સેન્ચુરિઅનમાં કમાન્ડર, તોપચી, ડ્રાઇવર અને લોડર એમ ચાર જણા હોય, માટે આકાશી હુમલા વખતે કમાન્ડરે અથવા લોડરે એન્ટિ-



ઍરક્રાફ્ટ ગન સંભાળવામાં વ્યસ્ત રહેવું પડે તો રણગાડીના ભૂમિયુદ્ધ પર તેની માઠી અસર થયા વગર રહે નહિ. પાકિ-સ્તાનના મિગ-૧૯ કહેવાય જૂનવાણી, છતાં દરેક પ્લેન બે ઍર-ટુ-ઍર મિસાઇલો, ૧૬ એન્ટિ-ટેન્ક રોકેટો અને ૫૦૦ કિલોગ્રામના બે (અથવા ૨૫૦ કિલોગ્રામના ચાર) બોમ્બ વડે સજ્જ હતું. મિગ-૧૯ સામે લડતી વખતે ૫૪મી ડિવિઝનના પગપાળા જવાનોએ તો સાદી મશીનગનો વડે કામ ચલાવવું પડ્યું.

શકરગઢની નજીકનું ભારતીય ઍર-બેઝ પંજાબમાં લુધિયાણા નજીક હલવારા ખાતે હતું. ગ્રૂપ-કેપ્ટન સી. વી. ગોલે નામના દીર્ઘદૃષ્ટા બૅઝ-કમાન્ડરે અગમચેતી વાપરીને સુખોઇ-૭ વિમાનોનાં બે સ્ક્વૉડ્રન ત્યાં ઑગસ્ટમાં જ મંગાવી રાખ્યાં હતાં. રશિયન બનાવટનાં સુખોઇ-૭ એ જમાના પ્રમાણે જરા હાઇ-ટેક ગણાતાં હતાં, એટલે સરેરાશ ૫૨૦ એન્જિનિઅરોનો, પાયલટોનો તથા મદદનીશોનો કાફલો દરેક સ્ક્વૉડ્રનની (સરેરાશ ૧૨ વિમાનોની) તહેનાતમાં રાખવો પડ્યો હતો. વિમાનોની પૂંછડી જરા ઊંચી, એટલે વિરાટ ગેરેજ જેવાં હેન્ગરોમાં પણ તેઓ સમાય તેમ ન હતાં. પરિણામે ગ્રૂપ-કેપ્ટને પોલાદનાં વધુ મોટાં હેન્ગરો યુદ્ધના ધોરણે તૈયાર કરાવ્યાં હતાં. ૧લી કોરના લેફ્ટનન્ટ-જનરલ કે. કે. સિંહનો કુમક માગતો સંદેશો મળ્યો કે તરત મિસાઇલસજ્જ એવાં સુખોઇ-૭ વિમાનો પ્રતિકલાકે ૧,૭૦૦ કિલોમીટરના વેગે શકરગઢ તરફ ઊડ્યાં. પ્રત્યેક સુખોઇ-૭નો શસ્ત્રભંડાર ૨,૫૦૦ કિલોગ્રામ જેટલો હતો. શકરગઢ તરફ ધસી આવનાર સુખોઇ-૭નું બીજું ધાડું કાશ્મીરના આદમપુર હવાઇમથકનું હતું. એ પછી શકરગઢના આકાશમાં સતત ત્રણ દિવસ સુધી જે યુદ્ધ ખેલાયું તે ભૂમિયુદ્ધને પણ ભુલાવે તેવું રોમાંચક હતું. બોંતેર કલાક પછી ત્યાંના આકાશમાં પાક વિમાનો માટે સંચારબંધી લાગુ પડી.



■ પરમવીર સેકન્ડ-લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલ

અલબત્ત, જમીન પર સમય હજી ઘડિયાળ નહિ, કેલેન્ડર પ્રમાણે ગણાતો હતો. જુદા શબ્દોમાં કહો તો પાકિસ્તાનના ભીષણ પ્રતિકાર સામે ૫૪મી ડિવિઝન પ્રચંડ જોર લડાવ્યાં છતાં મંથર વેગે જ આગળ વધી શકતી હતી. ભારતના કેટલાક જવાનોએ અપ્રતિમ સાહસો કરી બતાવ્યાં ત્યારે જ પાક હરોળમાં અહીંતહીં બાકોરાં પાડવાનું શક્ય બન્યું અને ડિવિઝન છેવટે જરપાલ ખાતે પહોંચી. (આ મહત્ત્વના લક્ષ્યાંકનું સ્થાન ૧૬૦મે પાને નકશામાં જુઓ.) સૌથી યાદગાર સાહસ અરૂણ ખેતરપાલ નામના યુવાન ટેન્ક અફસરનું હતું. પાકિસ્તાનની કેટલીક પેટન ટેન્કો જરપાલ ફરતે કિલ્લેબંધી રચીને ગોઠવાયેલી હતી. આ હરોળને તોડવા માટે અરૂણ ખેતરપાલ સાથે રવિ મલ્હોત્રા તથા અવતાર અહલાવત નામના બે ટેન્ક કમાન્ડરોએ મરણિયો દાવ ખેલી નાખ્યો. અરૂણ ખેતરપાલને તો ભારતના બખ્તરિયા દળમાં સામેલ થયે પૂરા ૬ મહિના પણ વીત્યા ન હતા. મિલિટરી કોલેજમાં ટેન્કયુદ્ધને લગતી પરીક્ષા આપવાનું પણ તેમણે હજી બાકી હતું. કોલેજને બદલે અહીં કુરૂક્ષેત્રના મેદાન પર મુખ્ય સવાલ પ્રશ્નપત્રના જવાબો લખવાનો નહિ, પણ બહાદુરીની લાજવાબ મિસાલ આપવાનો હતો.

ઝફરવાલથી શકરગઢ તરફ જતો ધોરી માર્ગ પાકિસ્તાન માટે ધોરી નસ જેવો હોવાને

કારણે પહેલું કામ તે નસને કાપી નાખવાનું કરવું રહ્યું, જેથી પશ્ચિમમાં સિઆલકોટ મારફત દુશ્મન સૈન્ય માટે આવતો શસ્ત્રસરંજામનો સપ્લાય શકરગઢ સુધી ન પહોંચે. આખરે શકરગઢ જો ખાલસા થાય તો લાહોરના હાઇ-વે દ્વારા તેને મોકલવામાં આવતા પુરવઠાનોય કશો અર્થ સરે નહિ. આ નસને આંબી લેવા માટે જરપાલનો અભિમન્યુ કોઠો પહેલાં તો ભેદવો રહ્યો. આગેકૂચના માર્ગમાં એ કોઠો નડતરરૂપ બની રહ્યો હતો. પાકિસ્તાનની ચાલીસેક પેટન ટેન્કો સામે ત્રણ સેન્ચુરિઅન વડે જાણે કેસરિયાં જ ખેલી નાખવાનાં હોય તેમ લેફ્ટનન્ટ અવતાર અહલાવત, કેપ્ટન રવિ મલ્હોત્રા અને સેકન્ડ-લેફ્ટનન્ટ અરૂણ ખેતરપાલે જુસ્સાભેર હલ્લો બોલાવ્યો. સામે પક્ષે માત્ર રણગાડીઓ ન હતી, એન્ટિ-ટેન્ક તોપોના ગોળા પણ તડામાર ઝડી વરસાવતા હતા. પરંતુ ત્રણેય બહાદુરોએ જોતજોતામાં બધી તોપોને ચૂપ કરી દીધી. એ જ સપાટામાં દસ પેટન ટેન્કોના પણ ફુરચા કાઢી નાખ્યા. આ પૈકી ચાર ટેન્કોનો શિકાર અરૂણ ખેતરપાલે કર્યો.

વળતો ફટકો ત્યાર પછી વાગ્યો. સૌ પ્રથમ અહલાવતની રણગાડી દુશ્મન પેટનનું નિશાન બની. આ પ્રહારે અહલાવતને બૂરી રીતે જખ્મી કર્યા અને રણગાડી પાછળ આવતા પાયદળના જવાનોએ મોર્ટાર તોપો વડે સામી ગોલંદાજી દ્વારા કવર આપી તેમને બચાવવા પડ્યા. ટેન્કની બહાર કાઢી તેમને દૂર ખસેડ્યા. રવિ મલ્હોત્રાની સેન્ચુરિઅન રણગાડીએ અચાનક ગરજવાનું બંધ કર્યું. ઉપરાઉપરી ફાયરિંગ કર્યું હોવાને લીધે તોપનું નાળચું જરા ફુલીને 'જામ' થયું હતું, એટલે ગોળા તેની સોંસરવા નીકળી શકતા ન હતા. છેવટે માત્ર અરૂણ ખેતરપાલની સેન્ચુરિઅન લડવા માટે લાયક રહી. રવિ મલ્હોત્રા જો કે પોતાની ટેન્કને રીવર્સમાં ખસેડી રહ્યા હતા. તોપ વગર લડવાનો પ્રશ્ન જ ન હતો. ખેતરપાલને સંખ્યાબંધ પેટન ટેન્કો સામે આગળ વધતા જોયા પછી મલ્હોત્રાં ચોંકી પડ્યા. આ યુવાન સેકન્ડ-લેફ્ટનન્ટના તેઓ સિનિઅર અફસર હોવાના નાતે તેમણે વાયરલેસ દ્વારા ખેતરપાલને પાછા વળી જવા ફરમાન આપ્યું. રેજિમેન્ટના બધા ટેન્ક કમાન્ડરોએ પોતાના વાયરલેસ પર ખેતરપાલનો જે પ્રત્યુત્તર સાંભળ્યો તે આમ હતોઃ 'સર, મારી તોપ હજી કામ આપે છે. હજી કેટલાક દુશ્મનોને હું ખતમ કરી શકું તેમ છું !'


■ શકરગઢના લોહિયાળ યુદ્ધમાં હલાક થયેલો એક પાકિસ્તાની સૈનિક



આ શબ્દો છેલ્લા હતા. ખેતરપાલે આક્રમણ ચાલુ રાખીને ફક્ત ૭૫ મીટર છેટે રહેલી વધુ એક પાકિસ્તાની ટેન્કનો નાશ કર્યો. બદલામાં ત્રણ ગોળા તેમની સેન્ચુરિઅન પર ઝીંકાયા, જેમાંનો છેલ્લો ગોળો બિલકુલ ટરેટ પર વાગ્યો કે જેના ગુંબજ જેવા બખ્તર નીચે ખેતરપાલ બેઠા હતા. રણગાડીનો લોડર એ હુમલામાં માર્યો ગયો. તોપચી બૂરી રીતે જખમી થયો. ખેતરપાલના આદેશ મુજબ ડ્રાયવરે એ તોપચીને સહીસલામત બહાર કાઢી રણગાડીનો ત્યાગ કર્યો. ખેતરપાલને થયેલો જખમ પણ મરણતોલ હતો, પરંતુ તેમણે ગોલંદાજી રોકી નહિ. ચંદ મિનિટો પછી તેમણે સેન્ચુરિઅનમાં જ છેલ્લો શ્વાસ લીધો ત્યારે એ રણગાડી હજી દુશ્મનો તરફ ધસી રહી હતી. કેટલી ટૂંકી કારકિર્દીનો કેટલો ગૌરવપૂર્ણ અંત ! દિવસો પછી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં સેકન્ડ-લેફ્ટનન્ટ અરૂણ ખેતરપાલના નામે મરણોત્તર પરમવીર ચક્રનું એલાન થાય ત્યારે વિશાળ હૉલમાં પ્રવક્તાના શબ્દો ફરી ફરીને ગુંજવાના હતાઃ 'આ યુવાન અફસરે

પોતાનું બલિદાન આપીને જે પરાક્રમ કરી બતાવ્યું એ તેની લશ્કરી ફરજના કે જવાબદારીના દાયરામાં આવતું ન હતું. ખેતરપાલની શહીદી હંમેશા અમરત્વને કાબિલ ગણાશે.'

જરપાલનું આખરે પતન થયું. આ સિદ્ધિનો બહુ મોટો યશ બ્રિગેડિઅર અરૂણ વૈદ્યના હોનહાર લેફ્ટનન્ટ-કર્નલ આર. એમ. વહોરાને આપી શકાય કે જેમણે ધૂઆંધાર આક્રમણ વડે પાકિસ્તાની બખ્તરિયા દળને સરવાળે છેક ઝફરવાલ-શકરગઢ હાઇ-વે સુધી ધકેલી મૂક્યું. અલબત્ત, હાઇ-વેને કબજે લેવાનો મૂળભૂત હેતુ બર ન આવ્યો, કારણ કે ૩૯મી ડિવિઝન બરાબર લડી શકી ન હતી અને તેનો ખાસ્સો કાર્યભાર ૫૪મી ડિવિઝને સંભાળવો પડ્યો હતો.


■ શકરગઢ યુદ્ધના બીજા પરમવીર મેજર હોંશિયારસિંહ


આ સંગ્રામે બીજા એક પરમવીર યોદ્ધાને પણ ભારતીય તવારીખમાં અમર કરી દીધા. મેજર હોંશિયારસિંહ નામના એ પોણા છ ફૂટિયા યુવાન અફસર પગમાં સંખ્યાબંધ જખમો વેઠ્યા છતાં વીરતાપૂર્વક લડીને ભારતના ત્રીજા એવા પરમવીર સાબિત થયા કે જેમણે રાષ્ટ્રપતિ ભવનમાં જીવતાજીવત એ ખિતાબ મેળવ્યો. રાષ્ટ્રપતિ ભવનમાં થોડા સમય પહેલાં તેઓ બે વર્ષ માટે ભારતના બંધારણીય વડાના અંગરક્ષક રહી ચૂકયા હતા. આ બીજો અભૂતપૂર્વ યોગાનુયોગ હતો. ત્રીજો યોગાનુયોગ એ કે સેકન્ડ-લેફ્ટનન્ટ અરૂણ ખેતરપાલની જેમ મેજર હોંશિયારસિંહને પણ જરપાલના જ મોરચે પોતાનું અપ્રતિમ સાહસ કરી બતાવ્યું હતું--અને તે સાહસ એકસામટા ૮૫ દુશ્મન જવાનોને ઠાર મારવાનું હતું!

હવે ૩૬મી ડિવિઝનનો ફ્રન્ટલાઇન રિપોર્ટ : શરૂઆતમાં કહ્યું તેમ ૩૬મી ડિવિઝન મૂળ તો અનામત ફોજ હતી, જેણે દુશ્મનને માત્ર ડિફેન્સિવ પોઝ આપ્યા કરવાનો હતો. ડિસેમ્બરની ૮મી સુધી ડિવિઝન એ જ મુદ્રામાં રહી, પણ અચાનક તેને શકરગઢ જીતવાનું ફરમાન મળ્યું. ડિવિઝનના મેજર-જનરલ આહલુવાલિયાએ યુદ્ધ માટે લગભગ કશી જ પૂર્વતૈયારી કરી ન હતી. આ મોરચો દુશ્મન પ્રદેશમાં આક્રમણ કરવા માટે અનુકૂળ પણ ન હતો. સરહદ ઓળંગી

■ જરપાલના યુદ્ધમાં ભંગાર બનેલી પાકિસ્તાનની ૯૫ પૈકી એક રણગાડી સાથે વિજેતા ભારતીય જવાનો


પાકિસ્તાનમાં દાખલ થતાં જ વચ્ચે રાવી નદીનો પહોળો અને લાંબો પટ આવે, જેને પાર કરવા માટે પોર્ટેબલ અને તરતા પુલો હાથવગા જોઇએ. નદીનો પટ નરમ કાંપનો હોવાને લીધે જમીન પોતે રણગાડીના પ્રવાસ માટે યોગ્ય ન હતી. પાકિસ્તાન સરકારે વળી ભાગલા બાદ એ પ્રદેશના વિકાસ પ્રત્યે ઝાઝું ધ્યાન આપ્યું ન હતું. રેલ્વે લાઇનો નહિ, પાકા રસ્તા પણ નહિ. મેજર-જનરલ આહલુવાલિયાનું સદ્‌ભાગ્ય એ કે ખુદ પાક ખુશ્કીદળે એ દિશામાં હુમલો આવવાની દહેશત રાખી ન હતી. આથી ડિવિઝનના આગામી ૧૨ દિવસો શત્રુ સામે લડવામાં નહિ, પરંતુ મોટે ભાગે નદી-નાળાં પર ફ્લોટિંગ પુલો બાંધવામાં અને દુશ્મનની પાંખી ફોજને પીછેહઠ કરવાની ફરજ પાડવામાં જ વીત્યા. આ બાર દિવસોમાં ૩૬મી ડિવિઝને દુશ્મન પ્રદેશમાં ફકત ૧૩ કિલોમીટર જેટલી પેશકદમી કરી ! અલબત્ત, ચોરસ કિલોમીટરમાં જે વિસ્તાર કબજે લેવાયો તે ખાસ્સો હતો.

૧૯૭૧નું ભારત-પાક યુદ્ધ : પશ્ચિમ સરહદનું પાકું સરવૈયું



પશ્ચિમ સીમાડે યુદ્ધ '૭૧ પૂરું થયા પછીનો ફાઇનલ હિસાબકિતાબ અહીં રજૂ કર્યો છે : ઘેરા રંગ વડે બતાવેલા દુશ્મન પ્રદેશો ભારતે જીતી લીધા હતા. પાકિસ્તાન ફક્ત છામ્બ મોરચે ફાવ્યું હતું. ભારતે મહત્તમ પ્રદેશ (૧૨,૨૦૦ ચોરસ કિલોમીટર) પાકિસ્તાનના સિંધ પ્રાન્તમાં મેળવ્યો હતો. ઇન્દિરા ગાંધીને સિમલા કરાર વખતે એ પ્રદેશ હુકમના એક્કા તરીકે કામ લાગ્યો, કારણ કે ભુટ્ટો સિંધના હતા.

શકરગઢનું ઐતિહાસિક યુદ્ધ છેવટે તો ૫૪મી ડિવિઝનના પ્રતાપે જ ભારતના જમા ખાતે લખાયું. પાકિસ્તાનનો બધું મળીને ૨,૧૫૦ ચોરસ કિલોમીટરનો જે પ્રદેશ ભારતીય ત્રિરંગાના નેજા હેઠળ આવ્યો તે પૈકી અડધા કરતાં વધુ પ્રદેશ એ ડિવિઝને અંકે કર્યો હતો. બદલામાં તેણે પોતાના ૭૬ ચુનંદા અફસરો અને ૨૮૨ જવાનો ગુમાવ્યા હતા. ડિવિઝનની કુલ ૧૪ ટેન્કોનો સંપૂર્ણ રીતે નાશ થયો હતો, જ્યારે બીજી અનેક માત્ર કબાડીખાનાને યોગ્ય રહી હતી. આની સામે ૫૪મી ડિવિઝને પાકિસ્તાનની કુલ ૯૫ પૈકી ૪૮ ટેન્કો તોડી હતી અને બીજી ૨૦ ટેન્કો અકબંધ કબજે લીધી હતી. પાકિસ્તાને જ ઘણા વખત પછી કબૂલેલા આંકડા મુજબ આપણી ૫૪મી ડિવિઝન સામે લડવામાં તેના ૨૨૨ જવાનો માર્યા ગયા હતા, ૯૦૦ ઘવાયા હતા અને ૬૦ હંમેશ માટે લાપત્તા બન્યા હતા.

પશ્ચિમે સમગ્ર ભારત-પાક સરહદનું યુદ્ધ '૭૧ સમાપ્ત થયું ત્યારે સરવાળે લગભગ દરેક બાબતમાં ભારતના ખાતે પુરાંત જણસે બોલતી હતી. એ ખરૂં કે છામ્બના લોહિયાળ સંગ્રામમાં

જાનનો અને માલનો પુષ્કળ ભોગ આપ્યા છતાં ત્યાંનો લગભગ પોણા બસ્સો ચોરસ કિલોમીટરનો પ્રદેશ ભારતે ગુમાવ્યો હતો, પરંતુ એકમાત્ર તે શિકસ્ત સામે મોટું સાંત્વન એ કે ૩,૩૧૦ કિલોમીટર લાંબી પશ્ચિમી ભારત-પાક સીમારેખા પર છેવટનું ચિત્ર આપણા માટે ગુલાબી સાબિત થયું. ભારતે ડિસેમ્બર ૧૭, ૧૯૭૧ના રોજ વહેલી સાંજે ચાર વાગ્યે અમલી બનતો યુદ્ધવિરામ યાહ્યા ખાનને પૂછ્યા વગર જાહેર કર્યો ત્યારે પશ્ચિમ સીમાડે પાક ભૂમિ પર ઠેકઠેકાણે ભારતનો ત્રિરંગો લહેરાતો હતો. પાકિસ્તાનનો ભૌગોલિક નકશો પણ તે સાથે બદલાયો હતો.

ફાઇનલ સ્કોર જોવા બેસો તો કાશ્મીર-પંજાબના શકરગઢમાં આપણું સૈન્ય છેવટે ૨,૧૫૦ ચોરસ કિલોમીટરના દુશ્મન વિસ્તાર પર ફરી વળ્યું, તો છામ્બનું સાટું વાળવા લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથના સૈન્યે જરા દક્ષિણે ચિકન્સ નૅક કહેવાતી ભૌગોલિક પાક મરઘીની ગરદન વાઢી લીધી હતી અને તે ગરદનનું ક્ષેત્રફળ લગભગ ૧૭૦ ચોરસ કિલોમીટર હતું. કાશ્મીરના ઉત્તર સીમાડે કારગિલ ખાતે ભારતે દુશ્મનની ૪૦ સરહદી ચોકીઓ કબજે લીધી હતી. તિથવાલ, પુંચ અને ગુરેઝનાં પણ સીમાવર્તી દુશ્મન મથકોને ખાલસા કરવામાં આવ્યાં હતાં, માટે ત્યાં કેટલોક પ્રદેશ ભારતના હવાલે થયો હતો. ક્ષેત્રફળની રીતે તે પ્રદેશનો આંકડો ભલે નજીવો રહ્યો, પરંતુ વ્યૂહાત્મક રીતે મહત્વનો હતો. પાકિસ્તાન માટે કાશ્મીરમાં ઘૂસવાનાં સાનુકૂળ પ્રવેશદ્વારો એ સાથે બંધ થયાં હતાં. અલબત્ત, જીવસટોસટનું મોટું યુદ્ધ ખેલ્યા વગર મોટી જીત તો લેફ્ટનન્ટ-જનરલ જી. જી. બેવૂરના સધર્ન કમાન્ડે સિન્ધમાં હાંસલ કરી, જ્યાં કુલ ૧૨,૨૦૦ ચોરસ કિલોમીટરનો ચક્કો ભારતનો કોળિયો બન્યો. પાકિસ્તાનના ફૌજી અફસરોને મન એ રેગિસ્તાની પ્રદેશ બહુ કિંમતી ન હતો, કારણ કે સામી તરફ ભારતમાં પણ જેને ભવિષ્યના યુદ્ધ વખતે કબજે લેવાનું પ્રલોભન ન થાય એવું સૂકું રણ હતું. આમ છતાં ઇસ્લામાબાદે દેશનો આટલો મોટો ભાગ ગુમાવવાનો થયો એ મુદ્દો જતે દહાડે સિમલામાં શાંતિ મંત્રણા કરતી વખતે ઇન્દિરા ગાંધી માટે ચાવીરૂપ બની રહેવાનો હતો. ■





પ્રકરણ : ૧૯

પૂર્વ પાક : આખરી ભડકાનો આરંભ

લેફ્ટનન્ટ-જનરલ અરોરાનું ખુશ્કીદળ આકાશી હુમલાના ભય વગર ભૂમિયુદ્ધ ખેલી શકે એ માટે ભારતીય વાયુસેનાએ પાક ઍરફોર્સનું અસ્તિત્વ જ નાબૂદ કરી નાખ્યું !

ડિસેમ્બર, ૧૯૭૧માં પશ્ચિમના યુદ્ધ સાથે પૂર્વનું યુદ્ધ પણ બેશક સમાંતર ચાલતું હતું. ઇન્દિરા ગાંધીનું મુખ્ય લક્ષ્યાંક વળી પૂર્વ હતું, પશ્ચિમ નહિ. અવિચારી જનરલ યાહ્યા ખાને ૩જી ડિસેમ્બરે સાંજે ભારતના હવાઇ મથકો પર અણધાર્યા હુમલા કરીને એ જ રાત્રે પુંચ, લોંગેવાલા અને છામ્બમાં ભૂમિસંગ્રામનો પલીતો ન ચાંપ્યો હોત તો આગોતરી નક્કી થયેલી નીતિ મુજબ ભારતીય વડાપ્રધાન ૩,૩૧૦ કિલોમીટરના એ પશ્ચિમી સીમાડાને શાંત જ રાખવા માગતાં હતાં. નીતિના કેન્દ્રમાં ફક્ત પૂર્વ મોરચો હતો, જ્યાં વડાપ્રધાને સામટા બે હેતુ સિદ્ધ કરવાનું વિચાર્યું હતું. પહેલો એ કે 'બુચર ઑફ બાંગલા દેશ' કહેવાતા જનરલ ટીક્કા ખાનના જાલિમ યમદૂતોનો કેડો છોડાવવા માટે ભારતમાં હિજરત કરી આવેલા ૯ લાખ બાંગલા દેશી નિરાશ્રિતોને હેમખેમ પાછા સ્વદેશ મોકલવા અને તેના પગલે ખુદ ભારતે છૂટકારાનો દમ ખેંચવો. આર્થિક, રાજકીય તથા સામાજિક રીતે એ નિરાશ્રિતો હવે બોજારૂપ નીવડી રહ્યા હતા. હકીકતમાં તેમના વણઅટક્યાં ધાડાં આવવાને લીધે પૂર્વ પાકિસ્તાન અને ભારત વચ્ચે આંતરરાષ્ટ્રીય સરહદ જેવું જ કશું રહ્યું ન હતું. આ સ્થિતિ લાંબો સમય સહન કરી શકાય નહિ.

ઇન્દિરા ગાંધીનો બીજો હેતુ એ કે ભવિષ્યમાં પણ ભારત સાથે યુદ્ધ ખેલવું વ્યર્થ છે એવા બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ જનરલ યાહ્યા ખાનના અને તેમના અનુગામી શાસકોના મગજ પર સરસ રીતે પાથરી દેવો. ટૂંકમાં, ભવિષ્યનું દરેક નિરર્થક યુદ્ધ ટાળવા માટે વડા પ્રધાનને એક નિર્ણાયક યુદ્ધ ખેલી લેવું હતું, જે દુર્ભાગ્યે ૧૯૬૫માં શાસ્ત્રીજી જનરલ અયુબ ખાન સામે મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય દબાણના વાંકે ખેલી શક્યા ન હતા. આનું બીજું તારતમ્ય એ પણ થાય કે ૧૯૭૧ની લડાઇ સરવાળે ૧૯૬૫ની અનિર્ણાયક લડાઇના વાંકે જરૂરી બની હતી. પાકિસ્તાનને લાલ બહાદુર શાસ્ત્રીએ પૂરતો બોધપાઠ આપ્યો ન હતો.

ઇન્દિરાની દીર્ઘદૃષ્ટિ ભવિષ્યમાં કેટલે દુર સુધી દોડી તેનું એક તર્કબદ્ધ પ્રમાણ જુઓ : બાંગલા દેશ નામના એક નવા દેશનું સર્જન થાય તો ચીભડાંની ભારીનું એ ચીભડું છૂટું પડ્યા બાદ પાકિસ્તાનનો કુલ ભૌગોલિક વિસ્તાર ભારત કરતાં પાંચમા ભાગનો રહેવાને બદલે દસમા ભાગનો બને. વિશ્વનું સૌથી મોટું ઇસ્લામી રાષ્ટ્ર ગણાતું પાકિસ્તાન તેની આશરે ૫૪% વસ્તીને બાંગલા દેશના ખાતે ગુમાવે, એટલે ઇસ્લામી જગતમાં તેનો દરજ્જો અવમૂલ્યન



■ પૂર્વ મોરચે પાક ફોજના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી

પામીને બાંગલા દેશ કરતાં પણ નીચા લેવલે ગગડી જવાનો હતો. આ ફેરફાર મહમ્મદ અલી ઝીણાના સાકાર સ્વપ્ન જેવા (ખરેખર તો થૂંકે દીધેલા થીંગડા જેવા) રાષ્ટ્ર માટે નાનાસૂના આઘાતનો ગણાય નહિ. પાકિસ્તાનનું સંપૂર્ણ વિસર્જન થવામાં ત્યાર પછી સિન્ધનો વિશાળ અલગતાવાદી પ્રાન્ત જ બાકી રહેવાનો હતો.

અગાઉ જોયું તેમ ઢાકામાં પાક ફોજના મુખ્ય સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા ખાન (એ. એ. કે.) નિયાઝી હતા. બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટિશરાજ વતી લડી ચૂકેલા નિયાઝીએ ૧૯૬૫ના ભારત-પાક યુદ્ધમાં પણ ભાગ લીધો હતો અને વીરતા બદલ હિલાલ-એ-જુર્રત નામનો અવ્વલ પાકિસ્તાની ખિતાબ પામ્યા હતા. જનરલ યાહ્યા ખાનની માફક તેમના પણ મોજશોખની સીમા ન હતી. ઢાકાના લશ્કરી હેડક્વાર્ટરમાં તેમના જનસંપર્ક અધિકારી રહી ચૂકેલા લેફ્ટનન્ટ-કર્નલ સિદ્દીક સલિકના જણાવ્યા મુજબ ખયાલી પુલાવ રાંધવો એ જ નિયાઝીનો મુખ્ય શોખ હતો. યુદ્ધના ભણકારા વાગવા લાગ્યા ત્યારે ટેબલ પર નકશો પાથરીને તેઓ કલાકો સુધી બેસતા, રણગાડીનાં અને તોપોનાં સિમ્બોલરૂપી મહોરાં ચલાવતા અને તે મહોરાંને આખરે પશ્ચિમમાં કલકત્તા સુધી કે ઉત્તરમાં છેક આસામ સુધી પહોંચાડી ન દેવાય ત્યાં લગી તેમને જંપ વળતો નહિ.

યુદ્ધની પહેલાં જો કે વધુ સચોટ અને વાસ્તવિક મહોરાં ભારતીય ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાએ ગોઠવવાનું શરૂ કરી દીધું હતું. આ મોરચો ખુશ્કીયુદ્ધ લડવા માટે જરાય અનુકૂળ ન હતો. પૂર્વ પાકિસ્તાનમાં ઘૂસી જવા માગતા હુમલાખોર સૈન્ય માટે તો બિલકુલ નહિ, કેમ કે સમગ્ર પ્રદેશ સેંકડો નદી-નાળાંનો બનેલો હતો. એક મોટી નદી ગંગા હતી, જેનું સ્થાનિક નામ પદ્મા હતું. બીજી બ્રહ્મપુત્ર કે જેને પૂર્વ પાકિસ્તાનના લોકો જમુના તરીકે ઓળખતા હતા. ત્રીજી નદી મેઘના હતી. ઢાકાની દક્ષિણે એ ત્રણેયનો સંગમ થાય એ પહેલાં તેઓ આખા પૂર્વ પાકિસ્તાનને ચાર ભાગે વહેંચી દેતી હતી. ઈસ્લામાબાદે વર્ષો સુધી તેની પૂર્વ પાંખના કરેલા અનાદરનો દૃષ્ટાંતરૂપી એક પુરાવો એ કે નદીઓ પર ફક્ત બે પુલો બાંધવામાં આવ્યા હતા. ગંગાના (પદ્માના) સામસામા કાંઠાને જોડતો હાર્ડિન્જ બ્રિજ નામનો પુલ હકીકતમાં અંગ્રેજોએ સ્વતંત્રતા પહેલાં બાંધ્યો હતો. આશુગંજ બ્રિજ કહેવાતો બીજો પુલ મેઘના નદી પર હતો. બાકી તો આખા પ્રદેશના સૂરતે હાલ એ કે રેલ્વેલાઇન એકાદ નદીના પટ નજીક પહોંચે ત્યારે પાટા ત્યાં સમાપ્ત થાય, લોકો ફેરી નૌકામાં બેસીને નદી પાર જાય અને સામે છેડે શરૂ થતી આગામી રેલ્વેલાઇન પર બીજી ટ્રેન પકડી મુસાફરી આગળ ચલાવે ! ચોમાસામાં રેલ્વે પર અનેક ઠેકાણે રેલનું પાણી ફરી વળે ત્યારે તો ૧,૪૩,૨૭૨ ચોરસ કિલોમીટરના પૂર્વ પાકિસ્તાનમાં કરોડો પ્રજાજનો માટે લાંબો પ્રવાસ તદ્દન અશક્ય બનતો હતો.

આ ભૂગોળ સહેજે ભારતીય ફોજ માટે પણ અત્યંત પ્રતિકૂળ બને, એટલે શરૂઆતમાં એમ નક્કી થયું કે છેક પાટનગર ઢાકા સુધી પહોંચી તેને જીતી લેવાનો મનસૂબો ન રાખવો.

ઢાકાને લક્ષ્યાંક ન બનાવવું, પણ બાકીના શક્ય એટલા પ્રદેશનો કબજો મેળવવો. આ કામ પણ જરા કપરૂં હતું. સંખ્યાબંધ નદી-નાળાંને ઓળંગી પચ્ચીસ કે ત્રીસ કિલોમીટર જેટલી પ્રગતિ કરવામાં પણ કદાચ દિવસો લાગે. લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ (જગ્ગી) અરોરાએ પોતે ૧૮ દિવસનો અડસટ્ટો માંડ્યો હતો, પરંતુ તેમને જણાવવામાં આવ્યું કે અમેરિકી દખલઅંદાજીનો ભય જોતાં બારેક દિવસમાં જ તેમણે યુદ્ધનો નિર્ણાયક ફેંસલો લાવવો રહ્યો.



■ પૂર્વ મોરચે ભારતીય ફોજના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ અરોરા

સમયનું મૂલ્ય અચાનક વધ્યું, એટલે યુદ્ધનો પ્લાન તબદિલી પામ્યો. હવે બધી જ દિશામાં આક્રમણ કરવાનું નક્કી થયું. એક દિશા તો જાણે દક્ષિણે બંગાળના ઉપસાગરની હતી, જ્યાં વિમાનવાહક જહાજ વિક્રાન્ત ભેગો બિયાસ તથા બ્રહ્મપુત્ર મનવારોનો ભારતીય નૌકાકાફલો તૈનાત થયો હતો. પાકિસ્તાનના મહત્તમ સૈનિકોને યુદ્ધકેદી બનાવવાના હેતુસર ત્યાંનો સમુદ્રીમાર્ગ એકદમ સીલબંધ કરવો રહ્યો, જેથી ભાગેડુ સૈનિકો રાતોરાત જહાજોમાં બેસી કરાંચી તરફ હંકારી શકે નહિ. આ રસ્તો બંધ થયા પછી તેઓ કદાચ પૂર્વમાં આવેલા બ્રહ્મદેશ (મ્યાનમાર) તરફ નાસે, માટે જનરલ સામ માણેકશાએ સ્પેશ્યલ ફ્રન્ટિયર ફોર્સના ૩,૦૦૦ સશસ્ત્ર જવાનોને ચિત્તાગોંગ પાસે સરહદી પહાડો તરફ બીજી ડિસેમ્બરે જ મોકલી આપ્યા હતા. યુદ્ધ શરૂ થાય એ પહેલાં ત્યાં જવાનોએ નાકાબંધી રચી દીધી હતી.

દક્ષિણે નૌકાકાફલો ગોઠવાયા પછી માણેકશા બાકી રહેતી ત્રણ દિશામાં એક જ સમયે પ્રચંડ આક્રમણ શરૂ કરાવવા માગતા હતા. આ માટે તેમણે જગજીતસિંહ અરોરાને ત્રણ કોર જેટલું સૈન્ય ફાળવ્યું. (ત્રણ ડિવિઝનો મળીને આશરે ૭૦,૦૦૦ સૈનિકોની એક કોર બને.) જતે દહાડે ભારતના ખુશ્કી સેનાપતિ બનેલા લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈના કલકત્તાના ફોર્ટ વિલિયમ્સ ખાતે ૨જી કોરના સેનાપતિ હતા. અરોરાના સંપૂર્ણ ઈસ્ટર્ન કમાન્ડનું હેડક્વાર્ટર પણ ત્યાં જ હતું. અરોરાએ તેમને રશિયન બનાવટની ટી-૫૫ અને પી. ટી-૭૬ ટેન્કોનો મોટો કાફલો આપ્યો. વધુમાં ૧૩૦ મીલીમીટરના વ્યાસની લોંગ રેન્જ તોપો વડે પણ એ કોરને સજ્જ કરી. પૂર્વ પાકિસ્તાનમાં જેમ પેસારો થતો જાય તેમ જરૂર પડે ત્યાં નદી-નાળાં પર ઈન્સ્ટનન્ટ પુલો બાંધવા માટે પોર્ટેબલ સરંજામ ધરાવતી ઇજનેરી ટુકડી પણ રૈનાની કોરમાં સામેલ હતી. આ જંગી લશ્કરે પૂર્વ તરફ હલ્લો બોલાવવાનો હતો.

ઉત્તરમાં તૈનાત થયેલી ૩૩મી કોરના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ એમ. એલ. થાપન હતા. કાળમુખી તોપવાળી ટી-૫૫ ટેન્કોનો રસાલો તેમને ન મળી શક્યો, પરંતુ પી. ટી-૭૬ વગર ચાલે તેમ નહોતું. એકમાત્ર કારણ એ કે પી. ટી-૭૬ પાણીમાં તરી શકતી રણગાડી હતી. ઉત્તરથી ૩૩મી કોરે દક્ષિણનો રસ્તો પકડી બે નદીઓ વચ્ચેનો આખો પટ જીતી લેવાનો હતો. આ કાર્યવાહીનું સંચાલન કરવા માટે એમ. એલ. થાપને સિલિગુડીમાં પોતાનું મથક સ્થાપ્યું.

પૂર્વ દિશામાં સરહદ વીંધવાનું કામ ૪થી કોરનું હતું. આ સૈન્યના મુખ્ય સેનાપતિ

લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ હતા, જેમની બદ્કિસ્મતી એ કે અરોરાએ તેમને પહાડી ડિવિઝનો આપી હતી. સૈનિકોની અછતને કારણે ભારત-ચીન સીમાડાના જવાનોને બોલાવવા પડ્યા હતા. દેખીતું છે કે પહાડી વાતાવરણનો અનુભવ ધરાવતા જવાનો મેદાની પ્રદેશમાં અને તે પણ સંખ્યાબંધ નદી-નાળાંના પ્રદેશમાં અસરકારક રીતે લડી શકે નહિ. કેટલીક પી. ટી-૭૬ ટેન્કો સાગતસિંહને પણ મળી, કારણ કે તે અનિવાર્ય હતી. કોઇ એક શસ્ત્રને આવાં નદી-નાળાંના મુલક પર ખેલાતા યુદ્ધમાં ચાવીરૂપ ગણવું હોય તો એ ખરેખર પી. ટી-૭૬ રણગાડીઓ હતી. વજન માત્ર ૧૪ ટન હોવાને કારણે પોલાદી બખ્તર આછા પોતનું ખરૂં, છતાં પાણીમાં એ રણગાડી પ્રતિકલાકે ૧૦ કિલોમીટરના વેગે હંકારી શકે અને દરમ્યાન ૩''ના વ્યાસની તોપ વડે દુશ્મન પર ફાયરિંગ કરી શકે એ બહુ મોટો લાભ હતો.

આ હળવી રશિયન ટેન્ક પર જ ભારે મદાર રાખીને ડિસેમ્બર ૩, ૧૯૭૧ની રાત્રે ભારતનાં ત્રણેય જંગી સૈન્યો ભારતીય ઉપખંડનો નકશો કાયમ માટે બદલી નાખવા અનુક્રમે પશ્ચિમ, દક્ષિણ અને પૂર્વ દિશામાં આગળ વધે એ પહેલાં ભારતીય વાયુસેનાએ આકાશ પર તેનું પ્રભુત્વ જમાવવું અનિવાર્ય હતું. વ્યૂહાત્મક રીતે પૂર્વ પાકિસ્તાનના ભૌગોલિક સંજોગો જોતાં સફળ ભૂમિયુદ્ધ માટે સાનુકૂળ ભૂમિકા ત્યાર પછી જ રચાય તેમ હતી.

શા માટે, એ ટૂંકમાં જુઓ : પશ્ચિમ મોરચે ભારતે રેગિસ્તાની, પહાડી તથા મેદાની પ્રદેશમાં લડાવનું થયું, જ્યારે અહીં પશ્ચિમ કરતાં ૧,૬૦૦ કિલોમીટર છેટે પૂર્વમાં ભૂપૃષ્ઠ સદંતર જુદું હતું. રણગાડીઓ, તોપો, બખ્તરિયાં લડાયક વાહનો, શસ્ત્રસરંજામનો તેમજ બળતણનો પુરવઠો લાવતા ખટારા અને મશીનગનો તથા મોર્ટાર તોપો સાથે પગપાળા આવતા જવાનો માટે એક તરફ અસંખ્ય નદી-નાળાં પર કામચલાઉ પુલો બાંધવા અને બીજી તરફ લેફ્ટનન્ટ-જનરલ એ. એ. કે. નિયાઝીના લશ્કર સામે પણ લડવું એ કપરી ચેલેન્જ હતી. બન્ને કાર્યો સામટાં કરવાનું સંભવે નહિ, માટે ગમે તે એક બાબતમાં ભારતીય જવાનો નિશ્ચિંત રહેવા જોઇએ. ભારતની આગેકૂચ વખતે પાક વાયુસેના તેમના પર આકાશી બોમ્બમારો ચલાવતી રહે એ તો હરગીઝ પરવડે નહિ. આથી પૂર્વ પાકિસ્તાનના સમગ્ર આકાશ પર સાર્વભૌમત્વ ભારતીય વાયુસેનાનું હોવું જોઇએ.

ઇસ્લામાબાદે તેનાં ૪૪૭ લડાયક વિમાનો પૈકી માત્ર ૧૬ વિમાનો પૂર્વ પાકિસ્તાનમાં મુખ્યત્વે ઢાકાના ઍરફિલ્ડ પર રાખ્યાં હતાં અને તે બધાં અમેરિકન બનાવટનાં એફ-૮૬ સેબર જેટ હતાં. આની સામે ભારતીય ઇસ્ટર્ન ઍર કમાન્ડના નેજા હેઠળ ઍર-માર્શલ એચ. સી. દિવાન પાસે નેટ સહિત કુલ ૧૧ સ્ક્વૉડ્રનનો કાફલો હતો. (એક સ્ક્વૉડ્રનમાં બારેક વિમાનો હોય છે.) ત્રણ સ્ક્વૉડ્રન નેટનાં, ચાર સ્ક્વૉડ્રન હન્ટરનાં, એક સુખોય-૭નું, તો બાકીનાં ત્રણ સ્ક્વૉડ્રન મિગ-૨૧નાં હતાં. આ સંખ્યાબળ જોતાં પૂર્વ મોરચે વાયુસેના દરરોજ સરેરાશ ૧૨૦ આકાશી હુમલા કરી શકે તેમ હતી. દરેક હુમલો એ પ્રકારનો કે જેમાં ત્રણ-ચાર વિમાનો સંયુક્ત રીતે ભાગ લે. અલબત્ત, નેટનો રોલ તદ્દન જુદા પ્રકારનો હતો. આ ચપળ, સ્ફૂર્તિલા અને ગુલાંટબાજ વિમાનોએ આખી સરહદે પેટ્રોલિંગ કરતા રહી પાકિસ્તાનના ઘૂસણખોર સેબર જેટ પાસે સંચારબંધીનું પાલન કરાવવાનું હતું.

વિગ્રહ ફાટી નીકળ્યાના ઘણા દિવસ પહેલાં સંચારબંધીનો ભંગ પણ થવા માંડ્યો હતો. નવેમ્બર ૨૧, ૧૯૭૧ના રોજ પશ્ચિમ બંગાળ અને પૂર્વ પાકિસ્તાન સરહદે બોયરા પાસે અચાનક સામસામી રણગાડીઓ વચ્ચે તોપમારો શરૂ થયો. પાકિસ્તાની સૈનિકો પર છાપામાર હુમલા કરીને ભારતમાં ઘૂસી આવતા મુક્તિ વાહિનીના શસ્ત્રસજ્જ સભ્યો પર પાક તોપખાનું



■ પૂર્વ પાકિસ્તાનમાં આકાશી યુદ્ધ શરૂ કરનાર ભારતની પ્રથમ શિકારી પાયલટ ટુકડીના સભ્યો અનુક્રમે ફ્લાઇટ-લેફ્ટનન્ટ આર. મેસી, ફ્લાઇટ-લેફ્ટનન્ટ એમ. એ. ગણપતિ અને ફ્લાઇંગ ઑફિસર ડી. લાઝારૂસ

હંમેશા ફાયરિંગ કરતું હતું. આ ગોળા ક્યારેક ભારતમાં પડતા હતા. અગાઉ તેનો વળતો જવાબ અપાતો ન હતો, પણ નવેમ્બરમાં જનરલ યાહ્યા ખાનના હોંકારા-પડકારા વધી ગયા અને પાક દળોના બેફામ તોપમારા વચ્ચે મુક્તિ વાહિનીનો જુસ્સો ટકાવવાનો જરૂરી બન્યો ત્યારે ઇન્દિરા ગાંધીએ પોતાનો સંયમ તજી દીધો. લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાના ઇસ્ટર્ન કમાન્ડને સૂચના મળી કે હવે દરેક ગોળાનો વળતો જવાબ આપવો. આ વાતે જ બોયરા સરહદે રણગાડીઓ વચ્ચે પ્રથમ મૂઠભેડ જામી. લડાઇ આમ તો સ્થાનિક હતી, છતાં ૨૧મી તથા ૨૨મી નવેમ્બરે ભારતે પોતાની છ રશિયન પી. ટી-૭૬ ટેન્કોના ભોગે પાકિસ્તાનની ૧૩ ચેફી પ્રકારની ટેન્કોનો નાશ કરી નાખ્યો. એ જ અરસામાં આકાશ પણ ગાજ્યું. નવેમ્બર ૨૨ના રોજ બપોરનો સમય હતો. ઢાકાના તેજગાંવ હવાઇમથકે ૪ સેબર જેટ ભારતમાં મુક્તિ વાહિનીના 'બળવાખોરો'ને પનાહ આપતી છાવણી પર ધાક જમાવવા માટે હંમેશ મુજબ રવાના થયાં. આ તેમનો રોજિંદો ક્રમ હતો. સવારે પણ તેઓ બે વખત બોયરા સરહદે રોફ જમાવવા વિઝિટ મારી ગયાં હતાં. ત્રીજી મુલાકાત જુદી કાઠીએ બેસવાની હતી. ભારતીય ઍર ડિફેન્સના સરહદી રેડાર ઓપરેટરે બપોરે ૨:૪૮ના સમયે ડાયલ પર તેમનાં ચાર ટપકાં દીઠાં. સેબર જેટ ત્યારે જેસોરના આકાશમાં હતાં, પણ તેમના આગમનનો માર્ગ ભારત તરફી હતો. બોયરાની જ દિશામાં તેઓ ચીલવેગે આગળ વધી રહ્યાં હતાં. પૂર્વ પાકિસ્તાનમાં ત્રિકોણાકારે પથરાતો બોયરાનો પ્રદેશ એ જ કે જ્યાં પેલું ટેન્કયુદ્ધ જામ્યું હતું.

રેડિઓ ટેલિફોન દ્વારા કલકત્તાના ડમડમ ઍર-બેઝને સરહદી રેડારમથકની વૉર્નિંગ મળી કે તરત સાયરન વાગી અને નેટ સ્ક્વૉડ્રનના પાયલટોને માઇક્રોફોન દ્વારા સ્ક્રેમ્બલનો હુકમ બજાવવામાં આવ્યો. સ્ક્રેમ્બલનો મતલબ એ કે પાયલટોએ બધું કામ પડતું મૂકી પોતપોતાના વિમાન તરફ દોડવું અને બીજી સૂચના મળે એ દરમ્યાન એન્જિનો ચાલુ કરી દેવાં. આ સૂચના ત્યાર પછી વાયરલેસ દ્વારા ટેક-ઑફ વખતે મળે કે સરહદ તરફનો પ્રવાસ શરૂ કર્યા પછી મળે, પણ દરમ્યાન સમય બરબાદ ન થવો જોઇએ. બબ્બેની જોડીમાં કુલ ચાર નેટ વિમાનો સેબર જેટને ફૂંકવા માટે આકાશમાં ચડ્યાં. વિમાનોની ટીમનું નેતૃત્વ ફ્લાઇટ-લેફ્ટનન્ટ આર. મેસીએ લીધું હતું. ટેક-ઑફ દરમ્યાન જ ડમડમના કન્ટ્રોલ ટાવરે તેને મેસેજ પાઠવ્યો: 'કોન્ટેક્ટ ટેન !'

મેસેજ અનુસાર દુશ્મન વિમાનો દસ માઈલ છેટે હતાં. થોડી વાર પછી મેસીનો સામો મેસેજ કન્ટ્રોલ ટાવરને મળ્યો : 'વિમાનો હવે દેખાય છે, પણ હજી પોતાની સરહદમાં છે.'

ડમડમથી બોયરા પહોંચતા નેટ વિમાનોને માત્ર આઠ મિનિટ લાગી. બોયરાનો ભૌગોલિક વિસ્તાર તેના છેડા પાસે માત્ર ૩ કિલોમીટર પહોળો હતો, છતાં એ પ્રદેશ ભારતનો હોવાને કારણે તેમાં પેશકદમી સાંખી લેવાય નહિ.

'કોન્ટેક્ટ !' ફ્લાઇટ-લેફ્ટનન્ટ મેસીનો હવે અત્યંત મહત્ત્વનો સંદેશો કન્ટ્રોલ ટાવરમાં બેઠેલા મુખ્ય ઑફિસર કે. બી. બાગચીને સંભળાયો. આ સંદેશાનો અર્થ એ કે નેટને આખરે સેબર જેટનો ભેટો થયો હતો. હવે શું કરવું તેનો આખરી હુકમ બાગચીએ આપવાનો હતો, પણ તે પહેલાં તેઓ દુશ્મન વિમાનો કયા પ્રકારનાં છે એ ખાતરીપૂર્વક જાણવા માગતા હતા.

'રિક્વેસ્ટ ટાઇપ.' બાગચીએ ટીમ લીડરને પૂછ્યું.

'સેબર.' મેસીનો ટૂંકો જવાબ મળ્યો.

'શૂટ !' હુકમ છૂટ્યો.

ફ્લાઇટ-લેફ્ટનન્ટ મેસીએ તે હુકમ બીજા નેટના પાયલટો માટે રિપીટ કર્યો. એ પછી તો સચોટ નિશાન તાકવા માટે ફક્ત યોગ્ય મોકો શોધવાનો હતો. પાકિસ્તાનના અણઘડ પાયલટોએ જ તે મોકો આપ્યો. નેટને જોયા બાદ ડૂબકી વાળીને પાછા ફરી જવા માટે તેમણે પોતપોતાના સેબરનો મોરો ઊંચક્યો, પરંતુ એમ કરવા જતાં દરેક સેબરનું આખું પેટાળ છાયાચિત્રરૂપે ફ્લાઇટ-લેફ્ટનન્ટ એમ. એ. ગણપતિના નેટ સમક્ષ ખુલ્લું કરી નાખ્યું. ઊંચે ચડી રહેલા સેબરના ટૉપ-પોઝમાં ભારતીય પાયલટોને હવે એ દરેક સેબરનો બૉટમ-પોઝ દેખાતો હતો; એટલે કે પેટાળ સહિત પાંખોનું સંપૂર્ણ ક્ષેત્રફળ નજર સામે હતું. ત્રણેય પાયલટોએ તેમનાં નિશાનો જોતજોતામાં પસંદ કરી લીધાં, જે સદ્‌ભાગ્ય ચોથા નેટના પાયલટને મળી શક્યું નહિ. નેટની ૩૦ એમ. એમ.ના વ્યાસની વિમાનવિરોધી તોપો અચાનક ધાણી ફોડવા લાગી. આ ખેલ માત્ર અલપઝલપનો નીવડ્યો. ફ્લાઇટ-લેફ્ટનન્ટ મેસીએ પહેલો મત્સ્યવેધ કર્યો. એક સેબર જેટની ફ્યૂલ ટેન્ક તેણે વીંધી નાખી અને ધુમાડાના ગોટા કાઢતું એ પ્લેન ભાગવાનો નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ પૂર્વ પાકિસ્તાનના એક સરહદી જળાશયમાં તૂટી પડ્યું. યુદ્ધ પછી જાણવા મળ્યું તેમ એ પ્લેનનો પાયલટ વિંગ કમાન્ડર ચૌધરી નામનો એક બંગાળી બાબુ હતો, જેને પાક લશ્કરે ફરજિયાત ડ્યૂટી પર ચાલુ રાખ્યો હતો. વધુ બે સેબર જેટ તો ભારતના જ પ્રદેશમાં તૂટી પડ્યાં. બન્નેના પાયલટો જાન બચાવવા માટે પેરેશૂટ વડે સમયસર બહાર નીકળી આવ્યા. ભારતના તેઓ પ્રથમ યુદ્ધકેદી બન્યા. ચોથું સેબર જેટ નસીબજોગે બચી જવા પામ્યું અને સહીસલામત ઢાકા પહોંચ્યું.

આ બનાવ સાથે યુદ્ધ '૭૧ના પૂર્વ મોરચે આકાશી મોરચો ખૂલી ગયો. વિધિવત્‌નો વ્યાપક વિગ્રહ શરૂ થવા આડે હજી દસેક દિવસ બાકી હતા, પરંતુ જનરલ નિયાઝીનાં ગણીને ૧૬ સેબર જેટ વિમાનોનું બનેલું 'ઍરફોર્સ' ત્રણ વિમાનોની બાદબાકી પછી માત્ર ૧૩ વિમાનોનું રહ્યું. આ સમાચાર ઇસ્લામાબાદમાં બોઇલરની જેમ ફૂંફાડા મારી રહેલા જનરલ યાહ્યા ખાનને મળ્યા ત્યારે તેમણે નવેમ્બર ૨૩, ૧૯૭૧ના રોજ રાષ્ટ્રીય કટોકટીનો વટહુકમ બહાર પાડ્યો. પાકિસ્તાનના અસ્તિત્વ માટે ખરેખર એ વસમી કટોકટીનો આરંભ હતો.■





પ્રકરણ : ૨૦

શત્રુની કયામતનું કાઉન્ટડાઉન શરૂ

ઇન્દિરા ગાંધીના ભારતે સોનાર બાંગલાના સર્જન માટે રણમેદાનનાં શસ્ત્રો અને રાજકારણની શતરંજ વડે પાકિસ્તાન સામે બે સંગ્રામો જ્યારે સમાંતર ચલાવ્યા


પૂર્વ પાકિસ્તાન કહેવાતા બેવજૂદ જિસ્મનું ગળું ટૂંપી તેમાં પૂરાયેલા આત્માને બાંગલા દેશ નામના એક નવા રાષ્ટ્રના સ્વરૂપે પુનર્જન્મ અપાવવા માટે પશ્ચિમ, ઉત્તર તથા પૂર્વ એમ ત્રણ દિશામાં ભારતનાં ત્રણ જંગી સૈન્યોએ પૂર્વ પાકિસ્તાન પર આક્રમણ શરૂ કર્યું. ઉત્તરથી લેફ્ટનન્ટ-જનરલ એમ. એલ. થાપનની ૩૩મી કોરે જંગી હલ્લો બોલાવ્યો. પશ્ચિમથી લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈનાની ૨ જી કોર સરહદને વીંધતી આગળ વધી. પૂર્વથી લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની ૪થી કોરે પણ સીધો ઢાકાનો માર્ગ પકડ્યો.

બાંગલા દેશના યુદ્ધનું સંચાલન કરવા માટે કલકત્તાના ફોર્ટ વિલિયમ્સ ખાતે કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ સ્થપાયેલા વૉર-રૂમમાં એ પછી દિવસ અને રાત વચ્ચે ખાસ તફાવત ન રહ્યો. દિવસરાત મળીને ફક્ત એકેક કરીને તારીખ ગણાતી હતી. બ્રિટિશરાજના સમયનું એ લશ્કરી મથક આમ તો ઈસ્ટર્ન કમાન્ડના ખુશ્કી સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાનું પૂર્વ ભારત પૂરતું હેડક્વાર્ટર ગણાય, પણ ભારતીય સૈન્યનાં ત્રણેય વાજિંત્રોનું તાંડવ મ્યુઝિક એક સૂરમાં વાગે એટલા માટે ઈસ્ટર્ન નેવલ કમાન્ડના વાઈસ-એડમિરલ એન. કૃષ્ણને તેમનું વિશાખાપટ્ટણમ્ નૌકામથક છોડી કલકત્તામાં પડાવ નાખ્યો હતો. ઈસ્ટર્ન ઍર-કમાન્ડના ઍર-માર્શલ એચ. સી. દિવાન પણ તેમના કાયમી મથક શિલોંગને બદલે કલકત્તામાં રહી વાયુસેનાને દોરવણી આપતા હતા. ત્રિમૂર્તિનો એ સમન્વય ઢાકામાં બેઠેલા પાક સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ અબ્દુલ્લા નિયાઝી માટે બ્રહ્મા-વિષ્ણુ-મહેશનો સંયુક્ત અભિશાપ સાબિત થવાનો હતો.

ઍર-કન્ડિશન્ડ તેમજ અન્ડરગ્રાઉન્ડ વૉર-રૂમમાં ત્રણેય સિનિઅર કમાન્ડરો વચ્ચે વારંવાર મસલતો ચાલતી હતી. ઊંચા વાયરલેસ ટાવરના તાર અદૃશ્ય રીતે ઝણઝણી રહ્યા હતા અને દરેક ઝણકાર યુદ્ધમોરચાના એકાદ નવા સાંકેતિક મેસેજને વૉર-રૂમના સૂક્ષ્મગ્રાહી રિસીવરમાં ખેંચી લાવતો હતો અગર તો મેસેજના વળતા જવાબરૂપે અપાયેલા કોડેડ હુકમને બાંગલા દેશ તરફ પ્રસારિત કરતો હતો. સીલબંધ ભંડકિયામાં નિરંતર મસલતો ચાલતી હતી, ચા-કોફીના પ્યાલા ખાલી થતા હતા અને ક્યારેક હાથમાં સેન્ડવિચનાં પડીકાં સાથે લગભગ ૨૦૦ અફસરો જાણે સમય જોડે સ્પર્ધાએ ચડ્યા હોય તેમ ચહલપહલ મચાવી રહ્યા હતા. ઇન્દિરાની રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના જાસૂસોએ પાકિસ્તાનના સાંકેતિક કોડ ઘણા વખત પહેલાં તોડી

નાખ્યા હતા, એટલે હવે વાયરલેસ દ્વારા આંતરી લેવાયેલા બધા ખાનગી વાર્તાલાપોનું અહીં વૉર-રૂમમાં તાબડતોબ રૂપાંતર કરી શકાતું હતું. બીજી તરફ ફોર્ટ વિલિયમ્સના સાંકેતિક કોડ રોજેરોજ બદલવામાં આવતા હતા, જેથી દુશ્મન સોમવારના કોડને રખે કશીક ચાવી સફળતાપૂર્વક લાગુ પાડી શકે તો પણ મંગળવારના નવા સિક્રેટ કોડનું 'તાળું' એ ચાવી વડે ખૂલે નહિ.

હકીકતમાં જનરલ સામ માણેકશાનું પ્લાનિંગ એટલી હદે તલસ્પર્શી કે બાંગલા દેશની ઉત્તરે મેઘાલયમાં તેમણે ૧૦૧ કમ્યૂનિકેશન ઝોન કહેવાતી સ્પેશ્યલ જાસૂસી જાળ પાથરી દીધી હતી. ઉત્તરમાં ચીન અને દક્ષિણમાં બંગાળના ઉપસાગર સુધી જે પણ રેડિઓ સંદેશા પ્રસારિત થતા હોય તેમનું અહીં મેજર-જનરલ ગાંધર્વ એસ. નાગરાના માર્ગદર્શન હેઠળ સતત મોનિટરિંગ કરાતું હતું. લશ્કરી રીતે મહત્વનો જણાતો સંદેશો ભારતીય સાંકેતિક ભાષામાં ફોર્ટ વિલિયમ્સને કે નવી દિલ્હીને મોકલી દેવાતો હતો. સૂપડકન્ના એવા ૧૦૧ કમ્યૂનિકેશન ઝોનના કારસ્તાની જાસૂસોએ પોતાની શ્રવણેન્દ્રિય સતેજ રાખવા સાથે આખી સરહદે દુશ્મનના ટેલિગ્રાફ દોરડાં પણ કાપી તેનાં કમ્યૂનિકેશન નેટવર્કને બધિર કરી મૂક્યું હતું.



ભારતનું સર્વાંગી આક્રમણ ખાળવા માટે લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી પાસે બે વિકલ્પો હતા. પ્રથમ એ કે પાક લશ્કરને આખી સરહદે પાથરી દેવું અને ઘૂસણખોરીના દરેક સ્થાને સજ્જડ લડત આપી ભારતનો હુમલો સરહદ પર જ રોકી દેવો. આ સિમ્પલ રણનીતિ સફળ થાય તો દેખીતી રીતે લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરા પૂર્વ પાકિસ્તાનનો એકાદ કિલોમીટર જેટલોય પ્રદેશ જીતી શકે નહિ. અલબત્ત, બ્લૂપ્રિન્ટના કાગળ પર જે રણનીતિ આકર્ષક જણાય તેને રજેરજ અમલી બનાવવી એ સાવ જુદી વાત હતી. એક મોટું જોખમ એ કે ભારતનું લશ્કર સરહદી કિલ્લેબંધીમાં રખે ક્યાંક ગાબડું પાડી દે તો પછી એ બાકોરા વાટે ઢાકા તરફ આરંભાતી તેની આગેકૂચને પઠારી મુલકમાં રોકવા પૂરતા સૈનિકો પણ નિયાઝીને શોધ્યા જડે નહિ. આથી તેમણે બીજો વિકલ્પ પસંદ કર્યો. આખી સરહદે કિલ્લેબંધી રચવાને બદલે ફકત પૂર્વ પાકિસ્તાનમાં આવવા માટેના પ્રવેશદ્વાર જેવા માર્ગો પર જ તેમણે પાક ફોજની પલટણોને ખડકી દીધી. નિયાઝીનું લોજિક પરફેક્ટ હતું. નરમ કાંપના અને નદી-નાળાંના પ્રદેશમાં હલ્લો બોલાવવા માગતું ભારતીય લશ્કર જો વજનદાર તોપો અને ટેન્કો સાથે આવવાનું હોય તો આંકેલા રસ્તા સિવાયનો માર્ગ તે પકડી શકે નહિ. નિયાઝીએ કેટલીક પાકી, અમુક કાચી તો બાકીની માત્ર કેડી જેવી સડકોને મિલિટરી નકશા પર માર્ક કરી અને દરેક પ્રવેશદ્વાર અકેક લશ્કરી ટુકડીને સોંપી દીધું. કમાન્ડરોને સૂચના આપી કે સરહદ પાસે જ ભારતીય હુમલાનો સજ્જડ મુકાબલો કરવો. આમાં જો પીછેહટ કરવાનો વખત આવે તો કેટલાક ફર્લાંગ

પાછળના મજબૂત ગઢ જેવા મથકમાં નવો અડ્ડો સ્થાપવો અને છેવટ સુધી તે અડ્ડો છોડવો નહિ. સિવાય કે ખુવારીનો આંકડો ૭૫% ના લેવલે પહોંચે.

આમ સરેરાશ બટાલિયનના ૧,૨૦૦ પાક જવાનો પૈકી ૯૦૦ જવાનો માર્યા ગયા પછી જ બાકીના ત્રણસો પોતાની લડતને પડતી મૂકી શકે એવું સ્પષ્ટ ફરમાન જનરલ નિયાઝીએ દરેક લેફ્ટનન્ટ-કર્નલના નામે જાહેર કર્યું. અગાઉથી તૈયાર કરાયેલા લશ્કરી અડ્ડા ખરેખર ગઢ જેવા હતા. સિમેન્ટ કોન્ક્રિટની લગભગ છ ફીટ જાડી દીવાલના બેઝમેન્ટ જેવાં ગંજાવર બન્કર્સમાં આશરે ૪૫ દિવસ ચાલે એટલો શસ્ત્રસરંજામ ખડકી દેવાયો હતો. ખોરાક-પાણીનો અનામત સપ્લાય પણ દોઢ મહિનો ચાલે તેટલો હતો. ઊંડી ખાઇ દરેક બન્કરને એક મોટા વર્તુળમાં ચોતરફ આવરી લેતી હતી, જેથી દુશ્મન રણગાડીઓ ત્રણ-ચાર ફર્લાંગ કરતાં વધુ નજીક ફરકી શકે નહિ. વર્તુળની બહાર વળી દૂર સુધી જમીનમાં એન્ટિ-ટેન્ક સુરંગો બિછાવેલી હતી. બન્કર્સ પછી આવતા નવા મોરચે વળી ચેકી પ્રકારની સંખ્યાબંધ રણગાડીઓ તૈનાત હતી.



■ પૂર્વમાં ભારતના અક્ષૌહિણી સૈન્યને આખરી લડત આપી રહેલા પાકિસ્તાની સૈનિકો

આ મજબૂત વ્યવસ્થા જોતાં નિયાઝીનું લોજિક એ વાતે પરફેક્ટ ગણાય કે તેઓ શક્ય એટલો સમય ખેંચી કાઢવા માગતા હતા. દિવસો સુધી ચાલતા યુદ્ધને અટકાવવા માટે જગતના બહુમતી દેશો સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના મંચ પર એકત્રિત થાય અને ભારતનું નાક દબાવે એટલો સમય તેમણે નમતું જોખ્યા વગર લડ્યા કરવું જરૂરી હતું. સુરક્ષિત બન્કર્સમાં રહીને ગોલંદાજી ચલાવતા પાકિસ્તાની સૈનિકો નિયાઝીની થિઅરી મુજબ લાગલગાટ દોઢ મહિનો ઝઝૂમી શકે તેમ હતા, જ્યારે બીજી તરફ લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાને મહત્તમ બે અઠવાડિયામાં યુદ્ધ આટોપી લેવા માટે એટલે કે ઢાકા બાઉલ સુધી પહોંચી જવા માટે ઇન્દિરાનો સ્પષ્ટ આદેશ મળી ચૂક્યો હતો.

સિમેન્ટ કોન્ક્રિટનાં બન્કર્સ કરતાં પણ વધુ કપરો મોરચો ઢાકા બાઉલનો હતો. ભૌગોલિક રીતે બાઉલ જેવો જ આકાર રચતો એ પ્રદેશ અનુક્રમે જમુના, પદ્મા અને મેઘના નદી વડે બન્યો હતો. બાઉલના કેન્દ્રમાં નવા રાષ્ટ્રનું પાટનગર ઢાકા વસ્યું હતું, જેનું લશ્કરી પતન ન થાય ત્યાં સુધી અવામી લીગના વડાપ્રધાન તાજુદ્દીન અહમદની બાંગલા દેશી સરકારને ઢાકામાં વિધિવત્ સ્થાપી શકાય નહિ. આ રાજકીય ઔપચારિકતા પૂરી કરાય ત્યારે જ નવું રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય ધોરણે બહુમતી દેશોનું સમર્થન પામે. ભારતીય લશ્કર માટે દુર્ભાગ્યે ઢાકા પહોંચવું જ વધુ કઠિન હતું, કેમ કે બાઉલની ત્રણેય દિશામાં લાંબી-પહોળી નદીઓ પથરાયેલી હતી. સામસામા બે કાંઠા વચ્ચે ક્યાંક તો ૯ કિલોમીટર જેટલું અંતર હતું. ભારતની તૈરાક રણગાડી પી. ટી-૭૬નો કાફલો સામે કાંઠે જરૂર પહોંચી શકે અને ઘણુંખરૂં પાક લશ્કર સરહદ પર રોકાયેલું હોવાને કારણે ઢાકા બાઉલમાં ભારતીય ટેન્કોનું કાર્ય સરળ પણ બને, પણ સરહદી પ્રવેશદ્વારોને કેમ ઓળંગવા તે વળી લેફ્ટનન્ટ-જનરલ અરોરાને મૂંઝવતો બીજો પ્રશ્ન હતો.

આ જનરલે છેવટે એવો પ્લાન ઘડી કાઢ્યો કે જેને લશ્કરી કોલેજોના પાઠ્યપુસ્તકોમાં એક મોટા પ્રકરણનું સ્થાન મળી જવાનું હતું. અરોરાની ત્રણેય લશ્કરી ટુકડીઓ પાક બન્કર્સને સદંતર બાય-પાસ કરતી જુદા જ માર્ગે આગળ વધી. પ્રગતિ ઝડપી થાય એટલા ખાતર ભારે ટેન્કોનું અને તોપોનું પ્રમાણ સુદ્ધાં ઘટાડી નાખવામાં આવ્યું, બલ્કે જે ટેન્કો અને તોપો ફાજલ રહી તેમને અરોરાએ સરહદ પરની દુશ્મન જમાવટ સામે લડવા માટે રોકી દીધી.

પ્રવેશદ્વારની બન્ને તરફ થતી આગેકૂચને હવે પાક સૈનિકો રોકી શકે તેમ ન હતા, કારણ કે તેઓ પોતે લડવામાં રોકાયેલા હતા. જોતજોતામાં એક પછી એક ગામ અને નગર પાકેલાં સફરજનની માફક અરોરાની છાબડીમાં ખરતું ગયું. નિયાઝીએ પોતાના સૈનિકોને પ્રત્યેક અડ્ડા પર અડગ રહેવા માટે આપી રાખેલો હુકમ એ રીતે બેકફાયર થયો. સૈનિકોને અડ્ડો છોડી પીછેહટ કરવાની છૂટ હોત તો પાછળનું મેદાન સર કર્યે જતા ભારતીય સૈન્યને તેઓ ક્યાંક ને ક્યાંક અટકાવી શક્યા હોત, પણ તેને બદલે સરહદી મોરચો સાચવવા જતા તેમનું આખું પૂર્વ પાકિસ્તાન ક્રમશઃ સરી જવા લાગ્યું.

ડિસેમ્બર ૬, ૧૯૭૧નો દિવસ ભારતીય ઉપખંડ તવારીખમાં યાદગાર બની જવા માટે ઊગ્યો. ભારતીય દળો ઢાકાને ચોતરફ ઘેરી લેવા પૂર્વયોજીત પ્લાન મુજબ આગળ વધતાં રહ્યાં અને ઢાકાનું પતન લગભગ નક્કી લાગવા માંડ્યું ત્યારે ઇન્દિરા ગાંધીએ બાંગલા દેશને નવા સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે સત્તાવાર માન્યતા આપતી જાહેરાત પાર્લામેન્ટમાં કરી. તાજુદ્દીન અહમદની 'બગાવતી' સરકારને તેમણે ભારતનું સમર્થન આપ્યું. ઇન્દિરા પર સામાન્ય રીતે આગઝરતી ટીકાનો મારો ચલાવતા બધા વિરોધપક્ષોએ કદાચ પહેલી જ વાર તેમનાં પર વખાણનાં ફૂલોનું શીતળ માવઠું વરસાવ્યું. ખાસ તો જનસંઘના અટલ બિહારી વાજપેયી ખુશખુશાલ હતા. ઇન્દિરા ગાંધી માટે છેવટે તેમણે પાર્લામેન્ટમાં જ ખેલદિલીપૂર્વક કબૂલ્યું કે, 'ઇસ દેશ કી એક હી નેતા હૈ, ઔર વો હૈ ઇન્દિરા ગાંધી !' ઊંચી કાઠીના દેશપ્રેમીને છાજે એવી તે કબૂલાત હતી, છતાં હરીફ નેતાને આટલી હદે વખાણવા બદલ વાજપેયીને તેમના જ પક્ષના કેટલાક રૂઢિચુસ્ત સભ્યો વર્ષો સુધી માફ કરવાના ન હતા.

વૉશિંગ્ટનમાં અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સને ભારતીય વડા પ્રધાનનું નિવેદન વાંચ્યું ત્યારે તેમના મગજનો જ્વાળામુખી ફાટ્યો. ઇન્દિરા પ્રત્યે સખત પૂર્વગ્રહ ધરાવતા નિક્સને ધારી લીધું કે પૂર્વ પાકિસ્તાનને રગદોળી નાખી તેને બાંગલા દેશમાં ફેરવ્યા બાદ ભારતના વડાપ્રધાન નવો હુમલો પશ્ચિમે કરી જનરલ યાહ્યા ખાનના 'આઝાદ' કાશ્મીરને પણ આંચકી લેવા માગતાં હતાં. નિક્સને વળી એવું પણ કલ્પી લીધું કે પાકિસ્તાનના વધુ ટુકડા કરવામાં સામ્યવાદી રશિયાને ભારે દિલચસ્પી હતી એટલું જ નહિ, પરંતુ ઇન્દિરા ગાંધી મૂળભૂત રીતે સોવિયેત કાવતરાને અમલમાં મૂકી રહ્યાં હતાં. આ ખ્યાલ સદંતર બેબુનિયાદ હતો, છતાં નિક્સનના મનમાં તે ખૂંટાની જેમ રોપાયો હતો. ભારતને શી રીતે પાઠ ભણાવવો તેની શક્યતાઓ તપાસવા પોતાના વિદેશમંત્રી બિલ રોજર્સ અને બીજા સલાહકારો જોડે તેમણે મોડી રાત સુધી મસલતો કરી. વિદેશ મંત્રાલયનો અભિપ્રાય એ પડ્યો કે હિન્દી-રૂસી મૈત્રીકરારના દસ્તાવેજ પર સહીસિક્કા લાગી ચૂક્યા પછી હવે અમેરિકા ભારત સામે લશ્કરી પગલું ભરી શકે નહિ. કરારની એક કલમ ભારત સામેના આક્રમણને રશિયા સામેનું આક્રમણ ઠરાવતી હતી, એટલે રશિયા ચૂપ બેસી રહે તે માનવા જેવું ન હતું.

નિક્સન પોતે એ દિવસ પૂરતા તો સમસમીને બેસી રહ્યા, પણ બીજે દિવસે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં અમેરિકન પ્રતિનિધિ જ્યોર્જ બુશનો જે રકાસ થયો તેનો રિપોર્ટ જાણ્યા પછી નિક્સનનો

ક્રોધ પાછો ભભૂક્યો. વર્ષો પછી અમેરિકાના પ્રમુખ બનનાર જ્યોર્જ બુશે ડિસેમ્બર ૭, ૧૯૭૧ના રોજ યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો. યુનોમાં ચર્ચા દરમ્યાન સામસામી પુષ્કળ ટપાટપી બાદ જ્યોર્જ બુશ તે પ્રસ્તાવને ૧૧ વિરૂદ્ધ ૧૦૪ મતે બહાલી અપાવવામાં સફળ થયા હતા. આ બહુમતી જેવી તેવી ન હતી. સો કરતાં વધુ દેશોના મતો સાથે તેમણે સમગ્ર વિશ્વમતને લગભગ જીતી લીધો હતો. પરંતુ સાથોસાથ એટલું કહેવું પડે કે ઘણા ખરા દેશો ફક્ત શાંતિના તરફદાર હતા, જ્યારે બદમુરાદ અમેરિકા માટે શાંતિ માત્ર બહાનારૂપ હતી. મુખ્ય આશય સેન્ટો અને સિયાટો લશ્કરી કરારના સભ્ય એવા પાકિસ્તાનું ખંડન રોકવાનો હતો. આ હેતુને બર લાવવામાં દ્વિપક્ષી યુદ્ધવિરામ દેખીતી રીતે મદદરૂપ બને, કારણ કે ઢાકાનું પતન થાય એ પહેલાં યુદ્ધ અટકી જવા પામે તો સરવાળે નવો અમેરિકી શસ્ત્રસરંજામ મોકલીને પૂર્વ પાકિસ્તાનમાં મુક્તિ વાહિનીના ગેરિલા સૈનિકોને કચડી નાખવાનું બહુ સહેલું હતું.

અમેરિકન પ્રમુખનો મનસૂબો જો કે તેમના મનમાં જ રહ્યો. યુનોએ તત્કાળ અમલી બનતા ભારત-પાક યુદ્ધવિરામનો જે ઠરાવ ભારે બહુમતી સાથે પસાર કર્યો તેની સામે રશિયાએ વિટો પાવર વાપર્યો. બુશની કસરત પર એ સાથે ભીનું પોતું ફરી વળ્યું. ભારતની તરફેણમાં રશિયાએ વાપરેલો એ ત્રીજો વિટો અધિકાર હતો.

હવે રિચાર્ડ નિક્સન પોતાના તેજોવધનો બદલો લીધા વગર જંપે તેમ ન હતા. વિદેશ મંત્રાલયે આપેલી સલાહને અવગણી તેમણે ભારતને પદાર્થપાઠ ભણાવવાનું નક્કી કરી નાખ્યું. આમાં વળી ચીનના શાસકો નવી દિલ્હી સામે એકધારી કાગારોળ મચાવતા હતા, એટલે નિક્સનને દુ:સાહસ ખેડી લેવા માટે ઓર પાનો ચડ્યો. ડિસેમ્બર ૧૦, ૧૯૭૧ના રોજ તેમણે સાતમા અમેરિકી નૌકાકાફલાને તત્કાળ બંગાળના ઉપસાગર તરફ હંકારવાનો આદેશ મોકલ્યો. પ્રચંડ કાફલો એ વખતે પ્રશાંત મહાસાગરમાં ફિલિપાઈન્સ નજીક પેટ્રોલિંગ કરી રહ્યો હતો. પ્રમુખનો હુકમ મળતાં જ કાફલાના મહાકાય વિમાનવાહક જહાજ એન્ટરપ્રાઈઝ સહિત અનેક જહાજોએ દિશા બદલી. આમાં ટ્રિપોલી નામનું બીજું એક વિમાનવાહક જહાજ

■ અમેરિકાના બહુ પંકાયેલા અને બેહદ વંકાયેલા સાતમા નૌકાકાફલાનું વિમાનવાહક જહાજ એન્ટરપ્રાઈઝ



હતું, ગાઈડેડ મિસાઈલો વડે સજ્જ થયેલાં ત્રણ મોટાં યુદ્ધજહાજો હતાં, ચાર વિનાશિકાઓ હતી, અણુમિસાઈલો ધરાવતી સબમરિનો હતી, બે ટેન્કર જહાજો હતાં અને કેટલીક નાની મનવારો હતી. સૌથી ખતરનાક તો ૮૯,૦૦૦ ટનનું ૧,૧૦૨ ફીટ લાંબું એન્ટરપ્રાઇઝ ગણાય, જેના તૂતક પર કુલ ૮૪ લડાયક વિમાનો હતાં. નાવિકોની અને પાયલટોની સંખ્યા પણ ૨,૯૪૦ જેટલી હતી. દુનિયાનું સૌથી શક્તિશાળી ગણાતું એન્ટરપ્રાઇઝ વાસ્તવમાં એક તરતું લશ્કરી ઍર-બેઝ હતું, જેને પ્રતિકલાકે ૬૩ કિલોમીટરના વેગે ગતિ આપવા માટે સામાન્ય ડીઝલ એન્જિનને બદલે ૨,૮૦,૦૦૦ હોર્સપાવરની અણુભઠ્ઠી વપરાતી હતી. દુનિયાનું તે સૌથી મોટું અણુસંચાલિત યુદ્ધજહાજ હતું. એન્ટરપ્રાઇઝના કદનો ખ્યાલ આપવા માટે એટલું નોંધી શકાય કે તેનો કપ્તાન તૂતક પર ફરવા માટે જીપગાડી વાપરતો હતો ! આ વિમાનવાહક જહાજ સામે તેના કરતાં સાડા ચાર ગણા નાના એવા વિક્રાન્તે લડવાનો તો સવાલ જ પેદા થતો ન હતો.



■ અમેરિકન પ્રમુખ રિચાર્ડ નિક્સન તેમના સલાહકાર હેન્રી કિસિન્જર સાથે

નિક્સને ઘેલછાભર્યો નિર્ણય લીધા પછી તેના સમાચાર વૉશિંગ્ટન ખાતેના ભારતીય રાજદૂત એલ. કે. ઝાને પહેલાં તો માત્ર ગુપ્ત બાતમીના સ્વરૂપે મળ્યા. અમેરિકન સરકારે હજી સત્તાવાર જાહેરાત કરી ન હતી, છતાં ત્યાંના વિદેશ મંત્રાલય દ્વારા એ સમાચાર 'લીક' થયા અને ભારતીય દૂતાવાસમાં પહોંચ્યા. ઇન્દિરાની મારફત જાણીબૂઝીને કરવામાં આવ્યા હતા કે પછી ટૉપ સિક્રેટ વાત અમેરિકી મંત્રાલયમાં ઢીલી સલામતી વ્યવસ્થાનાં છીંડાં મારફત આપમેળે ફૂટી જવા પામી હતી ? ઝાને લાગ્યું કે અમેરિકા જો ભારત પર ખુલ્લેઆમ હુમલો કરવા માગતું હોય તો સાતમા કાફલાને અપાયેલી સૂચનાને તે લશ્કરી ગુપ્તતા જાળવવા ખાતર જરૂર ખાનગી રાખે, પરંતુ નિક્સનનો આશય નવી દિલ્હીને માત્ર સૂકો દમ મારી પાકિસ્તાનની વધુ પાયમાલી રોકવાનો હોય તો પછી સામો કાફલો બાંગલા દેશ તરફ મોકલાયાના સમાચાર ફક્ત અફવા હતા.

હકીકતે સમાચાર અફવા ન હતા, છતાં મનોમન ગૂંચવાતા એલ. કે. ઝાએ વસ્તુસ્થિતિ જાણવા માટે મુત્સદીભર્યો દાવ ખેલ્યો. નવી દિલ્હીને સાંકેતિક મેસેજ રવાના કર્યા બાદ વૉશિંગ્ટનમાં તેમણે અમેરિકન પત્રકારોને બોલાવ્યા અને ખાનગી ગણાતી વાયકા અથવા વાસ્તવિકતા તેમના મોઢે જાહેર કરી દીધી. અલબત્ત, સ્ફોટક બારૂદ જેવો મમરો પત્રકારો સમક્ષ મૂકતી વખતે ઠાવકી રીતે પાળ બાંધીને તેઓ બોલ્યા : 'આ યુદ્ધમાં અમેરિકા છેવટ સુધી તટસ્થ રહે એવી મારી ધારણા હતી, પણ અત્યારે જાણવા મળ્યું કે અમેરિકાનો સાતમો કાફલો બંગાળના ઉપસાગર તરફ હંકારી રહ્યો છે.'

'તમે મજાક કરો છો કે સાચું કહો છો?' એક પત્રકારે આશ્ચર્યપૂર્વક પૂછ્યું. 'વિયેતનામમાં અમેરિકા જે રીતે ફસાયું છે તે જોતાં અમારા પ્રમુખ એશિયામાં નવો એક મોરચો ખોલે નહિ!'

'હું પણ એમ જ ધારતો હતો.' ઝાએ જવાબ દીધો. 'આજે સવારે એટલે જ હું તમારા નાયબ વિદેશમંત્રી જૉસેફ સિસ્કોને મળવા ગયો અને પૂછ્યું કે સાતમો નૌકાકાફલો ખરેખર

બંગાળના ઉપસાગર તરફ રવાના થયો છે કે કેમ ? પરંતુ તેમણે હકારમાં કે નકારમાં પણ જવાબ ન આપ્યો. પરિણામે સાચું કહો તો હું કશું જાણતો નથી.'

અમેરિકાના સંપૂર્ણ અખબારી જગતમાં ભારતીય રાજદૂતે આમ વિવાદનો તણખો ચાંપી દીધો. નિક્સને છૂપું રાખેલું સત્ય હવે વાજતું ગાજતું માંડવે આવ્યા વગર રહેવાનું ન હતું. બીજે દિવસે બધાં અમેરિકન દૈનિકો પ્રમુખ નિક્સન પર તૂટી પડ્યાં. પ્રજાજનોને અંધારામાં રાખવા બદલ તેમની ઝાટકણી કાઢી. વિયેતનામ યુદ્ધના મામલે પ્રજાજનોને રીતસર છેતરવામાં આવ્યા હતા. લોકોની જાણ બહાર એ યુદ્ધને અમેરિકન પ્રમુખોએ બિચકાવ્યું હતું અને હવે તેમાં સેંકડો અમેરિકન સૈનિકોનો ભોગ લેવાતો હતો.

નિક્સનને ઝાના દાવપેચનું જલદ રિએક્શન આવ્યું. એ જ સાંજે પ્રમુખના સલાહકાર હેન્રી કિસિન્જરે ઝાના હાથમાં વિરોધ યાદીનો કાગળ પકડાવ્યો. ઇન્દિરા સરકારના નામે લખાયેલી એ યાદીમાં ફરિયાદ હતી કે, 'ભારતના રાજદૂત અમેરિકન સરકાર પર ટીકા વરસાવવા માટે અમેરિકી વર્તમાનપત્રોનો આશરો લે તે વૉશિંગ્ટન સાંખી લેવા તૈયાર નથી !'

આ યાદી તો ઠીક, પરંતુ ઝાનું અટકચાળું સફળ થયું એ બહુ મોટી વાત હતી. નિક્સને છેવટે કબૂલવું પડ્યું કે સાતમા નૌકાકાફલાએ સાચે જ બંગાળના ઉપસાગરની દિશા પકડી હતી. ઇન્દિરા ગાંધી દેખીતી રીતે એ સમાચાર જાણીને અસ્વસ્થ થયાં. હાથમાં આવેલી બાજી હવે અચાનક સરી જાય તેમ હતી. યુદ્ધ શરૂ થયે હજી સાત દિવસ થયા હતા. લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાનાં સૈન્યો કદાચ બીજા સાત દિવસ સુધી ઢાકા પહોંચી શકે નહિ. વિજય અંગે તો વડાપ્રધાનને બિલકુલ સંદેહ ન હતો, પણ તેમાં જે સમય વીતે એ દરમ્યાન મહાસત્તા અમેરિકાનો હસ્તક્ષેપ ન થવો જોઇએ. વડા પ્રધાન તરત નવી દિલ્હીના નેવલ હેડક્વાર્ટર પર ગયાં. અમેરિકન નૌકાકાફલા સામે ભારતનો નૌકાકાફલો શું કરી શકે તેનો જાયજો લેવા માટે તેમણે એડમિરલ નંદાને પોતાની ઑફિસમાં બોલાવ્યા. બીજા નૌકાઅફસરોનો પણ અભિપ્રાય તેમને જાણવો અને મૂલવવો હતો. મુખ્યત્વે તો અમેરિકન નૌકાકાફલો ભારતીય કાફલાનું બાવડું કેટલી હદે મરોડી શકે એ સમજવું હતું. આ બાબતમાં વડા પ્રધાનને યોગ્ય સલાહ આપી શકે તેવા એક નૌકાઅફસર (નૌકાદળની જાસૂસી બ્રાન્ચના નિયામક) વાઇસ-એડમિરલ મિહિર રૉય પણ ત્યાં મોજૂદ હતા. ઇન્દિરા સમક્ષ તેમણે ત્રણ શક્યતાઓ રજૂ કરી:

■ સાતમા કાફલામાં સામેલ કરાયેલું ટ્રિપોલી નામનું વિમાનવાહક જહાજ ઘણાં હેલિકોપ્ટરો વડે સજ્જ હતું, માટે પહેલી શક્યતા એ કે બાંગલા દેશમાં ચોતરફ ઘેરાયેલા ભાગેડુ પાક સૈનિકોને બચાવવા ખાતર અમેરિકન સરકાર માત્ર હેલિકોપ્ટરો મોકલીને સંતોષ માને.

■ વિયેતનામ યુદ્ધના કાદવમાં ગળા સુધી ખૂંપેલું અમેરિકા વળી એક નવું યુદ્ધ નોતરે એવું કદાચ ન બને, છતાં ભારતીય નૌકાદળે તથા મુક્તિ વાહિનીના ગેરિલા સૈનિકોએ કરેલી ચિત્તાગોંગની અને ખુલનાની નાકાબંધીને વિમાનવાહક જહાજ એન્ટરપ્રાઇઝનાં વિમાનો તોડી નાખે એ સંભવ ખરો. અમેરિકન યુદ્ધજહાજો બાંગલા દેશના સાગરકાંઠાની અને ભારતના વિક્રાન્ત, બ્રહ્મપુત્ર, બિયાસ વગેરે જહાજોની વચ્ચેના જળવિસ્તારમાં અડ્ડો જમાવે એટલું જ કાફી હતું. ભારતનો કરફ્યુ ઑર્ડર ત્યાર પછી ફોક ઠર્યો સમજવો. ઇસ્લામાબાદ પણ આવા સંજોગોમાં નવા સૈનિકો તેમજ શસ્ત્રો સાથેનાં જહાજોને બાંગલા દેશ તરફ કશી રોકટોક વગર મોકલી શકે તેમ હતું.

■ વિમાનવાહક જહાજ એન્ટરપ્રાઇઝનાં વિમાનો ભારતના ખુશ્કી સૈન્ય પર ભલે પરબારો બોમ્બમારો ન કરે, પરંતુ તેની ઢાકાતરફી આગેકૂચના માર્ગને નિશાન બનાવે તો પણ સૈન્ય

આગળ વધી શકે નહિ. નવી દિલ્હીની લશ્કરી વ્યૂહરચના એ રીતે અવળી પડે અને નિક્સન સરકાર છેવટે ભારતીય સૈન્યને ફરજ પાડે કે ઢાકાનું મોતી વીંધતાં પહેલાં જ તેણે પાક લશ્કર સાથે મંત્રણા યોજી સમાધાન કરી લેવું. ટૂંકમાં ઇન્દિરા ગાંધીને પાક ફોજની શરણાગતિ પહેલાં જ વાટાઘાટો યોજવા મજબૂર કરવાં, જેથી બાંગલા દેશનું સ્વતંત્ર રાષ્ટ્ર પણ ન જન્મે.

વાઇસ-એડમિરલ મિહિર રૉયનું દરેક અનુમાન તર્કબદ્ધ જણાતું હતું, એટલે ત્રણ પૈકી કયું અનુમાન સાચું હોય તે નક્કી કરવાનું વડા પ્રધાન માટે કપરૂં બન્યું. ત્રણેયની સામટી વીમા પોલિસી જાણે તેઓ કઢાવવા માગતાં હોય એમ જનરલ માણેકશાને તેમણે સૂચના મોકલી : 'ઢાકા તરફ જતા તમારા શક્ય એટલા સૈનિકોને તાબડતોબ ચિત્તાગોંગની અને ખુલનાની દિશામાં વાળો ! બન્ને લશ્કરી મથકોને વહેલીતકે જીતી લો !'

ઇન્દિરાનું લશ્કરી જ્ઞાન ભલે શૂન્ય હોય, છતાં તેમની કોઠાસૂઝ ગજબનાક હતી. અમેરિકાનો હસ્તક્ષેપ થવાનો હોય તો દેખીતી રીતે તેનું ફોકસ ખુલના અને ચિત્તાગોંગ પર મંડાય, કારણ કે નવા શસ્ત્રસરંજામ સાથેનાં પાક જહાજોએ ચિત્તાગોંગ બંદરે લાંગરવું અનિવાર્ય હતું. એ જ રીતે પશ્ચિમ તરફ ખુલનામાં તેમણે શસ્ત્રસરંજામ પહોંચાડ્યા વગર ન ચાલે. પરંતુ એ બન્ને શહેરો પર ભારતીય લશ્કરનો કબજો જામી ચૂક્યો હોય તો ગમે તેટલી કુમક પણ નિરર્થક પૂરવાર થાય તેમ હતી. ઇન્દિરા માટે અગ્નિપરીક્ષાનું ખરૂં કાઉન્ટડાઉન હવે જ શરૂ થયું. આ તેમના રાજકીય જીવનનો સૌથી નાજૂક અને નિર્ણાયક સમય હતો. હોઠે આવેલો જ્વલંત સિદ્ધિનો પ્યાલો અમેરિકન પ્રમુખ આંચકી જાય તેમાં વ્યક્તિગત નામોશી તો ખરી, પરંતુ ભારતના પડખામાં વકરેલું પૂર્વ પાકિસ્તાન નામનું ગૂમડું કપાયા વગરનું રહી જાય એ નિષ્ફળતા આટઆટલો ભોગ આપ્યા પછી તો મુદ્દલે સહી લેવાય નહિ. ઇન્દિરા માટે હવે દિવસો નહિ, કલાકો ગણાતા થયા. સાતમા નૌકાકાફલાને બંગાળના ઉપસાગરમાં આવતા લગભગ ૩૬ કલાક જેટલો સમય વીતે અને ત્યાર પછી ચિત્તાગોંગ સુધી પહોંચવામાં બીજા દસ-બાર કલાક લાગે. ભારતે બધો ખેલ એ ટૂંકા ગાળામાં જ પાડી દેવો રહ્યો. આથી જનરલ માણેકશાનો હુકમ છૂટ્યો કે તરત લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈનાની ૨ જી કોરનો એક ફાંટો સીધો દક્ષિણે ખુલના તરફ વળ્યો અને લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની ૪ થી કોરના અમુક જવાનોએ ચિત્તાગોંગની દિશા પકડી. આ બન્ને સેનાપતિઓ માટે તો કલાકોને બદલે એકેક મિનિટ ગણાવા લાગી.



■ અમેરિકી ચંચુપાતને ઇન્દિરાએ જાહેર સભામાં વખોડી કાઢ્યા પછી પ્રજામાં અમેરિકા વિરોધી આક્રોશનું મોજું ફરી વળ્યું

ડિસેમ્બરની ૧૨મી ના રોજ એટલે કે બીજે દિવસે સાતમા કાફલાના સમાચાર ભારતીય દૈનિકોમાં પણ ચમક્યા. વડા પ્રધાન ત્યાં સુધી અંધારામાં હોવાનો ડોળ કરી રહ્યાં હતાં, જેથી અમેરિકાના સરકારી વર્તુળોમાં એમ પણ સાબિત થાય કે તેમણે લશ્કરી વ્યૂહરચના બદલવા માટે કશી તજવીજ પણ કરી ન હતી. અલબત્ત, ૧૨મી સાંજે તેમણે એ ડોળ તજી દેવો પડ્યો. દિલ્હીના રામલીલા મેદાન ખાતે તેમણે જાહેર સભા યોજીને હુંકાર કર્યોઃ 'આપણે પીછેહઠ કરવાનો સવાલ જ પેદા થતો નથી. એક ડગલું પણ નહિ !' અગાઉ તૈયાર કરાયેલા 'તોલ-મોલ

કે બોલ' જેવા લેખિત ભાષણના કાગળોને અચાનક બાજુ પર મૂકી એકાદ કલાક સુધી તેમણે અમેરિકન પ્રમુખ સામે જાહેરમાં મૌખિક તોપમારો ચલાવ્યો. વિશ્વરાજકારણમાં તે ખરેખર બેમિસાલ ઘટના હતી. સલાહકારોએ તેમને ભલામણ કરેલી કે આવા કટોકટીભર્યા સંજોગો વચ્ચે જાહેર મંચ પર હાજર થવાને બદલે રેડિઓ પર તેઓ પ્રવચન આપે તો વધુ સારૂં. જાહેરમાં તેમની વ્યક્તિગત સલામતી જોખમાય તેમ હતી. પરંતુ વડા પ્રધાને મહત્તમ પબ્લિસિટી મેળવવા રૂબરૂ સંબોધન કરવાનો જ આગ્રહ રાખ્યો. સભાનું એલાન કલાકો પહેલાં કરી દેવાયું હતું. પાકિસ્તાનની એલચી કચેરી મારફત એ ખબર ઇસ્લામાબાદ પહોંચી ચૂક્યા હોય અને રખે પાક હવાઇદળનાં વિમાનો નવી દિલ્હી પર ચડી આવે તે જોખમને ધ્યાનમાં લેતાં ઍર ચીફ-માર્શલ પી. સી. લાલનાં મિગ-૨૧ ઇન્ટરસેપ્ટર વિમાનો સભાના અંત સુધી આકાશમાં રક્ષણાત્મક પેટ્રોલિંગ કરતાં રહ્યાં.

બીજા દિવસે તો ભારતીય પ્રજાનો સંયુક્ત આક્રોશ સાચે જ જોવાલાયક હતો. દેશભરમાં અમેરિકા સામે વિરોધનાં સરઘસો નીકળ્યાં અને માથાફરેલ અમેરિકી પ્રમુખ નિક્સનનાં પૂતળાં બાળવામાં આવ્યાં. દિલ્હીમાં જનસંઘના કાર્યકરોએ અમેરિકન દૂતાવાસને ઘેરો નાખ્યો. ઇતિહાસની તે સોનેરી પળ હતી કે જ્યારે વિરોધપક્ષો કોંગ્રેસી વડા પ્રધાનને લોખંડી પીઠબળ આપવા માટે અભૂતપૂર્વ રીતે સંપી ગયા હતા. અગાઉ કહ્યું તેમ ખુદ વડા પ્રધાન માટે તો એ કટોકટીની પળ હતી. અલબત્ત, ભલું થાય તેમની કોઠાસૂઝનું કે અભિમન્યુનો ગમે તેટલો સંગીન કોઠો પણ તેઓ કલ્પનાતીત છતાં બહુ સામાન્ય કીમિયો વાપરીને જોતજોતામાં વીંધી નાખતાં હતાં. સાતમા કાફલાના સઢનો પવન ખેંચી કાઢવા માટે તેમણે એવો જ કીમિયો લડાવ્યો. હોટલાઇન પર રશિયાના વડા પ્રધાન અલેક્સેઇ કોસિગિન સાથે તેમજ સામ્યવાદી પક્ષના સૂત્રધાર લિયોનિદ બ્રેઝનેવ સાથે વાત કરી. હિન્દી-રૂસી મૈત્રીકરારના અન્વયે તેમને રશિયન નૌકાકાફલો મોકલવા જણાવ્યું. ઇન્દિરાની માગણી બેશક વજૂદપૂર્ણ હતી. અમેરિકન નૌકાકાફલો ભારત પર હુમલો લાવવા નીકળ્યો હતો, માટે કરાર મુજબ રશિયાએ ભારતની મદદે આવવું જોઇએ. કોસિગિન અને બ્રેઝનેવ મદદ કરવા તૈયાર પણ થયા. તકલીફ માત્ર એ નડી કે રશિયાના પૂર્વ કાંઠે વ્લાદિવસ્તૉક બંદરમાં ત્યારે ફકત એક મિસાઇલ ક્રૂઝર મોજૂદ હતી અને માત્ર બે વિનાશિકાઓ હતી. આ ત્રણ યુદ્ધજહાજોને બંગાળના ઉપસાગર તરફ એ જ ઘડીએ રવાના કરી દેવાય તો પણ અમેરિકન નૌકાકાફલા કરતાં તેમણે દોઢું અંતર કાપવાનું થતું હતું. બાંગલા દેશના સાગરકાંઠે પહોંચતા તેમને દિવસો લાગે, જે દરમ્યાન ભારત માટે અણીનો મોકો વીતી ચૂક્યો હોય એ પણ નક્કી સમજવું રહ્યું.

લિયોનિદ બ્રેઝનેવ જરા વધુ ખુમારીવાળા હતા. ઇન્દિરાએ તેમની ખુમારીને જ પડકાર ફેંક્યો અને ભારતીય ઉપખંડમાં જો અમેરિકાનો પગદંડો જામે તો લાંબે ગાળે અહીં રશિયાનાં હિતો કેટલી હદે જોખમાય તેની હોરરકથા જેવી રેકોર્ડ હોટલાઇન પર જ તર્કબદ્ધ રીતે વગાડી. બ્રેઝનેવ પર તેના શા પ્રત્યાઘાતો થયા એ તો કોને ખબર, પણ એટલું ખરૂં કે તેમણે પોતાના નૌકાસેનાપતિ એડમિરલ સર્ગેઇ ગોર્શકોવને તાબડતોબ બોલાવ્યા. કોઇ પણ રીતે ભારતને મદદરૂપ થવા તેમણે ગોર્શકોવ પર દબાણ કર્યું. ઇન્દિરા ગાંધી જેટલાં તેજબુદ્ધિ હતાં એટલું જ કદાચ તેમની હસ્તરેખામાં અંકાયેલું તકદીર બળવાન હતું. એડમિરલ ગોર્શકોવે બંગાળના ઉપસાગરમાં જળસપાટી નીચે હંકારી રહેલી દરેક રશિયન અણુસબમરિનને તત્કાળ સપાટી પર આવવાનો હુકમ પાઠવ્યો. યુક્તિ અદ્‌ભુત હતી. એડમિરલ ગોર્શકોવ સંખ્યાબંધ રશિયન સબમરિનોની હાજરીને અમેરિકાના ઉપગ્રહના કેમેરા સમક્ષ છતી કરવા માગતા હતા, જેથી

પેન્ટાગોનને તેમના ફોટા થોડા કલાક બાદ પહોંચે ત્યારે પ્રમુખ નિક્સનને ભાન થાય કે ભારતની ભાગોળે હંકારતો સાતમો કાફલો બંગાળના ઉપસાગરમાં દાખલ થાય એ પહેલાં રશિયનો ભારતની મદદે દોડી ચૂક્યા હતા.

દેખીતી વાત છે કે જાસૂસી સેટેલાઇટે પાડેલા ફોટા ટૂંક સમય પછી વ્હાઇટ હાઉસમાં પ્રમુખ નિક્સન પાસે હાજર કરવામાં આવ્યા. (પેન્ટાગોને નવો ઉપગ્રહ કેટલાક સમય પહેલાં જ અવકાશમાં ચડાવ્યો હતો અને તેના કેમેરા હિન્દી મહાસાગર તરફ ફોકસ કર્યા હતા.) નરી આંખે તેમણે ફોટાને અવલોક્યા કે કેમ એ પણ કોને ખબર, પરંતુ સાતમા નૌકાકાફલાને તેમનો નવો સંદેશો મોકલાયો કે બીજી સૂચના ન મળે ત્યાં સુધી બંગાળના ઉપસાગરમાં તેણે ઉત્તરનો પ્રવાસ આગળ ચલાવવો નહિ. અલબત્ત, નિક્સન હજી ભારત સામે રૂઠેલા હતા. વિક્રાન્તને ડૂબાડવાની અને વિક્રાન્તે બાંગલા દેશના કાંઠે જાહેર કરેલા કરફ્યુ ઑર્ડરને તોડવાની તેમને ભારે તાલાવેલી હતી. ભારતના સદ્‌ભાગ્યે બન્યું એવું કે સાતમા કાફલા માટે નિક્સન લીલો વાવટો ફરકાવે એ પહેલાં અમેરિકન સંસદમાં તેમની પાકિસ્તાન તરફી આંધળી નીતિ સામે વંટોળિયો જાગ્યો. ઉદારમતવાદી સેનેટર એડવર્ડ કેનેડીએ પ્રમુખને કડક શબ્દોમાં ઝાટકતા કહ્યું કે, ‘આ યુદ્ધ ગયે અઠવાડિયે નહિ અને ગયે મહિને નહિ, પરંતુ ૨૫મી માર્ચ, ૧૯૭૧ના રોજ શરૂ થયું હતું. પાકિસ્તાનના લશ્કરે એ જ લોહિયાળ રાત્રે ઢાકાની નિર્દોષ પ્રજા પર જુલમો વરસાવ્યા હતા, કેમ કે મુક્ત ચૂંટણીનાં પરિણામો (જનરલ યાહ્યા ખાનને) ગમ્યાં ન હતાં. આ શયતાની સિતમોનો હું સાક્ષી છું.’



■ જીવતદાનની યાચના કરતા પાક બાતમીદારો, જેમને પ્રસ્તુત ફોટો લેવાયા પછી તરત વીંધી નખાયા

એડવર્ડ કેનેડી હકીકતમાં ચશ્મદીદ ગવાહ હતા. નિરાશ્રિતોના પ્રશ્ન અંગે જાતતપાસ કરવા માટે તેમણે પૂર્વ પાકિસ્તાનનો રૂબરૂ પ્રવાસ ખેડ્યો હતો અને સરહદપાર ભારતમાં સ્થપાયેલી દરેક નિરાશ્રિત છાવણીની પણ મુલાકાત લીધી હતી.

ડિસેમ્બર ૭, ૧૯૭૧ના એ દિવસે બીજા અનેક સંસદ સભ્યોએ પણ વૉશિંગ્ટનની જડસુ વિદેશનીતિ સામે આક્રોશ કાઢ્યો. અમેરિકાનાં વર્તમાનપત્રો તો શરૂઆતે જ બાંગલા દેશી પ્રજા માટે સહાનુભૂતિ ધરાવતાં હતાં, એટલે તેમણે ઇન્દિરા ગાંધીને રોજેરોજ તંત્રીલેખોમાં વખોડવા સાથે પ્રમુખ નિક્સનને પણ કસૂરવાર ઠરાવ્યા. નિક્સન એકલા પડી ગયા હોવાનું જાણ્યા પછી જનરલ યાહ્યા ખાનને અમેરિકી સહાય પર બહુ ભરોસો ન રહ્યો. આથી પગ નીચે આવતા રેલાનું ભીનું સંકેલવા માટે પાકિસ્તાન ડેમોક્રેટિક પાર્ટીના વયોવૃદ્ધ (૭૭ વર્ષના) પ્રમુખ નુરૂલ અમીનને તેમણે ઇસ્લામાબાદમાં મુલ્કી સરકાર રચવા માટે આમંત્રણ દીધું. અમીનની મુખ્ય લાયકાત તો એ જ કે આગલી ચૂંટણીમાં શેખ મુજીબુર રહેમાનના અવામી લીગે સપાટો બોલાવ્યો ત્યારે સૌના આશ્ચર્ય વચ્ચે તેઓ પૂર્વ પાકિસ્તાનના મતદાર વિસ્તારમાં ચૂંટાયા હતા. પૂર્વ પાકિસ્તાન પિપલ્સ પાર્ટી જેવા પશ્ચિમી રાજકીય પક્ષો માટે હંમેશાં ઉજ્જડ વન જેવું રહ્યું હતું, એટલે દેખીતી વાત કે ત્યાંનો એરંડો પ્રધાન આવા સંજોગોમાં તો વડો પ્રધાન જ બને. હવે પૂર્વનો નેતા સમગ્ર દેશનો મુખ્ય રાજ્યકર્તા

થયો એવું યાહ્યા ખાન દાવાભેર કહી શકે તેમ હતા. નવી દિલ્હી સાથે શાંતિમંત્રણા ચલાવવા માટે (અર્થાત્ યુદ્ધમાં પરાજય ટાળવા માટે) નુરૂલ અમીનને તેમણે આગળ કર્યા. ઇન્દિરા ગાંધીએ જો કે પ્રસ્તાવને ઠુકરાવવામાં સહેજ પણ સમય ન બગાડ્યો. આ યુદ્ધ તેઓ જીતી રહ્યાં હતાં. જીતની બાજી પૂરેપૂરી રમીને જ તેમને જંપ વળે તેમ હતો. ગઇ કાલ સુધી લોહીતરસ્યા શકરા અને હવે શાંતિના પારેવડા બનેલા જનરલને તેમણે કહી દીધું કે ભારતની દૃષ્ટિએ બાંગલા દેશના એકમાત્ર બાકાયદા પ્રતિનિધિ બંગબંધુ શેખ મુજીબુર રહેમાન હોવાને કારણે ત્રાહિત વ્યક્તિ સાથે ભારત સુલેહ કે સંધિ કરી શકે નહિ. આમ દંભી યાહ્યા ખાનનું છેલ્લું નાટક પણ ફ્લોપ ગયું. શેખ મુજીબને તો તેમણે હજી જેલમાં પૂરી રાખ્યા હતા.

ઇન્દિરા ગાંધી આવો હુંકાર કરી શક્યાં અને યુનોમાં સામટા ૧૦૪ દેશોએ પસાર કરેલા યુદ્ધવિરામ માટેના બહુમતી ઠરાવને પણ ઠોકર મારી શક્યાં તેનું કારણ એ કે લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાનું સૈન્ય ઘડિયાળના કાંટે પાટનગર ઢાકા તરફ ધસી રહ્યું હતું. બીજી તરફ દિશાશૂન્ય બનેલા પાક સૈનિકો પોતાની ખેરિયત માટે આમતેમ ભાગી રહ્યા હતા. અલબત્ત, ભારતીય ફોજોની ભીંસ જેમ વધતી રહી તેમ વખત જતાં તો દુશ્મન સૈનિકો માટે જાન બચાવવાનું પણ કપરૂં બન્યું.


■ ભારતીય દળોનો ચોતરફી ભરડો જેમ પકડ જમાવતો ગયો તેમ પાક સૈનિકો જીવ બચાવવા આડેધડ ભાગ્યા

ભાગવા માટે દિશા જ ન હતી. વિફરેલા બાંગલા દેશી પ્રજાજનોએ જ્યાં પણ પંજાબી, બલુચી અને પઠાણ ચહેરાવાળા સિતમગારોને દીઠા ત્યાં એ જ ક્ષણે તેમનો ખુરદો કાઢી નાખવાનું શરૂ કર્યું. હડકાયા કૂતરાના મોતે તેમને માર્યા. એક પ્રસંગે તો ત્રણ બલુચી રઝાકારોએ મોતને ભેટતા પહેલાં છેલ્લી ઇચ્છા તરીકે ખાવાનું માગ્યું ત્યારે તેમના માટે બાફેલા ચોખાનું ઝેર મિશ્રિત તપેલું હાજર કરવામાં આવ્યું. મિજબાની અને મોત બન્ને સાથે અપાયાં. એ જ રીતે બીજા હજારો પાકિસ્તાની સૈનિકોનો બેરહેમીપૂર્વક શિરચ્છેદ કરી નાખવામાં આવ્યો. કોઇ શસ્ત્ર હાથવગું ન હોય ત્યારે માત્ર હિંસક ગડદાપાટુ વડે દુશ્મન સૈનિકોને છુંદી નાખવામાં આવ્યા. જંગાલિયતની એ પરાકાષ્ટા હતી, છતાં અગાઉ સતત આઠ મહિના સુધી બાંગલા દેશી જનતા પર જનરલ યાહ્યા ખાનના શયતાની સૈનિકોએ જે વીતાવ્યું તેને નજરઅંદાજ કરીને બાંગલા દેશના વિફરેલા પ્રજાજનોની વિરૂદ્ધમાં 'એક્સ-પાર્ટી' ચુકાદો પણ આપી શકાય નહિ.■




પ્રકરણ : ૨૧

પાટનગર ઢાકા પતનને આરે

પશ્ચિમ, ઉત્તર તથા પૂર્વ એમ ત્રણ દિશામાં ભારતના કુલ ૨,૦૦,૦૦૦ સૈનિકો ટેન્કો અને તોપો સાથે આગળ વધ્યા. નિશાન હતું : ઢાકા બાઉલ !

હવે સમય ખરેખર ઘડિયાળના કાંટે ગણાતો હતો. સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં ૧૦૪ દેશોએ યુદ્ધવિરામ લાદવા માટે ઠરાવ પસાર કર્યા પછી જનરલ યાહ્યા ખાન તો સફેદ વાવટા ફરકાવવા તૈયાર હતા, પરંતુ ભારતનાં વડા પ્રધાનને કાંઠે આવેલો બેડો ડૂબવા દેવો ન હતો. આ યુદ્ધ તેમને ધરાર જીતવું હતું અને જીતી પણ રહ્યાં હતાં. આથી લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાને હજી ઝડપી સપાટો બોલાવવા માટે હુકમ મળ્યો. અરોરાએ કલકત્તાના ફોર્ટ વિલિયમ્સ ખાતે વૉર-રૂમમાં પોતાના નાયબ સેનાપતિ મેજર-જનરલ જે. એફ. આર. જૅકબ સાથે મસલતો યોજી અને નક્કી કર્યું કે ૧૦૧ કમ્યૂનિકેશન ઝોનના અર્થાત્ મેજર-જનરલ ગાંધર્વ નાગરાના લશ્કરી દળને પણ ઢાકા તરફ જવા માટે વધુ શસ્ત્રસરંજામ સાથે આગળ વધવા જણાવવું એટલું જ નહિ, પણ જમીનમાર્ગે અંતર કાપવામાં અડચણો નડે તો પછી હવાઈમાર્ગે નાગરાના પારાટ્રુપર્સ સૈનિકોને ઢાકાના સીમાડે ઊતારવા. અરોરાનું મુખ્ય લક્ષ્યાંક બાઉલ હતું. અહીં નકશામાં બતાવ્યું છે તેમ બાઉલ જેવો જ ભૌગોલિક આકાર રચતો એ પ્રદેશ અનુક્રમે જમુના, પદ્મા અને મેઘના નદી વડે ઘેરાયેલો હતો. નવા રાષ્ટ્ર બાંગલા દેશનું પાટનગર તે બાઉલના કેન્દ્રમાં વસેલું હતું.

બહુપાંખિયા આક્રમણનું નિશાન : ઢાકા બાઉલ



આ બાઉલને વહેલીતકે 'તોડી' નાખવા માટે અરોરા તત્પર હતા, કારણ કે ત્રણેય

સરહદો પર તેમનાં સૈન્યોએ પાકિસ્તાની જમાવટને મહદ્ અંશે બાયપાસ કરી હતી. સીમાડા પર ભીષણ લડત આપવા જતાં યુદ્ધ જરા લાંબું ખેંચાય અને નાહકનો કિંમતી સમય વીતે, એટલે જો ઢાકાને જ સૌ પ્રથમ ખલાસ કરી દીધું હોય તો લેફ્ટનન્ટ-જનરલ નિયાઝીને ભારતના શરણે લાવ્યા પછી સરહદી પાક સૈનિકોએ પણ શસ્ત્રો હેઠાં મૂક્યાં વગર આરો નહિ. કોઈ બીજા ખુશ્કી સેનાપતિએ ભૂમિ પરના યુદ્ધ માટે આવો ગેમપ્લાન કદી લડાવ્યો ન હતો. અરોરા તદ્દન નવા પ્રકારની રણનીતિ અખત્યાર કરી રહ્યા હતા, જેના શોધક પણ તેમને ગણવા જોઈએ.

અલબત્ત, પાક સૈનિકોનો પ્રતિકાર ધાર્યા કરતાં વધુ સજ્જડ નીવડ્યો. બીજી તરફ બાંગલા દેશનાં નદી-નાળાં, ઝીલપ્રદેશો અને સરોવરો પણ ભારતીય જવાનોની આગેકૂચમાં સ્પીડ-બ્રેકર સાબિત થયાં. હકીકતે લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા ખાન નિયાઝીએ જ્યાં પોતાનો વૉર-રૂમ સ્થાપેલો એ ઢાકા બાઉલ સુધી પહોંચવામાં ભારતીય સૈન્યોને (બધું મળી ૨,૦૦,૦૦૦ સૈનિકોને) પૂરા બાર દિવસ વીતી જવાના હતા અને દરમ્યાન બન્ને પક્ષે હજારો સૈનિકો ખુવાર થવાના હતા. પ્રસ્તુત છે 'ટ્વૅલ્વ ડેઝ ટુ ઢાકા' તરીકે જાણીતા બનેલા યુદ્ધના બાર દિવસનું ટૂંકું બયાન :



■ ૨ જી કોરના લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈના, જેઓ ૧૯૭૫માં ખુશ્કીદળના વડા બન્યા

■ **લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈનાની ૨ જી કોર** : કલકત્તાથી નીકળેલી લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈનાની ૨જી કોરના આશરે ૭૦,૦૦૦ જવાનો માટે ઢાકાનું અંતર લગભગ ૩૦૦ કિલોમીટર હતું, જેને નદી-જળાશયોના ભૂપૃષ્ઠ પર આસાનીપૂર્વક તય કરી શકાય નહિ. આમ છતાં પ્રથમ સફળતા રૈનાની બે શક્તિશાળી ડિવિઝનોને મળી. પશ્ચિમ બંગાળના સીમાડા પર જ ડિવિઝનોને રોકવા માટે લેફ્ટનન્ટ-જનરલ અબ્દુલ્લા નિયાઝીએ એક શસ્ત્રસજ્જ ઈન્ફન્ટ્રી ડિવિઝનને સિમેન્ટ કોન્ક્રિટનાં બન્કરોમાં કિલ્લેબંધ રીતે ગોઠવી હતી. ડિવિઝનના સેનાપતિ મેજર-જનરલ એમ. એચ. અન્સારી પોતે બહુ તજુર્બાકાર ફૌજી અફસર હતા. રૈનાની ડિવિઝનો પૈકી અમુક બખ્તરિયા રેજિમેન્ટોએ અન્સારીના સૈન્યને વ્યસ્ત રાખવા ખાતર ટી-૫૫ ટેન્કો વડે તેના પર ગોલંદાજી શરૂ કરી, પરંતુ ડિવિઝનોના વધુ મોટા કાફલા તો આગોતરી યોજના મુજબ પાક સૈન્યને તદ્દન બાયપાસ કરી જુદા રસ્તે પરબારા બાંગલા દેશમાં ઘૂસી ગયા.

મેજર-જનરલ બ્રારની ડિવિઝન કુશ્તિયાને રગદોળતી ફરીદપુર તરફ આગળ વધી, જ્યાં પહોંચી જવાય તો ઢાકા બહુ દૂર ન હતું. ફરીદપુર પછીના રસ્તે જો કે પદ્મા નદી પથરાયેલી હતી, એટલે તેને ઓળંગવા માટે બ્રારે તૈરાક પી. ટી-૭૬ ટેન્કોનો રસાલો સાથે રાખ્યો હતો. મેજર-જનરલ દલબીરસિંહની બીજી ડિવિઝન વડા પ્રધાનના નવા આદેશ પ્રમાણે ખુલના જવા માટે પહેલાં તેના માર્ગમાં આવતા જેસોર તરફ વળી, કેમ કે સાંકડી નદીના મુખમાં આવેલા તે બંદરને તત્કાળ જીતી લેવાનું હતું. પાકિસ્તાનના મેજર-જનરલ અન્સારીનું લશ્કરી હેડક્વાર્ટર પણ જેસોરમાં હતું. બન્ને ડિવિઝનોએ આગેકૂચ દરમ્યાન ડાબી-જમણી તરફ દુશ્મનનાં જે પણ લશ્કરી મથકો આવે તેમણે પણ ખાલસા કરવાનાં હતાં, જેથી આગળ જતાં આવતી મુખ્ય છાવણીના ઉંદરો ભારતીય બિલાડીના આગમન પછી ભાગીને ફરી એ મથકોમાં આશરો લેવા ન પામે. રસ્તાની બેય તરફનાં મથકો પર આમ સાવરણું ફેરવવામાં બીજો ફાયદો પણ અનાયાસે થતો રહ્યો. સામા પરાજયે નાસી છૂટતા પાક સૈનિકો તેમનાં મથકનો જે પણ શસ્ત્રસરંજામ તજી દે તેનો દલ્લો ભારતીય ફૌજને મળી જવા લાગ્યો. દાખલા

તરીકે કુશ્તિયાને જીતી લીધા પછી બ્રારના સૈન્યને ૩૦ બખ્તરિયા વાહનો અકબંધ મળ્યાં. આશરે ૫૦૦ ખટારામાં ભરેલો શસ્ત્રસરંજામ પણ હાથ લાગ્યો. પાકિસ્તાની બ્રિગેડે કુશ્તિયામાં સ્થાપેલું હેડક્વાર્ટર તો તદ્દન ખાલીખમ હાલતે મળી આવ્યું. નકશા અને બીજા ગુપ્ત દસ્તાવેજો પણ ટેબલ પર કે ડ્રોઅરમાં જેમના તેમ પડી રહ્યા હતા. પાકિસ્તાની સૈનિકો માટે પોતાના જાન કરતાં એ ચીજો હવે વધુ મહત્ત્વની ન હતી.

ડિસેમ્બર ૭, ૧૯૭૧ના રોજ દક્ષિણ તરફ ધસારો બોલાવતી મેજર-જનરલ દલબીરસિંહની ડિવિઝને જેસોર કબજે લીધું. એ પછી વધુ દક્ષિણે ખુલનાનો અને બારીસાલનો પણ વારો આવ્યો. પાક સૈનિકો પીછેહઠ કરતા છેવટે બારીસાલ પહોંચ્યા ત્યારે સમુદ્રમાર્ગે પોબારા ભણી જવા માટે એ બંદરે રડ્યાંખડ્યાં પાકિસ્તાની કે પરદેશી જહાજો તેમને મળી રહેવાની આશા હતી, પરંતુ છેવટે તેમને નિરાશા મળી. મુક્તિ વાહિનીના કમાન્ડો મરજીવાઓ અને ભારતના જવાઁમર્દ પાયલટો લગભગ દરેક તારણહાર જહાજનું સરનામું બદલી ચૂક્યા હતા. નવું સરનામું નદીના અને સમુદ્રના પેટાળનું હતું. બ્રારની ડિવિઝન પણ ૧૪મી ડિસેમ્બરના રોજ પદ્મા નદીના કાંઠે ફરીદપુર પહોંચી.

ભૂમિ પર યુદ્ધ ચાલ્યું એ દરમ્યાન આકાશમાં ભારતીય વાયુસેના પણ સક્રિય હતી. ત્રણેય કોરને ઍર સપોર્ટ આપવા માટે તેણે રોજના સરેરાશ ૧૨૦ હવાઇહુમલા કર્યા. દલબીરની અને બ્રારની ડિવિઝનો ઘણી વાર તો હવાઇ છત્ર માટે સંદેશો મોકલે અને ભારતીય વિમાનો એ સ્થળે પહોંચે ત્યાં સુધીમાં મેદાન સાફ કરી નખાયું હોય એવું પણ ઘણી વખત બન્યું. એ જ રીતે ફરીદપુર જતી વખતે બ્રારનું બખ્તરિયા દળ એટલી ઝડપે મેદાન સર કરતું ગયું કે પાછળ આવતી પુરવઠા ટ્રકોનો રસાલો તેની જોડે કદમ મિલાવી શક્યો નહિ. પરિણામે ભારતીય વાયુસેનાએ ખાસ્સો આગળ નીકળી ચૂકેલા દળને નવો દારૂગોળો તથા બળતણ પહોંચાડવા માટે એમ. આઇ.-૪ પ્રકારનાં હેલિકોપ્ટરો કામે લગાડવાં પડ્યાં. શરૂઆતની સ્લૉ-મોશન પ્રગતિ બાદ આવેલી ઝડપ પાછળ એક મહત્ત્વનું કારણ એ કે પાક લશ્કરની લગભગ પ્રત્યેક હિલચાલના સમાચાર જાસૂસી દ્વારા આપણા ડિવિઝન સરદારોને મળી જતા હતા. રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગે સમગ્ર બાંગલા દેશમાં ઘણા વખત અગાઉ પાથરી રાખેલી ખૂફિયા જાળ તેમાં મદદરૂપ બની હતી. આ જાસૂસીતંત્રમાં કેટલાક એવા બાંગલા દેશી મુસ્લિમોને સામેલ કરાયા હતા કે જેમણે ઇસ્લામાબાદના તરફદાર હોવાનો ઢોંગ રચ્યો હતો. પાક આર્મીના કમાન્ડર, કન્ટ્રોલ એન્ડ કમ્યુનિકેશન (C^3) મથકોમાં એ જાસૂસો મૂળ તો ચપરાસીનું કાર્ય બજાવતા હતા. છૂપી બાતમી જાણવા માટે તેમણે નુસ્ખો એ લડાવ્યો કે યુદ્ધના દાવપેચ અંગે પાક અફસરો મિટિંગ યોજીને બેઠા હોય એ જ વખતે તેમને ચા-પાણી તથા નાસ્તો આપવા રૂમમાં

■ ટાંગૈલમાં પેરેશૂટ વડે સૈનિકોને ઊતારતાં હવાઈદળનાં વિમાનો



જવું અને પછી ચામાં ખાંડ ભુલી ગયાના બહાને અથવા બીજા ગમે તે કામનું બહાનું કાઢી રૂમમાં આંટાફેરા ચાલુ રાખવા. દરમ્યાન જે વાર્તાલાપ સાંભળવા મળે તેનો ગુપ્ત રિપોર્ટ જોતજોતામાં ભારતીય કમાન્ડ સેન્ટરને મોકલી આપવો. કદાચ એટલે જ વાયુસેના ૭મી ડિસેમ્બર પછી વસવસો કરતી રહી કે રૈના, સાગતસિંહ, થાપન અને નાગરાનું સૈન્ય તેને હવાઈ મદદના સંદેશા મોકલતું ન હતું ! દેખીતી રીતે મદદની જરૂર રહેતી ન હતી, કારણ કે બધાં સૈન્યો દુશ્મનના પ્રતિકારને આપબળે જોતજોતામાં ખતમ કરી રહ્યાં હતાં !

ડિસેમ્બર ૭, ૧૯૭૧ના દિવસે જ 'પૂર્વ પાકિસ્તાન'ના ગવર્નર ડૉ. એ. એમ. મલિકે પોતાના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ નિયાઝીને ગવર્નમેન્ટ હાઉસ પર બોલાવ્યા અને યુદ્ધમોરચાનો અહેવાલ માગ્યો. મલિકને વિરોધાભાસી સમાચારો મળી રહ્યા હતા. 'મને ખ્યાલ છે ત્યાં સુધી પરિસ્થિતિ સારી નથી. આપણે સામે ચાલીને યુદ્ધવિરામ જાહેર કરી દેવો જોઇએ.' તેમણે કહ્યું. નિયાઝી કશું બોલ્યા નહિ, પરંતુ એ વખતે હાજર રહેલા નિયાઝીના જનસંપર્ક અધિકારી સિદ્દીક સલિક તેમના પુસ્તક 'વિટનેસ ટુ સરન્ડર'માં લખે છે કે ગવર્નરનો અભિપ્રાય સાંભળીને સેનાપતિ બાળકની જેમ ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડ્યા. પગ નીચે જમીન તેમને સરી જતી લાગી. આ મુલાકાત પછી ડૉ. મલિકે જનરલ યાહ્યા ખાનને જે સંદેશો પાઠવ્યો તેના વળતા જવાબમાં યાહ્યા ખાનનો મેસેજ આવ્યો : 'તમારો સંદેશો મળ્યો છે અને બરાબર સમજી લેવામાં આવ્યો છે. તમને યોગ્ય લાગે તે નિર્ણય લેવા માટે પરવાનગી આપું છું. નિયાઝીને મારૂં ફરમાન છે કે તેઓ પણ તમારા નિર્ણયને સમગ્ર ઈસ્ટર્ન કમાન્ડર માટે બંધનકર્તા માને... અને છતાં જો હારવાનું જ થાય તો નિયાઝીને જણાવજો કે આપણો બધો શસ્ત્રસરંજામ શત્રુના હાથમાં જાય એ પહેલાં તેનો નાશ કરી નાખે !'

ડૉ. એ. એમ. મલિકે લશ્કરી સૂરતે હાલનું મૂલ્યાંકન બિલકુલ સચોટ રીતે કર્યું હતું. આમ છતાં ભારતે યુનોમાં પસાર થયેલો યુદ્ધવિરામનો પ્રસ્તાવ જાજમ નીચે સરકાવી દીધો ત્યારે યાહ્યા ખાને (કદાચ ઝુલ્ફિકાર અલી ભુટ્ટોના બહેકાવામાં આવ્યા પછી) ગવર્નરને જુદો સંદેશો પાઠવ્યો. અમેરિકાનો સાતમો કાફલો પધારી રહ્યો છે અને ઉત્તર સરહદે ચીનનું સૈન્ય પણ ભારતમાં પ્રવેશી રહ્યું છે એવું ડીંડવાણું તેમણે ચલાવ્યું એટલું જ નહિ, પણ એ 'ખુશખબર' જનરલ નિયાઝીને વાયરલેસ દ્વારા મોકલ્યા ! ઉત્તરે તેમજ દક્ષિણે ખરેખર નવું આક્રમણ તોળાતું હતું, પરંતુ એ ચીની સૈન્યનું કે અમેરિકન સાતમા કાફલાનું નહોતું. ઉત્તરથી મેજર-જનરલ નાગરાનું પેરેશૂટ સૈન્ય ઢાકા નજીક ટાંગૈલ પર ત્રાટકવા માટે ભારતીય વાયુસેનાના એન્તોનોવ-૧૨ તેમજ ફેરચાઈલ્ડ વિમાનોમાં ગોઠવાતું હતું, જ્યારે દક્ષિણે ભારતીય નૌકાદળના અનુક્રમે મગર, ઘડિયાલ અને ગુલદાર નામનાં લેન્ડિંગ ક્રાફ્ટ (મોરા તરફ ખૂલતા દરવાજાવાળાં અને છીછરા તળિયાનાં જાહાજો) હવે બાંગલા દેશના કાંઠા પર રીતસર ચઢી આવવા માટે પલાણી રહ્યાં હતાં !

ભારતની સેનાપતિ ત્રિપુટીએ પોતાનું મિલિટરી પ્લાનિંગ કેટલી સૂક્ષ્મ રીતે કર્યું તે જુઓ: પૂર્વ-ટુ-પશ્ચિમ આડી લીટીમાં હલ્લો બોલાવતી મેજર-જનરલ બ્રારની ડિવિઝન ફરીદપુર પહોંચી એ પછી તેણે પદ્મા નદીનો પટ ઓળંગવાનો રહ્યો. જળસપાટી પર તરી શકતી પી. ટી-૭૬ રણગાડી વડે એ કામ જરૂર શક્ય બને, પરંતુ હવે વડા પ્રધાન ઈન્દિરા ગાંધી પાસે સમય ખૂટી રહ્યો હતો. અમેરિકાએ પોતાના સાતમા કાફલાને ખરેખર લીલા તોરણે પરત બોલાવ્યા પછી બાંગલા દેશમાં શાંતિ સ્થાપવાનું નૈતિક દાયિત્વ ઈન્દિરાના માથે આવ્યું હતું. જનરલ માણેકશાને તેમણે વધુ ઝડપ કરવા જણાવ્યું. હવે ઢાકાના પતનમાં સહેજ પણ વિલંબ થાય તે પોસાય તેમ





■ ૪ થી કોરના લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ

ન હતું. બ્રારની ડિવિઝન પોન્ટુન બ્રિજ (તરતા પુલો) બાંધીને તેમજ પી. ટી-૭૬ ટેન્કો દ્વારા પુષ્કળ ખેપ યોજીને પદ્મા નદી ઓળંગવા જાય તો પાર આવે તેમ ન હતો, એટલે નદીની પેલી તરફ અને ઢાકાની ઉત્તરે ટાંગૈલ પર છત્રી સૈનિકોને ઊતારવાનો નિર્ણય સમયસરનો હતો. ટાંગૈલમાં મુક્તિ વાહિનીના પેલા ટાઇગર સિદ્દીકીની હકૂમત ચાલતી હતી, એટલે પેરેશૂટ દ્વારા તત્પુરતી લાચારીભરી દશામાં નીચે લેન્ડિંગ કરનાર ભારતીય જવાનો બિલકુલ સલામત રહી શકે તેમ હતા. ગણતરીના કલાકોમાં હજારો સૈનિકોને શસ્ત્રસજ્જ કરાયા અને કુલ છ એન્તોનોવ-૧૨, કેરિબૂ અને ફેરચાઇલ્ડ પ્રકારનાં વિમાનોએ તે સૈનિકોને ઢાકાની ઉત્તરે ટાંગૈલમાં ઊતાર્યા. આ રીતે બ્રારનો પ્રશ્ન હલ થયો. બરાબર એ જ સમયે દલબીરસિંહનું સૈન્ય ખુલના અને બારીસાલ પહોંચી ચૂક્યું હતું અને ભાગેડુ પાક સૈનિકો સતત દક્ષિણ તરફ વંજો માપી રહ્યા હતા. આથી તેમને સત્કારવા માટે સમુદ્રી માર્ગે નૌકા હુમલાને બદલે સાગરસૈનિકો વડે ફૌજી આક્રમણ કરવું જરૂરી હતું.

■ **લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની ૪ થી કોર** : આ કોરનું હેડક્વાર્ટર સરહદ નજીકનું અગરતલા હતું, એટલે ઢાકા પહોંચવા માટે તેણે ફક્ત ૧૧૦ કિલોમીટરનો પ્રવાસ ખેડવો પડે તેમ હતો. અરોરાની ત્રણેય લશ્કરી કોરમાં વધુ બળવાન સૈન્ય પણ સાગતસિંહને અપાયું હતું. એ સાથે તેમને અપાયેલું લક્ષ્યાંક હતું : પહેલાં ચિત્તાગોંગ-ઢાકાને જોડતી રેલ્વલાઇન કાપી નાખવી--એટલે કે તેના પર કબજો જમાવવો અને પછી જો સમય ફાજલ રહે તો ઢાકા પર હુમલો કરવો. સાગતસિંહની બદ્કિસ્મતી માત્ર એટલી કે જનરલ માણેકશાએ તેમને ઇશાન









ભારતની પહાડી ડિવિઝનો એનાયત કરી હતી, જ્યારે બાંગલા દેશમાં નદી-નાળાંનો પ્રદેશ સદંતર મેદાની હતો. પહાડી તોપો પણ અહીં પ્રમાણમાં ઘટ્ટ હવાને કારણે ધાર્યું કામ આપે નહિ, કેમ કે પહાડનો અનુભવી તોપચી પાતળી હવાના સંદર્ભમાં નિશાન તાકવાને ટેવાયેલો હોય અને ઘટ્ટ હવામાં નડતું ઘર્ષણ દરેક તોપગોળાને જુદી દિશામાં ફંટાતો કરી દે. આમ છતાં સાગતસિંહે જોતજોતામાં અખૌરા, કૌમિલ્લા, નોઆખલી, ચિત્તાગોંગ અને છેવટે ચાંદપુર પણ જીતી લીધા. એ પછી અત્યંત મોટા પટની મેઘના નદી બાધારૂપ નીવડી. દક્ષિણ બાંગલા દેશમાં સમુદ્રને મળી રહેલી મેઘનાનો ઉત્તર ફાંટો લગભગ દોઢ કિલોમીટર પહોળો હોવાને કારણે સાગતસિંહે માત્ર પી. ટી-૭૬ રણગાડી પર આધાર રાખવો પડ્યો. દેડકાની જેમ ઉભયજીવી

ગણાતી એ રણગાડી જળસપાટી પર તરી, છતાં અડધો કલાક હંકાર્યા પછી તેનું એન્જિન બેહદ ગરમ થવા લાગ્યું. પરિણામે બાકીનો પ્રવાસ દરેક રણગાડીએ બાંગલા દેશી માછીમારોની બોટ સાથે દોરડે બંધાયેલી હાલતમાં તય કરવો પડ્યો. આમાં ખાસ્સો સમય વીતી ગયો. આમ છતાં નદી ઓળંગ્યા પછી આક્રમણમાં ઝડપ લાવવા માટે ૪ થી કોરના એક તોપચી કેપ્ટને ઢાકા તરફ જતી રેલ્વેલાઈન પર નિષ્ક્રિય પડી રહેલી ગૂડ્ઝ ટ્રેનને 'હાઈજૅક' કરી. યોગાનુયોગે એ તોપચી રેલ્વે એન્જિનોનાં સંચાલન અંગે થોડું ઘણું જ્ઞાન ધરાવતો હતો, એટલે ખુલ્લાં ભારખાનાં પર તોપો ગોઠવ્યા પછી એ પોતે એન્જિન ડ્રાયવર બન્યો ! સરવાળે ૪ થી કોર માટે ઢાકા ફક્ત ૬૦ કિલોમીટર છેટે રહ્યું. આમ છતાં ઢાકા બાઉલમાં તે પ્રવેશ કરી ચૂક્યું હતું. નિયાઝીને તેના આગમનના ખબર પણ મળી ચૂક્યા હતા. બીજા માઠા ખબર એ કે ઠેકઠેકાણે તેમના સૈનિકો યુદ્ધકેદી બની રહ્યા હતા.

■ **લેફ્ટનન્ટ-જનરલ એમ. એલ. થાપનની ૩૩મી કોર** : ઉત્તરથી આવતી થાપનની કોર પાસે એક પહાડી ડિવિઝન ઉપરાંત બે ઈન્ફન્ટ્રી બ્રિગેડો હતી, જેમનાં પણ ઘોડાપૂર ઢાકા તરફ વહી રહ્યાં હતાં. હિલી અને બોગરા ખાતે તેમણે જબરજસ્ત યુદ્ધ ખેલ્યું. પબના તરીકે ઓળખાતા મહત્વના લશ્કરી મથકને પણ ખાલસા કર્યું અને ત્યાર પછી બોગરાનો વારો આવ્યો. ઉત્તરથી હુમલો લોન્ચ કરવામાં જો કે થાપન એકલા ન હતા. ૧૦૧ કમ્યૂનિકેશન ઝોનના મેજર-જનરલ નાગરાએ પણ તેમનું સૈન્ય જમાલપુર તરફ રવાના કર્યું હતું. સૌથી ઓછો સરંજામ નાગરાને મળ્યો હોવાને કારણે તેમના સૈનિકોએ શસ્ત્રો, બારૂદ, ડીઝલ, ખોરાકપાણી વગેરેના પરિવહન માટે બાંગલા દેશી પ્રજાનાં બળદગાડાં, હોડકાં અને પેડલ








રીક્ષા વાપરવાની ફરજ પાડી. નાગરા પાસે ઈન્ફન્ટ્રી બ્રિગેડ પણ માત્ર એક હતી--અને તે વાત જમાલપુર ખાતે જમાવટ કરીને બેઠેલો પાકિસ્તાની ફોજનો લેફ્ટનન્ટ-કર્નલ સુલતાન કદાચ સારી રીતે જાણતો હતો. આ લશ્કરી અડ્ડાના શહેરને ચોતરફ ઘેરી લીધા પછી નાગરાએ ડિસેમ્બર ૯ના રોજ સુલતાનને લેખિત મેસેજ પાઠવ્યો કે જાનની ખેરિયત ચાહતા હો તો હથિયારો પડતાં મૂકી શરણે આવો ! ઘણા પાકિસ્તાની કમાન્ડરો હાથ ઊંચા કરીને બગલ દેખાડી રહ્યા હતા, પરંતુ સુલતાન જુદી માટીનો નીકળ્યો. નાગરાના સંદેશાવાહકને તેણે વળતો જવાબ લખીને પાછો મોકલાવ્યો--અને જવાબનો કાગળ વળી બુલેટ પર લપેટ્યો. પત્રમાં તેણે જણાવ્યું હતું : 'આવા પત્રો લખવાને બદલે જો તાકાત હોય તો લડી લો.'

મેજર-જનરલ નાગરા બેશક લડ્યા. ૧૦મી ની રાત્રે જમાલપુર તેમણે જીતી લીધું. બલુચી કમાન્ડિંગ ઑફિસર લેફ્ટનન્ટ-કર્નલ સુલતાનને પણ ખતમ કર્યો અને કૂચ મ્યાનમેનસિંહ તરફ આગળ ચાલી. સરવાળે જોવા બેસો તો કુલ ૨,૦૦,૦૦૦ ભારતીય જવાનો આપખુદ સત્તાની એડી નીચે કચડાતા દેશને આઝાદીની સુરખીનો અનુભવ કરાવવા માટે ઢાકાને ક્રમશઃ ઘેરો નાખી રહ્યા હતા. મંઝિલ તરફનો ફાસલો દર કલાકે ઘટી રહ્યો હતો.

પાકિસ્તાની સૈનિકોનો કદાચ જન્મજાત્ સ્વભાવ છે કે વિજયમાં તેઓ પ્રખર ઝનૂની અને ક્રૂર બને, જ્યારે પરાજય વખતે તેમના ડરપોકપણાની મિસાલ જડે નહિ. હવે સમય તેમના પરાજયનો હતો. એક તરફ ડી.ડી.ટીનો છંટકાવ થતાં મચ્છરો બીજી તરફ ભાગે તેમ પંજાબી, બલુચી અને પઠાણ સૈનિકો જાનની ખેરિયત માટે સતત દક્ષિણે નાસતા રહ્યા અને છેવટે જ્યારે ખુલ્લા સમુદ્રમાં તેમને પહોંચાડે તેવાં જહાજો પણ કશે ન દેખાયાં ત્યારે મરણિયા બની તેમણે બ્રહ્મદેશનો પહાડી માર્ગ પકડ્યો. હવાતિયાં નિરર્થક હતાં. અલબત્ત, જેમને તે નિરર્થક લાગ્યાં તેમણે લડીને જ મરવાનું પસંદ કર્યું. પાકિસ્તાનનો કારમો પરાજય નિશ્ચિત હતો, એટલે ખુદ જનરલ માણેકશાને ત્યાર પછીનો જનસંહાર નિરર્થક લાગ્યો. રેડિઓ પર તેમણે બધા પાકિસ્તાની સૈનિકોના નામે જાહેરાત કરી કે, 'તમે ભાગવા માટે ઘડી કાઢેલો પ્લાન અમે રજેરજ જાણીએ છીએ, પરંતુ તમારા માટે એક પણ દિશા ખૂલ્લી નથી. હથિયારો તજી દો અને શરણાગતિ સ્વીકારી લો. તમારી સાથે ઈન્સાનિયતભર્યો સલૂક કરવામાં આવશે. આ મારૂં વચન છે.'



બાંગલા દેશના ખૂણેખૂણામાં અનેક પાકિસ્તાની સૈનિકો ભારતના સ્થાનિક અફસરોને શરણે થયાં, પરંતુ ઢાકા ખાતે પોતાના કોશેટામાં પૂરાયેલા લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી હજી મચક આપવા તૈયાર ન હતા. નિયાઝીની પહેલાં તેમના નાયબ સેનાપતિ મેજર-જનરલ ફરમાન અલી ડગી ગયા. બડા સાહેબને પૂછ્યા વગર જ ફરમાન અલીએ ન્યૂ યોર્કમાં યુનોની સલામતી સમિતિને વાયરલેસ સંદેશો પાઠવ્યો કે, 'અહીંથી પાક સૈનિકોને તથા નાગરિકોને સહીસલામત ખસેડવા માટે તત્કાળ યુનોના વિમાનો મોકલો. બદલામાં અમે બાંગલા દેશના નવા રાષ્ટ્રને સત્તાવાર માન્ય રાખવા તૈયાર છીએ.'

સંદેશો અજીબોગરીબ હતો. ફરમાન અલી પાકિસ્તાનના વડા પ્રધાન કે પ્રમુખ ન હતા. પાક લશ્કરના સેનાપતિ ન હતા અને બાંગલા દેશમાં પણ લશ્કરી ટુકડીના સરદાર ન હતા. નિયાઝી કરતાં તેમનો હોદ્દો નીચી કક્ષાનો હતો. યાહ્યા ખાને તેમની નિમણૂંક ફક્ત ગવર્નરના મિલિટરી સલાહકાર તરીકે કરી હતી. આમ છતાં તેમણે જીવ પર આવીને યુનોના નામે મદદની અરજી મોકલી હતી, જેનો કમ સે કમ એટલો મતલબ જરૂર થાય કે પાકિસ્તાનનું વિભાજન તેમણે વાસ્તવિકતા તરીકે સ્વીકારી લીધું હતું.

જનરલ માણેકશા એ દરમ્યાન ભાગેડુ પાક સૈનિકોને શરણે આવવા જણાવતા વધુ બે સંદેશા પ્રસારિત કર્યા. યુદ્ધકેદીને લગતી જિનિવા સમજૂતીનું અક્ષરશઃ પાલન કરવાની ગેરન્ટી પણ આપી. સૈનિકો પર માનસિક દબાણ વધારવા માટે ભારતીય જાસૂસોએ ઢાકાની હોટલ ઇન્ટરકોન્ટિનેન્ટલમાં અફવાનો ચેપ ફેલાવ્યો કે ભારત બીજા હજારો છત્રીસૈનિકોને વિમાનો દ્વારા ઢાકાની ચોતરફ ખડકી રહ્યું હતું. અફવા નરી અફવા જ હતી. વધુ છત્રીસૈનિકોને મોકલવાનો પ્લાન બિલકુલ ન હતો. આમ છતાં તીર નિશાન પર લાગ્યું. હોટલ ઇન્ટરકોન્ટિનેન્ટલમાં પડાવ નાખીને રહેલા કેટલાક હિંમતવાન વિદેશી પત્રકારોએ તે અફવાનો રિપોર્ટ સમાચાર તરીકે પોતપોતાનાં દૈનિકોને તેમજ રેડિઓ સ્ટેશનોને મોકલી આપ્યો. વાયા પરદેશ તે સમાચાર ફરી ઢાકા પહોંચ્યા ત્યારે પાટનગરના રક્ષણ માટે જનરલ નિયાઝીએ ગોઠવેલા બુલંદ જિગરના ૫,૦૦૦ શસ્ત્રસજ્જ રઝાકારોએ પણ ભારત સામે લડી મોતને દાવત આપવાનું માંડી વાળ્યું.

ઢાકાના પાદરે જે ભારતીય સૈનિકો પહોંચ્યા તેમાં ૧૦૧ કમ્યૂનિકેશન ઝોનના મેજર-જનરલ ગાંધર્વ નાગરાનો પણ સમાવેશ થતો હતો. અગાઉ નાગરા કરાંચી ખાતે ભારતીય દૂતાવાસમાં મિલિટરી સલાહકારના હોદ્દે રહી ચૂક્યા હતા, જ્યારે નિયાઝી એ વખતે સિન્ધમાં બ્રિગેડ કમાન્ડર હતા. બેઉનો વારંવાર મેળાપ થતો હતો, માટે ટૂંકા ગાળામાં પણ દોસ્તી જેવા સંબંધો જામ્યા હતા. સરફરોશીની તમન્નાવાળા નિયાઝીને શરણે લાવવા માટે લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાએ હવે નાગરાને આગળ કર્યા. ગાંધર્વ નાગરાએ પોતાના હસ્તાક્ષરોમાં એક ચબરખી પર મેસેજ લખ્યો, મેસેજનો કાગળ પરબીડિયામાં સીલ કર્યો અને પોતાના એ.ડી.સી.ને આપ્યો. દરમ્યાન નાગરાના સૂચન અનુસાર એક જીપગાડી પર સફેદ વાવટો ફરકાવવામાં આવ્યો. છત્રીદળમાં જ મેજરનો દરજ્જો ભોગવતા એ.ડી.સી. એકલા જીપ પર બેસીને નિયાઝીના સત્તાવાર નિવાસસ્થાન તરફ હંકાર્યા.

પંદર મિનિટ પછી એક સમયના ખૂંખાર સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા ખાન નિયાઝીએ પરબીડિયું ખોલ્યું અને પોતાના જૂના દોસ્તનો જાસાચિઠ્ઠી જેવો સંદેશો કદાચ ધડકતા દિલે વાંચ્યો : 'માય ડિયર અબ્દુલ્લા, આઇ એમ હીયર ! ધ ગેમ ઇઝ ઓવર ! ગીવ યોરસેલ્ફ અપ ટુ મી એન્ડ આઇ વિલ લૂક આફ્ટર યુ !'

સંદેશો વાંચીને નિયાઝી હતાશાના માર્યા સોફા પર બેસી પડ્યા. ખરેખર હવે તેમના માટે ખેલ પૂરો થયો હતો. ■





ભારતનો વિજય; પાકનું વિભાજન

ડિસેમ્બર ૧૭, ૧૯૭૧ ! ઈતિહાસે છેવટે ૧૧,૩૬૯ ભારતીય જવાનોના ભોગે કરવટ બદલી, પણ બદલામાં ભૂગોળને પણ બદલી નાખી !

એક સમયના મિત્ર મેજર-જનરલ ગાંધર્વ નાગરાનો વૉરન્ટ જેવો લેખિત સંદેશો મળ્યો એ પછી થોડી જ મિનિટોમાં નિયાઝી તેમના સ્વભાવ મુજબ બાળકની જેમ રડી પડ્યા. પૂર્વ પાકિસ્તાનના સર્વોચ્ચ કમાન્ડરને એ વર્તન છાજે તેવું ન હતું, છતાં નિયાઝી છેલ્લા કેટલાક દિવસો થયે આમ જ ક્યારેક બંધ ઓરડામાં કલાકો સુધી પુરાયેલા રહીને આંસુ સારતા હતા. નિયાઝીના જનસંપર્ક અધિકારી સિદીક સલિકે પોતાના 'વિટનેસ ટુ સરન્ડર' પુસ્તકમાં લખ્યું છે કે, 'ડિસેમ્બર ૭, ૮ અને ૯ના સતત ત્રણ દિવસો તો નિયાઝીએ બિલકુલ જ એકાંતવાસમાં ગુજાર્યા. રણમેદાનમાં પાક ફોજોના રકાસ અંગે જાણવાની હિંમત પણ તેમનામાં રહી ન હતી.'

સેનાપતિ તેના સૈનિકોને માર્ગદર્શન આપવા ચોવીસે કલાક ઢાકાના વૉર-રૂમમાં ખડે પગે રહેવાને બદલે લાગલગાટ બોંતેર કલાક સુધી કોશેટામાં પુરાયેલો રહે ત્યારે જાતજાતના તર્કવિતર્કો થાય એ તો અનિવાર્ય હતું. ડિસેમ્બર ૯મીના રોજ બી. બી. સી. રેડિઓ પર સમાચાર પ્રસારિત કરાયા કે જનરલ નિયાઝી પોતાનો જાન બચાવવા પૂર્વ પાકિસ્તાન છોડી ગુપચુપ વિમાનમાર્ગે પશ્ચિમ પાકિસ્તાન જતા રહ્યા! બી. બી. સી. ના સમાચારો ત્યારે ભારતના અને પાકિસ્તાનના નાગરિકો રોજેરોજ આતુરતાપૂર્વક સાંભળતા હતા, કારણ કે યુદ્ધને લગતી અમુક નાપાયાદાર બાતમી સાથે કેટલીક નક્કર માહિતી પણ તેમાં જાણવા મળતી હતી. નિયાઝી પલાયન થયા એ વાત જાણીને પૂર્વ પાકિસ્તાનમાં આખરી લડત આપી રહેલા પાક સૈનિકોનો રહ્યોસહ્યો જુસ્સો પડી ભાંગ્યો. નિયાઝીનો મૂડ જો કે અલગ રીતે બદલાયો. ઘણા વખતે પહેલી વાર જાત પર તરસ ખાવનું છોડીને તેઓ અચાનક ગુસ્સે ભરાયા. તાબડતોબ લશ્કરી જીપગાડીમાં બેઠા અને સીધા ઢાકાની ફાઈવ સ્ટાર હોટલ ઈન્ટરકોન્ટિનેન્ટલ તરફ હંકારી ગયા કે જ્યાં બી. બી. સી. ના સંવાદદાતાએ પડાવ નાખ્યો હતો.

'ક્યાં છે પેલો બી. બી. સી.નો રિપોર્ટર ?' હોટલની ફોયરમાં દાખલ થતાંવેંત તેમણે બરાડો નાખ્યો. 'તાબડતોડબ એને મારી સામે હાજર કરો ! મારે એને કહેવું છે કે ઈન્શાઅલ્લાહ, હજી પણ હું પૂર્વ પાકિસ્તાનમાં જ છું. મારા સૈનિકોને રખડતા મૂકી નાસી જવા માગતો નથી!'

નિયાઝી ભાગી શકે તેમ પણ ન હતા. ઍર-માર્શલ દિવાનનાં વિમાનો દિવસમાં ત્રણ વાર ઢાકા ઍરપોર્ટ પર આગ વરસાવતાં હતાં. વિદેશી દૂતાવાસોના સભ્યોને (મુખ્યત્વે રાજદૂતોનાં

કુટુમ્બીજનોને) સહીસલામત ખસેડવા માટે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ મોકલેલું વિમાન પણ ઇન્દિરા ગાંધીએ બોમ્બમારો થોડા કલાક પૂરતો રોકવાનો હુકમ આપ્યો ત્યારે (૮મી ડિસેમ્બરે) ઢાકાના અખડદખડ રન-વૅ પર લેન્ડિંગ કરી શક્યું હતું. બેંગકોકથી ૧૧મી ડિસેમ્બરે યુનોનું બીજું વિમાન પણ આવ્યું. ઇન્દિરાએ ફરી વખત બોમ્બમારામાં પાંચ-છ કલાકનો ઝોલ પડાવ્યો. વિક્રાન્તનાં સી-હૉક વિમાનોના હવાબાજોએ પણ એટલો સમય આરામ કર્યો. આ વખતે લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી ઢાકા ઍરપોર્ટ ગયા. ઢાકા છોડીને પોતે નાસી છૂટ્યા હોવાની શરારતી અફવાનું તેમને ખંડન કરવું હતું, એટલે વિમાનમાં ચડી રહેલા વિદેશી નાગરિકોને તેઓ રૂબરૂ મળ્યા. એક યુરોપી એલચી કચેરીના અધિકારીએ તેમને પૂછ્યું : 'ભારતીય દળોના કહેવા પ્રમાણે તેઓ ઢાકાનો દરવાજો ખખડાવી રહ્યા છે. હજી તેઓ કેટલા દૂર છે ?'

'ફ્લાઇટ પકડવાને બદલે તમે પોતે ઢાકાની ભાગોળે જાવ અને ભારતનો એકેય સૈનિક નજરે ચડે તો મને કહેજો!' નિયાઝીએ તેને ખુમારીભેર ચેલેન્જ આપી.

'તમારો આગામી પ્લાન શો છે ?' બીજો સવાલ પૂછાયો.


'પાકિસ્તાનનો છેલ્લો સૈનિક જીવતો હશે અને તેની મશીનગનમાં છેલ્લી બુલેટ હશે ત્યાં સુધી અમે લડીશું !' નિયાઝીએ જવાબ દીધો.

'પરંતુ ભારતીયોને ઢાકામાં પ્રવેશતા રોકવા માટે તમારી પાસે હવે પૂરતાં સૈનિકો અને શસ્ત્રો છે ?'

'ઢાકાનું પતન થાય એ પહેલાં મારી લાશ ઢળશે ! દુશ્મનની પ્રથમ રણગાડીએ ઢાકામાં પ્રવેશતી વખતે મારી છાતી પરથી હંકારવું પડશે !' સિંહગર્જના કરતા નિયાઝીએ રીતસર મુઠ્ઠી વડે છાતી ઠોકીને જવાબ આપ્યો.

સિંહની છાતીવાળો સેનાપતિ તો પછી થોડાક જ દિવસ બાદ કબૂતરની છાતીવાળો કેમ બન્યો ? આ ફેરફારનું મુખ્ય કારણ એ કે જનરલ યાહ્યા ખાને અમેરિકાના સાતમા કાફલાનો ચાંદ નિયાઝીને હથેળીમાં દેખાડ્યો હતો. ઉત્તર સરહદે ચીન પણ ભારતને ખોખરૂં કરવા માટે પોતાનાં સૈન્યો ખડકતું હોવાનું જણાવ્યું હતું. ઇસ્લામાબાદ અને ઢાકા વચ્ચે ૧,૬૦૦ કિલોમીટરનું ભૌગોલિક અંતર હોય અને બે શહેરો વચ્ચેના દરેક લશ્કરી વાર્તાલાપને પણ ભારતનું જાસૂસીખાતું તત્કાળ આંતરી લેતું હોય ત્યારે યાહ્યા ખાન પાસે વધુ ચોખવટભર્યા ખુલાસા તો માગી શકાય નહિ. મદદ પહોંચી રહી છે એટલું જાણ્યા પછી નિયાઝીએ રાહ જોયા સિવાય કશું જ કરવાનું ન હતું. અલબત્ત, પૂર્વ પાકિસ્તાનના ગવર્નર ડૉ. એ. એમ. મલિક ત્યાંના મોજૂદા સંજોગોને વધુ સારી રીતે માપી ચૂક્યા હતા, એટલે તેમણે યાહ્યા ખાનને વાસ્તવિકતાનું ભાન કરાવતો અને યુદ્ધવિરામની હિમાયત કરતો સંદેશો મોકલાવ્યો હતો.

આ પ્રસ્તાવ સ્વીકાર્યા વગર યાહ્યા ખાનનો



■ અભિમન્યુનો છેલ્લો કોઠો ભેદવા જઈ રહેલા મેજર-જનરલ નાગરા

પણ હવે છૂટકો ન હતો. અલબત્ત, ઝુલ્ફિકાર અલી ભુટ્ટો તેમને કહેતા રહ્યા કે ચીન તથા અમેરિકા લશ્કરી સહાય મોકલે તેની રાહ જુઓ! ભુટ્ટો ત્યારે ન્યૂ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થા પાસે ઈસ્લામાબાદની વકીલાત કરતા હતા, જ્યાં તેમને અમેરિકાના તથા ચીનના પ્રતિનિધિઓ સાથે રોજ મેળાપ થતો હતો. પરિણામે કમઅક્કલ યાહ્યા ખાને ધારી લીધું કે ચીની-અમેરિકી મદદ અંગે ભુટ્ટોના આશાવાદ પાછળ જરૂર કારણ હોવું જોઈએ. ભુટ્ટો પોતાની ગંદી ચાલ બહુ સિફતપૂર્વક ખેલી રહ્યા હતા. આ તબક્કે યુદ્ધવિરામ થાય એ વાત તેમની રાજકીય સાજિશમાં ફીટ બેસતી ન હતી. પાકિસ્તાનને ઘોર પરાજય મળ્યા પછી જ તેમને યુદ્ધવિરામ ખપતો હતો, જેથી બાંગલા દેશનું સર્જન નિશ્ચિત બને ! ભવિષ્યમાં યોજાનાર ચૂંટણી વખતે બંગાળી મતદારોનું કીડિયારૂં ન હોય, માટે એકલા પશ્ચિમ પાકિસ્તાનમાં તેઓ પોતે આસાન રીતે દેશના રાજકર્તા બને ! આ ગણતરી સાથે તેમણે યુદ્ધ ચાલુ રખાવ્યું. ભુટ્ટો સમક્ષ યુદ્ધવિરામનો પ્રસ્તાવ આવ્યો ત્યારે કેટલાક દિવસો ખેંચી કાઢવાના આશયે તેમણે ૧૩મી ડિસેમ્બરના રોજ બુલંદ ટંકાર કર્યો : 'પાકિસ્તાનના ભાગલા પાડી નાખતો યુદ્ધવિરામ અમને કબૂલ નથી.' બીજી તરફ યાહ્યા ખાનને તેમણે ફોન પર જણાવ્યું કે, 'આપણે ચીનને તથા અમેરિકાને લશ્કરી સહાય માટે રાજી કરી શક્યા છીએ. દિલ્હીની મહિલા પાસે હવે રહી રહીને ઝૂકી પડતા નહિ ?'

આમ જનરલ યાહ્યા ખાન ઠગારા આશાવાદમાં રહ્યા. ઢાકા ખાતે લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી પણ ચીની તથા અમેરિકી મદદને ટાંપી રહ્યા હતા. દરમ્યાન ચોતરફ બાંગલા દેશ નામનું એક નવું રાષ્ટ્ર આપમેળે તેનો સત્તાવાર આકાર પામી રહ્યું હતું. બધી દિશામાં ક્રમશઃ ઘેરાયે જતા પાક સૈનિકો ભાગવા માટે જ્યાં પણ સલામત રસ્તો શોધે ત્યાં મુક્તિ વાહિનીના ગેરિલા સૈનિકોનો તેમને ભેટો થતો હતો અને ત્યાર પછી તરત હિંસક મોતનો પણ ભેટો થતો હતો. ક્યાંક ભારતીય ફોજ સામે લડીને મરવાનું થતું હતું. લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ, લેફ્ટનન્ટ-જનરલ ટી. એન. રૈના અને લેફ્ટનન્ટ-જનરલ એમ. એલ. થાપનનાં ત્રણેય સૈન્યો ઢાકાના સીમાડે પહોંચી ચૂક્યાં હતાં. નિયાઝીના જીગરી અને જૂના દોસ્ત મેજર-જનરલ ગાંધર્વ નાગરાએ તો લેખિત જાસાચિઠ્ઠી મોકલી રીતસર ઢાકાનો દરવાજો ખખડાવ્યો હતો.

ડિસેમ્બર ૧૪, ૧૯૭૧

નિયાઝીએ ઢાકા ખાતેના અમેરિકી દૂતાવાસને કહેણ મોકલાવ્યું કે તેઓ યાહ્યા ખાનના ગવર્નર ડૉ. એ. એમ. મલિકની સૂચના અનુસાર ભારતની શરણાગતિ સ્વીકારવા તૈયાર હતા. નિયાઝીએ તે વાત દિલ્હી સરકારને પહોંચાડવા અમેરિકી દૂતાવાસને વિનંતી કરી. ભારતીય ફોજ સમક્ષ તેઓ મોંમાં તરણું પકડીને શરમજનક રીતે હાજર થવા તૈયાર ન હતા. વળી યુદ્ધવિરામને લગતા કરારના મુદ્દા પણ હજી ચર્ચાનો વિષય હતા. શરણાગતિ પહેલાં અને પછી રણમોરચાના બધા પાક સૈનિકો મુક્તિ વાહિનીના દેશમાં કિન્નાખોરીના માહોલ વચ્ચે પણ સલામત રહેવા જોઈએ. સૌની હિફાજતનું ભારતે વચન આપવું રહ્યું. એ જ રીતે યુદ્ધકેદી સૈનિકોને લગતા આંતરરાષ્ટ્રીય જિનિવા કરારનો ભારતે અમલ કરવો રહ્યો. ટૂંકમાં, હારેલા સેનાપતિએ શરણાગતિનો દસ્તાવેજ બરાબર જોયા-તપાસ્યા પછી જ શરણે આવવું હતું. વળી તેમને પોતાનાં હથિયારો ઊંચા કે સમકક્ષ દરજ્જાના ભારતીય અફસર સમક્ષ માનભેર હેઠાં મૂકવાં હતાં. સાગતસિંહ, થાપન, રૈના તેમજ નાગરાનો હોદ્દો તેમનો સમકક્ષ ન હતો. પરાજય વખતે પણ માનભંગ સાંખી લેવાય નહિ.

લેફ્ટનન્ટ-જનરલ નિયાઝી કરતાં ચડિયાતો લશ્કરી દરજ્જો ભારતના સેનાપતિ જનરલ સામ માણેકશાનો હતો, પરંતુ મુખ્ય ખુશ્કી સેનાપતિ પોતાના કરતાં નીચલી પાયરીના દુશ્મન



■ બાંગલા દેશના યુદ્ધમોરચે વિજયની એક ટ્રોફી જેવી પાકિસ્તાની રણગાડીના ટરેટ પર ગર્વભેર પૉઝ આપતા પત્રકાર (અને નગેન્દ્ર વિજયના સદ્‌ગત પિતા) વિજયગુપ્ત મૌર્ય

યોદ્ધાને ઘુંટણિયે પાડી દે તે વળી ખુદ માણેકશાને છાજે નહિ ! ઇન્દિરા ગાંધી સાથે મસલતો યોજીને માણેકશાએ નક્કી કર્યું કે લેફ્ટનન્ટ-જનરલ નિયાઝીને ભારતીય ઇસ્ટર્ન કમાન્ડના જ ખુશ્કી સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાના શરણે થવું, કારણ કે ચોવીસ કેરેટના એ સરદારજી અફસર નિયાઝીના સમકક્ષ હતા. પાકિસ્તાનની ડિવિઝનો તથા બ્રિગેડો ઔપચારિકતાને ખાતર ઇસ્ટર્ન કમાન્ડના નાયબ ભારતીય સેનાપતિ જે. એફ. આર. જૅકબને શરણે થાય તેનો વાંધો નહિ, બલકે શિરસ્તા અને શિષ્ટાચાર પ્રમાણે એમ જ બનવું જોઇએ.

નવી દિલ્હીમાં શરણાગતિનો કાચો દસ્તાવેજ લખાયો તે અગાઉ જાગેલા એક રાજદ્વારી ડખાનો ઉલ્લેખ પણ અહીં કરી દેવો જોઇએ. ડિસેમ્બર ૧૪, ૧૯૭૧ના રોજ નિયાઝીએ ઢાકામાં અમેરિકન રાજદૂતના કાને વાત નાખી ત્યારે રાજદૂતે સ્વાભાવિક રીતે પહેલો સંપર્ક વૉશિંગ્ટનનો કર્યો. વિદેશમંત્રી બિલ રોજર્સને એ ચોંકાવનારા સમાચાર મળ્યા કે તરત પ્રમુખ નિક્સનને મળવા તેઓ વ્હાઇટ હાઉસ ગયા. ઇન્દિરા પ્રત્યે સખત રીતે દાઝે ભરાયેલા નિક્સને કહી દીધું કે પાકિસ્તાનના કમાન્ડ-ઇન-ચીફ તરીકે યાહ્યા ખાને જે દસ્તાવેજ મંજૂર ન કર્યો હોય તેને અમેરિકા પણ માન્ય રાખી શકે નહિ. બીજે દિવસે એટલે કે ૧૫મી ડિસેમ્બરે રાત્રે ૧૧:૦૦ વાગ્યે ઇસ્લામાબાદમાં અમેરિકન દૂતાવાસે જનરલ યાહ્યા ખાનને ટેલિફોન જોડ્યો, પરંતુ જનરલસાહેબ એ વખતે સૂતા હતા. સચિવે કહ્યું કે તેમને જગાડી પણ શકાય તેમ ન હતા. (આનું તારણ એ જ કાઢવાનું રહ્યું કે આટલી ગંભીર કટોકટી વખતે પણ દેશના ભાગલા નિવારવા બધું કરી છૂટવાને બદલે તેઓ નશામાં ચૂર હતા !) ઇસ્લામાબાદનો અમેરિકન રાજદૂત આગામી સવારે જ તેમનો સંપર્ક કરી શક્યો. યાહ્યા ખાને નછૂટકે કબૂલ્યું કે પરાજય સ્વીકારવાની પરવાનગી તેમણે પોતે નિયાઝીને આપી હતી. કોઇ વિકલ્પ જ ન હતો.

ડિસેમ્બર ૧૬, ૧૯૭૧

ઇસ્ટર્ન કમાન્ડના નાયબ સેનાપતિ અને હવે જનરલ સામ માણેકશાના સંદેશવાહક મેજર-જનરલ જે. એફ. આર. જૅકબનું હેલિકોપ્ટર બપોરે ૧:૦૦ વાગ્યે ઢાકામાં ઊતર્યું. જૅકબની એટેચીમાં શરણાગતિનો દસ્તાવેજ હતો. નિયાઝી છેલ્લી ઘડીએ વાંધાવચકા ન કાઢે એ માટે

તેમના પર વધુ માનસિક દબાણ લાવવા એ જ વખતે મેજર-જનરલ નાગરા ચાર બટાલિયનો સાથે ઢાકામાં દાખલ થયા, જે સમાચાર નિયાઝીને જૅકબ સાથેના વાર્તાલાપ દરમ્યાન જ મળવાના હતા. સમાચાર મળ્યા અને નિયાઝીએ કાચા દસ્તાવેજને સમર્થન આપતી સહી કરી દીધી. લેફ્ટનન્ટ-જનરલ અરોરા, વાઇસ-એડમિરલ કૃષ્ણન્ તથા ઍર-માર્શલ દિવાન એ જ દિવસે ઢાકા પહોંચ્યા. ખાસ વિમાનમાં તેમની સાથે મુક્તિ વાહિનીના સેનાપતિ ગ્રૂપ કેપ્ટન ખોન્ડાકર પણ હતા. ઇતિહાસનો કટાક્ષ એ છે કે હજી બે રાત પહેલાં ૧,૬૦૦ કિલોમીટર છેટે પશ્ચિમ પાકિસ્તાનમાં એક જેલની બહાર યાહ્યા ખાનના સૈનિકો કબર ખોદાવતા હતા. જેલના એકમાત્ર કેદીએ અવાજ સાંભળીને પૂછપરછ કરી ત્યારે જણાવવામાં આવ્યું કે કબર તેના માટે બનતી હતી. પરોઢિયે તેને ફાંસી પર લટકાવવાનો હુકમ છૂટી ચૂક્યો હતો.

આ કેદી માર્ચ ૨૫, ૧૯૭૧ના દિવસે અટકાયતમાં લેવાયેલા અને પછી તરત પશ્ચિમ પાકિસ્તાન તરફ હાઇજૅક કરી જવાયેલા બંગબંધુ શેખ મુજીબુર રહેમાન હતા. અલબત્ત, ફાંસીના તૈયાર માંચડે છેવટે તો માત્ર ફંદાનો ગાળિયો લટકતો રહી જવા પામ્યો, કારણ કે શેખના જીવનનો સૂર્ય આથમે તે પહેલાં સોનાર બાંગલાનો સૂર્યોદય નક્કી બન્યાના સમાચાર યાહ્યા ખાનને મળી ચૂક્યા હતા.

ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ની ઢળતી સાંજે ઢાકાના રેસ કોર્સ પર બરાબર ૪:૩૧ વાગ્યે બેસુમાર મેદની વચ્ચે લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા ખાન નિયાઝીએ પોતાની ફૌજી રિવૉલ્વરની બુલેટો કાઢી અને ખાલી રિવૉલ્વર ઇસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ જગજીતસિંહ અરોરાના હાથમાં મૂકી. અરોરાએ તેમના હાથમાં શરણાગતિનો દસ્તાવેજ મૂક્યો. નિયાઝીએ માંડ આંસુ ખાળી રાખીને તેના પર શેરો મારી આપ્યો. પૂર્વ પાકિસ્તાનનું અસ્તિત્વ બરાબર એ જ ક્ષણે મટી ગયું. બાંગલા દેશ નામના એક નવા રાષ્ટ્રનો જન્મ થયો. ઇસ્લામની



■ શરણાગતિના દસ્તાવેજ પર સહી કરી રહેલા નિયાઝીની ડાબી તરફ લેફ્ટનન્ટ-જનરલ અરોરા છે. નિયાઝીની પાછળ મેજર-જનરલ જૅકબ છે, જ્યારે અરોરાની પાછળ વાઇસ-એડમિરલ કૃષ્ણન્ દેખાય છે

INSTRUMENT OF SURRENDER

The PAKISTAN Eastern Command agree to surrender all PAKISTAN Armed Forces in BANGLA DESH to Lieutenant-General JAGJIT SINGH AURORA, General Officer Commanding in Chief of the Indian and BANGLA DESH forces in the Eastern Theatre. This surrender includes all PAKISTAN land, air and naval forces as also all para-military forces and civil armed forces. These forces will lay down their arms and surrender at the places where they are currently located to the nearest regular troops under the command of Lieutenant-General JAGJIT SINGH AURORA.

The PAKISTAN Eastern Command shall come under orders of Lieutenant-General JAGJIT SINGH AURORA as soon as this instrument has been signed. Disobedience of orders will be regarded as a breach of the surrender terms and will be dealt with in accordance with the accepted laws and usages of war. The decision of Lieutenant-General JAGJIT SINGH AURORA will be final, should any doubt arise as to the meaning or interpretation of the surrender terms.

Lieutenant-General JAGJIT SINGH AURORA gives a solemn assurance that personnel who surrender shall be treated with dignity and respect that soldiers are entitled to in accordance with provisions of the GENEVA Convention and guarantees the safety and well-being of all PAKISTAN military and para-military forces who surrenders. Protection will be provided to foreign nationals, ethnic minorities and personnel of WEST PAKISTAN origin by the forces under the command of Lieutenant-General JAGJIT SINGH AURORA.

(JAGJIT SINGH AURORA)
Lieutenant-General
General Officer Commanding in Chief
India and BANGLA DESH Forces in the
Eastern Theatre

16 December 1971.

AAK Niazi Lt-Gen

(AMIR ABDULLAH KHAN NIAZI)
Lieutenant-General
Martial Law Administrator Zone B and
Commander Eastern Command (Pakistan)

16 December 1971

■ પૂર્વ પાકિસ્તાન મોરચે પાક લશ્કરની શરણાગતિનો ઐતિહાસિક દસ્તાવેજ

બુનિયાદ પાકિસ્તાનને હંમેશ માટે અખંડિત રાખે એવો મહમ્મદ અલી ઝીણાનો ભ્રમ વર્ષો પહેલાં ભલે પાકિસ્તાનના સર્જનમાં પણ નિમિત્ત બન્યો હોય, પરંતુ ઢાકાના રેસ કોર્સ પર હવે તે હંમેશ માટે દફન પામ્યો.

ઇન્દિરા ગાંધી તે સાંજે નવી દિલ્હીમાં સ્વિડિશ ટેલિવિઝનને ઇન્ટર્વ્યૂ આપી રહ્યાં હતાં. દિવસ બહુ મહત્વનો હોવાને લીધે તેમના સલાહકારોએ બધી મુલાકાતો રદ કરવા જણાવ્યું હતું, પણ તેઓ પોતાના રોજિંદા ટાઇમ ટેબલને સહજતાપૂર્વક વળગી રહ્યાં હતાં. ટેલિવિઝન

કેમેરા ચાલુ હતા એ દરમ્યાન જ રૂમમાં હોટલાઇનનો ટેલિફોન રણક્યો. આ હોટલાઇન સિક્રેટ હતી અને તેનું સંચાલન પણ ટેલિફોનખાતા દ્વારા કરાતું ન હતું. વડા પ્રધાને ચાલુ શૂટિંગે જ રિસીવર ઊંચક્યું. સામે છેડે સામ માણેકશા હતા. ઇન્દિરાને તેમણે ખુશખબર આપ્યા : 'નિયાઝીએ સહી કરી નાખી છે !'

સ્વિડિશ ટીમને સહેજ રાહ જોવાનું કહી વડા પ્રધાન બહાર નીકળ્યાં, મોટરમાં બેઠાં અને સંસદભવન તરફ હંકાર્યાં. જાણીતી વાતની સત્તાવાર જાહેરાત માટે સંસદસભ્યો ક્યારના અધીરા બન્યા હતા. ઇન્દિરાએ ૫:૩૦ વાગ્યે પોતાનું સંબોધન શરૂ કર્યું : 'માય સ્પીકર, સર, આઇ હેવ એન એનાઉન્સમેન્ટ ટુ મેક....'

ઇતિહાસની તે અભુતપૂર્વ ક્ષણ હતી, બલકે નવેસરનો જ ઇતિહાસ લખાતો હતો. ઉત્તેજિત સંસદસભ્યોએ વડા પ્રધાનને દુર્ગા તરીકે નવાજ્યાં અને જનસંઘના વાજપેયીએ તેમને દેશનાં એકમાત્ર નેતા જાહેર કર્યાં.

નિવાસસ્થાને પાછાં ફર્યાં બાદ વડા પ્રધાન તેમનાં બહેનપણી પુપુલ જયકરને ભેટી પડ્યાં અને ગળગળા કંઠે બોલ્યાં : 'આપણે યુદ્ધ તો જીતી લીધું, પણ શાંતિને જીતી શકીશું ?'

આ તરફ જનરલ માણેકશાને હજી જંપ ન હતો. કદાચ તેઓ શાંતિને પણ જીતવા માગતા હતા. બાંગલા દેશમાં ખડકાયેલી ભારતીય ડિવિઝનોને તેમણે એ જ ઘડીએ ખાસ ટ્રેનો અને વિમાનો દ્વારા પશ્ચિમ સરહદ તરફ ખસેડવાનું જંગી અભિયાન શરૂ કરાવ્યું. પાકિસ્તાનને મરણતોલ ફટકો લગાવવાનું કામ હજી બાકી હતું. ઇસ્લામાબાદે પૂર્વ પાકિસ્તાન ગુમાવ્યું એ બોધપાઠ તેના શાસકોની શાન ઠેકાણે લાવવા માટે કાફી ન હતો. પશ્ચિમ સરહદે પણ તેનો શક્ય એટલો પ્રદેશ હવે જીતી લેવો જોઇએ, કારણ કે ૧૯૪૭માં જમ્મુ અને કાશ્મીરનો તેણે હડપ કરેલો ૭૮,૧૧૪ ચોરસ કિલોમીટરનો પ્રદેશ ખાલી કરાવવા માટે તો જ તેને ફરજ પાડી શકાય તેમ હતી.

૧૯૭૧ : ભારત-પાક સંગ્રામનું આખરી સરવૈયું

	પાકિસ્તાન	ભારત
રણગાડીઓની ખુવારી	૨૨૬	૮૧
વિમાનોની ખુવારી	૮૬	૪૨
સૈનિકોની ખુવારી (શહીદો, ઘાયલો તથા લાપતા)	૨૦,૦૦૦	૧૩,૬૯૪
જહાજો તથા સબમરિનોની ખુવારી	૩૩	૧

વડા પ્રધાને મોડી રાત સુધી જનરલ સામ માણેકશાના વૉર-રૂમમાં બધા સિનિઅર અફસરો સાથે મસલતો યોજી. એડમિરલ એસ. એમ. નંદા તથા ઍર ચીફ-માર્શલ પી. સી. લાલ પણ હાજર રહ્યા. એક નવા જંગી આક્રમણનો પ્લાન હવે વિચારવામાં આવ્યો. પ્લાન જોખમી હતો. ઇન્દિરાને પણ છેવટે તે જોખમી લાગ્યો. પશ્ચિમ મોરચો પૂર્વ મોરચા કરતાં સદંતર જુદો હતો. પશ્ચિમ તરફના પાક સૈનિકો વધુ શસ્ત્રસજ્જ હતા, એટલે સરેરાશ પાક શહેરને કબજે લેવા જતાં ૩૦,૦૦૦ જેટલા ભારતીય જવાનોનું બલિદાન આપવું પડે એમ પણ બને. વધુ મોટો ભય અમેરિકાના પ્રતિઆક્રમણનો હતો. નિક્સન આમેય ભારત સામે દાઝે ભરાયેલા હતા. ભારતની છાપ હુમલાખોર તરીકેની પડે અને ખુદ અમેરિકન પ્રજા એમ માનતી થાય તો પછી નિક્સન ઝાલ્યા રહે નહિ. ઇન્દિરાએ મન વાળી લીધું. પાકિસ્તાનના કુલ ૯૩,૦૦૦ સૈનિકો ભારતના યુદ્ધકેદી બન્યા એ પણ દુશ્મન પર જતે દહાડે રાજકીય દબાણ લાવવા માટે નાનીસૂની વાત ન હતી. બીજી તરફ યુદ્ધમાં ભારતના ૩,૮૪૩ નાવિકો, પાયલટો

અને જવાનો માર્યા ગયા, બીજા ૯,૮૫૧ જખમી થયા, જે પૈકી અને ૨,૨૨૮ જવાનો રણમેદાનમાં હંમેશ માટે ગૂમ થયા એ પણ મામૂલી ભોગ ન હતો.

ઈસ્લામાબાદે શેખ મુજીબુર રહેમાનને છેવટે મુક્ત કરવા પડ્યા અને પોતાના ૯૩,૦૦૦ સૈનિકોને છોડાવવા માટે યાહ્યાના અનુગામી ભુટ્ટોએ ઇન્દિરા સાથે મંત્રણાના ટેબલ પર બેસીને જુલાઇ ૨/૩, ૧૯૭૨ની રાત્રે સિમલા કરાર પણ કરવા પડ્યા. વડા પ્રધાને ત્યાર પછીયે યુદ્ધકેદીઓને છોડ્યા નહિ, કારણ કે સીમાડા ફરી વખત આંકવાનું કામ હજી બાકી હતું. વડા પ્રધાને એ કામ પોતાની રીતે કરાવ્યું. આખરે સપ્ટેમ્બર ૧૯, ૧૯૭૩ના દિવસે વાઘા સરહદ પર દુશ્મન યુદ્ધકેદીઓ સાથેની પહેલી ટ્રેન પાકિસ્તાન જવા નીકળી.

ઘણા વખત બાદ છેક એપ્રિલ ૩૦, ૧૯૭૪ની સવારે છેલ્લો પાકિસ્તાની યુદ્ધકેદી જીપગાડીમાં બેસીને સરહદપાર જવા રવાના થયો. આ યુદ્ધકેદીનું નામ લેફ્ટનન્ટ-જનરલ અમીર અબ્દુલ્લા ખાન નિયાઝી હતું. ઇતિહાસ સાથે ભૂગોળ પણ બદલાયાના તેઓ પહેલા સાક્ષી હતા તેમ છેલ્લા સાક્ષી પણ હતા.

ઇતિહાસ મૂળ તો માનવીને ભવિષ્યનું માર્ગદર્શન આપતી વીતેલા ભૂતકાળની તવારીખ છે. યુદ્ધ '૭૧નો બોધપાઠ તેના આખરી દશ્યમાં જોવા મળતો હતો. નિયાઝી જેમના શરણે થયા એ ત્રણે સર્વોચ્ચ ભારતીય સેનાપતિઓ હિન્દુ ન હતા. સામ માણેકશા પારસી હતા, અરોરા શીખ હતા અને જૅકબ યહુદી હતા. પાકિસ્તાનના વર્તમાન શાસકોને હજી એમ પૂછી શકાય કે ૧૯૪૭માં પાકિસ્તાનની બુનિયાદ જો મજહબી હતી તો ધર્મના ગાંસડે એ રાષ્ટ્ર કેમ બંધાયેલું રહ્યું નહિ ? અને ભારત જો ઇસ્લામવિરોધી નાપાક હિન્દુ રાષ્ટ્ર હોય તો પાકિસ્તાનના ભાગલા ત્રણ બિનહિન્દુ અફસરોના હાથે કેમ પડ્યા?

ક્યારેક ફુરસદ મળે તો ઘરના એકાંત ખૂણે બેસીને ખાસ કરીને બીજો પ્રશ્ન ગંભીરતાપૂર્વક વિચારવા જેવો છે. શક્ય છે કે ખૂણા ઉપરની છત બોધિવૃક્ષ પણ બને.■





प्रકરણ : ૨૩

જો લૌટ કે ઘર ન આયે...


'૬૫ અને '૭૧ ના યુદ્ધમાં ભારતીય યુદ્ધકેદીઓને પાકિસ્તાનની જેલમાં મોત કરતાંય બદતર જીવન ગુજારવાનો વારો આવ્યો. મોતને કે પછી છૂટકારાને તેઓ ઝંખતા રહ્યા, પણ ઝંખના કદી પૂરી ન થઈ

બી. બી. સી.ની સંવાદદાતા વિક્ટોરિયા સ્કોફિલ્ડ વર્ષો પહેલાં 'ભુટ્ટો-ટ્રાયલ એન્ડ એક્ઝિક્યુશન' નામનું પુસ્તક લખવા માટે પાકિસ્તાનમાં જરૂરી માહિતી એકત્રિત કરી રહી હતી. ૧૯૭૮-૭૯ નો એ સમયગાળો હતો. કોટ લખપતની જેલમાં ઝુલ્ફિકાર અલી ભુટ્ટો પાંજરે પૂરાયેલા સિંહ જેવા લાચાર હતા, છતાં પોતાના બૂરા અંજામનો અણસાર સુદ્ધાં તેમને ન હતો. વિક્ટોરિયા સ્કોફિલ્ડ જો કે તેમનો અંજામ પામી ચૂકી હતી. જનાબ ભુટ્ટો તેમના શાગિર્દ જનરલ ઝિયા-ઉલ-હક્કને ઓળખી ન શક્યા, પણ સ્કોફિલ્ડે ઝિયાનું શયતાની ચરખા જેવું દિમાગ વાંચી નાખ્યું હતું. આથી ભુટ્ટોને અપાનારી ફાંસીના ટાંણે જ પુસ્તક બજારમાં પહોંચે એવા પ્લાન સાથે તેણે રિપોર્ટ ભેગા કરવા માંડ્યા હતા.



■ યાહ્યા ખાન પછી પાકિસ્તાનના સત્તાધીશ બનેલા ઝુલ્ફિકાર ભુટ્ટો

બરાબર મોકાના સમયે જ પ્રગટ થયેલા પુસ્તકમાં સ્કોફિલ્ડે લખ્યું કે કોટ લખપતની જેલમાં ભુટ્ટોને વ્યવસ્થિત રીતે પરેશાન કરવામાં આવતા હતા. અવારનવાર તેમને મૂઢ માર મરાતો હતો. ઘણી વખત શિયાળુ ઠંડી વચ્ચે પણ તેમને બરફના પાણી વડે સ્નાન કરાવવામાં આવતું હતું. રાત્રે તેઓ ચેનપૂર્વક ઊંઘી ન શકે એ માટે જેલના ચોકિયાતો એલ્યુમિનિયમના છાપરા પર આખી રાત પથ્થરો ફેંકતા હતા. ખાસ તો બાજુની કિલ્લેબંધ બરાકોમાં પુરાયેલા બંદીવાનોની ચીસો રાતભર તેમના કાને પહોંચાડવામાં આવતી હતી, જેથી ભુટ્ટો ફક્ત પોતાને કમનસીબ માને નહિ. દિવસો વીત્યા તેમ એ ચીસો દર્દભર્યા ચિત્કારોમાં ફેરવાતી ગઈ. રૂંવાડાં ખડાં કરી દે તેવા દુઃખપ્રેરિત આર્તનાદો ભુટ્ટોને સંભળાવા લાગ્યા. ભુટ્ટોની હાલત કતલખાને ગયેલા ઢોર કરતાં પણ બદતર હોવા છતાં તેમને એ કેદીઓ માટે અનુકંપા જાગી. વચ્ચે ૧૦ ફીટ ઊંચી દીવાલ હોવાને કારણે તેઓ બીજી તરફ નજર કરી શકે તેમ ન હતા, છતાં જેલમાં તેમના બચાવ માટે કેસ તૈયાર કરવા માટે આવતા ખાસ વકીલ યાહ્યા બખ્તિયારને તેમણે એક દિવસ એ કેદીઓ વિશે પૂછ્યું. બખ્તિયાર પણ કશું જાણતા ન હતા. આ વકીલ દર અઠવાડિયે ભુટ્ટો સાથે કાનૂની દલીલો ચર્ચવા માટે બે વખત જેલમાં



■ યુદ્ધકેદીઓની અદલાબદલી પછી ઘણાખરા ભારતીય જવાનો પાછા આવ્યા, પણ જેઓ ન આવ્યા તેમને ભારત સરકાર વખત જતાં ભૂલી ગઇ

આવતા હતા, માટે અમુક જેલરો સાથે તેમને ઉપરછલ્લી મિત્રાચારી બંધાઇ હતી. ભુટ્ટોનો સવાલ તેમણે એ જેલરોને કર્યો ત્યારે ખબર પડી કે કેદીઓ સામાન્ય કિસમના ગુનેગારો ન હતા. પાકિસ્તાનના નાગરિકો પણ ન હતા, બલકે ૧૯૭૧ ના યુદ્ધ વખતે પાકિસ્તાનના હાથમાં સપડાયેલા ભારતીય યુદ્ધકેદીઓ હતા. છેલ્લાં સાતેક વર્ષ થયે તેમને અન્ડરગ્રાઉન્ડ જેલમાં જ કેદ રખાયા હતા. જેલની સાંકડી હવાબારી વાટે તાજી હવા અંદર જતી હોય કે કેમ એ તો કોણ જાણે, પણ દરેક કેદીની દર્દનાક ચીસો તેના દ્વારા બહાર ફેલાતી હતી અને રાત્રિના શાંત માહોલને થરથરાવતી હતી.

આ વાત જેલરોના મોઢે સાંભળીને યાહ્યા બખ્તિયાર ચોંકી પડ્યા. ભુટ્ટોને તેમણે વસ્તુસ્થિતિ કહી ત્યારે ભુટ્ટોએ શો પ્રતિભાવ આપ્યો તે પણ કોણ જાણે, પરંતુ એટલું નક્કી કહી શકાય કે ભારતીય યુદ્ધકેદીઓ હજી પાકિસ્તાનમાં હોવા અંગે ભુટ્ટો પોતે સાવ અંધારામાં ન હતા. ૧૯૭૨ થી ૧૯૭૭ સુધી તેઓ પાકિસ્તાનના સત્તાધિશ હતા, એટલે યુદ્ધકેદીઓ અંગે તેમને માહિતી ન હોય એવું ન બને. દરમ્યાન ભારતે જ્યારે પણ તેમને બંદીવાનોનું લિસ્ટ મોકલ્યું અને સૌને મુક્ત કરવા જણાવ્યું ત્યારે ભુટ્ટોએ રેડીમેઇડ જવાબ આપેલો કે ‘સિમલા કરાર વખતે યુદ્ધકેદીઓને સામસામો હવાલો સુપરત કરાયા પછી હવે પાકિસ્તાનમાં ભારતના યુદ્ધકેદીઓ છે જ નહિ !’ આ વાહિયાત ખુલાસો પણ ભારતે છેવટે સ્વીકારી લેવો પડ્યો. બીજો ઈલાજ ન હતો. અર્વાચીન યુદ્ધ બહુ અંધાધૂંધી રીતે ખેલાતું હોય ત્યારે કયો સૈનિક માર્યો ગયો અથવા તો જીવતો પકડાયો તે પાકે પાયે જાણી શકાય નહિ. કોઇ ટુકડીના પાંચેક જવાનો બચવા પામ્યા હોય અને તે બધાને દુશ્મન ઝબ્બે કરી લે તો એવી ધરપકડનો ચશ્મદીદ ગવાહ ન હોય, માટે લાશોના ઢગલામાં એ પાંચ જણાના મૃતદેહો ન મળે એટલે તેમનું નામ ‘મિસિંગ ઈન એક્શન’ની છેતરામણી યાદીમાં લખી દેવાય છે. એ જ રીતે દુશ્મનના આકાશમાં વીંધાયેલું ફાઇટર-બોમ્બર તૂટી પડે ત્યારે એ વિમાનનો પાયલટ તત્કાળ શહીદ થયો કે પેરેશૂટ વડે સહીસલામત કૂદી પડ્યો તેનો ખ્યાલ પણ ક્યારેક આવતો નથી, કેમ કે હવાઇ ટુકડીનાં બીજાં ફાઇટર-બોમ્બર પોતાની કાર્યવાહીમાં વ્યસ્ત હોય છે.

આ જાતના બનાવોમાં યુદ્ધકેદીની સોંપણી માટે ભારત આગ્રહ રાખે અને પાકિસ્તાન તેના જવાબમાં નનૈયો ભણે તો દાવો સાબિત કરવા માટે પુરાવો આપી શકાય નહિ. વિનંતીપત્ર

દ્વારા જ કામ લેવું પડે અને છતાં (ખાસ કરીને પાકિસ્તાનના કેસમાં) ધાકધમકી વડે કામ લેવાનો મોકો સાંપડે તો અતિ ઉત્તમ. આ મોકો ૧૯૭૧ ના યુદ્ધ પછી ભારતે બિનજરૂરી ઉદારતામાં તણાઇને જતો કર્યો હતો. ઇસ્લામાબાદ સામે ખુન્નસ અને ઇન્દિરા ગાંધી સામે ક્રોધ જગાડતો એક હિસાબ જુઓ : ૧૯૭૧ના યુદ્ધમાં ભારતના કુલ ૩,૮૪૩ પાયલટો, નાવિકો અને જવાનો તથા અફસરો માર્યા ગયા, એટલે તેમને તો હંમેશ માટે ભૂલી ગયા સિવાય ચારો ન હતો. માત્ર તેમની શહીદી યાદગાર બની રહેવાની હતી. પરંતુ રણમોરચે ભારતના બીજા હજારો લડવૈયાઓ ગુમ થયા, જેમના મૃતદેહો પણ હાથ લાગ્યા નહિ. (ઘાયલ થયેલા તેમજ ગુમ થયેલા લડવૈયાઓની કુલ સંખ્યા ૯,૮૫૧ હતી, જે પૈકી લાપતા જવાનો અંદાજે ૨,૨૨૮ હતા.) આ પૈકી ઘણા ખરાને પાક ફોજે યુદ્ધકેદી તરીકે પકડ્યા હોય એ બનવાજોગ હતું, છતાં પાકિસ્તાને ફક્ત ૬૧૬ નો આંકડો જાહેર કર્યો અને જનાબ ભુટ્ટો છેવટ સુધી તે આંકડાને વળગી રહ્યા. ભારતના કબજામાં એ વખતે કુલ ૯૩,૦૦૦ પાકિસ્તાની યુદ્ધકેદીઓ હતા. મુખ્યત્વે બાંગલા દેશના મોરચે તેમને પકડવામાં આવ્યા હતા. જિનિવા કરારનું અક્ષરશઃ પાલન કરીને ભારતે તેમનાં ભરણપોષણનાં અને પગારભથ્થાનાં નામે રૂા. ૩૩ કરોડ જેટલી રકમ પણ ખર્ચી હતી. જનરલ યાહ્યા ખાન પછી સત્તા પર આવેલા ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ પણ જો ગાદીએ ટકી રહેવું હોય તો યુદ્ધકેદીઓને મુક્ત કરાવ્યા વગર ચાલે તેમ ન હતું, એટલે નાકલીટી તાણીને તેઓ સિમલા પધાર્યા અને શાંતિ કરાર પર સહીસિક્કા કરી આપ્યા.

ખેદની વાત એ છે કે ઇન્દિરા ગાંધી પાસે ૯૩,૦૦૦ હુકમનાં પાનાં હોવા છતાં તેમણે આપણા દરેકેદરેક યુદ્ધકેદીની વાપસી માટે આગ્રહ રાખ્યો નહિ. ભાગતા ભૂતની (કે ભુટ્ટોની) લંગોટી પકડીને જાણે સંતોષ માનવાની લાચારી આવી પડી હોય તેમ ૯૩,૦૦૦ પાકિસ્તાની કેદીઓના સાટામાં તેમણે ફક્ત ૬૧૬ ભારતીય યુદ્ધકેદીઓને સ્વીકારી લીધા. ઇન્દિરા માટે બાકીના જવાનો રાજકીય શતરંજનાં પ્યાદાં હતાં. શતરંજની બાજી જીતી શકાતી હોય અને શાંતિપ્રિયતા માટે વિશ્વરાજકારણના તખ્તા પર માન-ચાંદ મળતા હોય તો એ પ્યાદાંને મરવાં દેવામાં વાંધો નહિ. ઇન્દિરાના બચાવમાં એમ કહી શકાય કે ભારતના કેટલા સૈનિકો તેમજ અફસરો પાકિસ્તાનના હાથે પકડાયા તેનો સાચો આંકડો તેઓ જાણતાં જ ન હતાં. વાત ખરી, પરંતુ તેઓ ૨,૨૨૮ નો આંકડો પકડીને બેસી રહ્યાં હોત તો જનાબ ભુટ્ટો ક્યાં સુધી ધીરજ રાખી શકત? ઇન્દિરા પર જો શાંતિમંત્રણા માટે રશિયાનું કે અમેરિકાનું દબાણ હોય તો ખુદ પાકિસ્તાનમાં ભુટ્ટો પર ઓછું દબાણ ન હતું. દારૂડિયા જનરલ યાહ્યા ખાને કરેલી પહાડ જેવી ભૂલને તેઓ થોડી ઘણી સુધારી ન બતાવે તો પાક લશ્કરના સેનાપતિઓ તેમને પણ સત્તા પર લાંબો સમય ટકવા દે તેમ ન હતા. ઇન્દિરા ગાંધી એવા સંજોગોમાં બહુ સારી રીતે 'બાર્ગેઇનિંગ' કરી શક્યાં હોત અને ૧૯૭૧ના યુદ્ધકેદીઓ ઉપરાંત ૧૯૬૫ના યુદ્ધકેદીઓને

■ વાઘા ચેકપોસ્ટ ખાતે ૬૧૬ ભારતીય જવાનો પાછા ફર્યા ત્યારની તસવીર



પણ મુક્ત કરાવી શક્યાં હોત. પરંતુ એ સોનેરી મોકો તેમણે સરી જવા દીધો. પરિણામે ૧૯૬૫માં શાસ્ત્રીજીએ જે થાપ ખાધી તેની અસરો ભૂંસી નાખવા માટે પણ અવકાશ ન રહ્યો.

શાસ્ત્રીજીએ પાકિસ્તાનના જનરલ અયુબ ખાન સાથે તાશ્કંદ કરાર બહુ ઉતાવળે કરી નાખ્યા હતા. ઉપખંડમાં કાયમી શાંતિ સ્થાપવાના હેતુસર તેમણે હાજી પીરની ટેકરી સહિત ઘણું બધું જતું કર્યું. ૧૯૬૫ ના યુદ્ધમાં જીતાયેલા પ્રદેશોની સોંપણીને એટલું બધું મહત્ત્વ અપાયું કે પાકિસ્તાની કારાવાસોમાં આપણા કેટલા જવાનો તથા અફસરો હજી પૂરાયેલા છે તેની મોજણી તદ્દન ગૌણ બની ગઇ. તાશ્કંદમાં જ શાસ્ત્રીજીના અવસાન પછી ગુલઝારી લાલ નંદાની કામચલાઉ સરકાર રચાઇ, જેની સમક્ષ યુદ્ધકેદીઓ કરતાં વધુ 'મહત્ત્વના' કૂટપ્રશ્નો પડ્યા હતા. ઇન્દિરા ગાંધીના આગમન બાદ લોકોના ધ્યાનનું ફોકસ પણ બદલાયું અને દેશના સૈનિકોને બદલે દેશના રાજકારણ પર સ્થિર થયું. ગરજ સર્યા પછી વૈદને ભૂલી જવો એ શિષ્ટાચાર ન ગણાય, તો સૈનિકોને ભૂલી જનાર દેશ માટે, દેશની સરકાર માટે અને દેશના પ્રજાજનો માટે શું કહેવું ? ૧૯૭૧ પછી કેટલાંક વર્ષ સુધી પાકિસ્તાનને વિનંતીપત્રો લખ્યા પછી આપણા વિદેશ મંત્રાલયે કદાચ એમ ધારીને મન વાળી લીધું કે ઇસ્લામાબાદના પસ્તીવાળાને ખટાવ્યા કરવાનો અર્થ નથી.

બન્ને યુદ્ધોના કુલ મળીને કેટલા યુદ્ધકેદીઓ પાકિસ્તાનમાં રહી ગયા તેનો પાકો આંકડો ભારત જાણતું ન હતું અને પાકિસ્તાનના રાજકર્તાઓ માટે તે આંકડાનું કશું મહત્ત્વ ન હતું. આમ છતાં તે જવાનોને લાંબે ગાળે ભૂલી જવા માટે બન્ને દેશો પાસે પોતપોતાનાં કારણો હતાં. શરૂઆતમાં પાકિસ્તાને બેરહેમ અને કિન્નાખોર વલણ અખત્યાર કર્યું. ભારતની શસ્ત્રસજ્જ સેના પર જે દાઝ ન કાઢી શક્યું એ તેણે હાથકડી પહેરેલા લાચાર સૈનિકો પર સતત ઊતારવા માટે તેમને કાયમ માટે જેલમાં જ રોકી પાડ્યા. આ સંગદિલ છતાં કાયરતાભર્યું વલણ અપનાવ્યા પછી ભારત દ્વારા કરાતી દરેક પૂછપરછનો તેણે હંમેશા એવો જવાબ આપવો પડ્યો કે, 'અમારી કોઇ જેલમાં ભારતનો એક પણ યુદ્ધકેદી નથી. સિમલા કરારના અન્વયે સૌને પાછા ભારતના હવાલે કરી દેવાયા છે.'

આ જાતનું હળાહળ જૂઠાણું ચલાવનાર પાકિસ્તાની રાજકર્તાઓનું હૃદય વર્ષો પછી જો પીગળે અને વસ્તુસ્થિતિ કબૂલવામાં આવે તો આંતરરાષ્ટ્રીય નજરે તેઓ નિંદાપાત્ર ઠરે તેમ હતા. જિનિવા કરાર મુજબ યુદ્ધકેદીઓને અચોક્કસ મુદત સુધી કેદમાં રાખી શકાય નહિ. વિધિસર અદલાબદલી થયા પછી તો કદાપિ નહિ. આથી વર્ષો વીત્યાં બાદ પાકિસ્તાન જો આપણા સૈનિકોને પાછા સોંપવા માટે તૈયારી બતાવે તો જિનિવા કરારનો તેણે કરેલો ભંગ આપોઆપ જાહેર થાય, એટલે બહેતર છે કે યુદ્ધકેદીઓના અસ્તિત્વનો ઇન્કાર ચાલુ જ રાખવો! બીજી તરફ ભારતના રાજકર્તાઓ પણ રહી રહીને યુદ્ધકેદીઓની મુક્તિ કરાવવામાં સફળ થાય તો વર્ષો સુધી નિષ્ક્રિયતા દાખવ્યા બદલ પ્રજા તેમનીયે ધૂળ કાઢી નાખે. ઇન્દિરાએ નિષ્ક્રિયતાને ખૂલ્લી પડતી રોકવા માટે વધુ નિષ્ક્રિયતા વડે તેને ઢાંકેલી જ રાખી. આમ યુદ્ધકેદીઓને ભૂલી જવા માટે બન્ને દેશો પોતપોતાનાં કારણો ધરાવતાં હતાં, જેમાં રાજકીય સ્વાર્થ મોખરે હતો. આ મેલા સ્વાર્થે આપણા સૈનિકો પર અને તેમનાં આપ્તજનો પર શી અસર કરી હોય તેનું અનુમાન જરા લગાવો. કોઇ વયોવૃદ્ધ બાપ પોતાની આંખ મીંચાય તે પહેલાં જવાન બેટાનું મોં જોવા માટે તડપતો હતો, કારણ કે ૧૯૬૫ માં કે ૧૯૭૧ માં પુત્ર રણમોરચે ખપી જ ગયો છે એમ માનવા તેનું મન તૈયાર ન હતું. કોઇ પત્ની તેના પતિના પુનરાગમનને ઝંખતી હતી અને પુનરાગમન ન જ થવાનું હોય તો મૃત્યુના સત્તાવાર ખબરને પણ કઠણ કાળજે સ્વીકારી લેવા

રાજી હતી, કેમ કે પોતાનો દરજ્જો સધવાનો છે કે વિધવાનો છે એ અનુત્તર પ્રશ્ન તેના માટે દિવસોદિવસ અસહ્ય બનતો હતો. કોઈ કિશોર પણ વર્ષો પહેલાં તેને વિખૂટો મૂકી જનાર પિતાની રાહ જોતો હતો. પિતાની હયાતી અને શહીદી વચ્ચેની અસંભવ સ્થિતિ તેના માટે પણ હૃદયના બોજ સમાન હતી.

આ બોજને હળવો કરી દેવા માટે ભારત સરકારે છેવટે નિવેદન બહાર પાડ્યું કે લાપત્તા જવાનોને, પાયલટોને તથા બીજા અફસરોને હવે મૃત્યુ પામેલા ગણી લેવા જોઈએ. આ જાહેરાત સાથે ભારત સરકારના શિરેથી પણ બોજો નાબૂદ થયો. યુદ્ધકેદીઓની વાપસી માટે હવે તેણે પાકિસ્તાનને ભલાં મનાવવાની કે જીભાજોડી કરવાની જરૂર ન રહી.

પરંતુ ૧૯૭૮માં બી. બી. સી.ની પેલી સંવાદદાતા વિક્ટોરિયા સ્કોફિલ્ડે પરિસ્થિતિને ઓચિંતો નાટકીય વળાંક આપ્યો, જે આપણા માટે દેખીતી રીતે ટ્રેજિક હતો. 'ભુટ્ટો ટ્રાયલ એન્ડ એક્ઝિક્યુશન' નામના પુસ્તક માટે વિગતો એકઠી કરતી વખતે તેણે યાહ્યા બખ્તિયારનો ઈન્ટરવ્યૂ લીધો. બખ્તિયારે ભાંડો ફોડ્યો કે ભુટ્ટોની કોટ લખપત જેલમાં ભારતના અંદાજે ૪૦ યુદ્ધકેદીઓ હજી સબડતા હતા એટલું જ નહિ, બલકે પાકિસ્તાનની બીજી જેલોમાં પણ અમુક ભારતીય યુદ્ધકેદીઓ હોવાનો સંભવ હતો.

'ધ સ્ટેટ્સમેને' પ્રગટ કરેલી ૪૦ યુદ્ધકેદીઓની નામાવલી

મેજર એસ. પી. એસ. વરાય	સેકન્ડ-લેફ્ટનન્ટ એસ. એમ. સાબરવાલ
મેજર કેવલજીતસિંહ	સેકન્ડ-લેફ્ટનન્ટ એસ. કે. નંદા
મેજર જે. એસ. મલિક	વિંગ કમાન્ડર એચ. એસ. ગિલ
કેપ્ટન કે. એસ. રાઠોડ	કેપ્ટન રવિન્દ્ર કૌરા
કેપ્ટન જી. આર. સિંહ	સ્ક્વૉડ્રન લીડર જાલ માણેકશા મિસ્ત્રી
સેકન્ડ-લેફ્ટનન્ટ કમલ બક્ષી	ફ્લાઇટ-લેફ્ટનન્ટ ડી. એસ. ધનદાસ
સેકન્ડ-લેફ્ટનન્ટ પરસરામ શર્મા	ફ્લાઇટ-લેફ્ટનન્ટ આર. કદમ
મેજર એ. કે. સૂરી	ફ્લાઇંગ ઑફિસર કે. એલ. મબજાની
મેજર એસ. સી. ગુલેરી	ફ્લાઇટ-લેફ્ટનન્ટ બાબુલ ગોહા
મેજર એ. કે. ઘોષ	સ્ક્વૉડ્રન લીડર જે. ડી. કુમાર
સ્ક્વૉડ્રન લીડર એમ. કે. જૈન	ફ્લાઇટ-લેફ્ટનન્ટ ગુરૂદેવસિંહ રાય
ફ્લાઇટ-લેફ્ટનન્ટ એસ. કે. ગોસ્વામી	ફ્લાઇટ-લેફ્ટનન્ટ અશોક બલવન્ત
નેવલ પાયલટ કમાન્ડર અશોક રૉય	ફ્લાઇટ-લેફ્ટનન્ટ એસ. સી. મહાજન
ફ્લાઇટ-લેફ્ટનન્ટ એચ. જી. સિંહ	ફ્લાઇંગ ઑફિસર કે. પી. મુરલીધરન્
ફ્લાઇંગ ઑફિસર સુધીર ત્યાગી	કેપ્ટન વિશિષ્ટ રાય
ફ્લાઇટ-લેફ્ટનન્ટ વી. પી. તામ્બે	લાન્સ નાયક હઝુરાસિંહ
ફ્લાઇટ-લેફ્ટનન્ટ એલ. એમ. કૈસાન	લાન્સ નાયક જગદીશ રાય
ફ્લાઇટ-લેફ્ટનન્ટ રામ અડવાણી	સિપાઇ મદન મોહન
ફ્લાઇટ-લેફ્ટનન્ટ એન. શંકર	સિપાઇ પાલસિંહ
ફ્લાઇટ-લેફ્ટનન્ટ એસ. સી. સૈન્દાલ	સિપાઇ દિલેરસિંહ

આ પુસ્તકને જનરલ ઝિયાએ પાકિસ્તાનમાં તો પ્રતિબંધિત જાહેર કર્યું. ફાંસી પામેલા ભુટ્ટોનું ભૂત આવા પુસ્તક વડે ફરી જીવતું થાય અને કનડગત ફેલાવે તે જનરલ ઝિયાને માન્ય ન હતું. આપણે ત્યાં એ પુસ્તક રાબેતા મુજબ આયાત કરવામાં આવ્યું, પરંતુ યાહ્યા બખ્તિયારનું ચોંકાવનારૂં બયાન તેમાં હોવાની ભારત સરકારને જાણ થઇ ત્યારે બજારમાં પુસ્તકની નકલો અદૃશ્ય થવા લાગી. પ્રથમ આયાતી કન્સાઇનમેન્ટ ખપી ગયા પછી બીજી નકલોનાં પાર્સલ કદી આવ્યાં જ નહિ. પુસ્તકવિક્રેતાએ શા માટે નફાનો ધંધો જતો કર્યો તે ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે, છતાં ભારત સરકારે તેને બીજાં 'નિર્દોષ' પુસ્તકો તરફ ધ્યાન આપવા માટે સમજાવ્યો હોય એ શક્યતા ખરી. વિક્ટોરિયા સ્કોફિલ્ડના અહેવાલે ભારત સરકારને આરોપીના પાંજરામાં ખડી કરી દીધી હતી. ભૂલી જવા લાયક એવી ભૂલી બિસરી યાદને તેણે નાહક તાજી કરી હતી. વિદેશ મંત્રાલયે પોતાનાં સ્થગિત ચક્રોને પાછાં ગતિમાન કરવાં પડ્યાં અને વર્તમાનપત્રોએ પણ યુદ્ધકેદીઓનો મુદ્દો ફરી ચગાવવો પડ્યો.

આ જાતનું દાયિત્વ નિભાવવામાં દિલ્હીનું 'ધ સ્ટેટ્સમેન' અખબાર સહેજે કસર ન છોડે,

એટલે તેણે આખી રિપોર્ટિંગ ટીમને કામે લગાડી દીધી. ચાલીસે ચાલીસ યુદ્ધકેદીઓનાં નામો તેણે પ્રગટ કર્યાં એટલું જ નહિ, પણ તેમનાં આપ્તજનોની મુલાકાતો લીધી. એક બંદીવાન ફ્લાઈંગ ઑફિસરના પિતાએ જણાવ્યું કે, 'પાકિસ્તાનની જેલ તોડીને ભાગેલા અથવા તો સજાને અંતે છૂટેલા દાણચોરો મારા પુત્રના સંદેશા મને આપી જતા હતા. પુત્રનું જે શારીરિક વર્ણન તેમણે કર્યું અને બીજી વાત કહી એ જોતાં તેમની રજૂઆત બનાવટી હોય જ નહિ. પરંતુ ભારત સરકારને હવે મારા પુત્રની જરૂર રહી નથી. કોઈને મારી યાતનામાં રસ નથી.'

ટૂંકમાં, સરકાર જ્યારે એમ કહેતી રહી કે બધા યુદ્ધકેદીઓ પરત આવ્યા છે અને ન આવ્યા તેઓ રણમેદાનમાં ખપી ગયા છે ત્યારે અમુક કેદીઓનાં સગાંવહાલાંને પાકિસ્તાનમાં તેમની હયાતીના સાંયોગિક પુરાવા મળતા હતા. પુરાવા ભલે પ્રત્યક્ષને બદલે માત્ર સાંયોગિક હોય, છતાં આધારભૂત હતા. વળી એમ પણ ન કહી શકાય કે બધા પુરાવા રહી રહીને મળ્યા, એટલે ભારત સરકાર યુદ્ધકેદીઓને છોડાવવા માટે ઝાઝી તજવીજ કરી શકે નહિ.

પાકિસ્તાને ભારતના ૫૪ જીવતાજાગતા શહીદોને અજાણી ભૂગર્ભજેલોમાં ગોંધી રાખ્યા છે, જ્યાંનું વાતાવરણ નર્કાગાર કરતાં સારૂં નથી. આ જેલોના દરવાજા સામાન્ય કેદીઓ માટે હંમેશાં બંધ રહે છે. ટૂંકી સજા પામેલો સ્થાનિક કેદી (એટલે કે પાકિસ્તાનનો નાગરિક) સજાને અંતે બહાર નીકળ્યા પછી રખે ભારતના યુદ્ધકેદીઓ અંગે ચર્ચા કરતો ફરે એ બીકે પાકિસ્તાન સરકારે ભારતીયોને અલગ કોટડીમાં પૂર્યા છે. આમ છતાં રીઢા દાણચોરોનો સમાવેશ ક્યારેક તેમની સાથે જ કરવામાં આવે છે. દાણચોરોની વગ બહુ અસરકારક હોય છે, એટલે સલાખો પાછળ તેઓ લાંબો સમય કેદ રહેતા નથી. સાગરિતોની મદદ વડે ભાગી છૂટે છે અને સલામતીને ખાતર સરહદ પણ ઓળંગી જાય છે. ભારત પહોંચ્યા બાદ તેઓ આપણા સીમા સુરક્ષા દળને ભારતીય યુદ્ધકેદીના નામઠામ સાથે તેના ચહેરાનું વર્ણન કહી સંભળાવે છે એટલું જ નહિ, પણ ક્યારેક તે ભારતીય યુદ્ધકેદીએ પોતાનાં આપ્તજનો માટે આપેલો મૌખિક સંદેશો પણ રજૂ કરે છે. લાંબી પૂછપરછ કરાયા છતાં એક પણ દાણચોરે સાવ ઘડી કાઢેલી વાર્તા કહી હોય તેવું આજ દિન સુધી બન્યું નથી.

દાણચોરોની વાત જવા દો. થોડાં વર્ષ પહેલાં એમ. એલ. ભાસ્કર નામના ભારતીય અફસરે ખુશ્કીદળને મોઢામોઢ આપેલી બાતમી વિશેષ મહત્ત્વની છે. પાકિસ્તાને જાસૂસીના આરોપ નીચે ભાસ્કરને પકડ્યા હતા અને વર્ષો સુધી જેલમાં પૂરી રાખ્યા હતા. આ ધરપકડ અંગે નવી દિલ્હી સરકાર અજાણ ન હતી, એટલે પાકિસ્તાને ભાસ્કરનો સોદો પોતાના એક ગુપ્તચરના સાટામાં કરવો પડ્યો. ભાસ્કરે આપણા ખુશ્કીદળને ચોંકાવનારા ખબર આપ્યા કે વિંગ કમાન્ડર એચ. એસ. ગિલ હજી પાકિસ્તાનની અંધારકોટડીમાં કેદ છે અને દિવસરાત સ્વાધીનતાને ઝંખે છે. (૧૯૭૧ ના યુદ્ધમાં વિંગ કમાન્ડર ગિલ પાકિસ્તાની લક્ષ્યાંકો પર આકાશી હુમલા કરવા ગયા હતા, જ્યાં અનેક સફળ ઊડાનો પછી તેમનું પ્લેન તોડી પાડવામાં આવ્યું હતું. પાકિસ્તાને જો કે તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા.) આજે તે વાતને વર્ષો વીતી ચૂક્યાં છે. ભારતમાં વિંગ કમાન્ડર ગિલનાં આપ્તજનો તેમના નામ સામે ચોકડી પણ મૂકી શકતાં નથી અને તેમને કદાચ જીવતા પણ કદી પામી શકવાનાં નથી. ૧૯૭૧ માં રણહાક વાગી એ વખતે તેમને યુદ્ધમોરચા તરફ વિદાય આપનારી દસેક વર્ષની પુત્રીએ આજ સુધી એક પ્રતિજ્ઞા પાળી છે કે પિતા પાછા ન આવે ત્યાં સુધી લગ્ન કરવાં નહિ. પાકિસ્તાની ફોજે ૧૯૭૧ માં વિંગ કમાન્ડર ગિલને પકડવા કરતાં ત્યાં ને ત્યાં શૂટ કરી દીધા હોત તો સમયના વહેવા સાથે એ વાતને ભૂલી જવાત, પણ તેને બદલે પાકિસ્તાનની જાલિમ રાજનીતિએ ગિલ ખાનદાનમાં

માતમનું વાતાવરણ ધ્રુવના અક્ષરે ચીતરી નાખ્યું છે. હજી પણ વિંગ કમાન્ડર ગિલ કદાચ હયાત છે, ટોર્ચર-ચેમ્બર જેવા કારાવાસમાં ગયે અઠવાડિયે તેમણે દમ તોડ્યો અથવા તો આવતી કાલે કે આવતા મહિને તેમનો દેહવિલય થવાનો છે કે કેમ તે પણ તેમનાં આપ્તજનો કદી જાણી શકવાનાં નથી, કારણ કે પાકિસ્તાનના 'સત્તાવાર' જેલ રજિસ્ટર મુજબ વિંગ કમાન્ડર એચ. એસ. ગિલ નામના ભારતીય હવાબાજનું અસ્તિત્વ જ નથી.

એ રીતે જોવા બેસો તો ભારતને મન પણ તેમનું અસ્તિત્વ ક્યાં છે ? પાકિસ્તાનની જેલમાં તેમની દુર્દશા અંગે જાણવા કરતાં બીજી ઘણીબધી બાબતો જાણવામાં સૌને વધારે દિલચસ્પી છે. આ ચોપ્પન દેશભક્તો ભલે વર્ષો થયે દુશ્મન મુલકમાં યાતના ભોગવતા રહ્યા, આપણાં મોટા ભાગનાં વર્તમાનપત્રો માટે તે છાપવાલાયક સમાચાર નથી. છપાય તો પણ આપણા પ્રજાજનોને શૂરાતન ચડાવવા માટે કાફી નથી, એટલે પાકિસ્તાન સાથે કરાતી વાટાઘાટોમાં યુદ્ધકેદીઓના છૂટકારા અંગેનો મુદ્દો કદી આગળ ધરાતો નથી. આ બદકિસ્મતોને દેશના નેતાઓ પણ બહુ સહજ રીતે ભૂલી ગયા છે. દેશપ્રેમને કે દેશદાઝને રાજપુરુષો જેના વડે માપતા હોય એ ફૂટપટ્ટી તેમને જ મુબારક, પરંતુ દેશના સામાન્ય નાગરિકોએ તેમના બંદીવાન નિગેહબાનોને ભૂલવા જેવા નથી. અહીં તે જીવંત મૃતદેહો અંગે થોડી ઘણી પૂર્વભૂમિકા રજૂ કરી છે. ફૂટ્યાં કરમના સરફરોશોની રસ્તે રઝળતી સત્યકથા વાંચો :



■ ૧૯૭૧માં 'ટાઇમ' મેગેઝિનમાં છપાયેલી તસવીરમાં મેજર એ. કે. ઘોષને યુદ્ધકેદી તરીકે દર્શાવાયા હતા

ફ્લાઇટ-લેફ્ટનન્ટ હરવિન્દરસિંહ નામના પાયલટ ડિસેમ્બર ૪, ૧૯૭૧ ના રોજ હલવાડાના રન-વે પર સુખોઇ-૭ પ્રકારના વિમાનને દોડાવતા પાકિસ્તાનની દિશામાં રવાના થયા ત્યારે યુદ્ધમાં એ તેમનું પહેલું ઊડ્ડયન હતું. દુર્ભાગી હરવિન્દરસિંહ માટે એ છેલ્લું ઊડ્ડયન પૂરવાર થયું. વિમાનવિરોધી તોપોના ગોળાએ તેમના પ્લેનને વીંધી નાખ્યું અને જાન બચાવવા માટે હરવિન્દરસિંહ પેરેશૂટ વડે કૂદી પડ્યા. દુશ્મનની ધરતી પર તેમણે સહીસલામત ઊતરાણ કર્યું અને તે જીવતા રહ્યાનો પુરાવો એ કે બીજે દિવસે સવારે ૮:૩૦ વાગ્યે પાક રેડિઓએ તેમની હિરાસતના સમાચાર પ્રસારિત કર્યા. સમાચારમાં ફ્લાઇટ-લેફ્ટનન્ટ હરવિન્દરસિંહનું નામ પણ જણાવવામાં આવ્યું. ભારતે એ સમાચાર ઝીલ્યા અને તેનું ટેપ-રેકોર્ડિંગ સુદ્ધાં કરી લીધું.

આ જવાઁમર્દના પિતા સ્ક્વૉડ્રન લીડર ગુરુબક્ષસિંહ પોતે ફાઇટર પાયલટ હતા. દેશની સેવા કાજે કૌટુમ્બિક પ્રણાલિકા અનુસાર જુવાન દીકરાને પણ તેમણે હવાઇ દળમાં ભરતી કરાવ્યો હતો. થોડા દિવસ પછી વ્યથિત બાપને ઍરફોર્સ હેડક્વાર્ટરનો પત્ર મળ્યો કે, 'તમારો દીકરો પોતાની ડ્યૂટી હિંમતભેર બજાવવા જતાં દુશ્મનોના હાથે યુદ્ધકેદી તરીકે પકડાયો છે. તમે જો તેની સાથે પત્રવ્યવહાર કરવા માગતા હો તો નીચે જણાવેલા સરનામે પત્ર મોકલી શકો છો. આ વિધિને લગતા કેટલાક નીતિનિયમો પણ તમારી જાણ માટે નીચે લખ્યા છે, જેમનું પાલન તમારે કરવાનું છે.'

સ્ક્વૉડ્રન લીડર ગુરુબક્ષસિંહે અનેક પત્રો લખ્યા, પરંતુ એકેયનો જવાબ ન મળ્યો. સિમલા કરાર પછી સામસામા યુદ્ધકેદીઓ અદલબદલ કરવામાં આવ્યાં ત્યારે સરહદ પાસે ચિંતાતુર બાપે ૬૧૬ ભારતીય યુદ્ધકેદીઓમાં હરવિન્દરસિંહને શોધવા માટે નજર માંડી.

વાતાવરણમાં ખુશાલી છલકાતી હતી. હવામાં અબીલગુલાલ છવાયા હતા. વિજયાદશમીનો અવસર હોય તેમ પાછા આવેલા સૈનિકોને ગલગોટાના હારતોરા કરાતા હતા, પરંતુ એ મેદનીમાં હરવિન્દરસિંહ ક્યાંય ન હતા. રઘવાયા ગુરુબક્ષસિંહે ફરી ઍરફોર્સ હેડક્વાર્ટરનો સંપર્ક કરીને લેખિત પૂછ્યું કે મારો પુત્ર ક્યાં છે ? થોડા દિવસ પછી દીકરાનું ઠામઠેકાણું (કે દીકરો પોતે) મળવાને બદલે વાયુસેનાનો શોક સંદેશો મળ્યો કે, 'તમારો પુત્ર યુદ્ધમાં શહીદ થયો હોવાને કારણે વાયુસેના તમને મળી શકતા પેન્શન, વળતર અને બીજા આર્થિક લાભો માટે વ્યવસ્થા કરવા માગે છે. આ સાથે કેટલાંક ફોર્મ બીડ્યાં છે, જે ભરીને હેડક્વાર્ટરના સરનામે મોકલી આપશો.'



■ ફ્લાઇટ-લેફ્ટનન્ટ હરવિન્દર સિંહ, જેમનું વિમાન પાકિસ્તાનમાં રિસાલાવાલા ખાતે તોડી પડાયું હતું

સ્ક્વૉડ્રન લીડર ગુરુબક્ષસિંહના માથે કેવો વજ્રપાત થયો તેની કલ્પના પણ કરતા નહિ, કેમ કે સંવેદનાને ખૂબ ઢંઢોળ્યા પછી પણ કલ્પનાનો પનો ટૂંકો પડવાનો. કોઇ પણ પિતા માટે જુવાનજોધ દીકરાને ગુમાવ્યાનું દુ:ખ અસહ્ય હોય અને જે કમભાગીએ આવી કાળઝાળ અવસ્થા ભોગવી હોય તે કદાચ ગુરુબક્ષસિંહની હાલત કલ્પી પણ શકે, પરંતુ એ સરદારજીના આઘાતને પરિસ્થિતિના ગમખ્વાર વળાંકે બેહદ અસહ્ય બનાવ્યો હતો. ફ્લાઇટ-લેફ્ટનન્ટ હરવિન્દરસિંહનું સુખોઇ-૭ વિમાન ડિસેમ્બર ૪, ૧૯૭૧ ના રોજ (યુદ્ધના બીજે દિવસે જ) તૂટી પડ્યું હતું. બરાબર ૧૦ દિવસ પછી ઍરફોર્સ હેડક્વાર્ટરના ઍર-કમાન્ડર બી. કે. સ્ટીડસ્ટોને ગુરુબક્ષસિંહને પત્ર (નં. એચ. ક્યૂ. ૨૩૪૬૩/૧૪/૧૧ પી. એસ.) લખીને જણાવેલું કે ફ્લાઇટ-લેફ્ટનન્ટ હરવિન્દર સિંહ જીવતા પકડાયાના રેડિઓ સમાચાર ઑલ ઇન્ડિયા રેડિઓએ પણ મોનિટર કર્યા છે અને તેનું રેકોર્ડિંગ આકાશવાણી પાસે મોજૂદ છે, માટે ચિંતા કરવાની જરૂર નથી. બીજા પંદર દિવસ પછી હેડક્વાર્ટરના ગ્રૂપ કેપ્ટન જી. એસ. પુનિયાએ ગુરુબક્ષસિંહને ફરી લેખિત જાણ કરી કે હરવિન્દરસિંહ પાકિસ્તાનમાં યુદ્ધકેદી છે. આ રીતે બબ્બે વખત સધિયારો મળ્યા પછી એકાએક પુત્રને મૃત્યુ પામેલો જાહેર કરાયો ત્યારે ગુરુબક્ષસિંહ ભાંગી પડ્યા. ખરેખર શું થયું છે એ તેઓ જાણતા ન હતા અને અનિશ્ચિતતાનો ગમ જીરવવો તેમના માટે કપરો હતો. હેડક્વાર્ટરને તેમણે ફરી ફરીને પૂછપરછ કરી ત્યારે જવાબ મળ્યો કે આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસના પ્રતિનિધિ મંડળે પાકિસ્તાનની મુલાકાત લીધી ત્યારે પાક વાયુસેનાએ તેને હરવિન્દરસિંહની હેલ્મેટ દેખાડી હતી અને માત્ર એ હેલ્મેટ જ બચવા પામી હોવાનું જણાવ્યું હતું. ફ્લાઇટ-લેફ્ટનન્ટ હરવિન્દરસિંહ પોતે જમીન પર પટકાતાવેંત માર્યા ગયા હતા. રેડ ક્રોસના પ્રતિનિધિ મંડળે એ પણ જોયું કે હેલ્મેટ પર હરવિન્દરસિંહનું નામ ખોટી જોડણીમાં લખાયું હતું. આથી પેરેશૂટ ન ખૂલવાને કારણે તેઓ માર્યા ગયા ત્યારે તેમને ઓળખી કાઢવામાં વિલંબ થયો હતો. પાકિસ્તાનની કેફિયત મુજબ હરવિન્દરસિંહનું સુખોઇ-૭ બહુ નીચી સપાટીએ ઊડતું હોવાને કારણે પેરશૂટ ખૂલવા માટે સમય જ રહ્યો ન હતો.

હવે સ્ક્વૉડ્રન લીડર ગુરુબક્ષસિંહની કેફિયત તેમના જ શબ્દોમાં વાંચો : 'રશિયન બનાવટનું સુખોઇ-૭ દુશ્મન રેડારની નજર ચૂકાવવા માટે હંમેશાં નીચી સપાટીએ ઊડવા જ સર્જાયું છે. આ પ્લેન જમીન પર હોય એ વખતે પાયલટ જો ઇજેક્શનનું બટન દાબે તો પણ તેની પેરેશૂટ ન ખૂલવાનો ભય નથી, કારણ કે સીટમાં કેટેપોલ્ટ વ્યવસ્થા છે. આ કૅટેપોલ્ટ સુખોઇ-૭ ના પાયલટને બેઠક સહિત ઊંચે ફંગોળે છે, એટલે પેરેશૂટ ખૂલવા માટે પૂરતો સમય

અને પૂરતું અંતર મળી રહે છે. વળી યુદ્ધનાં થોડાં અઠવાડિયાં પહેલાં હું જ્યારે હરવિન્દરને મળ્યો ત્યારે તેની હેલ્મેટ પર નામ લખેલું ન હતું. એ સિવાય હરવિન્દર પોતાની હેલ્મેટ પર પોતાનું જ નામ ચીતરવામાં જોડણીની ભૂલ કરે એ પણ શક્ય નથી. ધારો કે એમ બન્યું હોય તો જિનિવા કરાર મુજબ પાકિસ્તાને હરવિન્દરનો બધો સરંજામ મને સુપરત કરવો જોઇએ. હાથ લાગેલી દરેક વસ્તુ મને પાછી મળવી જોઇએ. મેં પણ વાયુસેનામાં ઘણાં વર્ષો ગુજાર્યાં છે. કોઇ પાયલટનું અકસ્માતમાં મૃત્યુ થાય તો મરણના પુરાવારૂપે તેની વીંટી અને કંઠી જેવી ચીજો તેનાં સગાંસંબધીઓને પહોંચાડવામાં આવે છે. પાકિસ્તાન પાસે હરવિન્દરની હેલ્મેટ હોય તો મને તે પાછી કેમ મોક્લાવી નથી ?'

૧૯૭૧ ના યુદ્ધને અંતે પાછા ન આવેલા ભારતીય અફસરોમાં મેજર એ. કે. ઘોષ નામના ખુશ્કી સરદાર પણ હતા. આ જવાઁમર્દનું યુદ્ધકેદીઓની અદલાબદલી વખતે પુનરાગમન ન થયું ત્યારે તેની પત્નીએ માનસિક સમતુલા લગભગ ખોઇ દીધી હતી. કોઇ મૃગજળ સમાન આશાનું તણખલું પકડીને તે બેઠી ન હતી. પાકિસ્તાની જેલમાં તેનો પતિ મોજૂદ હોવાનો દસ્તાવેજી પુરાવો તેની પાસે હતો. જેલના સળિયા પાછળ રહેલા મેજર એ. કે. ઘોષનો ફોટોગ્રાફ અમેરિકન 'ટાઇમ' મેગેઝિને ડિસેમ્બર ૨૭, ૧૯૭૧ ના અંકમાં છાપ્યો હતો. પાકિસ્તાનની હિંમતને નહિ, પણ નફ્ફટાઇને સીમા ન હતી. મેજર એ. કે. ઘોષના અસ્તિત્વનો જ તેણે ઇન્કાર કર્યો હતો.

આજે આટલાં વર્ષ પછી પણ મેજર ઘોષના ખાનદાનમાં માતમનું વાતાવરણ છે. આ વાતાવરણ માટે પાકિસ્તાનના જાલિમ રાજકર્તાઓ જેટલા કસૂરવાર છે એટલો જ દોષ ઇન્દિરા ગાંધીને માથે ઢોળવો જોઇએ, કેમ કે દસ્તાવેજી પુરાવા નજર સામે હોવા છતાં તેમણે ૯૩,૦૦૦ પાકિસ્તાની યુદ્ધકેદીઓને મુક્ત કરવાના સાટામાં મેજર એ. કે. ઘોષની કે ફ્લાઇટ-લેફ્ટનન્ટ હરવિન્દરસિંહની વાપસી માટે આગ્રહ ન રાખ્યો. સિમલા કરાર દ્વારા પાકિસ્તાનને નીચાજોણું કરાવવું એ તેમને મન વધારે મહત્ત્વનું હતું. હરવિન્દરની ધરપકડને લગતું રેડિઓ રેકોર્ડિંગ કે ઘોષની હસ્તી પૂરવાર કરતો 'ટાઇમ' મેગેઝિનનો ફોટોગ્રાફ આગળ ધરીને તેઓ કરારના શુભકાર્યને વિલંબમાં નાખવા માગતા ન હતા.

ડિસેમ્બર ૪, ૧૯૭૧ ના દિવસે ભારતનાં બે હન્ટર વિમાનો છેક પેશાવરના હવાઇ અડ્ડા પર બોમ્બમારો કરવા માટે રવાના થયાં હતાં. સરહદથી પેશાવર ખાસ્સું દૂર છે, એટલે મિશન બહુ ખતરનાક હતું. વળી હન્ટર વિમાનો છેક ૧૯૫૦ ના દાયકામાં બન્યાં હતાં, માટે તેમની ગતિ અને સ્ફૂર્તિ ઓછી હતી. લાંબા પ્રવાસ દરમ્યાન પાકિસ્તાનની વિમાનવિરોધી તોપો અગર તો એફ-૧૦૪ જેવાં ચીલઝડપી (લગભગ બમણાં ઝડપી) વિમાનો તેમનાં ભુક્કા કાઢી નાખે એવો પૂરેપૂરો ભય હતો. આમ છતાં માભોમને કાજે ફ્લાઇંગ ઑફિસર સુધીર ત્યાગી અને ફ્લાઇંગ ઑફિસર મુરલીધરન્ તેમનો જીવ પડીકે બાંધીને ઊડ્યા, કેમ કે પાક વાયુસેના ભારત પર આકાશી હુમલા ન કરે એ માટે યુદ્ધના આરંભે જ પેશાવર હવાઇ મથકને નાકામ કરી દેવું અગત્યનું હતું. પાકિસ્તાની રેડારના સ્ક્રીન પર ખુલ્લા ન પડી જવાય એ માટે બન્ને હન્ટરના સરફરોશો નીચી સપાટીએ આગળ વધતા હતા, પરંતુ ફાસલો સેંકડો કિલોમીટર લાંબો હતો. પેશાવર ખાતે જ છેવટે ન બનવાનું બન્યું. પાકિસ્તાને તેના પેશાવર હવાઇ અડ્ડાની ફરતે વિમાનવિરોધી તોપોની મજબૂત કિલ્લેબંધી રચી હતી.

વિમાનવિરોધી તોપો પ્રતિમિનિટે ૩,૦૦૦ ગોળા ફેંકી શકે છે અને દરેક ગોળામાં ડઝનબંધ તોપો એકસામટી ગર્જી ઊઠી. ટાઇમર ફ્યૂઝ હોય છે. તોપના નાળચા વાટે બહાર નીકળ્યા બાદ સરેરાશ ગોળો ચોક્કસ સમય પછી એટલે કે ચોક્કસ લેવલે ફાટે છે અને તે લેવલ ટાઇમર ફ્યૂઝ દ્વારા તોપચીએ નક્કી કરેલું

હોય છે. વિસ્ફોટના નતીજારૂપે આકાશમાં ચારે બાજુ ધગધગતી કરચો વેરાય છે, જે પૈકી એકાદ કરચ પણ જો હુમલાખોર વિમાનની ફ્યૂલ ટેન્કને વાગે તો તેમાં ભરેલું હવાઇ કેરોસીન (એવિએશન કેરોસીન) આગ પકડે છે. વિમાનના બચવાનો ત્યાર પછી ચાન્સ રહેતો નથી. ફ્લાઇંગ ઑફિસર સુધીર ત્યાગીનાં અને ફ્લાઇંગ ઑફિસર મુરલીધરનનાં હન્ટર વિમાનોની પણ એ દશા થઇ. બન્ને વિમાનો તૂટી પડ્યાં, પણ એ પહેલાં બન્ને પાયલટો તેમની પેરેશૂટ વડે બહાર કૂદી પડ્યા.



ડિસેમ્બર ૪, ૧૯૭૧ નો એ મનહૂસ દિવસ હતો. યુદ્ધ શરૂ થયે પૂરા ૪૮ કલાક પણ વીત્યા ન હતા, એટલે ભારતે ગુમાવેલા પાયલટોની સંખ્યા બહુ વધી ન હતી. ઍરફોર્સ હેડક્વાર્ટરે પાંચ જણાને લાપત્તા જાહેર કર્યા હતા, જ્યારે બીજી તરફ પાકિસ્તાન સરકારે પાંચ જણાને જીવતા પકડ્યા હોવાનું જાહેર કર્યું હતું. આ સામસામી કબૂલાતો જોતાં મંદબુદ્ધિની વ્યક્તિ પણ સમજી શકે કે ભારતના પાંચેપાંચ હવાબાજો પાકિસ્તાનની હિરાસતમાં બિલકુલ સલામત ન હોય તો પણ જીવતા હતા. આ પાંચમાં સુધીર ત્યાગીનો અને મુરલીધરનનો સમાવેશ થતો હતો, પરંતુ યુદ્ધકેદીઓનું સાટું થયું ત્યારે એ બન્ને જણાનો હવાલો ભારતને મળ્યો નહિ. પાકિસ્તાને ત્યાર પછીની લાંબી પૂછપરછના જવાબમાં કહી દીધું કે એક પાયલટના શરીરનું લગભગ વિસર્જન થયું હોવાને કારણે તેનાં અંગઉપાંગોને હોનારતના સ્થળે જ દફનાવી દેવાયાં હતાં, જ્યારે બીજો પાયલટ તો ક્યાંય જોવામાં જ આવ્યો ન હતો. એ તો ઠીક, પણ તેના હન્ટરનો ભંગાર પણ ક્યાંય દેખાયો ન હતો. આ જાતનું રાક્ષસી પ્લેન પાકિસ્તાનના ભીતરી પ્રદેશમાં ક્યાંક તૂટી પડે અને તેનો ભંગાર હાથ ન લાગે એ શક્ય જ નથી. યુદ્ધ દરમ્યાન નહિ તો યુદ્ધ પછી ક્યારેક તેનો ભંગાર નજરે ચડવો જોઇએ. એ સિવાય પણ ચોથી ડિસેમ્બરના રોજ પાકિસ્તાને ભારતના કુલ પાંચ હવાબાજોને પકડ્યાની જે કબૂલાત કરી તેનું શું? સુધીર ત્યાગી અને મુરલીધરન્ તેમાં સામેલ ન હોય તો પાંચના આંકડામાં ખૂટતા બે પાયલટો કોણ હતા ?

■ *દમયંતી તામ્બે : પતિની પ્રતિક્ષાનો અંત હજી સુધી આવ્યો નથી*

દમયંતી તામ્બે (એક સમયે દમયંતી સૂબેદાર) ૧૯૬૦ ના દાયકામાં ત્રણ વખત નેશનલ બેડમિંગ્ટન ચેમ્પિયન બન્યાં પછી ફ્લાઇટ-લેફ્ટનન્ટ વી. પી. તામ્બેને પરણ્યાં હતાં. લગ્નજીવનમાં જૂજ વર્ષો પણ ભોગવી શકાય એ પહેલાં ૧૯૭૧ નું યુદ્ધ ફાટી નીકળ્યું અને ફ્લાઇટ-લેફ્ટનન્ટ તામ્બેને વતનનો સાદ પડ્યો. વાસ્તવમાં એ મોતનો સાદ હતો. ડિસેમ્બર ૪, ૧૯૭૧ ના રોજ તામ્બેનું હતભાગી પ્લેન તોડી પાડવામાં આવ્યું. બીજે દિવસે 'પાકિસ્તાન ઓબ્ઝરવર' નામના દૈનિકે તેમની હિરાસતની જાહેરાત કરી એટલું જ નહિ, પણ નાપાક પાયલટો જ્યારે પાક ભૂમિને ખંડિત કરવાનું સાહસ ખેડે ત્યારે તેમની આવી જ દશા થાય એમ જણાવ્યું. ત્રીજે દિવસે (ડિસેમ્બર ૪, ૧૯૭૧ ના રોજ) પાકિસ્તાની રેડિઓએ પણ ફ્લાઇટ-લેફ્ટનન્ટ તામ્બેની ધરપકડના સમાચાર આપ્યા, જેને આકાશવાણીએ રાબેતા મુજબ રેકોર્ડ કરી લીધા. સમાચારમાં તામ્બેને યુદ્ધકેદી તરીકે ઓળખવામાં આવ્યા. પાકિસ્તાનનું રેડિઓતંત્ર સરકારી છે એ વાત ધ્યાનમાં રાખો તો ખુદ સરકારે કરેલી એ કબૂલાત હતી, પરંતુ યુદ્ધકેદીઓની અદલાબદલીના પ્રસંગે દમયંતી તામ્બેને તેના પતિનાં દર્શન થયાં નહિ. દિલ્હીના ઍરફોર્સ હેડક્વાર્ટર સાથે

દમયંતીએ અનેક વાર માથાં પછાડ્યાં, પરંતુ એક જ જવાબ મળ્યો કે, 'આપના પતિને હવે મૃત્યુ પામેલા ગણી શકો છો.'

દમયંતીને પેન્શનની અને વળતરની બાકાયદા ઑફર થઇ. આ જાતનો નાણાકીય સધિયારો તે સ્વીકારી લે તો તેનો મતલબ એ થાય કે કપાળે ચાંલ્લો કરવાનો હક્ક પણ તે ખોઇ બેસે, જ્યારે હકીકતમાં ફ્લાઇટ-લેફ્ટનન્ટ તામ્બે પાકિસ્તાનમાં જીવતા હોવાનો નિર્દેશ ખુદ પાકિસ્તાન દ્વારા મળ્યો હતો. વધુ એક નિર્દેશ ત્યાર પછી સાતમે વર્ષે ૧૯૭૮ માં મળ્યો. ફ્લાઇટ-લેફ્ટનન્ટ તામ્બેનો ભાઇ જામનગરમાં ફૌજી અફસર હતો. અહીં તેને બાંગલા દેશના એક નૌકા અફસર સાથે મુલાકાત થઇ. યુદ્ધ પહેલાં તે બાંગલા દેશી પાકિસ્તાનમાં તાલીમ લઇ રહ્યો હતો, પણ ભારત સામે તેને લડવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે હિંમતભેર ના પાડી દીધી. આ ગુસ્તાખીની સજારૂપે તેને લ્યાલપુરની જેલમાં પૂરી દેવાયો અને ઘણાં વર્ષ પછી તેનો છૂટકારો થયો. અધૂરી નૌકાતાલીમ પૂરી કરવા માટે તેને ભારત સરકારના ઉપક્રમે જામનગર આવવાનું થયું ત્યારે ફૌજી તામ્બે સાથે તેની મુલાકાત થઇ. આ નામ તેના માટે પરિચિત હતું. ફૌજીને તેણે કહ્યું કે, 'તમારા જેવા જ એક તામ્બેને હું મળી ચૂક્યો છું. પાકિસ્તાનની લ્યાલપુર જેલમાં વર્ષો પહેલાં મને ફ્લાઇટ-લેફ્ટનન્ટ તામ્બેનો ભેટો થયો હતો. અમારી કોટડી વચ્ચે ઊંચી દીવાલ હતી. એક વાર દીવાલ ચડીને મેં પેલી તરફ ડોકિયું કર્યું ત્યારે એ સજ્જન કેદી ભીંત પર ઇંટના ટુકડા વડે પોતાનું નામ ઘૂંટી રહ્યા હતા.'

આ ઘટસ્ફોટ દમયંતીના કાને પહોંચ્યો કે તરત તે જામનગર દોડી આવી. બાંગલા દેશના નૌકા અફસરે તેની સમક્ષ ફ્લાઇટ-લેફ્ટનન્ટ તામ્બેનું સચોટ વર્ણન કર્યું, એટલે સુધી કે તામ્બેની હડપચી પર જખમનો ડાઘ હોવાનું પણ જણાવ્યું. નૌકા અફસરે કહ્યું કે, 'તામ્બેના ડાઘને હું કદી ભૂલી ન શકું, કેમ કે મારા ચહેરા પર પણ બિલકુલ એવો જ ડાઘ છે. આ સમાનતા વિશે અમે બે જણાએ ફાલતુ ચર્ચા પણ એ વખતે કરી હતી.'

દમયંતીને માથે આભ ફાટ્યું. નૌકા અફસરનું બયાન તે ૧૯૭૮ ના વર્ષમાં સાંભળી રહી હતી, જ્યારે યુદ્ધ ૧૯૭૧ માં સમાપ્ત થયું હતું. આનો મતલબ એ કે ફ્લાઇટ-લેફ્ટનન્ટ તામ્બે સાત વર્ષથી લ્યાલપુરની નર્કાગાર સમાન જેલમાં સડી રહ્યા હતા. એક જીવંત મૃતદેહનું દયાજનક જીવન તેઓ ગુજારી રહ્યા હતા, છતાં પોતાના સત્યવાનને પાછો ઘરે લાવવા માટે દમયંતીનું કોઇ સાવિત્રીવ્રત કારગત નીવડે તેમ ન હતું. જામનગર ખાતે થયેલા કમકમાટીભર્યા અનુભવનું વર્ણન કરતાં તેણે ભારત સરકારને પત્રમાં જણાવ્યું કે, 'હું અત્યારે કેવી માનસિક સ્થિતિમાં જીવું છું એ સમજવાનો જરા પ્રયત્ન કરો અને મારા પતિના છૂટકારા માટે કંઇક કરી છૂટો !'

પણ ના, સરકારના રાજકર્તાઓ પાસે વધુ મહત્ત્વનાં કાર્યો હોય છે. વૉટ-બેન્ક સાચવવાની હોય છે, હપ્તા ઉઘરાવવાના હોય છે અને સત્તાના સૂર્યનારાયણ તપતા હોય ત્યાં સુધીમાં ચાચા-ભતીજાને થાળે પાડી દેવાના હોય છે. કુલ ૩૪ અફસરો સહિત ભારતના ૫૪ યુદ્ધકેદીઓ આજે વર્ષો પછી પણ લ્યાલપુરની, ફૈઝલાબાદની, મુલતાનની, કોટ લખપતની, મિયાઁવાલીની અને ભવાલપુરની પાક જેલોમાં સબડતા હોય તો એ વાતને રાજકારણ સાથે શી નિસ્તબત છે? 'અબ તુમ્હારે હવાલે વતન સાથીઓં' એમ કહીને શૌર્યપૂર્વક રણમેદાનમાં ધસી ગયેલા સરફરોશો જો આજે મોત કરતાં બદતર એવું જીવન વ્યતીત કરતા હોય તો તેમની ભૂલ એ કે તેમણે રાજકારણમાં પ્રવેશવાને બદલે ફૌજી કારકિર્દી સ્વીકારી.■






અંતે યક્ષપ્રશ્ન : એક સોનેરી મોકો ઈન્દિરા ગાંધીએ શું સરી જવા દીધો...?

પાકિસ્તાન માટે યુદ્ધ '૭૧ તો જાણે પદાર્થપાઠ હતું, પણ યુદ્ધવિરામ પછી વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ પૂરી બાજી ખેલી નાખવાને બદલે પૃથ્વીરાજ ચૌહાણની માફક દરિયાદિલીનું જે વલણ અપનાવ્યું તે વખત જતાં ભારત માટે વિચારપ્રેરક સાબિત થવાનું હતું.

ડિસેમ્બર ૩ થી ૧૬, ૧૯૭૧ના ફક્ત બે સપ્તાહમાં ભારતીય સૈન્યોએ પાકિસ્તાનને જનોઈવઢ ઘા મારી તેના બે ટુકડા કરી નાખ્યા તે અભૂતપૂર્વ ઘટના હતી. વિજેતા દેશે એકસામટા ૯૩,૦૦૦ સૈનિકોને યુદ્ધકેદી તરીકે પકડ્યા હોય એવું બીજા વિશ્વવિગ્રહ બાદ ક્યારેય બન્યું ન હતું. ભારતનાં લશ્કરી વર્તુળોમાં મહેચ્છા ફરી વળી કે પૂર્વનો મોરચો તાત્કાલીક પશ્ચિમે ખસેડી ૧,૪૧,૦૦૦ ચોરસ કિલોમીટરના સિંધને પણ બાંગલા દેશની જેમ સ્વતંત્ર રાષ્ટ્રરૂપે છૂટું પાડી દેવું જોઈએ.



આ જાતનું પગલું ભરવા માટે લશ્કરી સંજોગો બધી રીતે અનુકૂળ હતા. પાકિસ્તાનનું લગભગ ૯૦% લશ્કર પંજાબી સૈનિકોનું બનેલું હતું, તેથી ભારતના શરણે થયેલા ૯૩,૦૦૦ સૈનિકો પૈકી ઘણા ખરા પંજાબીઓ હતા. પાકિસ્તાનની લડાયકશક્તિ એટલા પ્રમાણમાં ઘટી હતી. બીજું, પાકિસ્તાનના સેનાપતિવર્ગે ભારતીય જવાનો માટે વખતોવખત dal-eaters ('દાલ-ચાવલ ખાનારા') શબ્દ વાપરી ભારતીય લશ્કર મરિયલ હોવાનો ખ્યાલ પાક સૈનિકોના મગજમાં ઠસાવી દીધેલો, માટે આપણા જવાનોએ ફક્ત ૧૩ દિવસમાં પાકિસ્તાનનો નકશો બદલી નાખ્યો તેને કારણે પાક સૈનિકોની નૈતિક હિંમત તળિયે બેસી ચૂકી હતી. પાકિસ્તાનની પૂર્વ પાંખ કપાયા ઉપરાંત પશ્ચિમ મોરચે તેનો ૧૩,૩૦૦ ચોરસ કિલોમીટરનો પ્રદેશ ભારતે સર કર્યો હતો, જે પાક ફોજ માટે વળી બીજો આઘાત હતો. ઈસ્લામાબાદમાં સરમુખત્યાર જનરલ યાહ્યા ખાનને જો કે વાસ્તવિકતા દેખાતી ન હતી. ડિસેમ્બર ૬, ૧૯૭૧ના રોજ ઢાકામાં જનરલ નિયાઝીએ શરણાગતિનો પત્ર લખી આપ્યા પછીયે યાહ્યા ખાન લડાયક મૂડમાં હતા.

પાકિસ્તાનના તત્કાલીન વિદેશ સચિવ સુલતાન એમ. ખાને વર્ષો પછી તેમના પુસ્તકમાં તે દિવસને વર્ણવતાં લખ્યું : 'ખ્વાબોની આલમ જેવો માહોલ ખરેખર માની ન શકાય તેવો હતો. પાકિસ્તાની લશ્કરની કમર તૂટી ચૂકી હોવા છતાં પ્રમુખે (યાહ્યા ખાને) રાષ્ટ્રીય બ્રોડકાસ્ટમાં લોકોને બાહેંધરી આપી કે ભારત સામે લડત છેવટ સુધી ચાલુ રહેવાની હતી અને શરણાગતિ સ્વીકારવાનો તો પ્રશ્ન જ ન હતો. મને આશ્ચર્ય થયું કે પૂર્વ પાકિસ્તાનમાં આપણી લશ્કરી તાકાત હવે શૂન્ય છે એ વાત પ્રમુખ સારી રીતે જાણતા હોવા છતાં તેઓ દુશ્મનને લડત આપવાના હૂંકારો ચર્ચિલના અંદાજમાં કરી રહ્યા હતા...'

આ તરફ નવી દિલ્લીમાં વડા પ્રધાન ઇન્દિરા ગાંધી પાર્લામેન્ટ હાઉસ પર તેમની ઓફિસમાં સ્વિડિશ ટેલિવિઝનના સંવાદદાતાઓને મુલાકાત આપી રહ્યાં હતાં. રેકોર્ડિંગ દરમ્યાન જ લાલ રંગના ટેલિફોનની રિંગ વાગી. સામા છેડે જનરલ સામ માણેકશા હતા, જેમણે સમાચાર આપ્યા કે ઢાકામાં શરણાગતિના પત્ર પર સહીસિક્કાનું કાર્ય પૂરું થયું હતું. ટેલિવિઝન યુનિટના સભ્યોને રાહ જોવાનું કહી ઇન્દિરા ગાંધી જરાય ઉત્તેજના કે ઉતાવળ દાખવ્યા વગર લોકસભામાં ગયાં અને જાહેરાત કરી કે, 'ઢાકા હવે આઝાદ દેશનું આઝાદ પાટનગર છે...' કંઇક વધુ તેઓ બોલ્યાં, પણ તે શબ્દો પર સંસદસભ્યોના હર્ષનાદો ફરી વળ્યા.

પાર્લામેન્ટ હાઉસમાં જ પોતાની ઓફિસ તરફ પાછા જતી વખતે ઇન્દિરા ગાંધીએ તેમના માહિતી સલાહકાર શારદાપ્રસાદને કહ્યું : 'મારે પશ્ચિમ મોરચા પર યુદ્ધવિરામ જાહેર કરી દેવો જરૂરી છે, કેમ કે આજે ન કરું તો કાલે જાહેરાત કરી શકવાની નથી.' આ શબ્દોમાં રહેલો સૂચિતાર્થ સ્પષ્ટ હતો. દેશભરમાં મંતવ્ય પ્રસરેલું કે પાકિસ્તાનને તેના પશ્ચિમ મોરચે પણ હવે પાઠ ભણાવવો જોઇએ. આ મંતવ્ય જોતજોતામાં માગણીનું સ્વરૂપ પકડવાનું હતું. માગણી જોર પકડે તે પહેલાં જ વડા પ્રધાન તેના પર ઠંડું પાણી રેડી દેવા માગતાં હતાં.

શા કારણસર ? અમેરિકા સહિતના પશ્ચિમી દેશોનું અને ચીનનું વલણ પાકતરફી હોવા છતાં પાકિસ્તાનના બે ટુકડા કરી પૂર્વ પાકિસ્તાનને સ્વતંત્ર બાંગલા દેશ તરીકે છૂટું પાડી દેનાર ભારત સામે કાગારોળ ન મચી તે એટલા માટે કે ઇસ્લામાબાદનું સૈન્ય ત્યાં જનસંહાર કરતું હતું. આથી ત્યાં પાકિસ્તાનના મિત્રદેશો તેનો બચાવ કરવાની સ્થિતિમિં ન હતા. અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિકસને ભારત પર ધાક જમાવવા વિમાનવાહક જહાજ 'એન્ટરપ્રાઇઝ' સહિતનો કાફલો બંગાળના ઉપસાગરમાં મોકલ્યો અને ચીને પણ હુમલાની ધમકી આપી, પરંતુ તે સૂકો દમ હતો. વિશ્વમત એકંદરે પાકિસ્તાનની વિરુદ્ધનો હતો.

ઇન્દિરા ગાંધીએ જોયું કે પૂર્વ પાકિસ્તાનનું પુનરાવર્તન પશ્ચિમ પાકિસ્તાનમાં કરાય તો ભારતની નેમ પાકિસ્તાનનું માત્ર ખંડન કરવાની છે એવી છાપ પડે, એટલે વિશ્વમત પાકિસ્તાનની તરફેણનો બને. આથી તેઓ પશ્ચિમ મોરચે પણ યુદ્ધવિરામ જાહેર કરી ભારતની નિયત સાફ હોવાનું બતાવવા માગતાં હતાં. તત્કાલીન રાજકીય સંજોગો મુજબ તાર્કિક રીતે તેઓ સાચાં હતાં.

આમ છતાં ૧૯૭૧ પછી ખાલિસ્તાન, કાશ્મીર, મુંબઇનું 26/11, કારગિલ, પઠાણકોટ વગેરે સહિતનો અવિરત સિલસિલો જોતાં અને તેના સંદર્ભમાં યુદ્ધ '૭૧નું ફ્લેશબેક જોતાં અમુક પ્રશ્નો ખડા થાય છે. ઇન્દિરા ગાંધીએ યુદ્ધ પહેલાં અગમચેતી વાપરી રશિયા સાથે ૨૦ વર્ષના મૈત્રી અને શાંતિકરાર કર્યા હતા. કરારમાં ૯મી કલમ આમ હતી : In the event of either (party) being subjected to an attack or threat thereof, the High Contracting Parties shall immediately enter into mutual consultations in order to remove such threat and to take appropriate effective measures to ensure peace and security of their countries.

આ કલમનો મતલબ એ કે ભારત પર જો હુમલો થાય તો રશિયા તેની મદદે દોડવા અને હુમલાનો પ્રતિકાર કરવા બંધાયેલું હતું. આથી ૧૯૭૧ બાદની પાક હરકતોનો ક્રમ જોતાં પ્રશ્ન થાય કે ભારતે અમેરિકાના કે ચીનના આક્રમણનો ડર રાખ્યા વગર પશ્ચિમ સરહદે પણ બાંગલા દેશ જેવો દાવ ખેલી પાકિસ્તાનનું ઓર ખંડન કરી નાખવાનો મોકો શું ખરેખર ગુમાવી દીધો ? મોકો ઝડપી લેવાયો હોત તો આજે સ્થિતિ બહુ જુદી હોત કે નહિ ? કે પછી ત્યારની પરિસ્થિતિને વધુ પડતી સ્ફોટક બનતી રોકવા ખાતર મોકો જતો કરાયો એ જ શાણપણનું પગલું હતું ?

આ પ્રશ્નો હંમેશાં ચર્ચામાં રહેવાના છે અને તેમના જવાબો પણ હંમેશાં અવનવા જ રજૂ થવાના છે.

-- નગેન્દ્ર વિજય

જૂન ૨૦, ૨૦૧૮

યુદ્ધ ’૭૧

ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા

આ પુસ્તક અનોખું કેમ છે ?

ડિસેમ્બર, ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધને આપણાં લશ્કરી દળોની ગૌરવગાથા તરીકે ઓળખાવવું તે જાણીતી વાતને દોહરાવ્યા બરાબર છે. વાતમાં જો કે વાસ્તવિક્તા પણ છે. આથી યુદ્ધ’ ૭૧ વાંચો ત્યારે આપણા શૂરવીર જવાનો પ્રત્યે હૃદયમાં ગૌરવનો છલકાટ તો સહેજે થવાનો, પણ યુદ્ધ’ ૭૧ પુસ્તકની પોતાની ઓળખાણ તે ગાથાના વિસ્તૃત આલેખનથી આગળ વધીને જરા વિશેષ છે.

આ પુસ્તક ભારતીય સૈન્યની ત્રણેય પાંખોએ ગોઠવેલી વિગ્રહની દાવપેચભરી વ્યૂહરચના, વિવિધ શસ્ત્રો વડે શત્રુ પર યુક્તિપૂર્વક કરાયેલા પ્રહારો અને ચક્વ્યૂહ જેવી રણનીતિની ભીતરી ઝલક આપે છે. પડદા પાછળની વોરગેમમાં જટિલ પાસાંને પ્રવાહી શૈલીમાં ગૂંથી વાર્તાની જેમ વહેતાં રાખે છે.

આ દૃષ્ટિએ યુદ્ધ’ ૭૧ અનોખું પુસ્તક છે. ભારતના વીરોની ગૌરવગાથા ઉપરાંત વોરગેમના સિદ્ધાંતો ફરતે આકાર લેતી થ્રિલરકથા પણ છે.

◀◀ નગેન્દ્ર વિજય